ધર્મબિન્દુ

ગુજરાતી ભાષાંતર



: અનુવાદક :

સ્વ. દોશી મણિલાલ નથુભાઈ

✪

: સંપાદક :

પૂ.પં. શ્રી વજ્રસેન વિજયજી ગણિવર

ધર્મબિંદુ

: સૂત્રકાર :

પરમ પૂજ્ય યાકિની મહત્તરાસૂનુ આચાર્યદેવ

શ્રીમદ્ વિજય હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા

: ટીકાકાર :

પરમ પૂજ્ય આચાર્યદેવ

શ્રીમદ્ વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા.

: અનુવાદક :

દોશી મણિલાલ નથુભાઈ

: સંપાદક :

પરમ પૂજ્ય પંન્યાસપ્રવર

શ્રી વજ્રસેન વિજયજી ગણિવર્ય

: પ્રકાશક :

શાહ પ્રેમજી કોરશી.

C/o શાહ હીરજી પ્રેમજી ગાલા

પુરૂષાર્થ બિલ્ડીંગ–ચોથે માળે

નવરોજી હીલ રોડ નં–૨

ચીચબંદર

મુંબઈ–૪૦૦ ૦૦૯.

પ્રકાશક :

શાહ પ્રેમજી કોરશી.

પુરુષાર્થ બીલ્ડીંગ, બ્લોક નં. ૧૪,
નવરોજી હીલ રોડ નં. ૨, ડોંગરી,
મુંબઈ-૪૦૦૦૦૯.

સંપાદક

પરમ પૂજ્ય કલિકાલ કલ્પતરુ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજનાં શિષ્યરત્ન અધ્યાત્મયોગી પંન્યાસપ્રવર શ્રી **ભદ્રંકર વિજયજી** ગણિવર્યશ્રીનાં શિષ્યરત્ન પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **કુંદકુંદસૂરીશ્વરજી** મહારાજાનાં શિષ્યરત્ન પંન્યાસ પ્રવર **શ્રી વજ્રસેનવિજયજી** ગણિવર્ય.

મૂલ્ય : ૩૦-૦૦

મુદ્રક :

હસમુખ સી. શાહ
તેજસ પ્રિન્ટર્સ,
૧/૭, ધ્વનિ એપાર્ટમેન્ટ,
ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.

ભાષાંતરકારની પ્રસ્તાવના.

શ્રી હરિભદ્ર સૂરિકૃત ધર્મબિન્દુ ગ્રન્થ મૂળ ટીકા તથા ભાષાંતર સાથે શ્રી શાન્તિસાગરજી તરફથી પ્રથમ પ્રકટ કરવામાં આવ્યો હતો. તે ગ્રન્થ જ્યારે મારા જોવામાં આવ્યો, ત્યારે પ્રતિપાદન શૈલીએ લખાયેલો તે લાગ્યો અને આ કારણથી જ તે ગ્રન્થ વિશેષ વાંચવા તરફ મારી રૂચિ થઈ.

શ્રી શાન્તિસાગરજી તરફથી પ્રસિદ્ધ થયેલ ગ્રન્થમાં મૂળ તથા ટીકાનું ભાષાંતર જૂની ઢબ પ્રમાણે કરવામાં આવેલું છે; તેથી હાલના જમાનાના લોકો જેઓને સંસ્કારી ભાષા વાપરવાની તથા વાંચવાની ટેવ પડેલી છે, તેઓ આવા ગ્રન્થોનો લાભ મોટે ભાગે લઈ શકતા નથી. માટે તેવા મારા અન્ય બાંધવો પણ આ પુસ્તકનો લાભ લઈ શકે તે હેતુથી આ ગ્રન્થનું ફરીથી ભાષાંતર કરવાની મારી પ્રવૃત્તિ થઈ.

ટીકાનો શબ્દે શબ્દ લેઈ તેનું ભાષાંતર કરવું એ મને ઠીક લાગ્યું નહિ. કારણકે તેમ કરવા જતાં વાકયરચના કિલષ્ટ બને છે, અને ભાવાર્થ જેવા રૂપમાં રજુ કરવો હોય તેમ કરી શકાતો નથી. આ હેતુથી આ ભાષાંતરમાં મેં જૂદી જ પદ્ધતિ અંગીકાર કરી છે. મૂળ સૂત્રનો આશય મારી બુદ્ધિ અનુસાર વિચારી; ટીકા લખનાર મુનિશ્રી મુનિચંદ્ર મહારાજની ટીકા ધ્યાનમાં લેઈ મોટે ભાગે તે ટીકાને અનુસારે મેં વિવેચન કર્યું છે. કોઈ સ્થળે જ્યાં ફક્ત એકજ લીટીની ટીકા હોય ત્યાં મને યોગ્ય લાગવાથી બબે પાનાનું વિવેચન મેં કર્યું છે; તથા કેટલેક સ્થળે ટીકાને ટુંકામાં સમાવી છે. જેટલું ટીકા લખનાર મુનિશ્રીએ જણાવ્યું છે તે સર્વ મોટે ભાગે આ વિવેચનમાં આવી જાય છે, પણ તે ઉપરાંત બીજા ઘણા મુદ્દાઓ ચર્ચવામાં

આવ્યા છે, જેથી વાચકવર્ગને આ ગ્રન્થ ઘણી સરલતાથી સમજાય. દરેક બાબતને સ્પષ્ટ અને સમજાય તેવા રૂપમાં લખવાને અન્ય જૈન ગ્રન્થોનો તેમજ બીજા પણ કેટલાક ગ્રન્થોનો આધાર લેવામાં આવ્યો છે. અને તે તે સ્થળે નિવેદન કરવામાં આવ્યું છે. મૂળ ગ્રન્થકર્તાનો આશય સ્પષ્ટ રીતે વાચક વર્ગ જાણી શકે તે માટે જે જે દાખલા, દલીલો, ઉપમાઓ વગેરે મારી શક્તિ અનુસાર મને જડી આવ્યું, તે આ ગ્રન્થમાં દાખલ કરવામાં આવ્યું છે.

વિવેચન તૈયાર થયા પછી તરતજ પ્રથમ મેં શ્રીમન્ બુદ્ધિસાગરજી મહારાજને વાંચવા તથા તેમાં જે કાંઈ દોષ યા ભૂલ રહી ગઈ હોય તે જણાવવા વિનંતી કરી હતી, અને તેમણે પણ આખું વિવેચન વાંચી જે જે સૂચનાઓ કરી હતી, તદનુસાર તેમાં યોગ્ય ફેરફાર કરવામાં આવ્યો હતો. પ્રથમના બે અધ્યાય પંન્યાસશ્રી કેસરવિજયજીએ તપાસી કરેલી સૂચનાઓનો પણ અમલ કરવામાં આવ્યો છે. આ પ્રમાણે મને સાહાય્ય આપવા માટે ઉક્ત બન્ને મુનિશ્રીઓનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

શાસ્ત્રનું રહસ્ય ઊંડું છે, અને મનુષ્યની મતિ અલ્પ છે. તેથી મારી અલ્પ બુદ્ધિ અનુસાર મેં આ મહાન્ ગ્રન્થનું જે વિવેચન કર્યું છે, તેમાં ભૂલ થવાનો સંભવ છે. એ હું સારી રીતે સમજું છું, અને તેટલા માટે પવિત્ર મુનિ મહારાજાઓને તેમજ વિદ્વાન જૈનબંધુઓને સવિનય વિનંતિ કરૂં છું કે આ વિવેચનમાં જો કાંઈ પણ દોષ યા ભૂલ જણાય તો તે મિત્રભાવે જણાવશો કે જેથી બીજી આવૃત્તિમાં યોગ્ય ફેરફાર થઈ શકે, અને એવી ભૂલ ફરીથી થવાનો સંભવ ન રહે. **ભાષાંતર કર્તા.**

સંપાદકીય

પરમ પૂજ્ય પરમ કૃપાળુ અનેકોનાં જીવનમાં સમ્યક્ત્વરૂપી બીજનું વપન કરનારા મહાપુરુષ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજાએ **''ધર્મબિંદુ''** ગ્રન્થની રચના કરી છે. તેમાં પૂજ્યશ્રીએ એક આત્માનો વિકાસક્રમ કેવો હોય અને એ વિકાસ માટેના પગથિયાં કેવી રીતે ચડવા ખૂબ જ અનુભવથી જાણીને સૌજનહિત માટે ગ્રંથસ્થ કર્યા છે.

પરમ પૂજ્ય પરમોપકારી પરમ ગુરુદેવ પંન્યાસપ્રવર **શ્રી ભદ્રંકર વિજયજી** મહારાજા ઘણી તખત વાંચન કરાવતા કહેતા કે ખરેખર વર્તમાન કાળનાં જીવોને માટે ગજબ કોટીનો ઉપકાર કરીને આચાર્યદેવ **શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી** મહારાજાએ આ ગ્રંથનું નિર્માણ કર્યું છે. તેમાં **ધર્મબિંદુ** એટલે શ્રાવકસાધુજીવનની જનરલ ચાવી રૂપ ગ્રંથ હકીકતમાં તો ધર્મબિંદુ તો પાયાના ધર્મનો સાગર છે.

ટૂંકા સૂત્રો પણ હાર્દથી ભરેલા છે તેનો વિસ્તાર, ભાવનાના જાણકાર પરમ પૂજ્ય આચાર્ય ભગવંત **શ્રી મુનિચંદ્ર સૂરીશ્વરજી** મહારાજની ટીકા હાર્દને સમજવામાં સહાય કરે છે.

સં. ૨૦૪૪નાં રાધનપુરના ચાતુર્માસમાં ધર્મબિંદુ ગ્રંથ વાંચનમાં હતું. એક એક સૂત્ર જાણે અમૃતરસનો

ભંડાર, વાંચન કરતી વખતે પણ ખૂબ સુંદર ભાવ આવતા. અને મનમાં વિચાર આવતો કે આ ગ્રંથનો જો શ્રાવકો અને સાધુભગવંતો ઊંડાણથી વાંચન કરે તો પ્રેકટીકલ રૂપે ધર્મનો ખ્યાલ આવી જાય. અને મૈત્રીભાવ રૂપ જે મૂળ છે તે સમજાઈ જાય.

ત્યાર પછીનું ચાતુર્માસ કચ્છ માંડવી થયું અને ત્યાં સુશ્રાવક પ્રેમજીભાઈ આવ્યા અને કહ્યું કે આ ધર્મબિંદુનું ભાષાંતર **મણિલાલભાઈ દોશીએ** કર્યું છે હવે અપ્રાપ્ય છે. તો આપ વ્યવસ્થિત કરીને જો સંપાદન કરો તો મારી ભાવના છે કે એના પ્રકાશનનો હું લાભ લઉં.

કુદરતી પૂજ્ય પરમ ગુરુદેવની ભાવના અને મારી પણ ભાવના એમાં સહકાર મળ્યો. પણ મારી તબિયત નરમ ગરમ રહે એટલે હિંમત ઓછી પણ મારા નાના ગુરુભાઈ મુનિ **હેમપ્રભવિજયજીએ** હિંમત આપી કે હું પૂરો સાથ આપીશ. અને એ રીતે આખો ગ્રંથ વ્યવસ્થિત જોવાઈ જશે એટલે હા પાડી અને ધીરે ધીરે આખો ગ્રંથ જોવાઈ ગયો વાંચતા વાંચતા ખૂબ જ આનંદ આવેલો.

આ ગ્રન્થના અધ્યયન દ્વારા સૌ ગૃહસ્થો–ગૃહસ્થ ધર્મને અને સાધુ–સાધ્વી ભગવંતો–સાધુ ધર્મને સમજી-પામીને આત્મકલ્યાણ કરે એ જ અભ્યર્થના.

પં. શ્રીવજ્રસેનવિજયજી ગણિ.

પ્રકાશકનો પત્ર

પ્રેમજી કોરશી શાહ

પ્રભુ તુજ શાસન અતિ ભલું.....!

ખરેખર.....! પરમાત્માનું શાસન એટલે સાક્ષાત્ મોક્ષનું દર્શન કરાવનાર આરિસો. આવા અનુપમ પરમાત્માના –પરમાત્માના શાસનના અને એ શાસનને યથાર્થ રૂપે પામેલા ગુરુ ભગવંતોની સમજ આપનારા યથાર્થ આંશિક બોધ કરાવનારા પૂજ્યપાદ ગુરુ મહારાજ શ્રી પંન્યાસજી **ભદ્રંકર વિજયજી** મહારાજની યાદ આવે છે.

કયાં કચ્છ અને કયાં મુંબઈ?

કયાં ધર્મવિનાનું જીવન અને કયાં સાક્ષાત્ ધર્મની મૂર્તિ ?

કયાં હું અને કયાં પૂજ્ય પંન્યાસજી ભગવંત ?

આવા તો કેટલાય પ્રશ્નો થાય છે. પણ આનંદ એ વાતનો છે કે કોઈ પૂર્વનો પ્રબળ પુન્યોદય તો ખરો કે જેથી આવા વિષમકાળમાં પણ મૈત્રીભાવના મહાન ઉપાસક, નમસ્કાર મહામંત્રના મહાન આરાધક, અધ્યાત્મયોગોનાં અનુપમ યોગી એવા પૂજ્ય પંન્યાસજી મહારાજ મળી ગયા. અને જાણે સાચા ગુરુ મળી ગયાનો એક અનેરો આનંદ છવાઈ ગયો. અને બસ પછી તો ધીરે ધીરે 'ગુરુદેવ શરણું મમ'નો એક જાપ ચાલ્યો અને તેથી ૪૦–૪૦ વર્ષ સુધી એ ગુરૂ ભગવંતનું સાનિધ્ય મળી શકયું.

પૂજ્ય ગુરુભગવંતનાં સાનિધ્યમાં આવ્યા પછી જે કાંઈ જાણવા સમજવા મળ્યું તે સમજવા માટે મારી બુદ્ધિ અને ક્ષયોપશમના આધારે હું તો રાંક બની જાઉં છું મારો ક્ષયોપશમ અલ્પ છે. જ્યારે એ મહાપુરુષ તો મહાજ્ઞાની હતા. મારા જેવા અબુધને બોધ પમાડવા ખૂબ જ મહેનત કરેલી પણ મારા ક્ષયોપશમ પ્રમાણે પરિણતી આવે. એવા આ દયાળુ ગુરુભગવંત ઘણી વખત પૂજ્યપાદ હરિભદ્રસૂરી-મહારાજાના ગ્રંથોની અને તેમાં પણ ધર્મબિંદુના વાંચન માટે ખૂબ પ્રેરણા કરતા. આ ગ્રંથમાં આવતા તત્ત્વો પણ સમજાવતા અને જ્યારે એ તત્ત્વો એમની વાણીમાંથી નીકળેલા એ અનુભવ રસોનું પાન કરતાં અમે સદા અતૃપ્ત જ રહેતા તેમાં પૂજ્ય ગુરુભગવંતે કહેલું કે પ્રેમજીભાઈ....હવે તમે ધર્મબિંદુનું ભાષાંતર એક વખત જરૂર વાંચી લેજો. તેમાં ભાષાંતર તરીકે કહ્યું કે દોશી મણીલાલ નથુભાઈનું વાંચવાનું શરૂ કરો. વાંચવાનું શરૂ કર્યું અને ખરેખર હું મારા ભાવો વ્યક્ત નથી કરી શકતો પરંતુ એ ગ્રંથના એક એક પદાર્થ એટલે જાણે અમૃતરસનાં ઝરણાં જ જોઈ લો. ગૃહસ્થોને માટે કેવું સુંદર માર્ગદર્શન. જાણે સંપૂર્ણ જીવનચર્યા જ જણાવી દીધી ન હોય. શ્રાવક અને સાધુને યાવત્ મોક્ષમાર્ગનો ખૂબ જ ઉપયોગી પ્રેકટીકલ ઉપાય બતાવી દીધો છે એ વાંચ્યા પછી તો વારંવાર વાંચવાનું મન થતું. વાંચતો તેમાં છેલ્લા બે-ત્રણ વર્ષથી આવું ઉચ્ચ તત્ત્વજ્ઞાન બધા જિજ્ઞાસુઓને પણ સુલભ થાય તે માટે

પ્રથમ **'જૈનતત્ત્વવિચાર'** નામનું પુસ્તક કે જે પૂન્ય વિજયજી મહારાજશ્રીનું લખેલ હતું તે તથા ત્યાર પછીનું પુસ્તક **જૈન તત્ત્વ રહસ્ય** પૂજ્ય ઉપકારી ગુરુ ભગવંત પંન્યાસજી મહારાજના ચિંતનોનું હતું તે પ્રકાશિત કર્યું અને હવે ત્રીજા નંબરમાં ઉચ્ચ તત્ત્વના જિજ્ઞાસુઓ અને ભાવિકો માટે ધર્મબિંદુનું પ્રકાશન કરવા માટે પૂજ્ય પંન્યાસજી ભગવંતની અનન્ય ભક્તિ કરનારા સરળ સ્વભાવી પંન્યાસ **શ્રી વજ્રસેન વિજયજી** મહારાજની સહાય કયારે પણ નહિં વિસરાય. નરમ ગરમ તબિયતમાં પણ જે આ પ્રકાશનોનું સંપાદન કરીને આપણા જિજ્ઞાસુ જૈન જગતના ભાવિકોની અનુપમ કોટીની સેવા બજાવી રહ્યા છે.

મારી અંગત ભાવના એટલી જ છે કે આ ગ્રંથને વાંચ્યા પછી મને મારા અંગત જીવનમાં લાભ મળે. મારું જીવન ઉપકારી પૂજ્યના કહ્યા પ્રમાણેનું બને અને એ રીતે આપણે સર્વ પણ જીવનમાં સુંદર તત્ત્વોનું અનુપાન કરીને પરમપદ વાસી બનીએ એજ શુભકામના.

આ ગ્રંથોના પ્રકાશન કરવાનો મને જે મોકો મળ્યો છે તે તો ખરેખર કયારેય નહિં ભૂલાય. કારણ કે આવા સમ્યગ્જ્ઞાનનું પ્રસારણ કરવાનો લાભ મળવો તેતો અત્યંત દુષ્કર છે. જે મારા માટે આંશિક રૂપે પૂજ્ય ઉપકારી ગુરુ ભગવંતની પરમ કૃપાથી શુલભ બન્યું છે.

સેવક પ્રેમજીનાં પ્રણામ

ગ્રંથ અંગે ટુંક વિવરણ

શ્રીમદ્ હરિભદ્રસૂરિએ રચેલા ગ્રન્થોમાં ઘણી વિખ્યાતિ પામેલો આ ધર્મબિન્દુ ગ્રન્થ છે. આ ગ્રન્થ વિશેષ લોકપ્રિય થવાનું ખાસ કારણ એ છે કે એમાં શ્રાવક તથા સાધુ બન્ને વર્ગનાં કર્તવ્યોનું યથાર્થ નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ગ્રન્થના આઠ પ્રકરણ પાડવામાં આવ્યા છે, તેમાંના પ્રથમના ત્રણ પ્રકરણમાં શ્રાવક સંબંધી વૃત્તાન્ત છે, અને છેવટના પાંચ પ્રકરણમાં સાધુઓનાં કર્તવ્ય અને છેવટે તીર્થંકર પદ પ્રાપ્તિ સુધીના ઉપાયો સૂચવેલ છે.

આ ગ્રન્થમાં દરેક વસ્તુ તેના ક્રમમાં ગોઠવવામાં આવી છે, તેથી પ્રથમથી તે છેવટ સુધી મનુષ્યે કેમ વર્તવું તે પદ્ધતિસર બતાવવામાં આવ્યું છે, અને એક પછી બીજું સૂત્ર અમુક નિયમાનુસાર આવેલું છે, તેથી તે સ્વાભાવિક લાગે છે, અને વાંચનારને વિષયની ખુબી તરત સમજાઈ જાય છે.

આ ગ્રન્થ ઉપદેશક ગ્રન્થ છે, એટલે કે તેમાં લખેલી સૂચનાઓ કેવળ વાંચીને બેસી રહેવાનું નથી, પણ તે સૂચનાઓ પ્રમાણે વર્તવામાં આવે તો મનુષ્ય ઐહિક તેમજ પારમાર્થિક લાભ ઘણીજ સુગમતાથી મેળવી શકે. દરેક ઉપદેશ વાકયનું ફળ પણ સાથેજ બતાવવામાં આવ્યું છે; અર્થાત્ તમે આ પ્રમાણે વર્તશો તો તમને અવશ્ય આ પ્રમાણે ફળ મળશે.

આ ગ્રન્થમાં નાનાં નાનાં વાકયો-સૂત્રો આપેલાં છે, અને તે ઉપર શ્રી મુનિચંદ્રસૂરિએ ટીકા લખેલી છે. સૂત્રોની ભાષા પણ એવી સ્પષ્ટ છે કે જો કોઈ મનુષ્ય તેના ઉપર શાન્ત ચિત્તથી મનન કરે તો તે સૂત્રોનું રહસ્ય આપોઆપ સમજાઈ જાય. પ્રથમ વિવેચન વાંચ્યા પહેલાં જો સૂત્રનો અર્થ વિચારી તેપર મનન કરવામાં આવે તો પોતાના

બુદ્ધિબળ પ્રમાણે–જ્ઞાનના ક્ષયોપશમ પ્રમાણે–ઘણો પ્રકાશ મળશે. આ રીતે મનન કર્યા પછી વિવેચન વાંચવું, અને પોતે વિચારેલા અર્થમાં અને વિવેચનમાં કેટલું સામ્ય છે, અથવા કેટલું અંતર છે તે તપાસવું. અને વિવેચનમાં વિશેષ શું આપેલું છે, તે સમજવા પ્રયત્ન કરવો; આ રીતે જો આ ગ્રન્થ વાંચવામાં આવે તો ઘણા થોડા સમયમાં તે મનુષ્યની વિચાર કરવાની શક્તિ સારી રીતે ખીલે, અને ગ્રન્થનું સ્વરૂપ પણ યથાર્થ સમજવામાં આવે. અને આવી રીતે સમજપૂર્વક મેળવેલું જ્ઞાન કાર્યરૂપે પરિણામે, અર્થાત્ તે વાંચીને તે પ્રમાણે વર્તન થાય. જો આમ થાય તો પછી આ પુસ્તકના ઉપકારની કેટલી મહત્વતા!

આટલું ઉપોદ્‌ઘાતરૂપે જણાવી હવે આ ગ્રન્થના આઠ પ્રકરણમાં શી શી બાબતો આવેલી છે. તેનું ટુંક સ્વરૂપ અત્રે આપવા ઈચ્છા છે. પ્રથમ પ્રકરણનું નામ ગૃહસ્થ ધર્મ વિધિ છે. આ પ્રકરણનો પ્રારંભ ધર્મની વ્યાખ્યા આપીને કરવામાં આવ્યો છે, મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ આ ચાર ભાવના સહિત જે સદનુષ્ઠાન કરવામાં આવે તે ધર્મ છે. ચાર ભાવનાઓ એ ધર્મના બીજ રૂપે છે. જેનામાં આ ચાર ભાવનાઓ નથી, તે ખરી રીતે ધર્મની પ્રાપ્તિ માટે અનધિકારી છે, એમ કહીએ તો તેમાં કાંઈ ખોટું નથી.

તે પછી ધર્મના બે વિભાગ પાડવામાં આવ્યા છે, ગૃહસ્થ ધર્મ અને યતિધર્મ. ગૃહસ્થ ધર્મના પણ બે વિભાગ પાડવામાં આવ્યા છે, (૧) સામાન્ય ગૃહસ્થ ધર્મ અને (૨) વિશેષ ગૃહસ્થ ધર્મ. આ વિભાગમાંથી આ પ્રથમ પ્રકરણમાં સામાન્ય ગૃહસ્થ ધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે.

શ્રાવકે ન્યાયથીજ ધન પેદા કરવું એ સંબંધમાં ઘણી સારી દલીલોથીજ વિષયને બહુ સારી રીતે પ્રતિપાદન કરવામાં આવ્યો છે. તે પછી લગ્ન સંબંધ કેવા કુટુંબ જોડે બાંધવો, અને સ્ત્રીઓ પોતાનો ધર્મ કેવી રીતે પાળે તેને માટે ચાર સાધનો બતાવવામાં

આવ્યાં છે. ગૃહસ્થે અંતરંગ છ શત્રુઓનો વિનાશ કરવા મથવું જોઈએ. તે છ અંતરંગ શત્રુઓનું વર્ણન અને તેમને જીતવાના ઉપાયો સંબંધી પુષ્કળ લખવામાં આવ્યું છે. કેવા ઘરમાં રહેવું, ભોજન કેમ કરવું, શરીર કેમ સાચવવું, ઉચિત પહેરવેશ રાખવો, શક્તિના પ્રમાણમાં વ્યય કરવો, કોઈને ઉદ્વેગ થાય તેવી પ્રવૃત્તિ કરવી નહિ, પોતાના હાથ નીચેના મનુષ્યોનું પાલનપોષણ કરવું, માતપિતાની ભક્તિ કરવી; આ રીતે ઉપ માર્ગાનુસારીના–અર્થાત્ જૈન માર્ગને અનુસરવા, અધિકારી બનાવનારા–ગુણોનું વર્ણન આપી, દરરોજ ધર્મ શ્રવણ કરવાની આવશ્યકતા બતાવી, આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવ્યું છે.

બીજા પ્રકરણનું નામ દેશનાવિધિ છે, અને તેના પ્રારંભમાં ઉપદેશકમાં કયા ગુણોની આવશ્યકતા છે, અને ઉપદેશકે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વિચારી કેવા અધિકારી પાસે કેવી રીતે બોધ આપવો તેનું ઘણું સુંદર અને બોધક વર્ણન કર્યું છે. જે બાબતમાં પોતે ઉપદેશ આપતો હોય તે ગુણ તો ઉપદેશકમાં હોવો જ જોઈએ, અર્થાત્ ઉપદેશ પ્રમાણે વર્તન હોવું જોઈએ. એ સંબંધમાં બહુ ભાર મૂકવામાં આવ્યો છે. પ્રસંગોપાત જ્ઞાનાચાર, દર્શનાચાર, વીર્યાચાર અને ચારિત્રાચારનું વર્ણન કરેલું છે; તે પછી પુણ્યના ફળ રૂપે દેવની સમૃદ્ધિ, શુદ્ધ કુળમાં જન્મ, સર્વ બાબતની અનુકૂળ સામગ્રી, તથા પાપના ફળરૂપે નરકનાં દુઃખ, ખરાબ કુળમાં જન્મ વગેરે દુઃખની પરંપરા ઉપદેશકે જણાવવી. પ્રસંગે પ્રસંગે જ્ઞાનની પ્રશંસા કરવા, પુરુષાર્થનું માહાત્મ્ય બતાવવું. આ પ્રમાણે પ્રથમ ધર્મના સામાન્ય તત્ત્વોનું નિરૂપણ કરવું. અને જ્યારે કોઈ પણ જીજ્ઞાસુની વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય, ત્યારે સિદ્ધાંતની વાત તેના આગળ કહેવી. તે પછી સુવર્ણની ત્રણ કસોટીઓ કષ, છેદ અને તાપ ધર્મને કેમ લગાડી શકાય તે બતાવી આત્માને કેવળ નિત્ય માનવામાં તેમજ કેવળ

અનિત્ય માનવામાં શાં શાં દૂષણો આવે છે, એ જણાવી સ્યાદ્વાદ શૈલી પ્રમાણે આત્મા નિત્યાનિત્ય છે, એમ સિદ્ધ કરવામાં આવ્યું છે. તે પછી બાર ભાવનાઓનું વર્ણન કરેલું છે, અને ભાવનાઓ રાગદ્વેષનો ક્ષય કરવામાં મુખ્યત્વે કારણભૂત છે, એમ જણાવવામાં આવ્યું છે. આ ગ્રન્થમાં આપેલું બાર ભાવનાઓનું સ્વરૂપ પ્રતિદિન મનન કરવા યોગ્ય છે.

ત્રીજું પ્રકરણ ગૃહસ્થના વિશેષ ધર્મને લગતું છે. જ્યારે મનુષ્ય ઉપર પ્રમાણે ધર્મનું સ્વરૂપ સમજી વૈરાગ્ય આવવાથી કાંઈક વ્રત લેવાની રૂચિવાળો થાય ત્યારે કેવી રીતે તેને વ્રત આપવાં તે બતાવી બાર વ્રતનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત, એ રીતે બાર વ્રતનું વર્ણન કરી દરેક વ્રતને લગતા પાંચ પાંચ અતિચારોનું કથન કરી, તે અતિચારો ત્યાગવાપૂર્વક શ્રાવકે બાર વ્રત કેવી રીતે પાળવાં તે આ પ્રકરણમાં જણાવવામાં આવ્યું છે. અતિચાર ન લાગે તે માટે કેવી ભાવના રાખવી, અને ગૃહસ્થનો વિશેષ ધર્મ જાણવાવાળાનાં સામાન્ય કામો પણ કેવાં પ્રકારનાં હોય, તથા તેની દિનચર્યા કેવી હોય તે બધું વર્ણવવામાં આવ્યું છે. છેવટમાં મૈત્રી વગેરે ચાર ભાવનાનું સ્વરૂપ બહુ વિચારવા યોગ્ય છે.

ચોથા પ્રકરણમાં વિશેષ ગૃહસ્થ ધર્મ પાળી દીક્ષા લેવાને આવનાર શિષ્યમાં કયા સોળ ગુણો જોઈએ તથા તેને દીક્ષા આપનાર ગુરુમાં કયા પંદર ગુણો જોઈએ, તે બાબતમાં શાસ્ત્રકારે ખુલ્લી રીતે પોતાના વિચારો દર્શાવ્યા છે. તે વિચારોનું અનુકરણ કરવામાં આવે તો કલેશ કંકાસનાં કારણો ઓછાં ઉદ્‌ભવે, માટે એ વિષય જૈન કોમના ભાવી હિતને ખાતર ખુબ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. આ સંબંધમાં જુદા જુદા આચાર્યોના અભિપ્રાય આપી ગ્રન્થકાર પોતાનો અભિપ્રાય સ્પષ્ટ શબ્દોમાં આપે છે. દીક્ષા લેવા આવનારે માતપિતાની તથા વડીલોની અનુમતિ લેવી જોઈએ. દીક્ષા સર્વ જનને હિતકારી

છે. તેથી જે દીક્ષા માતાપિતાને ઉદ્વેગ કરનારી હોય તે ન્યાયયુક્ત ગણાય નહિ, એવું શ્રી હરિભદ્રસૂરિએ અષ્ટકજીમાં માતૃપિતૃ ભક્તિમાં લખેલું છે, તે પણ આ સ્થળે સ્મરણ રાખવા યોગ્ય છે. દીક્ષા આપતી વખતે મુહૂર્ત વગેરે તપાસવું. ત્યાર પછી નવદીક્ષિતે કેમ વર્તવું તે બતાવવામાં આવ્યું છે. અને આ પ્રમાણે જે શાસ્ત્રાધારે નથી વર્તતો તે યતિ પણ ન કહેવાય તેમ ગૃહસ્થ પણ ન કહેવાય એમ જણાવી આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવ્યું છે.

યતિપણું એ તરવારની ધારપર ચાલવા જેવો દુષ્કર માર્ગ છે, છતાં જો મનુષ્યે સંસારનું સ્વરૂપ યથાર્થ જાણ્યું હોય, તેના પર વૈરાગ્ય આવ્યો હોય અને મોક્ષ તરફ ખરી ભક્તિ જાગૃત થઈ હોય તો, તો યતિધર્મ યથાર્થ પાળી શકાય. આ પ્રમાણે જણાવી યતિ વ્રતના સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે વિભાગ પાડવામાં આવ્યા છે. તે પછી સાપેક્ષ યતિધર્મમાં યતિએ કેવી રીતે ભિક્ષા ગ્રહણ કરવી, કોઈને પણ ઉદ્વેગ ન થાય તેમ કેવી રીતે પ્રવર્તવું, તથા વિકથાનો ત્યાગ કરવો વગેરે બાબતોનું વર્ણન કરવામાં આવ્યું છે. તે પછી દીક્ષા લેવાને કેટલી જાતના પુરુષો, કેટલી જાતની સ્ત્રીઓ, અને કેટલી જાતના નપુંસકો અયોગ્ય છે, તેનું લંબાણથી વર્ણન કરેલું છે. તે પછી યતિએ બ્રહ્મચર્યની નવવાડોનું રક્ષણ કરી શીલવ્રતને અતિ શુદ્ધ રીતે પાળવું જોઈએ. એ ઉપર અતિશય ભાર મૂકવામાં આવ્યો છે. તે પછી સંલેખનાનું સ્વરૂપ પણ આપવામાં આવ્યું છે એને છેવટે નિરપેક્ષ યતિ ધર્મનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. આ રીતે પાંચમું પ્રકરણ સમાપ્ત થાય છે.

છઠ્ઠા પ્રકરણનો પ્રારંભ સાપેક્ષ યતિધર્મ તથા નિરપેક્ષ યતિધર્મ પાળવાને કેવા કેવા ગુણવાળા પુરુષો લાયક છે, તે સંબંધમાં બહુ સારી રીતે સમજાવેલું છે, અને શાસનની સ્થિરતા માટે તથા લોકોને જ્ઞાન મળતું રહે તે માટે સાપેક્ષ યતિધર્મની વિશેષ આવશ્યકતા બતા-

વવામાં આવી છે. અને અમુક પુરુષો જેઓ વિશેષ ઉપકાર કરવાને સમર્થ હોય તેમને માટે તો નિરપેક્ષ યતિધર્મ પાળવાનો નિષેધ પણ કરવામાં આવ્યો છે. તે પછી ભાવના એજ મોક્ષનું પરમ કારણ છે, તે સંબંધમાં વિસ્તારથી લખવામાં આવ્યું છે. દ્રવ્ય અને ભાવથી ભગવંત ભક્તિ કરવા સંબંધી ઉલ્લેખ છે. અમુક કામ કરવા માટે આપણે ઉત્સુક હોઈએ, તે ઉપરથી તે કામ કરવાનો તે પ્રવૃત્તિ કાળ છે, એમ માની શકાય નહિ. તે સંબંધમાં પણ કેટલુંક વિવેચન કરી જેમ ઉચિત લાગે તેમ પ્રવર્તવું, એવો નિર્ણય કરવામાં આવ્યો છે, ચારિત્ર લીધા પછી ભાવ સ્થિર રહે માટે સાધુએ શું શું ભાવના ભાવવી તથા કેમ વર્તવું તે બતાવી આ પ્રકરણ સમાપ્ત કરવામાં આવ્યું છે.

ધર્મનું ફળ બીજા પ્રકરણમાં કાંઈક કહેવામાં આવ્યું હતું, પણ આ સાતમા પ્રકરણમાં તે વિસ્તારથી કહેવામાં આવ્યું છે. ધર્મના ફળના બે ભેદ છે, એક અનંતર ફળ અને બીજું પરંપરા ફળ છે. તરત મળે તે અનંતર ફળ કહેવાય છે, અને એક ફળ બીજા ઉત્કૃષ્ટ ફળનું કારણ થાય તે વળી ત્રીજાનું થાય તે પરંપરા ફળ છે. આ પ્રમાણે વ્યાખ્યા આપી ધર્મથી મનુષ્ય આગળને આગળ કેવા સંજોગોમાં વધતો જાય છે, તેનું લંબાણથી વર્ણન આપવામાં આવ્યું છે. શુભ પરિણામ એજ મોક્ષનું ઉત્તમોત્તમ કારણ છે, એમ પ્રતિપ્રાદન કરવામાં આવ્યું છે, અને છેવટમાં એટલે સુધી કહેવામાં આવ્યું છે કે આ જગતમાં જે કાંઇ શુભ મળે છે તે સર્વ ધર્મના પ્રભાવે મળે છે, માટે આ મનુષ્યભવ જેવો ઉત્તમ ભવ મેળવી મનુષ્યે ધર્મ સાધવો એજ આ પ્રકરણનો સાર છે.

આકરું—છેલ્લું પ્રકરણ ગયા અધ્યાયમાં જણાવેલા વિષયનેજ વધારે સમર્થન કરતાં જણાવે છે કે જગત્ને હિતકારી તીર્થંકર પદને પણ ધર્માભ્યાસથી મનુષ્ય મેળવી શકે છે, તો બીજી સામાન્ય વસ્તુઓના લાભની તો વાતજ શી કહેવી ? તીર્થંકરનું માહાત્મ્ય આ પ્રકરણમાં

સારી રીતે વર્ણવવામાં આવ્યું છે, અને મનુષ્યને મોક્ષ મેળવવામાં વિઘ્નરૂપ થતા રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ શત્રુઓનું વર્ણન કરી, તેમને જીતવાના ઉપાયો દર્શાવવામાં આવ્યા છે.

તે પછી મુક્ત જીવોની કેવી સ્થિતિ થાય છે. અને તેમને પરમાનંદ શાથી પ્રાપ્ત થાય છે, અને શુદ્ધ ધ્યાનથી જીવ કેવી રીતે ઉંચે ચઢે છે, તે દર્શાવી, આ પ્રસ્તુત ગ્રન્થની સમાપ્તિ કરવામાં આવી છે.

આ ગ્રન્થ પ્રતિપાદન શૈલીથી લખાયેલો હોવાથી અને વિશાળ હૃદયથી તેના મૂળકર્તા શ્રી હરિભદ્રસૂરિએ રચેલો હોવાથી તથા ઉપર જણાવ્યા પ્રમાણે માર્ગાનુસારિપણાથી આરંભીને તીર્થંકરપદની પ્રાપ્તિ સુધીના ઉપાયો ક્રમસર બતાવવામાં આવેલા હોવાથી આશા રાખવામાં આવે છે કે આ ગ્રન્થ ઘણા આત્માઓને તેમના આત્મકલ્યાણના માર્ગમાં સહાયભૂત થશે. એ આશા ફળીભૂત થાઓ એવી અંતઃકરણથી પ્રાર્થના કરી આ ગ્રન્થવિવેચનનું કામ સમાપ્ત કરવામાં આવે છે.

રતનપોળ–અમદાવાદ,
તા. ૨૨–૭–૧૯૧૨.

} દોશી મણીલાલ નથુભાઈ

પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મ૦ નું જીવન

ચિત્તોડ નગર.

જિતારી રાજાનું રાજ્ય

રાજપુરોહિત હરિભદ્ર.

રાજા ન્યાયવાન–અનેક રાજાઓનાં સ્વામી છતાં નમ્ર. જ્યારે રાજપુરોહિત ચૌદ વિદ્યામાં પ્રવિણ પરંતુ જ્ઞાનમદનો પાર નહિ. હંમેશ વાદ માટે તૈયાર. શાસ્ત્રાભ્યાસ એટલો વધતો જાય છે કે કયાંક પેટ ફૂટી ન જાય તેથી પેટ ઉપર સુવર્ણનો પટ્ટ બાંધીને ફરતો. અને જંબુદ્વીપમાં મારી સમાન કોઈ નથી તે જણાવવા જંબુલત્તાને ધારણ કરતો હતો.

આવા જ્ઞાનના મદથી મસ્ત બનેલા આ રાજપુરોહિતે એક નિયમ કરેલો કે "આ દુનિયામાં જેનું વચન સમજી ન શકું તેનો શિષ્ય બનું." અભિમાનથી કલિકાલમાં પોતાને સર્વજ્ઞ માનતો હતો.

અભિમાન એ ઘણા ગુણોને બાળી નાખનાર ભયંકર અગ્નિ છે પણ કોઈ સારો સુયોગ મળી જાય તો અભિમાની પણ બચી જાય અને તરી જાય તેમ આ રાજપુરોહિત હરિભદ્રને પણ એક સાધ્વીજીનો આશ્ચર્યકારી સુયોગ થયો.

હરિભદ્ર રાજદરબાર તરફ જઈ રહ્યા છે. જતાં જતાં રસ્તા ઉપર એક ઉપાશ્રય આવે છે. તે ઉપાશ્રયની નજીકથી જઈ રહ્યા છે. તેજ વખતે ઉપાશ્રયમાં સર્વ શિષ્યાઓ સહિત સાધ્વીજી શ્રી યાકિની મહત્તરા બિરાજમાન હતા અને તેઓ સૂત્રપાઠ કરી રહ્યા હતા તે વખતે જ આ શ્લોક આવ્યો.

चक्कीदुगं हरि पणगं । पणगं चक्कीण केसवो चक्की ।
केसव चक्की केसव । दुचक्की केसी अ चक्की अ ॥

એટલે બે ચક્રવર્તી થયા. પછી પાંચ વાસુદેવ થયા. પછી પાંચ ચક્રવર્તી પછી એક વાસુદેવ પછી એક ચક્રવર્તી પછી એક વાસુદેવ પછી એક ચક્રવર્તી પછી એક વાસુદેવ પછી બે ચક્રવર્તી પછી એક વાસુદેવ અને છેલ્લે એક ચક્રવર્તી.

આ અવસર્પિણી કાળમાં આ ભરત ક્ષેત્રમાં બાર ચક્રવર્તી. નવ વાસુદેવ થયા એવો આ શ્લોકનો (ગાથાનો) અર્થ થતો હતો. અને આ શ્લોકનો અર્થ હરિભદ્રને ખ્યાલ ન આવ્યો. એટલે પાછો ફરી ઉપાશ્રયમાં જઈને પૂછયું કે હે સાધ્વી મ. ! આ શું ચક ચક કરો છો ? ત્યારે સમયનાં જાણકાર, મર્યાદાના ઉપાસક, પરમાત્માની આજ્ઞાને સમજનારા એવા સાધ્વીજીએ આનો અર્થ ખૂબ જ સરળતાથી સમજાવ્યો. પ્રતિજ્ઞાની પકડ રાખનારા એવા હરિભદ્ર બોલ્યા કે હે આર્યા ! મારી પ્રતિજ્ઞા હતી કે કોઈ વ્યક્તિએ કહેલી વાતનો અર્થ મને ન સમજાય તો તેના શિષ્ય બની જવું તેથી તમે મને તમારા શિષ્ય બનાવો. ત્યારે સાધ્વીજી ભગવંતે સમજાવ્યું કે પુરૂષને શિષ્ય કરવાનો સાધ્વીજીનો અધિકાર નથી. અમારા ધર્માચાર્ય શ્રી જિનભદ્રાચાર્ય અહીં ભાઈઓના ઉપાશ્રયમાં બિરાજમાન છે તેમની પાસેથી સાધુ ધર્મની દીક્ષા ગ્રહણ કરીને શિષ્ય બનો.

ત્યારે પૂર્વ ઉપકારી આપ છો તેથી આપ જ મારા ગુરૂ છો તો પણ આપના કહેવાથી હું પૂજ્ય આચાર્ય ભગવંતનો શિષ્ય બનીશ અને શુભ મુહુર્ત શાસન પ્રભાવનાની સુંદર પળે સંયમ ગ્રહણ કરીને બન્યા મુનિશ્રી હરિભદ્રવિજયજી.

ગુરૂસમર્પણ પૂર્વક જૈન દર્શનના અભ્યાસમાં એકતાન બનીને ઉચ્ચ કોટીના આગમોનાં જ્ઞાતા બન્યા પણ સાથોસાથ અનુભવજ્ઞાન દ્વારા ધર્મની ભૂમિકાને વધુ ને વધુ વિકસાવતા ગયા. એમાં જ્ઞાન-અનુભવ દ્વારા વિશિષ્ટ યોગ્યતા જોતાં ગુરુ મહારાજે આચાર્ય પદ

આપીને સંઘની જવાબદારીનું સુકાન સોંપ્યું. ધીરે ધીરે સર્વજ્ઞાન સમ્યગ્જ્ઞાન રૂપે પરિણામ પામ્યું. દેવતાધિષ્ઠિત કેટલાક ઉપનિષદો (રહસ્ય પુસ્તકો) જેમાં આકર્ષણવિદ્યા, સુવર્ણસિદ્ધ, પરપૂરપ્રવેશ, નભોગમન, આદિ પ્રાપ્ત કરવાનાં સાધનોનું વર્ણન હોય તેવાં પુસ્તકો આ સમયે તેઓને પ્રાપ્ત થયાં પણ કાળની હીનતા તથા જીવોની તે ગ્રહણ કરવાની શક્તિની ખામીને કારણે અગ્નિ તથા જળ જેને હાનિ ન પહોંચાડે એવાં વિવિધ ઔષધ નિષ્પન્ન સ્તંભોમાં ભંડાર્યા કહેવાય છે.

અધિકારી થયા વિના પ્રાપ્ત થયેલી લબ્ધિઓ–સિદ્ધિઓનો પ્રાયઃ દુરુપયોગ થાય છે. લબ્ધિઓ એ આત્માની શક્તિ વિશેષ છે. જે ખરા આત્મજ્ઞાનના અભ્યાસકો છે, તેઓ લબ્ધિઆદિ મેળવવા પ્રયત્ન નહિ કરતાં આત્મજ્ઞાન જેથી પ્રાપ્ત થાય તેવાં સાધનોનો આશ્રય લે છે. કારણ કે હઠયોગાદિથી પણ કેટલીક હલકા પ્રકારની શક્તિઓ મળે છે, પણ તેથી જીવો તે શક્તિઓનો બીજાઓનો બીજાને ચમત્કાર બતાવવામાં અથવા 'હું' પણાની વૃદ્ધિ કરવામાં દોરવાય છે, અને પોતાનું સાધ્યબિંદુ ભૂલી જાય છે, માટે ખરા આત્મજ્ઞાનના અભ્યાસકો લબ્ધિઓ મેળવવાને ખાસ પ્રયત્ન કરતા નથી. તેમને તેમના યોગાભ્યાસમાં તે મળે છે, તો તેનો અસ્વીકાર પણ કરતા નથી. પણ તેમનું લક્ષ આત્મતત્ત્વ પ્રાપ્તિ તરફ હોય છે. શ્રી હરિભદ્રસૂરિને પણ કેટલીક શક્તિઓ મળી હતી.

એક પ્રસંગે અત્યંત ક્રોધ વ્યાપી ગયો, ત્યારે 'આકર્ષણ વિદ્યા'ના બળે ૧૪૪૪ બૌદ્ધોને અંતરીક્ષ માર્ગે ખેંચી મારી નાખવા પ્રવૃત્ત થયા હતા. તેમના ગુરુએ તે સમયે તેમને વારવાથી તે કામ બન્યું નહોતું. 'આકર્ષણ વિદ્યા'નો આવો દુરુપયોગ થયો એમ ધારી ઉપર જણાવ્યા પ્રમાણે રહસ્ય વિદ્યાઓ છુપાવી દીધી.

એ ક્રોધનો પ્રસંગ આ પ્રમાણે હતો. શ્રી હરિભદ્રસૂરિને હંસ

અને પરમહંસ નામના બે ભાણેજ શિષ્ય હતા. તેમણે શ્રી હરિભદ્ર સૂરિ પાસે રહી ન્યાય અલંકાર, તર્ક ષડ્દર્શન વગેરેનો સારો અભ્યાસ કર્યો હતો. તે પછી બૌધદર્શન અવલોકવાની તેમની ઇચ્છા થઈ. કારણ કે આ વખતે અનેક રાજાઓએ તે મત અંગીકાર કર્યો હતો અને સ્થળે સ્થળે તે ધર્મના મઠ તથા વિહારો હતા. પ્રખ્યાત ચીનો મુસાફર હ્યુંએનસીંગ આ વખતે હિંદુસ્તાન આવ્યો હતો, તે પોતાની મુસાફરીના વર્ણનમાં બુદ્ધ ધર્મનો આ વખતનો જાહોજલાલી પણ દર્શાવે છે. દક્ષિણ વગેરેમાં જૈનોના પણ રાજા હતા અને જૈનો પણ પોતાના ધર્મની મહત્વતા દર્શાવવાને તેટલાજ ઉત્કંઠિત હતા. આથી એક બીજાના સિદ્ધાંતો જાણવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક હતું.

ચિત્રકૂટથી પૂર્વે કોઈ પ્રખ્યાત વિહારમાં જવા માટે તૈયાર થયા. ગુરૂની આજ્ઞા માગી. શ્રી હરિભદ્રસૂરિએ પરિણામ અનિષ્ટ જોઇ તેમને અનુમતી ન આપી. પણ ભાવી પ્રબળ હોવાથી તેઓ બૌદ્ધ-દર્શન તથા તેમની રહસ્ય વિદ્યાઓ શિખવાના ઉત્સાહમાં ગુરૂની આજ્ઞા ઉપર વટ થઈને પણ ગયા.

બૌદ્ધો અને જૈનો વચ્ચે તે સમયે વિચાર, સહિષ્ણુતા (tolerance)ની ખામી હતી. આથી હંસ તથા પરમહંસ બૌદ્ધ વિહારમાં બૌદ્ધરૂપે રહ્યા. પોતે જૈન હોવાનું ઘણો સમય કળાવા ન દીધું. હંસ તથા પરમહંસે ખાનગીમાં એક પત્ર પર જૈન મતની દલીલોના ખંડનનું પ્રતિખંડન તથા બીજા પત્ર પર સુગતવાદ (બૌદ્ધધર્મ) નાં દૂષણો લખ્યાં હતાં. તે બન્ને પત્ર ભારે પવનથી ઉડી ગયા. તે કોઈ બૌદ્ધ સાધુએ ગુરૂને સોંપી દીધા. આથી ગુરૂના મનમાં શંકા પડી કે આ કોઈ અર્હદુપાસક છે. આ શંકા સાચી છે કે ખોટી છે, તેનો નિર્ણય કરવા તેઓએ ગુરૂ પાસે આવવાના માર્ગમાં દ્વાર આગળ જિન-પ્રતિમા આલેખી. ગુરૂ પાસે આવવાનો બીજો માર્ગ ન હતો. જ્યારે

તે દ્વાર આગળ જૈન પ્રતિમા જોઈ ત્યારે તેઓ ગુરૂને શંકા પડી તે સમજી ગયા. પોતે બધી વિદ્યાઓ શિખી લીધી હતી. શું કરવું તેના સંબંધમાં જરા વિચાર કરી પાસે પડેલા એક ખડીના કટકા-વતી ત્રણ લીંટી કરી, તેને બુદ્ધની પ્રતિમા કલ્પી તે પર પગ મૂકી ગુરૂ સમીપ આવી બીજા વિદ્યાર્થીઓની માફક ભણવા બેઠા.

પકડાઈ જવાના ભયને લીધે હવે અહીં રહેવું સલામત નથી એમ ધારી બન્ને ગુપ્ત રીતે ચિતોડ તરફ નાશી ગયા. બુદ્ધપ્રતિમા ઓળંગી ગયા, જિન પ્રતિમાને બદલે બુદ્ધ પ્રતિમા તેઓએ કરી, અને જૈન છતાં બૌદ્ધરૂપે રહી અમારી કેટલીક રહસ્ય વિદ્યાઓ શીખી નાસી ગયા. આ વગેરે કારણોથી તે વિહારાધિકારીઓને કોપ પ્રક-ટયો, અને પોતાના આશ્રિતરાજાની મદદથી હંસ તથા પરમહંસને પાછા પકડી લાવવા ૧૪૪૪ બૌદ્ધનું સૈન્ય મોકલાવ્યું. હંસ વચમાં જ મરાયો. પરમહસ ચિતોડ પહોંચીને ગુરૂ સમક્ષ સર્વ હકીકત નિવેદન કરતાં હૃદય ફાટી જવાથી મરી ગયો. આ દુઃખદાયક બના-વથી શ્રી હરિભદ્રસૂરિને અત્યંત ક્રોધ વ્યાપી ગયો, એટલે સુધી કે ૧૪૪૪ બૌદ્ધોને સમળી રૂપે પાછા ચિતોડમાં આકાશ માર્ગે 'આક-ર્ષણ વિદ્યા'થી ખેંચી ઉકળતી લોહીની તેલની કઢાઈઓમાં નાંખી મારી નાંખવા તત્પર થયા.

મનુષ્ય જ્યારે ક્રોધ વ્યાપે છે, ત્યારે સારાસારનો તે બિલકુલ વિવેક કરી શકતો નથી. આ વખતે ક્રોધના આવેશથી શ્રી હરિભદ્ર-સૂરિનાં વિવેકચક્ષુ મિંચાઇ ગયાં, પણ વિવેકચક્ષુને ખોલનારા તેમના ગુરૂ શ્રી જિનભદ્રાચાર્યને આ વૃતાંત વિદિત થતાંજ તે સ્થળે પોતાના બે શિષ્યોને ક્રોધના ઉપશમાર્થે મૃદુ વચન અને કેટલીક ગાથાઓ શિખવી સત્વર મોકલ્યા, જે ગાથાઓ સાંભળવાથી તેમનો ક્રોધ શાંત થયો. અને એ ગાથાઓને આધારે શ્રી સમરાદિત્ય ચરિત્રની સવિસ્તર યોજના કરી. એટલું જ નહિ પણ ગુપ્તવિદ્યા વાપરવાનાં પ્રાયશ્ચિતરૂપે એ વિદ્યાઓના ગ્રંથો ઉપર જણાવ્યા પ્રમાણે ગુપ્ત ભંડારોમાં

મૂકી દીધા અને ૧૪૪૪ બૌદ્ધોને હણવાના સંકલ્પ માત્ર માટે પ્રાયશ્ચિતરૂપે ૧૪૪૪ ગ્રન્થોની રચના કરીને કર્મની નિર્જરા કરી. **ધર્મના કાર્ય માટે કરાતું અપકૃત્ય તે અપકૃત્ય નથી એ માન્યતા ભૂલ ભરેલી છે,** તે આ ઉપરથી સહજ સમજાશે.

જે ગાથાઓ સાંભળવાંથી શ્રી હરિભદ્રસૂરિનો ક્રોધ શાન્ત થયો. તે નીચે પ્રમાણે છે.

સમરાદિત્ય સંક્ષેપ ગાથા

गुणसेण अग्गिसम्मा सिहाणंदाय तह पिआ पुत्ता ।
सिहि जालिणी माइ सुओ, धण धणसिरि मो अ पइ भज्ज॥

जय विजया य सहोयर, धरणो लच्छिय तह पई भज्जा ।
सेण विसेणा पित्तअ, उत्ता जंमंमि सतमए ॥

गुणचंद वाणमंतर, समराइच्च गिरिसेण पाणो ओ ।
एग्गस्स तओ मुक्खो ऽणंतो बिअस्स संसारो ॥

जह जलइ जलं लोए, कुसथ्थपवणाहओ कसायग्गि ।
तं जुतं न जिणवयणअमियसित्तोवि पज्जलइ ॥

અર્થાત્—(૧) ગુણસેન નામે એક રાજા હતો, તેણે અગ્નિશર્મા નામે એક તાપસને પારણાનું નિમંત્રણ કર્યું, પણ પ્રમાદયોગે એને પારણુ કરાવવું વીસરી ગયો; આથી અગ્નિશર્માના અંતરમાં વૈર-ભાવ પ્રગટયો, આ પહેલો ભવ.

(૨) બીજે ભવે અગ્નિશર્મા વિદ્યુત કુમારમાં ઉપજ્યો, ગુણસેન સૌધર્મ દેવલોકમાં દેવ થયો.

(૩) ત્યાંથી ત્રીજે ભવે ગુણસેન સિંહરાજા થયો, અગ્નિશર્મા તેનો આણંદ નામે પુત્ર થયો, જેણે પૂર્વભવના વૈરભાવને કારણે પિતાને વિષ દઈ માર્યો.

(૪) ત્યાંથી ચ્યવી ચોથે ભવે ગુણસેન ત્રીજા સ્વર્ગે અને અગ્નિશર્મા પહેલી નરકમાં ઉત્પન્ન થયો.

(૫) ત્યાંથી ચ્યવી પાંચમા ભવે ગુણસેનનો જીવ શિખી નામે પુત્ર થયો, અને તે અગ્નિશર્માનો જીવ જે જાલિણી નામે માતા થઈ હતી તેના પેટે અવતર્યો. આ ભવમાં માતાએ પુત્રને પૂર્વના વૈરભાવને કારણે વિષથી માર્યો.

(૬) ત્યાંથી ચ્યવી છઠ્ઠે ભવે ગુણસેનનો જીવ પાંચમા સ્વર્ગે અને અગ્નિશર્માનો જીવ બીજી નરકે ઉત્પન્ન થયો.

(૭) ત્યાંથી ચ્યવી સાતમા ભવે ગુણસેનનો જીવ ધન્યકુમાર નામે શેઠપણે અને અગ્નિશર્માનો જીવ ધનશ્રી નામે તેની સ્ત્રીપણે ઉપજ્યો. પૂર્વ વૈરને લઈ સ્ત્રીએ પતિને માર્યો.

(૮) ત્યાંથી ચ્યવી આઠમા ભવે ગુણસેનનો જીવ સાતમા સ્વર્ગે અને અગ્નિ શર્માનો જીવ ત્રીજી નરકે ઉત્પન્ન થયો.

(૯) ત્યાંથી ચ્યવી નવમા ભવે ગુણસેનનો જીવ જય નામે અને અગ્નિશર્માનો જીવ વિજય નામે તેના ભાઈપણે ઉપજ્યો, અહીં પૂર્વના વૈરને લઈને વિજયે જયને પીડા ઉપજાવી.

(૧૦) ત્યાંથી ચ્યવી દશમા ભવે ગુણસેનનો જીવ નવમા કલ્પે વિમાનવાસી દેવ થયો, અગ્નિશર્માનો જીવ ચોથી નરકે ગયો.

(૧૧) ત્યાંથી ચ્યવી અગ્યારમા ભવે ગુણસેન ધરણ નામે શેઠ થયો, અને અગ્નિશર્મા લક્ષ્મી નામે તેની ભાર્યા થઇ, જેણે પતિને પૂર્વનું વૈર લઈ રંજાડયો.

(૧૨) ત્યાંથી ચ્યવી બારમા ભવે ગુણસેન અને અગ્નિશર્મા અનુક્રમે અગ્યારમા કલ્પે અને પાંચમી નરકે ઉપજ્યા.

(૧૩) ત્યાંથી ચ્યવી તેરમા ભવે ગુણસેન અને અગ્નિશર્મા અનુક્રમે સેન, વિષેણ નામે બે પિત્રાઈ ભાઈ થયા. જેમાં વિષેણે સેનને પૂર્વ વૈરયોગે માર્યો.

(૧૪) ત્યાંથી ચ્યવી ચૌદમા ભવે ગુણસેન નવમા ગ્રેવેયકે અને અગ્નિશર્મા છઠ્ઠી નરકે ઉત્પન્ન થયો.

(૧૫) ત્યાંથી ચ્યવી પંદરમાં ભવે ગુણસેન, ગુણચંદ્ર નામે વિદ્યાધર થયો, અને અગ્નિશર્માએ વાણવ્યંતર થઈ પૂર્વના વૈરને લઈ ગુણચંદ્રને પીડા ઉપજાવી.

(૧૬) ત્યાંથી ચ્યવી સોળમા ભવે ગુણસેનનો જીવ સર્વાર્થ-સિદ્ધિ વિમાને કલ્પાતીત દેવ થયો, અને અગ્નિશર્માનો જીવ સાતમી નરકે ગયો.

(૧૭) ત્યાંથી ચ્યવી સતરમા ભવે ગુણસેન સમરાદિત્ય નામે રાજા થયો, અને અગ્નિશર્મા ગિરિસેન નામે ચાંડાળ થયો. શ્રી સમ-રાદિત્ય સર્વજ્ઞ અને સર્વદર્શી થઈ સિદ્ધ થયા, અને ચાંડાળ અનંત સંસાર રઝળ્યો આ પ્રમાણે ક્રોધનું ફળ અતિ દારૂણ છે.

કુવાસનાવાળા જીવને ઉત્પન્ન થયેલો કષાયરૂપી અગ્નિ શમતારૂપી જળથી શમી જાય છે, અને તું જિનપ્રભુના વચનરૂપી અમૃતથી સિંચાએલો છે, છતાં તારો ક્રોધાગ્નિ શાંત થતો નથી એ આશ્ચર્યની વાત છે. માટે હે હરિભદ્ર! ક્રોધને કાઢી નાખી અને આ બૌદ્ધોને મારવાનો સંકલ્પ તું છોડી દે.

આ શબ્દોથી તેમના મન પર સુંદર અસર થઈ અને તેઓ ઉપશાંત બન્યા. આ ગાથાઓને આધારે શ્રી હરિભદ્ર સૂરિએ

માગધીમાં સમરાઇચ્ચ કહા—સમરાદિત્યકથા નામનો ગ્રન્થ લખ્યો છે. જે વૈરાગ્ય રસથી ભરપૂર છે. તેના ઉપરથી સંસ્કૃતમાં શ્લોકબંધ ગ્રન્થ રચવામાં આવ્યો છે અને ગુજરાતીમાં પણ સમરાદિત્ય કેવળીનો રાસ રચવામાં આવ્યો છે.

શ્રીમદ્ હરિભદ્ર સૂરિએ ૧૪૪૪ ગ્રન્થો રચ્યા છે, પણ તેટલા હાલ મળી આવતા નથી, તેમાંના ૫૦-૬૦ ને આશરે જૂદે જૂદે સ્થળે મળી આવે છે. મુસલમાની વખતમાં, તેમાં પણ મહમદ ગીઝની અને અલ્લાઉદ્દીનની ચડાઈ વખતે હિંદુમંદિરોને શોષાવું પડયું હતું, તેમ જૈનમંદિરો તથા પુસ્તકોની પણ ખુવારી થઈ હતી. અથવા મૂળ ગ્રન્થોની ઝાઝી પ્રતો ન લખાઈ હોય અને જે લખાઈ હોય તે અમુક અપ્રસિદ્ધ સ્થળે રહી હોય, અને ફરીથી તે લખાય તે પહેલાં તેના પૌદ્ગલિક સ્વભાવને લીધે જીર્ણ થઈ નાશ પામી હોય તો તે પણ બનવા જોગ છે. જે ગ્રન્થો હાલ મળી આવે છે તેમનાં નામ નીચે પ્રમાણે છે.

(૧) શ્રી દશવૈકાલિક લઘુવૃતિ,
(૨) શ્રી દશવૈકાલિક બૃહદ્ વૃત્તિ,
(૩) શ્રી નંદીસૂત્ર લઘુવૃત્તિ.
(૪) શ્રા આવશ્યક સૂત્ર ઉપર શિષ્યહિતા ટીકા. (બૃહદ્ વૃત્તિ.)
(૫) શ્રી પ્રજ્ઞાપનાપ્રદેશ વ્યાખ્યા (લઘુવૃત્તિ)
(૬) શ્રી જંબુદ્વીપ સંગ્રહણી.
(૭) શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ટીકા.
(૮) શ્રી ચૈત્યવંદન વૃત્તિ.
(૯) શ્રી લલિત વિસ્તરા (ચૈત્યવંદન બૃહદ્ વૃત્તિ)
(૧૦) શ્રી કર્પૂરાભિધ સુભાષિત કાવ્ય
(૧૧) શ્રી ધુર્ત્તાખ્યાન.
(૧૨) શ્રી મુનિપતિ ચરિત્ર.
(૧૩) શ્રી સમરાદિત્ય ચરિત્ર.
(૧૪) શ્રી પંચવસ્તુ. સ્વોપજ્ઞ વૃત્તિ.
(૧૫) શ્રી પંચસૂત્ર સ્વોપજ્ઞવૃત્તિ.
(૧૬) શ્રી અષ્ટક.
(૧૭) શ્રી ષોડશક.

(૧૮) શ્રી પંચાશક.
(૧૯) શ્રી શ્રાવક ધર્મ વિધિ.
(૨૦) શ્રી ધર્મબિંદુ.
(૨૧) શ્રી યોગબિંદુ. સ્વોપજ્ઞ વૃત્તિ.
(૨૨) શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય. સ્વોપજ્ઞવૃત્તિ.
(૨૩) શ્રી યોગવિંશતિ.
(૨૪) શ્રી ન્યાય પ્રવેશક સૂત્ર. સ્વોપજ્ઞવૃત્તિ.
(૨૫) ન્યાયાવતાર વૃત્તિ.
(૨૬) ન્યાયવિનિશ્ચય.
(૨૭) ધર્મસંગ્રહણી.
(૨૮) વેદબાહ્યના નિરાકરણ.
(૨૯) ષડદર્શન સમુચ્ચય.
(૩૦) ષડદર્શની.
(૩૧) અનેકાંતવાદ પ્રવેશ.
(૩૨) અનેકાંતજયપતાકા. સ્વોપજ્ઞવૃત્તિ.
(૩૩) લોકતત્વ નિર્ણય
(૩૪) ઉપદેશપદ.
(૩૫) અનેકાંત પ્રઘટ્ટ.
(૩૬) લઘુ ક્ષેત્રસમાસ.
(૩૭) તત્વાર્થ લઘુવૃત્તિ.
(૩૮) શાસ્ત્રવાર્તા સમુચ્ચય. સ્વોપજ્ઞવૃત્તિ.
(૩૯) જ્ઞાનાદિત્ય પ્રકરણ.
(૪૦) દર્શન સત્તરી (સમ્યક્ત્વસપ્તતિકા.)
(૪૧) દેવેંદ્રનરેંદ્ર પ્રકરણ.
(૪૨) યતિદિનકૃત્ય.
(૪૩) યોગશતક.
(૪૪) લગ્નશુદ્ધિ.
(૪૫) સર્વજ્ઞસિદ્ધિ.
(૪૬) સંબોધ પ્રકરણ.
(૪૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર લઘુવૃત્તિ, ઈત્યાદિ.
(૪૮) સંસારદાવા સ્તુતિ.
(૪૯) વ્યવહાર કલ્પ.
(૫૦) પ્રતિષ્ઠા કલ્પ. *
(૫૧) દ્વિજવદનચપેટા.
(૫૨) ક્ષમાવલ્લિબીજ.
(૫૩) જ્ઞાનપંચક વિવરણ.
(૫૪) વીરસ્તવ,
(૫૫) શ્રાવક પ્રજ્ઞપ્તિટીકા.[૧]
(૫૬) પ્રશમરતિટીકા.[૧]

* આ નામનો ગ્રંથ શ્રી ભદ્રબાહુ. શ્યામસૂરિ આદિ અનેક આચાર્યોએ લખેલ છે, તેમ શ્રીમદે પણ લખેલો સાંભળ્યો છે.

૧ આ (૫૫-૫૬) મૂળ ગ્રંથો શ્રી ઉમાસ્વાતિ વાચકે ગુંથેલા છે, તેની ટીકાઓ તથા નંબર ૩૭ વાળી તત્વાર્થ લઘુવૃત્તિ શ્રીમદે લખેલી છે કે એ નામના બીજા આચાર્ય જે ઉમાસ્વાતિની નિકટમાં થયા છે તેમની લખેલી છે એ ચોક્કસ કરવાનું બાકી છે.

(૫૭) વીરાંગદ કથા.[૨]
(૫૮) કર્મસ્તવવૃત્તિ.
(૫૯) લઘુ સંગ્રહણી.[૨]
(૬૦) જીવાભિગમ લઘુવૃત્તિ.
(૬૧) મહાનિશીથમૂળ (ઉદ્ધૃત).[૩]
ઈત્યાદિ.

આ સિવાયના શ્રીમદ્ હરિભદ્ર સૂરિના રચેલા બીજા પણ ગ્રન્થો હોવા જોઈએ પણ જે જે હાલ ઉપલબ્ધ થાય છે તેમનાંજ નામ અત્રે આપવામાં આવેલાં છે.

ગ્રન્થોની સંખ્યાના સંબંધમાં ત્રણ જુદા મત છે. કેટલાક કહે છે કે તેમણે ૧૪૪૪ ગ્રન્થો રચ્યા, કોઈ મત પ્રમાણે તેમણે ૧૪૪૦ ગ્રન્થો રચ્યા અને ત્રીજા મત પ્રમાણે તેમણે ૧૪૦૦ ગ્રંથો રચ્યા છે. તે ગ્રન્થોની સંખ્યા ઓછામાં ઓછી ૧૪૦૦ ની છે, એ બાબત તો સર્વને સંમત છે.

(૧) શ્રીષડ્ દર્શન સમુચ્ચયની તર્કરહસ્ય દીપિકા નામની ટીકાના રચનાર વી. સં. ૧૫ મા સૈકામાં થયેલા શ્રી ગુણરત્નસુરિ શ્રી હરિભદ્ર સુરિના સંબંધમાં લખે છે કે :—

चतुर्दशशतसंख्यशास्त्ररचनाजनितजगज्जन्तूपकारः श्रीहरिभद्रसूरि.।

જેમણે ૧૪૦૦ શાસ્ત્રો રચી જગતના જીવોપર ઉપકાર કર્યો છે, એવા શ્રી હરિભદ્રસુરિ.

(૨) શ્રી રાજશેખરસુરિ, જેમણે ૧૪૦૫ માં ચતુર્વિંશતિ પ્રબંધ રચ્યો છે, તેઓ આ પ્રબંધમાં શ્રીમદ્ને ૧૪૪૦ ગ્રન્થના રચનાર તરીકે ઓળખાવે છે.

---

૨ આ [૫૭–૫૯] તથા નંબર ૧૨ વાળું મુનિપતિ ચરિત્ર શ્રીમદ્દે લખેલ છે કે ત્યાર પછી થયલા એ નામના બીજા કોઈ હરિભદ્રસૂરિએ લખેલ છે એ પણ ચોક્કસ કહી શકાતું નથી. હરિભદ્રસૂરિ ઓછામાં ઓછા ચાર થયેલા સંભવે છે.

૩ આ સૂત્ર શ્રી હરિભદ્ર નામના આચાર્યે વીરાત્ ૧૪૦૦માં ઉદ્ધાર્યાનું વાંચવામાં આવ્યું છે. જૈન ગ્રંથાવલીમાં તો વિ. સં. ૫૮૫ લખેલ છે.

(૩) શ્રી રત્નશેખરસૂરિ જેમણે વિ. સં. ૧૪૯૬ માં શ્રાદ્ધપ્રતિક્રમણ ઉપર અર્થ દીપિકા લખી છે, તેઓ એ સૂત્રની ૪૭ મી ગાથાની વૃત્તિમાં લખે છે કે ૧૪૪૪ **प्रकरणकृत् श्रीहरिभद्रसुरयोऽप्याहु र्ललितविस्तरायां** ૧૪૪૪ પ્રકરણના રચનાર શ્રી હરિભદ્રસૂરિ પણ લલિતવિસ્તરામાં કહે છે.

(૪) સમરાદિત્ય રાસમાં ૧૪૪૪ પ્રકરણના રચનાર તરીકે ઓળખાવ્યા છે.

(૫) ઉપદેશ પ્રાસાદમાં પણ ઉપર પ્રમાણે છે.

(૬) પ્રાભાવિક ચરિત એ નામના ગ્રન્થમાં તેના રચનાર શ્રી ચંદ્રપ્રભસૂરિ શ્રી હરિભદ્રસૂરિનું ચરિત્ર લખતાં જણાવે છે કે :-

पुनरिह च शतोनमुग्रधीमान्
प्रकरणसार्द्धसहस्रमेष चक्रे ।

તે ઉગ્ર બુદ્ધિવાળાએ વળી ૧૪૦૦ પ્રકરણો રચ્યાં.

આમ ત્રણ જુદા મત છે, પણ તેમણે ૧૪૦૦ ગ્રન્થો રચ્યા એ બાબત તો સર્વને સંમત છે.

ઉપર જણાવેલા ગ્રન્થો શ્રી હરિભદ્રસૂરિના છે. તેના પૂરાવા તરીકે આપણે જણાવીશું કે ગ્રન્થના છેવટના શ્લોકમાં કેટલેક સ્થળે તેમનું નામ આપવામાં આવ્યું છે. પણ જ્યાં નામ નથી આપવામાં આવ્યું ત્યાં મોટે ભાગે 'વિરહ' એ શબ્દ મૂકવામાં આવ્યો છે. અને વિરહાંકવાળા બધા ગ્રન્થો શ્રી હરિભદ્રસૂરિના રચેલા છે, એ નિસંશય છે, કારણ કે નવાંગી વૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ, જે વી. સં. બારમાં સૈકામાં વિદ્યમાન હતા, તે પંચાસક ઉપરની વૃત્તિમાં લખે છે કે :-

इह च विरह इति सितांबरश्रीहरिभद्राचार्यस्य कृतेरंक इति ॥

અહીં જે 'વિરહ' શબ્દ મૂકવામાં આવ્યો છે, તે જણાવે છે કે ગ્રન્થ સિતાંબર (શ્વેતાંબર) શ્રી હરિભદ્રસૂરિએ રચેલો છે. શ્રી મુનિચંદ્રસૂરિ જેમણે આ પ્રસ્તુત ગ્રન્થ ધર્મબિન્દુ ઉપરાંત લલિત વિસ્તરા, ઉપદેશપદ, યોગબિંદુ આદિ ઉપર ટીકા રચેલી છે, તેઓ લલિત વિસ્તરાની ટીકામાં લખે છે કેઃ—

इह विरह इति याकिनीमहत्तरासूनोराचार्यहरिभद्रस्येति ।

આ લલિત વિસ્તરામાં જે વિરહાંક છે તે યાકિની મહત્તરાના સુનું (ધર્મ પુત્ર) શ્રી હરિભદ્રસુરિનો છે.

તેમજ પ્રાભાવિક ચરિત્રમાં પણ શ્રી ચન્દ્રપ્રભસુરિ જણાવે છે કે :—

अतिशय हृदयाभिरम्यशिष्य—
द्वयविरहोर्मिभरेण तप्तदेहः ।
निजकृतिमिह संव्यधात्समस्तां
विरहपदेन युतां सतां स मुख्यः ॥ १ ॥

સારા પુરૂષમાં મુખ્ય એવા શ્રી હરિભદ્રસૂરિએ પોતાના હૃદયને અતિશય પ્રિય લાગતા એવા બે શિષ્યોના વિરહની ઉર્મિને લીધે પોતાની સમસ્ત કૃતિઓ 'વિરહ' શબ્દ સહિત કરી છે.

આ વિરહાંક શબ્દ જેમાં આવે છે તેવા કેટલાક ગ્રન્થોનાં છેલ્લો શ્લોક આપણે જોઇએ.

વીરસ્તવમાં છેલ્લી સ્તુતિના અંતે

सुत्तं वंदे मयणविरहं तस्सणाहंवि वीरं

સૂત્રને તેમજ મદનનો જેને વિરહ છે (કામથી રહિત છે) એવા એ સુત્રના નાથ શ્રી વીર પ્રભુને હું વાંદુ છું.

સંસાર દાવાની સ્તુતિમાં **भवविरहवरं देहि मे देवि सारं**

હે દેવી ! મને એવું ઉત્તમ વરદાન આપ કે મારા ભવનો વિરહ થાય, અર્થાત્ મારે ફરી જન્મ લેવા ન પડે.

અષ્ટકના છેલ્લા શ્લોકમાં

अष्टकाख्यप्रकरणं कृत्वा यत्पुण्यमर्जितम् ।
विरहात्तेन पापस्य भवंतु सुखिनो जनाः ।

આ અષ્ટક રચવાથી જે પુણ્ય પ્રાપ્ત થયું તે પુણ્યવડે પાપનો વિરહ-વિયોગ નાશ થઈ જનસમૂહ સુખી થાઓ.

વળી શાસ્ત્રવાર્તા સમુચ્ચયના છેલ્લા આઠમાં સ્તબકને અંતે

कृत्वा प्रकरणमेतद्यदवाप्तं किंचिदिह मया कुशलं
भवविरहबीजमनघं लभतां भव्यो जनस्तेन ॥

આ શાસ્ત્રવાર્તા સમુચ્ચય રચવાથી જે કાંઈ પુણ્ય પ્રાપ્ત થયું તેને લીધે ભવ્ય જીવો પાપરહિત સંસારવિરહ મોક્ષનું બીજ (બોધિ-બીજ) પામો.

પ્રસ્તુત ગ્રન્થના (ધર્મ બિન્દુના) છેવટના ભાગમાં પણ વિરહ શબ્દ મૂકેલો છે.

હવે આ વિરહ શબ્દ શું સૂચવે છે તે આપણે વિચારીએ. તેનું એક કારણ તો ઉપર આપણે વિચારી ગયા કે તેમના બે પ્રિય શિષ્ય અને ભાણેજ હંસ અને પરમહંસના વિરહથી થયેલું દુઃખ સૂચવવા તે વિરહ શબ્દ પોતાના ગ્રન્થોને અંતે મૂકેલો લાગે છે.

(૨) સર્વજ્ઞનો, સર્વદર્શીનો અથવા પરમ જ્ઞાનીનો વિરહ થવાથી પરમ જ્ઞાન પામવા યોગ્ય સામગ્રીનો વિરહ તેમને લાગ્યો હોય અને તેથી આ વિરહ શબ્દ મૂક્યો હોય.

(૩) વિરહ શબ્દ કોઈવાર ભવની પાછળ, કોઈવાર મદનની પાછળ, કોઈવાર પાપની પાછળ એમ મૂકવામાં આવ્યો છે, તેથી

એ સૂચિત થાય છે કે સ્વપરને મદન, ભવ અને દુઃખનો વિરહ થાઓ એવી આશિષ પણ હોય.

વિષયના અર્થને બંધ બેસતી રીતે-શોભે તેવી રીતે જ્યાં વિરહ શબ્દ મૂકવો યોગ્ય લાગ્યો, ત્યાં તેમણે મૂકયો છે. અને કેટલાક ગ્રન્થોમાં છેલ્લી ગાથા કદાચ લોપ પણ થઈ ગઈ હોય, છતાં વૃદ્ધ સંપ્રદાયથી જે જે ગ્રન્થો શ્રી હરિભદ્રસૂરિના માનવામાં આવેલા છે તેમનાં નામ ઉપર આપેલાં છે.

હવે આ ૧૪૦૦-૧૪૪૦-૧૪૪૪ પ્રકરણો લખ્યા પછી આ ગ્રન્થોનો વિસ્તાર (ફેલાવો) શી રીતે કરવો તે સંબંધમાં વિચાર કરતાં શ્રી હરિભદ્રસૂરિને એક કાર્પાસ નામની ગરીબ વાણીઓ મળી આવ્યો. આ મનુષ્ય આ જ્ઞાનના વિસ્તારના કામમાં ઉપયોગી થશે એમ શકુન વગેરેથી જાણવાથી તેમણે તેને જૈન ધર્મનો વિશેષ બોધ આપ્યો અને પોતાનો આ પુસ્તકો લખાવવાનો ઉદ્દેશ જણાવ્યો. તેણે કહ્યું "મારી પાસે ધન નથી, અને તે કામ હું શી રીતે કરી શકું?" ગુરૂએ કહ્યું "ધર્મ કૃત્યથી તને પુષ્કળ ધન મળશે." ત્યારે તેણે કહ્યું. "જો એમ થાય તો તો હું અને મારાં સ્વજનો પ્રભુની વાણી ફેલાવવામાં પુરતો પ્રયત્ન કરીશું." દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ વિચારી શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું: "આજથી ત્રણ દિવસે એક પરદેશી વેપારી આવશે તેની પાસે તારે પ્રથમ જઈ સર્વ વસ્તુ ખરીદી લેવી, તેમાંથી તને પુષ્કળ ધનનો લાભ થશે. મેં અનેક પુસ્તકો રચ્યાં છે, તે તે ધન વડે તારે લખાવવાં અને સાધુઓને તારે તે આપવાં અને જેમ ફેલાવો થાય તેમ કરવું." તેણે પણ ગુરૂવચન ઉપર વિશ્વાસ રાખી તે પ્રમાણે કર્યું અને પુષ્કળ ધન પ્રાપ્ત કર્યું, જેના વડે તેણે તે તે ગ્રન્થોની અનેક પ્રતો લખાવી અને બહુ સારો ફેલાવો કર્યો. તેણે ચોરાશી જિન મંદિર બંધાવ-

રાખ્યાં. કેટલાંક જૂનાં પુસ્તકો જે કાળવશથી જીર્ણ થઈ ગયાં હતાં, તેનો પણ પુનરૂદ્ધાર તે કાર્પાસ નામના વણિકે કર્યો.

આ પ્રમાણે જ્ઞાનનો વિસ્તાર કરવાને તેમણે ઉત્તમોત્તમ પ્રયાસ આદર્યો હતો. તેમના જીવનના સંબંધમાં જેટલી હકીકત મળી, તે ઉપરથી આ લેખ લખવામાં આવ્યો છે. કયે સ્થળે ચાતુર્માસ કર્યો કયાં કયાં વિહાર કર્યો, કોના કોના પ્રસંગમાં આવ્યા, તથા બીજી અનેક બાબતો સંબંધી આપણને કાંઈ પણ મળી શકતું નથી. તેટલા વર્ષે કાળ ધર્મ પામ્યા, તે પણ આપણે જાણી શકતા નથી. તેમના ચરિત્ર લેખક શ્રી ચંદ્રપ્રભસૂરિ છેવટમાં એટલું જણાવે છે કે શ્રુતશાસ્ત્રથી પોતાનો કાળ સમીપ છે, એમ ધારી તેમણે અનશન કર્યું અને છેવટે સમાધિમાં મરણ પામી સ્વર્ગગમન કર્યું.

આવા જૈન ધર્મના એક સ્તંભરૂપ મહાન સૂરિના ચરિત્રના સંબંધમાં આપણને બહુજ ઓછું જાણવા મળે છે, એ ખરેખર ખેદની વાત છે. છતાં તેમના ગ્રન્થોના વાચનથી એટલું તો કહી શકાય કે તે કદાગ્રહી નહિ પણ સત્યના ઉપાસક હતા. અને જે જે અપેક્ષાએ જ્યાં જ્યાં સત્ય રહેલું હોય તે જણાવવાને તેઓ પ્રવૃત્ત થતા હતા. તેઓ દૃઢ પ્રતિજ્ઞાવાળા હતા. પોતાની પ્રતિજ્ઞા પાળવાથી માન ભંગ થશે, તેની પણ દરકાર નહિ રાખતાં સત્ય ટેકને તેઓ વળગી રહ્યા અને તે કારણથીજ તેમણે જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. તેમણે એક સ્થળે કહ્યું છે કે :-

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

મને વીર તરફ પક્ષપાત નથી, તેમજ કપિલ આદિ તરફ દ્વેષ નથી. જેનું વચન યુક્તિયુક્ત લાગે તે ગ્રહણ કરવું જોઈએ. આ તેમની સત્ય તરફની પ્રીતિનું સ્મરણ કરી આ ચરિત્ર સમાપ્ત કરવામાં આવે છે.

આ લેખ ધર્મબિંદુની જૂની કૉપીના આધારે લખેલ છે. સાથે સાથ અમારા પરમ ઉપકારી દાદા ગુરૂદેવ પન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ છે જેઓને પૂજ્યપાદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ લિખિત ગ્રન્થોપ્રત્યે અવિહડક પ્રેમ હતા પોતે જ કહેતા કે મૈત્રીના રસપાન કરાવનારા પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજનો મહાન ઉપકાર છે કે જે જેમણે દરેક તત્ત્વનો સમન્વય કરવાની કળા બતાવીને જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવને ટકાવવાની કળા આપી ધર્મનું મૂળ જે મૈત્રીભાવ છે તે સમજાવ્યો. જેથી પૂજ્ય પંન્યાસજી ભગવંત મૈત્રીના મહા ઉપાસક બન્યા.

વર્તમાન કાળમાં જે પુણ્ય પુરૂષના ગ્રંથો આપણને જીવન જીવવા માટે પ્રેક્ટીકલ ગાઇડ રૂપે ઉપકારક થઈ રહ્યા છે તે પૂજ્ય પુનિત મહાત્મા હરિભદ્રસૂરિશ્વરજી મહારાજના ચરણોમાં કોટી કોટી વંદના.

વિષયાનુક્રમણિકા

પ્રથમ પ્રકરણ

ગૃહસ્થ ધર્મવિધિ

વિષય	પૃષ્ઠ
મંગલા ચરણ	૧
ધર્મનું ફળ અને વ્યાખ્યા	૩
ધર્મના બે ભેદ	૬
સામાન્ય ગૃહસ્થ ધર્મ	૭
ન્યાય સંપન્ન વૈભવ	૮
સુયોગ્ય વિવાહ	૧૭
આઠ પ્રકારના વિવાહ	૨૦
અપાય ભીરુતા	૨૪
શિષ્ટાચાર	૨૫
અંતરંગ છ શત્રુનોજય	૨૭
ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ	૩૭
ઉચિત પુરુષનો આશ્રય	૩૮
સત્ પુરુષોની સંગત	૩૯
યોગ્ય સ્થાને ગૃહસ્થાપના	૪૦
યોગ્ય વેષ	૪૩
આયોચિત વ્યય	૪૨
દેશાચાર પાલન	૪૮
નિંદ્ય પ્રવૃત્તિ ત્યાગ	૪૯
નિંદા ત્યાગ	૫૦
સદાચારીનો સંગ– અસદાચારીનો ત્યાગ	૫૨
માતાપિતા પૂજન	૫૩
ઉદ્વેગજનક પ્રવૃત્તિનો ત્યાગ	૫૮
આશ્રિતનું પોષણ	૫૯
દેવ–અતિથિ–રંક સેવા	૬૪
પ્રકૃતિને અનુકૂળ ભોજન	૬૭
અજીર્ણ થતા ભોજનનો ત્યાગ	૭૦
અયોગ્ય દેશ–કાળમાં વિચરણ ત્યાગ	૭૩
લોકાચારને અનુકૂળ વર્તન	૭૪
વૃદ્ધાનુસારિતા	૭૬
ઉચિત ત્રિવર્ગ સાધન	૭૭
શક્તિ વિચારી વર્તવું	૮૧
પ્રતિદિન ધર્મશ્રવણ	૮૨
કદાગ્રહ ત્યાગ	૮૩
ગુણ પક્ષપાત	૮૪
ઉહાપોહ આદિનો યોગ	૮૬
ગૃહસ્થોચિત સામાન્ય ધર્મનું ફળ	૮૮

બીજું પ્રકરણ
દેશનાવિધિ

વિષય	પૃષ્ઠ
ધર્મનું બીજ	૯૧
ધર્મ ઉપદેશની પદ્ધતિ	૯૩
ઉપદેશનો ક્રમ	૯૪
આક્ષેપણી વગેરે ચાર કથા	૧૦૨
જ્ઞાનાચાર	૧૦૩
દર્શનાચાર	૧૦૬
તપાચાર	૧૧૩
ચારિત્રાચાર	૧૧૮
વીર્યાચાર	૧૧૯
શક્તિ અનુસાર પંચાચાર પાલન	૧૨૧
અશક્ય બાબતમાં ભાવના	૧૨૨
ફળની પ્રરુપણા	૧૨૩
દેવની સમૃદ્ધિનું વર્ણન	૧૨૪
સુકુળમાં જન્મ વિગેરે	૧૨૫
મિથ્યાત્વનું લક્ષણ	૧૨૬
સરળતા રાખવી	૧૨૮
નારકીના દુઃખનું વર્ણન	૧૩૦
ખરાબ કુળમાં જન્મ	૧૩૧
મોહની નિંદા	૧૩૨
સદ્જ્ઞાનની પ્રશંસા	૧૩૫
પુરૂષાર્થનું માહાત્મ્ય	૧૩૭
વીર્યનું વર્ણન	૧૩૮
ગંભીર દેશના	૧૩૯
કષ–છેદ–તાપ	૧૪૧
બંધ અને મોક્ષની સિદ્ધિ	૧૪૮
દેહ અને આત્માની ભિન્નાભિન્નતા	૧૪૯
પુનર્જન્મની સિદ્ધિ	૧૬૦
તત્ત્વવાદનું સ્વરૂપ	૧૬૪
ઓઘિલાભની પ્રરૂપણા	૧૬૫
ગ્રંથિભેદનું ફળ	૧૬૭
ભાવનાથી રાગાદિનો ક્ષય	૧૬૯
(૧) અનિત્ય ભાવના	૧૬૯
(૨) અશરણ ભાવના	૧૭૧
(૩) સંસાર ભાવના	૧૭૨
(૪) એકત્વ ભાવના	૧૭૪
(૫) અન્યત્વ ભાવના	૧૭૬
(૬) અશુચિ ભાવના	૧૭૬
(૭) આશ્રવ ભાવના	૧૭૭
(૮) સંવર ભાવના	૧૭૭
(૯) નિર્જરા ભાવના	૧૭૮
(૧૦) લોક સ્વભાવ ભાવના	૧૭૮

ત્રીજું પ્રકરણ

ગૃહસ્થનો વિશેષ ધર્મ

વિષય	પૃષ્ઠ
(૧૧) બોધિ દુર્લભભાવના	૧૭૯
(૧૨) ધર્મ ભાવના	૧૮૦
ભાવનાથી મોક્ષ પ્રાપ્તિ	૧૮૧
સ્યાદ્વાદ શૈલી	૧૮૩
ગૌણ અને મુખ્યનું વર્ણન	૧૮૫
ગુરૂ અને લઘુનું સ્વરૂપ	૧૮૫
ધર્મ દેશનાનું ફળ	૧૮૬
ધર્મોપાયકનું લક્ષણ	૧૮૯
ધર્મ આપવાની વિધિ	૧૯૧
સમ્યગ્દર્શન અને અણુવ્રતનું ગ્રહણ	૧૯૨
સમ્યક્ત્વના પાંચ લક્ષણ	૧૯૪
સમર્થને મહાવ્રતનો ઉપદેશ	૧૯૫
અસમર્થને અણુવ્રતનો ઉપદેશ	૧૯૮
ગૃહપતિના પુત્રની કથા	૧૯૯
પાંચ અણુવ્રત	૨૦૬
સમ્યગ્ દર્શનના અતિચારો	૨૦૯
પ્રથમ અણુવ્રતના અતિચાર	૨૧૧
બીજા અણુવ્રતના અતિચાર	૨૧૫
ત્રીજા અણુવ્રતના અતિચાર	૨૨૦
ચોથા અણુવ્રતના અતિચાર	૨૨૪
પાંચમા અણુવ્રતના અતિચાર	૨૨૭
પહેલા ગુણવ્રતના અતિચાર	૨૩૧
બીજા ગુણવ્રતના અતિચાર	૨૩૩
પંદર કર્માદાનનું સ્વરૂપ	૨૩૬
ત્રીજા ગુણ વ્રતના અતિચાર	૨૩૯
પહેલા શિક્ષા વ્રતના અતિચાર	૨૪૨
બીજા શિક્ષા વ્રતના અતિચાર	૨૪૫
ત્રીજા શિક્ષા વ્રતના અતિચાર	૨૪૭
ચોથા શિક્ષા વ્રતના અતિચાર	૨૪૮

ચોથું પ્રકરણ

યતિ વિધિ

વિષય	પૃષ્ઠ
અતિચારનું કારણ અને તેના જયનો ઉપાય	૨૫૦
વિશેષ ગૃહસ્થ ધર્મ પાળનારના લક્ષણો	૨૫૨
સ્વધર્મ વાત્સલ્ય	૨૫૩
ધર્મનું ચિંતન	૨૫૩
જાગીને શું કરવું ?	૨૫૬
જિનવચન શ્રવણ	૨૬૦
શક્તિ પ્રમાણે પાલન	૨૬૧
અતિ સૂક્ષ્મ ભાવોનું ચિંતન	૨૬૩
ધર્મ એજ ધન	૨૬૮
જૈન શાસનની ઉન્નતિ કરવી	૨૬૯
દાન	૨૭૦
દુઃખી ઉપર અનુકંપા	૨૭૨
બહુગુણવાળા કાર્યમાં પ્રવૃત્તિ	૨૭૬
શરીર રક્ષણ	૨૭૮
શિષ્ટાચાર પ્રશંસા	૨૮૨
સંસાર સ્થિતિનો વિચાર	૨૮૭
સંસારની અસારતા	૨૮૮
મોક્ષનો વિચાર	૨૮૯
ચાર ભાવનાનું સ્વરૂપ	૨૯૩
વિધિ પૂર્વક ગૃહસ્થા વાસનું ફળ	૩૦૨
શુદ્ધ અલ્પ ક્રિયાનું અનંત ફળ	૩૦૩
દીક્ષા લેનારના સોળ ગુણો	૩૦૫
દરેક ગુણનું સવિસ્તર વર્ણન	૩૦૬
દીક્ષા આપનારના ૫ંદર ગુણો	૩૧૨
દરેક ગુણનું સવિસ્તર વર્ણન	૩૧૨
આ ગુણ સંબંધી વાયુ નામના આચાર્યનો મત	૩૧૬
વાલ્મીકિનો મત	૩૧૭
વ્યાસનો મત	૩૧૮
સમ્રાટનો મત	૩૧૯
નારદનો મત	૩૧૯
વસુનો મત	૩૨૦
ક્ષીરકદંબકનો મત	૩૨૦

પાંચમું પ્રકરણ

યતિ ધર્મ વિધિ

વિષય	પૃષ્ઠ
વિશ્વનો મત	૩૨૧
સુરગુરુનો મત	૩૨૧
સિદ્ધસેનનો મત	૩૨૨
ગ્રંથકારનો અભિપ્રાય	૩૨૩
દીક્ષા લેવા આવનારની પરીક્ષા	૩૨૩
ગુરુજનની આજ્ઞા લેવી	૩૨૬
ગુરુને સર્વ બાબતનું નિવેદન	૩૨૭
દીક્ષા આપવાનો ઉચિત કાળ	૩૨૭
દીક્ષા આરોપણ	૩૩૦
શીલનું લક્ષણ	૩૩૦
યતિનું સ્વરૂપ	૩૩૨
યતિવ્રતનું દુષ્કરપણું	૩૩૫
સંસાર વૈરાગ્ય અને મોક્ષ ઉપર રાગ	૩૩૬
યતિધર્મના બે ભેદ	૩૩૭
સાપેક્ષ યતિધર્મનું વર્ણન	૩૩૭
ગુરુભક્તિ	૩૩૮
વ્રત પરિણામ રક્ષા	૩૪૦
આરંભનો ત્યાગ	૩૪૦
ત્રણ પ્રકારની ભિક્ષાનું સ્વરૂપ	૩૪૧
રાગ–દ્વેષનો ત્યાગ	૩૪૩
ગ્લાન સેવા	૩૪૪
પરને ઉદ્વેગ ન થવા અંગે	૩૪૫
અશક્ય અનુષ્ઠાનનો ત્યાગ	૩૪૭
દ્વેષનું પ્રાયશ્ચિત	૩૪૮
કઠોરપણાનો ત્યાગ	૩૪૮
પિશુનપણાનો ત્યાગ	૩૪૯
વિકથા ત્યાગ	૩૫૦
દુષ્ટ પ્રલાપનું અશ્રવણ	૩૫૨
બ્રહ્મચર્યની નવ વાડો	૩૫૭
નિયાણાનો ત્યાગ	૩૬૪
સ્વાધ્યાય	૩૬૬
યથાશક્તિ તપ	૩૬૭
તપની વ્યાખ્યા	૩૬૭
કષાયજયનો ઉપાય	૩૬૯
આત્મનિરીક્ષણ	૩૭૧
પરિષહ જય	૩૭૪
અભયપણું	૩૭૫
અંત સંલેખના	૩૭૮
ભાવ સંલેખના	૩૭૯
નિરપેક્ષ યતિ ધર્મ	૩૮૧

છઠ્ઠું પ્રકરણ
યતિધર્મ વિષય વિધિ

વિષય	પૃષ્ઠ
યતિધર્મના વિભાગ	૩૮૭
સાપેક્ષ યતિ ધર્મને પાળનારના લક્ષણ	૩૮૮
નિરપેક્ષ યતિ ધર્મનો નિષેધકોને ?	૩૮૯
નિરપેક્ષ યતિધર્મને પાળનારના લક્ષણ	૩૯૧
ઉચિત અનુષ્ઠાન કર્મ-ક્ષયનું કારણ	૩૯૩
સદ્અનુષ્ઠાનનું લક્ષણ	૩૯૪
ભાવનાનું ઉત્તમપણું	૩૯૯
ભાવના મોક્ષનુ અંગ	૪૦૦
જ્ઞાનના ત્રણ પ્રકાર	૪૦૧
ભાવના જ્ઞાનનું ફળ	૪૦૨
આરાધના યોગ	૪૦૮
આજ્ઞાપાલન એ જ ભક્તિ	૪૦૯
દ્રવ્યસ્તવ ભાવસ્તવનું અંગ છે.	૪૧૦
ઉચિત અનુષ્ઠાનનું સેવન	૪૧૨
શક્તિ પ્રમાણે પ્રવૃત્તિ	૪૧૩
ઉચિતકાળ અને ઉત્સુક-પણાનો ભેદ	૪૧૫
દીક્ષા સંબંધમાં ઉત્સર્ગ માર્ગ	૪૧૯
ચારિત્ર પરિણામ	૪૨૧
ભાવયતિ	૪૨૩
દીક્ષાનું માહાત્મ્ય	૪૨૭

સાતમું પ્રકરણ
ધર્મફળ વિધિ

વિષય	પૃષ્ઠ
ધર્મનું ફળ	૪૩૦
બે પ્રકારના ફળ	૪૩૦
અનંતર ફળનું વર્ણન	૪૩૧
પરંપર ફળ	૪૩૨
શુભ અધ્યવસાયની વૃદ્ધિ	૪૪૩
બંધન અને મોક્ષનું કારણ	૪૪૪
પરિણામ એજ મુખ્ય	૪૪૬
શુભ પરિણામ મોક્ષનું કારણ	૪૪૬
ધર્મની પ્રશંસાના વાક્યો	૪૪૮

આઠમું પ્રકરણ

ધર્મફળ વિધિ [ચાલુ]

વિષય	પૃષ્ઠ
ધર્મના ફળરૂપે તીર્થંકર-ત્વની પ્રાપ્તિ	૪૫૦
તીર્થંકરત્વની સ્તુતિ	૪૫૧
ધર્મના ફળરૂપે ચરમ દેહીપણું	૪૫૨
ક્ષપકશ્રેણિ	૪૫૫
સોળ પ્રકૃતિનો ક્ષય	૪૫૭
રાગ દ્વેષ અને મોહ–	
આત્માના દોષો	૪૬૦
રાગનું સ્વરૂપ	૪૬૦
દ્વેષનું સ્વરૂપ	૪૬૧
મોહનું સ્વરૂપ	૪૬૩
પરમાત્મપદ પ્રાપ્તિ	૪૬૫
તીર્થંકરની ઋદ્ધિ	૪૬૬
તીર્થંકરત્વ એટલે પરો-પકારની પરાકાષ્ઠા	૪૬૬
નિર્વાણ પ્રાપ્તિ	૪૬૯
મોક્ષની સ્થિતિનું વર્ણન	૪૭૦
પ્રવૃત્તિ અને નિવૃત્તિનું સ્વરૂપ	૪૭૩
સ્વાસ્થ્ય એજ પરમાનંદ	૪૭૬
પરની અપેક્ષા એજ દુઃખ	૪૭૯
ઉત્સુકપણાનો અભાવ	૪૮૧
પરમપદ પ્રાપ્તિ	૪૮૩

-: સમાપ્તિ :-



धर्मबिन्दुः

*

अध्याय–१

*** प्रणम्य परमात्मानं समुद्धृत्य श्रुतार्णवात्**
धर्मबिन्दुं प्रवक्ष्यामि तोयबिन्दुमिवोदधेः ॥ १ ॥

अर्थ—परमात्माने नमस्कार करीने. समुद्रमांथी बिन्दुनी जेम, सिद्धान्त रूप समुद्रमांथी धर्मना बिन्दु ग्रहण करीने ते धर्मबिन्दु कहीश.

भावार्थ—शरीर वडे वंदन करवाथी, वाणी वडे स्तवन करवाथी अने मन वडे चिंतन करवाथी एम त्रण रीते नमस्कार थाय छे. क्षणे क्षणे जुदा जुदा पर्यायने प्राप्त करवा छतां पण जे नित्य

---

* श्रीमद्द हरिभद्रसूरिजी महाराजना ग्रंथनो आ श्लोकथी ज प्रारंभ थाय छे. परंतु ते मूळ ग्रंथकारना ग्रंथ पर टीका लखनार मुनिचंद्रसूरि पोतानी टीकाना प्रारंभमां थोडुंक मंगलाचरण करे छे, के जे नीचे मुजब छे :

शुद्धन्यायवशायत्तीभूतसद्भूतसम्पदे ।
पदे परे स्थितायास्तु श्रीजिनप्रभवे नमः ॥ १ ॥

अर्थः—शुद्ध न्याय वडे सद्भूतरूपी लक्ष्मीने स्वाधीन करनार, अने परमपदे रहेला जिनेश्वर प्रभुने नमस्कार थाओ.

भावार्थः—शुद्धनय एटले निश्चयनय वडे ज्ञान, दर्शन अने चारित्र रूप सद्भूतने प्राप्त करनार तथा उच्चमां उच्चपद रूप निर्वाण प्राप्त करनार जिनेश्वर भगवानने नमस्कार थाओ ! अहीं टीकाकार **मुनिचंद्रसूरि** "जिनप्रभु" एवो शब्द वापरी पोताना गुरुने पण नमस्कार करे छे.

उपजातिवृत्तम्

जयन्तु ते पूर्वमुनीशमेघा यैर्विश्वमाश्वेव हतोपतापम् ।
बृहद्वाङ्मयसिन्धुपानप्रपन्नतुङ्गातिगभीररूपैः ॥ २ ॥

છે, તે આત્મા બે પ્રકારનો છે, એક પરમાત્મા અને બીજો સામાન્ય આત્મા. જેણે સર્વ કર્મના મળનો નાશ કરી પોતાની શુદ્ધ-કેવળદશા પ્રાપ્ત કરી છે તે પરમાત્મા, અને જે સંસારના ચક્રમાં ભ્રમ્યા કરે છે, તે સંસારી જીવ. જે પોતાના જ્ઞાનનાં બળથી લોકાલોક જોઈ શકે છે, જેમનું વર્તન જગતના લોકોને આનંદનુ કારણ છે, જેનું દેવતાઓ તેમજ મનુષ્યો અહર્નિશ સ્તવન કરે છે, અને જે સર્વદા પોતાની વાણી વડે દરેક પ્રાણીના સંશયોને ટાળી શાન્તિ ઉપજાવે છે, અને જે દેશવિદેશ વિચરી અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો નાશ કરવા મથી રહેલા છે તે પરમાત્મા અર્હન્ ભગવાન કહેવાય છે. તેવા દયાનિધિ પરમાત્માને નમસ્કાર કરી ગ્રન્થકાર મોટા મોટા શાસ્ત્રોમાંથી સમુદ્રમાંથી બિન્દુની જેમ ધર્મબિન્દુ કહેવા તત્પર થયા છે. અડીયાં બિન્દુ શબ્દ મૂકેલો છે, તે **સૂત્રના સંક્ષેપની** અપેક્ષાએ મુકેલો છે

અર્થ:—મોટા શાસ્ત્રરૂપ સમુદ્રનું પાન કરીને મેળવેલા મોટા અને ગંભીર સ્વરૂપથી જેમણે વિશ્વને તરત જ તાપરહિત બનાવ્યું છે, એવા પૂર્વે થએલા મુનિરૂપ મેઘો જયવંતા વર્તો !

ભાવાર્થ:—સમુદ્રનું જળ સૂર્યના તાપથી વરાળરૂપે ઉંચે ચઢે છે. અને તેના ઉચ્ચ અને ગંભીર વાદળાં બને છે અને તે વાદળાંઓ વરસાદ રૂપે જળસિંચન કરીને જગતનો તાપ હરે છે; તેજ રીતે મહાન શાસ્ત્રો વાંચી ઉચ્ચ અને ગંભીર વિચારો પ્રાપ્ત કરી જે મુનિઓએ સંસારના લોકોના વિવિધ તાપને જલ્દીથી ટાળ્યા છે, તેવા મુનિઓ આ જગતમાં વિજયવંત વર્તો.

मन्दाक्रान्ता वृत्तम्

यन्नामानुस्मृतिमयमयं सज्जनश्चित्तचक्षुः ।
क्षेपादिव्याञ्जनमनुसरल्लब्धशुद्धावलोकः ॥
सद्यः पश्यत्यमलमतिहृन्मेदिनीमध्यमग्नम् ।
गम्भीरार्थं प्रवचनविधिं भारती तां स्तवीमि ॥

પણ અર્થની અપેક્ષાએ તે શબ્દ મુકેલો નથી, જેવી રીતે કપુરવાળા જળનું એક બિન્દુ આખા ઘડાના પાણીને સુગન્ધમય બનાવે છે, તેજ રીતે આ બિન્દુરૂપ ગ્રન્થ પણ ધર્મના પદાર્થોનું વિવરણ કરે છે.

પરમાત્માને નમસ્કાર કરવાથી સર્વ પ્રકારના વિઘ્નોનો નાશ થાય છે, માટે તે ભાવમંગળ થયું કહી શકાય અને આ ગ્રન્થનું પ્રયોજન સંસારનાં દુઃખથી પીડિત થતા અનેક પ્રાણીઓનું કલ્યાણ થાય, તે છે.

અવતરણ—જે બુદ્ધિમાનો છે તે નિરર્થક કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરતા નથી; માટે ધર્મકાર્યમાં પ્રવૃત્તિ કરવાને મનુષ્યો પ્રેરાય તે હેતુથી ગ્રન્થકાર ધર્મનું ફળ દર્શાવે છે.

धनदो धनार्थिनां प्रोक्तः कामिनां सर्वकामदः ।
धर्मः एवापवर्गस्य पारम्पर्येण साधकः ॥ २ ॥
वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते ॥ ३ ॥

અર્થ—ધર્મ, ધનના અર્થીને ધન આપે છે, તેમજ કામીપુરૂષોને "કામ" એટલે ઈચ્છિત ફળ આપે છે, અને પરંપરાએ ધર્મ, મોક્ષને પણ આપે છે.

અર્થ :- જેના નામનું અહર્નિશ સ્મરણ કરવા રૂપ દિવ્ય અંજન, ચિત્તરૂપ ચક્ષુમાં નાંખવાથી શુદ્ધ દૃષ્ટિને પ્રાપ્ત કરનાર આ સજ્જન પુરુષ, તરત જ શુદ્ધ મતિવાળા હૃદય રૂપી પૃથ્વીના મધ્ય ભાગમાં રહેલું ગંભીર અર્થવાળું શાસ્ત્ર જોઈ શકે છે, તે ભારતી દેવીનું હું સ્તુતિ કરૂં છું.

ભાવાર્થ : જેમ કોઈ સારો મનુષ્ય આંખમાં દિવ્ય અંજન આંજવાથી શુદ્ધ દૃષ્ટિ મેળવીને જમીનમાં રહેલું ધન જોઈ શકે છે, તેજ પ્રમાણે તીર્થંકરની વાણી રૂપ સરસ્વતી દેવીનું વારંવાર સ્મરણ કરવાથી અંતદૃષ્ટિ ખીલે છે. અને તેથી હૃદયમાં રહેલો સિદ્ધાંતનો ખજાનો તે મનુષ્ય પ્રાપ્ત કરે છે. માટે તે વાણીની સ્તુતિ કરવી અને તેનું મનન કરવું- એજ આશય છે,

પરસ્પર અવિરૂદ્ધ વચનથી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મૈત્રી આદિ ભાવના સહિત અનુષ્ઠાન કરવું, તે ધર્મ કહેવાય છે.

ભાવાર્થ—અનેક પ્રકારના ધનને આપનારો ધર્મ કહેલો છે તે યથાર્થ છે. કારણ કે ધર્મકાર્યથી પુણ્ય બંધાય છે અને તે પુણ્યના ફળરૂપે દરેક પ્રકારના ધનની પ્રાપ્તિ થાય છે. વળી દરેક મનુષ્યની ઈચ્છાઓ પૂરી પાડનાર પણ ધર્મ છે, સર્વ પ્રકારના પાંચ ઈન્દ્રિયોના વિષયો તથા દેવતાદિ ઋદ્ધિને આપનાર ધર્મથી મળતા આ સર્વ લાભ ક્ષણિક છે, તો તેથી મોક્ષ રૂપ ઉચ્ચ વસ્તુ પ્રાપ્ત કરવાની અભિલાષાવાળો ધર્મમાર્ગ તરફ નહિ પ્રેરાય, એવી શંકાના સમાધાન માટે શાસ્ત્રકાર જણાવે છે કે, તેજ ધર્મ પરંપરાએ મોક્ષનો પણ સાધક છે. મોક્ષનો પર્યાય શબ્દ અપવર્ગ મૂક્યો છે, જે સ્થિતિમાં જાતિ, જરાં, મરણ વિગેરે નાશ પામ્યા છે તે અપવર્ગ એવો તેનો વ્યુત્પત્તિ ઉપરથી અર્થ થાય છે.

અવિરત સમ્યગ્દૃષ્ટિ નામનું ચોથું ગુણસ્થાન છે. તે ચોથા ગુણસ્થાનથી ઉત્તરોત્તર ઉચ્ચ દશા પ્રાપ્ત કરી છેવટનું અયોગિ ગુણસ્થાન પ્રાપ્ત કરી મનુષ્ય મોક્ષ દશા મેળવે છે. તે ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત કરવાનો માર્ગ દર્શાવનાર ધર્મ છે માટે ધર્મ તેજ મોક્ષરૂપી સાધ્ય વસ્તુનો વસ્તુતઃ સાધક કહી શકાય. ૨

હવે જેના પરસ્પર અવિરૂદ્ધ વચન હોય, તેના પર વિશ્વાસ રાખી કાર્યની પ્રવૃત્તિ થાય, તે લાભદાયી નીવડે; માટે પ્રથમ અવિરૂદ્ધ વચન કોનું સંભવી શકે, તે વિચારવાની આવશ્યકતા છે. જૈન સિદ્ધાંતને ઉપર જણાવેલું વિશેષણ બંધબેસતું આવે છે. કારણ કે તે સિદ્ધાન્તના પ્રણેતા જિનેશ્વર ભગવાન છે અને જિન એટલે રાગદ્વેષ, કામ, મદ, મોહ, માન આદિ દુર્જય–દુષ્ટ મનોવિકારોને જીતનાર. તેવા જીતનારને કોઈપણ રીતે સ્વાર્થબુદ્ધિ હોઇ શકે નહિ માટે તેમણે દર્શાવેલો સિદ્ધાન્ત અવિરૂદ્ધ હોઈ શકે. માટે તેવા

સિદ્ધાન્તને આધારે જે અનુષ્ઠાન થાય તેને વિદ્વાન પુરૂષોએ 'ધર્મ' કહેલો છે.

અનુષ્ઠાન એટલે કોઈ પણ ક્રિયા અથવા પ્રવૃત્તિ; તે બે પ્રકારની છે. એક વિધિરૂપે અને બીજી પ્રતિષેધ રૂપે.

'સામાયિક કરવું" એ રૂપ આદેશ તે વિધિઅનુષ્ઠાન.

'હિંસા ન કરવી' તે રૂપ આદેશ તે પ્રતિષેધ અનુષ્ઠાન.

માટે શાસ્ત્રાનુસારે ઉપર જણાવેલું બે પ્રકારનું અનુષ્ઠાન કરવું તેનું નામ ધર્મ કહેવાય. વળી તે અનુષ્ઠાન મૈત્રી આદિ ચારભાવનાથી સંયુક્ત હોવું જોઈએ. તે ચાર ભાવનાઓ આ પ્રમાણે છે.

મૈત્રી ભાવના, પ્રમોદ ભાવના, કારૂણ્ય ભાવના અને માધ્યસ્થ ભાવના. આ ચાર ભાવનાઓનું ટુંક સ્વરૂપ અત્રે આપવામાં આવે છે.

સર્વ પ્રાણિ માત્રમાં રહેલા આત્માઓ સત્તાએ એક સરખા છે એવું નિશ્ચિત કરી સર્વ પર સમ ભાવ રાખવો તે **મૈત્રી ભાવના** અર્થાત્ સર્વ પ્રાણિપ્રતિ મિત્ર તુલ્ય વર્તવું.

આપણાથી જ્ઞાનમાં ગુણમાં તથા બીજી કોઈ રીતે આગળ વધેલા મનુષ્યને જોઇને હૃદયમાં જે આનંદ થવો તેનું નામ **પ્રમોદ ભાવના.**

આપણાથી જ્ઞાનમાં ગુણમાં, સત્તામાં અથવા બીજી કોઈ રીતે ઉતરતા મનુષ્યને તેમજ પ્રાણિવર્ગને જોઈને અથવા તેમને દુઃખી જોઈને હૃદયમાં જે દયાભાવ–કૃપા દૃષ્ટિ જાગૃત થાય, તેનું નામ **કારૂણ્ય ભાવના.**

દેવની, ગુરૂની આપણી તથા અન્ય પુરૂષોની નિન્દા કરતો કોઈને જોઈ તેના તરફ દ્વેષ ન કરતાં "કર્મની વિચિત્ર ગતિ' છે, એમ શ્રદ્ધા રાખી તેની ઉપેક્ષા કરવી, તેનું નામ **માધ્યસ્થ ભાવના.**

ઉપર જણાવેલી ચાર ભાવનાઓ સહિત જે અનુષ્ઠાન **યથા-શાસ્ત્ર** કરવામાં આવે તેનું નામ ધર્મ કહેવાય. ૩

શકાય. આ વિશેષ ધર્મ યતિ ધર્મની અપેક્ષાએ તો સામાન્ય છે, તે વાત ભૂલવી જોઈએ નહી.

તેમાં ગ્રન્થકાર પોતેજ સામાન્ય ગૃહસ્થધર્મનું આ પ્રકરણના અંત સુધી વિવેચન કરે છે.

ન્યાય સંપન્ન વૈભવ :–

तत्र सामान्यतो गृहस्थधर्मः कुलक्रमगतमनिन्द्यं विभवाद्यपेक्षया न्यायतोऽनुष्ठानमिति ॥३॥

અર્થ––કુળપરંપરાથી આવેલું, અનિંદ્ય અને પોતાના વૈભવની અપેક્ષાએ ન્યાયયુક્ત જે અનુષ્ઠાન, તે સામાન્યપણે ગૃહસ્થ ધર્મ કહી શકાય.

ભાવાર્થ—કુળપરંપરાથી ચાલી આવેલું એ વિશેષણ મુકી એમ જણાવ્યું કે જે આચાર વિચાર વંશ પરંપરાથી ચાલતો આવતો હોય અને તે શુદ્ધ હોય તો તેનો ત્યાગ કરવો નહિ, તેમજ જે જે ક્રિયા શ્રાવક–ગૃહસ્થ કરે તે અનિંદ્ય જોઈએ. જે કાર્ય સજ્જનો નિંદવા યોગ્ય ગણે છે, જેથી આ જગતમાં મનુષ્ય અપકીર્તિ પામે છે, તેવું કાર્ય તેણે કરવું જોઈએ નહિ.

નિંદ્ય કાર્યનો નિષેધ જણાવી, પ્રશંસા યોગ્ય કાર્ય કરવાની આવશ્યકતા શાસ્ત્રકાર જણાવે છે. વળી પોતાની સ્થિતિનો પણ વિચાર કરવો. કેટલાક મનુષ્યો પોતાની સ્થિતિ હલકર ક્રિયાના વ્યાપારની હોય, તે છતાં દશ હજારનો વ્યાપાર કરે તો, તેમાં કોઈ સમયે મોટું નુકશાન થઈ જાય, માટે તેવો વ્યાપાર નહિ કરવાની ભલામણ કરતાં જણાવે છે કે, ન્યાયર્થી જ વ્યાપાર કરવો. પોતાને ઉચિત વ્યાપાર કદાપિ અન્યાયથી કરવો નહિ. ખોટા તોલ, માપ વિશ્વાસઘાત બોલી ફરી જવું, ખોટા દસ્તાવેજ કરવા, તથા ખોટી સાક્ષીઓ પુરવી એ સર્વનું ન્યાયયુકત શબ્દથી વર્જન કર્યું. જે મનુષ્ય

શકાય. આ વિશેષ ધર્મ યતિ ધર્મની અપેક્ષાએ તો સામાન્ય છે, તે વાત ભૂલવી જોઈએ નહી.

તેમાં ગ્રન્થકાર પોતેજ સામાન્ય ગૃહસ્થધર્મનું આ પ્રકરણના અંત સુધી વિવેચન કરે છે.

ન્યાય સંપન્ન વૈભવ :-

तत्र सामान्यतो गृहस्थधर्मः कुलक्रमगतमनिन्द्यं विभवाद्यपेक्षया न्यायतोऽनुष्ठानमिति ॥३॥

અર્થ--કુળપરંપરાથી આવેલું, અનિંદ્ય અને પોતાના વૈભવની અપેક્ષાએ ન્યાયયુક્ત જે અનુષ્ઠાન, તે સામાન્યપણે ગૃહસ્થ ધર્મ કહી શકાય.

ભાવાર્થ—**કુળપરંપરાથી ચાલી આવેલું** એ વિશેષણ મુકી એમ જણાવ્યું કે જે આચાર વિચાર વંશ પરંપરાથી ચાલતો આવતો હોય અને તે શુદ્ધ હોય તો તેનો ત્યાગ કરવો નહિ, તેમજ જે જે ક્રિયા શ્રાવક–ગૃહસ્થ કરે તે અનિંદ્ય જોઈએ. જે કાર્ય સજ્જનો નિંદવા યોગ્ય ગણે છે, જેથી આ જગતમાં મનુષ્ય અપકીર્તિ પામે છે, તેવું કાર્ય તેણે કરવું જોઈએ નહિ.

નિંદ્ય કાર્યનો નિષેધ જણાવી, પ્રશંસા યોગ્ય કાર્ય કરવાની આવશ્યકતા શાસ્ત્રકાર જણાવે છે. વળી પોતાની સ્થિતિનો પણ વિચાર કરવો. કેટલાક મનુષ્યો પોતાની સ્થિતિ હજ્જર રૂપિઆના વ્યાપારની હોય, તે છતાં દશ હજ્જરનો વ્યાપાર કરે તો, તેમાં કોઈ સમયે મોટું નુકશાન થઈ જાય, માટે તેવો વ્યાપાર નહિ કરવાની ભલામણ કરતાં જણાવે છે કે, ન્યાયથી જ વ્યાપાર કરવો. પોતાને ઉચિત વ્યાપાર કદાપિ અન્યાયથી કરવો નહિ. ખોટા તોલ, માપ વિશ્વાસઘાત ખોલી ફરી જવું, ખોટા દસ્તાવેજ કરવા, તથા ખોટી સાક્ષીઓ પુરવી એ સર્વનું ન્યાયયુક્ત શબ્દથી વર્જન કર્યું. જે મનુષ્ય

શકાય. આ વિશેષ ધર્મ યતિ ધર્મની અપેક્ષાએ તો સામાન્ય છે, તે વાત ભૂલવી જોઈએ નહી.

તેમાં ગ્રન્થકાર પોતેજ સામાન્ય ગૃહસ્થધર્મનું આ પ્રકરણના અંત સુધી વિવેચન કરે છે.

ન્યાય સંપન્ન વૈભવ :–

तत्र सामान्यतो गृहस्थधर्मः कुलक्रमगतमनिन्द्यं विभवाद्यपेक्षया न्यायतोऽनुष्ठानमिति ॥३॥

અર્થ––કુળપરંપરાથી આવેલું, અનિંદ્ય અને પોતાના વૈભવની અપેક્ષાએ ન્યાયયુક્ત જે અનુષ્ઠાન, તે સામાન્યપણે ગૃહસ્થ ધર્મ કહી શકાય.

ભાવાર્થ––**કુળપરંપરાથી ચાલી આવેલું** એ વિશેષણ મુકી એમ જણાવ્યું કે જે આચાર વિચાર વંશ પરંપરાથી ચાલતો આવતો હોય અને તે શુદ્ધ હોય તો તેનો ત્યાગ કરવો નહિ, તેમજ જે જે ક્રિયા શ્રાવક–ગૃહસ્થ કરે તે અનિંદ્ય જોઈએ. જે કાર્ય સજ્જનો નિંદવા યોગ્ય ગણે છે, જેથી આ જગતમાં મનુષ્ય અપકીર્તિ પામે છે, તેવું કાર્ય તેણે કરવું જોઈએ નહિ.

નિંદ્ય કાર્યનો નિષેધ જણાવી, પ્રશંસા યોગ્ય કાર્ય કરવાની આવશ્યકતા શાસ્ત્રકાર જણાવે છે. વળી પોતાની સ્થિતિનો પણ વિચાર કરવો. કેટલાક મનુષ્યો પોતાની સ્થિતિ હજ્જાર રૂપિઆના વ્યાપારની હોય, તે છતાં દશ હજ્જારનો વ્યાપાર કરે તો, તેમાં કોઈ સમયે મોટું નુકશાન થઈ જાય, માટે તેવો વ્યાપાર નહિ કરવાની ભલામણ કરતાં જણાવે છે કે, ન્યાયથી જ વ્યાપાર કરવો. પોતાને ઉચિત વ્યાપાર કદાપિ અન્યાયથી કરવો નહિ. ખોટા તોલ, માપ વિશ્વાસઘાત ખોલી ફરી જવું, ખોટા દસ્તાવેજ કરવા, તથા ખોટી સાક્ષીઓ પુરવી એ સર્વનું ન્યાયયુક્ત શબ્દથી વર્જન કર્યું. જે મનુષ્ય

કેવળ ધનની અપેક્ષાથીજ નહિ, પણ પોતે મેળવેલું ધન ગરીબ તથા અનાથ મનુષ્યોને ઉપયોગી થશે, તેમજ પોતાને પણ ધર્મ-માર્ગમાં લાભદાયી થશે, એવું ધારી ધન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે, તે ગૃહસ્થ ધર્મને યોગ્ય અનુષ્ઠાન કરે છે, એમાં સંદેહ નથી. તેથી ઉલટું જે શ્રાવક ધન મેળવવા મહેનત કરતો નથી અને નિર્વાહ માટે બીજા પર આધાર રાખે છે, તેનું ચિત્ત સ્થિર રહેતું નથી; પરાધીનતાથી તેને અનેક પ્રકારની ચિંતાઓ જાગૃત થાય છે, અને ધર્મકાર્યોને માટે જોઈતા ધન વિના તે અધર્માનુષ્ઠાનજ કરે છે. માટે જ્યાં સુધી શ્રાવકધર્મ છે, ત્યાં સુધી ધન મેળવવાની આવશ્યકતા છે અને જેઓ શ્રાવક છતાં તે મેળવવા મથતા નથી, તેઓ બન્ને લાભ ગુમાવે છે. કહ્યું છે કેઃ—

वित्तीवोच्छेयंमि य गिहिणो सीयन्ति सव्वकिरियाओ ।
निरवेक्खस्स ऊ जुतों संपुण्णो संजमो चेव ॥ १ ॥

આજીવિકાનો નાશ થવાથી ગૃહસ્થની સર્વ ધર્મક્રિયાઓ શિથિલ થાય છે પણ જેને આજીવિકાની અપેક્ષા નથી, તેને તો સંપૂર્ણ સંયમ એ જ યોગ્ય છે.

ઉપર જણાવી ગયા કે ન્યાયથી ધન ઉપાર્જન કરવું. હવે તેનું કારણ ગ્રન્થકાર જણાવે છે.

न्यायोपात्तं हि वित्तमुभयलोकहितायेति ॥४॥
अनभिशङ्कनीयतया परिभोगाद्विधिना तीर्थगमनाच्चेति ॥५॥

અર્થ—ન્યાયોપાર્જીત ધન આ લોક તેમજ પરલોકના હિતને માટે થાય છે; કારણ કે શંકારહિતપણે તેનો ઉપ-ભોગ થાય છે, તેમજ વિધિપૂર્વક તીર્થગમનાદિ કાર્ય તે ધન વડે થઇ શકે છે.

ભાવાર્થ—શાસ્ત્રકારોનો ઉદ્દેશ એવો છે, કે જે કાર્ય આલોકમાં પણ હિતકર થાય તેમજ પરલોકમાં પણ હિતકર થાય તે કરવું.

માટે ઉભયલોકમાં કલ્યાણકારી ન્યાય વૃત્તિથી જ ધન પ્રાપ્ત કરવું.

જે મનુષ્ય અન્યાયથી ધન મેળવે છે તે મનુષ્યને, અથવા તે ધનથી મેળવેલી વસ્તુ જેવી કે બંગલો, ગાડી, ઘોડા જોઈ લોકો આશંકા કરે છે અને કહે છે કે 'આ બંગલો તો દિવાનગિરિમાં મેળવેલા ધનનો છે, આ તો અમુક પાસેથી લાંચ લઈ બંધાવેલો છે!' આવી આવી આશંકાઓ તે મનુષ્ય અથવા તેની વસ્તુ જોઈને થાય છે. વળી તે મનુષ્યનું ચિત્ત સ્થિર રહેતું નથી. તેના પોતાના મનમાંજ શંકા રહે છે કે:—મારી આ અન્યાયની વાત કોઈ જાણશે તો મારે વિષે શું કહેશે? એમ અહર્નિશ આર્ત્ત તથા રૌદ્ર ધ્યાનમાં તેના દિવસો પસાર થાય છે. ધન હોવા છતાં ખુલ્લા હાથે તેનો ઉપભોગ થઈ શકતો નથી; તેમજ અન્યાયથી ધન ઉપાર્જન કરવામાં જે લોભ વૃત્તિ મુખ્ય હતી, તેજ વૃત્તિ તેને દાનાદિ સત્કાર્ય કરવામાં તથા તેનો ઉપભોગ કરતાં અટકાવે છે.

ધનની શાસ્ત્રકારોએ ત્રણ ગતિઓ કહેલી છે. દાન, ભોગ અથવા નાશ. જેઓ દાન દેતા નથી અથવા તો ઉપયોગ કરતા નથી, તેઓને માટે નાશરૂપ ત્રીજો માર્ગ ખુલ્લો છે. માટે અન્યાયથી પેદા કરેલું ધન પ્રાયઃ અન્યાય માર્ગેજ નાશ પામે છે.

જે મનુષ્યો ન્યાયથી ધન પેદા કરે છે, તેઓની ચિત્તવૃત્તિ શાન્ત અને આનંદમય રહે છે. શુદ્ધ મનની પરિણતિ એજ ઉચ્ચ ગતિ પામવાનો માર્ગ છે. મન એજ મનુષ્યને બંધ તથા મોક્ષનું કારણ છે. માટે તેવો મનુષ્ય આ જગતમાં પણ શંકા રહિતપણે ધનનો સદુપયોગ કરી શકશે, અને તે ધન વડે થતા અનેક શુભ કાર્યને લીધે, તેમજ માનસિક શુદ્ધ વિચારોને લીધે, પરલોકમાં પણ તે સુખી થશે.

તે ધનથી **મૂળ સૂત્રમાં કહ્યા પ્રમાણે** તીર્થ ગમનાદિ કાર્ય પણ થઈ શકે છે. **જેનાથી સંસાર સમુદ્ર તરી શકાય તે 'તીર્થ'.** તે તીર્થ બે પ્રકારનાં છે. એક તો **સ્થાવર** તીર્થ અને બીજું **જંગમ** તીર્થ, પર્વત આદિ શાન્ત સ્થળે જ્યાં જ્યાં મહાન્ પુરૂષો ધ્યાનાર્થે વિચર્યા હોય, અને જેમના પાદ પંકજની રજથી તેમજ જેમના શુદ્ધ મનના ઉચ્ચ પરમાણુઓથી જે ભૂમિ પવિત્ર થઈ હોય, જ્યાં તેમની ભવ્ય મૂર્તિઓ સ્થાપન કરેલી હોય અને જે મૂર્તિઓ અત્યારે પણ ખરા ભક્તોને જવાબ દેતી હોય એમ જણાય તે સ્થળ તીર્થ કહેવાય છે અને તે પોતાના સંબંધમાં આવતા અન્ય મનુષ્યોને શુભ વિચારો પ્રેરવામાં મદદગાર થાય છે.

સાધુ મુનિ મહારાજો, જેઓ સ્થળે સ્થળે વિચરી લોક હિતાર્થે બોધ આપી, સંસાર સમુદ્રથી તારવા માટે પ્રવૃત્ત છે, તેઓ ખરેખર **જંગમ** (હાલતા) તીર્થ રૂપ છે.

એવા તીર્થમાં લાભ લેવા માટે ન્યાયથી પેદા કરેલું ધન ઉપયોગી થાય છે. તેમજ દીન–અનાથ વર્ગને આપીને તેમની આધિ, વ્યાધિનો નાશ કરવામાં ઉપયોગી છે.

દાન કરતાં નીચેના શ્લોકમાં જણાવેલી ધનની હકીકત વિચારણીય છે.

पात्रे दीनादिवर्गे च दानं विधिवदिष्यते ।
पोष्यवर्गाविरोधेन न विरूद्धं स्वतश्च यत् ॥ १ ॥

જે પોતાને વિરૂદ્ધ ન હોય તેમજ પોષણું કરવા લાયક સ્ત્રી, પુત્ર, માતા, પિતા આદિ સ્વજનની આજીવિકામાં વિઘ્ન રૂપ ન હોય, તેવું ગરીબ પુરૂષો તથા યોગ્ય પાત્રને આપેલું દાન તે વિધિપૂર્વકનું કહી શકાય. આ ઉપરથી ગ્રન્થ કર્તાએ એમ સૂચન કર્યું છે કે પુત્ર આદિ સ્વજન વર્ગનો તિરસ્કાર કરી સઘળું ધન ધર્મ માર્ગમાં ખરચી ન દેવું, કારણ કે આજીવિકા અર્થે તેમનો તેના ઉપર આધાર

છે. "ઘરનાં છોકરાં ધંટી ચાટે અને ઉપાધ્યાયને આટો" એ કહેવત આપણને લાગુ ન પડે તે વિચારવા જેવું છે.

ન્યાયથી ઉપાર્જન કરેલું ધન તો ઉપર જણાવ્યા પ્રમાણે બન્ને લોકમાં હિતકર થાય છે. હવે તેથી ઉલટી રીતે પેદા કરેલા ધન સંબંધી ગ્રન્થકાર કહે છે :—

अहितायैवान्यदिति ॥ ६ ॥

तदनपायित्वेऽपि मत्स्यादिगलादिवद्विपाकदारुणत्वादिति॥७॥

અર્થ :–ઉપર જણાવેલા કરતાં બીજું એટલે અન્યાયથી મેળવેલું તે અહિતને માટે જ થાય છે. કારણ કે તેવું ધન વિનાશ ન પામે, તોપણ માછલા આદિને પકડવા માટે, કણક સહિત લોઢાના આંકડાની જેમ પરિણામે દુઃખદાયી બને છે.

ભાવાર્થ–મૂળમાં **एव** શબ્દ મૂકીને ગ્રન્થકારે જણાવ્યું કે અન્યાયથી પેદા કરેલું ધન નક્કી અહિતકારી જ નિવડે છે. કદાચિત પાપાનુબંધી પુણ્યના ઉદયથી, કેટલોક સમય તે ધન વિનાશ ન પામે; તોપણ તેમાં આનંદ પામવાનું નથી. કેટલાક અજ્ઞાન મનુષ્યો બીજાઓને અન્યાયથી ધન પેદા કરતા જોઈ લોભાઈ જાય છે, અને લોભને વશ થઈ તે પ્રમાણે આચરણ માટે પ્રેરાય છે. ખરેખર તેમને કર્મના ઉપર વિશ્વાસ નથી. કારણ કે કર્મનો નિયમ અચળ અને સતાતન છે. તે આપણને જણાવે છે કે, જેવું કરશો તેવું પામશો. તમે ખાનગી ગુનો કરી રાજદંડથી કદાચ બચી જાઓ, પણ કર્મનો નિયમ તો કહે છે કે કેવળ તમારા કાર્ય અને વચન માટે નહિ પણ તમારા સારા અથવા ખરાબ વિચારો માટે પણ તમે જવાબદાર છો. તો પછી અન્યાયી આચરણનું દુષ્ટ પરિણામ આવવાનું એ નિઃસંશય વાત છે.

માછલાં પકડવા માટે મચ્છીમાર લોઢાના આંકડામાં કણુક લગાડીને જળમાં નાખે છે, તે કણુકથી લોભાઈને માછલાં વિગેરે જળચર પ્રાણીઓ તે ખાવા આવે છે. પણ તે ખાવા જતાં તરતજ તે લોઢાનો આંકડો તેમને તાળવે ભોંકાય છે, અને આ પ્રમાણે તૃષ્ણા, તેમના મરણમાં કારણભૂત થાય છે. માટે અંતે જેમાં અનિષ્ટ પરિણામ આવવાનું હોય તેમાં કયો બુદ્ધિમંત પુરૂષ રાચે? કહ્યું છે કે'—

જે સુખમાં ફિર દુઃખ વસે, સો સુખ નહિ દુઃખરૂપ;
જે ઉત્તંગ ફિર ગોર પડે, સો ઉત્તંગ નહિ ભવકૂપ.

માટે ધન પ્રાપ્ત કરવામાં અન્યાય ન જ કરવો, એજ ગ્રન્થકારના કથનનું રહસ્ય છે.

અન્યાયથી ધન પેદા કરવાનો પ્રતિષેધ કરવાથી ધનની પ્રાપ્તિ નહિ થાય, અને તેથી આજીવિકાનો નાશ થશે, અને તેથી ધર્મના હેતુભૂત ચિત્તની સમાધિ (સ્થિરતા) નાશ પામશે, માટે શું કરવું, એવી આશંકા દૂર કરવા ગ્રન્થકાર પોતેજ કહે છે :—

न्याय एव ह्यर्थाप्त्युपनिषत्परेति समयविद इति ॥ ८ ॥

અર્થ :—ન્યાય એજ ધન મેળવવાનો અત્યંત રહસ્યભૂત ઉપાય છે, એમ સિદ્ધાન્તના જાણકાર જણાવે છે.

ભાવાર્થ–મનુષ્ય ન્યાયી થયો, એટલે શુભકર્મ ઉપાર્જન કર્યું, અને શુભકર્મ ઉપાર્જન કર્યું એટલે ધન તો પોતાની મેળે આવીને તેને મળવાનું એ નિઃસંદેહ છે.

પૂર્વના પાપ કર્મના ઉદયથી આ ભવમાં કદાચ ધન ન મળે; તેથી કોઈ અધર્મી મનુષ્ય તે મેળવવા અન્યાયનું આચરણ કરે તો ધન ન મળે, એટલું જ નહિ પણ ભવિષ્યમાં પણ તે અન્યાય આચરણ રૂપ પાપથી તે મેળવવા શક્તિમાન થવાનો પણ નહિ. માટે તે મેળવવા પાત્ર થવું જોઈએ; અને તે પાત્ર થવાનો ન્યાયાચરણ સિવાય બીજો એક પણ માર્ગ નથી.

મનુષ્ય કસોટીથી જ આત્મામાં રહેલા ગુણો પ્રકટ કરી શકે છે. અને લોભની જ્વાળામાંથી બચાવ થવું, એ કાંઈ નાની કસોટી નથી. છતાં જેઓ દુઃખ આવવા છતાં, લોભને વશ થયા વિના ન્યાયને જ વળગી રહે છે, તેઓને ગુણલુબ્ધ લક્ષ્મી પોતાની મેળે આવી મળે છે. કહ્યું છે કે :

निपानमिव मण्डूकाः सरः पूर्णमिवाण्डजाः ।
शुभकर्माणमायान्ति विवशाः सर्वसम्पदः ॥ १ ॥
नोदन्वानर्थितामेति न चाम्भोभिर्न पूर्यते ।
आत्मा तु पात्रतां नेयः पात्रमायान्ति सम्पदः ॥ २ ॥

દેડકા જેમ કુવા તરફ આકર્ષાય છે, પક્ષીઓ જેમ પૂર્ણ સરોવર તરફ લોભાય છે, તેજ રીતે પરાધીન થયેલી સર્વ સંપત્તિઓ શુભકર્મ વાળા પુરૂષ તરફ પ્રેરાય છે.

સમુદ્ર જળની યાચના કરતો નથી, છતાં જળવડે નથી પુરાતો એમ નથી; અર્થાત્ જળવડે પુરાય છે. માટે આત્માને પાત્ર બનાવવો. કારણ કે સંપત્તિઓ પાત્ર મનુષ્ય તરફ આકર્ષાય છે.

"ઇચ્છા કરો તે પહેલાં તે મેળવવા **પાત્ર થાઓ**" એ વાક્ય કદી ભૂલવું જોઈએ નહી.

ન્યાયથી જ ધન પ્રાપ્ત થઇ શકે છે એમ શી રીતે કહી શકાય? એવી શંકાના સમાધાન માટે ગ્રન્થકાર પોતે જ કહે છે.

ततो हि नियमितः प्रतिबन्धककर्मविगम इति ॥९॥

અર્થ—કારણ કે ન્યાયથી જ નિશ્ચયે કરીને ધન મેળવવામાં પ્રતિબંધરૂપ લાભાન્તરાય કર્મનો નાશ થાય છે.

ભાવાર્થ—કર્મ એ સૂર્યરૂપ આત્માના પ્રકાશને ઢાંકનાર વાદળ છે. જેમ સૂર્ય ઉગ્રરૂપે પ્રકાશે, એટલે વાદળાં પોતાની મેળે વિખરાઈ જાય છે. તેજ રીતે જ્યારે આત્મા, જેનો સ્વભાવ સત્ય અને ન્યાયી

છે, તે પોતાના ન્યાય સ્વરૂપમાં પ્રવર્તે એટલે કર્મરૂપ વાદળાં નાશ પામવાનાં. આ રીતે ન્યાયાચરણથી લાભાન્તરાય રૂપ કર્મ નાશ પામવાથી, ધન સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે. તેજ ગ્રન્થકાર જણાવે છે.

सत्यस्मिन्नायत्यामर्थसिद्धिरिति ॥१०॥

અર્થ—લાભાન્તરાય કર્મનો નાશ થાય છે, ત્યારે ભવિષ્યમાં ધન પ્રાપ્તિ થાય છે.

ભાવાર્થ—જે પદાર્થમાં જે વિઘ્નરૂપ હોય, તેનો નાશ એટલે તે પદાર્થ મળે તે સ્વાભાવિક નિયમ છે. તે જ પ્રમાણે ધનનો લાભમાં અંતરાય રૂપ જે કર્મ હતું, તે ઉપર જણાવ્યા પ્રમાણે ન્યાયયુક્ત આચરણથી નાશ પામ્યું, એટલે ધનની પ્રાપ્તિ થાય છે. માટે ન્યાયયુક્ત વર્તન રાખવું.

अतोऽन्यथापि प्रवृत्तौ पाक्षिकोऽर्थलाभो निःसंशयस्त्वनर्थ इति ॥११॥

અર્થ—તેથી અન્ય પ્રકારે પ્રવૃત્તિ કરવાથી, ધનનો લાભ વિકલ્પે છે; પણ અનર્થ તો નિઃસંશય છે.

ભાવાર્થ—ઉપર જણાવી ગયા કે ન્યાયયુક્ત આચરણ કરવું અન્યાયુક્ત આચરણથી અર્થલાભ તો વિકલ્પે છે તેથી ધનપ્રાપ્તિ થાય પણ ખરી અથવા ન પણ થાય. કદાચિત પૂર્વના પુણ્યોદયથી તેનું અન્યાયથી વર્તન હોવા છતાં પણ ધનની પ્રાપ્તિ થાય, પરંતુ તેથી આનંદ માનવાનો નથી; કારણ કે તે કાર્યથી તેનું પૂર્વનું પુણ્ય નાશ પામ્યું, અને જે અશુભ કર્મ અન્યાયાચરણથી ઉપજ્યું, તેનું અહિતકારી ફળ અવશ્ય તેને ભોગવવું જ પડશે. કહ્યું છે કે:

अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ।
नाभुक्तं शीयते कर्म कल्पकोटीशतैरपि ॥

કરેલું શુભ અથવા અશુભ અવશ્ય ભોગવવું જ પડે છે; સેંકડો–કરોડો કલ્પકાળ પસાર થાય, તોપણ કરેલું કર્મ ભોગવ્યા વિના નાશ પામતું નથી. માટે કર્મના નિયમમાં પ્રતીતિ રાખી અન્યાય આચરણથી વિમુખ રહેવું, તેમાં આત્મશ્રેય રહેલું છે. જો મનુષ્ય વિચારવંત હોય, તો તેને અન્યાયયુક્ત પ્રવૃત્તિ બંધ કરવાનાં ઘણા કારણો છે. કોઈ પણ રીતે તેવી પ્રવૃત્તિ તે સંભવી શકતીજ નથી કહ્યું છે કે—

राजदण्डभयात्पापं नाचरत्यधमो जनः ।
परलोकभयान्मध्यः स्वभावदेव चोतमः ॥

અધમ પુરૂષ રાજદંડના ભયથી, મધ્યમ પુરૂષ પરલોકના ભયથી, અને ઉત્તમ પુરૂષ તો સ્વભાવથીજ પાપકર્મ કરતો નથી.

જે ઉત્તમ પુરૂષો છે, તેમનો તો સ્વભાવ જ તેમને ન્યાય તરફ પ્રેરે છે. તેઓ તો, **સર્વ આત્મા સત્તાએ એક સરખા જ છે,** એ અચળ સિદ્ધાન્તને અનુભવનારા છે. જ્યારે આત્મા સરખા છે, તો પછી બીજા આત્માને છેતરવામાં શું આપણે આપણી જાતનેજ નથી છેતરતા ? વળી અન્યાય આચરણથી વિશ્વાસઘાત થાય છે. અન્ય જીવને દુઃખ થાય છે, અને પોતે તેવી સ્થિતિમાં હોય તો પોતાને કેટલું દુઃખ થાય તેનો વિચાર કરીને બીજા પ્રાણીને અશાન્તિ થાય, ઉદ્વેગ થાય, તેવું અશુભ કાર્ય ઉત્તમ પુરુષો કરે જ નહિ. આવા બધા વિચારો તેમના હૃદયમાં રમણતા કરે છે. તેથી પાપાચરણ તો તેમના સ્વભાવને જ વિરુદ્ધ લાગે છે, અને તેમની પ્રવૃત્તિ અહર્નિશ પરોપકારમય ન્યાયાચરણ તરફજ થાય છે.

જે મધ્યમ વર્ગના પુરૂષો છે, તેઓનો સ્વભાવ હજુ ન્યાયમય થયેલો નથી, લોભ અને ન્યાય બુદ્ધિ વચ્ચે તેમના હૃદયમાં ભારે યુદ્ધ થાય છે. લોભ તેમને તાત્કાલિક લાભ દેખાડી અન્યાયી વર્તન કરવા પ્રેરે છે, ત્યારે ન્યાયબુદ્ધિ ભવિષ્યમાં અન્યાયથી ઉત્પન્ન થતા અનિષ્ટ

પરિણામ તરફ તેઓનું ધ્યાન દોરી, અશુભ કાર્ય કરતાં અટકાવે છે. આ યુદ્ધમાં ક્ષણવાર લોભવૃત્તિ વિજયી નીવડે છે તો ક્ષણવાર ન્યાયબુદ્ધિ પોતાનું રાજ્ય સ્થાપન કરે છે. પણ છેવટે અનુભવ દ્વારા તેમજ ઉપદેશદ્વારા મેળવેલા બોધથી પરલોકના ભયથી ન્યાયમાર્ગ ઉપર જ તે ચાલે છે.

ત્રીજા વર્ગના સામાન્ય મનુષ્યો, જેને આ શ્લોકમાં અધમ કહેવામાં આવ્યા છે, તેઓ તો ફકત રાજદંડના ભયથી અથવા લોકોમાં આબરૂ જશે, તેવા ભયથી અન્યાયથી દૂર રહે છે.

જ્યાં સુધી ઉત્તમ આશયથી અન્યાયનો ત્યાગ થાય તે શ્રેષ્ઠ પણ તે ન થાય, તો પણ છેવટ રાજદંડ જેવા કનિષ્ટ કારણનો પણ આશ્રય લઈ, અન્યાયયુકત આચરણનો ત્યાગ કરવો.

ધન તે આત્માની વસ્તુ નથી, તે આવે છે ને જાય છે. પણ આત્મગુણ જે મલીન થાય છે તેને સુધરતાં અનેક ભવો ચાલ્યા જાય છે, માટે આત્મકલ્યાણાર્થીએ ન્યાયી વર્તન રાખવું, એજ પુનઃ ગ્રંથકાર સૂચવે છે. ટુંકાણમાં શ્રાવકપણાને યોગ્ય થવા **'न्यायसम्पन्नविभवः'** એ ગુણ પ્રાપ્ત કરવો કે જેથી ઉત્તરોતર ધર્મના ઉચ્ચ પગથીઆ ઉપર નિઃશંક ચડી શકાય.

સુયોગ્ય વિવાહ

तथा समानकुलशिलादिभिरगोत्रजैर्विवाह्य-
मन्यत्र बहुविरुद्धेभ्य इति ॥ १२ ॥

અર્થ—ઘણા લોક સાથે જે મનુષ્યોને વિરોધ હોય, તેમના સિવાય, સમાન કુલશીલવાળા અન્ય ગોત્રીઓની સાથે વિવાહ (લગ્ન) સંબંધ કરવો.

ભાવાર્થ—લગ્નના ઉચ્ચ હેતુ પુરૂષ અને સ્ત્રીને પ્રેમમય સાંકળથી જોડી સંસાર-નૌકા સુખપૂર્વક ચલાવવાની હોય છે. સ્ત્રીને

સહધર્મચારિણી કહેવામાં આવે છે, તે ઉપરથી જણાય છે, કે કેવળ સાંસારિક વિષયમાં જ તેની જરૂર છે, એટલું જ નહિ પણ ધાર્મિક બાબતમાં પણ તે ભાગ લેવાને, તેમજ સહાય કરવાને યોગ્ય છે.

તેવા સ્ત્રી પુરૂષોનો સંબંધ ઇચ્છતા માતાપિતાએ કઈ બાબતો પર ખાસ લક્ષ આપવું તે મૂળના શબ્દો પરથી સ્પષ્ટ જણાય છે. પ્રથમ તો ગ્રંથકર્ત્તાના મત પ્રમાણે ઘણા લોક જેના વિરોધી છે તેવા મનુષ્યના પુત્ર અથવા પુત્રી સાથે વિવાહ કરવો ઉચિત નથી. કારણ કે તેમ કરવામાં અનેક અનર્થ છે. જે મનુષ્યને બહુ શત્રુ હોય, જેના બહુ વિરોધી હોય તેને કદાપિ શાન્તિ હોતી નથી. તેનું ચિત્ત સદા ઉદ્વેગમાં રહે છે, તેવા મનુષ્ય સાથે સંબંધ બાંધવાથી કયો લાભ મેળવવાની આશા રાખી શકાય ? પરન્તુ તેમની સાથે સંબંધ બાધનાર નિરપરાધી હોય તો પણ દોષવાન્ ઠરે છે, લોકોની પ્રીતિ ઓછી થાય છે, અને તે અનેક અનર્થનું કારણ બને છે.

સમાન કુલશીલવાળા એ વિશેષણનું શું સાર્થકપણું છે તેનો વિચાર કરીએ. જો બન્નેનાં કુળ એક સરખાં ન હોય, અથવા તેમાં ઉચ્ચ નીચનો ભેદ હોય અને કુળ પ્રમાણે ધનસંપત્તિમાં પણ ફેર હોય, તો તેમાં નીચે પ્રમાણે પરિણામ આવવાનો સંભવ રહે છે.

ઉચ્ચ કુળમાં જન્મેલી વૈભવવાળી કન્યા હલકા કુળમાં જન્મેલા પોતાના પતિની, ધન તથા કુળના મદથી, અવગણના કરે; અને તેજ રીતે પતિ ઉચ્ચ કુળનો હોય અને કન્યા હલકા કુળની હોય, તો તે પતિ કન્યાને તુચ્છ ગણી તેનો અનાદર કરે.

સરખાં શીલવાળાં પતિ અને પત્ની હોવાં જોઈએ. કારણ કે તેમના ગુણ-દોષમાં, તેમની માનસિક સંપત્તિમાં, અને તેમના આચાર વિચારમાં જો બહુજ તફાવત હોય છે, તો બન્નેના સ્વભાવ મળતા આવતા નથી. અને બન્નેને ભારે દુઃખ થાય છે, એક બીજાથી તેઓ કંટાળે છે, અને પરિણામ વ્યભિચાર આદિ દુષ્ટ દોષોમાં

આવે છે. તેથી તેવા પરિણામ ન આવે તે માટે લાયક દંપતીની જોડ શોધવી એ માતપિતાનો પવિત્ર ધર્મ છે.

ઘણા પુરૂષોને ગૃહસંસાર ખેદકારક નીવડે છે, તેમાં બે મુખ્ય કારણો છે. એક બાળલગ્ન, અને બીજું સ્ત્રીઓની અજ્ઞાન સ્થિતિ. બાળલગ્ન કરવામાં આવે એટલે તે બાળક સ્ત્રી પ્રતિ પોતાનો ધર્મ શું છે તે સમજતો ન હોય, અને પતિ પ્રતિ પોતાની શી ફરજ છે એ બાળા સમજતી ન હોય, તો પછી સહજ વાતમાં મતભેદ પડે એ સ્વાભાવિક છે; તેવા મતભેદ જીવનપર્યંત ચાલતા જોવામાં આવે છે, અને બન્નેની સ્થિતિ ખરેખર દુઃખમય થાય છે.

બીજું સ્ત્રીઓની અજ્ઞાનતા એ એક અસાધારણ કારણ છે. જ્યાં સુધી સ્ત્રીઓ અજ્ઞાત હોય ત્યાં સુધી પતિસેવા કેવી રીતે સમજે અથવા બાળકોને ઉછેરી કેવી રીતે મોટાં કરવાં એ કયાંથી જાણે ? અથવા પોતાની શક્તિ ઉપરાંત ખરચ કરવામાં પતિને શું દુઃખ વેઠવું પડતું હશે, તેની એને કયાંથી ખબર પડે ? તે તો અજ્ઞાનના પ્રવાહમાં તણાતી જાય છે, અને અન્ય બ્હેનપણીઓના કહેવાથી ગમે તેવી માગણી કરતાં અચકાતી નથી. બિચારી અજ્ઞબાળાની સ્થિતિ ઘણી શોચનીય છે; જ્યાં સુધી સ્ત્રીઓ અજ્ઞ છે, ત્યાં સુધી સંસારવ્યવહાર સુખમય હોવાની આશા રાખવી એ હવામાં બાચકા ભરવા જેવું છે.

માટે તેમને ભણાવી, ઉત્તમ આચારવાળી બનાવી લાયક વરને સોંપવી.

કયા પુરૂષોને કન્યા ન દેવી તે સંબંધી લૌકિકશાસ્ત્ર કહે છે :—

मूर्खनिर्धनदूरस्थशूरमोक्षाभिलाषिणाम् ।
त्रिगुणाधिकवर्षाणां तेषां कन्या न दीयते ॥

અર્થ—મૂર્ખ, નિર્ધન, દૂર રહેનાર, લડવૈયો, વૈરાગી, અને કન્યાની ઉંમરથી ત્રણગણી ઉંમર કરતાં વધારે વર્ષ વાળાને કન્યા ન આપવી.

એક ગોત્રવાળા સાથે લગ્નવ્યવહાર ન કરવો આ કહેવું ઘણું વિચારપૂર્વકનું છે. તે પ્રમાણે કરવાથી ગોત્રના પુરૂષ વચ્ચે રહેતો જ્યેષ્ઠ અને કનિષ્ઠનો વ્યવહાર (મોટા–નાનાનો વ્યવહાર) નાશ પામે છે. કન્યાનો પિતા વય તથા વૈભવમાં જ્યેષ્ઠ હોય તો પણ જમાઈના પિતાની અપેક્ષાએ કનિષ્ઠ બને છે. અને આ પ્રમાણે વ્યવહારનો નાશ થવાથી વિનયનો નાશ થાય છે; અને વિનયનો નાશ થવાથી અનુક્રમે અનર્થ પરંપરા ઉદ્ભવે છે.

આ તો એક સામાન્ય કારણ ટીકાકારના મત પ્રમાણે દર્શાવ્યું, પણ તેના કરતાં પણ બીજું એક અધિક પ્રબળ કારણ છે, જેને હાલના મેડીકલ વિજ્ઞાન પણ પૂરવાર કરી આપે છે. એકજ ગોત્રમાં ઉત્પન્ન થયેલાં પુત્ર પુત્રી આદિનો પરસ્પર લગ્ન સંબંધ કરવામાં આવે, તો તે સંબંધથી ઉત્પન્ન થતાં બાળકો શારીરે અશક્ત અને નિર્બળ થાય છે.

લૌકિક નીતિશાસ્ત્રનું કેટલુંક વિવેચન નીચે પ્રમાણે છે:—

વરની ઉંમર સોળ વર્ષની અને કન્યાની ઉંમર બાર વર્ષની જોઈએ. અગ્નિ તથા દેવતાઓની સાક્ષી સહિત જે વર તથા કન્યાનો હસ્ત મેળાપ થાય તેનું નામ લગ્ન કહેવાય. તેના આઠ ભેદ છે.

(૧) જેમાં કન્યાને વસ્ત્રાલંકાર પહેરાવીને 'તું આ મહા ભાગ્યશાળી પુરૂષની સહધર્મચારિણી થા' એમ કહી વરને આપવામાં આવે તે. **બ્રાહ્મ્યવિવાહ.**

(૨) પોતાના ઘરના વૈભવને ઉચિત દ્રવ્ય, વરને આપી કન્યા-દાન કરે તે **પ્રાજાપાત્ય** વિવાહ.

(૩) ગાયનું જોડલું આપી કન્યાદાન આપવું તે **આર્ષ** વિવાહ.

(૪) ઋત્વિજને યજ્ઞ (દાન પૂજનાદિ) ને માટે કન્યાપ્રદાન કરવું તે **દૈવ** વિવાહ.

ઉપર જણાવેલા ચાર પ્રકારના વિવાહ ધર્મયુક્ત કહી શકાય, કારણ કે ગૃહસ્થાશ્રમને યોગ્ય ક્રિયાના કારણભૂત છે, અને તેમાં માતાપિતા, બંધુ, સ્વજનઆદિની સમ્મતિ છે.

(૫) એક બીજા પર પ્રીતિ થવાથી વિવાહ કરવો તે **ગાન્ધર્વ** વિવાહ.

(૬) કોઈ પણ પ્રકારની શરત કરીને કન્યા આપવી તે **આસુર** વિવાહ.

(૭) બળાત્કારથી કન્યાગ્રહણ કરવી તે **રાક્ષસ** વિવાહ.

(૮) સુતેલી અથવા પ્રમાદથી ફરતી કન્યાનું હરણ કરવું તે **પૈશાચ** વિવાહ.

છેલા જણાવેલા આ ચાર વિવાહ અધર્મયુક્ત છે; પરન્તુ તેમાં પરસ્પરની રૂચિ હોય, તો ધર્મયુક્ત માનવામાં આવે છે.

હવે વિવાહનો લાભ શુદ્ધ કુલરત્નરૂપી સ્ત્રી છે, અને સારી સ્ત્રીથી સુસંતતિ ઉત્પન્ન થવાનો સંભવ છે; તેથી ચિત્તની શાન્તિની આશા રહે છે. કારણ કે સ્ત્રી કુલીન હોય, પોતાનો ધર્મ સમજતી હોય, અને પુત્ર ઉમદા ગુણવાળો હોય, તો તેને કોઈ પ્રકારની ઘરની ચિંતા રાખવી પડતી નથી, અને ચિત્ત હંમેશાં પ્રસન્ન રહે છે. વળી બહારથી કંટાળીને, ઉદ્વેગ પામીને અને થાકીને આવ્યો હોય, તે વખતે સુપ્રસન્ન સ્ત્રી પોતાના મધુર શબ્દોથી, તેને આશ્વાસન આપી, તેના દુઃખમાં ભાગ લઈ તેનું દુઃખ અર્ધું કરી નાખે છે. વળી કુલીન સ્ત્રી ઘરસંસાર કેવી રીતે ચલાવવો તે સારી રીતે સમજે છે; અને કુલીનતાના કારણે તેનામાં સ્વાભાવિક ઉમદા ગુણો દેખાય છે. તે અતિથિ, ગુરૂ, સ્વજન, આદિનો સત્કાર કેવી રીતે કરવો તે બરોબર જાણે છે. જેને જેવો ઘટે તેવો આદરસત્કાર આપવો એ પુરૂષો કરતાં સ્ત્રીઓ સારી રીતે પીછાણે છે.

આવી સ્ત્રીઓ અશુદ્ધ માર્ગ તરફ ન દોરાય તે માટે ટીકાકાર નીચે પ્રમાણે ઉપાય જણાવે છે—

गृहकर्मविनियोगः परिमितोऽर्थसंयोगः ।
अस्वातन्त्र्यम् सदा च मातृतुल्यस्त्रीलोकावरोधनम् ॥ १ ॥

(૧) **ગૃહ સંબંધી કામકાજ સોપવું.** તેમ કરવાથી તેનું મન તે કાર્ય કરવામાં રોકાશે, એટલે તેને નિવૃત્તિ અથવા અવકાશનો બહુ સમય મળશે નહિ. તથા ઘરનો કારભાર તેને સોંપવાથી, આ કાર્ય મારે કરવાનું છે એવી બુદ્ધિથી તે સારી રીતે કરશે; અવકાશનો સમય ઓછો હોવાથી કુથલી અથવા પારકાની નિન્દા પણ થઈ શકશે નહિ તેમજ હલકી સ્ત્રીઓની સોબતમાં ફરવાનો પ્રસંગ પણ આવશે નહિ.

(૨) **પરિમિત ધન તેને આપી રાખવું.** આમ કરવામાં બે હેતુ રહેલા છે. એક તો પોતાને નજીવું ખરચ કરવા કાંઈ પૈસા જોઈતા હોય તેમાંથી તે ખરચી શકે, અને પૈસાના લોભથી અન્યાય માર્ગે જતાં અટકે; વળી પોતે પરગામ ગયો, અને મહેમાન વિગેરે તેને ઘેર આવ્યા હોય, તો તેને આપી રાખેલા ધનમાંથી ખર્ચ કરી ઘરને સાચવી શકે.

(૩) **અસ્વાતંત્ર્યપણું :** સ્ત્રીને એટલી બધી સ્વતંત્રતા ન આપવી કે પોતાની મરજી મુજબ આચરી શકે, તેને નિયમમાં રાખવી, અને તેનું રક્ષણ કરવું. બાળપણમાં સ્ત્રીનો રક્ષક પિતા છે, યુવાવસ્થામાં પતિ છે અને વૃદ્ધાવસ્થામાં પુત્ર તેનો રક્ષક છે. છે. આમ ત્રણે સમયમાં રક્ષણ કરાયેલી સ્ત્રી નિયમનો ભંગ કરી શકતી નથી. અને બીજા મનુષ્યોના મનમાં એમ થાય કે આ ઘરમાં સ્ત્રીનું ચલણ છે એવી સ્વતંત્રતા ન આપવી.

(૪) **વૃદ્ધ અને માતા તુલ્ય સ્ત્રીઓની સોબતમાં રાખવી.** વૃદ્ધ અને સુશીલ સ્ત્રીઓનો સંગ થવાથી પોતાની હલકી વૃત્તિઓ કાબુમાં રાખતા શીખશે અને તેથી સદ્‌ગુણો મેળવશે. જે ઘરમાં વૃદ્ધ સાસુઓ હોય છે, તે ઘરમાં ભાગ્યેજ અનિષ્ટાચાર સાંભળવામાં

આવે છે. પણ જ્યારે સાસુ હોતી નથી અને કુળવધૂના હાથમાં સર્વ સત્તા આવે છે, ત્યારે કોઈ પણ પ્રકારના અનર્થનો સંભવ રહે છે. માટે તેવી સુશીલ અને ગુણવાળી વૃદ્ધ સ્ત્રીઓની સોબતમાં રાખવી. આ પ્રમાણે સ્ત્રીઓનું રક્ષણ કરવાના ચાર ઉપાય જણાવેલ છે.

આ વિષય સમાપ્ત કરતાં પહેલાં તે સંબંધી એક શંકાનું નિવારણ કરવું એ ઉચિત જણાય છે. કોઈ શંકા કરે કે આમ લોઢાની સમક્ષ લગ્ન કરવા કરતાં તૈયાર વેશ્યા મળી જાય તો તેથી શું ન સરે? તેના પ્રત્યુત્તરમાં **ટીકાકાર** જણાવે છે:—

इजकशिलाकुक्कुरकर्परसमा हि वेश्याः कस्तासु कुलीनो रज्येत? यतो दान दौर्भाग्यं सत्कृतौ परोपभोग्यत्वं आसक्तौ परिभवो मरणं वा।

महोपकारेऽप्यनात्मीयत्वं, बहुकालसम्बन्धेऽपि त्यक्तानां तदैव पुरूषान्तरगमनमिति वेश्यानां कुलागतो धर्म इति ॥

વેશ્યા તે ધોબીને ધોવાની શિલા અથવા કુતરાની ચાટય બરોબર છે (ધોબીની શિલાપર જે આવે તે ધુવે, અને કુતરાની ચાટયમાં જે કુતરૂં આવે તે મુખ નાખે) કયો કુલીન પુરૂષ તેમાં રાચે? તેને દાન આપવાથી દુર્ભાગ્ય આવે છે, અથવા મનુષ્ય દરિદ્રી થાય છે. તેનો કરેલો સત્કાર બીજાના ઉપભોગમાં આવે છે. ઘણી આસક્તિથી પરાભવ અથવા મરણ થાય છે. મોટો ઉપકાર કરવા છતાં તે પોતાની થતી નથી.

બહુ કાળનો સંબંધ હોય તો પણ તેનો ત્યાગ કર્યો એટલે બીજા પુરૂષ સાથે તેજ સમયે સહવાસ કરે છે. ઈત્યાદિ અનર્થનાં કારણ વિચારી સુજ્ઞજનોએ કુલીન અને શીલવાળી સ્ત્રી સાથે લગ્ન સંબંધ બાંધવો એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે. આ પ્રમાણે માર્ગાનુસારિપણાના બીજા ગુણનું વર્ણન પુર્ણ થયું.

અપાયભીરૂતા

હવે ગ્રન્થકાર ત્રીજા ગુણનું વિવેચન કરે છે :--

दृष्टादृष्टबाधामीतितेति ॥१३॥

અર્થ—દૃશ્ય અથવા અદૃશ્ય અનેક ઉપદ્રવોથી ભય પામી વર્તવું, એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

ભાવાર્થ—આ જગતમાં જે અન્યાય અથવા અધર્માચરણ થાય છે, તેમાથી કેટલાકનાં ફળ પ્રત્યક્ષ દેખાય છે અને કેટલાકનાં ફળ અનુમાનથી જણાય છે, માટે તેવાં અનિષ્ટ પરિણામવાળાં કાર્યથી દૂર રહેવું. જો મનુષ્યના મનમાં પાપાચરણનો ખરેખરો ભય હોય, તો તેનાં કારણોનો દૂરથી ત્યાગ કરવા તે પ્રયત્ન કરે.

અન્યાયવ્યવહાર. જુગાર, પરસ્ત્રીગમન, ચોરી આ પ્રત્યક્ષ દુષ્ટ પરિણામવાળાં આચરણો છે અને જે જગતમાં પણ અનેક પ્રકારની વિટંબનાના કારણભૂત થતાં જોવાય છે.

કેટલીક એવી બાબતો છે કે જેમાં રાજ્યતરફથી કાંઈ પણ ભય થાય નહિ, પણ ધર્મશાસ્ત્રો તેમને મહાપાતકરૂપ માને છે. અને તેના ફળરૂપે સંસારમાં અનેક ભવ સુધી રખડવાનું બતાવે છે તેવાં કાર્યનું ફળ આપણને જણાય નહિ; છતાં ધર્મશાસ્ત્રો પર વિશ્વાસ રાખી યુક્તિપૂર્વક તેનો વિચાર કરી, તેવા ફળથી ડરીને દુષ્ટ આચરણ ન કરવું તેનું નામ પણ ધર્મ છે.

દૃષ્ટાન્ત તરીકે મદ્યપાન માંસભોજન અશુદ્ધવિચાર, લોકોનું બુરૂં કરવાનો સંકલ્પ, મનમાં ભારે ક્રોધ, આદિ અનેક હલકા પ્રકારનાં આચરણ છે, જેમાં આ જગતમાં કોઈ તરફનો ભય હોતો નથી પણ તેથી કર્મના અચળ નિયમ પ્રમાણે મહાદુઃખ ભોગવવું પડે છે. માટે તેવા ઉપદ્રવથી ડરીને શુદ્ધ માર્ગે ચાલવું. અને આત્માને મલીન થવા ન દેવો. રાજ્યદંડના ભયથી તેમજ પરલોકના

ભયથી ડરીને દ્રવ્ય તથા ભાવથી આત્માને શુદ્ધ રાખવો, એજ ગ્રન્થકારનો આ સૂત્રમાં આશય છે.

શિષ્ટાચાર

तथा शिष्टाचारप्रशंसनमिति ॥१४॥

અર્થ—સારા પુરૂષોના આચરણની પ્રશંસા કરવી.

ભાવાર્થ—પ્રથમ સારા પુરૂષો અથવા શિષ્ટ પુરૂષો કોને કહેવા તે જાણવું જરૂરી છે. સદાચારમાં વર્તતા વૃદ્ધ અને જ્ઞાની પુરૂષોની નજીકમાં રહી, વિશુદ્ધ શિક્ષા (ઉપદેશ) જેમણે પ્રાપ્ત કરી છે તે શિષ્ટ પુરૂષ કહી શકાય. તેના આચારવિચાર તે શિષ્ટાચાર કહેવાય.

શિષ્ટ પુરૂષોના સર્વ ગુણોનું વર્ણન કરવું તે તો અશકય છે, પણ તેમાંના મુખ્ય ગુણોનું ટીકાકાર વર્ણન કરે છે.

लोकापवादभीरूत्वं दीनाभ्युद्धरणादरः ।
कृतज्ञता सुदाक्षिण्यं सदाचारः प्रकीर्त्तितः ॥१॥
सर्वत्र निन्दासंत्यागो वर्णवादश्च साधुषु ।
आपद्यदैन्यमत्यन्तं तद्वत्संपदि नम्रता ॥२॥
प्रस्तावे मितभाषित्वमविसंवादनं तथा ।
प्रतिपन्नक्रिया चेति कुलधर्मानुपालनम् ॥३॥
असद्व्ययपरित्यागः स्थाने चैव क्रिया सदा।
प्रधानकार्ये निर्बन्धः प्रमादस्य विवर्जनम् ॥४॥
लोकाचारानुवृत्तिश्च सर्वत्रौचित्यपालनम् ।
प्रवृत्तिर्गर्हिते नेति प्राणैः कण्ठगतैरपि ॥५॥

લોકના અપવાદથી ભય રાખવો, ગરીબ પુરૂષોનો ઉદ્ધાર કરવામાં આદર કરવો, કૃતજ્ઞતા રાખવી, સુદાક્ષિણ્ય જાળવવું, સદાચાર

સેવવો, સર્વ પ્રકારે નિન્દાનો ત્યાગ કરવો, સારા પુરૂષોની પ્રશંસા કરવી, દુઃખમાં પણ દીનતા ધારણ ન કરવી, સુખમાં નમ્રતા ધરવી, પ્રસંગે ઉચિત બોલવું, કોઈની સાથે વિરોધ ન કરવો, અંગીકાર કરેલું કરવું, કુળધર્મ પાળવો, ખોટા ખર્ચનો ત્યાગ કરવો. યોગ્ય સ્થાને યોગ્ય ક્રિયા કરવી, ઉત્તમ કાર્યમાં મગ્ન રહેવું પ્રમાદનો ત્યાગ કરવો, લોકાચાર પાળવો, સર્વત્ર ઉચિતનું રક્ષણ કરવું. પ્રાણ કંઠે આવ્યા હોય તો પણ નિન્દિત કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી. આ તથા બીજા અનેક શુભ ગુણવાળાની પ્રશંસા કરવી.

મનુષ્ય પ્રશંસા કયારે કરે છે, તે વિચારવા જેવું છે. જ્યારે તે ગુણોને પોતે ઉચ્ચ ધારતો હોય ત્યારેજ તેની પ્રશંસા કરે છે. એ એક સામાન્ય નિયમ છે કે જે વસ્તુ આપણને પ્રિય લાગે અથવા આનંદકારક જણાય તે મેળવવાને સ્વાભાવિક પ્રયત્ન થાય છે, માટે ઉપર જણાવેલા શિષ્ટ પુરૂષોની પ્રશંસા કરવાથી તેમના જેવો થવા માટે તે મનુષ્ય પ્રેરાય છે, અને પોતે ગુણગ્રાહી બને છે. ટીકાકાર પણ તેજ કહે છે.

गुणेषु यत्नः क्रियताम् किमाटोपैः प्रयोजनम् ।
विक्रीयन्ते न गण्टाभिर्गावः क्षीरविवर्जिताः ॥१॥
शुद्धाः प्रसिद्धिमायान्ति लघवोऽपीह नेतरे ।
तमस्यपि विकोक्यन्ते दन्तिदन्ता न दन्तिनः ॥२॥

ગુણ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. ખાલી આડંબરથી શું પ્રયોજન છે ? દુધ નહિ આપનારી ગાયો, ઘંટ બાંધવાથી વેચાતી નથી. નાના પણ શુદ્ધ પદાર્થો પ્રસિદ્ધ થાય છે. જેમ અંધારામાં હાથી (કાળા હોવાથી) જણાતા નથી પણ તેના દન્તશૂળ દેખાય છે.

તેજ પ્રમાણે જે ગુણવાળા હોય છે તે સર્વત્ર પૂજાય છે અને બીજાને અનુકરણ કરવા લાયક થાય છે. તેવા સુશીલ પુરૂષનો દરેક આત્મ

હિતાર્થીએ સંગ કરવો; તેથી અનેક લાભ થાય છે. તેઓ પોતાના કાર્યથી આપણને શુદ્ધ કાર્ય કરવા દોરે છે, તેઓ પોતાના ઉપદેશથી શુદ્ધ માર્ગ બતાવી આપણા મનની મલિનતાનો નાશ કરે છે; અને તેઓના વિચારથી પણ તેમના સંબંધમાં આવતા પુરૂષોના વિચાર શુદ્ધ બનાવે છે. ખરેખર ભાગ્યોદય હોય તોજ એવા સત્પુરૂષ મળે કે જેમના દર્શનથીજ ત્રિવિધ તાપ ટળે.

અંતરંગ છ શત્રુનો જય

તથા અરિષડ્વર્ગત્યાગેનાવિરૂદ્ધાર્થપ્રતિપત્ત્યેન્દ્રિયજય ઇતિ॥૧૫॥

અર્થ—છ પ્રકારના શત્રુનો ત્યાગ કરીને, (ગૃહસ્થ ધર્મને) અવિરૂદ્ધ (પાંચ ઈન્દ્રિયના વિષયરૂપ) અર્થ અંગીકાર કરીને ઇન્દ્રિનો જય કરવો, એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

ભાવાર્થ—છ પ્રકારના શત્રુ નીચે પ્રમાણે છે કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ; તેનો ત્યાગ કરવો એ ગૃહસ્થનો ધર્મ છે. હવે તે દરેકનો અનુક્રમે આપણે વિચાર કરીશું અને તેનો ત્યાગ કરવાથી કયા કયા લાભ થાય છે તે જોઈએ.

I **કામ** :—તેનો અર્થ સ્ત્રી સાથે ગમન કરવાની વૃત્તિ એવો થાય છે. હવે ગૃહસ્થના વિષયમાં તેનો શો અર્થ કરવામાં આવ્યો છે તે જોવાનું છે કારણ કે ગૃહસ્થ **સર્વથા** સ્ત્રીનો ત્યાગ કરી શકે નહિ. માટે અહિંયા પરસ્ત્રી, કુમારિકા, અને વેશ્યાનો ત્યાગ કરવારૂપ ઉપદેશ છે * તે ઉપદેશ વિરૂદ્ધ વર્તન રાખવાથી આબરૂ જાય, ધન જાય, શરીર ખુવાર થાય, અનેક વ્યાધિ ઉત્પન્ન થાય. વળી તેવા મનુષ્યો લોકોને સર્વથા અપ્રિય થાય છે અને કોઇ

* **परगृहीतास्वनूढासु वा स्त्रीषु दुरभिसन्धिः कामः ॥**

તેમનો વિશ્વાસ કરતું નથી. રાજ્ય તરફથી પણ દંડ પામે છે, અને પરભવમાં અનેક દુઃખ ભોગવવાં પડે છે.

માટે સ્વદાર સંતોષ રાખવો એટલે પોતાની સ્ત્રીથી સંતુષ્ટ રહેવું. **તેમાં પણ બહુ લોલુપી થવું નહિ,** કારણ કે તેથી બળ તથા બુદ્ધિ નાશ પામે છે; બાળક ઉત્પન્ન થાય તે પણ નિર્બળ થાય છે; માટે **ધીમે ધીમે** તે કામવૃત્તિને નિગ્રહમાં રાખતાં શીખવુ **જોઈએ,** અને તેને માટે ગૃહસ્થાશ્રમ જેવી બીજી એકે ઉત્તમ શાળા નથી. વસ્તુ પાસે હોવા છતાં, તેનાથી નહિ લોભાતાં તેની અસારતા અનુભવી ધીમે ધીમે તેના પાશથી મુકત થવું તેના જેવું બીજું શું ઉત્તમ કાર્ય હોઈ શકે ?

ગુલામ જ્યાં સુધી છુટો થાય નહિ, ત્યાં સુધી સેનાધિપતિ થઈ શકે નહિ. તેજ રીતે જે મનુષ્ય પોતાની અધમ પાશવવૃત્તિ-ઓને તાબે છે ત્યાં સુધી કદાપિ તે સ્વતંત્ર થઈ બીજાને તાબે કરી શકે નહિ. સ્નાયુ કસરતથી મજબૂત થાય છે. ટેવ અથવા વૃત્તિ અને લાલચ જે પ્રમાણમાં નિરંકુશ વર્તે છે તે પ્રમાણમાં બલિષ્ટ થાય છે. મનની શક્તિ અભ્યાસથી ખીલે છે. બલિષ્ટ વિકારો હોવા છતાં તેના પર મેળવેલો જય મનુષ્યને **વીર** બનાવે છે. કામવૃત્તિ (મૈથુનાભિલાષા) સૌથી બલિષ્ટ વિકાર છે, તેના પર જય મેળવનાર આ જગતમાં દેવ સમાન છે.

II **ક્રોધઃ**—આ એક બીજો બલિષ્ટ શત્રુ છે. તેને વશ થયેલો મનુષ્ય ગમે તવું અવિચારી કાર્ય કરતાં જરા પણ આંચકો ખાતો નથી. ક્રોધ વખતે મનુષ્ય એવું કોઈકવાર બોલી જાય છે કે જેથી જીવન પર્યન્ત તેને પસ્તાવું પડે છે. તે એવો વિકાર છે કે તેને આધીન થયેલો મનુષ્ય બીજાનું બુરું કરવા દોરાઈ જાય છે, અને જ્યાં સુધી તે વિકાર શમતો નથી, ત્યાં સુધી આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન થયાજ કરે છે.

સામા મનુષ્યે મારૂં બગાડ્યું તેથી તેનું બુરૂં કરવું, એ વિચાર ક્રોધથી ઉત્પન્ન થાય છે. પણ ખરી રીતે વિચારીએ તો કોઈ તારૂં બગાડનાર નથી. તેં પૂર્વભવમાં ઉપાર્જન કરેલા કર્મ અનુસારજ સુખ અથવા દુઃખ તને પ્રાપ્ત થાય છે : અને બીજા પુરૂષો તો તેમાં **નિમિત્તમાત્ર** છે. આચાર પ્રદીપમાં કહ્યું છે કે :—

सव्वो पुव्वकयाणं कम्माणं पावए फलविवागं ।
अवराहेसु गुणेसु अ निमित्तमित्तं परो होई ॥ १ ॥

સર્વ પુરૂષો પૂર્વે કરેલાં કર્મનાં ફળ ભોગવે છે; **અપરાધમાં તેમજ ગુણમાં બીજા તો નિમિત્તમાત્ર છે.**

પોતે જ પોતાના કર્મનો કર્તા છે અને ભોક્તા પણ છે. જો એમ હોય તો નિમિત્ત માત્ર જે બીજા પુરૂષો છે, તેવા સાથે ક્રોધ કરવાથી કંઈ લાભ નથી. તે તો કેવળ આત્માની અજ્ઞાન દશા સૂચવે છે. તેજ ગ્રન્થમાં અન્યત્ર કહ્યું છે કે **कोहो मूलं दुहाणं सयलाणं**

ક્રોધ સકળ દુઃખનું મૂળ છે. માટે તેનો ત્યાગ કરી ક્ષમા વૃત્તિ ધારણ કરવી, અને સર્વપર સમભાવ રાખવો.

ગૃહસ્થ છે તે સામાન્ય રીતે **સર્વથા** ક્રોધનો ત્યાગ ન કરી શકે માટે અહીંયા ટીકાકાર તેનું જુદું લક્ષણ જણાવે છે.

अविचार्य परस्यात्मनो वापायहेतुः क्रोधः

અવિચારથી ઉત્પન્ન થયેલી પરના તેમજ પોતાના દુઃખના કારણભૂત જે વૃત્તિ, તે ક્રોધ.

ક્રોધને અગ્નિની ઉપમા આપવામાં આવી છે તે સાર્થક છે. અગ્નિ જે ઘરમાં ઉત્પન્ન થાય તેને પ્રથમ બાળે છે, અને જો દાબવામાં ન આવે તો સમીપના ઘરનો પણ નાશ કરે છે. તેજ પ્રમાણે ક્રોધ જેનામાં ઉત્પન્ન થાય તેના આત્માનું અહિત કરે, અને જો તેનો નિગ્રહ કરવામાં ન આવે તો પરનું પણ અહિત કરે છે, માટે આવી રીતે પોતાને તેમજ પરને દુઃખકારી ક્રોધ વૃત્તિનો ત્યાગ કરવો.

III **લોભ :**–સંસારમાં જે જે અનર્થ થાય છે તેમાંના ઘણા-ખરા આ લોભની વૃત્તિને લીધે જ થાય છે એમ કહેવામાં જરાપણ અસત્ય નથી.

મનુષ્ય કેટલીક વસ્તુઓને 'મારી' માની લીધેલી છે; અને તેનાથી જુદા પડવું તે પ્રાણથી જુદા પડવા કરતાં પણ વધારે કષ્ટકારી લાગે છે. ધન તે તેમાંની મુખ્ય વસ્તુ છે. તે મેળવવા ગમે તેવાં કુકૃત્ય કરતાં મનુષ્ય જરા પણ આંચકો ખાતો નથી; કારણ કે સંસારના સર્વ બાહ્ય વૈભવ, તે વસ્તુ દ્વારા પ્રાપ્ત થઈ શકે છે; **અહિં ધન ખોટું છે એમ કહેવાનો આશય નથી.** પરંતુ લોભની વૃત્તિ કે જે મનુષ્યને અન્યાય માર્ગે પણ દોરે છે તે **વૃત્તિ** બહુ પીડાકારી છે. તે વૃત્તિ આત્માના સર્વે ગુણ આચ્છાદિત કરી શકે એટલું સામર્થ્ય ધરાવે છે.

તમે કોઈ મજુર પાસે અમુક પ્રકારનું કાર્ય કરાવરાવ્યું, હવે તે કાર્યના પ્રમાણમાં ન્યાય રીતે તેને ચાર આના તમારે આપવા **જોઈએ,** પણ લોભને વશ થઈ તમે તેને સાડાત્રણ આના આપ્યા. આમાં નુકશાન કોને થયું ? જરા શાન્ત મનથી વિચાર કરતાં જણાશે કે તે મજુરને તો ફક્ત બે પૈસાનું જ નુકશાન થયું પણ તમારામાંથી જે **ન્યાયતત્ત્વ** નાશ પામ્યું તેની બરોબરી તે બે પૈસા કરી શકે તેમ છે ? જે ન્યાયતત્ત્વથી મનુષ્ય સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ પારખી શકે છે તે આ પ્રમાણે લોભ વૃત્તિથી નાશ પામે છે.

ટીકાકાર નીચે પ્રમાણે લોભની વ્યાખ્યા આપે છે :–

दानार्हेषु स्वधनाप्रदानमकारणपरधनग्रहणं वा लोभः ।।

" જે પુરૂષો દાનને યોગ્ય છે તેમને પોતાનું ધન ન આપવું, અને નિષ્કારણ અન્યનું ધન લેવું, તેનું નામ **લોભ.**

આ શબ્દોમાં લોભવૃત્તિનાં બે અનિષ્ટ પરિણામ બતાવ્યાં. જે સુપાત્ર છે તેને વિશે છતી શક્તિએ દાન કરતાં અટકાવનાર વૃત્તિ તે લોભ છે. તેમજ બીજાનું ધન પચાવી પાડવાની, અન્યાય રીતીથી લઈ લેવાની ઇચ્છા તે પણ લોભ છે.

લોભી મનુષ્ય સન્માર્ગે પોતાના ધનનો વ્યય કરી શકતો નથી અન્યનું ધન લઈ લેવા મથે છે. માટે તે વૃત્તિને નિયમમાં રાખી ન્યાય વૃત્તિથી જે ધન મળે તેમાં સંતોષ માની યથાશક્તિ તેનો સદુપયોગ કરવો એજ હિતકર છે.

IV **માન :** પોતાને જે થોડું ઘણું જ્ઞાન પ્રાપ્ત થયું હોય તેને સર્વજ્ઞપણું માની પોતાને સૌના કરતાં ઉચ્ચ ગણવાની જે વૃત્તિ થાય છે તે **માન.**

જે લોકો અર્ધદગ્ધ હોય છે, એટલે જેઓ થોડું ઘણું જાણે છે, તેમનામાં આવા વિચાર ઉત્પન્ન થવાનો વધારે સંભવ છે. તેઓ પોતાના સંકુચિત જ્ઞાનને સમુદ્રરૂપ માને છે. અહંકારી મનુષ્ય બીજાને માન આપી શકતો નથી, તેમ બીજાનો વિનય કરી શકતો નથી, તેમજ મારી લઘુતા થશે એમ વિચારી પોતાની શંકાઓનું પણ સમાધાન કરવા સમર્થ થતો નથી. વિનય વગરની વિદ્યા શોભતી નથી. કહ્યું છે કે,

विद्या विनयेन शोभते.

વિદ્યા વિનયથી નમ્રતાથી જ શોભે છે.

અહંકારી મનુષ્ય ગમે તેટલો વિદ્વાન હોય તો પણ મણિવાળા સર્પની માફક લોક તેનાથી દૂર નાશે છે. હંમેશાં શિષ્યવૃત્તિ રાખવી, દરેક મનુષ્ય, દરેક બનાવ, દરેક પુસ્તક આપણને કાંઈ નહિ ને કાંઈ શિખવે છે, અને આપણા જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. કેવળ મનુષ્ય જ નહિ પણ જગતના પદાર્થો પણ આપણને ઘણું જ્ઞાન આપે છે. માટે જે જે સ્થળેથી જ્ઞાન પ્રાપ્ત થાય તે મેળવવા ચૂકવું નહિ,

પણ તે સાથે નિરંતર નમ્રતા રાખવી. ગર્વિષ્ઠ પુરૂષ કોઈની હિત શિક્ષા માનતો નથી, અને મુક્તિના આત્યંતિક સુખને માટે જે શાસ્ત્રકારોનો ઉપદેશ છે તેથી વિમુખ રહે છે. ટીકાકાર પણ જણાવે છે કે—

दुरभिनिवेशान्मोक्षोद्युक्तोत्क्रयग्रहणं मानः ।

મોક્ષને માટે ઉદ્યમી થયેલા (જ્ઞાની પુરૂષો) નું વચન દુરાગ્રહથી ન ગ્રહણ કરવું તે માન.

તે મનુષ્ય પોતાની ટૂંકી બુદ્ધિમાં જણાય તેને જ સર્વસ્વ માને છે. અને તેથી જ્ઞાની પુરૂષો, અથવા જે પુરૂષોએ આત્મા સંબંધી ઉંડું જ્ઞાન મેળવ્યું હોય તેવા પુરૂષોના વચનને વહેમ અથવા ખસી ગયેલા મગજની કલ્પનારૂપ માને છે અને સ્વેચ્છાએ ચાલતો દેખાય છે. આ માનવૃત્તિ સદ્‌ગુરૂના ઉપદેશ વિના અથવા વધારે જ્ઞાન પ્રાપ્ત થયા વિના નાશ પામતી નથી. માટે

ऊत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत

ઉઠો ! જાગ્રત થાઓ ! મહાન્ પુરૂષોને શોધી કાઢો ! અને જ્ઞાન મેળવો ! તેવા પુરૂષના બોધથી પોતાના જ્ઞાનની ખામી જણાશે, અને મનુષ્ય શિષ્યવૃત્તિ ધારણ કરી નમ્રતા રાખતાં શીખશે.

V **મદ :** મદ એ પણ એક પ્રકારનો **મનનો ઉન્માદ** છે. મનની ઘેલછા છે. તેથી મનુષ્ય પોતાને ખીજા કરતાં ઉચ્ચ ગણે છે.

જુદી જુદી વસ્તુઓને આશ્રયી તેના આઠ પ્રકાર કહેવામાં આવ્યા છે–કુળમદ, બળમદ, ઐશ્વર્યમદ, રૂપમદ, લોભમદ, તપમદ, જાતિમદ અને જ્ઞાનમદ, આ આઠ પ્રકારમાં પ્રથમ સાત પ્રકારની વસ્તુઓ છે તે બહારની છે, તે તો દરેક જન્મમાં બદલાયા કરે છે અને તેથી ક્ષણે ક્ષણે બદલાતી વસ્તુઓનો મદ કોઈ પણ **સુજ્ઞ મનુષ્ય** કરે નહિ; પણ કેટલાક પુરૂષોને **જ્ઞાનનો** વિદ્યાનો મદ થાય છે. આ મદ બહુ ભારી છે. દરેક પ્રકારના મદનો નાશ તો જ્ઞાનથી

થઈ શકે, પણ **જ્યાં જ્ઞાનનોજ** મદ થયો ત્યાં ઉપાય શો ? જ્યાં પોતાની માતાજ ઝેર આપે, જ્યાં વાડજ ચીભડાં ચોરે, ત્યાં ઉપાય શો ? આનો ઉપાય કેવળ સદ્‌ગુરૂની પ્રાપ્તિમાં રહેલો છે. જ્યારે સદ્‌ગુરૂ મળે અને તેમના દ્વારા વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય, ત્યારે પોતાના જ્ઞાનની અલ્પતાનો ખ્યાલ આવે અને ત્યારેજ પોતાની લઘુતાનું ભાન થાય. કહ્યું છે કે: —

લઘુતાથી પ્રભુતા મળે, પ્રભુતાથી પ્રભુ દૂર;
કીડી લ્હો મીસરી ચુગે, ગજ શિર નાખે ધૂળ !

જ્ઞાન, આત્માનો **સ્વાભાવિક** ગુણ છે. **સ્વાભાવિક** ગુણ માટે કોણ ઉન્મત્ત થાય ? કારણ કે આત્માને સંતોએ **જ્ઞાન સ્વરૂપ-મમલ** નિર્મળ જ્ઞાનસ્વરૂપી કહેલો છે. માટે જેનું સ્વરૂપ જ્ઞાનમય છે, તેવા આત્માના સ્વાભાવિક ગુણ માટે કોઈ પ્રકારનો મદ–અભિમાન રાખવો, તે કેવળ આત્મસ્વરૂપનું અજ્ઞાન સૂચવે છે.

બીજી સાત વસ્તુઓ માટે કોઈ પ્રકારનો મદ રાખવો તે ઉચિત નથી. કારણ કે કુળ, બળ, ઐશ્વર્ય, રૂપ, લાભ, તપ અને જાતિ એ આપણા શરીરને આશ્રયી રહેલાં છે, અને તેમાંના કેટલાંક તો એક ભવમાંજ બદલાય છે અને કેટલાંક બીજા ભવમાં બદલાય છે, પણ તેમાંનો કોઇ પદાર્થ આપણી સાથે અખંડ રહેતો નથી, કારણ કે જ્યારે મરણ થાય છે ત્યારે કુળ, બળ, ઐશ્વર્ય, રૂપ, લાભ, તપ કરવાને યોગ્ય શરીર અને જાતિ સાથે આવતાં નથી. માટે જે ચીજો એક ભવ આશ્રયી છે તેના પર અત્યંત આસક્તિ રાખવી, અને બીજામાં તે ન હોય તેને આપણાથી હલકા અથવા નીચ ગણવા એ કેવળ અજ્ઞાનતાનો ઉન્માદ છે.

શાસ્ત્રમાં કથન છે કે જે બાબતનો માણસ મદ કરે છે, તેનાથી બીજા ભવમાં તે હીન થાય છે. એનાં ઘણાં દૃષ્ટાંતો શાસ્ત્રમાં **પ્રસિદ્ધ** છે. શ્રી મહાવીર સ્વામી પ્રભુએ મરીચિના ભવમાં પોતાના **કુળનો મદ** કર્યો તેના પરિણામરૂપે છેલ્લા ભવમાં તેમને જઘન્ય

ગોત્ર મળ્યું એ બાબત સર્વને જાણીતી છે. ઉમાસ્વાતિ વાચકે પ્રશમરતિમાં લખ્યું છે કે—

श्रुतशीलविनयसंदूषणस्य, धर्मार्थकामविघ्नस्य ।
मानस्य कोऽवकाशं मुहूर्तमपि पंडितो दद्यात् ॥

શ્રુત, શીલ, વિનયને દૂષિત કરનાર ધર્મ, અર્થ, અને કામને વિઘ્નભૂત એવા માનને કયો સમજુ પ્રાણી એક ક્ષણ પણ હૃદયમાં જગ્યા આપે? અર્થાત્ કોઈ પણ સુજ્ઞ માણસે અભિમાન કરવો જોઈએ નહી. આ સંબંધમાં પ્રખ્યાત ઇંગ્લીશ લેખક ડો. જોનશન જણાવે છે કે :-

"Pride is a corruption that seems almost originally engrafted in our nature. It exerts it self in our first years, and without continual endeavours to suppress it, it influence our last. Other vices tyrannize over particular ages. and triumph in particluar countries. Rage is the failing of youth and avarice of age; revenge is the predominant passion of one country and in constancy the characteristic of another, but pride is the native of every country, infects every climate and corrupts every nation. It ranges equally through the gardens of the East and the deserts of the South and reigns no less in the cavern of savage than in the palace of the epicure. It mingles with all other vices, and without constant and anxious care, will also mingle other virtues"

"મદ અહુ ભયંકર મનોવિકાર છે, અને તે આપણા મન ઉપર સ્વાભાવિક રીતે સામ્રાજ્ય ભોગવે છે, તે બાલ્યાવસ્થાથી શરૂ થાય છે, અને જો તેને રોકવા પ્રયત્ન કરવામાં ન આવે, તો તે મરણ પર્યન્ત પોતાની સત્તા ચલાવે છે. બીજા દુર્ગુણો-મનોવિકારો અમુક વય સુધી પોતાનું જોર સૂચવે છે, અને અમુક દેશોમાં વધારે ફતેહ પામતા જણાય છે. દાખલા તરીકે જુવાનીમાં ક્રોધનો જુસ્સો બહુજ હોય છે, અને ઘડપણમાં લોભ-તૃષ્ણા બહુજ વધે છે. એક દેશમાં વેર લેવાની વૃત્તિ જબરી જણાય છે, તો બીજા દેશમાં વિચારની અસ્થિરતા ઘણે ભાગે પ્રબળ જણાય છે. પરંતુ અહંભાવ મદ તો દરેક દેશમાં જોવા મળે છે, દરેક દેશની હવાને અસર કરે છે, અને દરેક પ્રજાને બગાડે છે. તે પૂર્વ દેશના સુંદર ઉદ્યાનોમાં તેમજ દક્ષિણના જંગલોમાં પણ પોતાનું સામર્થ્ય પ્રકાશે છે. અને જેટલા પ્રમાણથી તે એક મોજશોખીલા માણસના મહેલમાં દેખાય છે તેટલાજ પ્રમાણથી તે જંગલીની ગુફામાં જણાય છે. તે સર્વ દુર્ગુણો સાથે ભળી જાય છે, અને તેને રોકવા નિત્ય સ્થાયી સંભાળ લેવામાં ન આવે તો તે સદ્‌ગુણો સાથે પણ ભળી જાય છે" આ વિચારો એવા છે કે તેના પર જેમ વધારે વિચાર કરશું તેમ તેનું સત્ય વધારે ને વધારે જણાઈ આવશે.

માટે આ આઠે પ્રકારના મદને વિભાવિક ગુણો માની તેમનો નાશ કરવા શકય પ્રયત્ન કરવો. જે માણસોમાં મદ હોય છે તેઓ બીજામાં કોઇ બાબતની વૃદ્ધિ જોઈ સહન કરી શકતાં નથી અને તે સામા માણસમાંથી તે નાશ પામે તેવી ઇચ્છા રાખે છે અને નાશ કરવા હંમેશા પ્રયત્ન કરે છે. આ રીતે અભિમાની માણસમાંથી પ્રમોદ ભાવના નાશ પામે છે, અને ઈર્ષ્યા ઉત્પન્ન થાય છે. જે આખરે અનેક પ્રકારનાં અશુભ પરિણામ લાવે છે. માટે સમજુ માણસે સર્વથા આ મદનો ત્યાગ કરવો ઘટે છે.

VI **હર્ષ** :– **છઠ્ઠો અને છેલ્લો** શત્રુ હર્ષ છે. આત્માના સ્વાભાવિક ગુણ સ્વરૂપ હર્ષ એ જુદો છે પણ બીજાની હલકી અને અધમ અવસ્થા જોઈ, તેમાં ખોટી રીતે ખુશ થવું તેવો શત્રુ રૂપ 'હર્ષ' નો અર્થ થાય છે. માટે શ્રાવકે એવા હલકા અર્થથી સદા વિમુખ રહેવું. કહ્યું છે કે–

હસતાં બાંધ્યાં કર્મ તે રોતાં ન છુટેરે પ્રાણીઆ'

માટે હલકી બાબતોમાં તેમજ હલકા વિચારોમાં ખોટી મજા માનવી એ ઉચિત નથી આ હર્ષની વ્યાખ્યા ટીકાકાર નીચે મુજબ આપે છે, તે ખુબ યાદ રાખવી ઘટે છે :

निर्निमित्तमन्यस्य दुःखोत्पादनेन स्वस्य द्यूत–
पापर्द्धयाद्यनर्थ संश्रयेण वा मनःप्रीतिजननो हर्षः ॥

વિના કારણ બીજાને દુઃખ ઉપજાવીને, અથવા જુગાર શિકાર વેશ્યાગમન વગેરે વ્યસનોનો આશ્રય કરીને ખુશી થવું અને મનમાં મલકાવું તેનું નામ **હર્ષ** છે.

આવો હર્ષ તો સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે, કારણ કે તે દયા ધર્મથી વિમુખ છે. દયાની વિશેષ વ્યાખ્યા આપણે તપાસીએ તો આપણને જણાય છે કે **કોઈ પણ પ્રાણીનું મન, આપણા મન, વચન અને કાયાના વ્યાપારથી દુભાય–દુઃખી થાય ત્યાં તેના ભાવ પ્રાણ હણાય છે. અને હિંસા થાય છે.** માટે બીજાને દુઃખ ઉપજાવવાના કારણભૂત આ હર્ષમાં પણ હિંસા થાય છે. તેમજ જુગાર વગેરે સાત વ્યસનમાં મલકાવવું અથવા ખુશી થવું એ પણ તેવા માણસની હલકી સ્થિતિ સૂચવે છે.

જ્યાં સુધી દુર્ગુણને દુર્ગુણ રૂપ નથી જાણ્યો અને તેમાં રાગ રહેલો છે ત્યાં સુધી સુધરવાની આશા ઓછી છે. ઘણીવાર સમજુ માણસો પણ અમુક વ્યસનમાં પડી જાય છે, છતાં દરેક વખતે પોતાની

ભૂલને કબૂલ કરે છે, અને તેમાંથી કયારે હું છુટું તેવી ભાવના કરે છે પણ તેમાં આનંદ માનતા નથી, અથવા હર્ષ પામતા નથી. માટે દુર્ગુણમાં હર્ષ નહિ રાખવો, એજ ટીકાકારના કહેવાનો ભાવાર્થ છે.

આ પ્રમાણે અંતરગ છ શત્રુઓનો ત્યાગ કરીને ધર્મ તથા અર્થને બાધ ન આવે તે પ્રમાણે ગૃહસ્થાશ્રમને યોગ્ય પાંચે ઈન્દ્રિયોના વિષયમાં અત્યંત આસક્તિ રાખ્યા સિવાય તે ભોગવવાં, અને ધીમે ધીમે ઈન્દ્રિયો ઉપર નિગ્રહ રાખતાં શીખવું, ક્રમકે સર્વથા ઇન્દ્રિયોનો રોધ કરવો તે તો 'યતિ' નો ધર્મ છે. અહીંયા સામાન્ય ગૃહસ્થ ધર્મનું સ્વરૂપ વર્ણવાય છે, માટે યતિ ધર્મ બાબત વિશેષ વર્ણન આગળ કહેવામાં આવશે

तथा उपप्लुतस्थानत्याग इति ॥ १६ ॥

અર્થ–ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

ભાવાર્થ:—જ્યાં પોતાના રાજ્ય તરફથી, અથવા બીજા રાજ્ય તરફથી લડાઈ થવાનો સંભવ હોય, તેવા સ્થાનમાં વસવું યોગ્ય નથી. તેમજ જે સ્થાનમાં દુકાળ કે મરકી પડયા હોય તેવા સ્થળમાં પણ વસવું ઉચિત નથી.

પહેલાના સમયમાં હાલની માફક રેલવે તથા સ્ટીમરોનાં સાધનો નહોતાં તેથી બીજા દેશોમાં પુષ્કળ પાક થયો હોય છતાં અમુક ગામવાળા દુકાળની આફતથી પીડાઈ મરણ પામતા માટે દુકાળ પડે તે ગામથી બીજા ગામમાં જઈ વસવા માટે અત્રે સલાહ આપી છે. વળી મરકીવાળા શહેરમાં પણ વસવું એ આરોગ્યને નુકશાનકારક છે. કારણ કે શરીરમાં નવા–જુના અણુઓની રાત દિવસ આવ–જા ચાલ્યાજ કરે છે. શરીરમાં ઝીણામાં ઝીણા તાંતણા, હાડકા, સ્નાયુ વગેરે સર્વ અવયવોના બંધારણમાં અણુઓની આવ–જા એવી થાય છે કે થોડા વર્ષમાં તે શરીરમાંનો એક પણ અણુ જુનો રહેતો નથી. આ ફેરફાર

થયા કરે છે. માટે આપણે શુદ્ધ સાત્ત્વિક ખોરાક ખાવો, સ્વચ્છ જળ પીવું અને શુદ્ધ હવામાં ફરવું અને વિચાર પણ પવિત્ર રાખવા. કારણ કે વિચાર પણ શરીરપર અસર કરે છે. ઘણા ચિંતાતુર માણસોને સંગ્રહણીનો રોગ થાય છે એ વાત કોનાથી અજ્ઞાત છે? ઉપદ્રવવાળા સ્થાનમાં રહેવાથી ચિત્તની અશાંતિ થાય છે, અને તેથી ધર્મધ્યાન થઈ શકતું નથી, અને સંસાર વ્યવહાર પણ બરાબર થઈ શકતો નથી.તેથી આ લોક અને પરલોક બંનેનું હિત આપણે ખોઈએ છીએ. માટે જ્યાં ઉપદ્રવ હોય તેવા સ્થળનો ત્યાગ કરવો.

ઉચિત પુરૂષનો આશ્રય :

तथा स्वयोग्यस्याश्रयणम् इति ॥१७॥

અર્થ : પોતાને ઉચિત એવા પુરૂષનો આશ્રય કરવો.

પોતાને યોગ્ય હોય, પોતાનું રક્ષણ કરવા સમર્થ હોય, અને લાભ સંપાદન કરવામાં, અને મેળવેલાનું રક્ષણ કરવામાં સમર્થ હોય તેવા શેઠ, શ્રીમંત વ્યાપારી અથવા રાજાનો આશ્રય લેવો. આશ્રય વગર પણ હિંમતવાળા મનુષ્યો પોતાનો માર્ગ કરે છે, અને રેતમાં નાવ ચલાવે છે. પણ જે સામાન્ય મનુષ્યો છે તે આશ્રય વગર ઉંચે ચઢી શકતા નથી. તેઓ લતા સમાન છે, જેને વૃક્ષના આશ્રયની ખાસ જરૂર છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે–

स्वामिमूलाः सर्वाः प्रकृतयः,

अमूलेषु तरुषु किं कुर्यात्पुरुषप्रयत्नः ॥

પ્રજાનો આધાર સ્વામી અથવા શેઠ ઉપર રહેલો છે. મૂળ રહિત વૃક્ષ હોય, તો પુરૂષ પ્રયત્ન શું કરી શકે? મૂળ સારૂ હોય તો ઝાડને ઉછેરવાનો કરેલો પ્રયત્ન સિદ્ધ થાય, પણ જો મૂળજ સડેલું હોય, તો પરિણામ અનિષ્ટ આવ્યા સિવાય રહેજ નહિ. ત્યારે કોઈ પૂછશે કે કેવા ગુણવાળા સ્વામીની સેવા કરવી? તો

તેના જવાબમાં જણાવવાનું કે ધર્માત્મા, શુદ્ધ કુળવાળો, શુદ્ધ આચાર વાળો, શુદ્ધ પરિવારવાળો, પ્રતાપવાન્ ન્યાયવાન્ જે સ્વામી હોય, તેનો સેવક સર્વ રીતે સુખ પામે છે. માટે તેવા સ્વામીને શોધીને તેનો આશ્રય કરવો તથા એક ચિત્તથી અને અનન્ય નિષ્ઠાથી તેની સેવા કરવી. કારણ કે તેવી સેવાથીજ સ્વામી પ્રસન્ન થાય છે, અને ધીમે ધીમે ઉચ્ચ પદ પર સેવકને ચઢાવી છેવટે પોતાના ધંધામાં તેને ભાગીદાર બનાવે છે. માટે સ્વામી કરતા પહેલાં બહુ વિચાર કરવો, પણ કર્યા પછી તો તેની બહુજ ભાવથી નોકરી ઉઠાવવી કે જેથી ઇચ્છિત લાભ લાંબા સમયે પણ મળે.

सत्पुरुषोनी संगत

तथा प्रधानसाधुपरिग्रहः इति ॥१८॥

અર્થ : ઉત્તમ અને સારા આચારવાળા પુરૂષોની સોબત કરવી.

ભાવાર્થ—સજ્જનતા, ડહાપણ, કૃતજ્ઞતા વગેરે ઉત્તમ ગુણો ધરાવનાર પુરૂષોની સોબત કરવી. જેથી ધીમે ધીમે આપણામાં એવા ઉચ્ચ ગુણો વાસ કરશે. માણસ જે પુસ્તકો વાંચે છે. જે પ્રસંગમાં આવે છે, અને જે માણસના સંબંધમાં આવે છે, તે સર્વે તેના ઉપર સારી યા માઠી અસર કર્યા સિવાય રહેતાં નથી, અને પ્રસંગો અથવા પુસ્તકો જે અસર કરે તેના કરતાં ચૈતન્યવાળા પ્રાણીઓ વધારે અસર કરે એ સ્વાભાવિક છે.

એક પાણીનું બિંદુ તપેલા લોઢાના સળીયા પર પડે છે ત્યારે નિશાન પણ રહેતું નથી, તે જ્યારે કમળના પાંદળા પર પડે છે ત્યારે મોતી જેવું દેખાય છે, અને સ્વાતિ નક્ષત્રમાં જ્યારે દરિયામાં ઉઘડેલા મોં વાળી છીપમાં પડે છે ત્યારે ખાસ મોતીજ થાય છે. માટે ઘણું કરીને અધમ, મધ્યમ અને ઉત્તમ ગુણ સોબતથી જ

મળે છે. ઉત્તમ પુરૂષની સોબત આપણને ઉત્તમ થવા પ્રેરે છે. તેમના ઉત્તમ કાર્યો આપણને ઉત્તમ કાર્ય કરતાં શીખવે છે, તેમના ઉત્તમ બોધ આપણા જીવન વ્યવહારને ઉન્નત બનાવવા પ્રેરે છે. આ પ્રમાણે તેમના વચન અને કાર્યો આપણને અસર કરે છે એટલું જ નહિ પણ તેમના શુદ્ધ વિચારો પણ આપણને શુદ્ધ વિચારવાળા બનાવે છે પણ મહા પુણ્યના ઉદય વિના સત્સંગતિ મળતી નથી. કહ્યું છે કેઃ

ઝેરી ઝાડ સંસારને, મધુરાં ફળ બે હોય;
કાવ્યામૃત રસસ્વાદને, સુજન સમાગમ સ્હોય.

માટે સત્પુરૂષો શોધી તેમની સેવા કરવી ટીકાકાર લખે છે કે-

गुणवानिति प्रसिद्धिः संनिहितैरेव भवति गुणवद्भिः ।
ख्याता मधुर्जगत्यपि, सुमनोभिः सुरभिभिः सुरभिः ॥

અર્થ : સારા ગુણવાળા પુરૂષોની સમીપમાં રહેવાથી જ 'આ ગુણવાન' છે એમ પ્રખ્યાતિ થાય છે, વસંત ઋતુમાં સુરભિ (સુગંધી) પુષ્પો થાય છે, તેથીજ વસંત ઋતુને સુરભિ એવું નામ આપવામાં આવ્યું છે.

જેવા માણસની સોબત રાખે તેવો તે ગણાય છે. અંગ્રેજીમાં પણ કહેવત છે કે, જેવી સોબતમાં માણસ ફરે તેવો તે ગણાય છે. વળી એક ગ્રંથકારે કહ્યું છે કે "તમારા મિત્રો કોણ અને કેવા છે તે મને પ્રથમ જણાવો, એટલે પછી હું કહીશ કે તમે કેવા ગુણવાળા છો." આ ઉપરથી મિત્રો કેટલી અસર કરે છે તે સહજ ખ્યાલમાં આવશે. માટે સંતોને શોધો, અને તેમના તરફ પૂજ્યભાવ દર્શાવો, એટલે તમે પણ સંત થશો.

યોગ્ય સ્થાને ગૃહસ્થાપના :

तथा स्थाने गृहकरणम् इति ॥१९॥

અર્થ : યોગ્ય સ્થાનમાં ઘર બાંધવું.

ભાવાર્થ : યોગ્ય સ્થાન, અયોગ્ય સ્થાન કોને કહેવું, તે પ્રશ્ન વિચારવા જેવો છે. કારણ કે યોગ્ય કે અયોગ્ય સ્થાનના નિર્ણય વિના આપણે ઘર ક્યાં બાંધવું, તે શી રીતે જાણી શકીએ ? માટે ગ્રંથકારજ અયોગ્ય સ્થાનનું લક્ષણ જણાવે છે, તેવું સ્થાન વર્જીને ઘર બંધાવવું.

अतिप्रकटातिगुप्तमस्थानमनुचितप्रातिवेश्यं चेति ॥२०॥

અર્થ : અતિ પ્રકટ, અતિ ગુપ્ત અને અયોગ્ય પાડોશવાળું સ્થાન અસ્થાન કહેવાય.

ભાવાર્થ:–બહુ જ ખુલ્લા જાહેર રસ્તા ઉપરના સ્થાનમાં રહેવું નહિ. કારણ કે તેવા સ્થાનમાં વસવાથી સ્ત્રી વર્ગ સંપૂર્ણ લાજ મર્યાદા જાળવી શકતો નથી. વળી બારણા આગળ ગાડીઘોડાની તથા લોકોની આવ–જાને લીધે થતા ઘોંઘાટથી સ્થિર ચિત્તથી અને એકાગ્રતાથી કાંઇ પણ કામ થઈ શકતું નથી.

તેજ રીતે અતિ ગુપ્ત સ્થાનમાં પણ વસવું અનુચિત છે. કારણ કે તેવા સ્થાનમાં રહેવાથી ગુણી પુરૂષોને દાન આપવાનો અવકાશ મળતો નથી. વળી અગ્નિ વગેરેનો ઉપદ્રવ થાય, તે વખતે પોતાના કુટુંબીઓના જનમાલ બચાવવાનું કામ બહુ મુશ્કેલ થાય છે.

જુગારીઓ વ્યભિચારી વગેરે દુષ્ટ પુરૂષો જે સ્થાનમાં વસતા હોય, તેવા સ્થાનમાં વાસ કરવો અઘટિત છે, કારણ કે સહવાસથી તેમના દોષ આપણામાં આવે છે અને કદાચ આપણે તો નીતિ અનીતિ સમજતા હોઈએ અને તેથી એવી સોબતની અસર થવા ન દઈએ, છતાં આપણાં બાળકો તેમનાં બાળકો સાથે રમવા દોરાય છે, અને અજાણતાં તેમનો દોષ ગ્રહણ કરે છે. માટે તેવા પડોશનો સર્વથા ત્યાગ કરવો.

(ટીકાકાર) અતિ પ્રકટનો અર્થ જુદી રીતે કરે છે. કહે છે કે જે ઘરની ચારે બાજુ ખુલ્લી જમીન હોય અને સૂર્યનો પ્રકાશ જે

ઘરમાં બહુજ આવતો હોય તે પ્રકટ સ્થાન જાણવું. તેવા સ્થાનમાં વસવાથી ચોર વગેરે લુંટારા લોક રાત્રિના સમયમાં તેવા ઘરમાં પેસી જનમાલને નુકશાન પહોંચાડવા શક્તિમાન થાય છે. વળી અતિ ગુપ્તનો અર્થ પણ જુદી રીતે જણાવે છે. બધી બાજુથી બીજા ઘરોથી ઢંકાઈ ગયેલું ઘર તે અતિ ગુપ્ત સ્થાન છે. તેવા ઘરનાં બારી બારણાં બીજા ઘરોના કારણે જોઈ શકાતાં નથી, અને તેથી તે ઘર શોભા પામતું નથી.

ત્યારે ઘર કેવા પ્રકારનું બાંધવું તે જણાવે છે.

लक्षणोपेतो गृहवास इति ॥२१॥

અર્થ:—વાસ્તુશાસ્ત્રમાં કહેલા લક્ષણવાળું ઘર વસાવવું.

ભાવાર્થ:—જ્યાં દુર્વાઘાસના અંકુરા ઘણા હોય અને કુસ્તુંબ નામની વનસ્પતિ ઘણી હોય, જ્યાં સારા રંગની તેમજ સારી ગંધવાળી માટી હોય, જ્યાં સ્વાદિષ્ટ જળની ઉત્પત્તિ હોય, ત્યાં, તથા દ્રવ્યભંડાર યુક્ત પૃથ્વી ઉપર, સારા વાસ્તુશાસ્ત્રના નિયમપર બાંધેલા ઘરમાં પ્રવેશ કરવો; કારણ કે તેવાં સારા ઘરમાં વાસ કરવાથી માણસ પૈસે ટકે સુખી થાય છે. લક્ષણ રહિત ઘરમાં વસવાથી વૈભવની હાનિ થાય છે.

निमित्तपरीक्षेति ॥२२॥

અતીંદ્રિય પદાર્થોના જ્ઞાનના હેતુભૂત શકુન, સ્વપ્ન અને ઉપશ્રુતિ વગેરે નિમિત્તથી ઘરનાં લક્ષણોની પરીક્ષા કરવી. શકુનશાસ્ત્ર અને સ્વપ્નશાસ્ત્ર તો લોકને જાણીતાં છે અને કોઈનો શબ્દ સાંભળીને કલ્પના કરવી તેને ઉપશ્રુતિ કહે છે. લોકમાં પણ કહેવત છે કે 'શકુન કરતા શબ્દ અધિક, તેનું વધારે વર્ણન અંગવિદ્યામાં કહેલું છે ત્યાંથી જાણી લેવું. વળી ઘર સંબંધી એક સૂચના કરતાં ગ્રંથકાર જણાવે છે:—

तथा अनेकनिर्गमादिवर्जनमिति ॥૨૩॥

અર્થ—જવા આવવાના અનેક રસ્તારહિત ઘર બંધાવવું.

ભાવાર્થ:—ઘરમાં પ્રવેશ કરવાના અને બ્હાર નીકળવાનાં બહુ બારણાં ન રાખવાં, કારણ કે તેથી ઘરની બરાબર રીતે રક્ષા થઈ શકે નહિ અને સ્ત્રી વગેરે ઘરના માણસોને તેમજ વિભવને ઉપદ્રવ થવાનો સંભવ રહે છે. ઘરના બારણાની રક્ષા કરવાથી બીજા માણસો ઘરમાં દાખલ થઇ શકતા નથી, કારણકે અમુક બારણાનું રક્ષણ તરત થઈ શકે છે, અને તેથી ઘરમાં રાખેલી વસ્તુઓ કોઈ લઈ જવા શક્તિમાન થતું નથી. જે ઘરને આવવા જવાનાં બહુ બારી બારણાં હોય, તેનાં તાળાં દરરોજ રાત્રે તપાસવાં પડે છે, અને કદાચ ભૂલથી એકાદ બારણું ઉઘાડું રહો ગયું, તો ચોરીનો ભય રહે છે. માટે ઉપરના માળમાં હવા માટે બહુ બારીઓ હોય, પણ આવવા જવાનું તો એકજ મોટું બારણું રાખવું, એમ શાસ્ત્રકારનો અભિપ્રાય છે.

આ રીતે સ્થાન સંબંધી આપણે વિચાર કરી ગયા.

યોગ્ય વેષ

तथा—विभवाद्यनुरूपो वेषो विरुद्धत्यागेनेति ॥૨૪॥

અર્થ:—વિરૂદ્ધ વેષનો ત્યાગ કરીને પોતાની સંપત્તિને છાજે તેવો પોશાક ધારણ કરવો. એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

પગની જાંઘ અર્ધી ઉઘાડી રાખવી, પાઘડીને છોગું મુકવું, તથા જાર પુરૂષ અથવા લહેરીલાલાની ચેષ્ટાદર્શક વેષ પહેરવો તે વિરૂદ્ધ વેષ સમજવો. તેવા વેષને ઉદ્‌ભટ વેષ કહેવામાં આવે છે. ઉદ્‌ભટનો અર્થ સુંદર, આકર્ષક, ઉત્કૃષ્ટ એવો થાય છે. આ ઉપરથી એમ ન સમજવું કે સારો પોશાક પહેરવાની શાસ્ત્રકાર મના કરે છે.

પણ પોતાની શક્તિ નહિ છતાં પોતાને જે ઉચિત નથી. તેવો પોષાક ધારણ કરવાથી ખરચ વધારે થાય છે, લોકોમાં હાંસી અને નિન્દા થાય છે. ઉદ્ભટ વેષ કેવળ લુગડાંલત્તામાંજ સમાતો નથી. પણ શરીરને શણગારવું, વાળ ઓળવા, તેલ, ગુલાબ લગાડવાં, અત્તર છાંટવાં, માથે છોગાં ઘાલવાં એ સર્વનો તેમાં સમાવેશ થાય છે. એક કવિ આવા વેષનું વર્ણન કરતાં કહે છે કેઃ—

અંગે તેલ કુલેલ લગાવે, માથે છોગાં ઘાલેજી;
જોબન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલેજી.

તેવો વેષ ધારણ કરવાથી કાંઈ કાર્ય સિદ્ધ થતું નથી, પણ લોકમાં હાંસી થાય છે. માટે તેવા લોક વિરૂદ્ધ કર્તવ્યનો ત્યાગ કરી પોતાના વિભવ, વય તથા દેશને ઉચિત વેષ ધારણ કરવો, કે જેથી જગમાં માનપ્રતિષ્ઠા મળે અને હાંસી ન થાય. કોઈ આપણી હાંસી કરે તો તરત આપણને કષાય થાય છે અને કષાયને તો દાબવાનું પળે પળે શાસ્ત્રકારો કહે છે. માટે જે કષાયનું કારણભૂત છે, એવો પોશાક પહેરવો નહિ. પ્રસન્ન વેષ ધારણ કરનાર મંગળમૂર્તિ કહેવાય છે, અને મંગળથીજ લક્ષ્મી મળે છે. કહ્યું છે કેઃ—

श्रीर्मङ्गलात्प्रभवति प्रागल्भ्याच्च प्रवर्धते ।
दाक्ष्यात्तु कुरुते मूल संयमात्प्रतितिष्ठते ।।

મંગળથી લક્ષ્મી ઉત્પન્ન થાય છે, ચતુરાઈથી લક્ષ્મીની વૃદ્ધિ થાય છે, ડહાપણથી તેનું મૂળ બંધાય છે, અને સંયમથી તે સ્થિર થઈને વસે છે.

ન્યાયથી ધન મેળવવું અને અન્યાય માર્ગે તેનો ખર્ચ ન કરવો તે **લક્ષ્મીનો સંયમ** કહેવાય છે, અને તેથી પ્રાયઃ લક્ષ્મી નાશ પામતી નથી. માટે નિરંતર પોતાની શક્તિને ઉચિત પોશાક ધારણ કરી બહાર નીકળવું એજ આ ઉદ્દેશનો સાર છે.

આયોચિત વ્યય

તથા—આયોચિતો વ્યય ઇતિ ॥૨૫॥

અર્થ—આવકને યોગ્ય ખર્ચ કરવો.

ભાવાર્થ:—કયે રસ્તે ધન પેદા કરવું, અને તે મેળવવામાં કેવી નીતિ ગ્રહણ કરવી, તે આપણે માર્ગાનુસારીપણાના પ્રથમ ગુણ ન્યાયસંપન્નવિભવનો વિચાર કરતાં તપાસી ગયા.

હવે જે આવક થઈ હોય તેનો કેવા માર્ગે અને કેટલા પ્રમાણમાં વ્યય કરવો તે વિચારવાનું છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે:-

पादमायान्निधिं कुर्यात्, पादं वित्ताय घट्टयेत् ।
धर्मोपभोगयोः पादं, पादं भर्तव्यपोषणे ॥१॥

દરેક ગૃહસ્થે પોતાની આવકના ચાર ભાગ કરવા, તેમાંથી એક ભાગ અનામત રાખી મૂકવો, એટલે ઘરમાં ભંડારી રાખવો, એક ભાગ પૈસાની વૃદ્ધિ થાય એવી યુક્તિથી વ્યાપારમાં જોડવો, એક ભાગ ધર્મ તથા પોતાના ઉપભોગ માટે રાખવો, અને ચોથો ભાગ જે માણસો પોતાના ઉપર આધાર રાખતા હોય તેમના ભરણ-પોષણ માટે ખરચવો. વળી બીજો પણ એક શ્લોક આ સંબંધમાં સ્મરણમાં રાખવા યોગ્ય છે:—

आयादर्द्धं नियुञ्जीत, धर्मे समधिकं ततः ।
शेषेण शेषं कुर्वीत, यत्नतस्तुच्छमैहिकम् ॥१॥

આવકનો અર્ધો ભાગ અને બની શકે તો તેથી પણ વિશેષ ધર્મ માર્ગમાં ખર્ચવો, અને બાકી રહેલા ધનથી તુચ્છ એવું આ લોક સંબંધી કામ કરવું.

પ્રથમ શ્લોકમાં કહ્યું છે કે ચોથો ભાગ ધર્મ માટે ખરચવો, અને બીજા શ્લોકમાં લખ્યું છે કે અર્ધો અને બને તો તેથી પણ વધારે ભાગ ધર્મમાં ખરચવો. આમ લખવામાં પણ લખનારનું

ઉડું ડહાપણ દૃષ્ટિગોચર થાય છે. પ્રાચીન સમયના લોકો ઘણી નજીવી આવકમાં પોતાનો સંસાર વ્યવહાર ચલાવી શકતા હતા, અને તેથી તેઓ ઘણું ધન બચાવી શકતા હતા, પણ સમય બદલાવાથી આપણા વડિલો જે વસ્તુઓને **મોજ શોખ**ની ગણતા હતા તેને આપણે **જરૂરની** વસ્તુઓ ગણવા લાગ્યા છીએ, અને તેથી ખર્ચ પણ પ્રમાણમાં વધ્યાજ કરે છે.

તેઓ હાલના જેવા જડવાદીઓ ન હતા. શરીરનેજ સર્વસ્વ માની તેના લાલનપાલનમાં પોતાનું સઘળું બળ વાપરતા ન હતા. આત્મા એજ મુખ્ય વિષય હતો. અને તેથી ધર્મભાવનાનું જોર તેમનામાં વિશેષ પ્રમાણમાં જોવામાં આવતું હતું. 'હાથે તે સાથે' એ સૂત્રને તેઓ મુખ્ય માનતા હતા, અને તેથી પોતાના ભોગે પણ પરનું કલ્યાણ કરવા તત્પર થતા. પોતાના દેહનો પણ પરોપકાર માટે ભોગ આપવા જેઓ ઉત્સુક થાય તેઓ ધન તે કામમાં ખર્ચે એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ.

આપણને આ બાબતનો બરાબર ખ્યાલ આવતો નથી, તેનું કારણ એ છે કે આપણે જડવાદના વાતાવરણમાં ઉછરીએ છીએ, અને આપણા જીવન વ્યવહારમાં ધર્મને કેટલું ઉચ્ચસ્થાન આપવું જોઈએ, તે હજુ આપણા લક્ષ બહાર છે; તેથીજ દુનિયાના મોજશોખના વિષયમાં પુષ્કળ પૈસા ખરચતાં આપણે પાછી પાની કરતા નથી, પણ કાર્યમાં પાછળ પડીએ છીએ. આવકના અર્ધા ભાગની વાત અને પા ભાગની વાત પણ દુર રાખીએ, અને આવકનો દશમો ભાગ પણ જે ધર્મ નિમિત્તો આપણે ખર્ચતા હોઈએ, તોપણ ઘણું કામ કરી શકાય. આ પણ ન બને તો આવકમાંથી **એકઆની** એટલે સોળમો ભાગ ખરચવો, અતે કદાચ તેટલી પણ શક્તિ ન હોય તો એક રૂપીએ પૈસા લેખે પણ ધર્મ માર્ગમાં ધનનો વ્યય કરવો; કારણ કે આ કાર્ય પરમાર્થ બુદ્ધિ વિના થઈ શકતું નથી, અને

જે પ્રમાણમાં ધર્મ કાર્યમાં ધન ખર્ચીએ છીએ તે પ્રમાણમાં પરમાર્થ બુદ્ધિ વધતી જાય છે, અને તે પ્રમાણમાં સર્વ આત્માઓ સત્તાએ સરખા છે, અને બીજા જીવો પણ આપણા ભાઈઓ છે એ સિદ્ધાંત હૃદયમાં દૃઢ થતો જાય છે.

જેમ રોગથી શરીર નિર્બળ થાય છે. અને તેથી રોગી માણસ કાંઈ પણ કામ કરી શકતો નથી, તેમ આવક કરતાં વધારે ખર્ચ કરવાથી માણસને દેવું થાય છે, અને પછી તે તેવી સ્થિતિમાં કોઈ પ્રકારનો ઉત્તમ વ્યવહાર ચલાવવા અશક્ત બને છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

आयव्ययमनालोच्य, यस्तु वैश्रवणायते ।
अचिरेणैव कालेन, सोऽत्र वै श्रवणायते ॥१॥

આવક અને ખર્ચનો વિચાર કર્યા સિવાય કુબેર ભંડારીની જેમ જે પુરૂષ ધનનો અઘટિત વ્યય કરે છે, તે પુરૂષનું ચોક્કસ રીતે થોડા સમયમાં 'શ્રવણ' થઈ રહે છે, એટલે અમુક માણસ પ્રથમ ધનવાન હતો એવું સાંભળવા માત્ર તે થાય છે. આ બાબત હાલના સમયમાં બહુજ વિચારવા જેવી છે. માણસો પોતાની શક્તિનો વિચાર તલમાત્ર કરતા નથી, અને દેખાદેખી બહારના વૈભવમાં, નાત જાતમાં, વરઘોડામાં, ફેશનના પોશાકમાં ધન ખર્ચે છે, અને તેથી આખરે દેવું કરવું પડે છે. વધી ગયેલા મોજશોખમાં કાંઈ પણ ઓછાશ કરી શકાતી નથી. અને તેથી દેવું ઘટવાને બદલે વધે છે. આવા માણસો નિરંતર ચિંતાતુર રહે છે. તમાચો મારી ભલેને તેઓ મોં લાલચોળ રાખે, અર્થાત્ બહારથી હસે, પણ અંદરથી ચિંતારૂપી ફાડો તેમના હૃદયનું સત્ત્વ ચુસી લે છે. આવી સ્થિતિમાં ઘણા આપઘાત કરે છે અથવા રીબાઈને, દુઃખમાં ઝુરાઝુરીને મરે છે. આવી સ્થિતિ ન આવે માટે પ્રથમથીજ પોતાની શક્તિ અનુસાર વ્યય કરવો એજ સાર છે.

દેશાચારપાલન

तथा—प्रसिद्धदेशाचारपालनमिति ॥२६॥

અર્થ—ભોજન, વસ્ત્ર વગેરેમાં લાંબા કાળથી ચાલતા આવેલા અને શિષ્ટપુરૂષોએ અંગીકાર કરેલા દેશાચાર પ્રમાણે ચાલવું એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

વિવેચનઃ—દેશાચારનું ઉલ્લંઘન કરવાથી લોકોની અપ્રીતિ થાય છે, અને તેથી અકલ્યાણ થવાનો ભય રહે છે. દેશના આચાર વિચાર વૃદ્ધ પુરૂષોએ અનુભવથી, ડહાપણથી તેમજ વિવેક બુદ્ધિથી બાંધેલા હોય છે. માટે તેનો અનાદર કરતાં અથવા તે બદલતાં પહેલાં ખુબ વિચાર કરવાની આવશ્યકતા છે. નવું ગ્રહણ કરતાં પહેલાં જુનાનો ખુબ વિચાર કરવો ઘટે છે. તેમાં જ્યારે ખામી લાગે ત્યારે ભલે તેનો ત્યાગ કરવામાં આવે, પણ નવા તેમજ જુના રીવાજના ગુણદોષનું પરિપૂર્ણ અવલોકન કર્યા પછીજ કાંઈ પણ ગ્રહણ કરવું અથવા છોડવું જોઈએ.

કાલિદાસ કવિએ કહ્યું છે કે, "જુનું એટલું બધું સારૂં અને નવું એટલું બધું ખોટું એમ કહી શકાય નહિ; મૂઢ મનુષ્યો ગાડરીઆ પ્રવાહની માફક બીજાની બુદ્ધિથી દોરાઈ જાય છે; પણ સત્ પુરૂષો તો પરીક્ષા કરી બન્નેમાંથી સારૂં લાગે તે ગ્રહણ કરે છે." લૌકિકમાં પણ કહેવાય છે કેઃ—

यद्यपि सकलां योगी, छिद्रां पश्यति मेदिनीम् ।
तथापि लौकिकाचारं मनसापि न लंघयेत् ॥

યોગીપુરૂષ જો કે સમગ્ર પૃથ્વીને છિદ્રવાળી દેખે છે, અર્થાત્ બધા પુરૂષોને દોષયુકત જુએ છે, પરંતુ મનથી પણ લૌકિક આચારનો ત્યાગ કરતો નથી.

માટે કેટલાક દેશાચાર આપણને નજીવા લાગતા હોય, તોપણ જ્યાં સુધી આપણા કલ્યાણ માર્ગમાં વિઘ્નકર્તા ન હોય, ત્યાં સુધી તે પાળવા એજ સાર છે.

નિંદ્ય પ્રવૃત્તિ ત્યાગ

તથા–ગર્હિતેષુ ગાઢમપ્રવૃત્તિરિતિ ॥૨૭॥

અર્થ—આ લોક તથા પરલોકમાં જે ત્યાગ કરવા યોગ્ય અને નિંદા પાત્ર છે, એવા મદ્યમાંસસેવન, પરસ્ત્રી-ગમન, જુગાર, ચોરી, પ્રાણીહિંસા એવા પાપસ્થાનમાં મન, વચન અને કાયાને પ્રવર્તાવી નહિ. આવી રીતે શુદ્ધાચાર પાળવાથી સામાન્ય કુળમાં ઉત્પન્ન થયેલો માણસ પણ ઘણી મોટાઇ મેળવે છે. કહ્યું છે કેઃ—

न कुलं वृत्तहीनस्य, प्रमाणमिति मे मतिः ।
अन्त्यजेष्वपि जातानां, वृत्तमेव विशिष्यते ॥

સદાચાર રહિત પુરૂષનું કુળ પ્રમાણરૂપ નથી એમ હું માનું છું, કારણ કે હલકા કુળમાં ઉત્પન્ન થયેલા પુરૂષનો સદાચાર મોટાઈને પામે છે.

વર્તન એજ માણસના ઉચ્ચ નીચપણાની કસોટીનો પત્થર છે. જેનું વર્તન ઉચ્ચ નથી તે ગમે તેવો ધનવાન કે ઉચ્ચ કુળવાળો હોય, તોપણ તે સદાચારી પુરૂષ આગળ કશા હિસાબમાં નથી.

ભર્તૃહરિએ કહ્યું છે કેઃ—

श्रोत्रं श्रुतेनैव न तु कुण्डलेन, दानेन पाणिर्न तु कङ्कणेन ।
विभाति कायः करुणापराणां, परोपकारैर्न तु चन्दनेन ॥

માણસનો કાન, જ્ઞાન સાંભળવાથી શોભે છે પણ કુંડળથી શોભતો નથી, હાથ, કંકણથી નહિ પણ દાનથી શોભે છે. તેમજ દયાળુ

હૃદયના પુરૂષોનું શરીર, ચન્દનથી નહિ પણ પરોપકારથી શોભે છે. માટે નિન્દ્ય આચારનો ત્યાગ કરી સત્કાર્યમાં પ્રવર્તવું એજ સાર છે.

નિંદાત્યાગ

तथा सर्वेष्ववर्णवादत्यागो विशेषतो राजादिष्विति ॥२८॥

અર્થ—સર્વ માણસોના દોષકથનનો ત્યાગ કરવો, અને વિશેષ કરીને રાજાઆદિ માનનીય પુરૂષોના દોષ તો કદાપિ પ્રકટ કરવા નહિ.

વિવેચનઃ—કોઈ પણ પ્રાણીનું માઠું બોલવાથી તે પ્રાણી સાથે દ્વેષ થાય છે. દ્વેષ ઉત્પન્ન કરવાનું પારકાની નિંદા જેવું બીજું કોઈ મોટું કારણ નથી. ઉપદેશરત્ન કોશમાં લખ્યું છે કેઃ—

निंदिज्जइ दुज्जणो वि न कयावि

દુર્જનની પણ નિંદા કરવી નહિ.

આ શબ્દોપર ખાસ લક્ષ રાખી વિચાર કરો, તેમાં કેટલું ઉત્તમ રહસ્ય રહેલું છે તેનો ખ્યાલ લાવો. જેને આપણે બરાબર મનુષ્ય ધારતા હોઈએ તેની પણ કદાપિ નિંદા કરવી નહિ. કારણ કે નિંદાથી આપણને તેમજ તેને કોઈ પણ પ્રકારનો લાભ થતો નથી. તે પોતાની નિંદા થતી જાણી પોતાના અવગુણ કબૂલ કરશે નહિ, પણ આપણા પર ઉલટો ક્રોધે ભરાશે અને આપણાથી વિમુખ થશે. તેના બદલે તેને બાનગીમાં સલાહ આપી હોય, તો તે પોતાની ભુલ કબૂલ કરી સુધરવા પોતાથી બનતો પ્રયત્ન કરશે.

દરેક મનુષ્ય દોષને પાત્ર છે, થોડા ઘણા અવગુણથી સર્વે ભરેલાં છે. જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું નથી, ત્યાં સુધી સર્વ મનુષ્યોમાં કોઈને કોઈ પ્રકારનો દોષ તો જણાવાનોજ, તો પછી પારકાની નિંદા કરવા કરતાં, આપણા અવગુણની નિંદા કરી, તે સુધારવામાં વખત ગાળીએ તો તેના જેવું રૂડું કાર્ય બીજું એક પણ નથી.

નિંદાથી સામેા સુધરતેા નથી, પણ નઠેાર બને છે. પણ ખાનગીમાં સલાહ આપવાથી સુધરવા સંભવ છે. હમેશાં ગુણ દૃષ્ટિ રાખવી, દરેક મનુષ્યના ગુણની પ્રશંસા કરવી અને જે ગુણ પેાતાનામાં ન હેાય, તેા તે ખીલવવા પ્રયત્ન કરવેા. ગુણગ્રાહી પુરૂષેાને સર્વત્ર કાંઈને કાંઈ શીખવાનું તથા જાણવાનું મળી આવે છે. જગતમાં એવી એક પણ વસ્તુ નથી, એવેા એક પણ માણસ નથી, અને એક પણ સંજોગ નથી કે જે આપણને કેાઈ પણ પ્રકારનેા બેાધ આપી શકે નહિ.

પારકાના મેલમાં કપડાં ધેાવાથી કેાઈ દિવસ તે ઉજળાં થઈ શકે નહિ; તેજ રીતે પરપુરૂષના અવગુણરૂપ મલીનતાના વિચારેામાં મન પરેાવવાથી આપણેા આત્મા કદાપિ નિર્મળ થઈ શકે નહિ. સામા પુરૂષની નિંદાના વિચારેા કરતાં તેનામાં જે અવગુણ ન હેાય, તે પણ આરેાપવામાં આવે છે, આપણને તેથી કાંઈ પણ લાભ થતેા નથી, પણ તે આપણેા શત્રુ થાય છે. તેવા નિંદાના વિચારેા મનમાંથી કાઢી નાંખવાનેા સૌથી સારેા ઉપાય તેના ગુણ પ્રત્યે દૃષ્ટિ રાખવાનેા છે.

જેમ ભક્ત પુરૂષેા ભક્તિના આવેશમાં ભક્તિના પાત્રમાં કેાઈ અવગુણ હેાય તે પણ ગણુતા નથી, તેજ રીતે આપણે પણ અવગુણ તરફ દૃષ્ટિ ન રાખતાં ગુણગ્રાહી થવું.

"જ્યારે ક્રોધ થાય, જુઠું બેાલવામાં આવે, **બીજાના દોષ નિરર્થક ખુલ્લા કરવામાં આવે,** ખુશામત માટે કાંઈ પણ બેાલવામાં આવે, અથવા કરવામાં આવે, અથવા અપ્રમાણિક વચન કે કાર્યથી કેાઇને છેતરવામાં આવે, ત્યારે **મનને શુદ્ધ કરવાની** જરૂર પડે છે." કારણકે ઉપર જણાવેલા પ્રસંગેામાં મન અપવિત્ર બને છે, પેાતાનું કર્તવ્ય ભૂલી જાય છે અને અશુભ અધ્યવસાયવાળું થાય છે, માટે **નિંદાનેા** સર્વથા ત્યાગ કરવેા એજ ઉત્તમ જનેાનું લક્ષણ છે.

તેમાં રાજા પ્રધાન વગેરે રાજ્યાધિકારીઓની નિંદા તો કદાપિ કરવી નહિ, અસલથી આપણું આર્યાવર્ત **રાજ્યભક્તિમાં** પ્રખ્યાત છે. **અને રાજાઓ પણ પ્રજા તરફ પોતાનો ધર્મ યથાર્થ રીતે બજાવતા હતા.**

"राजा प्रजारंजन लब्धवर्णः" રાજાએ પ્રજાને રંજન કરીને કીર્તિ મેળવી હતી. આવો રાજા પ્રજા વચ્ચેનો ઉચ્ચ સંબંધ હાલમાં ઓછા અંશે આપણી દૃષ્ટિએ પડે છે. છતાં એવો સમય આપણી રાજ્યભક્તિથી લાવી શકાય એમ આ વિવેચનકારની માન્યતા છે.

જો આપણને કર્મના અચળ અને સ્થાયી નિયમમાં પ્રતીતિ હોય તો આપણે કબૂલ કરવું પડશે કે જે રાજા આપણા ઉપર રાજ્ય કરે છે, તે આપણી હાલની આંતર સ્થિતિને યોગ્ય હોવાથીજ મળ્યું છે. સમગ્ર પ્રજાના કર્મ પ્રમાણે રાજા તથા રાજ્ય મળે છે.

સદાચારીનો સંગ, અસદાચારીનો ત્યાગ

तथा असदाचारैरसंसर्गः संसर्गः सदाचारैरिति ॥२९–३०॥

અર્થ—દુરાચારીની સોબત ન કરવી અને સદાચારીની સોબત કરવી; એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

વિવેચન—જેમ સામાન્ય રીતે લોકો અગ્નિથી બળતા, ઉપદ્રવથી હેરાન થતા, અને દુકાળથી પીડા પામતા દેશનો ત્યાગ કરી અન્ય સ્થળે જઈ વસે છે, તેમ આલોક તથા પરલોક અને ઉભય લોકમાં અનીતિકારી આચરણોવાળાને દૂરથીજ નમસ્કાર કરવા, અર્થાત્ તેમનો બિલ્કુલ સંગ ન કરવો.

ખરાબ માણસોની સોબત ત્યજી એટલેથીજ પતયું એમ સમજવાનું નથી. સારા માણસોની સોબત કરવી જોઈએ તેથી તમારા આચાર અને વિચારો બહુજ ઉત્તમ પ્રકારના થશે. સમાન ધર્મીઓ સાથે ગોષ્ઠી કરવાથી ધર્મ ભાવના સતેજ રહે છે અને તે ભાવ-

નામાં વૃદ્ધિ થાય છે. સત્સંગનું માહાત્મ્ય એટલું બધું છે, કે આખો ગ્રન્થ લખીએ તોપણ સંપૂર્ણ રીતે તે દર્શાવી શકાય નહિ.

કવિ ભર્તૃહરિ લખે છે કેઃ—

जाड्यं धियो हरति सिंचति वाचि सत्यं ।
मानोन्नतिं दिशति पापमपाकरोति ।।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं ।
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ।।

સત્સંગ, બુદ્ધિની જડતા હરે છે, વાણીમાં સત્ય સિંચે છે, માન અને ઉન્નતિનો માર્ગ દર્શાવે છે, પાપને દૂર કરે છે, ચિત્તને નિર્મળ કરે છે, દિશાઓમાં કીર્તિને ફેલાવે છે; કહો કે સત્સંગ શું નથી કરી શકતો?

ટીકાકાર લખે છે કેઃ—

यदि सत्संगनिरतो भविष्यसि भविष्यसि ।
अथासज्जनगोष्ठीषु पतिष्यसि पतिष्यसि ।।

જો સારા પુરૂષોની સોબતવાળો થઈશ તો ઐશ્વર્યવાળો થઈશ, અને જો તું અસત્પુરૂષની સોબતમાં પડીશ તો તું સર્વ ઐશ્વર્યથી પતિત થઈશ એટલે સુખ મેળવી શકીશ નહિ, માટે સત્સંગ સેવવો.

માતા-પિતા પૂજન

—तथा मातृपितृपूजेति ।।३१।।

અર્થ—માતાપિતાની પૂજા કરવી.

ભાવાર્થ:—ભારતભૂમિ કે જે આર્ય આચારોને લીધે પ્રસિદ્ધ છે તેમાં માતા-પિતાની ભક્તિ એ ઉત્તમ આચાર છે.

જે દિવસે પોતાના રાજ્યાભિષેક માટે સઘળી તૈયારીઓ થઈ રહેલી છે, ચારે બાજુ આનંદ વ્યાપી રહેલો છે, તેજ દિવસે પોતાના પિતાનું વચન રાખવા રાજપાટ મૂકી વનવાસમાં ચૌદ વર્ષ સુધી

જવાનું હર્ષ સાથે કબૂલ કરે–એવા પિતૃભક્ત રામચંદ્રનું દૃષ્ટાન્ત તમે બીજા કયા દેશના ઇતિહાસમાંથી શોધી શકશો ?

ચરમ તીર્થંકર પૂજ્ય ભગવાન શ્રી મહાવીર સ્વામી જ્યારે ત્રિશલા દેવીના ઉદરમાં આવ્યા પછી પોતાની માતાને દુઃખ ન થાય એમ ધારી કેટલોક સમય અચળ રહ્યા. તે વખતે તેમની માતા કાલાંત કરવા લાગ્યાં અને તેમને મૂર્ચ્છા આવી ત્યારે ભગવાને મન સાથે દૃઢ સંકલ્પ કર્યો કે "અહો ! માતાનો પ્રેમ કેવો અપૂર્વ છે ! હજુ મને જોયો નથી તે પહેલાં તેનામાં આટલો સ્નેહ વર્તે છે, તો પછી મને જોયા પછી તેના સ્નેહનું પૂછવું જ શું ? ત્યારે હું દીક્ષા લઈશ તે તેનાથી કેમ સહન થઈ શકશે ? માટે જ્યારે મારા માત-પિતા સ્વર્ગે જશે ત્યારેજ હું દીક્ષા લઈશ."

આ વિચાર તરફ–ભગવાનની માતપિતાની ભક્તિ તરફ–જરા સ્થિર ચિત્તથી દૃષ્ટિ લાવો. જે ભગવાનને આપણે પૂજ્યમાં પૂજ્ય ગણીએ છીએ, અને જેમના દરેક બોલને આપણે માન આપીએ છીએ, તેમણે જે દાખલો પોતાના જીવનચરિત્રથી બેસાડયો છે, તે ઉપર જો આપણે દુર્લક્ષ આપીએ, તો આપણે ખરેખર ભગવાનની આજ્ઞા વિરૂદ્ધ વર્તનારા કહેવાઈએ. માટે માતાપિતાનો ઉપકાર હૃદ-યમાં લાવી તેમને જેથી સુખ ઉપજે તેમ વર્તવું, તેમનું પૂજન શી રીતે કરવું.

ટીકાકાર તે જણાવતા કહે છે કેઃ—

पूजनं चास्य विज्ञेयं त्रिसंध्यं नमनक्रिया ।
तस्यानवसरेप्युच्चैश्चेतस्यारोपितस्य तु ॥ १ ॥

પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ તથા સાયંકાળે માતા પિતા વગેરે પૂજ્ય વર્ગને નમસ્કાર કરવા તેનું નામ પૂજન કહેલું છે. અને તે શક્ય ન હોય તોપણ ચિત્તમાં તેમનું ઉચ્ચ પ્રકારે આરોપણ કરી

નમસ્કાર કરવો. પરદેશ જતી વખતે અને આવીને પણ વિનયપૂર્વક નમસ્કાર કરવો.

માતાનું હૃદય બહુજ પ્રેમાળ હોય છે, અને તેણે આપેલ આશીર્વાદ પુત્રના કાર્યની સિદ્ધિમાં અગત્યનો ભાગ ભજવે છે. તેમના ઉપર ક્રોધ કરવો નહિ, અને તેમના પ્રત્યે ઉદ્ધત થઈ કટુ વચન બોલવાં નહિ, તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ, તેમની કુઆશિષને પાત્ર કદાપિ થવું નહિ.

તે આપણા માટે જે દુઃખ સહન કરે છે, આપણને ભણાવવા પોતાની પાસે અલ્પ સાધન હોવા છતાં જે પ્રયાસ કરે છે, તેમજ દુઃખ વેઠીને આપણને સુખી કરવા તત્પર રહે છે, તેમજ આપણા કલ્યાણ માટે પોતાના હૃદયમાંથી પ્રેમનાં ઝરણાં વ્હેવરાવે છે, એ સર્વ સ્મરણમાં રાખી તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

સ્થાનાંગ સૂત્રમાં લખ્યું છે કે તેમને પ્રસન્ન કરવાને ગમે તેવાં કાર્ય કરીએ તોપણ તેમના ઉપકારનો બદલો વળી શકે તેમ નથી. તેમને ધર્મરત્નની પ્રાપ્તિ કરાવવારૂપ એક જ સાધનથી તેમના ઉપકારનો બદલો વળી શકે. માટે જ્યારે પોતાનામાં બરાબર કમાવા જેટલી શક્તિ આવે, ત્યારે ધર્મ વ્યાપારમાં વર્તતાં માતા પિતાને તે કાર્યમાં સ્થિર કરવાં. "આજથી ઘરનો સઘળો કાર્યભાર મારે શિર છે. તમારે તે બાબતની ચિંતા કરવી નહિ. તમે નિશ્ચિંત થઇ ધર્મ ધ્યાન કરો." એવાં એવાં સુવાક્યોથી તેમને ધર્મ કાર્યમાં વધારે ઉત્સાહ આપવો. ટુંકમાં તેમનું ચિત્ત જેથી પ્રસન્ન રહે તેવાં કાર્યો તેમની આજ્ઞાનુસાર કરવાં એજ સુપુત્રનું લક્ષણ છે. ગુરૂવર્ગની ગણના પણ શાસ્ત્રકારે આ વિષયમાં કરેલી છે. કહ્યું છે કે:-

माता पिता कलाचार्य एतेषां ज्ञातयस्तथा ।
वृद्धा धर्मोपदेष्टारो गुरुवर्गः सतां मतः ॥ १ ॥

માતા, પિતા, કળા શિખવનાર કળાચાર્ય, તેમની જ્ઞાતિ, વૃદ્ધ

પુરૂષો, તથા ધર્મના ઉપદેશકો એ સર્વના સમુદાયને સંતોએ ગુરૂ વર્ગ માનેલો છે.

ઉપર જણાવેલ ગુરૂવર્ગનો વિનય તથા બહુમાન કેમ કરવાં તે પણ શાસ્ત્રમાં જણાવેલું છે.

अभ्युत्थानादियोगश्च तदन्ते निभृतासनम् ।
नामग्रहश्च नास्थाने नावर्णश्रवणं क्वचित् ॥

ગુરૂજન આવે ત્યારે ઉભા થવું, સામા જવું, આસન આપવું અને સુખશાંતિ પૂછવી તથા તે પ્રસન્ન થાય તેમ વર્તવું. તેમની નજીક સ્થિર આસને બેસવું. તથા અયોગ્ય સ્થળે તેમનું નામ ગ્રહણ કરવું નહિ. પવિત્ર સ્થાને રહી કરેલો મંત્રાક્ષર ફળીભૂત થાય છે, તેમ ગુરુવર્ગનું નામ પણ પવિત્ર રાખવું, વળી કોઈપણ સ્થળે તેમનો અવર્ણવાદ (નિંદા) ન સાંભળવો. જો શક્તિ હોય તો પ્રત્યુત્તર આપી નિંદા કરનારને બોલતો બંધ કરવો, અને જો શક્તિ ન હોય તો તે સ્થાનેથી ઉઠી બીજે ચાલ્યા જવું. આ સર્વ બાહ્ય વિનયના ગુણ છે.

ગુરૂવર્ગ ઉપરનું બહુમાન એ હૃદયનો અંતરંગ ભક્તિભાવ છે, જે ઉપરોક્ત પ્રવૃત્તિથી જણાય છે. માટે કદાચ કોઈ કારણ પ્રસંગે વિનયમાં ખામી આવી જાય પણ બહુમાનમાં તો ખામી નજ આવવી જોઈએ. કારણ કે ગુરૂવર્ગ આપણી બાહ્ય ક્રિયા કરતા આપણા ભાવને વધારે જુએ છે, અને પારખી પણ શકે છે. માટે માતા, પિતા તથા ગુરૂ-વર્ગનો વિનય અને બહુમાન ભાવ સહિત કરવાં. એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

आमुष्मिक योगकरणं तदनुज्ञया प्रवृत्तिः प्रधानाभिनवोपनयनं तद्भोगे भोगोऽन्यत्र तदनुचितादिति ॥ ३२ ॥

અર્થ : માતાપિતાને પરલોક હિતકારી દેવપૂજા, સામાયિક વિગેરે ધર્મ વ્યાપારમાં જોડવા, તેમની અનુજ્ઞા પૂર્વક પ્રવૃત્તિ કરવી, નવીન વસ્ત્ર, ફલ, ફૂલ આદિ આવે તે પ્રથમ તેમને આપવા, તેઓએ ઉપયોગ કર્યા પછી પોતે ઉપયોગ કરવો અને તેમને અનુકુળ ન હોય યા બંધ હોય તો જુદી વાત.

ભાવાર્થ–આવા ઉપકારી માતા-પિતાના ઉપકારનો બદલો કોઈ પણ રીતે વાળી શકાતો નથી. શાસ્ત્રકારોએ તો ત્યાં સુધી કહ્યું છે કે આપણા ચામડાના જુતા બનવડાવીને એ માતા-પિતાને પહેરાવવામાં આવે તો પણ ઉપકારનો બદલો વાળી શકાય નહિ.

હાં ! એ ઉપકારના ઋણમાંથી કંઈક અંશે હળવા થવા માટે તથા ઉપકારને કૃતજ્ઞભાવે સ્વીકારીને પૂજ્ય ઉપકારી માતા-પિતા આદિ વડીલોને પરલોકમાં એકાંત હિતકારી પ્રભુ પૂજામાં જોડવા.

પ્રભુ પૂજામાં મગ્ન બનેલા વડીલો જેટલી આત્મ જાગૃતિ લાવશે તેના લાભ આપણને મળશે. તેવી જ રીતે સામાયિક વિગેરે ધર્માનુષ્ઠાનોમાં પ્રેમ પૂર્વક-ભક્તિ પૂર્વક જોડવા.

પૂજ્યોનાં આશીર્વાદથી પ્રારંભ કરેલ કોઈ પણ કાર્ય સફળ થાય છે તેથી દરેક કાર્ય–પ્રવૃત્તિ માટે એ પૂજ્યોની અનુજ્ઞા લેવી.

જો હૈયામાં બહુમાન-પ્રિતિ–ભક્તિ હશે તો જ એ ઉપકારીઓ પ્રત્યે કૃતજ્ઞતાભાવ ટકાવી શકાશે અને એમની ભક્તિ માટે નવાવસ્ત્રો–ફલ–ફૂલ વિગેરે જે આવે તે પ્રથમ તેમને આપવા અને તેઓએ ઉપયોગ કર્યા પછી પોતે ઉપયોગ કરવો.

કોઈ કારણસર પૂજ્યવડીલને એ વસ્તુ અનુકુળ ન હોય અથવા ત્યાગ હોય, તો પોતે એમની અનુજ્ઞા પૂર્વક ઉપયોગ કરવી, તે ગૃહસ્થનું કર્તવ્ય છે.

ઉદ્વેગજનક પ્રવૃત્તિત્યાગ

તથા અનુદ્વેજનીયા પ્રવૃત્તિરિતિ. ॥ ૩૩ ॥

અર્થ : કોઈને ઉદ્વેગ ન થાય તેવી પ્રવૃત્તિ કરવી.

ભાવાર્થ–સ્ત્રી અથવા પુરૂષ કોઈના પણ મનને આપણી પ્રવૃત્તિથી અશાંતિ–ઉદ્વેગ થાય તેવું કાર્ય કરવું નહિ, અથવા તેવું વચન બોલવું નહિ, કારણ કે તેથી પોતાના મનની સ્થિરતા થતી નથી. જેવું કર્મ તેવું ફળ. માટે બીજાને ઉદ્વેગ કરાવનારૂં પ્રવર્તન સર્વથા ત્યજવા લાયક છે.

નિરંતર કાર્ય કરતાં અથવા વચન બોલતાં અગાઉ પોતનાં કાર્યો તથા વચનોની શી અસર થશે, તે પર લક્ષ આપવું જોઈએ અને તે માટે પોતાની જીભને નિયમમાં રાખવી. અમૃત અથવા ઝેર જીભમાં રહેલું છે. જે જીભ મિત્રતા કરાવે છે, તેજ જીભ શત્રુતા કરાવે છે. જીભમાં વશીકરણમંત્ર રહેલો છે, અને મિત્રતા તોડવાનાં કારણો પણ તેમાંજ રહેલાં છે. "બીજાનું ભુંડું બોલી મનુષ્ય આ જીભારૂપ કુહાડાવતી પોતાનોજ નાશ કરે છે."

જ્યારે આપણામાં ક્રોધ વ્યાપી રહ્યો હોય, ત્યારે તો સર્વથા મૌનવ્રત ધારણ કરવું, કારણ કે તે સમયમાં એવા શબ્દો બોલી જવાય છે કે જેથી આખી જીંદગી સુધી તે શબ્દો ખટકે છે. શસ્ત્રનો ઘા ઝટ રૂઝાય છે, પણ વચનનો કારમો ઘા જીંદગી પર્યન્ત રૂઝાતો નથી, માટે બોલતાં પહેલાં વિચાર કરો. ભાષાશુદ્ધિ રાખતાં શીખો, કે જેથી જીવ સર્વથા પ્રિય થઇ પડે, આવીજ રીતે કાર્ય કરતાં પણ વિચાર કરવાની જરૂર છે.

"मनःपूतं चरेत्कार्यम्"

મનથી પવિત્ર કરેલું કાર્ય કરવું.

આ જગતમાં જે અનર્થ થાય છે તેમાંના ઘણાખરા અવિચા-

રને લીધેજ થાય છે. ઘણા માણસો અમુક કાર્ય કર્યા પછી તેનું અનિષ્ટ પરિણામ આવશે એવો ભય રાખી નીચે પ્રમાણે બોલત સાંભળવામાં આવે છે.

"જો મેં વિચાર કર્યો હોત, તો હું કદી તે કાર્ય કરત નહિ.

"જો મેં જરા પણ વિચાર કર્યો હોત, તો હું કદાપિ તે રીતે વર્તત નહિ.

જો મેં એક ક્ષણભર પણ મગજને વિચાર કરવાની તસ્દી આપી હોત, તો તે મૂર્ખતા ભરેલો શબ્દ હું ઉચ્ચારત નહિ, અને તે અસભ્ય કાર્ય કદી પણ આચરત નહિ."

માટે બાળપણથી જ વિચાર કર્યા સિવાય નહિ બોલવા તેમજ વિચાર કર્યા સિવાય કાર્ય નહિ કરવા તમારી જાતને કેળવો; તો શરીર તેની મેળેજ મનને અનુસરતાં શીખશે, અને અવિચારીપણું જેને લીધે બીજાને ઉદ્વેગ કરાવનારી પ્રવૃત્તિ ઘણે ભાગે થાય છે તેનો નાશ થશે.

જૈનશાસ્ત્રમાં કહેલા ચૌદ નિયમોમાં આ પણ એક ઉચ્ચ ઉદ્દેશ રહેલો છે. જ્યારે માણસે નિયમ કરેલો હોય છે ત્યારે મનુષ્ય દરેક કાર્ય કરતાં વિચાર કરે છે કે અમુક કાર્ય કરવાથી મારા નિયમનો તો ભંગ નહિ થાય. એ વિચારથી તેને પ્રમાદ રહિત અવસ્થામાં રહેવું પડે છે. આ મનની અપ્રમત્ત અવસ્થા આગળ જતાં બહુજ ઉપયોગી થાય છે, માટે આવી રીતે મનને કેળવવું, અને બીજાને ઉદ્વેગ થાય તેવું કાર્ય કરવું નહિ, અથવા વચન બોલવું નહિ એ સાર છે.

આશ્રિતનું પોષણ

तथा भर्तव्यभरणमिति ॥ ३४ ॥

અર્થ [illegible] હોય તેનું ભરણ પોષણ કરવું.

ભાવાર્થ:–માતાપિતા, પોતાને આશ્રયિને રહેલા સગાં સંબંધી અને સેવક વર્ગનું પોષણ કરવું એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે. તેમાં માતાપિતા, પોતાની સતી સ્ત્રી અને પુખ્ત ઉમરે નહિ પહોંચેલા બાળકોનું અવશ્ય રક્ષણ કરવું. આ સંબંધમાં ટીકાકાર મનુસ્મૃતિનો શ્લોક ટાંકી જણાવે છે કે:—

વૃદ્ધૌ ચ માતાપિતરૌ સતીં ભાર્યાં સુતાઞ્ શિશૂન્ ।
અપ્યકર્મ શતં કૃત્વા ભર્તવ્યાન્ મનુરબ્રવીત્ ॥

સેંકડો અકર્મ કરીને પણ વૃદ્ધ માતપિતા, સતી સ્ત્રી, અને નાના બાળકોનું રક્ષણ કરવું એમ મનુ કહે છે અને જો પોતાની પાસે ધનસંપત્તિ સારી હોય તો બીજા પણ પોષણ કરવા યોગ્ય છે, એમ શાસ્ત્રકાર બતાવે છે.

મહાભારતમાં **ભીમ** યુધિષ્ઠિરને કહે કે:—

चत्वारि ते तात ! गृहे वसन्तु, श्रियाभिजुष्टस्य गृहस्थधर्मे ।
सखा दरिद्रो, भगिनी व्यपत्या, जातिश्च वृद्धो विधनः कुलीनः ॥

"હે વડિલ ! ગૃહસ્થ ધર્મમાં રહેલા અને લક્ષ્મીવાળા તારે તારા ઘરમાં આ ચાર માણસોને પણ રાખી તેમનું પોષણ કરવું:-

દુખી મિત્ર, પતિ વગરની પોતાની બ્હેન, પોતાની જાતિનો કોઈ પણ વૃદ્ધ અને ધન રહિત થયેલો કુળવાન પુરૂષ; એ ચાર પ્રકારના માણસોનું લક્ષ્મીવાળા ગૃહસ્થે રક્ષણ કરવું જોઈએ.

માણસે જોખમદારી પોતાના શિરે લેતાં પહેલાં બહુજ વિચાર કરવો, અને એકવાર લીધી તો પછી તેનો નિર્વાહ કરવો એ તેનો ધર્મ છે; અને જે લોકો જોખમદારી લઈને બરાબર અદા કરતા નથી, અને ભરણ પોષણ કરવા યોગ્ય કુટુંબ વર્ગને નિરાધાર સ્થિતિમાં મુકે છે, તેઓ સ્વકર્તવ્યથી ચૂકે છે. માટે આફત વેઠીને, દુઃખ સહન કરીને અને પોતના સુખનો ભોગ આપીને પણ માતા

સ્ત્રી, બાળક અને પોતાના આશ્રયે રહેલાં સ્વજનોનું રક્ષણ કરવું– એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

અહીં પ્રશ્ન થાય છે કે શું તેમને બેઠે બેઠે આળસુ અને નિરૂદ્યમી બનાવવા ? તેનો જવાબ શાસ્ત્રકાર આપે છે.

तथा यथोचितं विनियोगः ॥ ३५ ॥

અર્થ : ઉચિત કાર્યમાં રક્ષણીય વર્ગને જોડવો.

ભાવાર્થ:—દરેક માણસે કાર્ય કરવું જ જોઈએ. આપણામાં કહેવત છે કે 'નવરા બેઠા નખોદ વાળે' 'આળશ એ મનુષ્યનો કટ્ટર શત્રુ છે અને ઉદ્યમ સમાન કોઈ બંધુ નથી.' માટે તેમને કોઈ પણ પ્રકારના ઉદ્યમમાં લગાડવાં. વૃદ્ધ માત પિતાને ધર્મ કાર્યમાં લગાડવાં, અને બીજા સૌને ઉચિત કાર્યમાં જોડવા.

જે માણસને કાંઈ પણ કામ કરવાનું હોતું નથી, તે પોતાની શક્તિ જુગાર વગેરે અકાર્યમાં વાપરે છે. આવી વર્તણુકથી તે માણસ નકામો બને છે, અને પોતાના સ્વામી ઉપર દોષ લાવે છે. આવા પ્રકારની પ્રવૃત્તિ તે અપકાર સમાન છે. કારણ કે તેને પોતાના ભરણ પોષણની ચિંતા રહેતી નથી તેથી પોતાનો સમય ગમે તેવા અકાર્યમાં ગાળતાં શીખે છે, અને તેથી તેની દુર્ગતિ થાય છે. આનું નિમિત્ત કારણ તેને સહાય આપનાર ઠરે છે. માટે તેવા માણસને યોગ્ય કામમાં જોડી તેનું ભરણ પોષણ કરવું, એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

तथा तत्प्रयोजनेषु बद्धलक्षतेति ॥ ३६ ॥

અર્થ : તે પોષ્ય–રક્ષણીય વર્ગના પ્રયોજન સંબંધી લક્ષ રાખવું.

ભાવાર્થ:—પોષ્ય વર્ગને જે જે કામ સોંપ્યું હોય, તે તે કામ તે બરાબર કરે છે કે નહિ તેની બરાબર તપાસ રાખવી. સારૂ કામ

કરનારની કદર કરવી. કોઈની ભૂલ થતી હોય તે સુધારી તેને સીધે માર્ગે ચડાવવો; જેથી તેઓ પોતાને સોંપેલાં કાર્યમાં વધારે લક્ષ આપતા થશે. કારણ કે જો સ્વામી કામ સોંપીને પછી તે ઉપર લક્ષ ન આપે તો તેઓ ચિંતા રહિત થાય છે, અથવા તેમને પડતી આપત્તિ તરફ લક્ષ ન રાખે તો તેઓ અંદરથી દુઃખી થાય છે, અને તેથી પ્રસન્ન મનથી જેવું કાર્ય કરવું જોઈએ તેવું તેઓ કરતા નથી અને તેથી નુકશાન આખરે પોતાને જ થાય છે, માટે તેમને સોંપેલાં કાર્યો તરફ સ્વામીએ ધ્યાન રાખવું.

तथा अपायपरिरक्षोद्योग इति ॥ ३७ ॥

અર્થ:—તે પોષ્યવર્ગની અનર્થથી રક્ષા કરવા પ્રયત્ન કરવો.

ભાવાર્થ:—આલોક તથા પરલોક સંબંધી જે કોઈ આપત્તિ પોષ્યવર્ગ ઉપર આવે તેને દૂર કરી તેમને સુખી કરવા, સ્વામીએ પોતાથી બનતો ઉદ્યમ કરવો.

જ્યારે વખત આવે સ્વામી આ રીતે સેવકોનું દુઃખ દૂર કરવા કરે છે, ત્યારે જ સેવકોના મનમાં ખરેખરો ભક્તિભાવ જાગૃત થાય છે.

'યોગ ક્ષેમંકરઃ સ્વામી સ્વામી, **'યોગ'** અને **'ક્ષેમ'** નો કરનાર છે. ન મળેલી વસ્તુ મેળવી આપે તે **'યોગ'** અને મેળવેલી વસ્તુનું રક્ષણ કરે તે **'ક્ષેમ'** માટે આ બન્ને કાર્યો સ્વામીએ કરવા જોઈએ. ત્યારે જ ખરું સ્વામિપણું મળે છે; અને ત્યારે જ ખરો સેવ્ય–સેવક ભાવ દીપી નીકળે છે.

तथा गर्ह्यं ज्ञानस्वगौरवरक्षेति ॥ ३८ ॥

અર્થ : પોષ્ય વર્ગનું વર્તન નિન્દનીય થાય, ત્યારે

તેનો બરાબર નિર્ધાર કરવો અને પોતાના ગૌરવની રક્ષા કરવી.

ભાવાર્થ:—કોઈ પણ કારણથી આપણે એમ સાંભળીએ કે જે વર્ગનું આપણે પોષણ કરીએ છીએ, તે વર્ગનું વર્તન નિન્દાયુક્ત થયું છે, તો પ્રથમ તે બાબતનું ચોક્કસ જ્ઞાન મેળવવું; **કાચા કાન રાખવા નહિ.** તેમજ કેવળ સાંભળેલી વાત ઉપરથી ચોક્કસ અભિપ્રાય બાંધી લેવો નહિ. બન્ને બાજુએ સાંભળવી. બચાવમાં તેણે શું કહેવાનું છે, તે બરાબર ધ્યાનમાં રાખવું, અને **પછી મત બાંધવો.**

જગતમાં ત્રણ પ્રકારનાં મિથ્યાજ્ઞાન છે, સંશય, વિપર્યય, અને અનધ્યવસાય. આ ત્રણ મિથ્યાજ્ઞાન રહિત તે સત્યજ્ઞાન કહેવાય છે.

આ આમ છે, અથવા 'આ આમ નથી' એ રીતે બે વિરૂદ્ધ પ્રકારનું જ્ઞાન એક વસ્તુના સંબંધમાં થાય, તેને સંશય જ્ઞાન કહેવાય છે.

અગ્નિ ઠંડો છે એવું વિપરીત જ્ઞાન તે વિપર્યય જ્ઞાન કહેવાય છે.

આ કાંઈક છે, પણ શું છે તેનો નિર્ધાર ન કરવો તે અનધ્યવસાય જ્ઞાન કહેવાય છે.

આવાં ત્રણ મિથ્યાજ્ઞાન રહિત જે સમ્યગ્ જ્ઞાન, તેનાથી સેવકનો દોષ છે કે નહિ તેનો નિર્ણય કરવો.

નિર્ણય કરતાં આપણને તે નિર્દોષ જણાય, તો તેના અસલના સ્થાન ઉપર સ્થાપવો, પણ જો દોષયુક્ત જણાય, તો આ લોક તથા પરલોક સંબંધી કાર્યમાં તેને અગ્રેસરપણું ન આપવું. પોતાનું ગૌરવ અથવા માન, પ્રતિષ્ઠા જળવાઈ રહે તેમ વર્તવું.

"ગૌરવની રક્ષા કરવી" એનો બીજો પણ અર્થ થાય છે. પોતે પ્રથમ કરેલા તેના ગૌરવની—માન પ્રતિષ્ઠાની રક્ષા—કરવી એટલે

નાશ કરવો. બીજા શબ્દોમાં કહીએ તો તેને ઉચ્ચપાયરી પરથી નીચે ઉતારી મૂકવો. કારણ કે નિન્દનીય વર્તનવાળાને ઉચ્ચપદ આપવાથી પોતાની ઇજ્જત આબરૂને ધક્કો લાગે છે.

દેવ-અતિથિ-રંક સેવા

तथा-देवातिथिदीनजनप्रतिप्रत्तिः ॥ ३९ ॥

અર્થ : દેવ, અતિથિ અને રંક જનની સેવા કરવી.

વિવેચન—ક્લેશ ઉત્પન્ન કરનાર કર્મના સેંકડો વિપાકથી મુક્ત થયેલા, અને જેમની દેવતાઓ નિરંતર સ્તુતિ કરે છે, જેમ-નામાં અનંત વીર્ય અને અનંત સુખ છે, અને જે કરૂણાની મૂર્તિ છે, તે દેવ કહેવાય છે. તેમને અજ, અર્હત્, અરૂહન્, અનંત, બુદ્ધ, શંભુ, ઈત્યાદિ નામ આપવામાં આવેલાં છે. પણ સર્વ નામ પરમાત્માના ગુણને સૂચવનારાં છે. માટે એવા દેવની નિરંતર ભક્તિ કરવી.

જેઓ સર્વ દિવસોને એક સરખા માને છે, અને ગૃહસ્થની જેમ તિથિઓમાં ભેદ રાખતા નથી, તે અતિથિ કહેવાય છે. કહ્યું છે કે:—

तिथिः पर्वोत्सवाः सर्वे त्यक्ता येन महात्मना ।
अतिथिं तं विजायानीयाच्छेषमभ्यागतं विदुः ॥

જે મહાત્મા પુરૂષોએ પર્વ ઉત્સવ આદિ વિશેષ તિથિઓ ત્યાગ કરી છે, તેમને **અતિથિ** સાધુ જાણવા, અને બાકીનાને **અભ્યાગત** કહેવા.

આવા સાધુ મુનિરાજોની યથાશક્તિ ભક્તિ કરવી, અને અન્ન-પાન આપી આદરસત્કાર કરવો; કારણ કે તીર્થંકરો અને કેવળ જ્ઞાનીઓના અભાવે તેવો જ્ઞાનના રક્ષણ કરનારા અને પરંપરાએ

સાચવી રાખનારા છે.

જ્ઞાન મેળવવાના ત્રણ રસ્તા છે. ધન, વિદ્યા અને ગુરૂપાદ શુશ્રુષા–ગુરૂ ભક્તિ, તેમાં ત્રીજો સૌથી ઉત્તમ છે. જ્યારે શિષ્યની ભક્તિથી ગુરૂ પ્રસન્ન થાય છે ત્યારેજ તેમના હૃદયમાંથી જ્ઞાનપ્રવાહ વહે છે, અને ત્યારેજ અલ્પ સમયમાં શિષ્ય પણ જ્ઞાની બને છે. માટે ગુરૂકૃપા મેળવવા તેમની તન, મન અને ધનથી ભક્તિ કરવી એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

જે લોકોની શક્તિ ક્ષીણ થઈ ગઈ હોય, અને જેઓ ગરીબ સ્થિતિમાં આવી ગયા હોય, તેવા દીન–રંક જનને ધન આપવું એ ગૃહસ્થનો ઉચિત ધર્મ છે.

આત્માનો આનંદ સ્વભાવ ખીલવવા માટે દાન જેવો એક પણ ઉત્તમ માર્ગ નથી.

બીજાનું દુઃખ જોઈ તમારા મનમાં દયા વસે ત્યારે તમે તે દુઃખીનું દુઃખ દૂર કરવા પ્રયત્ન કરો છો તેથી તમને તથા દાન લેનારને, બંનેને આનંદ થાય છે. દાન તે તો દૈવી ગુણ છે.

શાસ્ત્રમાં ધનની ત્રણ ગતિઓ કહેલી છે. દાન, ભોગ, અને નાશ, જેઓ પરોપકારાર્થે ધનનો દાનમાં વ્યય કરતા નથી, અથવા સ્વાર્થે ધન ખરચતા નથી, તેમના ધનની ત્રીજી ગતિ એટલે નાશ થાય છે, માટે પ્રસંગ મળતાં યથાશક્તિ દાન કરવું. કારણ કે ધન મરણ સમયે આપણી સાથે આવતું નથી, પણ ધન આપવાથી વૃદ્ધિ પામેલી દયાવૃત્તિ તો સાથે આવે છે. માટે દીનનો તિરસ્કાર નહિ કરતાં સ્વશક્તિ અનુસાર તેનો ઉદ્ધાર કરવો.

આ રીતે દેવ, અતિથિ અને દીનની સેવા કરવી, તેમાં પણઃ–

तदौचित्याबाधनमुत्तमनिदर्शनेनेति ॥४०॥

અર્થ : દેવાદિના ઔચિત્યનું ઉલ્લંઘન ન કરવું, અને ઉત્તમ પુરૂષના માર્ગે ચાલવું.

ભાવાર્થ :—સેવા કરવી એમ આપણે જણાવી ગયા છીએ, પણ તે ઉપરથી બધાની એક રીતે સેવા કરવી એમ ન સમજવું. પાત્રભેદે ભક્તિનો ભેદ સમજવો. સેવાના ઉત્તમ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકાર છે. દેવની ઉત્તમ પ્રકારે, અતિથિની મધ્યમ પ્રકારે અને દીનની જઘન્ય પ્રકારે સેવા કરવી એવો આ સૂત્રનો ફલિતાર્થ છે.

દરેક ઠેકાણે ઉચિતપણું તો વિચારવું. જ્યાં ઉચિતતા નથી, ત્યાં અનેક સદ્‌ગુણો પણ ક્ષણવારમાં નાશ પામે છે. બીજા શબ્દોમાં કહીએ તો જેનો જેવો વિનય કરવો ઘટે, તેનો તેવો વિનય કરવો. ઉચિતપણાના સંબંધમાં શાસ્ત્રકાર કહે છે કે:—

औचित्यमेकमेकत्र, गुणानां राशिरेकतः ।
विशीर्यते गुणग्रामः औचित्यपरिवर्जितः ।।

એક જગ્યાએ એકલું ઔચિત્ય મૂકો, અને એક જગ્યાએ સર્વ ગુણનો સમૂહ મૂકો, છતાં ઔચિત્ય રહિત ગુણનો સમૂહ નાશ પામશે. માટે જ્યાં જેને ઘટે તેવું તેને સન્માન આપવું એજ સાર છે.

આ બાબત આપણે શી રીતે જાણીએ ? તો તેના જવાબમાં શાસ્ત્રકાર કહે છે કે ઉત્તમ પુરૂષના દૃષ્ટાન્તથી જે પુરૂષો બીજા લોકોથી અતિશય શ્રેષ્ઠ રીતે વર્તે, તથા પરોપકારી અને પ્રિયવચનવાળા હોય, તેમને ઉત્તમ પુરૂષ કહેવાય છે. રાજર્ષિ ભર્તૃહરિ નીતિશતકમાં લખે છે કે:—

मनसि वचसि काये पुण्यपियूषपूर्णाः
त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ।।

મન, વચન અને કાયાથી સુકૃત કરી પુણ્ય રૂપી અમૃતથી ભરેલા, અને ઉપકારો કરી ત્રણે ભુવનને આનંદ આપનારા, પારકાના

સ્વલ્પ ગુણને પર્વત તુલ્ય માની, પોતાના હૃદયમાં પ્રસન્ન થનારા સંત પુરૂષો આ જગતમાં વિરલા છે.

આવા ઉત્તમ પુરૂષોને અનુસરવાથી માણસનું મન ઉદાર થાય છે, અને તેની પ્રકૃતિ વિકારવાળી થતી નથી. માટે એવા સત્પુરૂષોનો સમાગમ કરી ઔચિત્ય શીખવા, અને શીખ્યા પછી તેનું રક્ષણ કરવા પ્રયત્ન કરવો એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

હવે ભોજન કેવી રીતે કરવું તે જણાવે છે.

પ્રકૃતિને અનુકૂળ ભોજન

तथा सात्म्यतः कालभोजनमिति ॥४१॥

અર્થ : પોતાની પ્રકૃતિને અનુકૂળ આવે એવી રીતે યોગ્ય કાળે, ભોજન કરવું.

ભાવાર્થ : જે પુરૂષ પોતાની પ્રકૃતિને અનુકૂળ અન્નપાન લે છે તેજ સુખી થાય છે.

જે અવસરે ભૂખ લાગી હોય, તે અવસરે ભોજન કરવું, તેને કાળ ભોજન કહેવાય છે.

પ્રકૃતિ અનુકૂળ અન્નપાન લેવું તેને સાત્મ્ય ભોજન કહેવાય છે.

લૌકિક શાસ્ત્રમાં એમ કહેલું છે કે જન્મથી આરંભી સાત્મ્યપણે ખાધેલું વિષ પણ પથ્ય થાય છે, અને અસાત્મ્યપણે ખાધેલું પથ્ય પણ પ્રકૃતિને પ્રતિકૂળ થાય છે.

માણસની પ્રકૃતિનો આધાર વય, બળ, દેશ, કાળ વગેરે ઘણી બાબતો પર રહેલો છે. માટે આ બધાનો વિચાર કરીને જે અન્નપાન લેવામાં આવે છે, તે સર્વ બરાબર પચી જઈ શરીરને મજબૂત બનાવે છે. બળવાન પુરૂષને ગમે તેવી ખાધેલી વસ્તુ પથ્ય થાય છે એમ ધારી, કાલકૂટ ઝેર ન ખાવું; કારણ કે ઝેરને ઉતારનારો માણસ પણ કોઈક સમયે ઝેરથી મરણ પામે છે. જે માણસ

ભૂખ્યો નથી, તે અમૃત ખાય તો પણ વિષરૂપ થાય છે. ભૂખનો સમય વીત્યા પછી ખાવામાં આવે તો અરૂચિ ઉત્પન્ન થાય છે, અને બરાબર ખવાતું નથી. અગ્નિ શાંત પડયા પછી લાકડાં શું કરી શકે? કાંઈપણ કરી શકે નહિ. તેમ વખત ગયે, જઠરાગ્નિ મંદ પડયા પછી ખાધેલું ભોજન કાષ્ઠરૂપ થાય છે, અને અવગુણ કરે છે, માટે જે વખતે બરાબર ભૂખ લાગે તે જ વખતે ભોજન કરવું એ સાર છે.

આ સંબંધમાં ભાવમિશ્ર લખે છે કેઃ—

क्षुत्संभवति पक्वेषु रसदोषमलेषु च ।
काले वा यदि वाकाले सोन्नकाल उदाहृतः ॥१॥
भोजनेच्छाविधातात्स्यादंगमर्दोरुचिः श्रमः ।
तन्द्रालोचनदौर्बल्यं धातुदाहो बलक्षयः ॥२॥

રસદોષ અને મળ પાકી જાય ત્યારે ભૂખ લાગે છે માટે સમય થયો હોય કે ન થયો હોય, તો પણ ભૂખ લાગે ત્યારે જમવાને સમય થયો છે એમ સમજવું. આ પ્રમાણે ભૂખ લાગે ત્યારે ન ખાવામાં આવે તો શરીર તુટે છે, અરૂચિ, અને કંટાળો આળસ આવે છે, આંખો નબળી પડે છે, ધાતુ બળવા લાગે છે અને બળનો નાશ થાય છે. આ પ્રમાણે ભૂખ્યા રહેવાથી ઉપરોક્ત પીડા ન થાય, તેમજ અજીર્ણ પણ ન થાય તેવા સમયે ખાવું.

तथा लौल्यतात्याग इति ॥४२॥

અર્થ : તથા લોલુપપણાનો ત્યાગ કરવો.

ભાવાર્થ:— પ્રકૃતિને અનુકૂળ પડે તેમ વેળાસર ભોજન કરવામાં પણ અધિક લોલુપતા ન રાખવી, બીજા શબ્દોમાં કહીએ તો ખાઉધરા અથવા અકરાંતીઆની જેમ ઠાંસી ઠાંસીને ન ખાવું.

સામાન્ય ખોરાક હોય કે ગિષ્ટ હોય તો પણ નિયમ પ્રમાણે મિતાહાર કરવો. દુનિયામાં જે રોગો ઉત્પન્ન થાય છે. તેમાંના ઘણાખરા અધિક ભોજનથી થાય છે. અધિક ખાવાથી ઉલટી, ઝાડા કે મરણ એ ત્રણમાંનું એક પરિણામ આવે છે. એટલે તે અન્ન પચતું નથી, માટે મિતાહારપણે જમવું.

સવારમાં એવી રીતે જમવું કે સાંજે જઠરાગ્નિ મંદ ન પડી જાય, અને સાંજે એવી રીતે જમવું કે બીજે દિવસે સવારે જઠરાગ્નિ પ્રદીપ્ત રહે. સાંજે તો અવશ્ય રૂચિ કરતાં પણ કાંઇક ન્યૂન જમવું. કારણ કે રાત્રિએ શયન કરવાથી સાંજે ખાધેલા અન્નને પચવાનો અવસર મળતો નથી, કેમકે ઉંઘમાં સર્વ અવયવો સ્તબ્ધ થઈ જાય છે, તેથી તેમનો વ્યાપાર થતો નથી. માટે અન્ન પચાવવામાં હરકત આવે છે, અને નિદ્રા પણ બરાબર આવતી નથી. માટે જે લોકો રાત્રિભોજન કરે છે, તેમને આ બાબતથી ચેતવાની જરૂર છે.

ભોજનના પરિણામ વિષે કોઈ પણ ખાસ સિદ્ધાંત નથી. જેટલું પોતાની જઠરાગ્નિ પચાવી શકે તેટલું જમવું, એટલે સુખેથી જેટલું પચી શકે તેટલો આહાર લેવો; કારણ કે હદ ઉપરાંત જમવાથી જઠરાગ્નિ તથા શરીર બગડે છે. તે જ રીતે જેની જઠરાગ્નિ પ્રદીપ્ત હોય, તે જો થોડું જમે તો પણ દેહ દુર્બળ થાય છે. જે માણસ થાકી ગયો હોય તેણે જરૂર થોડું ભોજન લેવું. નહિ તો ઉલટી થાય છે અથવા તાવ આવે છે. વળી થાકેલા માણસે એકદમ અન્નપાન ન લેવું, કારણ કે તેથી અનેક પ્રકારના રોગો ઉદ્‌ભવે છે. માટે કસરત કર્યા પછી અથવા કોઈ પણ પ્રકારનો શ્રમ થયા પછી, અથવા દૂરથી ચાલીને આવ્યા પછી થોડી વાર વિશ્રાંતિ લઈને પાણી પીવું અને ભોજન કરવું.

અજીર્ણ થતા ભોજનનો ત્યાગ કરે.

तथा-अजीर्णे अभोजनमिति ॥४३॥

અર્થ : અજીર્ણ થયે ભોજન કરવું નહિ.

ભાવાર્થ :— પ્રથમ ખાધેલું જ્યાં સુધી જીર્ણ ન થાય, એટલે બરાબર પચે નહિ ત્યાં સુધી બીજી વખત જમવું નહિ. જ્યાં સુધી અન્ન બરાબર પચ્યું નથી ત્યાં સુધી જો ભોજન લેવામાં આવે, તો સર્વ રોગનું મૂળ, જે અજીર્ણ તે થાય છે. જેમ અગ્નિ ઉપર એક લાકડાનો કકડો મૂકવામાં આવ્યો હોય તે લાકડાનો કકડો બરાબર બળી રહે તે પહેલાં જો બીજો મોટો લાકડાનો કકડો ઉપર મૂકવામાં આવે છે, તો તે અગ્નિ મોટા લાકડાને બાળવામાં અશક્ત હોવાથી મંદ પડી જાય છે. તેવી જ રીતે ઉપરા ઉપરી વધારે ભોજન ખાવાથી જઠરાગ્નિ મંદ પડે છે, અને જઠરાગ્નિ મંદ પડી એટલે ખાધું પચે નહિ. અને તેથી ખાધેલાનું લોહી થાય નહિ, લોહીનું વીર્ય થાય નહિ. વીર્ય જે જઠરાગ્નિને પ્રદીપ્ત રાખે છે, તેના અભાવે જઠરાગ્નિ વધારે મંદ થતી જાય. આ પ્રમાણે અનર્થની પરંપરા ઉત્પન્ન થાય, કહ્યું છે કેઃ—

अजीर्णप्रभवा रोगास्तत्राजीर्णं चतुर्विधम् ।
आमं विदग्धं विष्टब्धं रसशेषं तथापरम् ॥१॥
आमे तु द्रवगन्धित्वं विदग्धे धूमगान्धिता ।
विष्टब्धे गात्रभंगोत्र रसशेषे तु जाड्यता ॥२॥

સર્વ રોગો અજીર્ણથી ઉત્પન્ન થાય છે. તે અજીર્ણ ચાર પ્રકારનું છે. આમ અજીર્ણ, વિદગ્ધ અજીર્ણ, વિષ્ટબ્ધ અજીર્ણ અને રસ અજીર્ણ.

ઝાડો નરમ આવે અને કોહેલી વસ્તુ જેવી ગંધ આવે ત્યારે આમ અજીર્ણ થયું એમ સમજવું.

કોઈ ખરાબ વસ્તુ જેને બાળવાથી નીકળતા ધુમાડાની દુર્ગંધ જેવી જેની વિષ્ટામાં ગંધ હોય તે વિદગ્ધ અજીર્ણ જાણવું.

જ્યારે શરીરના સર્વ અવયવો ઢીલા પડી જાય ત્યારે વિષ્ટબ્ધ અજીર્ણ છે એમ માનવું.

જ્યારે શરીરમાં આલસ આવી જાય, અને ચપળતા ન રહે ત્યારે રસ અજીર્ણ થયું છે એમ જાણવું.

અજીર્ણ થયું હોય, ત્યારે નીચે લખેલાં ચિન્હો પણ જોવામાં આવે છેઃ—

मलवातयोर्विगंधो विद्भेदो गात्रगौरवमरुच्यम् ।
अविशुद्धश्चोद्गारः षडजीर्णव्यक्तलिंगानि ॥

(૧) મળનો ગંધ વિપરીત થાય, (૨) વાયુનો ગંધ વિપરીત થાય. (૩) વિષ્ટામાં ભેદ પડે, (૪) શરીર ભારે ભારે લાગે, (૫) ભોજન ઉપર અરુચિ થાય, (૬) ખરાબ ઓડકાર આવે. આ છ લક્ષણો અજીર્ણ થયું છે એમ સૂચવે છે.

હવે અજીર્ણનાં શાં પરિણામ આવે છે તે જણાવે છેઃ—

मूर्च्छा प्रलापो वमथुः प्रसेकः सदनं भ्रमः ।
उपद्रवा भवन्त्येते मरणं वाप्यजीर्णतः ॥

મૂર્ચ્છા આવે, લવારો થાય, બકોરી થાય, અતિશય પરસેવો થાય, શરીરનું ઢીલાપણું થાય કે જેથી ઉઠવા બેસવામાં ચિત્ત લાગે નહિ, ભ્રમ (ચક્કરો) થાય; વગેરે ઉપદ્રવો અજીર્ણથી થાય.

અને જો વેળાસર ચેતવામાં ન આવે તો અજીર્ણથી મૃત્યુ પણ થાય છે. આવું અજીર્ણ થયું હોય, ત્યારે ન ખાવું. કારણ કે ક્ષણો રોગોને નાશ કરવાનું સામર્થ્ય લંઘનમાં રહેલું છે. ત્યારે ખાવાનો વખત થયો છે એની આપણને શી રીતે સમજણ પડે તે સંબંધી વાગ્ભટ લખે છે કેઃ—

प्रसृष्टे विण्मूत्रे हृदि सुविमले दोषे स्वपथगे ।
विशुद्धे चोद्गारे क्षुदुपगमने वातेऽनुसरति ॥१॥
तथाग्नावुद्रिक्ते विशदकरणे देहे च सुलघौ ।
प्रयुञ्जीताहारं विधिनियमितः कालः स हि मतः ॥२॥

મળ મૂત્રનો ત્યાગ, મનની પ્રસન્નતા, દોષો (વાત, પિત્ત અને કફની) પોત પોતાના માર્ગમાં પ્રવૃત્તિ, ઓડકારની શુદ્ધતા, ક્ષુધાની પ્રાપ્તિ વાયુની યથા યોગ્ય ગતિ, જઠરાગ્નિની તેજતા, શરીરનું હલકાપણું, અને ઇન્દ્રિયોની નિર્મળતા, એટલી બાબતો જ્યારે થાય ત્યારે ભોજન કરવું;

આજ કાલ લોકો આવી બાબતો તરફ બિલકુલ લક્ષ આપતા નથી, અને તેથીજ જ્યાં ત્યાં દૃષ્ટિ ફેરવીએ છીએ ત્યાં ફીક્કા પડી ગયેલા ચહેરાવાળા, નિર્બળ બાંધાના, અને પુરૂષાર્થહીન મનુષ્યો આપણને જણાય છે. તેમાંનું એક કારણ નિયમસર અને મિતાહાર ભોજનની ખામી છે એ આ ઉપરથી સમજવું જોઈએ.

तथा बलापाये प्रतिक्रियेति ॥४४॥

અર્થ : બળનો નાશ થાય, ત્યારે તેનો ઉપાય કરવો.

ભાવાર્થ :—જ્યારે આપણું શરીર નિર્બળ થતું લાગે ત્યારે પ્રથમ તો કયા કારણથી તેની તેવી સ્થિતિ થઈ તે કારણ શોધવું અને પ્રથમ તો તે કારણને દૂર કરવું. જો શરીરના બળને ઘટાડે એવા પરિશ્રમથી શરીર નિર્બળ થયું હોય, તો તેવા પરિશ્રમનો ત્યાગ કરવો. હલકો સાત્વિક આહાર લેવો, અને બીજાપણ બળ આવે તેવા ઉપાય કરવા. કારણ કે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે,

बलमूलं हि जीवितम् ॥

બળ જીવતરનું મૂળ છે. અને શરીર એજ પ્રથમ ધર્મસાધન છે. માટે શારીરિક બળને જેમ હાનિ ન પહોંચે તેમ વર્તવું. કોઈ પણ સમયે વ્યાધિની ઉપેક્ષા કરવી નહિ. કહ્યું છે કે,

वर्धमानं व्याधिं जयन्तं शत्रु नोपेक्षस्व.

વધતા વ્યાધિનો અને જીતતા શત્રુની બેદરકારી કરવી નહિ.

થોડા ઉપાય કરવાથી જે વ્યાધિનો નાશ થઈ શકે તેમ હોય, તેને વધવા દઈએ તો આખરે એવી સ્થિતિ આવે કે ગમે તે ઉપાયો કરતાં તે શમે નહિ અને મૃત્યુ નિપજે. માટે વ્યાધિ થતાં જ ઉપાય કરવા, અને શરીરને તંદુરસ્ત અને નિરોગી રાખવું એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

માણસોના બળનો નાશ થવાનાં અનેક કારણો છે, પણ તેમાં મુખ્ય વીર્યનો અઘટિત વ્યય જ છે. વીર્ય એ મનુષ્યના શરીરનો રાજા છે, જેમ રાજા વગરનું રાજ્ય નિરર્થક છે, અને તે રાજ્યમાં અંધાધુંધી ચાલે છે, તેજ રીતે વીર્ય વગરનો મનુષ્ય નિસ્તેજ દેખાય છે, અને તેના આખા શરીરમાં અનેક પ્રકારના રોગો ઉદ્ભવે છે. સાત ધાતુઓમાં વીર્ય પ્રધાન છે તેનાથી શરીરના સર્વ યંત્રો ચાલે છે, અને વીર્યજ જઠરાગ્નિને પ્રદીપ્ત રાખે છે. માટે તેનો અઘટિત વ્યય ન થાય તે ઉપર દરેક આત્મહિતાર્થીએ લક્ષ આપવું.

બાળ લગ્નથી, કુસંગથી, રસિક, મનોહર કથાઓ તથા નાટકોથી આ પરિણામ આવ્યું છે. માટે તે બાબતમાં ચેતવાની ખાસ જરૂર છે.

अयोग्य देश-कालमां विचरण त्याग तथा अदेशकालचर्यापरिहार इति ॥४५॥

અર્થ : અઘટિત દેશ તથા કાળમાં વિચરવું નહિ.

ભાવાર્થ :- જે દેશમાં ચોર વગેરેનો ઉપદ્રવ હોય, જે દેશમાં લડાઈ ચાલતી હોય, જે દેશના આચાર વિચાર બહુજ મલીન હોય તેવા દેશમાં જવું નહિ.

તેમજ જે સમયમાં દુકાળ વર્તતો હોય, અથવા મરકી આદિ ભયંકર રોગનો ફેલાવો થતો હોય તેવા સમયમાં તે સ્થાનમાં વસવું

નહિ, પણ જ્યાં સુકાળ હોય અથવા જ્યા રોગનો ઉપદ્રવ ન હોય તે સ્થાનમાં જઈ વસવું. કારણ કે જો તેમ ન કરીએ તો જાન માલને નુકશાન થવાનો ભય રહે છે. આ ઉપરથી એક બાબત એ સિદ્ધ થાય છે કે અસલ સમયમાં જો કે શાસ્ત્રકારો શરીરને તુચ્છ ગણતા હતા, તો પણ ધર્મનું ઉત્તમ સાધન હોવાથી તેનું રક્ષણ કરવાને સતત ઉપદેશ કરતા હતા, "Light on the Path." એ નામના પુસ્તકમાં લખ્યું છે કેઃ—

"Kill out desire of life, bur respect life, as those do who desire it **જીવન તૃષ્ણાનો** નાશ કરો, પણ જેમને જીવન તૃષ્ણા છે તેઓ જે રીતે જીંદગીને મહત્ત્વની ગણે છે તેમ તમે પણ મહત્ત્વની ગણો. શરીર ઉપરથી મૂર્છા ઉતારવા છતાં પણ તેનું રક્ષણ કરો કારણકે આ ભૂમિકામાં શરીર એજ ધર્મનું પ્રથમ સાધન છે.

લોકાચારને અનુકૂળવર્તન

तथा यथोचिता लोकयात्रेति ॥४६॥

અર્થ :—અનુકુળ લોકયાત્રા કરવી.

ભાવાર્થ :—જેને જેમ ઉચિત હોય તેમ લોકના ચિત્તને અનુસરવા રૂપ વ્યવહાર કરવો. કારણ કે જો તેમ ન કરે તો લોકોમાં પોતાની અવગણના થાય. અને લોકો તેને વિષે હલકો અભિપ્રાય બાંધે, તેનું કારણ પોતેજ થયો કહેવાય. આથી પોતામાં રહેલા બીજા સારા ગુણની છાપ પણ બીજા મનુષ્યો પર પાડી શકે નહિ. માટે લોકવ્યવહારને પણ માન આપવું. કહ્યું છે કે :—

लोकः खल्वाधारः सर्वेषां धर्मचारिणां यस्मात् ।
तस्माल्लोकविरुद्धं धर्मविरुद्धं संत्याज्यम् ॥

ધર્મ માર્ગને વિષે ચાલનારા સર્વ પુરુષોને લોક વ્યવહાર

ખરેખર આધાર છે, માટે જે લોક વિરૂદ્ધ તથા ધર્મ વિરુદ્ધ હોય, તેનો ત્યાગ કરવો.

तथा हीनेषु हीनक्रमः ॥४७॥

અર્થ : હીનની સાથે ઓછો વ્યવહાર રાખવો.

ભાવાર્થ :—પોતાના કર્મ દોષથી જાતિ વિદ્યા વિગેરે બાબતોમાં નીચતાને પામેલા હીન લોકો સાથે વ્યવહાર ઓછો કરવો પણ સર્વથા તેમનો તિરસ્કાર કરવો નહિ. આપણે મદના વિષયમાં વિચારી ગયા કે જે માણસ વિદ્યા જાતિ વગેરેનો મદ કરે છે, તે માણસ બીજા ભવમાં તેથી હીન બને છે. માટે બીજામાં કાંઈ પણ દોષ હોય, તો તે કર્મની વિચિત્ર ગતિ છે, એમ માની તેના પર દયા લાવવી જોઈએ.

ગુણી માણસ અવગુણીથી સર્વથા વિમુખ રહે તો અવગુણી તેના ગુણનો લાભ લઇ શકે નહિ. પણ જો ગુણીની અવગુણી ઉપર જરા પણ રહેમ નજર હોય, તો અવગુણી પણ આત્મનિરીક્ષણ કરી પોતાની ભૂલ સમજે, અને ગુણી પુરૂષોનું અનુકરણ કરી પોતાનો દોષ દૂર કરવા સમર્થ થાય. એકદમ આ સ્થિતિ પ્રાપ્ત થઈ શકતી નથી. પ્રથમ ગુણ ઉપર રાગ થાય છે, અને પછી તે ગુણ ગ્રહણ કરવાને લલચાય છે. પણ તેવા માણસ સાથે ઓછો સંબંધ રાખવો કારણ કે વધારે સંબંધ રાખવાથી આપણને પણ દુરાચરણમાં પડવાનો સંભવ રહે છે. આ સામાન્ય ગૃહસ્થ ધર્મને આશ્રયી લખેલું છે, એ ભૂલવું જોઈએ નહીં.

तथा अतिसंगवर्जनमिति ॥४८॥

અર્થ : અતિશય પરિચયનો ત્યાગ કરવો.

ભાવાર્થ :— સર્વની સાથે અતિ પરિચય કરવો નહિ. કારણ કે અતિશય પરિચય તિરસ્કાર ઉત્પન્ન કરે છે. જે વસ્તુ આપણને

પ્રથમ દર્શને આનંદજનક લાગે છે, તેના સંબંધમાં આપણે જ્યારે વધારે આવીએ છીએ, ત્યારે તે વસ્તુ ઉપરની આપણી પ્રીતિ ઓછી થાય છે. તેવીજ રીતે માણસના સંબંધમાં પણ બને છે. શૂરવીર તેના નોકર આગળ શૂરવીર નથી. આવી રીતે અતિ પરિચય થવાથી ગુણીજન પ્રત્યે આપણી ભક્તિ ન્યૂન થાય છે, કહ્યું છે કેઃ—

अतिपरिचयादवज्ञा भवति विशिष्टेपि वस्तुनि प्रायः ।
लोकः प्रयागवासी कूपे स्नानं सदा कुरुते ॥ १ ॥

અતિશય પરિચય કરવાથી સારી વસ્તુ વિષે પણ ઘણે ભાગે અવગણના થાય છે, દાખલા તરીકે પ્રયાગ તીર્થમાં રહેનારા લોકો ગંગામાં સ્નાન કરવું છોડીને નિરંતર કૂવાના પાણીથી સ્નાન કરે છે. માટે અતિ પરિચય ન કરવો, જેવો જેની સાથે ઘટે તેવો સહવાસ કરવો. એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

वृद्धानुसारिता
तथा वृत्तस्थज्ञानवृद्धसेवेति ॥४९॥

અર્થ : સંયમમાં રહેલા અને જ્ઞાનથી વૃદ્ધ માણસોની સેવા કરવી.

ભાવાર્થ :- સદાચારમાં પ્રવૃત્તિ, અને દુરાચારથી નિવૃત્તિ. તેને વ્રત કહે છે. અને આ ત્યાગ કરવા યોગ્ય છે અને આ ગ્રહણ કરવા યોગ્ય છે. તે બેનો વિભાગ કરવો તેનું નામ જ્ઞાન. તેવું વ્રત અને જ્ઞાન ધરાવનારા પુરૂષોની સેવા કરવી.

આ જગતમાં એવો નિયમ છે કે માણસ જેવી ઉચ્ચ ભાવના રાખે તેવો તે થાય. જેની સેવા કરે તેના ગુણ પોતે ગ્રહણ કરે; માણસ જેનો વિચાર કરે છે તેના જેવો તે થાય છે. માટે આવા ઉચ્ચ પુરૂષોની ભક્તિ કરવી, અને તેમના ગુણનું કીર્તન કરવું.

દરિદ્રીની સેવાથી દારિદ્રય પ્રાપ્ત થાય, અને સમર્થની સેવા કરવાથી સામર્થ્ય પ્રાપ્ત થાય, તેમ સારા ગુણ અને ક્રિયાવાળાની સેવા કરવાથી સારા ગુણ અને ક્રિયા આપણામાં સ્વાભાવિક રીતે આવે છે.

उपदेशः शुभो नित्यं दर्शनं धर्मचारिणाम् ।
स्थाने विनय इत्येतत्साधुसेवाफलं महत् ॥१॥

ધર્મચારી પુરૂષોનો શુભ ઉપદેશ સાંભળવો, તથા નિત્ય તેમનુ દર્શન કરવું. અને યોગ્ય સ્થાને તેમનો વિનય કરવો તે સત્પુરૂષોની સેવા કરવાનું મોટું ફળ કહેલું છે. મહાપુણ્યોદય વિના સત્પુરૂષોની પ્રાપ્તિ થતી નથી.

ઉચિત ત્રિવર્ગ સાધન

तथा परस्परानुपघातेनान्योन्यानुबद्धत्रिवर्गप्रतिप्रत्तिरिति ॥५०॥

અર્થ : એક બીજાને પરસ્પર વિરોધ ન આવે તેવી રીતે ધર્મ, અર્થ અને કામનો સ્વીકાર કરવો.

ભાવાર્થ :- ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગ સમજવો. જેથી સારી ગતિ અને મોક્ષ થાય તેને ધર્મ કહેવાય. ધર્મજ મોક્ષ અર્થ અને કામને આપવાવાળો છે. ષટ્ પુરૂષ ચરિત્રમાં કહ્યું કે:—

अर्थः कामश्च मोक्षश्च प्रवर्तन्ते यतस्त्रयः ।
स श्रीधर्मः कथं न स्यात् करणीयः सदा नृणाम् ॥

અર્થ, કામ અને મોક્ષ એ ત્રણે પુરૂષાર્થો ધર્મથીજ ઉત્પન્ન થાય છે, તો તેવો ધર્મ મનુષ્યોને અહર્નિશ કરવા લાયક કેમ ન થાય ? અર્થાત્ હંમેશ ધર્મ કરવો જોઈએ.

જેનાથી વ્યવહારિક તથા પારમાર્થિક સર્વ પ્રયોજનની સિદ્ધિ થાય તે અર્થ કહેવાય. જ્યાં સુધી મનુષ્ય સંસારવ્યવહારમાં છે ત્યાં સુધી ધન પેદા કરવું એ તેનું કર્તવ્ય છે. જે માણસ સંસારમાં

રહી ધન પેદા કરવાને પ્રયત્ન કરતો નથી અને બીજા ઉપર આધાર રાખી બેસે છે, તે કામ અને ધર્મ સાધી શકતો નથી. કારણ કે ધન વિના પોતાની મનોવૃત્તિને અનુકૂળ પદાર્થો મળી શકે નહિ, તેમજ દાન પણ કરી શકાય નહિ, અને આજીવિકા માટે હંમેશ ચિંતાતુર રહેવું પડે. તેથી તેનું ધર્મધ્યાનમાં પણ મન લાગે નહિ. માટે પરસ્પર એક બીજાને હરકત ન આવે તેમ ત્રણે પુરૂષાર્થ સાધવા.

જે પુરૂષ ધર્મ અને અર્થનો ઉપઘાત કરી કેવળ કામમાં–વિષયાશક્તિમાં તલ્લીન રહે છે, તે વનના હાથીની માફક દુઃખ પામે છે.

જો માણસ અન્યાયથી ધન પેદા કરે, તો તે ધન સર્વ સગાંઓ ભોગવે છે, પણ પાપનો પાત્ર એકલો પોતે બને છે. માટે ધર્મનું ઉલ્લંઘન ન થાય તેવી રીતે ન્યાય નીતિથી જે ધન મળે તેમાં સંતોષ માનવો; પણ અન્યાય માર્ગનું સેવન કરવું નહિ. કારણ કે તેથી પરભવમાં મહાદુઃખ ભોગવવાં પડે છે.

વાવવા માટે રાખેલું બી ખાઈ જનાર કણબી જેમ દુઃખ પામે છે. તેમ આ મનુષ્યજન્મ રૂપ બીજને પાપ કૃત્ય કરી ગુમાવનાર દુઃખી થાય છે. માટે પરભવ સંબંધી અથવા આગામી કાળ સંબંધી સુખને વિરોધ ન આવે તેમ આ લોકમાં સુખ ભોગવે છે, તે પુરૂષ નિશ્ચયે સુખી થાય છે. માટે ધર્મ ભાવનાને હૃદયમાંથી વિસાર્યા સિવાય બુદ્ધિમાન પુરૂષોએ અર્થ અને કામને સેવવા.

સંસારમાં રહીને જો ધન અને કામની ઈચ્છા ન રાખે, તો તેને યતિવ્રત અંગીકાર કરવું એજ કલ્યાણકારી છે. પણ ગૃહસ્થાવાસમાં રહે તો તો ધન પેદા કરવું, અને ઈચ્છિત પદાર્થની તૃપ્તિ કરવી એ શ્રેયકારી છે.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે ગૃહસ્થે ધન **ન્યાય માર્ગે** પેદા કરવું, અને નીચે જણાવેલા ત્રણ પ્રકારના માણસોના અવગુણથી

દૂર રહેવું. તે ત્રણને તાદાત્વિક, મૂલહર, અને કદર્ય કહેવામાં આવે છે, તેમના પર જલ્દી આફત આવી પડે છે.

(૧) જે માણસ કાંઈ પણ વિચાર કર્યા સિવાય ઉત્પન્ન થયેલા દ્રવ્યનો અઘટિત વ્યય કરે છે તે તાદાત્વિક કહેવાય છે.

(૨) બાપદાદાએ એકઠું કરેલું દ્રવ્ય જે અન્યાય માર્ગે ઉડાવી દે છે તે મૂલહર કહેવાય છે.

(૩) જે માણસ સેવકોને પીડા કરીને, તથા પોતાને પણ દુઃખ ઉપજાવીને ધનનો સંચય કરે છે, પણ કોઈ સન્માર્ગે વાપરતો નથી; બીજા શબ્દોમાં કહીએ તો-જે ધનનો દાન કે ઉપભોગ કરતો નથી, તેને કદર્ય (કંજુસ) કહેવાય છે.

પ્રથમ જણાવેલા તાદાત્વિક તથા મૂળહરને ઉત્તર અવસ્થામાં બહુજ દુઃખ ખમવું પડે છે, અને તેમનું કલ્યાણ થતું નથી. કારણ કે આપણે ઉપર વિચાર કરી ગયા તેમ ધન વિના ધર્મ તથા કામ રૂપ બે પુરૂષાર્થ સાધી શકાતા નથી. અને જે કૃપણ છે તેનુ ધન ભાગીદારના હાથમાં જશે અથવા તો ચોર લુંટી જશે, અથવા તો અગ્નિ નાશ કરશે. માટે આ ત્રણ પ્રકારના પુરૂષોના દોષ વિચારી ધનનું બરાબર રક્ષણ કરવું, અને યથાશક્તિ સન્માર્ગે વાપરવું.

હવે જે પુરૂષ કેવળ કામાસક્ત છે, જેની ઈન્દ્રિયો પોતાને વશ નથી, તેના કાર્યની સિદ્ધિ થતી નથી કારણ કે એવા પુરૂષના ધર્મ ધન અને શરીર પરવશ હોય છે, સ્ત્રીમાં અત્યંત આસક્તિવાળા વિષય લોલુપી જીવો સત્વર નાશ પામે છે. કામ (મૈથુનાભિલાષા) ઉપર નિગ્રહ મેળવવો એ સરલ નથી, પણ ગૃહસ્થાવાસમાં રહી ધીમે ધીમે તેના ઉપર નિગ્રહ મેળવવા પ્રયત્ન કરવો. જે મનુષ્ય તે વૃત્તિને જીતી તે જગતમાં દેવ સમાન છે.

માટે ધર્મ અર્થ અને કામને પરસ્પર બાધ ન લાગે તેવી રીતે ગૃહસ્થીએ પ્રવૃત્તિ કરવી એજ સાર છે. અને જો પરસ્પર બાધ લાગે તેમ હોય તો કોનો ત્યાગ કરવો ? એ જણાવતાં ગ્રંથકાર લખે છે કે:—

तथा–अन्यतरबाधासंभवे मूलाबाधेति ॥५१॥

અર્થ : ધર્મ, અર્થ અને કામ, એ ત્રણમાંથી એકમાં વિઘ્ન આવે તો **મૂળ પુરૂષાર્થને** હરકત ન થવા દેવી.

ભાવાર્થ :–ધર્મ, અર્થ અને કામ એ રીતે ત્રણ વર્ગ છે. તેમાં જો કામને હરકત આવતી હોય તો ભલે આવે, પણ ધર્મ અને અર્થનું રક્ષણ કરવું. કારણ કે ધર્મ અને ધન હશે તો કામ તેની મેળે સધાશે. કામ અને અર્થને હરકત થતી હોય તો તે બેનો ત્યાગ કરીને ધર્મનું રક્ષણ કરવું; કારણ કે પ્રથમ જ આપણે જણાવી ગયા છીએ કે ધર્મ ધનના અર્થી પ્રાણીઓને ધન આપનાર છે એને કામી પુરૂષોના સર્વ ઈચ્છિત પદાર્થને આપવાવાળો છે, અને ધર્મ તેજ પરંપરાએ સ્વર્ગ અને મોક્ષનો આપનાર છે. માટે ગમે તેમ કરીને ધર્મનું રક્ષણ કરવું. કહ્યું છે કે—

धर्मश्चेन्नावसीदेत कपालेनापि जीवति ।
आढ्योऽस्मीत्यवगन्तव्यं धर्मवित्ता हि साधवः ॥१॥

ભીખ માગીને પોતાનું પોષણ કરનાર માણસ જો ધર્મ સહિત હોય તો સિદ્ધાતો નથી. તે વિચારે છે કે હું ધનવાન છું માટે મારે શા માટે દુઃખી થવું જોઈએ. સાધુ પુરૂષોને ધર્મ એજ ધન છે. ષટ્પુરૂષ ચરિત્રમાં કહ્યું છે કે—

पुंसां शिरोमणीयन्ते धर्मजनपरा नराः ।
आश्रीयन्ते च संपद्भिर्लताभिरिव पादपाः ॥

ધર્મનો સંચય કરવામાં તત્પર પુરૂષો લોકોના શિરોમણીરૂપ થાય છે. જેમ લતાઓ વૃક્ષનો આશ્રય લે છે, તેમ લક્ષ્મી-સંપત્તિ ધર્મિષ્ઠ પુરૂષનો આશ્રય લે છે. માટે ધનને બાધ આવે તો ભલે, કામને બાધ આવે તો ભલે, પણ બન્નેના મૂળરૂપ આધારરૂપી ધર્મને બાધ ન આવે તેમ વર્તવું એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

तथा बलाबलापेक्षणमिति ॥५२॥

અર્થ : પોતાનું બળ અને અશક્તિનો વિચાર કરવો.

ભાવાર્થ:—કોઈપણ કાર્યનો આરંભ કરતાં પહેલાં બુદ્ધિમાન પુરૂષે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવસહિત પોતાનું સામર્થ્ય કેટલું છે અને પોતાનું અસામર્થ્ય કેટલું છે, તેનો વિચાર કરવો; કેમકે જે મનુષ્ય પોતાના બળનો વિચાર કર્યા સિવાય કાર્યનો આરંભ કરે છે તેની બળસંપત્તિનો ક્ષય થાય છે અને તેની કાર્ય સિદ્ધિ થતી નથી.

હાલમાં પોતાની શક્તિ દશ હજાર રૂપિયાની હોય અને લાખનો વ્યાપાર કરનારા ઘણા દેખાય છે. લાખ રૂપિયાની વ્યાપારમાં કદાચ વીસ હજાર ખાદ ગઈ તો પોતાના દશ હજાર રૂપીઆ તો તેમાં તણાઈ જાય છે અને દશ હજારને માટે દેવાળું કાઢવું પડે છે તેથી પોતાની કીર્તિને હાનિ પહોંચે છે. અને તે માણસ બીજા કામને માટે પણ નાલાયક ઠરે છે. માટે ગજા ઉપરાંતનો વ્યાપાર તેમજ બીજુ કંઈ પણ કામ ન કરવું.

कः कालः कानि मित्राणि, को देशः कौ व्ययागमौ ।
कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ॥ १ ॥

કાળ કેવો છે? મારા મિત્રો કોણ છે? કયો દેશ છે? ખર્ચ અને આવક કેટલાં છે? હું કોણ છું? મારી શક્તિ કેટલી છે? એ બધી વાતનો વારંવાર વિચાર કરવો.

આ બધાનો વિચાર કરી જે માણસો વર્તતા હોય, તો અનેક પ્રકારનાં દુઃખનાં કારણનો સ્વયમેવ નાશ થાય. માટે પોતાનાં સાધનો તથા શક્તિનો વિચાર કરી દરેક કાર્યમાં પ્રવર્તવું એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

तथा अनुबन्धे प्रयत्नः इति ॥५३॥

અર્થ : અનુબન્ધમાં પ્રયત્ન કરવો.

ભાવાર્થ:-ઉતરોત્તર વૃદ્ધિને અનુબંધ કહેવાય છે, માટે ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થની અનુક્રમે વૃદ્ધિ થતી જાય, તેમ પ્રયત્ન કરવો. અને આરંભેલા કાર્યને વળગી રહેવું.

કહ્યું છે કે વગર વિચારે કોઈ પણ કાર્યનો પ્રારંભ ન કરવો એ બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે, પ્રારંભ કર્યો તો અન્ત સુધી તે કાર્યને લઈ જવું એ બુદ્ધિનું બીજું લક્ષણ છે; માટે ગમે તેટલા વિઘ્ન આવે તોપણ પ્રારંભેલું કાર્ય મૂકવું નહિ. જે માણસ સતત ઉદ્યમી છે તે પ્રાયઃસિદ્ધિ પામ્યા વિના રહેતો નથી.

तथा कालोचितापेक्षेति ॥ ५४ ॥

અર્થ : કાળને ઉચિત-યોગ્ય હોય તેની અપેક્ષા રાખવી.

ભાવાર્થ—જે કાળમાં જે વસ્તુ ત્યાગ કરવા યોગ્ય હોય તેનો ત્યાગ કરવો અને ગ્રહણ કરવા યોગ્ય હોય તે ગ્રહણ કરવી. આનો નિપુણ બુદ્ધિથી વિચાર કરનારને લક્ષ્મી સ્વયમેવ આવી મળે છે.

यः काकिणीमप्यपथप्रपन्नामन्वेषते निष्कसहस्रतुल्याम् ।
कालेन कोटिष्वपि मुक्तहस्तस्तस्यानुबन्धं न जहाति लक्ष्मीः ॥१॥

જે પુરૂષ ખોવાયેલી એક કોડીને હજાર સોના મહોર તુલ્ય ગણીને તેની શોધ કરે છે. તેજ માણસ વખત આવે કરોડો રૂપીઆ આપવા છુટો હાથ રાખે છે, તેવા સમયના જાણનાર પુરૂષનો સંબંધ લક્ષ્મી છોડતી નથી. માટે કાળને ઓળખવો, અને સમય પ્રમાણે વર્તવું.

प्रतिदिन धर्मश्रवण

तथा प्रत्यहं धर्मश्रवणमिति ॥५५॥

અર્થ : પ્રતિદિન ધર્મનું શ્રવણ કરવું.

ભાવાર્થ—જેમ શરીરના પોષણ માટે ખોરાકની જરૂર છે તેમ

આત્મઋદ્ધિ માટે ધર્મની જરૂર છે. અને તે ધર્મનું શ્રવણ પણ ભાવ અને રૂચિ-સહિત કરવું. ધર્મ સાંભળવામાં કેવા રૂચિ રાખવી ? તેના જવાબમાં ટીકાકાર કહે છે કે સુંદર રૂપવંતી યુવતી જેની પાસે બેઠેલી હોય, જે ભરયૌવનના મદમાં મહાલતો હોય, એકાંત હોય અને તેવા સમયમાં કિન્નરનું કર્ણવેધક ગીત ચાલતું હોય તે સાંભળવાની જેવી રૂચિ તે યુવાનને થાય છે, તેવી રૂચિ ધર્મશ્રવણમાં રાખવી.

ધર્મશાસ્ત્રમાં સુવચનોજ હોય છે; અને તેનું શ્રવણ કરવાથી અગણિત ગુણ મળે છે. કહ્યું છે કેઃ—

क्लान्तमुपोज्झति खेदं तप्तं निर्वाति बुध्यते मूढम् ।
स्थिरतामेति व्याकुलमुपयुक्तसुभाषितं चेतः ।।

અર્થ : ઉપયોગ કરાયેલું સુવચન ગ્લાનિ પામેલા પુરૂષના ચિત્તના ખેદને દૂર કરે છે, તાપ પામેલા ચિત્તને શાંતિ આપે છે. મૂઢને બોધ આપે છે અને વ્યાકુળ ચિત્તને સ્થિર કરે છે. અહા ! સુવચનનો પ્રતાપ વર્ણવી શકાય તેમ નથી.

શબ્દો પણ ઘણીવાર દિલાસો આપે છે, અને નમ્ર બનાવે છે, આનંદને વધારે છે, દુઃખને શાંત કરે છે. શબ્દો આનંદ આપનારા ખન્નના છે, તેમને રાખી મૂકવા એ દુષ્ટ કાર્ય છે. માટે આવા સુવાકયો જે શાસ્ત્રમાં કહેલા છે તેવા શાસ્ત્રો નિરંતર સાંભળવાની ટેવ રાખવી. સત્પુરૂષના સમાગમથી સાંભળેલો એક અક્ષર પણ દુઃખના સમયે એવો લાભકારી થાય છે, કે તે જેણે અનુભવ્યું હોય તેજ સમજી શકે, માટે નિરંતર જ્યાં વ્યાખ્યાન વંચાતુ હોય અથવા ધર્મ સંબંધી ચર્ચા ચાલી રહી હોય ત્યાં જવું અને એક ચિત્તે સાંભળવું એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

કદાગ્રહ ત્યાગ

तथा सर्वत्रानभिनिवेश इति ।।५६।।

અર્થ : સર્વ કાર્યમાં કદાગ્રહનો ત્યાગ કરવો.

ભાવાર્થ:–ખોટી બાબત વિષેનો આગ્રહ તેને કદાગ્રહ કહેવામાં આવે છે. જ્યારે માણસ અમુક બાબતની ખોટી હઠ લે છે ત્યારે પોતાની વાત સિદ્ધ કરવાને કેવા માર્ગે જવું પડે છે તેનો વિચાર કરતો નથી. અન્યાય માર્ગનો પણ સ્વીકાર કરે છે. માટે કદાગ્રહ તે નીચ પુરૂષનું લક્ષણ છે.

આ કદાગ્રહ અજ્ઞાનતાથી અને લોભી યા સ્વાર્થ વૃત્તિથી જાગૃત થાય છે માટે ખરૂં જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો. વસ્તુનું ખરૂં જ્ઞાન થતા તે બાબતની ખોટી હઠ તે માણસ પોતાની મેળે મુકી દેશે. કેટલીકવાર માણસો જાણવા છતાં સ્વાર્થના કારણે અમુક બાબતમાં ખોટો આગ્રહ કરે છે. પણ આવો કદાગ્રહ બહુ જ નિન્દનીય છે. કારણ કે છેવટ તો સત્ય વાતજ ખરી ઠરે છે, કહ્યું છે કે.

दर्पः श्रमयति नीचान्निष्फलनयविगुणदुष्करारम्भैः ।
स्रोतो विलोभतरणैर्व्यसनिभिरायास्यते मत्स्यैः ।।१।।

જેમ વ્યસની માછલીઓ પાણીના પ્રવાહ સન્મુખ ચાલી પોતાના આત્માને નિષ્ફળ પ્રયાસ આપે છે. તેમ નીચ પુરૂષોનું અભિમાન ફળરહિત, અન્યાય યુક્ત છે અને તે ઘણા જ મુશ્કેલ કામોનો આરંભ તેમની પાસે કરાવીને, તેમને મિથ્યા કલેશ આપે છે. માટે કદાગ્રહ એ અન્યાયયુક્ત હલકો પ્રયાસ છે. તેનો ત્યાગ કરવા એ ગૃહસ્થનો ધર્મ છે.

ગુણપક્ષપાત
તથા ગુણપક્ષપાતિતેતિ ।।૫૭।।

અર્થ : ગુણને વિષે પક્ષપાત કરવો અથવા ગુણાનુરાગ રાખવો.

ભાવાર્થ:–ગુણાનુરાગ એ સૌથી ઉત્તમ ગુણ છે. તે ગુણ જેનામાં આવ્યો તે ધીમે ધીમે ખરેખરો ગુણી થવાનો એ નિઃશંસ છે.

ગુણાનુરાગકુલકની બીજી ગાથામાં કહેલું છે કે:—

उत्तमगुणानुराओ निवसइ हिययंमि जस्स पुरिसस्स ।
आतिथ्थयरपयाओ न दुल्लहा तस्स रिद्धिओ ॥ १ ॥

જે પુરૂષના હૃદયમાં ઉત્તમ ગુણવાનજનો તરફ અનુરાગ વસતો હોય તેને તીર્થંકર પદ સુધીની કોઈ પણ રિદ્ધિ દુર્લભ નથી. અર્થાત્ તેવો માણસ અનુક્રમે તીર્થંકરની પદવી પ્રાપ્ત કરવા સમર્થ થાય છે.

આ જગતમાં ગુણી પુરૂષ વિરલ છે, છતાં આપણને તેમનો સમાગમ થઇ શકે, પણ ગુણાનુરાગી પુરૂષો તો તેથી પણ અધિક વિરલ છે. કારણ કે મત્સર-ઈર્ષ્યાવૃત્તિ તેને બીજાના ગુણ દેખી પ્રમોદ ધરતા અટકાવે છે. માટે ગુણગ્રાહી પુરૂષોએ તો સર્વથા મદનો ત્યાગ કરી ગુણ-ઉપરજ રાગ રાખવો.

પરની નિંદા કરવી એ પરાયા દુર્ગુણોની સોબત કર્યા બરોબર છે, જો આપણે પરાયા દોષ તરફ જ દૃષ્ટિ રાખી, અહર્નિશ તેનોજ વિચાર કરીએ તો તે દોષો ધીમે ધીમે આપણા પોતાના અંતઃકરણમાં વાસ મેળવે અને અંતે આપણે તેજ દોષના પાત્ર થઈએ.

ગુણી પુરૂષોને દેખી રાજી કોણ થાય? જેના મનમાં ગુણ પ્રતિ પ્રેમભાવ હોય, અને જે ગુણ મેળવવા ઈચ્છા રાખતો હોય તેવો પુરૂષ જ ગુણવાળાને દેખી રાજી થાય. ગુણ ઉપર પ્રેમ થવાથી તેવા ગુણો આપણામાં છે કે નહિ તેવો વિચાર સ્વાભાવિક રીતે જાગ્રત થાય છે, અને વિચાર કરતાં પોતાના ગુણ દોષની પોતાને ખબર પડે છે. અને પોતાના દોષ અથવા અજ્ઞાનતાનું જાણપણું તે, તે દૂર કરવા પ્રબળ ઉત્સાહ વાળો થાય છે.

જ્યાં સુધી ગુણી માણસના ગુણ કોઈ જુએ નહિ ત્યાં સુધી તેનાથી પોતાના દોષ જાણી શકાતા નથી, અને જ્યારે તે જણાય નહિ ત્યારે તેમનો ત્યાગ પણ શી રીતે થઈ શકે, ? માટે પોતાના ગુણ

દોષ જાણવા, એ દરેક સુજ્ઞ પુરૂષનું પ્રથમ આવશ્યક કર્તવ્ય છે. મનુષ્ય પોતે કઈ સ્થિતિમાં છે અથવા ઉન્નતિ ક્રમના કયા પગથીઆપર ઉભેલો છે, તે જ્યારે જાણે છે, ત્યારે આગળ કયું પગલું લેવું તે સવાલ બરોબરે સમજે છે, અને બીજા સાધારણ માણસોની માફક અંધારામાં ફાંફાં મારવાને બદલે સીધે માર્ગે યોગ્ય સાધનો દ્વારા જઈ શકે છે.

આ ઉપરથી સહજ જણાયું હશે કે આત્મનિરીક્ષણ ઘણું જરૂરનું છે. અને તે માટે ગુણીજનપર રાગ રાખી તેમના ગુણો મેળવવા અહર્નિશ ધીમે ધીમે પ્રયત્ન કરતા રહેવું. આ સંબધમાં ટીકાકારનો અભિપ્રાય નીચે પ્રમાણે છે.

ઉહાપણુ, સજ્જનતા, સ્થિરતા, પ્રિયભાષણ, ઇત્યાદિ પોતાને તથા પરને લાભકારી આત્મધર્મમાં પક્ષપાત રાખવો, તેની પ્રશંસા કરવી, વગેરે સાધનોથી જેમ ગુણનો બાધ ન થાય તેમ પ્રવૃત્તિ કરવી, કારણ કે ગુણનો પક્ષપાત કરનારા પુરૂષો, બહુમાન દ્વારા મેળવેલા પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવથી આલોક તથા પરલોકમાં, શરદૃતુના ચંદ્રના કિરણ સમાન ઉજ્જવલ ગુણનો સમૂહ નિશ્ચે પામે છે.

ગુણાનુરાગ ચિંતામણી રત્ન કરતા પણ અધિક ફળ આપનારો કહેવાય છે. ચિંતામણિ રત્ન તો આ લોકની ઇચ્છિત વસ્તુને આપનારો છે, પણ ગુણાનુરાગ તો અનુક્રમે મોક્ષ સુખને આપનારો છે, માટે ગુણ ઉપર અનુરાગ–પક્ષપાત કરવો એ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

ઉહાપોહ આદિનો યોગ

तथा ऊहापोहादि योग इति ॥५८॥

અર્થ : ઉહાપોહ (તર્ક તથા તેનું સમાધાન) વગેરેનો સમાગમ કરવો.

ભાવાર્થ :—ગૃહસ્થે બુદ્ધિશાળી થવું. જે માણસની બુદ્ધિ ખીલેલી નથી તે સર્વ ઠેકાણે હેરાન થાય છે. માટે બુદ્ધિને ખીલવવી. બુદ્ધિનાં આઠ અંગ શાસ્ત્રમાં કહેલા છે, શુશ્રુષા, શ્રવણ, ગ્રહણ, ધારણા, વિજ્ઞાન, ઉહ, અપોહ અને તત્ત્વભિનિવેશ, હવે આપણે તે આઠનાં લક્ષણો વિચારીએ.

(૧) સાંભળવાની ઇચ્છા તે શુશ્રૂષા.

(૨) સાંભળવું તે શ્રવણ.

(૩) સાંભળેલી વસ્તુનો અર્થ સમજીને અંગીકાર કરવો તે ગ્રહણ.

(૪) તે યાદ રાખવો તે ધારણા.

(૫) મોહ, સંદેહ અને વિપરીતતા રહિત નિશ્ચય જ્ઞાન તે વિજ્ઞાન.

(૬) આ પ્રકારે અમુક બાબતનું ચોક્કસ જ્ઞાન મેળવીને બીજા પદાર્થમાં તે બાબતનો વ્યાપ્તિ જ્ઞાન સહિત તર્ક કરવો તે ઉહ, એટલે જેમ ઘરને વિષે રસોડામાંથી નીકળતો ધુમાડો જોયો તે ઉપરથી જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોવો જોઈએ એવું નિશ્ચય જ્ઞાન થયું તેને ન્યાયશાસ્ત્રના રચનારાઓ વ્યાપ્તિજ્ઞાન કહે છે. પછી પર્વતમાં ધુમાડો દેખી ત્યાં પણ અગ્નિ હશે એવો તર્ક (વિચાર) થાય. તેમ ધર્મ સંબંધી કાર્યમાં પણ કોઈ જીવની હિંસા કરવાથી પાપ થાય છે, એવો પ્રથમથી નિશ્ચય કરેલો હોય તો પછી કોઈ જીવને દુઃખ આપવાથી પાપ લાગે એવો વિતર્ક થાય તેનું નામ ઉહ કહેવાય.

(૭) આગમ તથા યુક્તિ વડે હિંસામાં દોષ છે એમ ખાત્રી કરવી તેનું નામ અપોહ. સામાન્ય જ્ઞાનને ઉહ અને વિશેષ જ્ઞાનને અપોહ કહેવાય છે.

(૮) આ એમજ છે, એવા પ્રકારનો જે પૂર્વાપર અવિરોધી નિશ્ચય તેને તત્ત્વજ્ઞાન કહેવાય છે.

આવી રીતે દરેક વસ્તુનું યથાર્થ જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો. તેવા જ્ઞાનવાળો ખાતરીથી પોતાનો અભિપ્રાય જણાવી શકે છે, અને બીજા મનુષ્યોને પણ પોતાના શુદ્ધ માર્ગે દોરી શકે છે. કહ્યું છે કે—

जीवन्ति शतशः प्राज्ञाः प्रज्ञया वित्तसंक्षये ।
नहि प्रज्ञाक्षये कश्चिद्वित्ते सत्यपि जीवति ॥१॥

સેંકડો ડાહ્યા પુરૂષો ધનનો નાશ થવા છતા પણ બુદ્ધિ વડે જીવે છે પરન્તુ પણ બુદ્ધિનો નાશ થયા બાદ ધન હોવા છતાં પણ કોઇ જીવી શકતું નથી.

માટે ધન કરતાં બુધ્ધિ ઉત્તમ છે. બુદ્ધિમાન્ પુરૂષ પરદેશમાં અજાણ્યાં ગામમાં અને અજાણ્યા પુરુષોમાં પગપેસારો કરી શકે છે. અને પોતાની આજીવિકા મેળવી શકે છે. અને સભામાં પણ અગ્રસ્થાન મેળવે છે, માટે બુધ્ધિ સંપન્ન થવા પ્રયત્ન કરવો એજ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

આ પ્રમાણે ગૃહસ્થના સામાન્ય ધર્મનું વિવેચન પુરૂં થયું. આ ગુણો જે માણસ મેળવે છે તે ગૃહસ્થના વિશેષ ધર્મને માટે અધિકારી થાય છે, અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં યતિધર્મ અંગીકાર કરી મોક્ષપદને લાયક થાય છે. એજ બાબતને સિદ્ધ કરતાં શાસ્ત્રકાર હરિભદ્રસૂરિ જણાવે છે કે :—

एवं स्वधर्मसंयुक्तं सद्गार्हस्थ्यं करोति यः ।
लोकद्वयेप्यसौ धीमान् सुखमाप्नोत्यनिन्दितम् ॥१॥

આ પ્રમાણે, સ્વધર્મયુક્ત ગૃહસ્થ ધર્મ જે સારી રીતે પાળશે, તે બુદ્ધિમાન્ પુરૂષ, આ લોકમાં તથા પરલોકમાં અનિન્દિત સુખ મેળવશે.

તે સુખ પુણ્યાનુબંધિ પુણ્યના કારણભૂત હોવાથી અનિન્દિત કહેલું છે માટે દરેક શ્રાવકે આ પ્રમાણે ગૃહસ્થ ધર્મ પાળવા ઉદ્યમવન્ત થવું.

બંધુઓ ! આપણે ધર્મની મોટી મોટી વાતો કરીએ છીએ, નવતત્ત્વ અને જીવવિચારના પ્રશ્નોર્થો આપણે મુખે રાખીએ છીએ, આપણો ધર્મ સૌથી ઉત્તમ છે, એમ અન્યજનો આગળ અભિમાનપૂર્વક કહીએ

છીએ પણ જ્યાં સુધી આ પ્રકરણમાં જણાવેલા **ગૃહસ્થના સામાન્ય ધર્મ** પાળવા આપણે તૈયાર થતા નથી ત્યાં સુધી ઉપર જણાવેલી બાબતો કાચા પાયાં ઉપર ઇમારત બાંધવા તુલ્ય છે. આ ઉપરથી કહેવાનો આશય એવો નથી કે ધર્મના ઉચ્ચ તત્વો ન જાણવાં; પણ શરૂઆત જ્યાંથી કરવી જોઈએ ત્યાંથી કરવી ઘટે છે, નહિ તો પરિણામ જેવું જોઈએ તેવું સારૂં આવતું નથી. માટે વાંચી, વિચારીને અમલમાં મૂકાય તેટલોજ લાભ છે. તેજ બાબતને સિદ્ધ કરતાં શાસ્ત્રકાર આ **પ્રકરણની સમાપ્તિ** બે શ્લોકથી કરે છેઃ—

दुर्लभं प्राप्य मानुष्यं विधेयं हितमात्मनः ।
करोत्यकाण्ड एवेह मृत्युः सर्वं न किंचन ॥१॥
सत्येतस्मिन्नसारसु संपत्स्वविहिताग्रहः ।
पर्यन्तदारुणासुच्चैर्धर्मः कार्यो महात्मभिः ॥२॥

દુર્લભ મનુષ્ય જન્મ પામીને, આત્માનું હિત કરવું એજ ઘટિત છે. કારણ કે મૃત્યુ અચાનક આવી આ દુનિયામાં વસ્તુ માત્રને હતી નહતી કરી નાખે છે. આ પ્રકારની સ્થિતિ વિચારીને પરિણામે દુઃખ દેનારી અસાર સંપત્તિમાં બહુ આગ્રહ રાખ્યા સિવાય આત્માર્થી પુરૂષોએ ઉચ્ચ પ્રકારે ધર્મ સેવન કરવું.

આ રીતે ધર્મબિન્દુમાં **સામાન્ય ગૃહસ્થ ધર્મને** દર્શાવનારો **પ્રથમ અધ્યાય** સંપૂર્ણ થયો.

અધ્યાય-૨

જ્યારે ક્ષેત્ર બરાબર હોય ત્યારે તેમાં વાવેલું બીજ સારી રીતે ઉગે છે, જેમ ભીંત ચોખ્ખી અને સફાઇદાર બનાવવામાં આવી હોય, ત્યારે તે ઉપર કરેલું ચિત્રામણ શોભે છે. તેમ પ્રથમ પ્રકરણમાં જણાવેલા ગૃહસ્થના લક્ષણ જે માણસમાં આવેલાં હોય છે, તે ધર્મનો ઉપદેશ ગ્રહણ કરવાને યોગ્ય અધિકારી ગણાય છે. શાસ્ત્રકાર તેજ બાબતને સાબિત કરતા જણાવે છે કે—

प्रायः सद्धर्मबीजानि गृहिष्वेवंविधेष्वलं ।
रोहन्ति विधिनोप्तानि यथाबीजानि सत्क्षितौ ॥१॥

અર્થ : સારી પૃથ્વીમાં વિધિ સહિત વાવેલાં બીજ ઉગે છે, તેમ ઉપર જણાવેલા લક્ષણવાળા ગૃહસ્થમાં વિધિ સહિત વાવેલાં સદ્ધર્મના બીજ પ્રાયઃ ઉગે છે.

સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ ચારિત્રરૂપ સદ્ધર્મના કારણો નીચે પ્રમાણે છે.

दुःखितेषु दयात्यन्तमद्वेषो गुणवत्सु च ।
औचित्यासेवनं चैव सर्वत्रैवाविशेषतः ॥२॥

દુઃખી પુરૂષો ઉપર અત્યન્ત દયા કરવી, ગુણી પુરૂષો ઉપર દ્વેષ ન રાખવો, અને સર્વ સ્થળે પક્ષપાત વિના ઔચિત્ય માર્ગનું સેવન કરવું.

જે પુરૂષો કુળ ક્રમથી ચાલતા આવેલા નિંદારહિત, અને ન્યાયસહિત માર્ગમાં વિચરે છે, તેવા ગુણ પાત્ર ગૃહસ્થોમાં ધર્મના બીજ ફળે છે, તેવા માણસોને ધર્મ શ્રવણ કરવાની ઇચ્છા થાય છે. ધર્મનાં તત્વનું ચિંતવન કરવા તેઓનું હૃદય પ્રેરાય છે, કારણ કે તેવા પુરૂષોમાં ગુણાનુરાગ બહુજ હોય છે; અને ગુણાનુરાગ તેમને

ગુણી પુરૂષ તરફ ખેંચે છે, પછી ગુણી પુરૂષોનાં વચનો સાંભળી અંગીકાર કરે છેઃ અને ગુણી પુરૂષોના વચનો તે ધર્મના સૂત્રો સમાન હોવાથી ધર્મ તત્ત્વનું ચિંતન પણ આ રીતે થાય છે. માટે ગુણાનુરાગ એજ સદ્ધર્મનું બીજ છે. કહ્યું છે કેઃ—

वपनं धर्मबीजस्य सत्प्रशंसादि तद्वतम् ।
तच्चिन्ताद्यङ्कुरादि स्यात् फलसिद्धिस्तु निर्वृत्तिः ॥

સત્પુરૂષોની પ્રશંસા તે ધર્મનું બીજ છે. અને ધર્મ સંબંધી ચિંતન કરવું તે બીજના અંકુરા રૂપ છે; અને મોક્ષ એ ધર્મની ફળ સિદ્ધિરૂપ છે.

આજ ઉપમાને વધારે ખુલ્લી રીતે જણાવીએ તેઃ—

चिन्तासच्छ्रुत्यनुष्ठानदेवमानुषसंपद ।
क्रमेणाङ्कुरसत्काण्डनालपुष्पसमा मताः ॥

ધર્મનું ચિંતન અંકુરા સમાન છે, ધર્મશ્રવણ ડાળ સમાન છે, ધર્મનું અનુષ્ઠાન નાલ (થડ) સમાન અને દેવતા મનુષ્યની સંપત્તિ તે પુષ્પ સમાન છે.

બીજ વાવ્યા પછી પ્રથમ અંકુરા ફુટે, પછી ડાળાં થાય, પછી પત્ર આવે, પછી પુષ્પ આવે, અને પછી ફળ આવે, તેમ ધર્મમાં પણ ક્રમ સમજવો. સામાન્ય મનુષ્યો તો પગથીએ પગથીએ ચડીનેજ ઉંચે જઈ શકે છે. તે માટે ધર્મશાસ્ત્રમાં ગુણસ્થાનકનાં ચૌદ પગથીયા કહેલાં છે, માટે સામાન્ય નિયમ તો ક્રમવાર ધર્મના ઉચ્ચપગથીએ ચડવાનો છે.

જો સારૂં પાત્ર ન હોય તો ધર્મબીજનું શું થાય છે; તે શાસ્ત્રકાર હવે જણાવે છે.

बीजनाशो यथाऽभूमौ प्ररोहो वेह निष्फलः ।
तथा सद्धर्मबीजानामपात्रेषु विदुर्बुधः ॥

અર્થ : અભૂમિ (ઉષરભૂમિ)માં વાવેલાં બીજનો નાશ થાય છે, અથવા અંકુરો થાય તો તે નિષ્ફળ થાય છે, તેવી જ રીતે અયોગ્ય પાત્રમાં વાવેલા સદ્ધર્મનાં બીજનો નાશ થાય છે, અથવા અંકુરો ફૂટી નિષ્ફળ જાય છે.

ભાવાર્થ:—મારવાડ આદિ દેશની વેરાન ભૂમિમાં વાવેલા બીજને અંકુરો આવતો નથી, અને દૈવયોગે અંકુરો ફુટી નીકળ્યો તોપણ ધાન્યાદિની નિષ્પત્તિ રૂપ ફળ મળતું નથી. તેજ રીતે અજ્ઞાન રૂપ ખારી જમીનવાળા હૃદયમાં વાવેલાં સદ્ધર્મનાં બીજનો નાશ થાય છે અને કદાચ અંકુરા રૂપી કોઈ સદ્‌ગુણ વ્યવહારમાં પ્રગટ થઈ શકે, પણ મોક્ષરૂપ ફળ તો મળતું નથી. આમ થવાનું કારણ શું ?

न साधयति यः सम्यगज्ञः स्वल्पं चिकीर्षितम् ।
अयोग्यत्वात्कथं मूढः स महत्साधयिष्यति ॥

અર્થ : મૂઢ માણસ પોતાની અયોગ્યતાથી થોડું પણ કરવા ધારેલું સારૂં કાર્ય કરવા સમર્થ થતો નથી, તો પછી મોક્ષપ્રાપ્તિરૂપ મોટું કાર્ય કરવા તે કેવી રીતે શક્તિમાન્ થઈ શકે ?

ભાવાર્થ:—મૂર્ખ માણસ કોઈ પણ કામ કરવા લાયક નથી. પોતાને હિતકારી શું છે, અને પોતાને દુઃખકારી શું છે, તેનો તફાવત નહિ સમજનારો પુરૂષ, પોતાની આજીવિકા ચલાવવા પણ શક્તિમાન થતો નથી. જે સરસવ માત્ર ધારણ કરવાને સમર્થ નથી તે મેરૂ પર્વત કેમ ધારણ કરી શકે ? અર્થાત્ નજ ધારણ કરી શકે. તેમ જે માણસ જેટલા બોધને યોગ્ય હોય તેટલો આપવો; નહી તો પરિણામ લાભકારી થવાને બદલે હાનિકારક નીવડે છે. કહ્યું છે કે:—

गुणा गुणज्ञेषु गुणा भवन्ति ते निर्गुणं प्राप्य भवन्ति दोषाः ।
आस्वाद्यतोयाः प्रभवन्ति नद्यः समुद्रमासाद्य भवन्त्यपेयाः ॥

ગુણ જાણનાર પુરૂષને ગુણ ગુણરૂપે પરિણમે છે અને તેજ ગુણો નિર્ગુણી પુરૂષના સંબંધમાં આવતાં દોષરૂપ જણાય છે. નદીઓનાં જળ બહુજ સ્વાદિષ્ટ હોય છે પણ તેજ નદીઓ જ્યારે સમુદ્રને મળે ત્યારે તેમનું પાણી પીવાને યોગ્ય રહેતું નથી. **માટે અધિકારીનો** વિચાર કરી બોધ આપવો, વળી કહ્યું છે કેઃ—

उपदेशो हि मूर्खाणां प्रकोपाय न तु शांतये ।
पयःपानं भुजङ्गानां केवलं विषवर्धनम् ।।

સર્પને પાયેલું દુધ કેવળ તેનું વિષ વધારે છે, તેમ મૂર્ખને આપેલો ઉપદેશ શાંતિ કરવાને બદલે તેના કોપ (ક્રોધને) વધારે છે. માટે દેશના (ઉપદેશ) આપનારે પાત્રાપાત્રનો બહુજ વિચાર કરવો જોઈએ.

इति सद्धर्मं देशनार्हं उक्तः इदानीं तद्विधिमनुवर्तयिष्यामः इति ।१।

માટે અત્યાર સુધી પ્રથમ પ્રકરણમાં **સદ્ધર્મ**દેશનાને યોગ્ય પુરૂષનું વર્ણન કર્યું, હવે ધર્મદેશનાના ક્રમને વર્ણવીશું.

तत्प्रकृतिदेवताधिभक्तिज्ञानमिति ।।२।।

અર્થ : ધર્મ દેશનાને યોગ્ય પુરૂષની પ્રકૃતિનું તથા તેને કયા દેવ ઈષ્ટ છે, તે સંબંધી જ્ઞાન મેળવવું.

ભાવાર્થ:—જે પુરૂષને ઉપદેશ કરવાનો છે, તેની પ્રકૃતિ પ્રથમ જાણવી જોઈએ. તે પુરૂષને ગુણીજન ઉપર રાગ છે કે નહિ. તેના આચાર વિચાર કેવા છે, તે સર્વ ઉપદેશ આપનારે જાણવું જરૂરનું છે. વળી તેને કયા દેવમાં વિશેષ ભક્તિ છે, તે પણ ઉપદેશકે જાણવું જોઈએ. જેની પ્રકૃતિ જાણવામાં આવેલી હોય તેને કયે રસ્તે ધર્મનું જ્ઞાન આપવું તે સમજાઈ શકે.

(૧) જે માણસમાં પ્રવૃત્તિ બહુ હોય તેને ક્રિયા માર્ગથી ઉચ્ચ માર્ગે ચડાવી શકાય.

(૨) જે માણસમાં પ્રેમ બહુ હોય તેને ભક્તિ માર્ગથી સીધે રસ્તે વાળી શકાય.

(૩) જેને જ્ઞાન પ્રત્યે રૂચિ હોય તેને જ્ઞાન માર્ગથી ધર્મ માર્ગે લાવી શકાય.

માટે ઉપદેશ ગ્રહણ કરનારમાં કેવા કેવા ગુણો છે અથવા કયા અવગુણો છે, તે પ્રથમ વિચારવું જોઈએ.

વળી તેને કયા દેવ અથવા શાસન માટે વધારે રાગ છે, તે ઉપદેશકના જાણવામાં આવે, તો તે શાસનમાં પણ આવા ઉત્તમ માર્ગાનુસારિપણાના ગુણોનું વર્ણન કરેલું છે તેમ દર્શાવી, તેની પ્રીતિ પ્રથમ સંપાદન કરવી. પછી તેનામાં અને આપણા શાસનમાં શી શી બાબતમાં મતભેદ છે, અને તે શા કારણથી છે, અને તેમાં વધારે ઉચ્ચ તત્વો કોનામાં છે તે સમજાવવું, કે જેથી તે સન્માર્ગે વળે.

तथा—साधारणगुणप्रशंसेति ॥३॥

અર્થ : સાધારણ ગુણોની પ્રશંસા કરવી.

ભાવાર્થ:—જે માણસો દેશના સાંભળવાને યોગ્ય અધિકારી લાગતા હોય તેમની આગળ પ્રથમ તો લૌકિક અને લોકોત્તર સામાન્ય ગુણની પ્રશંસા કરવી, કે જેથી તે લોક તમારો બોધ સાંભળવા લલચાય.

હવે તે સામાન્ય ગુણો કયા તેનું નીચેના શ્લોકથી વર્ણન કરે છેઃ—

प्रदानं प्रच्छन्नं गृहमुपगते संभ्रमविधिः ।
प्रियं कृत्वा मौनं सदसि कथनं चाप्युपकृतेः ॥१॥
अनुत्सेको लक्ष्म्यां निरभिभवसारा परकथा ।
श्रुते चासंतोषः कथमनभिजाते निवसति ॥२॥

तृष्णां छिन्धि भज क्षमां जहि मदं पापे रतिं मा कृथाः
सत्यं ब्रूहि अनुयाहि साधुपदवीं सेवस्व विद्वज्जनान् ॥३॥
मान्यान्मानय विद्विषोप्यनुनय प्रछादय स्वान् गुणान् ।
कीर्तिं पालय दुःखिते कुरु दयां एतत्सतां लक्षणम् ॥४॥

અર્થ : સત્પાત્રને દાન આપવું તે છાનું આપવું, પણ લોક પ્રશંસા માટે ન આપવું. જમણો હાથ જે કરે તે ડાબો હાથ ન જાણે તેમ દાન આપવું. કોઇ અતિથિ કે પરોણો, અથવા સત્પુરૂષ પોતાને ઘેર આવે, તો "અમારૂ મોટું ભાગ્ય" એમ વિચારી બીજાં બધાં કામ પડતાં મૂકી પ્રીતિ થાય તેમ તેની આગતાસ્વાગતા કરવા તત્પર થવું. કોઇનું ભલું કરીને મૌન રહેવું, પણ અમુક માણસ ઉપર મેં આવો ઉપકાર કર્યો છે, એમ પોતાના મુખે કદાપિ કહેવું નહિ; કારણકે તે તો હલકા માણસનો સ્વભાવ સૂચવે છે. પારકાએ જો પોતાના ઉપર ઉપકાર કર્યો હોય તો સભા સમક્ષ તેના ગુણનું વર્ણન કરવું, કારણ કે તેથી સામા મનુષ્યનો વિનય સચવાય છે, અને અન્યોન્ય પ્રીતિ વધે છે, તથા તે માણસ બીજાને તેવો ઉપકાર કરવા વધારે ઉત્સુક બને છે.

લક્ષ્મીની પ્રાપ્તિમાં અભિમાન ધારણ ન કરવો કારણ કે સ્વભાવે તે અસ્થિર છે. લાંબો સમય એક સ્થળે ઠરીને બેસતી નથી. બીજાની સારી વાતો કરવી, પણ બીજાને પરાભવ થાય તેવી વાત કદાપિ કરવી નહિ. બધી બાબતમાં સંતોષ ધારણ કરવો, પણ શાસ્ત્રશ્રવણ કરવામાં કદાપિ સંતોષ વૃત્તિ રાખવી નહિ. આવા ગુણો ઉત્તમ કુળના પુરૂષો સિવાય બીજામાં શી રીતે વાસ કરી શકે ?

વળી લોભનો નાશ કરવો, ક્ષમા અંગીકાર કરવી, અભિમાન દૂર કરવો, પાપના કાર્યમાં આનંદ પામવો નહિ, સત્ય બોલવું સાધુ પુરૂષોના માર્ગે ચાલવું. જ્ઞાની પુરૂષોની સેવા કરવી, માનવા યોગ્ય માણસોને માન આપવું, દુશ્મનોને મનાવી લેવા, પોતાના ગુણો ગુપ્ત રાખવા, કીર્તિનું રક્ષણ કરવું, દુઃખી પુરૂષો ઉપર દયા કરવી. આ સર્વ સારા માણસોનાં લક્ષણો છે.

આ પ્રમાણે પ્રથમ સામાન્ય ગુણનો ઉપદેશ દાખલા દલીલો સહિત આપવો.

तथा सम्यक्त्वादधिकाख्यानमिमि ॥४॥

અર્થ:—સમકિતથી અધિક ગુણનું આખ્યાન કરવું.

ભાવાર્થ:—ઉપર પ્રમાણે સામાન્ય ગુણોનું વર્ણન કરતાં એમ જણાય કે તે દેશના સાંભળવાને ઉત્સુક થયેલો પુરૂષ આવા ગુણના વર્ણનમાં રસ લે છે, તો પછી ઉચ્ચ ગુણોનું વર્ણન તેની સન્મુખ કરવું.

पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् ।
अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ॥ १ ॥

હિંસા ન કરવી. સત્ય બોલવું, ચોરી ન કરવી, દાન કરવું (અથવા પરિગ્રહનો મર્યાદા રાખવા.) મૈથુન ન સેવવું. આ પાંચ બાબતો સર્વ ધર્મવાળા અંગીકાર કરે છે. જેટલા આર્ય ધર્મો છે, તે સર્વ આ પાંચ વાતને અંગીકાર કરે છે. બુદ્ધ ધર્મમાં તેને **પણ-શીળ** (પાંચ શીલ) કહે છે. વેદાન્તમાં તેને **પંચ યમ** કહે છે. માટે પ્રથમ તેનો ઉપદેશ આપવો. પણ શ્રોતા (સાંભળનાર) ને આવી બાબતમાં રસ ન પડે તો ઉપદેશકે શું કરવું તે શાસ્ત્રકાર કહે છે

तथा अबोधेप्यनिन्देति ॥५॥

અર્થ:—ગુણનો બોધ ન થાય તો પણ નિન્દા ન કરવી.

ભાવાર્થ:—ઉપદેશક ઉપર જણાવ્યા પ્રમાણે શ્રોતા આગળ સામાન્ય તથા વિશેષ ગુણનું વર્ણન કરે; છતાં શ્રોતાના મન ઉપર

અસર ન થાય, અથવા શ્રોતા બરાબર ન સમજે, તો ઉપદેશકે ચીડાઈ જવું નહિ, તેમજ તેની નિન્દા કરવી નહિ. "તું મંદ બુદ્ધિવાળો છે અમે તને સમજાવવાને આટલો બધો યત્ન કર્યો, છતાં તું તો પત્થર તુલ્ય રહ્યો ? તું તો મિથ્યાત્વી છો ? તને કાંઈ સમજણ પડતી નથી ?" આવા અથવા એવા અર્થવાળા શબ્દોમાં સાંભળનારનો તિરસ્કાર કરવો, એ ઉપદેશકને ઉચિત નથી; કારણ કે તેમ કરવાથી તે શ્રોતાના મનમાં રહેલી જીજ્ઞાસા દૂર જતી રહે છે, અને હું ઉપદેશ ગ્રહણ કરવાને યોગ્ય નથી એવો વિચાર તેના મનમાં થાય છે, અને તેથી સાંભળવા તરફનો તેનો ભાવ ઘટી જાય છે.

તો તેવા સમયમાં ઉપદેશકે શું કરવું તે જણાવે છેઃ—

शुश्रूषाभावकरणमिति. ॥६॥

અર્થઃ—સાંભળવાની ઇચ્છા થાય તેવો **ભાવ** શ્રોતામાં ઉત્પન્ન કરવો.

ભાવાર્થ—તે જીવને સાંભળવાની ઈચ્છા થાય, તેવી રીતે ધર્મશાસ્ત્ર સંભળાવવા ઉપદેશકે પ્રયત્ન કરવો. કારણ કે જ્યાં સુધી શુશ્રૂષા એટલે સાંભળવાની ઈચ્છા જાગૃત થઈ નથી, ત્યાં સુધી ઉપદેશ આપવાથી અનર્થ થવાનો સંભવ છે. કહ્યું છે કેઃ—

स खलु पिशाचकी वातकी वा यः परेऽनर्थिनि वाचमुदीरयति ॥

જેને સાંભળવાની ગરજ નથી તેની સન્મુખ બોલનાર ખરેખર પિશાચકી અથવા વાયડા જેવો છે. જેમ કોઈના શરીરમાં ભૂત અથવા પિશાચે પ્રવેશ કર્યો હોય તે ગમે તેમ બકે, તે સર્વ નિષ્ફળ છે, તેમ સાંભળવાની ગરજ વિનાના પુરૂષને ઉપદેશ આપવો તે "ભેંસ આગળ ભાગવત" સમાન છે. જેને કોઈ પણ પ્રકારનો વાયુનો ઉન્માદ (ગેલછાં) થયો હોય. તેનું બોલવું અર્થ વગરનું છે તેમ જીજ્ઞાસા વગરના માણસને બોધ આપવો, તે નિષ્ફળ છે.

માટે પ્રથમ તો ધર્મશાસ્ત્ર સાંભળવાની **ઇચ્છા ઉત્પન્ન કરાવવી;** નહિ તો—

આંધળા આગળ આરશી, બહેરા આગળ ગીત;
મૂરખ આગળ **ધર્મકથા,** ત્રણે એકજ રીત!

માટે સાંભળવાની ઇચ્છા પ્રથમ જાગૃત કરી પછી બોધ આપવો એ ઉપદેશકનું ઉચિત કાર્ય છે.

तथा भूयो भूय उपदेश इति ॥७॥

અર્થ:—વારંવાર ઉપદેશ આપવો.

ભાવાર્થ:—જેમ કોઈને સંનિપાત થયો હોય છે, તેને જ્યાં સુધી તે મટે નહિ ત્યાં સુધી વારંવાર કરીયાતા વગેરેનો ક્વાથ આપવામાં આવે છે, તેમ જ્યાં સુધી આપેલા ઉપદેશની વાત સાંભળનારના હૃદયમાં ઠસે નહિ ત્યાં સુધી **વારંવાર** બોધ આપવો **જોઈએ. શ્રી ઉમાસ્વાતિ** વાચક લખે છે કે:—

यद्वद्विषघातार्थं मन्त्रपदे न पुनरुक्तदोषोऽस्ति ।
तद्वद्रागविषघ्नं पुनरुक्तमदुष्टमर्थपदम् ॥१॥
वृत्त्यर्थं कर्म यथा तदेव लोकः पुनः पुनः कुरुते ।
एवं विरागवार्ताहेतुरपि पुनः पुनश्चिन्त्यः ॥२॥

જેમ ઝેરને નાશ કરવા માટે મંત્રપદ વારંવાર બોલવા છતાં, તેમાં પુનરૂક્તિનો દોષ ગણાતો નથી તેમ રાગરૂપી ઝેરને નાશ કરવા વારંવાર કહેલું વ્યાખ્યાન પુનરૂક્ત ગણાતું નથી.

જેવી રીતે ગુજરાન માટે લોકો એકનું એક કામ ફરી ફરીને કરે છે. તે પ્રમાણે વૈરાગ્ય વાર્તાનાં કારણો પણ ફરી ફરી ચિન્તવવા જોઈએ.

માટે જ્યાં સુધી શ્રોતા સમજે નહિ ત્યાં સુધી વારંવાર ઉપદેશ આપવો યોગ્ય છે.

तथा बोधे प्रज्ञोपवर्णनमिति ॥૮॥

અર્થ:—બોધ થાય ત્યારે તેમની બુદ્ધિની પ્રશંસા કરવી.

ભાવાર્થ:-એક વાર સાંભળવાથી કે અનેકવાર સાંભળવાથી જ્યારે શ્રોતાને બોધ થાય ત્યારે નીચે પ્રમાણે તેમની પ્રશંસા કરવી. "જે લોકો મુક્તિની સમીપમાં હોય, જેમનાં કર્મ બહુ થોડા રહ્યાં હોય, તેવાજ પુરૂષો આવી સૂક્ષ્મ વાતો સમજી શકે. આવી બાબતો સાંભળવાની રૂચિ થવી, તે પણ મહા પુણ્યોદયથીજ સંભવે છે. માટે લક્ષ દઈને સાંભળવું." આમ કરવાથી સાંભળનારનાં મનમાં ઉત્સાહ વધે છે.

तथा तन्त्रावतार इति ॥૯॥

અર્થ:—શાસ્ત્રમાં પ્રવેશ કરાવવો.

ભાવાર્થ:-પ્રથમ તો શ્રોતાના મનમાં શાસ્ત્ર-આગમ માટે બહુમાન ઉત્પન્ન કરાવવું. જ્યાં સુધી અમુક વસ્તુ બહુ સારી છે. અથવા અમુક વસ્તુનું જ્ઞાન લાભકારી છે, એવું જ્ઞાન થાય નહિ ત્યાં સુધી તે વસ્તુ જાણવા લોકોની રૂચિ થાય નહિ. માટે આગમ વિષે શ્રોતાના મનમાં બહુમાન-પૂજ્યભાવ ઉત્પન્ન થાય તેવો ઉપદેશ આપવો. શ્રોતાને કહેવું કે:—

परलोकविधौ शास्त्रात् प्रायो नान्यदपेक्षते ।
आसन्नभव्यो मतिमान् श्रद्धाधनसमन्वितः ॥१॥

મોક્ષની ઈચ્છાવાળો, બુદ્ધિમાન અને શ્રદ્ધારૂપ ધનવાળો મનુષ્ય પરલોક સંબંધી કાર્યમાં ઘણું કરીને શાસ્ત્ર સિવાય બીજા કોઈ ઉપર આધાર રાખતો નથી; શાસ્ત્રમાં કહેલા ઉપદેશ પ્રમાણેજ તે વર્તે છે. પરલોક સંબંધી બાબતો જે ઇન્દ્રિઓથી જાણી શકાય તેમ નથી.

જ્ઞાની પુરૂષો કે શાસ્ત્રો જ તેને જણાવી શકે છે માટે જ્ઞાનીની ગેર-હાજરીમાં શાસ્ત્ર એજ આધારભૂત છે. કહ્યું છે કેઃ—

उपदेशं विनाप्यर्थकामौ प्रति पटुर्जनः ।
धर्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हितः ॥२॥

અર્થ અને કામરૂપ બે પુરૂષાર્થ તો લોકો અન્યના ઉપદેશ વિના પણ સાધી શકે છે. પણ ધર્મ તો શાસ્ત્ર વિના સધાતો નથી, માટે શાસ્ત્રમાં આદર કરવો એ હિતકારી છે.

अर्थादावविधानेऽपि तदभावः परं नृणाम् ।
धर्मेऽविधानतोऽनर्थः क्रियोदाहरणात्परः ॥३॥
तस्मात्सादैव धर्मार्थी शास्त्रयत्नः प्रशस्यते ।
लोके मोहान्धकरेऽस्मिन् शास्त्रालोक प्रवर्तकः ॥४॥

અર્થાદિ ઉત્પન્ન કરવા પ્રયત્ન ન કરે તો તેનો અભાવ થાય છે, પણ ધર્મ કરવા પ્રયત્ન ન કરે તો ઔષધ ક્રિયાની જેમ અનર્થ થાય છે.

માટે શાસ્ત્રનો અભ્યાસ કરવાવાળા ધર્મી પુરૂષો સદા પ્રશંસા પામે છે. આ લોકમાં મોહરૂપ અન્ધકારની પ્રબળતા સત્તા વ્યાપી રહેલી છે, તેથી સારૂં અથવા ખોટું લોકો જોઈ શકતા નથી, તેમાં શાસ્ત્રનો પ્રકાશજ માણસને શુદ્ધ માર્ગે દોરનાર છે.

पापामयौषधं शास्त्रं शास्त्रं पुण्यनिबन्धनम् ।
चक्षुः सर्वत्रगं शास्त्र शास्त्रं सर्वार्थसाधनम् ॥५॥

પાપરૂપ રોગનું ઔષધ શાસ્ત્ર છે, પુણ્યનું કારણ શાસ્ત્ર છે, સર્વ સ્થળે ગતિ કરનારૂં નેત્ર શાસ્ત્ર છે, ટુંકમાં સર્વ અર્થને સાધનારૂં શાસ્ત્ર છે.

न यस्य भक्तिरेतस्मिंस्तस्य धर्मक्रियापि हि ।
अन्धप्रेक्षाक्रियातुल्या कर्मदोषादसत्फला ॥६॥

જેને શાસ્ત્રમાં ભક્તિ નથી, તેની ધર્મક્રિયાઓ આંધળાને જોવાની ક્રિયા સમાન છે, અને કર્મ દોષથી અસત્ફળવાળી છે, એટલે સદ્ગતિ રૂપ ફળ આપતી નથી.

यः श्राद्धो मन्यते मान्यानहंकारविवर्जितः ।
गुणरागी महाभागस्तस्य धर्मक्रिया परा ॥७॥

અહંકાર રહિત ગુણાનુરાગી (ગુણીજન ઉપર પ્રેમ રાખનાર) અને મોટી શક્તિવાળો જે શ્રાવક શાસ્ત્રમાં કહેલા માનનીય પુરૂષો તરફ માન દૃષ્ટિથી જુએ છે, તેવા શ્રાવકની ધર્મક્રિયા ઉત્કૃષ્ટ જાણવી.

यस्यत्वनादरः शास्त्रे तस्य श्रद्धादयो गुणाः ।
जन्मत्तगुणतुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ॥८॥

જેને શાસ્ત્રને વિષે આદર-બહુમાન નથી, તેના શ્રદ્ધા વગેર ગુણો ઉન્મત્ત પુરૂષના ગુણ સમાન છે. માટે સારા મનુષ્યો તેની પ્રશંસા કરતા નથી.

मलिनस्य यथात्यन्तं जलं वस्त्रस्य शोधनम् ।
अन्तःकरणरत्नस्य तथा शास्त्रं विदुर्बुधाः ॥९॥

અત્યન્ત મલિન વસ્ત્રને શુદ્ધ કરનાર જેમ જળ છે, તેમ અંતઃકરણની મલિનતાને શુદ્ધ કરનાર શાસ્ત્ર છે, એમ પંડિત પુરૂષો કહે છે.

शास्त्रे भक्तिर्जगद्वन्द्यैर्मुक्तेर्दूती परोदिता ।
अत्रैवेयमतो न्याटया तत्प्राप्त्यासन्नभावतः ॥१०॥

જગતને વંદન કરવા યોગ્ય તીર્થંકર ભગવાને શાસ્ત્રભક્તિને મોક્ષલક્ષ્મી મેળવવા દુતી સમાન ગણેલી છે, માટે મુક્તિના પ્રાપ્તિના સામીપ્યપણાથી શાસ્ત્રભક્તિને દુતી ગણવી તે ન્યાયયુકત છે.

આ રીતે શાસ્ત્રનું માહાત્મ્ય, પ્રભાવ, અદ્ભુત સામર્થ્ય બતાવી શ્રોતાવર્ગના મનમાં શાસ્ત્ર વિષે પૂજ્યભાવ ઉત્પન્ન કરાવવો. ખરી વાત છે કે જ્યારે જ્ઞાની પુરૂષો વિચરતા હોય, જ્યારે અતીંદ્રિય

વસ્તુઓ અને ભાવોના જાણનારા મહાપુરૂષો જગતમાં વિદ્યમાન હોય ત્યારે તો તેમનું વચન એજ શાસ્ત્ર ગણવામાં આવે, તેવા સમયે પુસ્તકમાં લખેલા વચનોની ગરજ રહે નહિ. તેવા જ્ઞાનીઓ આ ક્ષેત્રમાં નહિ તો બીજા ક્ષેત્રમાં પણ આ વિશ્વમાં સદા હોય છે, પણ તેમને મળવા યોગ્ય અધિકારીઓ ભાગ્યેજ હોય છે. માટે તેવા તીર્થંકરો અથવા તેમની પાસેથી જ્ઞાન મેળવી શકે તેવા અધિકારીઓના વિરહના સમયમાં તેમણે ઉપદેશેલાં વચનો જે શાસ્ત્રમાં લખાયાં હોય તે શાસ્ત્ર માણસોને આધારભૂત છે, માટે તેવાં શાસ્ત્રોનો અનન્ય ભક્તિથી, અને શુદ્ધ ચિત્તથી અભ્યાસ કરવો, અને બીજા મનુષ્યોને તેમનો અભ્યાસ કરવા પ્રેરણા કરવી.

तथा प्रयोग आक्षेपण्या इति. ॥१०॥

અર્થ:—આક્ષેપણી કથાનો પ્રયોગ કરવો.

ભાવાર્થ:—જે કથાથી જીવોના મન ઈન્દ્રિયોના વિષયથી, મોહના વિકારોથી વિમુખ થઈ તત્વ તરફ વળે તેવી કથાને આક્ષેપણી કથા કહે છે.

આક્ષેપણી કથા ચાર પ્રકારની છે. (૧) આચાર કથા (૨) વ્યવહાર કથા, (૩) પ્રજ્ઞપ્તિ કથા, (૪) દૃષ્ટિવાદ કથા.

૧. લોચ કરવો, ૪૨ દોષ રહિત આહાર ગ્રહણ કરવો, ઈત્યાદિ સાધુની ક્રિયાઓ તે આચાર કહેવાય છે.

૨. પ્રાપ્ત થયેલા દોષનું નિવારણ કરવા પ્રાયશ્ચિત લેવું, તે વ્યવહાર કહેવાય.

૩. સંશયવાળા પુરૂષોને મધુર વચનથી અને યુક્તિપૂર્વક જ્ઞાન કરાવવું, તે પ્રજ્ઞપ્તિ કહેવાય.

૪. શ્રોતાની અપેક્ષાએ સૂક્ષ્મ જીવાદિ ભાવ કહેવા, તે દૃષ્ટિવાદ કહેવાય.

तथा ज्ञानाद्याचारकथनम् इति ॥११॥

અર્થઃ—જ્ઞાનાદિ આચારો કહેવા.

ભાવાર્થઃ—આચાર પાંચ પ્રકારના છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચાર. તેનું વર્ણન કરવું જોઈએ.

જ્ઞાનાચાર

તેમાં પ્રથમ જ્ઞાનાચારને જાણવો જોઈએ. જે આચારથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય, અને આત્માનું સ્વાભાવિક જ્ઞાન પ્રકટ થાય તેને જ્ઞાનાચાર કહે છે. તે જ્ઞાનાચારના આઠ ભેદ છે; તે વ્યાખ્યા સહિત અહિં કહેવામાં આવે છે.

૧. જે વખતે શ્રુત ભણવાનું ફરમાવેલું હોય તે વખતે તે શ્રુત ભણવું તે ભણવાનો યોગ્ય કાળ કહેવાય છે, યોગ્યકાળે કરેલી ખેતી ફળ આપે છે. તેમ યોગ્ય સમયે મેળવેલા જ્ઞાનનું બરાબર ફળ પ્રાપ્ત થાય છે.

૨. જ્ઞાન મેળવવાની ઈચ્છાવાળા વિદ્યાર્થીએ ગુરૂ આવે ત્યારે સન્મુખ ઉભા થવું ગુરૂનું આસન પાથરી આપવું, ગુરૂ બેઠા પછી બેસવું ગુરૂ ચરણની સેવા કરવી વગેરે **વિનય** કરવો. અવિનયથી ભણેલી વિદ્યા નિષ્ફળ જાય છે, શ્રેણિક રાજાને માતંગ (ચાંડાળ) પાસેથી વિદ્યા શિખવા વિનય કરવો પડયો હતો. જ્યાં સુધી તે ચાંડાલને આસન પર ઉપર બેસાડી શ્રેણિકરાજા તેનાથી નીચા આસનપર ન બેઠા ત્યાં સુધી તે વિદ્યા શિખી શકયા નહિ, માટે જ્ઞાન મેળવવા ગુરૂનો બહુજ વિનય કરવો.

૩. ભણવામાં તત્પર થયેલા વિદ્યાર્થીએ ગુરૂનું **બહુમાન** કરવું. હૃદયમાં જાગ્રત થયેલા ગુરૂ ઉપરના પૂજ્યભાવને શાસ્ત્રમાં બહુમાન કહેલું છે. **વિનય** બાહ્ય ક્રિયારૂપ છે. **અને બહુમાન** હૃદયના ભાવરૂપ છે. શાસ્ત્રમા વિનયની ચતુર્ભંગી કહેલી છે.

I એક પુરૂષને વિનય છે, પણ બહુમાન નથી.

II બીજાને બહુમાન છે, પણ વિનય નથી.

III ત્રીજાને વિનય અને બહુમાન બન્ને છે.

IV ચોથાને બન્ને નથી. વિનય પણ નથી તેમ બહુમાન નથી.

આ ચતુર્ભંગીમાં બીજો તથા ત્રીજો પ્રકાર આદરવા યોગ્ય છે. તેમાં ત્રીજો પ્રકાર ઉત્કૃષ્ટ જાણવો. અને બીજો પ્રકાર મધ્યમ જાણવો. કેમકે ગુરૂ ઉપર તેના મનમાં પ્રીતિ તો ઘણી છે, પણ કોઈ કારણ વિશેષે ઉપરથી વિનય બતાવી શકતો નથી, એટલી તેની ખામી સમજવી. કોઈ રોગાદિ મોટી વ્યાધિના કારણે ગુરૂ આવતાં ઉભા થવું વગેરે વિનય વ્યવહારથી બની શકતો નથી, અને પોતે તેને પોતાનું કમનશીબ સમજે છે. માટે બીજા પ્રકારવાળો પ્રાણી પણ જ્ઞાનનો અધિકાર સમજવો. કહ્યું છે કે :–

ભક્તિ વસે ત્યા લાજ કસીરે, લાજ દૂર રહેવાય.
પ્રભુપદ લાજે નહિ જ પમાય-પ્રભુપદ.

માટે અનન્ય ભક્તિથી ગુરૂની સેવા કરવી, અને તેમના પ્રત્યે પૂજ્ય ભાવ રાખવો. એથી ગુરૂના હૃદયના આશિષ મળશે. જેથી ટુંક સમયમાં વિશેષજ્ઞાન મેળવી શકાશે.

૪. ભણવાની ઈચ્છાવાળાએ ઉપધાન કરવું જોઈએ. જે તપથી જ્ઞાનને પુષ્ટિ મળે તેને ઉપધાન તપ કહેવાય છે. તપપૂર્વક મેળવેલું જ્ઞાન વિશેષ સફળ થાય છે; તપ કરવાથી શરીર તથા મન આત્માને સ્વાધીન થાય છે, અને તેથી આત્મા મન તથા શરીરને જ્ઞાન મેળવવામાં યોગ્ય સાધન તરીકે વાપરી શકે છે અને તેથી વિશેષ જ્ઞાન ટુંક સમયમાં મળી શકે છે. જેના હથીયાર બરાબર સ્થિતિમાં ન હોય તે બરાબર કામ કરી શકે નહિ, તેમ જેની ઈન્દ્રિયો સ્વાધીન ન હોય, અને મન સંયમમાં ન હોય, તે ઈચ્છા પ્રમાણે અભ્યાસ કરી શકે નહિ, માટે જ તપની આવશ્યકતા બતાવી છે.

તપનો અર્થ **વિચાર કરવો** એવો પણ થાય છે. જે માણસો કેવલ સામા માણસે કહેલું ગ્રહણ કરી બેસી રહેતા નથી, પણ તે ઉપર વિચાર કરે છે તેમની માનસિક શક્તિઓ ખીલે છે, અને તેઓ તે જ્ઞાન કદાપિ વિસરી જતા નથી. માટે જ્ઞાનના અભ્યાસીએ શ્રવણ કરેલી બાબતો ઉપર મનન–વિચાર કરવો એ પણ **જરૂરનું** છે.

૫. જેની પાસે વિદ્યા શીખ્યા હોઈએ તેનું નામ છુપાવવું તે **નિહ્નવ.** આ કામ કદાપિ કરવું નહિ; કેમકે તે અસત્યનો એક પ્રકાર છે. વળી તેથી ચિત્તની મલીનતા થાય છે, અને નામ છુપાવવાથી મેળવેલું જ્ઞાન સફળ થતું નથી. તેમજ આમ કરનાર કૃતઘ્ની કહેવાય છે. જેની પાસે વિદ્યા ગ્રહણ કરી તેનું નામ પ્રગટ રીતે કહેવું અને તેની પ્રશંસા થાય તેમ કરવું. કારણ કે ત્યારે આપણે તેના ઋણથી મુકત થઈએ છીએ.

૬. જ્ઞાન ગ્રહણ કરવાની ઈચ્છાવાળાએ વ્યંજનભેદ ન કરવો. આ બાબત બહુજ ઉપયોગી છે, જૈન ધર્મના પુસ્તકોનાં ભાષાંતર કરનાર કેટલાક કહેવાતા વિદ્વાનો જ્યારે પોતાને અમુક શ્લોકનો અર્થ ન બેસે ત્યારે તે સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવાને બદલે તેને સ્થળે નવું વાકય ગોઠવી દેવામાં પોતાના વિદ્વત્તાનો દુરપયોગ કરે છે. આમ કરવામાં કેટલીક વાર અર્થનો અનર્થ થાય છે. આ મોટો દોષ છે. અને ભાષાંતર કરનારાઓએ આ બાબત ભૂલવી ન જોઈએ. કારણ કે તેથી જ્ઞાનનો અતિચાર લાગે છે. અને સદ્જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, જો કોઈ શ્લોક પોતાને ન સમજતો હોય તો તે શ્લોક જેવો પ્રતમાં હોય તેવો છાપવો. અને ફુટનોટમાં પોતાને યોગ્ય લાગતો સુધારો બતાવવો, પણ પાઠ ફેરવી નાંખી, અસલના લેખનો નાશ કરવો એ તો ભાષાંતરકારની ઉન્મત્તતાં જ દાખવે છે.

દાખલા તરીકે **ધમ્મો મઙ્ગલમુક્કિટ્ઠં** ને બદલે **પુન્નોકલ્લાણ-મુક્કોસમ્** કહેવું તે વ્યંજન ભેદ કહેવાય. જો કે બેનો અર્થ તો

આ સ્થળે એક છે તો પણ તેમ કરવું ઉચિત નથી. કારણ કે શબ્દમાં રહેલું સામર્થ્ય આમ કરવાથી નાશ પામે છે.

૭. પ્રસિદ્ધ અર્થ છોડી દઈ બીજો અર્થ કરવો તે અર્થભેદ જાણવો. દાખલા તરીકે **आवंतीके यावंति लोगंसि विप्परामुन्ति** આવો આચારાંગ સૂત્રમાં પાઠ છે. એનો પ્રસિદ્ધ અર્થ એ છે કે પાખંડી લોકમાં જેટલા જીવ–મનુષ્ય અસંયત હોય તેમાંથી કેટલાક લોકો છકાયના જીવોને ઉપતાપ કરે છે. તેને બદલે અવંતી દેશમાં પાણી કાઢવાના દોરડાવાળા લોક કૂવા ઉપરે સંતાપ ઉપજાવે છે, એવો કરે તે અર્થભેદ જાણવો.

૮. શબ્દ જુદો બોલવો અને અર્થ પણ જુદો કરવો, તેને વ્યંજન-અર્થ-ભેદ કહે છે. **धम्मो मङ्गलमुत्कृष्टं अहिंसा पर्वत-मस्तके** આ સ્થળે વ્યંજનનો ભેદ કરવાથી અર્થનો પણ ભેદ થાય છે. આથી ઉત્સૂત્ર પુરૂપણા થાય છે, અને તેથી જે દોષ ઉત્પન્ન થાય છે તે દોષ સૂત્રમાં ફેરફાર કરનારને લાગે છે.

જે માણસ જાણી જોઈને પોતાનો સ્વાર્થ સાધવા જે સત્ય હોય તેનો જુદો અર્થ કરવા શાસ્ત્રોના શબ્દો ફેરવી નાખે છે, તે દોષિત છે. કારણ કે તેના સઘળા અનિષ્ટ પરિણામનું કર્મ તેને સહન કરવું પડે છે. માટે શાસ્ત્રના શબ્દો ફેરવવા નહિ, તેમજ તેનો અર્થ પણ ફેરવવો નહિ.

આ આઠ નિયમો ધ્યાનમાં રાખી જે વિનય સહિત ગુરૂ પાસે શાસ્ત્રનો અભ્યાસ કરે છે. તેનું જ્ઞાન અધિક અધિક વધતું જાય છે; અને જ્ઞાનને આવરણ કરનારા પરમાણુઓ ખરી જાય છે. માટે જ્ઞાનના અભ્યાસીઓએ આ નિયમ કદાપિ ભૂલવા નહિ,

દર્શનાચાર

तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ॥

તત્ત્વાર્થ ઉપર શ્રદ્ધા રાખવી તેને સમ્યગ્દર્શન કહે છે. તેના પણ આઠ પ્રકાર છે.

૧. **શંકારહિતપણું.** શંકા બે પ્રકારની છે, ૧ દેશશંકા, ૨ સર્વશંકા. ધર્મના અમુક સિદ્ધાન્ત બાબતની શંકા તે **દેશશંકા,** અને ધર્મનાં સર્વ તત્વો બાબતની શંકા તે **સર્વશંકા.** દેવનું સ્વરૂપ શાસ્ત્રમાં કહ્યું છે તેવું હશે કે કેમ તે બાબત શંકા કરવી તે દેશ-શંકા.

શંકા કરનારે જાણવું જોઈએ કે કેટલાક પદાર્થો હેતુગ્રાહ્ય છે, અને કેટલાક પદાર્થ અહેતુગ્રાહ્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો કેટલાકના હેતુ-કારણો આપીને સમજાવી શકાય, અને કેટલાક એવા પદાર્થો છે કે જેના હેતુઓ આપણી સામાન્ય બુદ્ધિથી સમજાય નહિ. જેઓ સર્વજ્ઞ છે તેમના લક્ષમાં તે હેતુઓ આવી શકે. સર્વજ્ઞે કહેલા અન્ય પદાર્થો આપણને સત્ય લાગે છે, તો આ પણ સત્ય હશે, માટે આવી બાબતોમાં જે પદાર્થો પોતાની બુદ્ધિ કબુલ કરે તે ગ્રહણ કરવા અને જે બુદ્ધિ ગ્રાહ્ય ન લાગે તેનો **તિરસ્કાર** ન કરતાં તેમને એક બાજુ રાખી, અને વિચાર કરવો કે જ્યારે વધારે જ્ઞાન થશે. ત્યારે સ્વયમેવ તે તત્વો સમજાશે. માટે આવી બાબતોમાં **મધ્યસ્થ** વૃત્તિ રાખવી. પણ તે માટે ચર્ચામાં સમય નિરર્થક ગુમાવવો નહિ. કારણ કે **વાદવિવાદથી** આવી બાબતો સિદ્ધ થઈ શકે તેમ નથી. તે તો જ્ઞાન દ્વારા જણાય. **માટે જેમ જ્ઞાન વધે** તેવો માર્ગ ગ્રહણ કરવો. કે જેથી આખરે સત્ય શું છે તે સમજાઈ શકે.

આ સઘળા સિદ્ધાન્તો પ્રાકૃત ભાષામાં લખેલા છે, માટે તેના લેખકો અજ્ઞાની હશે, અથવા લખેલી વસ્તુઓ કલ્પિત હશે, આવો વિચાર કરવો તે સર્વશંકા. આ શંકાનું નિવારણ થઈ શકે તેમ છે. પ્રાકૃત ભાષા અસલના સમયમાં પ્રચલિત ભાષા હતી, તેથી બાળજીવોને સહેલાઈથી સમજાય અને તેનો ઉચ્ચાર કરી શકાય માટે તે ભાષામાં તે ગ્રન્થો લખવામાં આવેલા છે. કહ્યું છે કે:—

बालस्त्रीमंदमूर्खाणां[1] नृणां चारित्रकांक्षिणाम् ।
अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः[2] ॥ १ ॥

ચારિત્રની ઇચ્છા કરનાર, બાળ, સ્ત્રી, મંદબુદ્ધિ અને મૂર્ખ માણસના ઉપર કૃપા કરવા તત્ત્વ જાણનાર પુરૂષોએ સિદ્ધાન્ત પ્રાકૃત ભાષામાં રચેલા છે.

આ બાબત કલ્પિત પણ નથી, કારણ કે પ્રત્યક્ષ, અનુમાન, તથા આગમ પ્રમાણથી તેને બાધ આવતો નથી. માટે શાસ્ત્રમાં શંકા ન કરે તે દર્શનાચારનો પ્રથમ વિભાગ શંકારહિતપણું જાણવું. શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ કાર્યને ઉત્સાહ આપે છે, અને શુદ્ધ કાર્ય પરંપરાએ મોક્ષરૂપ ફળ આપે છે. માટે શાસ્ત્ર વિચારતાં જે જે શંકાઓ હૃદયમાં ઉઠતી હોય, તેનો તેના જાણકાર યોગ્ય ગુરૂ પાસે ખુલાસો મેળવી શંકા રહિત થઈ શુદ્ધ પ્રવૃત્તિ કરવી.

૨. દર્શનાચારનો બીજો ભેદ કાંક્ષારહિતપણું. તેના પણ બે પ્રકાર છે (૧) દેશ કાંક્ષા, (૨) સર્વ કાંક્ષા. સાંખ્ય વગેરે દર્શનમાંથી કોઈ એક દર્શનની કાંક્ષા કરે, એટલે તે દર્શન અંગીકાર કરવા ઇચ્છા કરે તે દેશ કાંક્ષા અને સર્વ મતને સારા જાણી સર્વને ગ્રહણ કરવા ઇચ્છે તે સર્વ કાંક્ષા.

આવી **દેશકાંક્ષા** અને **સર્વકાંક્ષાથી** લાભ નથી, કારણ કે અન્ય શાસ્ત્રોમાં કહેલી સદ્ભવસ્તુ ગ્રહણ કરવા જતાં તેની સાથે રહેલી અસદ્ વસ્તુ પણ ગ્રહણ કરવા તે લલચાય છે. આ સર્વ અથવા દેશ કાંક્ષારહિતપણું તે દર્શનાચારનો બીજો પ્રકાર સમજવો.

આ ઉપરથી એમ ન સમજવું કે અન્ય ધર્મ સર્વે ખોટા છે; કારણ કે અપેક્ષાએ અને અંશે સત્ય તો સર્વ

૧ मूढइतिपाठान्तरम्. ૨ स्मृतःइतिपाठान्तरम्.

ધર્મમાં રહેલું છે; માટે જ્યાં જ્યાં જેટલું સત્ય હોય, ત્યાં ત્યાં તે ગ્રહણ કરવું એજ જૈન દૃષ્ટિ છે.[૩]

આનંદઘનજી મહારાજ લખે છે કે :-

જીનવરમાં સઘળાં દરિસણ છે, દર્શને જીનવર ભજનારે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજનારે
ષટ્દર્શન જીન અંગ ભણી જે.

જૈનદર્શનમાં સઘળા દર્શનોનો સમાવેશ થાય છે. જ્યારે બીજા દર્શનમાં જૈન દર્શન હોય કે ન પણ હોય, જેમ સમુદ્રમાં સઘળી નદીઓ સમાઇ જાય છે તેમ.

માટે અન્ય ધર્મમાં પણ જે સત્ય દેખાતું હોય તે ગ્રહણ કરી સ્વધર્મમાં અવિચળ શ્રદ્ધા રાખવી.

(૩) નિર્વિચિકિત્સા—ભ્રાન્તિરહિતપણું એ દર્શનાચારનો ત્રીજો પ્રકાર સમજવો.

માણસે કાર્ય-કારણના અચળ નિયમમાં જરા પણ ભ્રાન્તિ રાખવી જોઈએ નહી. "જેવું કરીશું તવું પામીશું" એ સૂત્રને પોતાની સઘળી ક્રિયાના આધારભૂત ગણવું જોઈએ, કારણ કે જે માણસને કર્મના મહાન નિયમમાં વિશ્વાસ નથી તે ધર્મક્રિયા કરતાં મારી ક્રિયાનું અમુક પરિણામ આવશે કે નહિ, તેવી ભ્રાન્તિ રાખે છે. અને તેથી જેવી શ્રદ્ધાથી અને અડગ ભક્તિથી ધર્મકાર્યમાં

૩ મહાન્ રાજા **અશોક**ના શિલા લેખમાં નીચેનું લખાણ છે. "બીજા પંથોપર આક્ષેપ કરવો નહિ, તેમજ નિષ્કારણ તે ગ્રંથોની અપ્રતિષ્ઠા કરવી નહિ. પણ તેથી ઉલ્ટું જે જે કારણોને લીધે માન આપવું ઘટતું હોય, તે તે કારણોસર બીજા પંથને માન આપવું. આવી રીતે વર્તવાથી બન્ને ધર્મને લાભ થાય છે. પોતાના ધર્મની ઉન્નતિ થાય છે, ને તે પર ધર્મને ફાયદો થાય છે. આથી જુદી રીતે થવાથી પરમતઅસહિષ્ણુતાથી પોતાનોજ પંથ નાશ પામે છે"

પ્રવર્તવું જોઇએ તેવી રીતે પ્રવર્તી શકતો નથી. અને તેથી તેનુ યથાર્થ ફળ પણ મેળવી શકતો નથી. માટે તેવી ખોટી ભ્રાન્તિનો ત્યાગ કરી આત્મ શક્તિમાં તેમજ કાર્ય–કારણના નિયમમાં વિશ્વાસ રાખવો તેનું નામ **ભ્રાન્તિરહિતપણું** સમજવું. બરોબર સાધનો મળ્યા એટલે સાધ્ય વસ્તુ પ્રાપ્ત થવાનીજ; માટે યોગ્ય સાધનોનુ જ્ઞાન મેળવી, તે પ્રમાણે વર્તવું, એટલે સ્વયમેવ પરિણામ મળશે.

(૪) અજ્ઞાન કષ્ટ કરનારનો તપ, વિદ્યા, ચમત્કાર અને અતિશય જોઈ જેની સમ્યક્ જ્ઞાનરૂપી દૃષ્ટિ ન ચડે તે **અમૂઢ દૃષ્ટિ** કહેવાય. એ દર્શનાચારનો ચોથો પ્રકાર સમજવો.

સત્ય સ્વરૂપ સમજ્યા વિના, યોગના પ્રથમ બે પગથીયા (યમ અને નિયમ) તેને પ્રાપ્ત કર્યા સિવાય, પ્રાણાયામ આદિ બાહ્ય ક્રિયાથી કોઈ શરીરના પ્રાણને નિરોધી શકે. અથવા શરીરને કાષ્ટવત્ બનાવે અથવા આકાશમાં ઉડી શકે, તો તેવા બાહ્ય શારીરિક ખેલોથી લોભાઈ જવું જોઇએ નહિ. તે એક પ્રકારનો હઠ યોગ છે. સઘળા હઠ યોગી આત્મજ્ઞાની હોતા નથી, રાજયોગનો માર્ગ તેથી જુદાજ પ્રકારનો છે; તેમાં આત્માની શક્તિથી શરીર, વાસનાઓ અને મનને વશ કરવામાં આવે છે, અને તેથી આત્મશક્તિ સ્વયં પ્રકાશી ઉઠે છે. માટે રાજયોગ અને હઠયોગનો ભેદ સમજવો. જેઓ રાજયોગના માર્ગે અંત સુધી પહોંચેલા હોય છે, તેઓની સર્વ શક્તિઓ ખીલેલી હોય છે, એ નિર્વિવાદ સત્ય છે; પણ જેઓની શક્તિઓ ખીલેલી હોય છે, તેઓ આત્મજ્ઞાની હોય યા ન પણ હોય માટે બાહ્ય ચમત્કારથી નહિ લોભાતાં તે કેવા તત્ત્વોનો ઉપદેશ કરે છે, તે તત્ત્વો બુદ્ધિગમ્ય છે કે નહિ તે ઉપર ખાસ લક્ષ આપવું કે જેથી ચમત્કારને લીધે અજ્ઞાનના ફાંસામાં ફસાઈએ નહિ.

ઉપર જણાવેલા ચાર દર્શનાચાર **ગુણીને** આશ્રયિને કહેલા છે. હવે બાકીના ચાર જે ગુણને આશ્રયિ રહેલા છે તે કહેવામાં આવે છે.

(૫) **ઉપબૃંહણ** એ દર્શનાચારનો પાંચમો ભેદ છે.

સમાન ધર્મવાળા પુરૂષોમાં જે ગુણો હોય તે ગુણની પ્રશંસા કરવી. તેનું નામ ઉપબૃંહણ અથવા વૃદ્ધિ કહેવાય. ગુણની પ્રશંસા કરવાથી તે કરનાર ગુણાનુરાગી બને છે, અને જેના ગુણની પ્રશંસા થઈ હોય તે, તે ગુણ વધારવા ઉત્સાહી થાય છે, અને બીજાઓ તેનો દાખલો લઈ તેવો ગુણ મેળવવા પ્રેરાય છે, માટે ગુણીના ગુણની સર્વથા પ્રશંસા કરવી.

(૬) ધર્મમાર્ગથી પતિત થતા જીવોને ધર્મમાં સ્થિર કરવા તેનું નામ **સ્થિરીકરણ** જાણવું. એકવાર માણસને ધર્મ ઉપર શ્રદ્ધા હોય. અને તદનુસાર વર્તતો પણ હોય, પણ મોહ રાજાના સુભટો તેને એવો ઘેરી લે કે તે માણસ ધર્મ બાજુએ મૂકી પામર માણસની જેમ સંસારવ્યવહારની ખટપટમાં મંડયોજ રહે ઉચ્ચ બાબતો વિચારો તેના મનમાં ન આવી શકે, અને તેનું જીવન કેવળ પ્રાપંચિક બને, તો તેવા સમયમાં તેનું મન ઉચ્ચ વિચારો તરફ દોરવુ એ ધર્મમાં આગળ વધેલા પુરૂષોનું પ્રથમ કર્તવ્ય છે; તેમજ તેને કોઈ બાબતની સમજણ ન પડતી હોય, શંકા હોય, તો તે શંકાઓ દૂર કરી તેને ધર્મ માર્ગમાં સ્થિર રાખવો.

(૭) પોતાના ધર્મબંધુઓને પોતાની શક્તિ પ્રમાણે સહાય આપવી તે **સામીવચ્છલ** (સ્વધર્મી વાત્સલ્ય) કહેવાય છે. પોતાના સધર્મીબંધુઓને જમાડવા એવા સંકુચિત અર્થમાં સામીવચ્છલ શબ્દ હાલ વપરાવા લાગ્યો છે, જો કે તે પણ તેનો એક ભાગ છે. પણ આ શબ્દનો ખરો અર્થ વિચારીએ તો જેથી પોતાના સમાન ધર્મીઓનું કલ્યાણ થાય તેવી મદદ તન, મન અને ધનથી આપવી તેનું નામ સ્વામીવાત્સલ્ય સમજવું. દુનિયાના બીજા સંબંધો ક્ષણિક છે, પણ સરખા ધર્મવાળાનો સંબંધ તો આ ભવ તથા પરભવ તુટતોજ નથી. કહ્યું છે કે:—

સ્વામીના સગપણ સમો, અવર ન સગપણ કોય;
ભક્તિ કરો સ્વામી તણી, સમકીત નિર્મળ હોય.

માટે સ્વધર્મી બંધુઓને યથાશક્તિ મદદ આપવી, એ પોતાનેજ મદદ કર્યા બરોબર છે. સ્વધર્મી બંધુઓ વડે ધર્મ છે, માટે તેમને સહાય આપી ઉચ્ચ માર્ગે ચડાવવાથી ધર્મ પણ ઉચ્ચ ભાવને પામશે.

(૮) પ્રભાવના એ દર્શનાચારનો આઠમો ભેદ છે, જેથી ધર્મની ખ્યાતિ થાય તેવાં કામ કરવાં તેનું નામ પ્રભાવના.

હાલમાં તો જ્યારે વ્યાખ્યાન પુરૂ થાય ત્યારે પતાસાં, વગેરની લ્હાણી કરવાની ક્રિયાને પ્રભાવના કહેવામાં આવે છે; આ રીત પણ ઠીક છે, પણ ખરી પ્રભાવના તો ત્યારેજ થઈ કહેવાય કે જ્યારે ધર્મ પાળનારા પોતાના પરોપકારી કૃત્યોથી જન સેવાથી, તથા ધર્મના સિદ્ધાન્ત પ્રમાણે ન્યાય નીતિસર વર્તી બીજા ઉપર સારી છાપ પાડે, જ્યાં સુધી બીજાઓમાં આપણા વિષે હલકો અભિપ્રાય બંધાય, એવાં કૃત્ય આપણે કરીએ ત્યાં સુધી ધર્મનાં ઉચ્ચ તત્ત્વોની છાપ આપણે બીજાપર કદાપિ પાડી શકીશું નહિ. માટે પોતાના વર્તનથી ધર્મની પ્રભાવના કરવી એ ઉચ્ચ કર્તવ્ય છે.

આ રીતે આઠ નિયમો ધ્યાનમાં રાખી વર્તવાથી ધર્મમાં અવિચળ શ્રદ્ધા રહે છે, સ્વધર્મી બંધુઓનું કલ્યાણ થાય છે. અને આપણા ધર્મનાં તત્ત્વોની સારી અસર બીજા ઉપર પાડવા આપણે સમર્થ થઇએ છીએ.

પાછળથી જણાવેલા ચાર ભેદ ગુણને આશ્રયિને છે ગુણ-ગુણિમાં જરા ભેદ છે, એમ દર્શાવવા આ ક્રમ લીધો છે. જો ભેદ કબૂલ ન કરીએ: તો ગુણનો નાશ થવાથી ગુણીનો પણ નાશ થાય, અને પરિણામ શૂન્ય આવે, માટે દર્શનાચાર શુદ્ધિને અર્થે શ્રાવકોએ ઉપર જણાવેલા ગુણો ગ્રહણ કરવા.

તપાચાર

તેના મૂળ બે ભેદ છે. **બાહ્ય** અને **અભ્યંતર** અને તે દરેકના છ ભેદ હોવાથી તપના બાર ભેદ કહેવાય.

બાહ્ય તપના છ ભેદ નીચે પ્રમાણે જાણવા.

अणसणमुणोयरिया वित्तीसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संलीणया य बज्झो तवो होइ ॥ १ ॥

૧ **અનશન.** ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો તે. તેના બે પ્રકાર છે; એક થોડા કાળ સુધી અને બીજો **જાવજ્જીવ.**

થોડો કાળ આહારનો ત્યાગ કરવો તે શ્રી મહાવીર સ્વામિ-ભગવાનના શાસનના તીર્થમાં છ મહિના સુધી, શ્રી ઋષભદેવ ભગવાનનાં તીર્થમાં એક વર્ષ સુધી અને શ્રી અજીતનાથ ભગવાન વગેરે બાવીસ જિનેશ્વરોના શાસનમાં આઠ મહિના સુધીનો સમજવો, એમ ટીકાકાર લખે છે.

જ્યારે શરીરની સ્થિતિ એવી થાય કે આત્માને તે શરીર ઉપયોગનું ન રહે અથવા આત્મા એવી સ્થિતિએ પહોંચે કે આ શરીરે તેને ઉપયોગમાં ન આવે ત્યારે અનશન કરવું, એવો અર્થ શાસ્ત્રમાંથી નીકળે છે.

(૨) **ઉનોદરી** તપનું લક્ષણ નીચે પ્રમાણે છે.

बत्तीस किर कवला आहारो कुच्छिपूरओ भणिओ ।
पुरिसस्स महिलयाए अट्ठावीसं भवे कवला ॥ १ ॥

પુરૂષને કોળીઆનો આહાર પેટને પૂર્ણ કરનાર કહ્યો છે, એટલે પુરૂષને બત્રીસ કવળનો આહાર હોય છે, અને સ્ત્રીને અઠ્ઠાવીસ કવ-ળનો આહાર હોય છે. આવું જે ખાવાનું માપ હોય તેના કરતાં ઓછું ખાવું તે ઉણોદરી તપ. આ દ્રવ્ય તપ છે, અને ક્રોધ વગેરેનું પરિણામ ઘટાડવું, તે ભાવ ઉણોદરી તપ સમજવો.

૩. **વૃત્તિ સંક્ષેપ**–આજ તો મારે આટલાજ ખાવાના પદાર્થ ખપે, અથવા અમુક ક્ષેત્રમાં જે ખાવાનું મળે તેટલું જ ગ્રહણ કરવું, એવા અભિગ્રહ કરવા, તે વૃત્તિસંક્ષેપ કહેવાય.

૪. **રસત્યાગ**—દહીં, દૂધ, ઘી વગેરે રસના (વિગઈનાં) પદાર્થોનો ત્યાગ કરવો, તે રસત્યાગ કહેવાય.

૫. **કાયક્લેશ**–જુદાં જુદાં આસનો વાળીને, અથવા કેશ લુંચન વગેરેથી શરીરને કષ્ટ આપવું, તે કાયક્લેશ તપ કહેવાય.

૬. **સંલીનતા**—અંગોપાંગ સંકોચીને સ્થિર રહેવું, ઈન્દ્રિયો, કષાય અને ત્રણ યોગને વશ રાખવા; અને સ્ત્રી, પશુ, નપુંસક, વગેરેથી રહિત સ્થાનમાં વસવું, તે સંલીનતા તપ કહેવાય.

આ છ પ્રકાર બાહ્ય તપના છે. હવે અભ્યંતર તપના છ પ્રકાર કહેવાય છે :

पायच्छितं विणओ वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उसग्गोविय अब्भिंतरओ तवो होइ ॥१॥

પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ રીતે અભ્યંતર તપના છ પ્રકાર છે.

આ રીતે તપના છ બાહ્ય તથા છ અભ્યંતર પ્રકારનું ટુંક વિવેચન કર્યું. હવે તે કરવામાં શો હેતુ સમાયેલો છે તે જરા લક્ષપૂર્વક વિચારીએ. બાહ્ય તપનો હેતુ શરીરને સંયમમાં રાખવાનો છે, અને આભ્યંતર તપનો હેતુ મનને કબજામાં રાખવાનો છે. જ્યારે શેઠ અજ્ઞાનાવસ્થામાં હોય, ત્યારે નોકર સર્વ સત્તા પોતાના હાથમાં લઈ લે છે, તેજ રીતે શરીર અને મન જે આત્માના નોકરો છે, સાધનો છે, તેઓએ આત્માને પરવશ બનાવી દીધો છે. આત્મા પોતાની શક્તિ ભૂલી જઈ ઈન્દ્રિયો અને મન જેમ નચાવે તેમ નાચે છે. તો તે શરીર અને મન આત્માના સંયમમાં આવે એ માટે શાસ્ત્રકારોએ તપનો માર્ગ બતાવ્યો છે.

ઈન્દ્રિયો રૂપી ઘોડાઓ વિષય તરફ દોડે છે, તેમને મન રૂપી લગામવતી સંયમમાં રાખવા. જો કે ઘણા વખતથી હાથમાં રાખેલી સત્તાને પાછી આપવા પ્રથમ તો ઈન્દ્રિયો નાકબૂલ કરશે, પણ જ્યારે તેમને જણાશે કે મન આગળ અમારૂં કાંઈ ચાલે તેમ નથી. ત્યારે થોડીવાર ધર્મપછાડા કરી તાબે થશે. માટે ઈન્દ્રિયો અથવા શરીરને તેમની ઈચ્છા પ્રમાણે વર્તવા દેવાને બદલે મનના કાબુમાં રાખવા. ઈન્દ્રિયો મનને માથે ન ચઢી બેસે અને મનને સ્વાધીન રહે તે માટે ઉપવાસ, આયંબિલ આદિ તપ કરવાને શાસ્ત્રકારો ફરમાવે છે.

જે ઘોડો મદોન્મત્ત થઈ ગયો હોય તેને વશ રાખવા તેને આપણે ભૂખ્યો રાખીએ છીએ, અથવા તેની ઈચ્છા વિરૂદ્ધ દોડાવીએ છીએ, પણ તેને આપણે મારી નાખતા નથી, કારણ કે તે ઘોડો આપણને ઉપયોગી છે. તેમ ઉપવાસ આયંબિલ આદિ વ્રત કરીને આપણે આપણા શરીરને આપણા તાબે કરવાનું છે, પણ શરીરને મારી નાખવાનું નથી, કારણ કે શરીરનો નાશ કરવાથી મુક્તિ મળે તેમ નથી, માટે હદમાં રહી વ્રત કરવું એ જરૂરનું છે.

शरीरमाद्यं खलु धर्मसाधनं

શરીર એ પ્રથમ ધર્મસાધન છે;

માટે તે મરી જાય તેવી સ્થિતિમાં લાવવાથી કાંઈ ધર્મ થઈ શકે નહિ; પણ આપણે તેના દ્વારા બરાબર કાર્ય કરી શકીએ, અને એ આપણો સ્વામી ન બને માટે તેને બરોબર કેળવવું, અને વશ કરવું, એજ બાહ્ય તપનો મુખ્ય ઉદ્દેશ છે.

શરીર કેમ વશ થઈ શકે તેના સંબંધમાં વિદુષી એની બીસેન્ટ લખે છે કે:—

Make yourself do a thing against the desire of the senses, and choose a time when the sense is rampant when it is longing for that particular

gratification, eager to have it, when the thing is right in front of you, and you are just putting out your hand to grasp it, stop and say 'I am stronger than you, you shall not gratify that desire', keep on doing it and practise until the body is no obstacle at all, keep on doing it till you realize that your body is only your servant, your slave, acting or not acting as you like, and feal the sense of shame when the body is able to make you do what the mind condemns, feel that to do that is to be less than man, less than really humen.

ઈન્દ્રિયોની ઈચ્છા વિરૂદ્ધ કોઈપણ એક કાર્ય કરવા નિશ્ચય કરો, અને જ્યારે અમુક ઇન્દ્રિયો પ્રબળ આવેગમાં હોય, પોતાના વિષયની તૃપ્તિને માટે તત્પર થઇ રહી હોય તે મેળવવા ઉત્સુક હોય ઈન્દ્રિયનો વિષય સન્મુખ હોય, અને તમે તે ગ્રહણ કરવા તમારો હાથ લંબાવવાની છેલ્લી પળમાં હો તેવો સમય પસંદ કરો, તે વખતે એકદમ તે કાર્ય કરતા બંધ રહો. અને તે ઈન્દ્રિયને જણાવો કે "હું તારા કરતાં વધારે સત્તાવાળો છું તને તારી વાસના પૂરી કરવા નહિ દઉં." આ પ્રમાણે જુદે જુદે પ્રસંગે જુદી જુદી ઈન્દ્રિઓના વિષયમાં મહાવરો પાડતા જાઓ અને પછી તમારી ઉન્નતિમાં શરીર વિઘ્નરૂપ થશે નહિ. તમને એમ ન લાગે કે શરીર તમારો નોકર છે, તમારો ગુલામ છે, તમારી ઈચ્છા પ્રમાણે ચાલનારો કિંકર છે ત્યાં સુધી ઉપર જણાવેલી રીતને અનુભવમાં મૂકો અને જે વસ્તુને મન ધિક્કારે છે તે વસ્તુ શરીરે તમારી પાસે કરાવે ત્યારે શરમાઓ અને ઈન્દ્રિઓથી ધસડાઈ જવું તે પોતાની માણસાઈ ખોવા બરાબર છે એમ હૃદયથી ધારો.

"ઈચ્છા રોધન તપ ભલો." એ શાસ્ત્ર વાકય પણ યાદ રાખવું જોઈએ. આ રીતે બાહ્ય તપથી શરીર અને ઇન્દ્રિયો મનને સ્વાધીન થશે. પણ તેટલાથી સર્વ કાર્યો સરે નહિ. જેમ મન શરીરનો રાજા છે, તેમ આત્મા મનનો રાજા છે; માટે આત્મશક્તિથી મનને વશ કરવા પ્રયત્ન કરો. મનને વશ કરવા બે માર્ગ છે. એક અભ્યાસ અને બીજો વૈરાગ્ય. આ બે સાધનથી તે કેવી રીતે વશ થઈ શકે તે જોઈએ. માણસનું મન બહુજ ચંચળ, અસ્થિર, અને વેગવાળું છે. પતાકાના પટ જેવું, કુંજરના કાન જેવું, અને શરદ ઋતુના વાદળ જેવું અસ્થિર છે, ક્ષણે ક્ષણે વિચારનો ફેરફાર થાય છે. તેવા મનને વશ રાખવું એ કામ દુર્ઘટ છે, પણ અભ્યાસ પાડી પ્રથમ એક વસ્તુ તરફ દોરવવું જોઈએ. વારંવાર મન નાશી જશે, પણ જે વિચાર ઉપર આપણે મનને સ્થિર કરવા ધાર્યું હોય તે સિવાયના અન્ય વિચારને કાઢી મુકવા ટેવ પાડો. ધીમે ધીમે બહુજ ધીમે ધીમે, આમ અભ્યાસ કરવાથી મન એકાગ્ર થશે, અને આત્મસત્તા કબૂલ કરશે.

જ્યાં સુધી મનુષ્યને સદ્‌અસદ્‌નું જ્ઞાન નથી થયું ત્યાં સુધી તે સદ્‌ની આશાથી અસદ્‌તરફ ઘણી વાર દોડે છે. પણ પાછળથી જણાય છે કે જે વસ્તુઓમાં તે સુખની આશા રાખતો હતો તે કેવળ સુખ નથી, પણ તે દુઃખ ગર્ભિત છે.

તે મનુષ્ય આવી રીતે જ્ઞાન મેળવીને, તે વસ્તુને દુઃખ ગર્ભિત સમજીને, તે વસ્તુ પ્રતિ વિરકત થાય છે. ઘણી ઘણી વસ્તુઓના સંબંધમાં તે આવે છે, અને તેમાં સુખ મેળવવા જાય છે, પણ તેને જણાય જે કે બહારથી સુખરૂપ જણાતી વસ્તુઓ દુઃખ મિશ્રિત છે.

આ રીતે જ્યારે વિનાશી વસ્તુઓ તરફ વૈરાગ્ય થાય છે ત્યારે તેનું મન તે વસ્તુઓ તરફ દોડતું અટકે છે, વસ્તુની ખરી કિંમત તે સમજે છે. સદ્‌ અને અસદ્‌ અથવા નિત્ય અને અનિત્ય વસ્તુ વચ્ચે

વિવેક કરતાં શીખે છે. વિવેક અને વૈરાગ્ય રૂપ બે ગુણો જ્યારે આ રીતે આત્મામાં ખીલે છે. ત્યારે મનઃસંયમ અથવા શમ સ્વાભાવિક રીતે આવે છે. તેનું મન બહારની વસ્તુઓ તરફ દોડતું બંધ થવાથી અંતર્મુખ વળે છે. અને આત્મા તરફ આકર્ષાઈ તેની સાથે એકાગ્ર થાય છે. વસ્તુઓ પ્રતિ વૈરાગ્ય હોવાને કારણે તે મળે તો તેને સુખ થતું નથી, તેમ તે ન મળે તો તેને દુઃખ થતું નથી. આ રીતે સુખ દુઃખની વાંછા વિનાનું મન શાંત અને નિશ્ચળ થાય છે. જ્યારે મન કલ્લોલ વિનાના સરોવરની માફક શાંત અને નિશ્ચળ થાય છે ત્યારે આત્મજ્ઞાનરૂપ જ્યોતિનાં કિરણો માનસિક સરોવરને પ્રકાશિત કરે છે, અને **અંતરાત્મા તે પરમાત્મા બને છે.**

આ સ્થિતિ એકદમ પ્રાપ્ત થઈ શકે તેમ નથી પણ માણસ પ્રયત્ન કરે તો તેવી સ્થિતિ પ્રાપ્ત કરી શકે. આવી રીતે બાહ્ય તપથી શરીર તથા ઈન્દ્રિયોને, અને અભ્યંતર તપથી મનને સંયમમાં લાવવા પ્રયત્ન કરવો તેને તપાચાર કહે છે.

ચારિત્રાચાર

ચારિત્રાચારના આઠ ભેદ છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ.

૧. ઈર્યાસમિતિ–રસ્તામાં જતાં આવતાં કોઈ પણ જીવનો વિઘાત ન થાય તે હેતુથી યતનાપૂર્વક ધુંસરી પ્રમાણ દૃષ્ટિથી ચાલવું તે.

૨. ભાષા સમિતિ–કોઈ પણ જીવના દ્રવ્ય અથવા ભાવ પ્રાણનો આપણા વચનથી વિઘાત ન થાય તેવી રીતે સત્ય વચન બોલવું તે.

૩. એષણા સમિતિ–બેતાલીશ દોષ રહિત આહારાદિની ગવેષણા (શોધ) કરવી તે.

૪. આદાન નિક્ષેપણ સમિતિ–બેસતાં ઉઠતાં, લેતાં ને મૂકતાં પુંજવા પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો તે.

૫. પારિષ્ઠાપનિકા સમિતિ–મળમૂત્રાદિને પરઠવતાં શુદ્ધ ભૂમિ જોવાનો ઉપયોગ રાખવો તે.

૧. મનગુપ્તિ–મનમાં ઉત્પન્ન થતાં વિચાર–તરંગોને રોકવા, અને મનને શાંત બનાવવું અને સંયમમાં લાવવું તે મનગુપ્તિ કહેવાય છે. પ્રથમ મનને શુભ અધ્યવસાયમાં રોકવું અને ધીમે ધીમે તેને એકાગ્ર બનાવી વશ કરવું તે મનગુપ્તિ.

૨. વચનગુપ્તિ—મનુષ્યે પોતાનાં વચનો ઉપર પૂર્ણનિગ્રહ રાખવો જોઈએ. ઘણાં મનુષ્યો મનના પ્રબળ આવેગમાં ગમે તેવું બોલી જાય છે. પાછળથી પસ્તાય છે, પણ "થયું ન થયું" થતું નથી, માટે વચન ઉપર કાબૂ રાખવો અને કોઈ પણ શબ્દનો મુખમાંથી ઉચ્ચાર થાય તે પહેલાં બોલેલા વચનનું શું પરિણામ આવશે તેનો સમજુ માણસે વિચાર કરવો, અને જરૂર કરતાં વિશેષ બોલવું નહિ.

૩. કાયગુપ્તિ–શરીરને અશુભ વ્યાપારમાં જતાં રોકવું અને ઈન્દ્રિયોને નિગ્રહમાં રાખવી.

આ આઠને શાસ્ત્રમાં **પ્રવચન માતા** કહેલ છે. જેમ માતા પોતાના બાળકનું રક્ષણ કરે છે તેમ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ચારિત્રનું રક્ષણ કરે છે.

વીર્યાચાર

વીર્ય એટલે આત્મશક્તિ. જે મનુષ્યને આત્મશક્તિમાં વિશ્વાસ નથી તે ધર્મના ઉચ્ચ પગથીયાપર ચડવાને લાયક નથી. આત્માના પ્રદેશે પ્રદેશે અનંતી કર્મ વર્ગણાઓ લાગેલી છે. આવો શાસ્ત્રબોધ સાંભળી ઘણા મનુષ્યો નાસીપાસ થાય છે. આટલી બધી કર્મવર્ગણાઓ છે અને નવાં કર્મ ક્ષણે ક્ષણે ઉપાર્જન કરવામાં આવે છે તો પછી સર્વ કર્મનો અંત શી રીતે આવશે? આ વિચાર ઘણા માણસોને નિર્બળ અને કાયર બનાવે છે. પણ તે સાથે શાસ્ત્ર જણાવે છે કે આત્માનો એક પ્રદેશ અનંતી કર્મ વર્ગણાઓને એક ક્ષણમાં નાશ કરવા સમર્થ છે. તે બાબત પણ વિસરવી જોઈએ નહિ, સૂર્ય પોતાનો તેજસ્વી સ્વરૂપે પ્રકાશે છે ત્યારે ગમે તેવા ભારે વાદળના સમૂહને

જેતજોતામાં વિખેરી નાખે છે, તેમજ આત્મા જ્ઞાનદર્શન અને ચારિત્રના પોતાના શુદ્ધ સ્વભાવમાં વિચારે છે ત્યારે તેની શક્તિ એટલી જાગ્રત થાય છે કે એક સમયમાં સકળ કર્મ ફળનો નાશ કરે છે. કહ્યું છે કે:—

अहोऽनन्तवीर्योऽयमात्मा विश्वप्रकाशकः ।
त्रैलोक्यं चालयत्येव ध्यानशक्तिप्रभावतः ।। १ ।।

અહો ! સકળ વિશ્વનો પ્રકાશ કરનાર આત્મા અનંત વીર્ય (શક્તિ) વાળો છે. અને ધ્યાનશક્તિના પ્રભાવથી ત્રણ જગતને ચલાવી શકે છે. માટે તે શક્તિ ઉપર વિશ્વાસ રાખી વર્તવું. ગમે તેવાં ભારે સંકટ સહન કરવાં પડે, ગમે તેવા વિકટ પ્રસંગો અનુભવવા પડે તો પણ આત્મવિશ્વાસનો કદાપિ ત્યાગ કરવો નહિ.

તમારી અંદર રહેલા આત્માની ઉન્નતિની છેવટની સફળતામાં વિશ્વાસ રાખો, કારણ કે છેવટે તેને કોઈ પણ વિઘ્નરૂપ થવાનું નથી. ભલે ક્ષણવાર મોહરાજા, તથા દુનિયાના જુદા જુદા વિષયો રૂપ મોહરાજાના સુભટો આત્માને પોતાની જાળમાં ફસાવે, પણ છેવટે સિંહરૂપ આત્મા જે પોતાનું ખરું ભાન ભૂલીને પોતાને હાલમાં બકરો ગણે છે, તે જ્યારે પોતાનું ખરું સિંહસ્વરૂપ બતાવશે, ત્યારે સર્વ બંધન પોતાની મેળે તૂટી જશે. માટે આત્માની અનંત શક્તિ જે દરેકમાં ગુપ્ત રહેલી છે તેમાં દૃઢ વિશ્વાસ રાખવો, અને પોતાનું આત્મવીર્ય ફોરવીને જ્ઞાનાચારના આઠ ભેદ, દર્શનાચારના આઠભેદ, ચારિત્રાચારના આઠભેદ અને તપાચારના બાર ભેદ એ રીતે છત્રીસ ભેદો અંગીકાર કરવા, અને તેમનું યથાર્થ પાલન કરવું તેનું નામ **વીર્યાચાર** કહેવાય છે.

જે શક્તિ હોવા છતાં તેને સત્કાર્યમાં ઉપયોગ કરતો નથી, તેને તેવી શક્તિ ફરીથી મળવી મુશ્કેલ છે. માટે શુભ કાર્યમાં પોતાનું આત્મવીર્ય તેમજ શરીરબળ વાપરવું એજ ઉતમ છે. એક સ્થળે

કહેલું છે કે છતી શક્તિએ દયાના કામમાં જે ભાગ લેતો નથી તે હિંસાના કામમાં ભાગ લે છે એમ કહી શકાય. જે પદ તીર્થંકર પ્રાપ્ત કરી શકયા, તે પદ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય આપણા આત્મામાં રહેલું છે, કારણ કે સર્વ આત્માઓ સત્તાથી સમાન છે માટે પુરૂષાર્થ કરવો, જેથી ઉચ્ચપદ પ્રાપ્ત થશે; એજ સાર છે.

तथा निरीहशक्यपालनेति ॥१२॥

અર્થ:—આશંસાવિના શક્તિ અનુસાર (પંચાચારનું) પાલન કરવું.

ભાવાર્થ:—આ સૂત્રમાં બે બાબતો જણાવવામાં આવી છે. પ્રથમ તો દરેક ધર્મ કાર્ય કરવું તે ફળની ઈચ્છા વગર કરવું. ફળ બે પ્રકારનાં કહેલાં છે. એક તો લૌકિક અને બીજું લોકોત્તર. રાજા થવાની, ચક્રવર્તી થવાની, નાયક થવાની ઈચ્છા રાખવી તે લૌકિક ફળ, અને દેવલોક સંબંધી સ્થિતિ મેળવવા ઈચ્છા રાખવી તે લોકોત્તર ફળ. આ બન્ને પ્રકારના ફળની આશા રાખ્યા સિવાય ધર્મ કાર્ય કરવું. કારણ કે ઈચ્છા–વાસના માણસને કર્મથી બાંધે છે, અને તેથી જ્યાં તેની ઈચ્છા તૃપ્ત થાય તેવા સ્થાનમાં તેને જન્મ લેવો પડે છે; આ રીતે ઈચ્છાથી કરેલું કાર્ય મનુષ્યને જન્મ મરણના ચક્રમાંથી મુક્ત કરવા સમર્થ થતું નથી.

બીજી બાબત એ છે કે શક્તિ અનુસાર ધર્મ માર્ગમાં પ્રવર્તવું, કારણ કે પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરવાથી માણસને પોતાનામાં વિશ્વાસ આવે છે, અને ધીમે ધીમે કઠિન કામ પણ તે કરી શકે છે. પણ જે માણસ પોતાના સામર્થ્યનો વિચાર કર્યા સિવાય એકદમ મોટું કામ ઉપાડે છે, તે તેમાં પરાભવ પામે છે, અને નાસીપાસ થાય છે. પરંતુ પછી નાનું પણ કાર્ય કરવા હીંમત કરી શકતો નથી. જે માણસની એક ઉપવાસ કરવાની શક્તિ છે, તે એકદમ અઠ્ઠમનું પ્રત્યાખ્યાન કરે, તો પછી તેનું શરીર ચુંથાવા માંડે, તેનું

મન વશ રહે નહિ, આર્તધ્યાન થાય, અને તેનો ઉત્સાહ ભાગી જાય–ફરીથી તેવો માણસ એકાસણાનું પણ પ્રત્યાખ્યાન લેતાં ડરે, પણ જો તે માણસ ઘણી વાર એક ઉપવાસ કર્યા પછી છઠ્ઠ કર્યો હોય, અને ઘણી વાર છઠ્ઠ કર્યા પછી તે અઠ્ઠમ કરે તો તે સહેલાઇથી કરી શકે અને તેનો ઉત્સાહ વધતો રહે. માટે શક્તિ અનુસાર ધર્મ કાર્યમાં પ્રવર્તવું એજ હિતશિક્ષા છે.

तथा अशक्ये भावप्रतिपत्तिः इति ॥१३॥

અર્થ : અશક્ય બાબતમાં ભાવના રાખવી.

ભાવાર્થ:–પોતાની ધીરજ, શરીર બંધારણ, કાળ, તથા બળ વિચારતાં એમ લાગે કે અમુક બાબત મારાથી થઈ શકે તેમ નથી તો તે ન કરવી, પણ તે કરવા માટે શુભ ભાવ રાખવો; અને તે મારાથી થઈ શકે એવા સંજોગો મને મળે, એવો સંકલ્પ કર્યા કરવો. માણસ જેવો વિચાર કરે છે તેવો તે થાય છે. માટે ભાવના અહર્નિશ ઉચ્ચ રાખવી. ઉચ્ચ ભાવનાવાળાઓને, તે ભાવનાઓ સિદ્ધ થાય, તેવા સંજોગો આ ભવમાં નહિ તો આવતા ભવમાં પણ આવી મળે છે. માટે કદાપિ પ્રવૃતિ ન થાય તોપણ વિચાર અને ભાવના તો ઉચ્ચ પ્રકારનાંજ રાખવાં. જે માણસો શક્તિ વિચાર્યા સિવાય કાર્યનો આરંભ કરે છે તેઓને આર્તધ્યાન થાય છે, માટે શક્તિ પ્રમાણે ધર્મ કાર્યમાં પ્રવૃત્ત થવું એજ આ સૂત્રનો સાર છે.

तथा पालनोपायोपदेश इति ॥१५॥

અર્થ : પાળવાના ઉપાયનો ઉપદેશ કરવો.

ભાવાર્થ:–જ્ઞાનાચાર વગેરે પાંચ આચારનું વિવેચન આપણે વિચારી ગયા, પણ તે પાળવાનો ઉપાય સમજાવવો જોઈએ, તે માટે તેને પોતાના સમાન ગુણવાળા અથવા અધિક ગુણવાળાની સોબતમાં રહેવાનો ઉપદેશ આપવો જોઈએ, કારણ કે અન્યને તેમના આચારમાં પ્રવર્તતા જોઈ તે પણ તે પ્રમાણે વર્તવા પ્રેરાય છે.

ઉન્નતિક્રમના-ગુણ સ્થાનકના જે પગથીયાપર ઊભેલો હોય, તેને યોગ્ય ક્રિયા બતાવવી, તેથી તે આગળ વધી શકશે. જે માણસ તદ્દન સ્વાર્થ વૃત્તિનો છે તેને પરમાર્થમાં દાન આપવાનો ઉપદેશ આપીએ તો નિરર્થક જાય માટે પ્રથમ તો તેને તેની સ્ત્રી અને છોકરાં માટે ધન વાપરવાનો ઉપદેશ આપવો. આ રીતે જ્યારે બીજા માટે ધન વાપરતાં શીખે ત્યારે તેના કુટુંબીઓનું ભરણપોષણ કરવાનો ઉપદેશ આપવો. તે સ્થિતિ પ્રાપ્ત થયે તેની નાતના મનુષ્યોના કલ્યાણ અર્થે ધનનો ઉપયોગ કરવાનું કહેવું. આમ ચઢતાં ચઢતાં તે પરોપકારી થઈ શકે, માટે અધિકારી જોઈને બોધ આપવો એ સદ્‌ગુરૂનું ઉત્તમ લક્ષણ.

ગુણસ્થાનકના જુદા જુદા પગથિયા ઉપર ઉભેલા બધા મનુષ્યોને એક સરખો ઉપદેશ લાભકારી થઈ શકેજ નહિ. માટે પાત્રનો વિચાર કરી, તેની શક્તિ વિચારી, તેને પાળવા યોગ્ય માર્ગનો ઉપાય સૂચવવો છે.

तथा फलप्ररुपणेति ॥१५॥

અર્થ : ફળની પ્રરૂપણા કરવી.

ભાવાર્થ:-સામાન્ય મનુષ્યો કોઈ પણ ફળની આશા સિવાય પ્રવૃત્તિ કરવા લલચાતા નથી. અમુક કાર્યનું લાભદાયી ફળ છે તેમ જ્યારે તેમના જાણવામાં આવે છે ત્યારે તેઓ તે ફળ મેળવવા યોગ્ય કાર્ય કરવા પ્રેરાય છે. માટે ધર્મ માર્ગમાં બાળજીવોને વાળવા ફળની વાત કહેવી. તેમને કહેવું કે સારી રીતે પાળેલા આચારનું ફળ આ લોકમાં પ્રત્યક્ષ થાય છે.

પ્રથમ તો સર્વ પ્રકારના ઉપદ્રવનો નાશ થાય છે, ઉચ્ચ પ્રકારના ભાવ આપણાં હૃદયમાં ઉત્પન્ન થાય છે, આપણે અન્યાય માર્ગે પ્રવૃતિ કરી નથી એ વિચાર આપણને સંતોષની સાથે આનંદ આપે છે; અને લોકમાં પણ સદાચારી મનુષ્ય પ્રિય બને છે. સત્કાર્યથી પરભવમાં સારી ગતિમાં જન્મ, ઉત્તમ સ્થાનની પ્રાપ્તિ અને છેવટ

પરંપરાએ મોક્ષરૂપ ફળ મળે છે. આવી રીતે ફળની પ્રરૂપણા કરી તેમને સન્માર્ગે વાળવા એ સદ્‌ગુરૂનો ઉત્તમ આચાર છે.

तथा देवर्द्धिवर्णनमिति ॥१६॥

અર્થ : દેવતાની સમૃદ્ધિનું વર્ણન કરવું.

ભાવાર્થ:-ઉત્તમ રૂપ, સંપત્તિ, સારી સ્થિતિ, પ્રભાવ, સુખ, કાંતિ, લેશ્યા, શુદ્ધ ઈન્દ્રિયો, અવધિ જ્ઞાન તથા ઉત્કૃષ્ટ ભોગ સાધન તથા દિવ્ય વિમાન વગેરે અનેક પ્રકારની ઉચ્ચ સમૃદ્ધિ દેવતાના ભવમાં મળે છે, એ પ્રમાણે દેવતાની ઋદ્ધિનું વર્ણન કરવું.

જે મનુષ્યો સત્કાર્ય કરે છે, સારાં વચનો બોલે છે, સર્વ પ્રાણી માત્ર તરફ પ્રેમવૃત્તિ રાખી પરોપકાર કરે છે, ઈન્દ્રિયો ઉપર નિગ્રહ મેળવે છે, અને મનને કબજે કરે છે, તેઓ આવી ઉચ્ચ સ્થાનની પ્રાપ્તિ કરી શકે છે. માટે આવા સુખની ઇચ્છાવાળાએ આ ગુણો મેળવવા, અને સત્કાર્યો કરવા બનતો પ્રયત્ન કરવો.

આ કહેવાનો પરમાર્થ એવો છે, કે બાલજીવો અનાદિકાળથી ઐહિક વિષય સુખમાં આસક્ત થયેલા છે, અને તેથી ધર્મ વિમુખ રહે છે, એવા પુરૂષને આ લોકના સુખની આસક્તિ છોડાવવા ઉપદેશ કે દયાભાવથી દેવના સુખનું વર્ણન કર્યું છે; જો એકદમ મોક્ષના સુખની વાત કરે તો તે લોકોને ઘણું દુર્લભ જણાય, અને તેથી તેને યોગ્ય પ્રવૃત્તિ કરે નહિ, માટે પ્રથમ પૌદ્‌ગલિક સુખ દેખાડી પછી આત્મિક સુખને માટે તેને યોગ્ય બનાવવો, આવો અભિપ્રાય રાખી આ વ્યાખ્યાન કરેલું છે. ઉત્તરાધ્યયનમાં પણ પ્રથમ દેવલોકના સુખનું વર્ણન કરી પછી તે સુખને પણ દુઃખરૂપ દેખાડવામાં આવ્યું છે; આત્માના સ્વાભાવિક સુખની અપેક્ષાએ દેવલોકનું સુખ પણ છેવટે અલ્પજ, છે પણ બાળજીવોને ધર્મ માર્ગે દોરવામાં તેનો ઉપદેશ જરૂરનો છે.

तथा सुकुलागमनोक्तिरिति ॥१७॥

અર્થ : સારા કુળમાં જન્મ થાય એમ કહેવું.

ભાવાર્થ:–દેવતાના સ્થાનથી ચ્યવીને તે જીવ સારા દેશમાં, કલંક રહિત, સારા આચારણવાળા, અને ઘણીજ ખ્યાતિવાળા કુળમાં ઉત્પન્ન થાય છે; અનેક મનોરથ જે જન્મમાં પૂર્ણ થાય તેવો જન્મ મળે છે. આ સર્વનું કારણ પ્રથમના ભવમાં સેવેલો ધર્મ છે, એમ જણાવી બાળજીવોને ધર્મ માર્ગે વાળવા.

तथा कल्याणपरंपराख्यानमिति ॥१८॥

અર્થ : તેવા માણસને કલ્યાણની પરંપરા થાય છે તેમ કહેવું.

ભાવાર્થ:–ઉપરના સૂત્રમાં કહ્યું કે જે દેવ લોકમાં ચ્યવે છે તે ઉત્તમ કુળમાં જન્મ પામી તથા સુંદર રૂપ લક્ષણોવાળો થાય છે અને શરીરે નીરોગી હોય છે, તેની બધી ઈન્દ્રિયો સંપૂર્ણ શક્તિવાળી હોય છે. સર્વ માણસોને પ્રિય હોય છે. જ્યાં જાય છે ત્યાં સન્માન પામે છે. આ સર્વ ધર્મના સેવનથી મળે છે. એમ ઉપદેશ આપવો.

तथा असदाचारगर्हेति ॥१९॥

અર્થ : અસદ્ આચારની નિંદા કરવી.

ભાવાર્થ:–જે આચાર અશુભ છે જે આપણી ઉન્નતિમાં વિઘ્નરૂપ છે. અને જેની શિષ્ટપુરૂષો નિન્દા કરે છે, તે અસદાચાર જાણવો. તે દશ પ્રકારનો છે, કહ્યું છે કે—

हिंसानृतादयः पञ्च तत्वाश्रद्धानमेव च ।
क्रोधादयश्च चत्वार इति पापस्य हेतवः ॥

હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ પાંચ, તત્ત્વમાં

અશ્રદ્ધા, અને ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય, એ રીતે દશ પાપનાં કારણો છે.

તે દશ પાપનાં કારણની નિંદા કરવી તે અસદાચાર નિન્દા જાણવી. આ સર્વમાં મિથ્યાત્વ અર્થાત્ તત્ત્વમાં અશ્રદ્ધા સમાન કટ્ટર શત્રુ બીજો એક પણ નથી.

સત્યને અસત્યરૂપે, ધર્મને અધર્મરૂપે, અસત્યને સત્યરૂપે, અને અધર્મને ધર્મરૂપે જાણવો તે મિથ્યાત્વ.

અસત્ને સત્ તરીકે માનવાથી વિચાર પણ તેવો થાય છે, અને કાર્ય પણ તેવાં થાય છે. માટે મિથ્યાત્વનો ત્યાગ કરવો.

કહ્યું છે કેઃ—

न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषं ।
न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तमः ॥१॥
द्विषद्विषतमोरोगैदुःखमेकत्र दीयते ।
मिथ्यात्वेन दुरन्तेन जन्तोर्जन्मनि जन्मनि ॥२॥
वरं ज्वालाकुले क्षिप्तो देहिनात्मा हुताशने ।
न तु मिथ्यात्वसंयुक्तं जीवितव्यं कदाचन ॥३॥

મિથ્યાત્વ સમાન બીજો શત્રુ નથી, મિથ્યાત્વ સમાન બીજું ઝેર નથી, મિથ્યાત્વ સમાન બીજો રોગ નથી, મિથ્યાત્વ સમાન બીજો અંધકાર નથી.

શત્રુ ઝેર અને અંધકાર મનુષ્યને એકજ જન્મમાં દુઃખ દે છે પરંતુ દુરંત એવું મિથ્યાત્વ પ્રાણીને જન્મોજન્મ દુઃખ દે છે.

દેહધારી પ્રાણીએ પોતાનો આત્મા જ્વાળાયુક્ત અગ્નિમાં નાખવો એ ઉત્તમ છે. પણ મિથ્યાત્વસહિત જીવવું એ કોઈ પણ કાળે સારૂં નથી.

આ પ્રકારે તત્ત્વના અશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વની નિંદા કરવી, અને

ક્રોધ, માન વગેરે કષાયો પણ અનિષ્ટ પરિણામ લાવનાર છે એમ સમજાવવું. કોઈ પણ દિવસ તેમની તરફેણમાં બોલવું નહિ.

तया तत्स्वरूपकथनमिति ॥ २० ॥

અર્થ : અસત્ આચારના સ્વરૂપનું વર્ણન કરવું.

ભાવાર્થ:—હિંસા વગેરે અસદાચાર છે એમ કહેવા માત્રથી લોકો તેનો ત્યાગ કરી શકે નહિ. માટે તેનું સ્વરૂપ સમજાવવું જોઈએ.

૧. પાંચ ઈંદ્રિય, ત્રણ બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણથી આત્માને વિયોજીત કરવો તે **હિંસા.**

૨. પોતે જે જાણતો હોય તેનાથી જુદું કહેવું તે **અસત્ય–મૃષાવાદ.**

૩. કોઈએ નહિ આપેલી વસ્તુ ગ્રહણ કરવી તે **સ્તેય**–ચોરી.

૪. મૈથુન એટલે સ્ત્રીભોગ ભોગવવો તેનું નામ **અબ્રહ્મ.**

૫. કોઈ પણ વસ્તુ મારી છે એવી તે વસ્તુ પરની મૂર્ચ્છા તે **પરિગ્રહ.**

ક્રોધ, માન, માયા અને લોભનું સ્વરૂપ પહેલા પ્રકરણમાં આપણે વિચારી ગયા છીએ. આવી રીતે તેનું સ્વરૂપ કહી તેનો ત્યાગ કરવાનો બોધ આપવો.

तथा–स्वयं परिहार इति ॥ २१ ॥

અર્થ : પોતે તે અસદાચારનો પરિહાર ત્યાગ કરે.

ભાવાર્થ:—સદાચારના ઉપદેશકે જાતે અસદાચારનો ત્યાગ કરવો. જેમ નટ વૈરાગ્યનું વર્ણન કરે પણ તેના હૃદયમાં વૈરાગ્યની અસર ન જણાય તો સામા મનુષ્ય ઉપર તેની અસર થતી નથી તેવા ઉપદેશકના ઉપદેશની ઝાઝી અસર થતી નથી.

Example is better than precept.

ઉપદેશથી જે અસર થાય તેના કરતાં તેના દાખલાથી વધારે અસર થાય છે.

આ બાબત બહુજ ઉપયોગી છે. લોકો ઉપદેશની સાથે જ ઉપદેશ કરનાર તરફ દૃષ્ટિ કરે છે. જો ઉપદેશકમાં, પોતે બીજાને જે બાબતનો ઉપદેશ કરે છે તેવા ગુણ હોય, તો તેના ઉપદેશની અસર થાય છે. નહિ તો "પોથીમાંના રીંગણા"ની ગતિ થાય છે. માટે જે બીજાને આપણે બોધ આપવા ઇચ્છા રાખતા હોઈએ, તે પ્રથમ આપણે વર્તનમાં મૂકવું જોઈએ, પારકાને ઉપદેશ આપવાનું પાંડિત્ય તો સર્વ સ્થળે દેખાય છે, પણ કહેણી પ્રમાણે રહેણી રાખનારા દુર્લભ હોય છે. આપણા જીવન વ્યવહારથી આપણા વર્તનથી આપણે સત્યની બીજાને ભલામણ કરવી જોઈએ, બાકી કેવળ ઉપદેશથી કરેલી ભલામણ લાંબો વખત ટકતી નથી, માટે ઉપદેશકોએ આ વિષય ઉપર બહુજ વિચાર કરીને ઉપદેષ્ટા તરીકે બહાર પડવું જોઈએ.

तथा–ऋजुभावसेवनमिति ॥ २२ ॥

અર્થ : (ઉપદેશકે) સરલતા રાખવી.

ભાવાર્થ:—ઉપદેશકે પોતાનું જે પદ હોય, જેટલી જ્ઞાનની સ્થિતિ હોય તે જણાવવું, પણ ખોટી મગરૂબી ન રાખવી. દાંભિકપણે બતાવેલું જૂઠું થોડા સમયમાં શિષ્યના જાણવામાં આવે છે, અને તેથી તે અસત્યવાદી છે એમ ખબર પડતાં તેના ઉપરથી ભાવ ઉતરી જાય છે, અને તેના ઉપદેશની અસર પણ થતી નથી.

આ સંબંધમાં શ્રી ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે:—

संमद्दमाणी पाणाणि बीआणि हरिआणिअ ।
असंजए संजय मन्नमाणे पावसमणेति वुच्चई ॥१॥

બેઇન્દ્રિય વગેરે પ્રાણીને, બીજોને, લીલાં ઘાસને કચરીને

જતો, અને આ પ્રમાણે **અસંયમી** બનેલો કોઈ સાધુ પોતાને **સંયમી** માને, તો તેને **પાપસાધુ** માનવો.

માટે પોતાનું ખરું સ્વરૂપ કહી દેવું. પોતાથી અમુક બાબત ન છોડાતી હોય તો કહેવું કે મારાથી આ કામ થતું નથી, પણ છોડવામાં ધર્મ રહેલો છે. આવી સરલતાથી શ્રોતાઓનો તેનાપર વિશ્વાસ બેસે છે. વળી પોતાનાથી વધારે ગુણની પ્રશંસા કરવી પણ પોતે હલકો ગણાશે એવા ખોટા ભયથી કોઈ ગુણીના ગુણને હલકા પાડવા પ્રયત્ન કરવો નહિ.

तथा अपायहेतुत्वदेशनेति ॥ २३ ॥

અર્થ : દુઃખના કારણની દેશના આપવી.

ભાવાર્થ:—આ લોકમાં તથા પરલોકમાં જે અનર્થ થાય છે તેનું કારણ અસદાચાર છે એમ શ્રોતાઓને બોધ આપવો. અસદાચારનું મુખ્ય કારણ પ્રમાદ છે.

માણસો જ્યારે પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે, અર્થાત્ પ્રમાદ દશામાં વર્તે છે, અને અન્ય જીવો પોતાના જેવોજ છે એ સત્યને વિસરી જાય છે ત્યારે તેઓ અનેક પ્રકારના અસદાચાર સેવે છે; અને તેથી પ્રમાદજ દુર્ગતિનું મૂળ છે. કહ્યું છે કેઃ—

यन्न प्रयान्ति पुरुषाः स्वर्गं यच्च प्रयान्ति विनिपातम् ।
तत्र निमित्तमनार्यः प्रमाद इति निश्चितमिदं मे ॥

પુરૂષો સ્વર્ગને નથી પામતા, અને શુભ ગતિથી પડે છે, તેનું નિમિત્ત કારણ અનાર્ય પ્રમાદજ છે. એવો મારો ચોક્કસ નિશ્ચય છે.

અસદાચારથી આ લોકમાં અનર્થની પરંપરા ઉદ્ભવે છે, એટલું જ નહિ પણ તેને કારણે માણસને નરકમાં અનેક પ્રકારનાં દુઃખો અનુભવવાં પડે છે.

नारकदुःखोपवर्णनमिति ॥२४॥

અર્થ : નારકીના દુઃખનું વર્ણન કરવું.

ભાવાર્થ:—નરકમાં ઉત્પન્ન થયેલા નારકીનાં દુઃખનું વર્ણન કરવું. તિર્યંચના દુઃખનું પણ વર્ણન કરવું કે જેથી માણસો તે દુઃખના કારણભૂત અસદાચારનો ત્યાગ કરે.

નરકમાં જીવો પોતાની ઈચ્છાનુકૂળ પદાર્થો નહિ મળવાથી અને પ્રતિકુળ પદાર્થોનો સંયોગ થવાથી અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે ત્યાં પોતાના બચાવ માટે કોઈ દેખાતું નથી.

ભૂખ, તરસ, ટાઢ, તડકો, પરવશપણું વગેરે દુઃખોથી આકુળ-વ્યાકુળ થયેલા તિર્યંચ પ્રાણીઓને જે સુખ મળે છે તે તુચ્છ છે કહેવામાત્ર છે. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ દુઃખી છે.

મનુષ્યભવમાં પણ પ્રાણીને દરિદ્રતાનું, રોગનું, દુર્ભાગ્યતાનું, શોકનું, મૂર્ખતાનું, દીન જાતિનું હલકા કુળનું, હાથ પગ વગેરે શરીરના અવયવહીન થવાનું, આંધાપાનું, લુલા લંગડા થવાનુ દુઃખ છે ખરી વાત છે કે મનુષ્યભવમાંથીજ મોક્ષ મેળવી શકાય; છતાં મનુષ્યપણામાં જ્યાં સુધી જન્મ મરણ થયાં કરે છે, ત્યાં સુધી તે જીવ સુખ મેળવી શકે નહિ.

દેવતાઓને જો કે અનેક પ્રકારનું સુખ છે એ આપણે પ્રથમ જણાવી ગયા, પણ છેવટે તો તે સુખનો પણ અંત આવે છે. પુણ્ય ક્ષીણ થતાં દેવતાને ત્યાંથી ચ્યવવું પડે છે, ત્યારે તેને દુઃખ થાય છે. આપણી અપેક્ષાએ તેમનું સુખ બધારે સ્થાયી ગણી શકાય, પણ અનંત કાળની અપેક્ષાએ તે સુખ પણ ક્ષણિક છે એમ કહીએ તો તેમાં ખોટું નથી. માટે દેવતાઓનો ભવ પણ સુખમય છે એમ કહી શકાય નહિ.

આ પ્રમાણે ચારે ગતિ દુઃખથી પૂર્ણ છે. કોઈમાં થોડું દુઃખ તો કોઈમાં વધારે દુઃખ, પણ દુઃખ તો ખરૂં, અને જે સુખ દુઃખ

મિશ્રિત હોય, અથવા જે સુખના અંતે દુઃખ હોય, તે ખરું સુખગણી શકાય નહિ.

तथा दुःकुलजन्मप्रशस्तिरिति ॥२५॥

અર્થ : (અસદાચારવાળાનો) ખરાબ કુળમાં જન્મ થાય છે એમ જણાવવું.

ભાવાર્થ—ખરાબ આચરણ કરવાવાળાઓનાં જન્મ શક, યવન, બર્બર વગેરે હલકી જાતિના લોકોને ત્યાં થાય છે, અને તેથી તે જાતિના અધમ આચાર વિચાર ગ્રહણ કરે છે અને તેથી દુઃખ ઉપર દુઃખ આવે છે, એમ બોધ કરાવી દુષ્કર્મ કરતાં અટકાવવાં.

दुःखपरंपरानिवेदनमिति ॥२६॥

અર્થ : દુષ્કુળમાં ઉત્પન્ન થયેલાને દુઃખની પરંપરા થાય છે તેમ જણાવવું.

ભાવાર્થ—હલકા કુળમાં ઉત્પન્ન થવાથી, મન તથા શરીર સંબંધી અનેક પ્રકારનાં દુઃખો પ્રાણીને સહન કરવા પડે છે. દુષ્ટાચરણથી અધમ કુળમાં ઉત્પન્ન થયેલાને હલકા વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શવાળાં શરીર મળે છે, અને તેવાં દુઃખોનો નાશ કરવા સમર્થ એવો ધર્મ સ્વપ્નમાં પણ પ્રાપ્ત થતો નથી, કારણ કે તે દેશમાં કોઈ જ્ઞાની ભાગ્યેજ જન્મે છે, અને તેથી સદ્‌બોધ તેઓને દુર્લભ થાય છે- ધર્મ નહિ જાણવાથી હિંસા, ચોરી, સત્ય, વ્યભિચાર વગેરે અશુદ્ધ કર્મમાં તેઓ લીન થાય છે, અને આ પ્રમાણે પાપ-કર્મની વૃદ્ધિ કરે છે; જેથી તેઓને લાંબા વખત સુધી બીજા ભવોમાં દુઃખ ભોગવવું પડે છે. આ રીતે તેઓને દુઃખ ઉપર દુઃખ આવે છે,-અને અહીંયાં સુખ મળતું નથી.તેમ પરભવમાં પણ સુખ મળતું નથી. આ પ્રમાણે અસદાચાર બહુજ માઠાં ફળને નિપજાવે છે. કહ્યું છે કે—

तैः कर्ममिः सजीवो विवशः संसार चक्रमुपयाति ।
द्रव्यक्षेत्राद्धाभावभिन्नमावर्तते बहुशः ॥

તે તે દુષ્ટ કર્મવશથી જીવ સંસારચક્રમાં પરિભ્રમણ કરે છે, અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવથી જુદા જુદા ભેદને પામેલો જીવ સંસારચક્રમાં ઘણા પુદ્ગલપરાવર્તન[1] કાળ ભમે છે. માટે જે અસદાચારથી કર્મબંધ થાય છે તે અસદાચારની અસત્યતા અને નિઃસારતા અનુભવી તેનો ત્યાગ કરવા ધર્મી જીવે ઉદ્યમવન્ત થવું.

तथा उपायतो मोहनिन्देति ॥२७॥

અર્થ : ઉપાયપૂર્વક મોહની નિન્દા કરવી.

ભાવાર્થ:— મોહનો અર્થ આ ઠેકાણે અજ્ઞાન એમ સમજવો. અજ્ઞાની પુરૂષ પોતાનું હિત સાધી શકતો નથી, અને બીજાને નિરર્થક દુઃખ ઉત્પન્ન કરે છે; સર્વ પ્રકારના અનર્થ મૂઢતાથી ઉત્પન્ન થાય છે, એમ જણાવી મૂઢતાની નિન્દા કરવી કહ્યું છે કે :—

अमित्रं कुरुते मित्रं मित्रं द्वेष्टि हिनस्ति च ।
कर्म चारभते दुष्टं तमाहुर्मूढचेतसम् ॥ १ ॥
अर्थवन्त्युपपन्नानि वाक्यानि गुणवन्ति च ।
न च मुढो विजानाति मुमुर्षुरिव भेषजम् ॥ २ ॥
संप्राप्तः पण्डितः कृच्छ्रं पूजया प्रतिबुध्यते !
मुढस्तु कृच्छ्रमासाद्य शिलेवाम्भसि मज्जति ॥३॥

જે અમિત્ર (શત્રુ) ને મિત્ર કરે, મિત્રનો દ્વેષ કરે, મિત્રને હણે, દુષ્ટ કર્મનો આરંભ કરે તે મૂઢ ચિત્તવાળો કહેવાય.

જેમ મરવા તૈયાર થયેલો પુરૂષ ઔષધ લેવા માનતો નથી, તેમ પોતાને કહેવામાં આવેલા સાર્થક અને ગુણવાળા વાક્યને મૂઢ

---

૧. પદ્ગલપરાવર્તનનું લક્ષણ પ્રવચનસારોદ્ધારમાં લખેલું છે.

પુરૂષ જાણી શકતો નથી. બીજા શબ્દોમાં કહીયે તો મરણ પથારીએ પડેલા મનુષ્યને ઔષધની અસર થતી નથી, તેમ મૂઢ પુરૂષને સદુપદેશની અસર લાગતી નથી.

પંડિત પુરૂષ કષ્ટ પામેલો હોય તો પણ પૂજા સત્કારથી પ્રતિબોધ પામે છે, પણ મૂઢ પુરૂષ તો દુઃખી અવસ્થામાં હોય તો પણ પાણીમાં શિલાની જેમ બૂડે છે, અર્થાત્ તે સ્થિતિમાં શું કરવું તે ન જાણવાથી હલકા કર્મ કરવા પ્રેરાય છે. પંડિત પુરૂષ તો સમજે છે કે સુખ પછી દુઃખ આવે છે, કોઈને આ જગતમાં એકાન્ત સુખ તેમજ એકાન્ત દુઃખ નથી. માટે સુખ આવ્યે મગરૂર ન થવું તેમ દુઃખ આવે ખિન્ન ન થવું, પણ મનનું સમાધાન પણું જાળવી રાખવું.

આ રીતે મૂઢતાના ગેરલાભ બતાવી તેનો ત્યાગ કરવા ઉપદેશ કરવો.

મોહનો અજ્ઞાન કે મૂઢતા સિવાય બીજો પણ અર્થ થાય છે. જેને લીધે સંસારના પદાર્થો તેમજ આત્માની ઉપાધિ પ્રત્યે રાગ થાય છે તે અજ્ઞાનભાવને શાસ્ત્રકારો મોહ કહે છે. આત્મા અને દ્રવ્ય ભિન્ન છે એવો ખાત્રી મોહને લીધે થતી નથી, અને તેથી દ્રવ્યરૂપ પરવસ્તુને આત્મા પોતાની માનવા પ્રેરાય છે, અને અંતે દુઃખ પામે છે.

નિજરૂપા નિજ વસ્તુ હે, પરરૂપા પરવસ્ત;
જેણે જાણ્યો પ્રેમ એ, તેણે જાણ્યું સમસ્ત.
વિનાશી પુદ્ગલ દશા, અવિનાશી તું આપ;
આપોઆપ વિચારતાં, મટે પુણ્ય ને પાપ.

આવો વિચાર મોહને લીધે આવતો નથી, અને તેથી સંસારમાં રખડવું પડે છે, એમ સમજાવી મોહનો ત્યાગ કરવા બોધ આપવો. યોગદૃષ્ટિ સમુચ્ચયમાં કહ્યું છે કે—

जन्म मृत्यु जराव्याधि रोग शोकाद्युपद्रुतम् ।
वीक्ष्यमाणा अपि भवं नोद्विजन्त्यपि मोहतः ॥१॥

धर्मबीजं परं प्राप्य मानुष्यं कर्मभूमिषु ।
न सत्कर्मकृषावस्य प्रयतन्तेऽल्पमेधसः ॥२॥

જન્મ, મૃત્યુ, જરા (વૃદ્ધપણું) વ્યાધિ, રોગ, શોક વિગેરે ઉપદ્રવવાળા સંસારને જોઈ તેમાં વસતાં માણસોને વૈરાગ્ય નથી ઉપજતો તેનું કારણ મોહજ છે, કર્મભૂમિમાં મનુષ્યપણારૂપ ઉત્તમ ધર્મ બીજ પામીને અલ્પ બુદ્ધિવાળા પુરૂષો, તે ધર્મ બીજની સત્કાર્ય રૂપ ખેતી કરવા પ્રયત્ન કરતા નથી, અર્થાત્ તે મનુષ્યભવ નિરર્થક ગુમાવે છે.

જે માણસો મનુષ્ય ભવ પામી તેનો સદુપયોગ કરતા નથી, તેઓ ચિંતામણિ રત્ન કાગડાને ઉડાડવાને ફેંકવામાં આવે તેમ આ જન્મ વૃથા ગુમાવે છે; વહેલા મોડા ઉત્તમ પુરૂષાર્થ અને સચ્ચારિત્ર વિના શાશ્વત સુખની પ્રાપ્તિનો માર્ગ મળી શકે તેમ નથી, તો પછી તે કાર્ય આ ભવમાં જ શા માટે શરૂ ન કરવું ? ફરી ફરીને ઉત્તમ સંજોગો મળતા નથી, જે માણસ મળેલા સંજોગોનો સદુઉપયોગ નથી કરતો, તેને ફરીથી એવા સંજોગો મળવા મુશ્કેલ છે, પણ જે આવેલા સંજોગોનો લાભ લે છે, તેને વધારે સારા સંજોગો સ્વયમેવ પ્રાપ્ત થાય છે; માટે મોહરાજાને વશ ન થતાં સત્કાર્યમાં પ્રવૃત્ત થવું.

તેજ ગ્રન્થમાં કહ્યું છે કેઃ—

बडिशामिषवत्तुच्छे कुसुखे दारुणोदये ।
सक्तास्त्यजंति सच्चेष्टां धिगहो दारुणं तमः ॥

માછલાં પકડવાનાં કાંટામાં ખોસેલા માંસની જેમ ભયંકર પરિણામવાળા સુખાભાસવાળા તુચ્છ વિષય સુખમાં આસક્ત થયેલા પુરૂષો સત્ક્રિયાનો ત્યાગ કરે છે, એવા ભયંકર અજ્ઞાનને ધિક્કાર હો. આ અજ્ઞાન તેજ મોહ છે. માટે મોહને ધિક્કાર હો.

માછલું સુખની લાલચે જીહ્વા રસના સ્વાદ અર્થે કાંટામાં ખોસેલું માંસ લેવા લલચાય છે, પણ માંસ મોંમાં લેતાની સાથે

તે કાંટો તેના તાળવામાં ભોંકાય છે અને તેને બહુજ દુઃખ થાય છે. સંસારના વિષયો દુઃખગર્ભિત છે એમ જાણવા છતાં માણસો તેની પાછળ દોડે છે, અને દુઃખ ભોગવે છે, પણ સારાં કાર્યો કરવા લલચાતા નથી કે જે કાર્યથી સ્વર્ગ અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય. આ સર્વે અજ્ઞાનનું પરિણામ છે, અને અજ્ઞાન એજ મોહ છે; માટે મોહનું આ સર્વ અનિષ્ટ ફળ છે, એવો પ્રતિબોધ આપી તેનો ત્યાગ કરવાનો સદુપદેશ આપવો.

तथा सद्ज्ञानप्रशंसनमिति ॥२८॥

અર્થ : સદ્જ્ઞાનની પ્રશંસા કરવી.

ભાવાર્થ :—સમ્યગ્જ્ઞાનની, તેમજ પાપની બીક રાખનારા સદ્જ્ઞાનીઓની પ્રશંસા કરવી; કારણ કે તેમ કરવાથી શ્રોતાવર્ગમાં જ્ઞાન તથા જ્ઞાની પુરૂષો તરફ પૂજ્યભાવ થાય છે, અને તેવું જ્ઞાન મેળવવા ઇચ્છા થાય છે. સદ્જ્ઞાન સત્શ્રદ્ધાને ઉત્પન્ન કરે છે. અને સત્શ્રદ્ધા સત્કાર્યને પ્રેરે છે, માટે સદ્જ્ઞાન મેળવવું.

જે જ્ઞાની છે તે ક્ષણવારમાં જ્ઞાનાગ્નિથી કર્મદળને વિખેરી નાંખે છે. જે સમાધિયુક્ત બુદ્ધિવાળા પંડિત પુરૂષો અંતરદૃષ્ટિવડે જોઈ શકે છે, તેને ઇન્દ્ર પોતાનાં હજાર ચક્ષુવડે પણ જોવાને શક્તિમાન્ થતો નથી, અને આખા જગત્ માત્રનાં નેત્રો ભેગાં કરી જોવામાં આવે તો પણ જોઈ શકાય નહિ.

દીપકને તો તેલ, પાત્ર વગેરે બાહ્ય સાધનની જરૂર છે, પણ આત્મપ્રદીપ તો સ્વયમેવ અહર્નિશ પ્રકાશે છે. તે માટે જેનામાં આત્મપ્રદીપ પૂર્ણ કળાએ પ્રકાશ્યો છે તેવા માણસો સર્વત્ર પૂજ્ય છે; કારણ કે જેમણે એકવાર પણ આત્મસ્વરૂપ જાણ્યું તેઓ ગમે તેવા શોક અથવા હર્ષના સમયમાં સમભાવ અને ચિત્તની સ્થિરતા જાળવી શકે છે; કારણ કે બહારની ઉપાધિ તે હું નથી એવો તેમને સદ્વિવેક ઉત્પન્ન થયો હોય છે.

કહ્યું છે કેઃ

नो प्राप्यमभिवाच्छन्ति, नष्टं नेच्छन्ति शोचितुम् ।
आपत्सु च न मुह्यन्ति, नरा पण्डितबुद्धयः ॥१॥

જે માણસો પંડિત બુદ્ધિના છે. તે પામવા યોગ્ય વસ્તુની ઈચ્છા રાખતા નથી, તથા નાશ પામેલી વસ્તુનો શોક કરતા નથી, અને દુઃખ વખતે મુંઝાતા નથી. વળી :-

न हृष्यात्मनो माने, नापमाने च रुष्यति ।
गाङ्गो ह्रद इवाक्षोभ्यो यः स पण्डित उच्यते ॥२॥

પોતાનું માન થવાથી હર્ષ પામતો નથી, અપમાન થવાથી ખેદ પામતો નથી, અને જે ગંગાના હ્રદની જેમ ક્ષોભ પામતો નથી તેને પંડિત કહેવો.

માન અને અપમાન બહારની ઉપાધિને આશ્રયી કરવામાં આવે છે. પંડિત પુરૂષ સમજે છે કે તે ઉપાધિ તે હું નથી, હું તો તેનાથી તદ્દન ન્યારો છું, માટે માન અને અપમાનમાં મારે હર્ષ-શોક ધરવો યોગ્ય નથી, એવી રીતે વિચાર કરી જે હ્રદયની સ્થિરતા સાચવી શકે છે, પણ મિજાજ ખોતો નથી તે ખરો પંડિત કહી શકાય. કહ્યું છે કેઃ—

જાણ્યું તો તેનું ખરું, મોહે નવિ લેપાય,
સુખ દુઃખ આવે જીવને, હર્ષ શોક નવિ થાય.

આ પ્રમાણે જ્ઞાનીની પ્રશંસા કરવી તે સત્યજ્ઞાનની પ્રશંસા કરી કહેવાય. કોઈના મનમાં શંકા ઉઠે કે તમે જ્ઞાનીની પ્રશંસા કરી, અને જ્ઞાનની પ્રશંસા કરી નથી, તો તેના સમાધાનમાં કહેવાનું કે જ્ઞાનીની પ્રશંસા કરવાથી જ્ઞાનની પ્રશંસા આવી જાય છે, કારણકે જ્ઞાન જ્ઞાનીથી ભિન્ન રહી શકતું નથી.

तथा पुरुषकारसत्कथेति ॥२९॥

અર્થ : પુરૂષાર્થની સત્કથા–પ્રશંસા કરવી.

ભાવાર્થ :– પુરૂષાર્થ વગર કોઈ પણ મોટું કર્મ કરવા કોઈ પણ માણસ સમર્થ થયું નથી. ગમે તે મહાન્ પુરૂષનું જીવન ચરિત્ર વાંચો, અને તમને સહજ જણાશે કે બીજા ગુણો તેનામાં હો કે ના હો, પણ આ ગુણ તો હોવો જ જોઈએ. જે માણસમાં ઉદ્યમનો ગુણ નથી, તે કદાપિ કોઈ પણ કાર્ય સિદ્ધ કરી શકવાનો નથી. મારાથી શું થશે એવો વિચાર કરનાર કદાપિ ફતેહ પામે નહિ. 'રોતો જાય તે મુવાની ખબર લાવે' એ કહેવત આવા મનુષ્યોને લાગુ પડે છે. બાકી પુરૂષાર્થ કરનાર પુરૂષો વિષે તો કહ્યું છે કે:–

दुर्गा तावदियं समुद्रपरिखा, तावन्निरालम्बनं ।
व्योमैतन्ननु तावदेव विषमः, पातालयात्रागमः ।
दत्त्वा मूर्धनि पादमुद्यममिदो, दैवस्य कीर्तिप्रियैः ।
वीरैर्यावदहो न साहसतुला, मारोप्यते जीवितम् ॥१॥

જ્યાં સુધી કીર્તિપ્રિય શૂરવીર પુરૂષોએ ઉદ્યમનો નાશ કરનારા દૈવ (નસીબ)ના માથા ઉપર પગ મૂકીને પોતાના જીવિતને સાહસના ત્રાજવામાં નથી મૂકયું, ત્યાં સુધી આ સઘળી સમુદ્રથી વિંટાયેલી પૃથ્વી દુર્ગમ્ય લાગે છે, ત્યાં સુધી આકાશ આધાર વગરનું દેખાય છે, ત્યાં સુધી પાતાળમાં જવું વિષમ ભાસે છે.

આ શ્લોકનો સાર એ છે કે મનુષ્યોએ દૈવના અથવા કર્મના ઉપર આધાર રાખી બેસી રહેવાને બદલે પુરૂપાર્થ કરવો. જે ઉદ્યોગી પુરૂષ છે તેને લક્ષ્મી વરે છે. દૈવ આપશે એમ કહી બેસી રહેનારા બાયલાઓ છે, માટે દૈવને તિરસ્કારો પોતાની શક્તિ પ્રમાણે પુરૂષાર્થ કરવો.

કહ્યું છે કે:—

विहाय पौरुषं कर्म यो दैवमनुवर्तते
तद्धि शाम्यति तं प्राप्य क्लीवं पतिमिवाङ्गना ॥१॥

જેમ નપુંસક (પુરૂષાતન વગરનો) પતિ પામીને સ્ત્રી નિષ્ફળ (પુત્ર વગરની) થાય છે, તેમ જે પુરૂષ પુરૂષાર્થનો ત્યાગ કરી દૈવને અનુસરે છે તેનું ભાગ્ય ઉદ્યમ વિના નિષ્ફળ જાય છે, એટલે પુરૂષાર્થ વિના ભાગ્ય કાંઈ કરી શકતું નથી. મનોરથથી કાર્ય સિદ્ધ થતું નથી, પણ પુરૂષાર્થથી થાય છેઃ કારણ કે સુતેલા સિંહના મુખમાં આવીને મૃગલાં પડતા નથી, માટે આત્મશક્તિમાં વિશ્વાસ રાખી ધર્મકાર્યમાં દૃઢ પ્રયત્ન કરવો તો સર્વ કાર્ય સિદ્ધ થશે.

तथा वीर्यर्द्धिवर्णनमिति ॥३०॥

અર્થ :- વીર્યની રિદ્ધિનું વર્ણન કરવું.

ભાવાર્થ :-સત્આચાર વિચાર વડે આત્મવીર્ય, અને શરીર બળ વૃદ્ધિ પામે છે એમ જણાવવું. જે માણસો શુદ્ધ આચાર પાળે છે એટલે જે પોતાની ઈન્દ્રિયોને નિગ્રહમાં રાખે છે અને પોતાની શક્તિનો અઘટિત વ્યય કુમાર્ગે કરતા નથી તેઓમાં વીર્ય વૃદ્ધિ થાય છે, અને તેઓ શરીરે બહુજ બળવાળા પરાક્રમી થાય છે. તેજ રીતે જેઓના વિચારો શુદ્ધ અને એકાગ્ર હોય છે અને રાગ-દ્વેષ કષાયથી મલીન થયેલા નથી તેઓનું વિચાર બળ વિખરાઈ જતું નથી, પણ વૃદ્ધિ પામે છે, અને તેઓ અનેક કાર્યો આત્માની વિચાર શક્તિથી કરી શકે છે.

આ ઉપરથી આપણને જણાય છે કે શુદ્ધ આચાર વિચારથી આત્મવીર્ય તેમજ શરીર વીર્ય વૃદ્ધિ પામે છે અને તેવો માણસ દુનિયાને પોતાના બળથી ધ્રુજાવે છે, તે માણસ જ્યાં જાય છે ત્યાં સન્માન પામે છે, તેની મુખાકૃતિ ભવ્ય બને છે, અને તે બીજા ઉપર પોતાના ગુણોની છાપ પાડે છે. માણસ વીર્યની ઋદ્ધિથી શું કરી શકે છે તે બતાવતાં ટીકાકાર લખે છે કેઃ—

मेरुदण्डं धराछत्रं, यत्केचित्कर्तुमीशते ।
तत्सदाचारकल्पद्रुफलमाहुर्महर्षयः ॥

કેટલાક લોક (દેવો) મેરૂ પર્વતને દંડ કરવા, અને પૃથ્વીને છત્ર કરવા સમર્થ થાય છે. તે સદાચારરૂપ કલ્પવૃક્ષનું ફળ છે, એમ મોટા ઋષિઓ કહે છે; માટે સદાચારનું સેવન કરવું એજ ઉત્તમ બોધ છે.

तथा–परिणते गम्भीरदेशनायोग इति ॥३१॥

અર્થ : જ્ઞાન પરિણમ્યા પછી ગંભીર દેશના દેવાનો વિચાર કરવો.

ભાવાર્થ :–જ્યારે શ્રોતાઓને ઉપર જણાવેલા ઉપદેશનું યથાર્થ જ્ઞાન, પછી તે બાબતની શ્રદ્ધા થાય, અને છેવટે તે ઉપદેશને આચારમાં મૂકે, ત્યારે તે શ્રોતા વધારે ગંભીર ઉપદેશ માટે લાયક થાય છે. શાસ્ત્રમાં પણ ઉપદેશ કરવાની રીત આ પ્રમાણે કહેલી છે.

પ્રથમ સામાન્ય ગુણની પ્રશંસાનો ઉપદેશ કરવો, પછી વિશેષ ગુણની પ્રશંસાનો બોધ આપવો. આ બે પ્રકારનો બોધ જ્યારે શ્રોતામાં પરિણમે, એટલે શ્રોતાના હૃદયમાં તે બોધ પ્રવેશ પામે અને તે બોધ અનુસાર કાર્ય કરવા તે પ્રેરાય ત્યારે વધારે સૂક્ષ્મ બાબતોનો બોધ આપવો ઉચિત છે. એક વખત ખાધેલું અન્ન પચી ગયા પછી બીજી વખત જમાય તો જ શરીર સુખમાં રહે છે, તેમ સામાન્ય બોધની અસર હૃદયમાં બરાબર થઈ હોય તોજ વિશેષ બોધને માટે તે લાયક બને છે. શ્રોતાના મનપર આપેલા બોધની અસર થઈ છે કે નહિ તે જાણવાનું એકજ લક્ષણ છે, તે એ છે કે પોતાની શક્તિ અનુસાર તે બોધ મુજબ તે વર્તે છે કે કેમ, જો તે વર્તતો હોય તો બોધની અસર થયેલી જાણવી, અને જો તે વર્તતો ન હોય તો બોધની યથાર્થ અસર નથી થઇ એમ માનવું.

तथा श्रुतधर्मकथनमिति ॥३२॥

અર્થ :—શ્રુત ધર્મનું કથન કરવું.

ભાવાર્થ :- શ્રુતધર્મ એટલે સિદ્ધાંત; તે સિદ્ધાન્તનું કથન કરવું એટલે ઉપદેશ કરવો. તેનું લક્ષણ, **વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા** તથા **ધર્મકથન** છે. આ પાંચનાં લક્ષણ નીચે પ્રમાણે છે.

ગુરૂ મહારાજ પ્રથમ જે ઉપદેશ આપે તે **વાચના** કહેવાય.

સંદેહ પડે ત્યારે ગુરૂ મહારાજને વિનય સહિત પૂછવું તે **પૃચ્છના.**

પૂછીને નિશ્ચય કરેલું સૂત્ર ન ભૂલાય માટે ફરીથી તેને સંભારવું તે **પરાવર્તના.**

સૂત્રની જેમ અર્થનું પણ ચિંતવન કરવું તે અનુપ્રેક્ષા.

અભ્યાસ કરેલા સૂત્રનો બીજાને ઉપદેશ આપવો તે ધર્મકથા કહેવાય છે.

चक्षुष्मन्तस्त एवेह ये श्रुतज्ञानचक्षुषा ॥
सम्यक् सदैव पश्यन्ति भावान् हेयेतरान्नराः ॥१॥

જે પુરૂષો ત્યાગ કરવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોને **શ્રુતજ્ઞાન** રૂપ ચક્ષુ વડે સમ્યક્ પ્રકારે જુએ છે તેજ પુરૂષો **નેત્ર**વાળા છે; બાકી ચર્મ ચક્ષુ તો સર્વને છે. જેટલાં દર્શન છે, તેટલાં સિદ્ધાન્ત છે, અર્થાત્ તેટલા શ્રુત ધર્મ છે; તો કયો શ્રુત ધર્મ અંગીકાર કરવો ? તે પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે.

તો તેના જવાબમાં શાસ્ત્રકાર કહે છે કે :—

बहुत्वात्परीक्षावतारः इति ॥३३॥

અર્થ:- શ્રુત ધર્મ બહુ છે, માટે પરીક્ષામાં ઉતરવું.

ભાવાર્થ :—શબ્દ સામાન્યથી આ ખરૂં છે કે આ મિથ્યા છે, એમ કહી શકાય નહિ, માટે તેની પરીક્ષા કરવી. જેમ સુવર્ણની પરીક્ષા કષ, છેદ, અને તાપથી થાય છે. તેમ ધર્મની પણ પણ રીતે પરીક્ષા થાય. ધર્મની બાબતમાં કષ, છેદ, અને તાપ શું છે તેનો આગળ વિચાર કરીશું, પણ મગને ભાવે મરી ન વેચાય તે માટે ટીકાકાર કહે છે કે :

तं शब्द मात्रेण वदन्ति धर्मं विश्वऽपि लोका न विचारयन्ति ।
स शब्दसाम्येऽपि विचित्रभेदैर्विभिद्यते क्षीरमिवार्जनीयः ॥१॥
लक्ष्मीं विधातुं सकलां समर्थं सुदुर्लभं विश्वजनीनमेनम् ।
परीक्ष्य गृह्णन्ति विचारदक्षाः सुवर्णवद्वञ्चनभीतचित्ताः ॥२॥

આ જગતમાં શબ્દ માત્રથી સર્વે ધર્મ કહે છે, પણ કયો સાચો તે વિચાર કરતા નથી, જેમ દૂધ શબ્દ સમાન છે, પણ તેમાં ભેદ પડવાથી કયું સારૂં તેની પરીક્ષા કરવી પડે છે, તેમ શ્રુતધર્મના સંબંધમાં સમજવું.

જેમ ઠગાવાની બીકવાળા, અને ડાહ્યા પુરૂષો પરીક્ષા કરીને સુવર્ણ ખરીદ કરે છે તેમ સકળ ધન આપવાને સમર્થ, ઘણો જ દુર્લભ અને જગતને હિતકારી એવો શ્રુતધર્મ પરીક્ષા કરીને ગ્રહણ કરવો કે પાછળથી પસ્તાવું ન પડે.

હવે પરીક્ષા કેવી રીતે કરવી તે કહે છે :—

कषादिपरूपणेति ॥३४॥

અર્થ :—કષાદિકની પ્રરૂપણા કરવી.

ભાવાર્થ :—જ્યારે માણસને સુવર્ણ ખરીદવું હોય છે ત્યારે આ સુવર્ણ સાચું છે કે તેમાં કાંઈ ભેદ છે તે જાણવા માટે કષ, છેદ, અને તાપથી પ્રથમ તેની પરીક્ષા કરે છે, અને પરીક્ષામાં શુદ્ધ

નીકળે છે તો ખરોદ કરે છે, તેમ શ્રુત ધર્મને પણ કષ, છેદ અને તાપની કસોટી લગાવવી.

હવે ધર્મની બાબતમાં પ્રથમ કષ શું છે તેના જવાબમાં શાસ્ત્રકાર કહે છે:—

विधिप्रतिषेधौ कष इति ॥३५॥

અર્થ:—વિધિ અને પ્રતિષેધ તે કષ છે.

ભાવાર્થ:—અવિરૂદ્ધ એટલે અનુકુળ કર્ત્તવ્ય બતાવનારૂં વાકય તે વિધિવાકય કહેવાય. જેમકે દાન કરવું, શીલ પાળવું, સ્વર્ગ તથા કેવળજ્ઞાનના અર્થી જીવોએ તપ તથા ધ્યાન કરવું અને પંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સહિત શુદ્ધ ક્રિયા કરવી; તે વિધિ કહેવાય.

કોઈપણ પ્રકારનું શુદ્ધ કર્ત્તવ્ય કરવાની આજ્ઞા તે વિધિ માર્ગ; અમુક કાર્ય ન કરવું એવો જે માર્ગ તે પ્રતિષેધ માર્ગ. દાખલા તરીકે કોઈ પ્રાણીની હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી વગેરે. એ વિધિ અને નિષેધ તે કષ કહેવાય છે. જેમ સુવર્ણની પરીક્ષા કરવાને કસોટી ઉપર સુવર્ણનો આંકો કરીએ છીએ તેમ ધર્મની પરીક્ષા કરવામાં વિધિ નિષેધ વાકય કસોટીનું કામ સારે છે.

જે ધર્મમાં કર્ત્તવ્ય અને અકર્ત્તવ્યનો ભેદ પાડી કર્ત્તવ્ય કરવા અને અકર્ત્તવ્યનો ત્યાગ કરવા ફરમાવવામાં આવ્યું હોય, તે ધર્મ 'કષ' શુદ્ધ' કહેવાય. કોઇ ધર્મ એમ જણાવે કે અન્ય ધર્મ જે પાળતો હોય તેને મારી નાંખવો તો તે ધર્મ શુદ્ધિની પરીક્ષામાં ટકી શકે નહિ. કારણ કે હિંસારૂપ અકર્ત્તવ્યનો ત્યાગ કરવાને બદલે અકર્ત્તવ્ય કરવું એવો ખોટો વિધિ માર્ગ બતાવ્યો. જેમાં ઉપર પ્રમાણે બન્ને શુદ્ધ માર્ગ બતાવ્યા હોય તે માર્ગ ગ્રહણ કરવો એજ સાર છે.

હવે છેદનું સ્વરૂપ દર્શાવે છે.

तत्संभवपालनाचेष्टोक्तिश्छेद इति ॥३६॥

અર્થ :—વિધિ નિષેધની ઉત્પત્તિ તથા પાલન માટેની ક્રિયાનું કહેવું તે 'છેદ' જાણવો.

ભાવાર્થ :—માણસ સોનાને કસોટીના પત્થર ઉપર ઘસીને તેની પરીક્ષા કરે છે, તે કસોટીમાં સોનું શુદ્ધ માલૂમ પડયું, તોપણ તેટલાથી સંતોષ નહિ પામતાં તેને કાપીને જુવે છે, કે રખેને અંદરના ભાગમાં કોઈ પણ પ્રકારનો ભેદ હોય; તેમ ધર્મમાં કષ શુદ્ધિ કર્યા પછી, છેદ શુદ્ધિ કરવી જરૂર છે.

ધર્મની બાબતમાં છેદ શું છે તે વિચારીએ. છેદ તે **વિશુદ્ધ બાહ્ય ચેષ્ટા** રૂપ છે. વિધિ અને પ્રતિષેધ માર્ગને અનુકૂળ જે બાહ્ય ક્રિયા તે 'છેદ' છે; તે બાહ્યશુદ્ધ ક્રિયાથી અતિચાર અને અનાચાર રહિતપણે વિધિ અને પ્રતિષેધ માર્ગને ઉત્તેજન મળે છે. માટે જે ધર્મમાં ઉપર જણાવેલા વિધિ પ્રતિષેધ માર્ગને સહાયકારી શુદ્ધ ધાર્મિક ક્રિયાનું વર્ણન યથાર્થ રીતે કરેલું હોય, તે છેદશુદ્ધ ધર્મ જાણવો.

સોનાની કષ અને છેદથી પરીક્ષા કરી અને તેમાં શુદ્ધ નીકળ્યું તોપણ તેની બરાબર પરીક્ષા કરવા માટે સોનીને તેને અગ્નિમાં નાખી પરીક્ષા કરે છે. અને જ્યારે અગ્નિમાં પણ તેનો રંગ બદલાતો નથી, ત્યારે તે શુદ્ધ માનવામાં આવે છે, તેમ ધર્મની પણ તાપમાં પરીક્ષા કરવી. ધર્મની બાબતમાં તાપ કયો ગણવો તે શાસ્ત્રકાર જણાવે છે.

उभयनिबन्धनभावत्वादस्ताप इति ॥३७॥

અર્થ :—કષ અને છેદ એ બન્નેના કારણરૂપ જીવાદિ તત્ત્વોની પ્રરૂપણા કરવી તે તાપ.

ભાવાર્થ—કષ અને છેદનો પ્રથમ આપણે વિચાર કરી ગયા, પણ કષ અને છેદનું મૂળ કારણ જાણવું જોઈએ. કષ અને છેદનો આધાર તાપ ઉપર રહેલો છે. જો સુવર્ણનો રંગ તાપ આપવાથી બદલાઈ ગયો, તો તે સુવર્ણ નિરર્થક છે, તેમ ધર્મની તાપથી પરીક્ષા કરી અને તેમાં જો તે ન ટકી શકે તો કષ અને છેદની વિશુદ્ધિ નિરૂપયોગી છે.

વસ્તુઓમાં ક્ષણે ક્ષણે ફેરફાર થાય છે; જે સોનાનું કુંડલ બનાવવામાં આવે છે તેજ સોનાની થોડા સમય પછી માલા (કંઠી) બનાવવામાં આવે છે. આ પ્રમાણે તેનો આકાર બદલાય છે, પણ સુવર્ણ તો તેને તેજ રહે છે. તેમ જે શાસ્ત્રમાં દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ **નિત્ય**, અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ **અનિત્ય** એવા જીવાદિ પદાર્થોનું વર્ણન કરેલું હોય, તે શાસ્ત્ર તાપશુદ્ધ કહેવાય છે; અને તેવા શાસ્ત્રમાં વિધિ પ્રતિષેધ માર્ગ, અને વિધિ પ્રતિષેધ માર્ગને સહાયકારી ધર્મક્રિયાઓ ઘટી શકે છે.

अमीषामन्तरदर्शनम् इति ॥३८॥

અર્થ :—આ (પરીક્ષાના ત્રણ પ્રકાર)નું પરસ્પર અંતર બતાવવું.

ભાવાર્થ :- કષ, છેદ અને તાપ એ પરીક્ષાના ત્રણ પ્રકાર છે, તેમાંનું પરસ્પર સમર્થપણું અને અસમર્થપણું દેખાડવું, અને તેનો ભેદ સમજાવવો, તે ત્રણમાં ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ કોણ? તેનો ભેદ સમજાવવો એ ઉપદેશકનો ધર્મ છે.

कषछेदयोररयत्नः तद्भावेऽपि ताशाभावेऽभाव इति॥३९-४०॥

અર્થ :-કષ અને છેદની પરીક્ષાથી વસ્તુનો આદર ન કરવો, કારણ કે કષ અને છેદથી શુદ્ધ હોય, તોપણ તાપ પરીક્ષાના અભાવમાં તે બે પરીક્ષાનો અભાવજ સમજવો.

ભાવાર્થ :-કેવળ કષ કે કેવળ છેદથી, કે કેવળ બન્નેથી સુવર્ણની પરીક્ષા યથાર્થ થઈ શકતી નથી; માટે બુદ્ધિમાનોએ તે બે ઉપરજ આધાર રાખીને બેસી રહેવું નહિ, પણ તાપથી તેની પરીક્ષા કરવી; જે સોનું તાપને ન સહન કરી શકે, અને તેનો રંગ બદલાઈ જાય, તેની બે પ્રકારની પ્રથમ કરેલી શુદ્ધિ પણ નકામી ગણાય; તેમ જે શ્રુત ધર્મ તાપની કસોટી ન સહન કરી શકે, તે શ્રુત પ્રથમ બે કસોટીઓમાં શુદ્ધ જણાયો હોય, તોપણ પ્રમાણભૂત ગણાય નહિ; માત્ર તે નામનોજ ધર્મ છે.

तच्छुद्धौ तत्साफल्यमिति ॥४१॥

અર્થ :—તાપ શુદ્ધ થયે કષ અને છેદશુદ્ધિની સફળતા માનવી.

ભાવાર્થ :—જ્યારે સોનું તાપમાંથી શુદ્ધ નીકળ્યું ત્યારે પ્રથમ કરેલી કષ અને છેદની પરીક્ષા પણ ઉપયોગી ગણાય છે; કષ અને છેદનું લક્ષણ પ્રથમ આપણે વિચારી ગયા છીએ, તોપણ અત્રે ફરીથી તે સામાન્ય રીતે જણાવવું જરૂરનું છે.

પ્રથમ બંધાયેલા કર્મનો નાશ કરનાર સૂત્રના અર્થનું ચિન્તન અભ્યાસ કરવો તે વિધિમાર્ગ અને નવાં કર્મ આવતાં રોકાય તે માટે હિંસાદિ ન કરવી તે નિષેધ માર્ગ, આ બે માર્ગરૂપ કષ કહેવાય છે.

આ વિધિ પ્રતિષેધ માર્ગનું પાલન કરવા જે બાહ્ય ક્રિયાઓ કહેવામાં આવેલી હોય, તે છેદ કહેવાય છે.

જો આત્માને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ પરિણામી માનીએ તોજ ઉપર કહેલી ક્રિયાનું સાર્થકપણું સિદ્ધ થઇ શકે, માટે આત્માને કોઈક અપેક્ષાએ અનિત્ય માનવો એ વગેરે તાપ શુદ્ધિ છે.

માટે તાપ શુદ્ધિ હોય તોજ કષ અને છેદ શુદ્ધિ ઉપયોગી છે, એમ શાસ્ત્રકારનું કથન છે.

फलवन्तौ च वास्तवाविति ॥४२॥

અર્થ:—તે બે ફળયુકત હોય તો જ સત્ય છે.

ભાવાર્થ:-કષ અને છેદનું જો ફળ મળી શકે તેમ હોય તો જ તે સત્ય ગણાય છે; કારણ કે સાધ્ય વસ્તુને સિદ્ધ કરનાર ક્રિયાને જ સંત પુરૂષો સત્ય વસ્તુ કહે છે. અને તે બેનું ફળ તાપ-શુદ્ધિ ઉપર રહેલું છે, માટે છેવટે જેના તત્ત્વો ખરાં હોય તેજ ધર્મ સાચો એમ સાબિત કર્યું; કારણ કે ધર્મક્રિયા અને નીતિના સિદ્ધાન્તોનો આધાર તત્ત્વો ઉપર રહેલો છે; દાખલા તરીકે અહિંસા કરવી એ નીતિ બોધ છે, પણ તેનો પાયો ધર્મના ઉંડા સિદ્ધાંત પર રહેલો છે.

સૂક્ષ્મ વિચાર કરતાં જણાશે કે આ ઉત્તમ નીતિ બોધનું કારણ સર્વ **જીવોના સરખાપણામાં** રહેલું છે. જો આપણને કોઈ દુઃખ દે તો આપણને દુઃખ થાય છે, તેજ રીતે બીજાને પણ દુઃખ થાય છે, કારણ કે જીવો સરખા છે, માટે કોઈપણ પ્રાણીની હિંસા કરવી નહિ. કહ્યું છે કેઃ—

પ્રાણ જેમ પ્રિય નિજ તણો, એમ અવરનો જાણ;
સુજન દયા સૌ પર ધરો. નિજ સમ મનમાં આણ.

માટે તાપશુદ્ધિ રૂપ ધર્મના ગંભીર તત્ત્વો ઉપર કષ અને છેદના ફળનો આધાર રહેલો છે. જો કષ અને છેદ ફળ આપનાર નીવડે તો તેઓ સત્ય ગણવા.

શાસ્ત્રકારના કથન પ્રમાણેઃ—

अन्यथा याचितकमण्डनम् इति ॥ ४३ ॥

અર્થ:—નહી તો માગી લાવેલા ઘરેણા સમાન કષ અને છેદને જાણવા.

ભાવાર્થ:—યથાર્થ તત્ત્વો ઉપર રચાયેલા વિધિ પ્રતિષેધ માર્ગ અને તેને પાળવાને સહાયકારી શુદ્ધ ક્રિયા સફળ થાય છે, નહિ તો તે માર્ગ અને તે ક્રિયાને પારકા માગી લાવેલા આભૂષણ સમાન ગણવાં.

અલંકારનો બે પ્રકારે ઉપયોગ થઈ શકે; જ્યારે પોતાનું ગુજરાન અન્ય સાધનોથી સારી રીતે ચાલતુ હોય, ત્યારે કડા, કુંડળ, કંઠી વગેરે આભૂષણો માણસના શરીરને શોભા આપનાર ગણાય છે, અને આપત્તિ વખતે નિર્વાહનું અન્ય સાધન ન હોય ત્યારે તે આભૂષણો ગુજરાન ચલાવવામાં પણ ઉપયોગી થાય છે; પણ માગી લાવેલા આભૂષણોથી આ બેમાંથી એક પ્રકારનું ફળ મળતું નથી. કારણ કે તે પારકાં હોવાથી તેનો ઉપભોગ મન માની રીતે થઈ શકતો નથી. તેમજ દુઃખના પ્રસંગે તે વેચી શકાતાં નથી.

આ ઉપરથી કહેવાનો ભાવાર્થ એ છે કે દ્રવ્ય અને પર્યાયની અપેક્ષાએ જીવ વગેરે તત્ત્વોને **નિત્યાનિત્ય** માનીએ તો વિધિ નિષેધ માર્ગ તેમાં યથાર્થ ઘટી શકે છે, અને તેથી તે પાળવાને સહાયકારી ક્રિયાઓ પણ ફળવતી થાય છે; પણ જો કેટલાંક માને છે તેમ એકાંત નિત્ય કે એકાંત અનિત્ય માનીએ તો કષ અને છેદ તેમાં લાગુ પડી શકતા નથી. માટે તે માગી લાવેલા અલંકાર સમાન જાણવા. કારણ કે સાધ્ય વસ્તુ મોક્ષ તેને સિદ્ધ કરનાર તે થતા નથી; માટે તે કષ અને છેદ શુદ્ધ હોય તો પણ પ્રમાણભૂત મનાય નહિ.

આ ઉપરથી કહેવાનો સાર એ છે કે જે ધર્મ કષ, છેદ, અને તાપથી શુદ્ધ હોય તેને યથાર્થ માનવો. હવે કોનો કહેલો શ્રુત ધર્મ પ્રમાણભૂત માનવો તેના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છેઃ—

नातत्त्ववेदिवादः सम्यग्वाद इति ॥ ४४ ॥

અર્થ:—જે તત્ત્વને જાણનાર નથી તેનો વાદ (ધર્મ) સમ્યગ્ ધર્મ કહી શકાય નહિ.

ભાવાર્થ:—જેણે તત્ત્વને પોતાના ચક્ષુઓથી જોયેલું હોય તે પુરૂષ જે ધર્મનાં તત્ત્વો કહે, તે સત્ય માની શકાય; પણ જેણે જાતે તત્ત્વ જોયાં નથી, તેવો અજ્ઞાની પુરૂષ જે બાબત કહે તે યથાર્થ માની શકાય નહિ.

જન્મથી અંધ પુરૂષે ચિત્રેલી છબી દેખતા ચિતારાના જેવી ન હોય, તેજ રીતે અર્વજ્ઞાની પુરૂષોએ કહેલું વચન, જેમની અંતર્દૃષ્ટિ ખીલેલી છે તેવા પુરૂષોએ કહેલા સત્ય વચન ઉપર જેવું યથાર્થ ન હોય; માટે જ્ઞાની પુરૂષોના વચન ઉપર વિશ્વાસ રાખવો, કારણ કે લોકના લાભ ખાતરજ જેઓ ધર્મના તત્ત્વોનો ઉપદેશ કરે છે તેઓ કદાપિ અસત્ય કહે નહિ.

પણ સમ્યગ્વાદ આ છે એ શી રીતે જણાય ? તેના ઉત્તરમાં કહે છે:—

बन्धमोक्षोपपत्तितस्तच्छुद्धिरिति ॥ ४५ ॥

અર્થ :—બન્ધ અને મોક્ષની સિદ્ધિથી સમ્યગ્વાદની શુદ્ધિ માનવી.

ભાવાર્થ:—જે ધર્મમાં આત્મા બંધાય છે અને મુક્ત થાય છે. અને કેવા કારણોથી તેનો બંધ થાય છે, અને કેવા કારણોથી તે મુક્ત થઈ શકે છે, એ બાબતનું સંપૂર્ણ વર્ણન કરેલું હોય, તેને સમ્યગ્વાદ જાણવો. જેમ અગ્નિ અને લોઢાના ગોળાનો પરસ્પર સંબંધ છે, એટલે તપાવેલા લોઢાના ગોળામાં અગ્નિ રહેલો છે, અને જેમ ક્ષીર અને નીર એક બીજા સાથે એકમેક થઈને રહેલા છે, તેમ જીવ અને કર્મનો સંબંધ થયેલો છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ વગેરે કારણોથી જીવને કર્મ બંધાય છે, અને સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી, જીવ કર્મથી મુક્ત થાય છે. એટલે સકળ કર્મ નાશ થઈ આત્મા પોતાની સ્થિતિ પ્રાપ્ત કરે છે; આ પ્રમાણે આત્માને બંધ અને મોક્ષ છે એમ જે ધર્મમાં કહેલું હોય, તેનો પ્રણેતા સર્વજ્ઞ માનવો; અને જે શાસ્ત્રો બંધ મોક્ષને કલ્પના માને છે, તે શાસ્ત્રનો પ્રણેતા યથાર્થવાદી ગણી શકાય નહિ. જો આત્માને કેવળ મુક્તજ માનીએ, તો પછી તેને મુક્ત કરવા શાસ્ત્રમાં બતાવેલાં ક્રિયા વગેરે નિરર્થક ગણવામાં આવે. નિશ્ચયનયથી તો આત્મા મુક્ત છે, પણ જ્યાં સુધી તે સ્થિતિ આપણે યથાર્થ અનુભવી નથી, ત્યાં સુધી તે સ્થિતિ પ્રાપ્ત કરવા ધર્મ માર્ગમાં કહેલા ક્રિયા અનુષ્ઠાનનું સેવન કરવું એ વ્યવહાર માર્ગ પણ ઉચિત છે.

इयं बध्यमानबन्धनभाव इति ॥ ४६ ॥

વળી—આ (બંધ મોક્ષની યુક્તિ)નો આધાર બંધાતા જીવ અને બન્ધન ઉપર છે.

ભાવાર્થ:—જીવ બંધાય છે, અને કર્મ તેને બાંધે છે, એમ માનીએ તોજ મિથ્યાત્વ, કષાય વગેરેથી કર્મ બંધાય છે એ બાબત સત્ય ઠરે, અને તેવા કર્મથી મુક્ત થવા માટે આપેલો ઉપદેશ પ્રમાણુભૂત ગણાય; જો આત્મા બંધાતોજ નહોય તો પછી તેને મુક્ત થવાનું શું ?

कल्पनामात्रमन्यथेति ॥ ४७ ॥

અર્થ:—(જો આત્માને બંધાતો ન માનીએ તો) ઉપરની યુક્તિ કલ્પના માત્ર છે.

ભાવાર્થ:—જીવ કર્મથી બંધાય છે એમ જો ન માનીએ, અને તેને સ્વતઃ સિદ્ધિસમાન મુક્ત ગણીએ તો બંધી યુક્તિ અને

આગમ કલ્પના માત્ર છે, એટલે નિરર્થક છે; માટે વ્યવહાર નયથી જીવ બંધાય છે, અને જીવ મુક્ત પણ થાય છે એમ માનવું જોઈએ.

बध्यमान आत्मा बन्धनं वस्तु सत्कर्मेति ॥ ४८ ॥

અર્થ:—બંધાનાર આત્મા, અને બન્ધન, કર્મ રૂપ સાચી વસ્તુ છે.

ભાવાર્થ:—પોતાનું સામર્થ્ય—આત્મ શક્તિ ઢંકાઈ જવાથી પરવશતાને પામેલો આત્મા, તે કર્મથી બંધાનાર જાણવો અને મિથ્યાત્વ અવિરતિ આદિ કારણો પામીને જે કર્મથી બંધાય છે. તે બંધન.

આ જીવના એક, બે ત્રણ, ચાર એમ જીદી જુદી અપેક્ષાએ જુદા જુદા ભેદ પાડવામાં આવે છે; અત્રે ટીકાકાર તેના ચૌદ ભેદ પાડે છે.

(૧) સૂક્ષ્મ એકેન્દ્રિય, (૨) બાદર એકેન્દ્રિય, (૩) બેઈન્દ્રિય, (૪) તેઈન્દ્રિય, (૫) ચઉરિન્દ્રિય, (૬) સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય, (૭) ગર્ભજ પંચેન્દ્રિય. એ રીતે સાત ભેદ થયા. એ સાત પર્યાપ્તા અને સાત અપર્યાપ્તા મળી ચૌદ ભેદવાળો જીવ વ્યવહાર નયથી કર્મ બાંધે છે; અને આ જગતમાં રહેલા અનેક પ્રકારના પરમાણુઓમાંથી જેવાં કર્મ કરે તેને યોગ્ય પરમાણુઓ તેના તરફ આકર્ષાઈ તેનું બંધન કરે છે.

કર્મ સત્ય છે, પણ કલ્પના નથી એમ સમજવું. જેવી રીતે સફેદ અને કોરા વસ્ત્રને બહારના પરમાણુઓ ચોંટતા નથી, અને ચોંટે છે તો ખંખેરતાં ઝટ ખરી પડે છે, તેમ આત્મા જ્યારે પોતાના સ્વભાવમાં વિચરે છે. ત્યારે કર્મના પરમાણુઓ તેને ચોંટી શકતા નથી; પણ જ્યારે વસ્ત્રને ચીકાશ લાગેલી હોય છે, ત્યારે પરમાણુઓ તેને ચોંટી જાય છે. તેમ જ્યારે આત્માને રાગ દ્વેષ વગેરે અશુદ્ધ ભાવની ચીકાશ લાગે છે, ત્યારે કર્મના પરમાણુઓ

આત્મા તરફ આકર્ષાઇ તેને બાંધે છે. કેટલાક મતવાળા એમ માને છે કે આત્મા બંધાતો નથી, તે મત આ રીતે અંગીકાર કરવા લાયક ઠરી શકતો નથી.

એક મતમા એમ લખેલું છે કેઃ–

आत्मा न बध्यते नापि मुच्यते नापि संसरति ।
कश्चित्संसरति बध्येत मुच्यते नानाश्रया प्रकृतिः ॥

"આત્મા બંધાતો નથી, મુક્ત થતો નથી, અને સંસારમાં રખડતો નથી, પણ વિચિત્ર પ્રકારના આશ્રયવાળી કોઈ પ્રકૃતિ રખડે છે, બંધાય છે."

જો પ્રકૃતિનોજ બંધ અને મોક્ષ થતો હોય, અને આત્મા કેવળ નિર્લેપ છે એમ અંગીકાર કરીએ તો આત્માની સંસાર અવસ્થા અને મોક્ષ અવસ્થા બન્ને સમાનજ ગણાય, અને તેથી યોગ શાસ્ત્રમાં યોગી પુરૂષોને મોક્ષ મેળવવા માટે કહેલા યમ નિયમ વગેરે ક્રિયા અનુષ્ઠાન નિરર્થક થાય.

આપણે ઉપર જણાવી ગયા કે કર્મ સત્ય છે. આ ઉપરથી જે લોકો એમ માનતા હોય, કે કર્મ જેવી વસ્તુ નથી, અને આત્માના રાગ દ્વેષ રૂપ ભાવજ આત્માને બાંધનારા છે એમ કહેનારની વાત સત્ય ઠરતી નથી; જો આમ માનીએ તો સર્પ પોતાની મેળે આંટી નાંખીને બંધાય છે, એમ આ બંધન માનવું પડે. પણ વસ્તુસ્થિતિ તેમ નથી. પુરૂષ અને બેડી ભિન્ન છે, પણ જેમ બેડી પુરૂષને બાંધે છે તેમ કર્મ આત્માને બાંધે છે.

ખરી વાત એ છે કે જ્યારે આત્મામાં રાગ, દ્વેષ, ક્રોધ વગેરે કલુષિત ભાવ ઉત્પન્ન થાય છે, ત્યારે કર્મના પરમાણુઓ ખેંચાઈ આત્મા તરફ આવી આત્માને બાંધે છે.

ત્યારે બંધ અને મોક્ષના હેતુ કોણ ? તે હવે વિચારીએ–

हिंसादयस्तद्योगहेतवस्तदितरे तदितरस्येति ॥४९॥

અર્થ:– બંધ થવાનું કારણ હિંસાદિ છે, અને મોક્ષનું કારણ અહિંસાદિ છે.

ભાવાર્થ:––વસ્તુ સ્થિતિ વિચારતાં એમ જણાય છે કે જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર પાપ છે, અને તેનું કારણ જીવનો અશુભ પરિણામ છે.

હિંસા, ચોરી, જૂઠ, વ્યભિચાર આદિ અનિષ્ટ કામ કરવાનો જીવને જ્યારે વિચાર થાય છે ત્યારે પાપ બંધન થાય છે. અને તે પાપ બંધજ જીવને સંસારમાં રઝળાવે છે. કહેલું છે કે––

हिंसानृतादयः पञ्च तत्त्वाश्रद्धानमेव च ।
क्रोधादयश्च चत्वार इति पापस्यहेतवः ॥

હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ, એ પાંચ અવ્રત, તત્ત્વમાં અશ્રદ્ધા, અને ક્રોધ, માન, માયા અને લોભ રૂપ ચાર કષાય એ દશ પાપના હેતુ છે.

આ હિંસાદિ વગેરેથી વિરૂદ્ધ ભાવ અને કાર્યથી મોક્ષ થાય છે. જેવું કાર્ય તેવું ફળ; જેવું કારણ તેવું કાર્ય. બંધનું કારણ મળવાથી બંધ થાય છે. અને મોક્ષનું કારણ મળવાથી મોક્ષ થાય છે

બંધનું સ્વરૂપ બતાવતાં શાસ્ત્રકાર કહે છેઃ—

प्रवाहतोऽनादिमानिति ॥५०॥

અર્થ :–બંધ પ્રવાહથી અનાદિ છે.

ભાવાર્થ:––જીવ કર્મથી કયારે બંધાયો, એવો કોઈ પ્રશ્ન કરે, તો જૈનશાસ્ત્રની અપેક્ષાએ કર્મનો બંધ અનાદિ કાળથી છે; એટલે કોઈ દિવસ આત્મા કર્મથી મુક્ત હતો એવી સ્થિતિ ન હતી પણ અમુક કર્મ કયારે બંધાયું તેનો કાળ માપી શકાય, જીવ જૂના કર્મ વિખેરે છે, અને નવાં કર્મ બાંધે છે, આમ ચાલ્યા જ કરે

છે તેથી પ્રવાહની અપેક્ષાએ અનાદિ કાળથી જીવ કર્મ સાથે બંધાયેલો છે એમ કહી શકાય.

કોઇ ગાડી લીધા પછી એક વખત ભાંગી જવાથી પૈડાં નવાં નખાવીએ, બીજી વખત વેષ્ટન નવું કરાવીએ, ત્રીજી વખત મધ્ય ભાગ નવો કરાવીએ, એમ એકંદરે ગાડી બદલાઈ જાય છે, પણ આપણે તો ગાડી લીધી હોય ત્યાંથી જ વર્ષ ગણીએ છીએ, તેમ કર્મની બાબતમાં પણ જૂનાં કર્મ વારંવાર ખરે છે, નવાં કર્મ ગ્રહણ થાય છે, પણ જીવ અને કર્મનો સંબંધ તો અનાદિકાળથી ચાલે છે. કારણ કે જીવ તે અનાદિ અનન્ત છે; અને કર્મ તેને લાગેલાં હોવાથી પ્રવાહરૂપ બંધ પણ અનાદિ કહી શકાય.

कृतकृत्वेऽप्यतीतकालवदुपपत्तिरिति ॥५१॥

અર્થ:—બંધ થયેલો હોવા છતાં પણ અતીતકાલની જેમ તેની ઘટના કરવી.

ભાવાર્થ—અમુક કાર્ય કર્યું તેનું કારણ આપણે જાણીએ છીએ. પણ તે કારણ તો કેવળ નિમિત્ત છે. પણ તેનું ઉપાદન કારણ તો હૃદયમાં રહેલો અશુદ્ધ ભાવ. જે અતીતકાલમાં રોપેલા કારણોનું કાર્ય છે. આમ વિચારતાં કાળમાં પાછા જતાં અનાદિ સુધી જવું પડશે તેથી પ્રવાહની અપેક્ષાએ બંધ અનાદિ છે એમ જાણવુ.

वर्तमानताकल्पं कृतकृत्वमिति ॥५२॥

અર્થ :—વર્તમાનકાળ જેવુ કરેલાપણું છે.

ભાવાર્થ:—જેવી રીતે અતીત કાળને વર્તમાન કાળ સાથે સંબંધ છે, તેવી રીતે બંધનું કરેલાપણું તે કરવાપણું છે. કારણકે નિશ્ચયનયના અભિપ્રાય પ્રમાણે ક્રિયાકાળ અને નિષ્ઠા (કાર્ય સમાપ્તિ) કાળમાં ભેદ નથી. જો એમ ન કહેવામાં આવે તો વર્તમાન કાળને

કરવા પણાનો કાળ કહી શકાય. પણ કરેલાને કરવા માંડયું એમ ન કહી શકાય.

કેટલાક પદાર્થો તત્કાળ થયાં હોય અને કેટલાંક થતાં હોય, તો વ્યવહારનયની અપેક્ષાએ તે બન્ને થાય છે એમ કહેવાય. એને નિશ્ચયનયની અપેક્ષાએ તો કરવા માંડેલાને પણ કર્યું એમ કહી શકાય. અહીં પણ નિશ્ચયનયની અપેક્ષાએ કરવા માંડેલા બંધને કર્યા એમ કહ્યું છે. નયનો વાદ અતિ દુર્ગમ છે, તે સદ્‌ગુરૂ પાસેથી સારી રીતે સમજવો જોઈએ.

परिणामिन्यात्मनि हिंसादयो भिन्नाभिन्ने च देहादिति॥५३॥

અર્થ:--દેહથી કથંચિદ્‌ ભિન્ન અને કથંચિત્‌ અભિન્ન પરિણામી આત્માને વિષે હિંસાદિ બંધની ઘટના થઈ શકે છે.

ભાવાર્થ:-- આત્મા પરિણામી છે. આત્મ દ્રવ્ય તો એને એજ રહે છે. પણ ઉપાધિ વશાત્‌ પરિણામ પામતો જણાય છે; આત્મા એકનો એક હોવા છતાં ઉપાધિ ભેદથી પરિણામી ગણવામાં આવે છે; સોનું એકનું એક હોવા છતાં કુંડલ રૂપે બદલાય, કંઠી રૂપે બદલાય, આ રીતે તેના પર્યાયમાં ફેરફાર થવાથી તે પરિણામી કહેવાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે :-

परिणामो ह्यर्थान्तरगमनं न च सर्वथा व्यवस्थानम्‌ ॥
न च सर्वथा विनाशः परिणामस्तद्विदामिष्टः ॥

એક સ્વરૂપ મૂકી બીજું સ્વરૂપ પામવું તેનું નામ પરિણામ કહેવાય; પણ તેમાં સર્વથા એકજ પ્રકારની વ્યવસ્થિતિ રહેતી નથી. તેમ સર્વથા નાશ પામવો તેનું નામ પરિણામ ન કહેવાય,

એમ તે વિષયને જાણનારા કહે છે. આવા પરિણામવાળો આત્મા છે માટે તે પરિણામી કહેવાય છે.

તે દેહથી ભિન્ન છે, અને અભિન્ન પણ છે. આવો પરિણામી અને દેહથી ભિન્નાભિન્ના આત્મા માનીએ તોજ ઉપર જણાવેલા હિંસાદિ દોષ તેને લાગુ પડી શકે.

अन्यथा तदयोग इति ॥५४॥

અર્થ :—આથી ઉલટી રીતે માનીએ તો હિંસાદિ ઘટી શકે નહિ.

ભાવાર્થ :—જો આત્માને પરિણામી ન માનીએ, તેમજ દેહથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન ન માનીએ, તો હિંસાદિ દોષ ઘટી શકે નહિ; કેમ ન ઘટી શકે એ સ્વાભાવિક પ્રશ્નનો ઉત્તર શાસ્ત્રકાર પોતેજ આપે છેઃ—

नित्य एवाधिकारतोऽसंभवादिति ॥५५॥

અર્થ:—નિત્ય એવા અધિકારી આત્માને વિષે હિંસાદિ ઘટી શકે નહિ.

ભાવાર્થ:—કોઈ દિવસ નાશ ન પામે, અને કોઈ દિવસ ઉત્પન્ન ન થાય પણ નિરંતર એકજ સ્વભાવમાં રહે તે નિત્ય. આત્માને એ પ્રકારે નિત્ય માનીએ, એટલે આત્મા જન્મતો નથી, મરતો નથી એમ માનીએ, તો પછી એવા આત્મામાં હિંસાદિ સંભવતા નથી. એટલે પર્યાયાર્થિક નયને લક્ષમાં ન લઈ આત્માને દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય સ્થાપીએ, એટલે તે ત્રણે કાળ તેવોને તેવોજ રહે અને તેના પરિણામમાં કાંઈ પણ ભેદ પડતો નથી એમ સ્વીકારીએ, તો હિંસા વગેરે તેને લાગુ પડી શકે નહિ. કારણ કે પર્યાયનો નાશ તેનું નામ હિંસા એમ શાસ્ત્રમાં કહેલું છે.

આપણે કોઈને મારવા હાથ ઉગામ્યો તે વખતે તેનામાં શાંતિના પર્યાય હતા તે બદલાઈ ગયા અને ક્રોધના પર્યાય વ્યાપી ગયા; હવે જો આત્માને કેવળ નિત્ય એકજ સ્વભાવી માનીએ, અને તે પરિણામ પામે છે, એમ ન સ્વીકારીએ તો આમ બનવું અશક્ય થાય, પણ આમ બને છે તે તો આપણે જોઈએ છીએ, માટે આત્માને પરણામી માનવો, અને આત્માને પરિણામી માન્યો એટલે તેમાં હિંસા વગેરે ઘટી શકશે. કહ્યું છે કે :—

तत्पर्यायविनाशो दुःखोत्पादस्तथा च संक्लेशः ।
एष वधो जिनभणितो वर्जयितव्यः प्रयत्नतः ॥

આત્માના પર્યાયનો વિનાશ કરવો, આત્માને દુઃખ ઉત્પન્ન કરવું. અને કલેશ કરવો, તે સર્વને જિનેશ્વર ભગવાને હિંસા કહેલી છે. માટે તેનો પ્રયત્નથી ત્યાગ કરવો. ત્યારે આત્માને શું અનિત્ય માનવો ? ના કેવળ અનિત્ય માનવામાં પણ દોષ આવે છે. તે કહે છે :—

तथा अनित्येचापरार्हिंसनेनेति ॥५६॥

અર્થ:—કેવળ અનિત્ય માનીએ તો બીજાથી હિંસા થઈ શકે નહિ એમ સિદ્ધ થાય છે.

ભાવાર્થ—આત્માના પર્યાય બદલાય છે. છતાં દ્રવ્ય રૂપે તે એકજ રહે છે, આ મુખ્ય સિદ્ધાંત છે, હવે આત્માને નિત્યજ માનીએ તો શું દૂષણ આવે તે આપણે વિચારી ગયા, પણ કોઈ કહેશે કે ત્યારે કેવળ અનિત્ય છે. તે ક્ષણે ક્ષણે નાશ પામે છે, માટે ક્ષણ-ભંગુર કહેવાય. માટે તે પોતાની મેળેજ ક્ષણે ક્ષણે મરે છે તો પછી તેને મારનાર કોણ ? અને મારી નાંખવાની વસ્તુ કયાં રહી ?

એક પારધિએ હરણને મારવાનો વિચાર કર્યો પણ બીજીજ ક્ષણે તે હરણ નાશ પામ્યું તો પછી મરવાનું શું રહ્યું, અને તે પારધિ પણ અનિત્ય હોવાથી બીજીજ ક્ષણે બદલાઈ ગયો તો પછી મારનાર

ક્યાં રહ્યો ? આ રીતે આત્માને અનિત્ય-ક્ષણભંગુર માનવાથી હિંસાદિક ઘટી શકે નહિ. માટે આત્માને અનિત્ય માની શકાય નહિ.

આત્માને ઉપર જણાવ્યા પ્રમાણે નિત્ય પણ ન માનવો, અને અનિત્ય પણ ન માનવો. ત્યારે કેવો માનવો ? તેના જવાબમાં શાસ્ત્રકાર કહે છે કે નિત્યાનિત્ય માનવો, આત્મા વસ્તુરૂપે નિત્ય છે, પણ તેના પર્યાયમાં ક્ષણે ક્ષણે ફેરફાર થયા કરે છે, જૂનાં પર્યાય મૂકે છે, અને નવા ગ્રહણ કરે છે, માટે તે અપેક્ષાએ તે અનિત્ય છે, માટે બે અપેક્ષાઓ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક અપેક્ષાઓથી તે એક સાથે નિત્યાનિત્ય કહી શકાય.

तथा भिन्न एवदेहान्न स्पृष्टवेदनमिति ॥५७॥

અર્થ:—દેહથી કેવળ ભિન્ન આત્મા માનીએ તો સ્પર્શ કરેલા પદાર્થનો અનુભવ ન થાય.

ભાવાર્થ:—આત્મા પોતાની નૈસર્ગિક સ્થિતિમાં દેહથી ભિન્ન છે, અને શરીર તે આ સ્થૂલ ભૂમિકામાં તેને કાર્ય કરવાનું સાધન છે, પણ જ્યાં સુધી આત્મા કર્મથી બંધાયેલો છે ત્યાં સુધી દેહથી ભિન્ન ન માનવો, કારણ કે તેમ માનીએ તો પાંચ ઈન્દ્રિયો દ્વારા આત્માને જે અનુભવ થાય છે, તે ન થવો જોઈએ. દાખલા તરીકે, પુરૂષના શરીરને ફૂલની માળા, શયન, આસન વગેરે પદાર્થોનો સ્પર્શ ઇષ્ટ લાગે છે, અને કાંટા, અગ્નિ, સોય વગેરેનો સ્પર્શ અનિષ્ટ લાગે છે; જો આત્માને દેહથી તદ્દન અલગ માનીએ, તો આવો સ્પર્શેન્દ્રિયનો અનુભવ તેને થાય નહિ. તેજ રીતે દુધ વગેરે તેને સ્વાદિષ્ટ લાગે છે, અને કરીયાતુ વગેરે અસ્વાદિષ્ટ લાગે છે, આવો રસનેન્દ્રિનો અનુભવ પણ થાય નહિ. માટે જ્યાં સુધી સ્થૂળ ઉપાધિનો ત્યાગ કરી ઉચ્ચ ભૂમિકામાં રહેતાં યોગમાર્ગ દ્વારા આત્મા જાણે નહિ ત્યાં સુધી દેહથી અભિન્ન માનવો ઘટે છે.

तथा निरर्थकश्चानुग्रह इति ॥५८॥

અર્થ :—ઉપકાર વગેરે નિષ્ફળ થાય.

ભાવાર્થ :—જો આત્માને દેહની સાથે જરા પણ સંબંધ નથી એમ કબૂલ કરીએ, તો દેહ ઉપર કરેલો ઉપકાર નિષ્ફળ જાય; પુષ્પમાળા, ચંદન, સુશોભિત વસ્ત્ર, અંગવિલેપન વગેરે શરીર સુખ આપવા યોગ્ય સાધનો આત્માને કોઈ રીતે સંતોષ આપે નહિ; તેમજ અગ્નિ વગેરેનો સ્પર્શ આત્માને દુઃખ આપે છે, તે આપે નહિ; શરીરથી આત્માને તદ્દન અલગ માનવામાં શરીરને જેટલું સુખદુઃખ થાય, તે આત્માને અસર કરનારૂં થવું ન જોઈએ, પણ આપણા અનુભવમાં આવે છે કે શરીરને આપેલું સુખદુઃખ આત્માને સંતોષ કે અસંતોષ ઉપજાવનારૂં થાય છે. માટે આત્માને શરીરથી તદ્દન ભિન્ન ન માનવો, પણ વ્યવહારનયથી શરીર સાથે સંબંધ ધરાવનાર આત્મા છે એમ માનવું.

આત્માને શરીરથી તદ્દન અલગ માનવામાં એક બીજું પણ દૂષણ આવે છે; કોઇ શરીરનો સંહાર કરે તો તે હિંસા કહેવાય નહિ. કારણ કે શરીર અને આત્મા તદ્દન અલગ છે; પણ શરીરના વધથી આત્માને દુઃખ થાય છે માટે તદ્દન અલગ ન માનવો એજ સાર છે.

अभिन्न एवामरणं वैकल्यायोगादिति ॥५९॥

અર્થ :—દેહ આત્મા તદ્દન અભિન્ન માનીએ તો મરણ પણ ન સંભવે, કારણ કે શરીરમાં ફેરફાર થતો નથી.

ભાવાર્થ :—દેહ એજ આત્મા છે, અને આત્મા એજ દેહ છે એવો દેહ અને આત્માનો અભેદ માનીએ તો ચૈતન્ય સહિત શરીર તેજ આત્મા ઠર્યો અને તેથી મરણ સંભવેજ શી રીતે? આત્મા સ્થળ શરીર છોડીને ચાલ્યો જાય છે ત્યારે મરણ થયું એમ કહેવાય છે, પણ શરીર તેજ આત્મા એમ પક્ષ કબૂલ કરીએ, તો પછી ગયું શું ?

જનાર વસ્તુ તો કોઈ અલગ નથી, અને શરીર જેને આ પક્ષવાળા આત્મા માને છે તે તો તેમનું તેમ પડી રહેલું જણાય છે, તો પછી જીવન અને મરણમાં ભેદ શો રહ્યો ?

હાલ આ મતને માનનારા કેટલાક પાશ્ચાત્ય દેશોમાં વિદ્યમાન છે. તેઓ શરીરને સર્વસ્વ માને છે, અને શરીરનો નાશ થયે સર્વનો અંત આવ્યો એમ તેઓ સ્વીકારે છે; આર્યભૂમિમાં તેવા મતને માનનારા 'ચાર્વાક' કહેવાય છે, અને પાશ્ચાત્ય દેશોમાં તેમને 'જડવાદી' ની ઉપમા મળેલી છે. જડ સિવાય ચૈતન્ય જેવી વસ્તુ જ નથી એમ તેઓનો મત છે; અને તેથી મરણ થયે સર્વસ્વનો અંત આવે છે; પંચભૂતના ભેગા થવાથી ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થયેલી છે, અને મરણ સમયે પંચભૂત પોતપોતાના તત્ત્વોમાં ભળી જાય છે, એમ તેઓ કહે છે, કે જે અવાસ્તવિક છે, આ મત અજ્ઞાની જનોએ પ્રરૂપેલો છે, આ મતની અસત્યતા સિદ્ધ કરવા જતાં ગ્રંથ-ગૌરવ થાય માટે અમે "આત્માની હયાતીની સાબીતી*" એ નામનું અંગ્રેજી પુસ્તક વાંચવા ભલામણ કરીએ છીએ. ટીકાકાર તેનું જે યુક્તિથી ખંડન કરે છે તે અમે નીચે જણાવીએ છીએ.

પૂર્વપક્ષ—શરીર તેજ આત્મા છે; આત્મા શરીરથી જુદો નથી.

ઉત્તરપક્ષ—મરણ સમયે શરીર તેવું ને તેવું દેખાય છે. માટે જો શરીર તેજ આત્મા હોય, તો અમુક માણસ મરણ પામ્યો એમ કહેવાય નહિ. તેથી આત્મા શરીરથી ભિન્ન છે, અને શરીર તે તો તેનું સાધન છે. જીર્ણ વસ્ત્ર નાશ પામવાથી તેનો પહેરનાર નાશ પામતો નથી તેજ રીતે જીર્ણ શરીર નાશ પામવાથી તેને ધારણ કરનાર આત્માનો નાશ થતો નથી. માટે આત્મા અને શરીરને ભિન્ન માનવાં.

* Proofs of the existence of the Soul, by Annie Besant.

પૂર્વપક્ષ—મરણ સમયે જો કે શરીર તેવું ને લાગે છે, પણ તેમાંથી વાયુ જતો રહેલો હોય છે, તેથી મરણ થયું એમ માનીએ છીએ.

ઉત્તરપક્ષ—મૃતક શરીરમાં વાયુ તો છે જ, જો વાયુ ન હોત તો શરીર ફુલી ન જાત.

પૂર્વપક્ષ—ત્યારે તેજના અભાવે મરણ થયું એમ માનીશું.

ઉત્તરપક્ષ—જો તેજનો અભાવ હોય, તો શરીર મરણ પછી તરતજ ફોહવા માંડે છે તેમ થાતજ નહિ. માટે તેજના અભાવથી મરણ થયું એમ માનવું એ ખાલી ફાંફા મારવા રૂપ છે. માટે દેહ અને આત્મા ભિન્ન છે.

પૂર્વપક્ષ—પૂર્વે હતા તેવા વાયુ અને તેજનો અભાવ થવાથી મરણ થયું એમ અમે સ્વીકારીશું.

ઉત્તરપક્ષ—કદાચ આ પ્રમાણે સમુદ્રમાં ડુબતો માણસ જેમ તૃણનો આધાર ખોળે, તેમ તમે ચારે તરફથી ફસાતા જુદી જુદી યુક્તિઓનો આધાર લેશો તો તે પણ ટકી શકશે નહિ.

પૂર્વપક્ષ—કેમ ટકી શકશે નહિ ?

ઉત્તરપક્ષ—તેનો જવાબ શાસ્ત્રકાર જ આપે છે.

मरणे परलोकाभावः ॥६०॥

અર્થ :—મરણ કબૂલ કરીએ તો પરલોકનો અભાવ સિદ્ધ થાય,

ભાવાર્થ :—જો દેહના મરણથી આત્માનું મરણ થયું એમ તમારા મત પ્રમાણે કબૂલ કરીએ તો પરલોકમા જનાર કોણ રહ્યું ? કારણ કે દેહ તો અહીંજ પડી રહે છે, અને દેહ અને આત્મામાં ભેદ તથી તો પછી પરલોક અને પરભવમાં જનાર કોણ રહેશે ?

પૂર્વપક્ષઃ—પણ અમે તો પરલોકને જ માનતા નથી, ત્યાં વળી તમે પરલોકમાં જવાની શી વાત કરો છો ?

ઉત્તરપક્ષઃ—સર્વ શિષ્ટ પુરૂષોએ પ્રમાણના બળથી પરલોકનો સ્વીકાર કર્યો છે. વળી પરલોક છે તેના પુરાવા તરીકે એક દલીલ રજુ કરી શકાય. અભિલાષાઓ એક બીજાથી સંકળાયેલી છે. જે જે અભિલાષા ઉત્પન્ન થાય છે, તે પ્રથમ ઉત્પન્ન થયેલ અભિલાષપૂર્વક હોય છે. જેમકે યૌવનાવસ્થામાં ઉત્પન્ન થએલા અભિલાષ બાલ્યાવસ્થામાં ઉત્પન્ન થયેલા અભિલાષ સાથે સંબંધ ધરાવે છે. તેજ રીતે એકજ દિવસના જન્મેલા બાળકને આંખો ઉઘાડતાં, માતાના સ્તનમાં રહેલા દુધની ઈચ્છા થાય છે, તેનું કારણ તે સંબંધમાં થયેલા પૂર્વ જન્મના સંસ્કારજ છે. માટે બાળકને થયેલો અભિલાષ તે અન્ય અભિલાષપૂર્વકજ છે, અને અન્ય અભિલાષ તો આ ભવમાં ઉત્પન્ન થયો નથી, માટે તે અન્ય અભિલાષ પૂર્વભવમાં થયેલો હોવો જોઈએ માટે પરલોક છે એમ સિદ્ધ થાય છે. આ સંબંધમાં ઘણા પુરાવા આપી શકાય, પણ એકજ પુરાવો આપી આ વિષયને બંધ કરીએ છીએ, પ્રોફેસર મેક્ષમ્યુલર લખે છે કેઃ—

" જે મનુષ્યોના સંબધમાં આપણે પહેલ વહેલી જ વાર આવીએ, છતાં તેના પ્રત્યે હૃદયમાં જે પ્રેમની લાગણી ઉત્પન્ન થાય છે, તે પુરૂષોનો ને આપણો પ્રથમ પૂર્વભવમાં પ્રેમમય સંબંધ થયેલો હોવો જોઈએ, તેમજ જે મનુષ્યોના સંબંધમાં પ્રથમ જ આવતાં તેના ઉપર દ્વેષ અથવા તિરસ્કાર ઉત્પન્ન થાય છે, તે મનુષ્યોની અને આપણી વચ્ચેનો પૂર્વભવનો સંબધ કડવાશ ભરેલો હોવો જોઈએ." આ રીતે પૂર્વભવ, પુનર્જન્મની સિદ્ધિ તેણે કબૂલ રાખી હતી માટે દેહને આત્મા અભિન્ન નથી, પણ ભિન્ન છે.

तथा देहकृतस्यात्मनानुपभोग इति ॥६१॥

અર્થ:–એકાંત ભેદ માનવાથી દેહે કરેલા કર્મનો આત્માને ઉપભોગ થાય નહિ.

ભાવાર્થ:–આત્મા અને દેહને એક માનવાથી જે દૂષણ આવે છે તે ઉપર આપણે વિચારી ગયા. ત્યારે હવે કોઈ એમ કહેવા નીકળે કે આત્મા અને દેહ તદ્દન ભિન્ન છે તો તેમાં પણ અનર્થાપત્તિ આવવાનો સંભવ છે; તાડન, તર્જન, હિંસા, વ્યભિચાર વગેરે અશુભ કર્મ; અને દેવને નમસ્કાર, સ્તુતિ, ગુરૂ સેવા વગેરે શુભ કર્મ શરીર દ્વારા થાય છે, તો તે શુભ અને અશુભ કર્મથી થયેલા સુખ દુઃખનો ભોક્તા આત્મા બની શકે નહિ; કારણ કે આત્મા અને દેહ ભિન્ન છે, અને કોઈએ કરેલું શુભ અને અશુભ કર્મ બીજો ભોગવી શકે નહિ જે જેવું કરે તેવું તે ભોગવે; માટે શરીરે કરેલા શુભ અશુભ કર્મનું ફળ શરીરે ભોગવવું જોઈએ અને આત્મા તો અલગ રહેવો જોઈએ. પણ આપણે જોઈએ છે કે આત્માને સુખ દુઃખ થાય છે, માટે જ્યાં સુધી આત્મા કર્મ સહિત છે, ત્યાં સુધી આત્મા દેહમાં ભળેલો છે; કેમકે આત્માના સંબંધ વિના કેવળ દેહ કાંઈપણ કરવા સમર્થ નથી. માટે જો કે નિશ્ચયનયથી તો આત્મા અને દેહ ભિન્ન છે, પણ વ્યવહારનયથી આત્મા દેહથી સર્વથા અલગ કહેવાય નહિ; એમ જો ન માનીએ તો **કૃતનાશ** (કરેલાનો નાશ) અને **અકૃતાભ્યાગમ*** (નહિ કરેલાનું આવવું) એ બે દોષ આવશે.

---

* શરીર અને આત્મા તદ્દન ભિન્ન માનીએ તો, શરીરે કરેલાં શુભ અશુભ કર્મનો મરણ સમયે શરીરની સાથે નાશ થઈ જાય, અને તેથી તેને કોઈ ભોગવે નહિ; આ પ્રમાણે કૃતનાશનો દોષ આવે, તેમજ પરભવમાં નવું શરીર ઉત્પન્ન થશે; તેને કોઇ પણ અશુભ કર્મ કર્યું નથી છતાં આગલા ભવમાં આત્માએ શરીરમાં રહી કરેલા શુભ અશુભ કર્મનું ફળ તો ભોગવવું પડે છે; આ રીતે નહિ કરેલા કર્મના ફળનું આવવું એવો બીજો દોષ આવે છે, જેને અકૃતાભ્યાગમ શાસ્ત્રમાં કહે છે.

तथा आत्मकृतस्य देहेनेति ॥६२॥

અર્થ:—આત્માએ કરેલા કર્મનો ઉપભોગ દેહથી થઇ શકે નહિ.

ભાવાર્થ:—આત્મા અને દેહ તદ્દન અલગ માનીએ તો આત્માએ કરેલા કર્મનું ફળ શરીર ભોગવી શકે નહિ; તેમજ ઉપર જણાવી ગયા તેમ શરીરે કરેલા શુભ અશુભ કર્મનું ફળ આત્મા ભોગવે નહિ. કોઈ એમ કહેવા નીકળે કે એમ થાય તો તેમાં શું વાધો છે? તો તેના પ્રત્યુત્તરમાં શાસ્ત્રકાર જવાબ આપે છે કે:—

दृष्टेष्टबाधेति ॥६३॥

અર્થ:—જોયેલી અને ઈષ્ટ વસ્તુને બાધ આવે.

ભાવાર્થ:—દેહે કરેલો સુખ દુઃખનો અનુભવ આત્માને થાય છે. અને આત્માએ કરેલા સુખ દુઃખનો અનુભવ દેહ ભોગવે છે. એ જગતમાં જરા સૂક્ષ્મ નજરથી તપાસતાં જણાઈ આવે છે દેહે કરેલી ચોરી, ખોટી સહી, વગેરે અનાર્ય કાર્યોથી બંદીખાના વગેરેમાં રહી ખેદ અને શોકનો અનુભવ કરતો આત્મા જોવામાં આવે છે. અને કોઈપણ કારણથી ઉત્પન્ન થયેલા મનના સંક્ષોભ અથવા ચિંતાથી શરીરમાં જ્વર સંગ્રહણી વગેરે રોગો ઉત્પન્ન થતા જોવામાં આવે છે; જો આત્માને દેહથી તદ્દન અલગ માનીએ તો આ જોયેલી વસ્તુઓને બાધ આવે છે; તેમજ ઈષ્ટ વસ્તુ એટલે મુક્તિ અને તે મેળવવાને કરવામાં આવતા ક્રિયા અનુષ્ઠાન તેને પણ આથી બાધ આવે છે; કારણ કે જો આત્મા શરીરથી ભિન્ન માનીએ, તો તે નિર્લેપ અને મુક્ત જ ઠર્યો. તો પછી તેને મુક્ત કરવા માટે કરવામાં આવતા વ્રત નિયમો નિષ્ફળ ગણવામાં આવે; જેનો બંધ હોય તે મુક્ત થાય પણ મુક્તને છુટવાનું શું? માટે આ રીતે ઈષ્ટ મોક્ષને પણ બાધ આવે. માટે આત્માને દ્રવ્યાર્થિકનયથી **નિત્ય**, પર્યાયાર્થિકનયથી **અનિત્ય**,

વ્યવહારનયથી શરીરથી **અભિન્ન**, અને નિશ્ચયનયથી શરીરથી **ભિન્ન** આત્માને માનવો એ શાસ્ત્રકારનો કહેવાનો આશય છે.

अतोऽन्यथैतत्सिद्धिरिति तत्त्ववाद इति ॥६४॥

અર્થ : આ એકાંતવાદથી અન્યથા પ્રકારે બંધ મોક્ષની સિદ્ધિ થઇ શકે તેને તત્ત્વવાદ કહે છે.

ભાવાર્થ:—આત્મા નિત્યજ છે, અનિત્યજ છે, દેહથી ભિન્નજ છે, દેહથી અભિન્નજ છે એ રીતનો એકાંતવાદ છે, તેનાથી વિરુદ્ધ આત્માને **નિત્યાનિત્ય** અને **ભિન્નાભિન્ન** માનવાથી હિંસાદિ પાપકર્મ ઘટી શકે છે; તેથી આત્માનો બંધ પણ સ્વીકારાય છે અને તે બંધથી મુક્ત થવાનું અનુષ્ઠાન પણ યથાર્થ ઠરે છે; માટે એજ ખરો તત્ત્વવાદ છે. તેને બરાબર સમજવો. આ પ્રમાણે તત્ત્વવાદ સમજવાથી શું પરિણામ આવે છે.

परिणामपरीक्षेति ॥६५॥

અર્થ:—પરિણામની પરીક્ષા થાય છે.

ભાવાર્થ:—જ્યારે આ તત્ત્વવાદ બરાબર સમજાય છે, ત્યારે એકાંતવાદ તરફ અરૂચિ ઉત્પન્ન થાય છે. અને એનેકાંતવાદ તરફ શ્રદ્ધા થાય છે, અને તેના વખાણ કરવાના પરિણામ થાય છે. આ રીતે પરિણામની પરીક્ષા કર્યા પછી શું કરવું?

शुद्धे बन्धभेदकथनमिति ॥६६॥

અર્થ:—પરિણામની શુદ્ધિ જોઇ બન્ધ ભેદનું કથન કરવું.

ભાવાર્થ:—ઉપર પ્રમાણે તત્ત્વવાદ તરફની રૂચિ જોઇને બંધના ભેદનો ઉપદેશ કરવો. કર્મની મૂલ પ્રકૃતિ આઠ છે, અને તેની ઉત્તર પ્રકૃતિ ૧૫૮ છે, તેનો બરાબર બોધ કરવો.

મનથી કેવાં કર્મ બંધાય છે? વચનથી કેવાં કર્મ બંધાય? છે

અને કાયાથી કેવાં કર્મ બંધાય છે? તે કર્મ કેવી રીતે છુટી શકે? નવાં કર્મ બંધાયજ નહિ તેને માટે શું લક્ષ રાખવું? ઉદયમાં આવેલા કર્મ ભોગવતાં પરિણામ કેવા રાખવા? ચાર પ્રકારના કર્મના ભાગ બંધ, ઉદય, સત્તા અને ઉદીરણા વગેરેનું સ્વરૂપ સમજાવવું કે જેથી શુભ વિચારો, અને શુભકાર્યો નિષ્કામ બુદ્ધિથી કરતાં શીખે.

तथा वरबोधिलाभप्ररूपणेति ॥६७॥

અર્થ:—શ્રેષ્ઠ બોધિ બીજના લાભની પ્રરૂપણા કરવી.

ભાવાર્થ:—સત્ય વસ્તુને સત્ય રૂપે, અને અસત્ય વસ્તુને અસત્યરૂપે ઓળખવાથી, અને તેની યથાર્થ શ્રદ્ધા થવાથી **સમકિત** પ્રાપ્ત થયું કહેવાય છે.

તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન કરવામાં કારણભૂત બોધિબીજ ન તે સામાન્ય સમકિત કરતાં ઉત્તમ છે એમ જણાવવું. અથવા તો દ્રવ્ય સમકિત કરતાં ભાવ સમકિત વધારે ઉત્તમ અને શ્રેષ્ઠ છે એ પ્રમાણે **હેતુ, સ્વરૂપ** અને **ફળથી** મુમુક્ષુઓ આગળ ઉપદેશ કરવો. એ સમકિત કે બોધિ બીજ શી રીતે પ્રાપ્ત થઈ શકે તે જણાવે છે.

तथा भव्यत्वादितोऽसाविति ॥६८॥

અર્થ:—ભવ્યત્વાદિ સામગ્રીથી સમકિતની પ્રાપ્તિ થાય છે.

ભાવાર્થ:—ભવ્યત્વાદિ એ શબ્દથી **કાળ, નિયતિ, કર્મ,** અને **પુરૂષ** આટલી બાબતો લક્ષમાં લેવાની છે. ભવ્ય એટલે મોક્ષમાં જવાને યોગ્ય; મોક્ષ મેળવવું તે આત્માનો સ્વભાવજ છે, કારણ કે આત્મા સ્વભાવથી જ્ઞાનદર્શન અને ચારિત્રવાળો છે, પણ કર્મના આ આવરણથી તેનો સ્વભાવ ઢંકાઈ ગયો છે. આત્માં મોક્ષ મેળવવાને લાયક છે. પણ તેને માટે યોગ્ય કાળની પણ કેટલેક અંશે જરૂર છે.

કાળના બે ભેદ છે એક ઉત્સર્પિણી અને બીજો અવસર્પિણી. ઉત્સર્પિણી કાળ મોક્ષ મેળવવા માટે વધારે અનુકૂળ છે, જેમ વસંતઋતુમાં વનસ્પતિ વિશેષ બહુજ પ્રફુલ્લિત થાય છે તેમ ઉત્સર્પિણીકાળમાં મોક્ષ મેળવવા વધારે અનુકૂળ સંજોગો મળે છે; કારણ કે એવા ઉચ્ચ અધ્યવસાય તે કાળમાં વધારે સહેલાઈથી થઇ શકે છે, કાળ અનુકૂળ હોય તોપણ નિયતિની જરૂર છે, એટલે નિશ્ચયથી એમ જનવાનું હોય તોજ બને છે, નહિ તો મોં આગળ આવેલો લાડુ મોંમાં મૂકતા હજાર વિઘ્ન આવે છે, તેમ વિઘ્ન આવે.

નિયતિનો અર્થ 'થવા કાળ,' અથવા 'ભવિતવ્યતા' એવો થાય છે. આ સર્વ અનુકૂળ હોવા છતાં પુણ્યકર્મના ઉદય વિના મોક્ષે જવાય નહિ. માટે કલેશ રહિત અને શુભ આશયવાળું પુણ્યાનુબંધિ પુણ્ય મોક્ષ પ્રાપ્તિનું પરમ કારણ છે, આ ઉપરાંત અનંત પુણ્યવાળો સારા આશયવાળો, સારી બુદ્ધિવાળો, ઉપદેશ કરેલી બાબતો સમજનાર, સર્વ જનના હિતમાં તત્પર, પ્રેમાળ અને નિઃસ્વાર્થી પુરૂષ હોવો જોઈએ, કારણકે તેજ પુરૂષ ઉપર જણાવેલી સામગ્રીથી મોક્ષ મેળવી શકે છે. આ પ્રમાણે હેતુ બતાવવા અને જીવાદિ સાત અથવા નવ તત્ત્વોનું શ્રદ્ધાન કરવું, તે સમકિતનું સ્વરૂપ સમજવું. હવે સમકિતનું ફળ કહે છે.

ग्रन्थिभेदे नात्यन्तसंक्लेशःइति ॥६९॥

અર્થ :– ગ્રન્થિભેદ થતાં અતિશય સંકલેશ થતો નથી.

ભાવાર્થ:—ગ્રન્થિ એટલે દૃઢ રાગ દ્વેષનો પરિણામ જાણવો. જ્યારે વસ્તુને વસ્તુરૂપે જાણી, અને આત્માને આત્મતત્ત્વ તરીકે સકળ આજીવાદિ પદાર્થથી અલગ માનવામાં આવ્યો, એટલે દુનિયાના સકળ પદાર્થો તેમજ સચેતન પદાર્થની ઉપાધિ પ્રત્યેનો રાગ નાશ પામવા માંડે છે; તેમજ સકળ મનુષ્યો પોતાના કર્મ પ્રમાણે ફળ અનુભવે છે, અને બીજા તો નિમિત્ત માત્ર છે, માટે નિમિત્ત ઉપર

દ્વેષ કરવો તે તો કૂતરાનું આચરણ છે. કારણ કે કૂતરો લાકડી મારનારને કરડવા કરતાં પ્રથમ લાકડીને કરડવા જાય છે; તેજ રીતે, પોતે પોતાના કર્મનો કર્તા તથા ભોક્તા છે, અને જે સુખ દુઃખ આવે છે. તે પોતેજ પૂર્વભવમાં કરેલા શુભ અશુભકર્મનું પરિણામ છે, તેથી પોતેજ તે સુખ દુઃખને માટે જોખમદાર છે, એમ માનવાને બદલે લાકડીરૂપ નિમિત્ત કારણ, જે અન્ય કોઈ પુરૂષ, જેની દ્વારા સુખ દુઃખ મળે છે તેના ઉપર દ્વેષ કરવો એ મિથ્યા છે, આ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ સમજવાથી દ્વેષ ઓછો થતો જાય છે.

જેમ વિંધેલું મોતી, તેના છિદ્રમાં મળ ભરાયો હોય તોપણ પૂર્વાવસ્થાને પામી શકતું નથી; તેમ તત્ત્વોની શુદ્ધ શ્રદ્ધારૂપ સોયથી રાગદ્વેષના પરિણામને ઉપર પ્રમાણે ભેદી નાંખવામાં આવે, તો તે પરિણામ અતિ નિબિડ થતા નથી. જેમ મણિ છિદ્ર રહિત ફરીથી થતું નથી, તેમ પરિણામ પણ ફરીથી દૃઢ થતા નથી, એક વાર જેને આત્મતત્ત્વની ઝાંખી થઈ હોય છે, તેનો આચાર વિચારજ ફરી જાય છે, ભલેને તે સંસાર વ્યવહારમાં જોડાય, છતાં રાગદ્વેષની ચીકાશ પ્રથમ જેવી જણાતી નથી. કારણકે તેને આત્મા સિવાયની અન્ય વસ્તુઓ તરફ વૈરાગ્ય સહજ જાગૃત થાય છે.

न भूयस्तद्बन्धनमिति ॥७०॥

અર્થ:—ફરીથી તે ગ્રન્થિનું બંધન થતું નથી.

ભાવાર્થ:—એકવાર ગ્રન્થિભેદ થયા પછી, એટલે રાગદ્વેષના પરિણામની નિબિડ ગાંઠ તુટ્યા પછી ફરી ફરીથી તે બંધાતી નથી; એટલે જે સમયે ગ્રન્થિભેદ થાય છે તે વખતે આયુકર્મ સિવાય બીજા કર્મની જેટલી સ્થિતિ રહે છે, તેટલોજ બંધ સમ્યગ્દર્શન પામેલો બાંધે છે. તેથી વધારે બંધ થતો નથી. એવો સિદ્ધાન્તનો મત છે; જ્યારે આત્માને આત્મા તરીકે ઓળખ્યો, અને આત્મા સિવાયના અન્ય પદાર્થોને વિનાશી અને જડ તરીકે માન્યા ત્યારે ગ્રન્થિભેદ થાય છે.

तथा असत्यपाये न दुर्गतिरिति ॥७१॥

અર્થ:—વિનાશ ન થયે દુર્ગતિ ન થાય.

ભાવાર્થ:—જ્યાં સુધી સમ્યગ્દર્શન છે, ત્યાં સુધી હલકી ગતિ ન થાય, એટલે જ્યાં સુધી સત્ય તત્ત્વો ઉપર શ્રદ્ધા છે, અને કોઈ પણ કારણથી તે શ્રદ્ધામાં ચલવાનો પ્રસંગ નથી આવ્યો ત્યાં સુધી તે જીવની ગતિ ઉચ્ચ પ્રકારની છે, તેવો માણસ સારો દેવ અથવા સારો મનુષ્ય થાય, અને ધીમે ધીમે સકળ કર્મનો ક્ષય કરી આત્માની ગુપ્ત રહેલી શક્તિઓ પ્રકટ કરી મોક્ષ મેળવી શકે છે.

तथा विशुध्धेश्चारित्रमिति ॥७२॥

અર્થ:—સમકિતની વિશુદ્ધિથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

ભાવાર્થ:—સમકિતની વિશુદ્ધિ એટલે તત્ત્વોને યથાર્થ રીતે જાણવાં. જ્યારે તત્ત્વોને યથાર્થ રીતે જાણવામાં આવે છે ત્યારે તદનુસાર પાપાચરણનો ત્યાગ કરવાનો અને શુભ આચરણ સેવવાનો વિચાર થાય છે, તે વિચારને આચારમાં મૂકવો તેનું નામ **ચારિત્ર.**

જ્યારે જ્ઞાન પ્રમાણે આચરણ થાય ત્યારેજ જ્ઞાનની હૃદયમાં અસર થઈ છે, એમ માની શકાય નહિ તો ચારિત્ર વિનાનું જ્ઞાન તે પોપટના બોલવા સમાન છે. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે:—

जं मोणन्ति पासहा, तं सम्मंति पासहा ।
जं सम्मंति पासहा तं मोणंति पासहत्ति ॥

મુનિ પણાનો ભાવ તે સાચું મૌન છે, જે મૌનપૂર્વક જુએ છે તે જ સાચું દર્શન કરે છે. અને જ્યાં સાચું દર્શન છે ત્યાં જ વાસ્તવિક મુનિપણું—મૌન રહેલું છે.

આ પ્રમાણે તત્ત્વાર્થની શ્રદ્ધા કરાવી તે પ્રમાણે વર્તવાનો ઉપદેશ આપવો અને તે સાથે ભાવનાઓ ભાવવાનો બોધ કરવો. શાસ્ત્રકાર કહે છે.

भावनातो रागादिक्षयः इति ॥७२॥

અર્થ : ભાવનાથી રાગાદિનો ક્ષય થાય છે.

ભાવાર્થ :—ભાવના–ઉચ્ચ વિચારો, તેનું નિરંતર મનન કરવું; માણસનો જેવો ઉચ્ચભાવ હોય છે તેવો તે થાય છે, માટે સદા ઉચ્ચભાવનાઓ હૃદયમાં રાખી, તેમના પર મનન કરવું. જૈન ધર્મ પ્રમાણે ભાવનાઓનાં બાર અને ચાર પ્રકાર છે. ચાર ભાવનાઓનું વર્ણન શરૂઆતમાં કરવામાં આવ્યું છે, અત્રે બાર ભાવનાઓનું ટુંક સ્વરૂપ જણાવવામાં આવે છે; તેમનાં નામ નીચે પ્રમાણે છે.

બાર ભાવના

भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकतान्यत्वे ।
अशुचित्वं संसारः कर्माश्रवसंवरनिर्धिश्च ॥१॥
निर्जरणलोकविस्तरधर्मस्वाख्याततत्त्वंचिन्ताश्च ।
बोधेः सुदुर्लभत्वं च भावना द्वादशविशुद्धाः ॥२॥

(૧) અનિત્ય, (૨) અશરણ) (૩) એકત્વ, (૪) અન્યત્વ (૫) અશુચિત્વ, (૬) સંસાર, (૭) આશ્રવ, (૮) સંવર, (૯) નિર્જરા, (૧૦) લોકવિસ્તાર, (૧૧) ધર્મ સ્વાખ્યાત, (૧૨) બોધિ દુર્લભ. એ રીતે બાર વિશુદ્ધ ભાવનાઓનું નિરંતર મનન કરવું.

બાર ભાવનાનું સ્વરૂપ.

(૧) અનિત્ય ભાવના.

આ જગતમાં સઘળી અનિશ્ચિત વસ્તુમાં એક વાત નિશ્ચિત છે. કે "વસ્તુ માત્રના પર્યાયો ક્ષણે ક્ષણે ફરે છે;" જગતની કોઈપણ વસ્તુ નિત્ય નથી, કોઈ લાંબો કાળ ચાલે, કોઈ ટુંકો સમય રહે, પણ અંતે સર્વ વસ્તુઓ વિનાશી છે; માટે અનિત્ય છે.

પદાર્થ માત્ર અનિત્ય છે. એટલું જ નહિ પણ સજીવ પ્રાણીઓની ઉપાધિરૂપ શરીર જેને ભૂલથી માણસ "હું પોતે છું" એમ માનવાને પ્રેરાય છે તે **શરીર પણ** નાશવંત છે. આત્મા સિવાયની સર્વ વસ્તુઓ અનિત્ય છે, દેવોના આયુષ્ય લાંબા સમયના હોય, અને તેથી તેમને મળતું સુખ બહુ ગણવામાં આવે, પણ અનંતકાળની અપેક્ષાએ **તે પણ** અનિત્ય છે.

દુઃકમાં સર્વ પુદ્ગલદશા–અજીવ વિનાશી છે, તેના પર્યાયોમાં ક્ષણે ક્ષણે ફેરફાર થયાજ કરે છે. પ્રાતઃકાળમાં જે માણસ આપણી નજરે પડયો હતો, તે મરણ પામ્યો છે એવી સાયંકાળે આપણને ખબર પડે છે, અથવા જે પુષ્પ સૂર્યના કિરણથી વિકસ્વર થયેલું સવારમાં દેખાતું, તે સાંજે સંકોચાયેલું નજરે પડે છે, શરીરને પણ બાળપણ, યુવાવસ્થા, વૃદ્ધપણું વગેરે અનુભવાય છે. લક્ષ્મીને ચપળા કહેવામાં આવે છે. એટલે તે એક જગ્યાએ ઠરી બેસતી નથી પણ સમયે સમયે સ્થાન બદલે છે.

આવી રીતે તન, ધન, જોબન, બળ, વિષયસુખ, પ્રિયજનસમાગમ અને સંસારના સર્વ પદાર્થો અસ્થિર અને અનિત્ય છે, માત્ર આત્મા અમર છે, નિત્ય છે, શાશ્વત છે. તેનો કોઈ દિવસ અંત આવવાનો નથી. પણ તે સિવાયના અન્ય પદાર્થો વાયુના આવેગથી ચાલતી ધ્વજાના પટ જેવા અસ્થિર છે, કુંજરના કાન જેવા ચંચળ છે, શરદઋતુની વાદળીની છાયા જેવા ક્ષણ ભંગુર છે, અને વિદ્યુતના ચમકારા જેવા ક્ષણ વિનશ્વર છે. પણ અજ્ઞાનતાથી માણસો તે વસ્તુઓને નિત્ય સમજી તેના પર રાગ ધરે છે, મમત્વ કરે છે, અને "આ મારું છે." એવો ખોટો ભ્રમ સ્વીકારે છે. પરંતુ તત્ત્વ દૃષ્ટિએ આ સર્વ પદાર્થો અનિત્ય છે; અને પરમાત્મપદને મેળવી આપનારા આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, અથવા સદ્–ચિદ્ અને આનંદ એ ગુણોજ નિત્ય છે. કારણ કે તે સ્વાભાવિક ગુણો છે.

આ રીતે નિત્ય અને અનિત્ય વસ્તુ વચ્ચે વિવેક કરતાં શીખવું. અને જેમ બને તેમ અનિત્ય વસ્તુના સંબંધમાં ઉદાસીન ભાવ ધારણ કરવો, વિવેકથીજ ખરો વૈરાગ્ય જાગૃત થાય છે, જે વસ્તુઓ અનિત્ય છે તે પરમાર્થ દૃષ્ટિથી મારી નથી એજ ભાવના તે વસ્તુ ઉપર વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે;

ज्ञानस्य फलं विरतिः

જ્ઞાનનું ફળ એ વિરતિ એ સૂત્ર ખરૂં પડે છે.

અનિત્ય ભાવનાના સંબંધમાં કહ્યું છે કેઃ—

सामित्तणधणजुव्वणरइरूववलाउइट्ठसंजोगा ॥

अइलोला धणपवणाहयपायवपक्कपत्तव्व ॥

પ્રભુત્વ, ધન, જોમન, રતિ, રૂપ, બળ, આયુષ્ય, ઈષ્ટસંયોગ-એ સર્વ વસ્તુ સખત પવનનો ઝપાટો લાગેલાં વૃક્ષનાં પાકાં પાંદડાં જેવી બહુજ ચંચળ છે.

જેમ તે પાકેલાં પાદડાંને પવનનો સખત ઝપાટો લાગે તો પડતાં વાર લાગતી નથી. તેમ આ સર્વ અનિત્ય હોવાથી નાશ થતાં વાર લાગતી નથી. આવી રીતે સંસારમાં સર્વ પદાર્થોની અનિત્યતા અનુભવવી અને બને તેટલો રાગ તે ઉપરથી ઉતારવો.

(૨) બીજી અશરણ ભાવના.

જગતમાં જીવ અનેક પ્રકારના મનુષ્યો પર આધાર રાખે છે. અને તેમને પોતાના શરણરૂપ માને છે. પણ ખરી રીતે આત્મા સિવાય આત્માનું કોઈ આધારભૂત નથી. આત્મા જ આત્માનો શત્રુ છે, અને આત્મા જ આત્માનો મિત્ર છે. વ્યવહારનયથી માતા, પિતા, સ્વજન, બાંધવ, સ્ત્રી, પુત્ર, ગુરૂ વગેરે આધાર રૂપ ગણી શકાય, પણ નિશ્ચયનયથી અથવા ખરી રીતે કોઈ પણ માણસને શરણ આપે તેમ નથી.

મરણ સમયે પોતાનું ચારિત્ર, પોતે કરેલાં શુભ કર્મો તેની સાથે આવે છે. કોઈ પણ માણસ તેને મરણના ક્રૂર પંજામાંથી બચાવવા સમર્થ થતું નથી. જે વસ્તુઓ અનિત્ય છે, તે આત્માની સાથે આવી શકે નહિ, કારણકે આત્મા નિત્ય છે, માટે તેના નિત્ય-ગુણો જ તેની સાથે આવે. માટે આત્માના ગુણો જે હાલ અપ્રગટ સ્થિતિમાં છે, તે જેથી પ્રગટ થાય તેવાં સાધનોનો આશ્રય લેવો. બાકી બીજું કોઈ શરણ નથી. આવી રીતે અશરણ ભાવના ભાવવી.

આત્મા જ કર્મદળને વિખેરી નાખવા સમર્થ છે; આત્મા જ પરમાત્મા અવસ્થા પ્રાપ્ત કરવા શક્તિ ધરાવે છે. ગુરુ તો માર્ગ બતાવી શકે; તે માટે ખરેખર તેમનો ઉપકાર માનવો અને તેમના ઉપર અત્યંત ભક્તિ રાખવી ઘટે છે; પણ તે માર્ગ ઉપર આપણે જાતેજ ચાલવાનું છે, એવો વિચાર કરી સ્વાશ્રયી થતાં શીખવું. જે પદ મહાન્ પુરૂષો પ્રાપ્ત કરી શકયા. તે પદ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય આપણા આત્મામાં રહેલું છે, એવો વિચાર કરવો અને કાયર થઈ, હાથ જોડી ભાગ્યને માથે દોષ મૂકી આળસમાં-પ્રમાદમાં અમૂલ્ય સમય ગુમાવવો નહિ.

(૩) સંસાર ભાવના.

સંસારની ઘટમાળ નિરંતર ફર્યા કરે છે; કાળચક્રના અને કાર્ય કારણના અચળ નિયમ પ્રમાણે સર્વ જીવ પોતપોતાનાં કર્મનાં ફળ રૂપે કોઈ સુખી તો કોઈ દુઃખી, કોઈ રંક તો કોઈ રાજા, કોઈ રૂપવાન તો કોઈ કુરૂપવાન કોઈ બળવાન તો કોઇ નિર્બળ, કોઈ વિદ્વાન તો કોઈ અભણ, કોઈ ગુણાનુરાગી તો કોઈ ગુણદ્વેષી એવી રીતે અનેક પ્રકારના સ્વરૂપ આપણી દૃષ્ટિએ પડે છે.

જુદા જુદા આત્માઓ સાથે જીવ જુદા જુદા સંબંધમાં આવે છે. અનંતકાળથી આ જીવ અજ્ઞાન અવસ્થામાં અને જીવન ઉદ્દેશના લક્ષ વિના સંસારમાં પરિભ્રમણ કરે છે; તેથી સર્વ જીવોના સંબંધમાં

જુદા જુદા ભવમાં આવે છે; અને તે ભિન્ન ભિન્ન ભવમાં માતા, પિતા, પુત્ર, પુત્રી, સ્ત્રી, નોકર, સ્વજન, શત્રુ, મિત્ર વગેરે અનેક પ્રકારના સંબંધમાં અનેક વાર અનેક જીવોની સાથે જોડાય છે; છતાં કોઈ કોઇનું થયું નથી, કારણ કે આ સર્વ સંબંધ શરીર આશ્રયી છે. અને આત્મા તો દેહાતીત છે. માટે **આસક્તિ** વિના– પણ પ્રેમ સહિત આપણા સંબંધમાં આવતા જીવોનું કલ્યાણ કરવું.

માણસને સંસારમાં બાંધનાર રાગ જ મમત્વ ભાવના છે. આ પુત્ર મારો છે, આ સ્ત્રી મારી છે, એવા વિચારથી તેમના ઉપર જે આસક્તિ થાય તે રાગ, અને તે રાગ માણસને તે ઇષ્ટ જનના વિયોગથી અથવા મરણથી દુઃખ ઉત્પન્ન કરે છે. પણ પુત્ર અથવા સ્ત્રી તે આત્મા છે; અને આત્માનું કલ્યાણ કરવું તે મારો ધર્મ છે, અને બીજા માણસો કરતાં, મારા સંબંધમાં આવેલા માણસોનું કલ્યાણ હું વધારે કરી શકું **એવા વિચારથી** તેમના ઉપર **પ્રેમ** રાખવો તે ઉત્તમ છે, અને તે પ્રેમ દરેક મહાન આત્માનો **સ્વાભાવિક** ધર્મ છે.

પોતે નિઃસ્પૃહ ભાવથી ટ્રસ્ટી તરીકે વર્તવું સંસાર દુઃખમય છે, અને જન્મ મરણના ચક્રમાં ફરતાં જીવને હકીકતમાં સુખનો લેશ પણ નથી જેમ ભમરો વાડીમાં એક ફુલનો ત્યાગ કરી બીજા ફુલે બેસે છે, ત્યાંથી ત્રીજા ફુલ ઉપર બેસે છે; એમ જીવ અનેક ગતિમાં અથડાય છે, પણ સુખ મેળવી શકતો નથી; કારણ કે ખરૂં સુખ તો આત્મામાં રહેલું છે, પણ જેમ કસ્તુરીઓ મૃગ પોતાની નાભિમાંથી નીકળતા કસ્તુરીના વાસથી લોભાઈ કસ્તુરી મેળવવા આખા જંગલમાં ભમે છે, તેમ સુખ આત્મસ્વભાવમાં રહેલું છે, છતાં તે બાબતના જ્ઞાનના અભાવે અજ્ઞાની જીવ બાહ્ય વસ્તુમાં સુખ શોધે છે. સંસારમાં બિલકુલ સુખ નથી એમ આ કથનનો આશય નથી, પણ તે સુખ ઈન્દ્રજાળ જેવું છે, અને તે મળ્યા પછી પણ ખરી તૃપ્તિ

નથી, માટે ચિરકાળ ટકે એવું સુખ પ્રાપ્ત કરવા ઈચ્છનાર મનુષ્યના પ્રયાસને અનુચિત છે.

આવી રીતે સંસારનું સ્વરૂપ વિચારવું, અને તે સુખને દુઃખ મિશ્રિત દેખી વૈરાગ્યવાન્ થવું. અને આત્મસ્વભાવમાં રહેલું અનંત અમર સુખ મેળવવા પ્રયત્ન કરવો; એજ આ કથનનો આશય છે.

(૪) એકત્વભાવના.

આ સંસારમાં જીવ એકલોજ ઉત્પન્ન થાય છે. અને એકલોજ મરે છે, એકલોજ કર્મનો કર્તા છે, અને એકલોજ તે કર્મનો ભોક્તા છે; પરમાર્થ દૃષ્ટિએ વિચારીએ તો સ્વધર્મ સિવાય અન્ય કોઈ પણ સ્વજન તેને સહાયકારી થઈ શકે નહિ. માટે કોઈ પણ કાર્યનો આરંભ કરતાં પહેલાં. તે કાર્યનું શું પરિણામ આવશે એમ વિચારી તે કાર્યમાં જીવે પ્રવર્તન કરવું, કારણકે તે કાર્યનું ફળ પણ પોતાને એકલાને ભોગવવું પડશે. દરેક કાર્ય વિચાર અને વાસનાને માટે પોતેજ જવાબદાર છે; માટે દરેક જીવે પવિત્ર અને સુંદર **વિચારો** વિચારવા, પવિત્ર, અને સુંદર **વચનો** બોલવા, અને પવિત્ર અને સુંદર **કાર્યો** કરવા; કારણકે તે સર્વનું સુંદર ફળ પણ પોતાનેજ મળે છે. આત્મા પોતે એક છે, અને તે સિવાયની સર્વ વસ્તુઓ ભિન્ન છે અને તેને અને આત્માને ખરી રીતે કાંઇ સંબંધ નથી.

અધ્યાત્મસારમાં કહ્યું છે કેઃ—

एकः परभवे याति जायते चैक एव हि ।
ममतोद्रेकतः सर्वं संबन्धं कल्पयत्यथ ।। १ ।।
व्याप्नोति महतीं भूमिं वटबीजाद्यथा वटः ।।
तथैकममताबीजात्प्रपञ्चस्यापि कल्पना ।। २ ।।
माता पिता मे भ्राता मे भगिनी वल्लभा च मे ।
पुत्राः सुता मे मित्राणि ज्ञातयः संस्तुताश्च मे ।। ३ ।।

इत्येवं ममताव्याधिं वर्धमानं प्रतिक्षणम् ।
जनः शक्नोति नोच्छेतुं विना ज्ञानमहौषधम् ॥ ४ ॥

જીવ એકલો પરભવમાં જાય છે, અને અહીંયા એકલો ઉત્પન્ન થાય છે, પણ મમતાના પ્રધાનપણાથી સર્વ સંબંધની જીવ કલ્પના કરે છે.

વડના બીજને લીધે વડનું ઝાડ બહુજ વિસ્તારવાળી જમીનમાં પથરાય છે, તેમ એક મમતા રૂપ બીજથી આ સંસારના સંબંધની કલ્પના ઉદ્ભવે છે.

મારી માતા, મારો પિતા, મારો ભાઈ, મારી બહેન મારી પત્ની, મારા પુત્રો, મારી પુત્રીઓ, મારા જ્ઞાતિજનો મારા પરિચયવાળા; આ રીતે ક્ષણે ક્ષણે વધતી જતી મમતારૂપ વ્યાધિનો ઉચ્છેદ કરવા સમ્યગ્ જ્ઞાનરૂપ મહૌષધ સિવાય માણસ સમર્થ થતો નથી.

સમ્યગજ્ઞાન અથવા સદ્ - અને અસદ્ કે નિત્ય અને અનિત્ય વસ્તુનો **વિવેક** જ આ મમતાનો નાશ કરે છે, **હું અને મારૂં** એજ માણસની જ્ઞાન ચક્ષુને અંધ કરનાર મોહરાજાનો મંત્ર છે. અને જે કાંઈ દેખાય છે તે, હું અને મારૂં નથી એ મંત્ર મોહરાજાને જીતનાર છે.

નિજરૂપા નિજ વસ્તુ છે, પર રૂપા પરવસ્ત;
જેણે જાણ્યો પ્રેમ એ, તેણે જાણ્યું સમસ્ત !

મારો આત્મા તેજ હું, અને તે સિવાયની સર્વ વસ્તુઓ પર છે, એવું જેણે સમ્યગ્ પ્રકારે જાણ્યું, અનુભવ્યું તેણે આ જગતમાં સર્વ બાબત જાણી; કારણ કે જે વસ્તુ ખરી રીતે પોતાની નથી તેને પોતાની માનવી એ અજ્ઞાનતા છે, અને તે અજ્ઞાનતાથી, એટલે શરીર, ધન, ગૃહ, અને સ્વજનોની ઉપાધિને પોતાની માનવાથી, માણસ સંસારમાં રખડે છે. માટે આત્મજ્ઞાન મેળવવું.

(૫) અન્યત્વ ભાવના.

આત્મા સિવાયની તમામ વસ્તુઓ સાથે આત્માને નિશ્ચયનયની અપેક્ષાએ કાંઈ પણ સંબંધ નથી. ઘણા કાળ સુધી અન્નપાનાદિથી લાલનપાલન કરેલો દેહ તેજ પોતાનો નથી. તો પછી દેહથી બહાર રહેલાં ધન, સુવર્ણ, ઘર, મહેલ વગેરે પોતાનાં શી રીતે થઈ શકે? તે સર્વ આત્માના નથી, પણ આત્મા તેને સ્વરૂપના અજ્ઞાનથી પોતાના ગણે છે. આ મારૂં ઘર, આ મારૂં ધન, આ મારાં સ્વજન એમ તે માને છે; પણ તે સર્વ આત્મદ્રવ્યથી ન્યારાં છે. કારણ કે સર્વ પદાર્થો અને ચેતનાવાળા પ્રાણીઓની ઉપાધિઓ–શરીરો પુદ્ગલનાં જુદા જુદા રૂપાંતરો છે, પુદ્ગલ તે અજીવ છે. માટે ખરી રીતે જીવ પુદ્ગલથી જૂદો છે, એવી ભાવનાને **'અન્યત્વ ભાવના'** કહે છે.

(૬) અશુચિ ભાવના.

આ શરીર આત્માને કાર્ય કરવાનું સાધન છે, પણ આપણે શરીરનેજ સર્વસ્વ માનીએ છીએ. ઘણા જડવાદીઓ તો શરીર એજ આત્મા એમ કહે છે. પણ તેમાં તેમની મોટી ભૂલ છે; શરીર એ તો આત્માનું વસ્ત્ર છે. અને તે વસ્ત્ર ઉપર બહુ રાગ રાખવો નહિ, કારણ કે આ ઔદારિક દેહ તે બહુજ અશુચિમય (અપવિત્ર) છે, કેમકે તે રસ, રૂધિર, માંસ, મેદ, હાડકાં, વીર્ય, મજ્જા શ્લેષ્મ, મળ મૂત્રાદિકથી ભરેલો, ચામડાથી મઢેલો, નસોની જાળાઓથી વીંટાયેલો નિરંતર કૃમિ, રોગ અને ગુમડાથી વ્યાપી રહેલો છે;

કુલની માળા, જરાસ, ચંદન, કસ્તુરી વગેરે સુગંધી દ્રવ્ય શરીરપર લગાડવામાં આવ્યા હોય, તો તેને પણ મલિન કરવા માટે આ દેહ સમર્થ છે; માટે તે ઉપર અત્યંત રાગ ન ધરવો એમ આ અશુચિ ભાવના જણાવે છે. આટલા બધા અવગુણ હોવા છતાં તે જ્ઞાન પ્રાપ્ત કરવાનું, ધાર્મિક ક્રિયાઓ કરવાનું, અને આ જંગતના વ્યવહારના દરેક કાર્ય કરવામાં તે ઉત્તમ સાધન છે, માટે તેને બરા-

પર કેળવવું. કેળવાએલું હથિયાર સુથારને બહુ ઉપયોગી થાય છે, તેમ કસરતથી કેળવાયેલું. અને બ્રહ્મચર્યથી મજબૂત બનેલું શરીર બહુજ ઉપયોગી થાય છે; માટે શરીરનું અત્યંત લાલનપાલન પણ ન કરવું, તેમ તેના ઉપર દ્વેષ કરી તેનો અનાદર પણ ન કરવો. તે આપણો નોકર છે એમ માનવું, નોકરને વશ રાખીએ છીએ, મારી નાંખતા નથી. તેજ રીતે શરીરને વશ રાખવું, પણ તદ્દન દરકાર ન કરી, તેનો નાશ કરવો ઘટતો નથી. પણ તેને ઉચિત કાળજીથી અને કુદરતના કાયદા મુજબ વર્તીને તન્દુરસ્ત રાખવું તથા આત્માના ઉદ્ધાર માટે જે કાંઈ કામ તેની પાસે કરાવવું જરૂરનું જણાય, તે કરવા માટે તે શરીર જરા પણ આનાકાની ન કરે એમ સંભાળવુ.

(૭) આશ્રવ ભાવના

જીવ ક્ષણે ક્ષણે શુભ અથવા અશુભ કર્મ બાંધે છે. તે કર્મનો બંધ થવાનાં કારણો મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગ છે. જેના હૃદયમાં મૈત્રી, કારૂણ્ય, પ્રમોદ અને માધ્યસ્થ ભાવના વસેલી છે, તેઓ શુભ કર્મ બાંધે છે, પણ જેમનાં મન આર્ત તથા રૌદ્ર ધ્યાન, અને વિષય કષાયથી રંગાયેલા છે, તેઓ અશુભ કર્મ બાંધે છે.

પુણ્ય અને પાપ શી રીતે બંધાય છે અને કેવી રીતે ભોગવાય છે, તેનું સવિસ્તર સ્વરૂપ નવતત્ત્વથી ગ્રહણ કરવું. જેથી કર્મ બંધ થાય તેવી સરાગપ્રવૃત્તિને આશ્રવ કહેવામાં આવે છે; જેમાં કર્મના ફળ ઉપર મમતા રહેલી છે તેવા કાર્યથી નવાં કર્મ ગ્રહણ કરાય છે માટે આશ્રવનો ત્યાગ કરવા નિષ્કામવૃત્તિથી કાર્ય કરવાં.

(૮) સંવર ભાવના.

આશ્રવને રોકવું તે સંવર. જેથી નવાં કર્મ બંધાય તેવા કાર્યોનો રોધ કરવો તેને સંવર કહે છે. સમ્યગ્જ્ઞાનથી મિથ્યાત્વનો નાશ કરવો, વિરતિથી અવિરતિનો રોધ કરવો; ક્ષમાથી ક્રોધને, નમ્રતાથી માનને, સરલતાથી માયાને, અને સંતોષથી લોભને આ

રીતે કષાયોને જીતવા તથા મન, વચન અને કાયાના શુભયોગોથી અશુભયોગ ઉપર જય મેળવવો, તે સંવર કહેવાય.

તે સંવર, સર્વ થકી અને દેશ થકી હોય છે. સર્વ પ્રકારે સંયમ તો ચૌદમા ગુણસ્થાનકમાં બિરાજતા અયોગી કેવળીને હોય, અને દેશથકી સંવર એક બે ત્રણ પ્રકારના આશ્રવના રોકનારને પણ સંભવી શકે.

સંવરના બે ભેદ છે. દ્રવ્ય સંવર અને ભાવ સંવર. આશ્રવને કારણે જે પુદ્ગલો જીવને લાગતાં હોય, તે ન લાગવા દેવા, અથવા તેમનો છેદ કરવો તે દ્રવ્ય સંવર કહેવાય, અને ભવના કારણ રૂપ આત્માની અશુદ્ધપરિણતિ, તેને ટાળી સ્વ સ્વભાવમાં રમણ કરવું, તે ભાવસંવર કહેવાય છે.

(૯) નિર્જરા ભાવના.

સંવર અને નિર્જરામાં આ એક મુખ્ય ભેદ છે, બંધાતાં નવાં કર્મને રોકવાં તે સંવર, અને પૂર્વે બાંધેલાં કર્મદળને તપ વગેરેથી વેખેરી નાંખવાં તે નિર્જરા.

નિર્જરાના બે પ્રકાર છે, એક સકામ નિર્જરા, અને બીજી અકામ નિર્જરા. તપના જે બાર પ્રકાર કહ્યા છે, તે બાર રીતે સકામ નિર્જરા થાય છે. જે લોકોએ વિરતિ ગ્રહણ કરી છે, તેઓજ આ રીતે કર્મની નિર્જરા કરવા તત્પર થાય છે, અને અકામ નિર્જરા તો વિરતિ ભાવ વિના નિષ્કારણ ટાઢ, તડકો, ક્ષુધા વગેરે સહન કરવાથી થાય છે માટે કષાયની મંદતા કરી તપ કરવો, તેજ લાભકારી છે, બાકી ઇચ્છાનિરોધ રૂપ સત્ય તપ વિના ઝાઝો લાભ થતો નથી. એવી રીતે નિર્જરાનું સ્વરૂપ વિચારવું, અને યથાશક્તિ બાહ્ય તથા અભ્યંતર તપ કરવો.

(૧૦) લોક સ્વભાવ ભાવના

પોતાના બે હાથ પોતાની કેડ ઉપર મૂકયા હોય, અને પોતાના

બે પગ વાંકા પસાર્યા હોય, તેવા માણસને તમારી નજર આગળ કલ્પો, એટલે તમને ચૌદ રાજલોકનું કેવું સ્વરૂપ હશે તેની ઝાંખી થશે. તે લોકને વિષે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય પુદ્ગલાસ્તિકાય, કાળ અને જીવ રૂપ ષડ્ દ્રવ્ય રહેલા છે.

જેમ માંછલાને હાલવા ચાલવાની ગતિમાં જળ સહાય કરે છે, તેમ ચાલવાને તત્પર થયેલા માણસને ચાલવાના કામમાં સહાય કરનાર તત્ત્વ 'ધર્માસ્તિકાય' કહેવાય છે.

માણસને સ્થિર બેસવામાં, અને દરેક વસ્તુને સ્થિરતા આપવામાં સહાય કરનાર તત્ત્વ 'અધર્માસ્તિકાય' કહેવાય છે.

અવકાશ આપવો તે 'આકાશાસ્તિકાય'નો સ્વભાવ છે. આપણે દુધથી ભરેલા લોટામાં ૫૦ ગ્રામ ખાંડ નાંખીએ છીએ, છતાં લોટામાંથી દુધ બહાર નીકળી જતું નથી, કારણ કે દુધના પરમાણુઓની વચ્ચે વચ્ચે જગ્યા રહેલી છે, આ જગ્યામાં આકાશ રહેલું છે.

ચેતના લક્ષણવાળો, કર્મનો ભોક્તા, 'જીવ' કહેવાય છે.

પૃથ્વી, વાદળાં, પર્વત સઘળા જેના પરિણામ રૂપે છે તે દ્રવ્ય 'પુદ્ગલાસ્તિકાય' કહેવાય છે; તેનો સ્વભાવ ભરાઈ જવાનો અને ઠલવાઈ જવાનો છે.

દરેક વસ્તુને ક્ષણે ક્ષણે બદલનાર નવીન અને જૂનું કરનાર અને સમયથી મપાનાર **'કાળ'** કહેવાય છે.

આવી રીતે ૬ દ્રવ્ય જેમાં રહેલાં છે; તે ઉર્ધ્વ, અધસ્ અને મધ્ય–તીર્છા લોક રૂપ ત્રણ લોકનું સ્વરૂપ વિચારવું તે 'લોક–સ્વભાવ' ભાવના જાણવી.

(૧૧) બોધિ દુર્લભ ભાવના

ઘણા ઘણા જન્મો કર્યા પછી આપણે આવી ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી છે. મનુષ્ય ભવ પ્રાપ્ત થાય, પાંચે ઇંદ્રિયો સંપૂર્ણ હોય, ધર્મ શ્રવણ કરવાની ઈચ્છા હોય, સાંભળવાનો અવસર હોય, વગેરે

સર્વ સામગ્રીઓ હોય તોપણ ઉત્કૃષ્ટ વિશુદ્ધતાને બતાવનારી, કર્મરૂપ મેલને દૂર કરનારી, અને સર્વજ્ઞ ભગવાને પ્રરૂપેલી સદ્ વાણીમાં શ્રદ્ધા થવી તે પ્રાયઃ દુર્લભ છે.

સદ્ને સદ્ તરીકે ઓળખવું, અને અસદ્ને અસદ્ તરીકે જાણવું એ કામ સહેલું નથી. ગુરૂ કૃપાથી અને મહા પુણ્યના ઉદયથી તે થઈ શકે છે. કારણ કે એકવાર પણ માણસને સદ્ અસદ્નું વિવેકપૂર્વક ખરૂં જ્ઞાન થાય, તો ફરીથી તેનો તે માણસ રહે નહિ, તેના આચાર વિચાર તદ્દન બદલાઇ જાય. સંસાર વ્યવહારમાં ભલેને તે ફરીને ગુંથાય, પણ કાંઈ જુદા પ્રકારની ઉદાસીનતા તેના કાર્યમાં જણાય.

(૧૨) ધર્મ ભાવના

આ સંસારમાં રઝળતા, અને અજ્ઞાનથી ભવભ્રમણ કરતા પ્રાણીઓને દયા દૃષ્ટિએ તારવાની બુદ્ધિથી સદ્જ્ઞાન શીખવનાર સર્વજ્ઞ છે એમ વિચારવું. કેવળજ્ઞાનથી તેમણે સર્વ સ્વરૂપ જોયું, અને પરોપકાર બુદ્ધિથી તે જ્ઞાન જગતના હિત અર્થે લોકોને ઉપદેશ્યું, તે મહાકૃપાળુ તીર્થંકર મહારાજ છે; અને તેઓએ નિઃસ્વાર્થ બુદ્ધિથી અને કેવળજ્ઞાનથી ઉપદેશ કરેલો છે, માટે તે સત્ય લેવો જોઈએ. તેમની વાણી અતિ ઉત્તમ અને શ્રોતાને લાભકારી છે. રોહણીયા ચોરના કાનમાં વગર ઇચ્છાએ તે વાણીનો એક શબ્દ પડવાથી પણ તેને અત્યંત લાભ થયો, તો પછી તેનું શ્રવણ કરી તે પ્રમાણે વર્તનારને કેટલો બધો લાભ થાય તે વિચારવું.

સર્વજ્ઞ ભગવાને દશવિધ યતિ ધર્મ અને બાર વ્રત રૂપ શ્રાવક ધર્મનો ઉપદેશ કર્યો છે, માટે શ્રાવકે બાર વ્રત પાળવાં, અને સાધુએ દશવિધ ધર્મ પાળવો. આ રીતે ધર્મ અને ધર્મનો ઉપદેશ કરનાર સર્વજ્ઞનો વિચાર કરવો તે બારમી 'ધર્મ ભાવના.'

એ રીતે બાર ભાવનાનું ટુંક સ્વરૂપ કહ્યું.

જે પ્રમાણે સારા ઔષધથી પિત્તાદિ રોગ નાશ પામે છે અથવા

પ્રચંડ પવનથી જેમ વાદળ સમૂહ વિખરાઈ જાય છે, તેમ આ બાર ભાવનાથી રાગદ્વેષ, મોહરૂપ મળ નાશ પામે છે; કારણ કે ભાવનાઓ અને રાગદ્વેષ વગેરેને શત્રુપણું છે. આ રીતે આ ભાવનાઓથી રાગદ્વેષનો ક્ષય થાય છે. પણ તેથી શું? તેનો જવાબ શાસ્ત્રકાર આપે છે.

तद्भावेऽपवर्ग इति ॥७८॥

અર્થ—રાગાદિનો ક્ષય થયે મોક્ષ પ્રાપ્તિ થાય.

ભાવાર્થ:—જ્યારે સર્વ પદાર્થો પ્રતિ રાગનો નાશ થાય છે અને સર્વ પ્રાણી પ્રતિ દ્વેષનો નાશ થાય છે ત્યારે તે જીવ સર્વ આત્મા તરફ સમભાવવાળો થાય છે, સર્વનું હિત કરવા તત્પર બને છે, અને સકળ વસુધાને કુટુંબ તુલ્ય માનનાર ઉદાર ચરિત્રવાળો ગણાય છે; તેનું મન શાંત અને નિશ્ચળ બને છે. આત્મજ્યોતિ તેના મન રૂપ શાંત સરોવર પર પ્રકાશે છે; અને સકળ લોકાલોકના પદાર્થો જેનાથી જોઈ શકાય તેવું કેવળજ્ઞાન અને કેવળદર્શન તેને પ્રાપ્ત થાય છે;-પ્રાપ્ત થતું નથી, પણ તેનામાં ગુપ્ત હતું તે પ્રકટ થાય છે. મન અને શરીર સંબંધી સર્વ દુઃખનો નાશ થાય છે, ત્રિવિધ તાપ ટળી જાય છે, અને અસાધારણ આનંદરૂપ મોક્ષ સ્થિતિ તે પ્રાપ્ત કરે છે તે ઉચ્ચ સ્થિતિનું વર્ણન શબ્દોદ્વારા થઈ શકે તેમ નથી; તેના અનુભવીયોજ તે સમજી શકે છે. વૈખરી વાણીમાં તે દર્શાવવા માટે પુરતા શબ્દો નથી.

હવે મોક્ષનું લક્ષણ શું? તે જણાવે છે.

स आत्यन्तिको दुःखविगम इति ॥७५॥

અર્થ:—અત્યંતપણે સકળ દુઃખનો નાશ તે મોક્ષ.

ભાવાર્થ:—જ્યાં કાંઈ પણ દુઃખ નહીં અને સર્વ પ્રકારનો ઉચ્ચ આનંદ છે, તેવું સુખસ્થાન, તે મોક્ષ કહી શકાય. જે સુખ

મેળવ્યા પછી બીજું સુખ મેળવવાની ઈચ્છા રહેતી નથી. તેવું ઉત્કૃષ્ટ સુખનું ધામ તે મોક્ષ. આવું પરમ ફળ શુદ્ધ ચારિત્રથી મળી શકે છે.

હવે આ પ્રકરણનો ઉપસંહાર કરતાં શાસ્ત્રકાર લખે છે કેઃ—

एवं संवेगकृद्धर्म आख्येयो मुनिना परः ।
यथाबोधं हि शुश्रूषोर्भावितेन महात्मना ॥

અર્થ।—આ પ્રકાર ધર્મ ભાવનાવાળા મહાત્મા મુનિએ સાંભળવાની ઈચ્છાવાળાનો સંવેગ ઉત્પન્ન કરે તેવો ઉચ્ચ ધર્મ પોતાના બોધ પ્રમાણે કહેવો.

ભાવાર્થ :–ધર્મભાવનાવાળા મુનિએ ઉપદેશ આપવો; એમ કહેવાનો હેતુ એ છે, કે જેનામાં ધર્મ ભાવના હોય, તેજ બીજામાં ધર્મભાવના ઉત્પન્ન કરી શકે; ભાવ, ભાવને ઉત્પન્ન કરે છે, એવું શાસ્ત્ર વાકય છે. બુદ્ધિ, બુદ્ધિને અસર કરે, અને હૃદય, હૃદયને અસર કરી શકે, માટે હૃદયથી કહેલો બોધ સાંભળનારના હૃદયમાં ઘણા પ્રકારની અસર કરી શકે છે. 'મુનિ મહાત્મા' વિશેષણ આપવાનું કારણ એ છે, કે જેણે તત્ત્વોને યથાર્થ રીતે જાણ્યા હોય અને જેના હૃદયમાં પરને ઉપકાર કરવાની બુદ્ધિ હોય, તેવા મુનિએ ઉપદેશ આપવો, નહિ તો ખોટી પ્રરૂપણા થવાનો ભય રહે છે.

આ ઉપરથી જેને અનેકાંત શૈલીનું, ગુરૂલઘુતાનું અને ગૌણતા-મુખ્યતાનું જ્ઞાન હોય, અને પોતે જે પ્રરૂપે છે તેનો અનુભવ થયો હોય, એવા મહાત્મા મુનિએજ ઉપદેશ આપવો. જેનામાં આવા ગુણ ન હોય તે ઉપદેશ કરવાનો અધિકારી થઈ બેસે તો અનર્થ થવાનો સંભવ છે. આંધળાની પછવાડે આંધળો ચાલે તો કૂવામાં પડવાનો ભય રહે છે, તેમ વસ્તુ તત્ત્વના અજ્ઞાત ઉપદેશકના બોધથી જ્ઞાનને બદલે અજ્ઞાન મળવાનો ભય રહે છે. માટે ઉપર

જણાવેલા ગુણવાળાએ સંવેગ માર્ગનો બોધ આપવો. સંવેગનું લક્ષણ શાસ્ત્રમાં નીચે પ્રમાણે આપેલું છે.

तथ्ये धर्मे ध्वस्तहिंसाप्रबन्धे देवे रागद्वेषमोहादिमुक्ते ।
साधौ सर्वग्रन्थसंदर्भहीने संवेगोऽसौ निश्चलो योऽनुरागः ॥ १ ॥

હિંસારહિત સત્ય ધર્મમાં, રાગદ્વેષ મોહ રહિત દેવમાં, સર્વ પ્રકારના પરિગ્રહ રહિત સાધુમાં જે નિશ્ચળ અનુરાગ તે **'સંવેગ'** કહેવાય. આવા દેવ, ગુરૂ અને ધર્મ રૂપ ત્રણ શુદ્ધ તત્ત્વનો ઉપદેશ કરવો.

સ્યાદ્વાદશૈલી—અનેકાંત શૈલી કોને કહેવી ?

દરેક વસ્તુ અનેક ધર્મવાળી છે, માટે આ આમજ છે એમ **નિશ્ચયતાથી** કહેવાય નહિ. દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ જીવ નિત્ય કહેવાય, અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય કહેવાય. તેજ રીતે નિશ્ચયથી આત્મા શરીરથી ભિન્ન છે, તોપણ વ્યવહારમાં દેહથી અભિન્ન માનવામાં આવે છે.

કયી અપેક્ષાથી અમુક વચન કહેવું છે તે લક્ષમાં રાખી, તે વચન સમજવામાં આવે તો સત્ય અને અનુકૂળ અર્થ સમજાય છે, નહિ તો અર્થનો અનર્થ થવાનો સંભવ રહે છે.

એક માણસ પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર છે, અને પોતાના પુત્રની અપેક્ષાએ પિતા છે, આ રીતે પિતા અને પુત્ર એ બન્ને ધર્મ એક માણસમાં ઘટી શકે છે; પણ તેની અપેક્ષા ધ્યાનમાં રાખવાની જરૂર છે. સ્યાદ્વાદ એટલે કથંચિત્વાદ અથવા અનેકાંતવાદ કહેવાય છે; માટે ઉપદેશકે તેમજ શ્રોતાએ આ સ્યાદ્વાદની બાબત લક્ષમાં રાખી જૈન ધર્મના ગ્રન્થોનો ઉપદેશ કરવો તેમજ સમજવા.

એક અમેરિકન લેખક સ્યાદ્વાદ શૈલીની પ્રશંસા કરતાં જણાવે છે કે "જૈનોનો સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદ માનસિકશાસ્ત્રના

સૂક્ષ્મમાં સૂક્ષ્મ તત્ત્વની શોધમાં ઉતરવા અને વાસ્તવિકરીતે ગહન વિચાર કલ્પનાના ગુચવણ ભરેલા પ્રશ્નોનું નિરાકરણ કરવા શક્તિમાન છે, છેવટે મનુષ્યના મનથી, ન્યાયયુક્ત રીતે કલ્પી શકાય તેવી કોઇ-પણ રીતથી જેનો નિશ્ચય થઈ શકે તેવા પ્રશ્નની હદનો નિશ્ચય કરવા શક્તિમાન છે.

વળી પરસ્પર વિરૂદ્ધ ધર્મવાળાઓને, તેઓના પોતાના મતનો ત્યાગ કરાવીને નહિ પણ અન્ય ધર્મો પણ ટકી શકે એવા છે અથવા તો તેઓ સત્યની અમુક બાજુ બતાવવા માટે જે કેટલાંક રૂપાંતર સહિત દર્શાવવી જરૂરની છે–તે બાજુને દર્શાવનારા છે, એમ સિદ્ધ કરી વિરૂદ્ધ ધર્મોની એકવાક્યતા સિદ્ધ કરવા માટે સ્યાદ્વાદ આશા આપે છે; અને સર્વમય તત્ત્વની પરસ્પર સંબધ ધરાવનારા ઐક્યની વિવિધ **અપેક્ષાઓમાં અખંડ સત્ય** સમાયેલું છે એમ તે મત જણાવે છે."

"સદ્ અને અસદ્રૂપ વિરૂદ્ધ ધર્મો એક જ વખતે એક વસ્તુમાં હોઈ શકે નહિ, કારણ કે અનુભવપરથા જણાય છે કે એક વસ્તુ એક જ ક્ષણે ગરમ તેમજ ઠંડી હોઈ શકે નહિ" આ કારણે જૈન ધર્મ અમાન્ય છે એમ કોઈ કહે તો તેમાં મોટી ભૂલ છે. કારણ કે એકજ વખતે વસ્તુ ગરમ અને થંડી હોઈ શકે એવું જૈનો શીખવતા નથી પણ તેઓ નિશ્ચયતાથી જણાવે છે કે કોઈપણ વસ્તુ તદ્દન ગરમ અથવા તદન થંડી હોઈ શકે નહિ, અમુક સંજોગોમાં તે ગરમ હોય છે અને અમુક બીજા સંજોગોમાં તે થંડી હોય છે. એક જ ક્ષણે એક વસ્તુમાં અસ્તિત્વ અને અનસ્તિત્વ જૈનો શીખવતા નથી, તેઓ શીખવે છે કે દરેક વસ્તુમાં તેનો પોતાનો સદ્ભાવ છે અને બીજી વસ્તુઓનો અસદ્ભાવ છે. આ ઉપરથી સમજાય છે કે વસ્તુ શું છે, અને વસ્તુ શું તે સમજવાથી તે વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન મળી શકે.

ગૌણ અને મુખ્ય કોને કહેવા ?

અનેકાંતવાદમાં સાત નય છે, પણ તેનો નિશ્ચય અને વ્યવહાર એ બે નયમાં સમાવેશ થાય છે, જ્યારે કામ, મોહ, લોભ, ઇંદ્રિયના વિષયો, અને કષાય વગેરે જો નિશ્ચય નયને મુખ્ય કરવાથી ઘટતા હોય, અને પોતાને પરભાવથી વિરમણ થતું હોય, તો તે સમયે વ્યવહારનયની ગૌણતા કરી નિશ્ચયનયને મુખ્ય કરી બોધ આપવો અને બારકા પાસેથી ગુણ ગ્રહણ કરવો હોય, તો વ્યવહારને મુખ્ય કરી નિશ્ચયને ગૌણ કરી બોધ આપવો. કેમકે નિશ્ચયને મુખ્ય કરવાથી અન્ય જનનો વિનય વૈયાવચ્ચ આદર સત્કાર વગેરે થઈ શકતો નથી; અને જ્યાં પરજીવમાં દોષ દેખાય ત્યાં નિશ્ચયની મુખ્યતા કરી વિચારવું કે આ જીવ કર્મને વશ છે અને આત્મા તો સચ્ચિદાનંદમય શુદ્ધ સ્વરૂપી છે; આવો વિચાર કરવાથી સામા મનુષ્ય ઉપર આપણને દ્વેષ થતો અટકે છે; અને જે નયની મુખ્યતા કરવાથી રાગ, દ્વેષ મોહ, માન, વગેરે વૃદ્ધિ પામે તેને **'નય'** ન કહેવો પણ **'નયા-ભાસ'** કહેવો. આ પ્રમાણે ઉપદેશકે શ્રોતાનો તેમજ શ્રવણના વિષયનો વિચાર કરી વ્યવહાર કે નિશ્ચય નયની ગૌણતા કે મુખ્યતા કરી બોધ આપવો.

હવે ગુરૂ અને લઘુનું સ્વરૂપ કેવું છે !

જેમાં નિશ્ચયથી ગુણ ઘણા દેખાતા હોય અને વ્યવહારથી કિંચિત્ દોષ જણાતો હોય અને વાસ્તવિક રીતે નિશ્ચયમાં દોષ ન હોય, તો તે કામ ગૃહસ્થે કરવા યોગ્ય છે. અને જેમાં નિશ્ચયથી ઘણા અવગુણ દેખાતા હોય, અને આત્માને રાગદ્વેષ અને મોહ વગેરેની વૃદ્ધિ થતી હોય, અને વ્યવહારમાં લોકને રંજિત કરવા રૂપ કિંચિત્ ગુણ દેખાતો હોય, તો તેવું કાર્ય આત્માર્થી પુરૂષોએ કરવું નહિ. એવી રીતે લઘુ-ગુરૂનો વિચાર કરવો અને તે પ્રકારે વિચાર કરનાર પુરૂષ દેશના આપી શકે.

પ્રશ્ન:—ધર્મનો ઉપદેશ કરવાથી પણ જો સાંભળનારને સ્વકર્મ-દોષથી જ્ઞાન ન થાય, તો ધર્મ કહેવાનું ફળ શું ? તેનો જવાબ શાસ્ત્રકારજ આપે છે:

अबोधेऽपि फलं प्रोक्तं श्रोतृणां मुनिसत्तमैः ॥
कथकस्य विधानेन नियमाच्छुद्धचेतसः ॥

અર્થ:—જો કે શ્રોતાને લાભ ન થાય તોપણ શુદ્ધ ચિત્તવાળા ઉપદેશકને તો ઉપદેશ આપવાની ક્રિયાથી ફળ નિઃસંશય થાય છે, એમ ઉત્તમ મુનિઓ કહે છે.

ભાવાર્થ:—જે મનુષ્ય પરોપકાર બુદ્ધિથી, બીજાના ઉપર અનુગ્રહ કરવાની વૃત્તિથી સદ્બોધ આપે છે તેને તો તેના આવા ઉચ્ચ ભાવના કારણે નક્કી ફળ મળે છે; અને વક્તાને પણ જો કે તે સમયે બોધની અસર થયેલી જણાતી નથી; પણ તેના હૃદયમાં તેના સંસ્કાર પડયા વિના રહેતા નથી; અને તેથી સદુપદેશ પ્રમાણે ન વર્તવાથી તેને માથે દુઃખ આવે છે, અને દુઃખનો કડવો અનુભવ મેળવીને સન્માર્ગે વળે છે, ત્યારે એકલો અનુભવ અસર કરી શકતા તેના કરતાં આ ઉપદેશના રહ્યાસહ્યા સંસ્કારો વધારે અસર કરે છે. માટે શ્રોતા ઉપર પણ પ્રાયઃ તેની બીલકુલ અસર નથી થતી એમ તો નજ કહેવાય. વળી આ વિષયના સંબંધમાં 'તત્ત્વાર્થ સૂત્ર' માં લખ્યું છે કે:—

न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
बुवतोऽनुग्रहबुद्धया वक्तुस्त्वेकान्ततो भवति ॥

હિત વાક્ય સાંભળવાથી સર્વ સાંભળનારાઓને સર્વથા ધર્મ સિદ્ધ થતો નથી, પણ અનુગ્રહ બુદ્ધિથી ઉપદેશ કરનારને તો સર્વથા ધર્મનો લાભ થાય છે; એટલે ક્લિષ્ટકર્મની નિર્જરા થાય છે.

માણસ અનુભવથી શીખે છે તો પછી ઉપદેશ આપવાથી શો લાભ ? એવી આશંકાનું સમાધાન કરતાં શાસ્ત્રકાર લખે છે કે—

नोपकारो जगत्यस्मिंस्तादृशो विद्यते क्वचित् ।
यादशी दुःखविच्छेदा देहिनां धर्मदेशना ॥

અર્થ:—દુઃખનો ઉચ્છેદ કરનારી ધર્મદેશના પ્રાણીઓને જેવો ઉપકાર કરે છે, તેવો ઉપકાર બીજા કશાનો નથી.

ભાવાર્થ:—જગતમાં અનેક પ્રકારના ઉપકાર છે; પણ માણસને ધર્મ પમાડવો તેના જેવો બીજો કોઈ ઉપકાર નથી. કારણ કે તત્ત્વોને યથાર્થ જાણવાથી તે પ્રમાણે વર્તવા માણસ પ્રેરાય છે, અને તેથી દુઃખનો અંત આવે છે. સઘળી તત્ત્વ વિદ્યાઓનો ઉદ્દેશ દુઃખનો નાશ કરવાનો છે; માટે જે લોકો અધિક જ્ઞાની છે તેમણે પોતાના જ્ઞાનનો બીજાને બોધ આપવામાં જરા પણ આળશ કરવી નહિ; તેમ મુમુક્ષુ જીવોએ તેવા ખરા જ્ઞાનીઓની ભક્તિ, વિનય, બહુમાન કરી તેમની પાસેથી જ્ઞાન મેળવવામાં એક ક્ષણ પણ નિરર્થક ગુમાવવી નહિ.

ખરું જ્ઞાન પ્રાપ્ત થવાથી અજ્ઞાન રૂપ અંધકાર નાશ પામે છે અને હેય (ત્યાગવા યોગ્ય) અને ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) બાબતનું યથાર્થ જ્ઞાન થાય છે; દુર્ગુણનો ત્યાગ કરી સદ્‌ગુણ પ્રાપ્ત કરવા મન અભિલષે છે. માટે સત્સંગનું અને સત્‌શાસ્ત્રનું નિરંતર સેવન કરવું; પ્રમાદનો ત્યાગ કરી સર્વ દુઃખનો અંત લાવનારી સદ્દેશના શ્રવણ કરવી.

ખરો વસ્તુના જ્ઞાતા, અને ભક્તિથી તેમનું શ્રવણ કરનારાનો યોગ બહુ દુર્લભ છે; પણ જે શોધે છે તેને મળે છે; માટે જેટલું જ્ઞાન મળ્યું હોય તેટલાને અમલમાં મૂકવા પ્રયત્નશીલ થવું; એટલે વધારે મેળવવા સ્વયમેવ લાયક થશો અને તે મળશે.

॥ इति श्री द्वितीयप्रकरणं समाप्तम् ॥

પ્રકરણ ૩ જું

ગૃહસ્થનો વિશેષ ધર્મ.

પ્રથમ અને બીજા અધ્યાયમાં ગૃહસ્થના **સામાન્ય** ધર્મનું વિવેચન કરવામાં આવ્યું; અને બાળજીવને ધર્મમાર્ગ સન્મુખ કેમ લાવવો તે પણ બહુજ સારી રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું. હવે એવા ધર્મમાર્ગને શ્રવણ કર્યા પછી તેને ચારિત્ર-વર્તનરૂપ મૂકવા માટે ઉત્સુક થયેલા જીવને કયે માર્ગે દોરવો, અને શરૂઆતમાં કેવો આચાર તેણે પાળવો જોઈએ કે જેથી છેવટે મોક્ષ માર્ગના અધિકારી થવાય; એ વિષે કહે છે.

सद्धर्मश्रवणादेवं नरो विगतकल्मषः ।
ज्ञाततत्त्वो महासत्त्वः परं संवेगमागतः ॥ १ ॥
धर्मोपादेयतां ज्ञात्वा संजातेच्छोऽत्र भावतः ।
दृढं स्वशक्तिमालोच्य ग्रहणे संप्रवर्तते ॥ २ ॥

અર્થ:—એવા પ્રકારના સદ્ધર્મના શ્રવણથી પાપ રહિત થનાર, તત્ત્વને જાણનાર, મહાસત્ત્વવંત અને ઉત્કૃષ્ટ સંવેગ (વૈરાગ્ય) ને ધારણ કરનાર જીવ, ધર્મને ગ્રહણ કરવા યોગ્ય જાણીને, અને ધર્મ તરફ ભાવથી ઇચ્છા કરીને, પોતાની શક્તિનો બરાબર વિચાર કરીને તે ધર્મમાર્ગ અંગીકાર કરવાને પ્રવર્તે છે.

ભાવાર્થ:—વિશેષ ગૃહસ્થ ધર્મમાર્ગને વિષે કોણ અધિકારી છે? તેના પ્રત્યુત્તરમાં શાસ્ત્રકાર કહે છે કે, જેણે સદ્ધર્મ યથાર્થ રીતે

સાંભળ્યો છે અને તેથી મનમાંથી શંકાઓ દૂર થઈ છે, અને જેવી રીતે હાથમાં રહેલું મોતું ગોળ, નિર્મળ મોતી સ્થૂલ ચક્ષુથી જણાય છે, તેવી રીતે શાસ્ત્ર દૃષ્ટિથી સકળ તત્ત્વનો જેણે અભ્યાસ કર્યો છે, જેનામાં દેવ, ગુરૂ અને ધર્મ ઉપર ભક્તિભાવ જાગૃત થયો છે, અને 'મરણ સમયે સર્વ વસ્તુઓનો ત્યાગ કરવો પડશે, અને એકલો ધર્મજ સાથે આવશે' એવો દૃઢ નિશ્ચય થયો છે, અને તેથી ધર્મ તરફ જેની રૂચિ વધતી ને વધતી જાય છે, **તેવો માણસ** પોતાના આત્મબળ અને શરીર સામર્થ્યનો વિચાર કરી, પોતાની શક્તિ અનુસાર ધર્મ માર્ગનું આસેવન કરે; એટલે વ્રત નિયમ તપ વગેરે આદરે **આવો માણસજ ખરેખરી રીતે ધર્મને માટે લાયક છે.**

આ ઉપરથી કોઈને પ્રશ્ન ઉઠે કે, શું બીજા માણસો ધર્મમાર્ગને ચલાવવા માટે નાલાયક છે ? તો તેનો જવાબ શાસ્ત્રકાર આપે છે:—

योग्यो ह्येवंविधः प्रोक्तो जिनैः परहितोद्यतैः ।
फलसाधनभावेन नातोऽन्यः परमार्थतः ॥३॥

અર્થ:—પરનું હિત કરવા માટે ઉદ્યમવંત એવા જિનેશ્વરોએ ફળ સાધન ભાવથી ઉપરની બે ગાથાથી જણાવેલા લક્ષણવાળાને યોગ્ય પુરૂષ કહ્યો છે. પરમાર્થથી (ખરી રીતે) બીજો પુરૂષ યોગ્ય ન જાણવો.

ભાવાર્થ:—સાધન વિના સાધ્યની સિદ્ધિ થતી નથી; અહીંયાં ઉપર જણાવેલા લક્ષણવાળો પુરૂષ એ **સાધક** છે અને સાધ્ય મોક્ષ છે. માટે મેળવવા માટે યોગ્ય **સાધક** રૂપ ગુણવાન પુરૂષની જરૂર છે.

પ્રશ્ન:—અયોગ્ય પુરૂષ ધર્મ ગ્રહણ કરે, તો તેમાં શો બાધ આવે ? ઘણા લોકો નામથી ચારિત્ર અંગીકાર કરનારા, સામાયિક-પૌષધ-પ્રતિક્રમણના કરનારા જોવામાં આવે છે; અને તેમનામાં પણ વિષયકષાય ભરેલા હોય છે. વળી ગૃહસ્થો પણ જુઠા લેખ, જુઠી

સાક્ષી વગેરે અન્યાયનાં કામ કરે છે, અને ધર્મકરણી પણ કરે છે. તો તેમને શું બાધ કરે છે? એમ કરતાં કરતાં યોગ્ય થશે; માટે અયોગ્ય માણસો પણ ધર્મ કરે તો શી હરકત લાગે છે?

ઉત્તરઃ—આમ કહેલું ભૂલભરેલું છે. માથે સારી પાઘડી પહેરવી અને નાચે પહેરવા લંગોટી પણ મળે નહિ એ કેવું હાસ્યાસ્પદ છે? માટે પ્રથમ તો સારૂં ધોતીયું પહેરવાની જરૂર છે, અનુક્રમે ચડતાં ચડતાં સારાં કપડાં પહેરવાં જોઈએ તેમ ધર્મમાર્ગમાં પણ અનુક્રમે ચડવું.

પ્રથમ 'ન્યાયસંપન્નવિભવ' આદિ માર્ગાનુસારિપણાના ગુણ ગ્રહણ કરવા, પછી દેશવિરતિ ધર્મ પાળવો, અને પછી સર્વવિરતિ ધર્મ અંગીકાર કરવો. પણ પ્રથમથીજ ચારિત્રધારીનું અને શ્રાવકનું નામ ધરાવે અને માર્ગાનુસારીપણાનો ગુણ પણ ન દેખાવામાં આવે તો તેવા લોકો પોતાનું હિત શું કરી શકે? અને ધર્મને કેવી રીતે દીપાવે?

અન્યમતાવલંબીઓ અમુક ધર્મના સિદ્ધાંતો કેવા છે તે તપાસવા માટે કાળક્ષેપ કરતા નથી, પણ તે ધર્મને પાળનારાના **આચાર-વિચાર** કેવા છે તે ઉપરથી ધર્મની ઉચ્ચતા યા નીચતાનો વિચાર કરે છે; તો પછી જેના આચાર હલકા પ્રકારના હોય, તેવા મનુષ્યો ધર્મને કેવી રીતે ઉચ્ચ બતાવી શકે? જેમ 'રત્નાકર પચીશી' માં કહ્યું છે એમ ઘણીવાર બને છેઃ—

वैराग्यरङ्गः परवञ्चनाय धर्मोपदेशो जनरञ्जनाय ।
वादाय विद्याध्ययनं च मेऽभूत कियद्ब्रुवे हास्यकरं स्वमीश ॥

પારકાને છેતરવા માટે વૈરાગ્ય ધારણ કર્યો, જનમનરંજન કારણે ધર્મનો ઉપદેશ કર્યો, અને મારી વિદ્યા અને અધ્યયન ફક્ત વાદવિવાદ માટે વાપર્યો, તો હે નાથ! મારૂં હાસ્યકર વૃત્તાન્ત કેટલું કહું!

પોતાના દોષને ઢાંકવા માટે અને ભોળા લોકોને છેતરવા માટે જિન મતની ક્રિયા લોકોને દેખાડવા કરે છે તેથી આત્માનું કલ્યાણ થતું નથી. પણ જો યોગ્ય પુરૂષ ધર્મ અંગીકાર કરે તોજ શોભે છે. અને પોતાને તથા પરને હિતકારી થાય છે. માટે જેને ધર્મ ગ્રહણ કરવો હોય અને સ્વહિત સાધવું હોય તેણે પ્રથમ **માર્ગાનુસારી-પણાના ગુણો** ગ્રહણ કરવા, અને પછી પોતાની યોગ્યતા પ્રમાણે વિશેષ ધર્મ ગ્રહણ કરવો. આ હેતુથીજ જણાવેલું છે કે **યોગ્ય પુરૂષે** ધર્મ અંગીકાર કરવો.

इति सद्धर्मग्रहणार्ह उक्तः सांप्रतं तत्प्रदानविधिमनुवर्णयिष्याम इति ॥ १ ॥

અર્થ:—આ પ્રમાણે સદ્ધર્મને ગ્રહણ કરવાને યોગ્ય પુરૂષ કહ્યો; હવે તે સદ્ધર્મને આપવાની વિધિનું વર્ણન કરીશું.

ધર્મ તો ચિત્તની પરિશુદ્ધિથી થાય છે; તો વિધિ સહિત ગ્રહણ કરવો એમ કહેવાનું પ્રયોજન શું ? એવી આશંકાનું સમાધાન કરતાં શાસ્ત્રકાર જણાવે છે:-

धर्मग्रहणं हि सत्प्रतिपत्तिमद्विमलभावकारणमिति ॥ २ ॥

અર્થ:—સત્પ્રતિપત્તિ સહિત ધર્મનું ગ્રહણ તે નિર્મળ ભાવનું કારણ છે.

ભાવાર્થ:—સત્પ્રતિપત્તિ એટલે પોતાની શક્તિનો વિચાર કરવો અને ધર્મની શુદ્ધતા વિચારવી. આ પ્રમાણે પોતાની શક્તિ અને ધર્મની શુદ્ધતાના વિચારપૂર્વક આદરેલો ધર્મ નિર્મળ ભાવ ઉત્પન્ન કરે છે. પોતાનું ફળ સાધી આપવામાં જોઈતા સાચા પરિણામનું કારણ થાય છે; માટે વિધિપૂર્વક ધર્મ ગ્રહણ કરવાની જરૂર છે

ત્યારે વિધિપૂર્વક ધર્મ શી રીતે ગ્રહણ થાય તે કહે છે:—

तच्च प्रायो जिनवचनतो विधिनेति ॥ ३ ॥

અર્થ—તે ધર્મ બહુધા જિનેશ્વર પરમાત્માના વચનથી વિધિ પૂર્વક થાય છે.

ભાવાર્થ:—ઘણે ભાગે ધર્મનું ગ્રહણ, જૈન સિદ્ધાંતમાં કહેલી વિધિ, જેનું આગળ વર્ણન કરવામાં આવશે, તે વિધિ અનુસાર થાય છે. અહીયાં **ઘણે ભાગે** એ શબ્દ મૂકયો છે તેથી એમ સમજવું કે મરૂદેવી માતા અને તેવા બીજા કોઇ જીવોને **અન્ય** પ્રકારે પણ ધર્મ ગ્રહણનો સંભવ છે.

इति प्रदानफलवत्तेति ॥ ४ ॥

અર્થ:—એ પ્રકારે આપવામાં સફળતા છે.

ભાવાર્થ:—વિધિ સહિત ગુરૂદ્વારા ધર્મ ગ્રહણ કરાય તો ઉપર જણાવ્યા પ્રમાણે ભાવ નિર્મળ થાય, તેટલું જ નહિ પણ ગુરૂએ ઉપકાર બુદ્ધિથી ગ્રહણ કરાવેલો ધર્મ ગુરૂ આશિષથી વધારે ફળવાળો થાય છે. માટે વિધિ સહિત ગુરૂ પાસેથી ધર્મ ગ્રહણ કરવો, નહિ તો ખારી ભૂમિમાં વાવેલા બીજની માફક અવિધિએ ગ્રહણ કરેલ ધર્મ **પ્રાયઃ** નિષ્ફળ જાય છે.

જેણે શ્રાવક ધર્મનો અભ્યાસ સારી રીતે કર્યો હોય તે યતિ ધર્મ ગ્રહણ કરવા યોગ્ય થાય છે; માટે પ્રથમ ગૃહસ્થ ધર્મ સમજાવવાની જરૂર છે એમ વિચારી શાસ્ત્રકાર ગૃહસ્થ ધર્મ ગ્રહણ કરવાનો વિધિ બતાવે છે.

सति सम्यग्दर्शने न्याय्यमणुव्रतादीनां ग्रहणं नान्यथेति ॥५॥

અર્થ:—સમ્યગ્દર્શન (સમકિત) પ્રાપ્ત થયા પછી, પાંચ અણુવ્રત ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત—એ બાર વ્રત ગ્રહણ કરવાની યોગ્યતા થાય છે. પણ સમકિત ન થયું હોય ત્યાં સુધી વ્રત ગ્રહણ કરવાની યોગ્યતા કહેવાય જ નહિ.

ભાવાર્થ:—જ્યારે તત્ત્વને તત્ત્વરુપે યથાર્થ જાણવામાં આવે છે, ત્યારે જ તે પ્રકારનું વર્તન કરવાની ખરી ઈચ્છા જાગૃત થાય છે; અને ત્યારે જ તે સફળ નીવડે છે, નહિતો ભાવવિનાની ક્રિયા ઝાઝો લાભ આપી શકતી નથી. કહ્યું છે કે:—

सस्यानीवोषरे क्षेत्रे निक्षिप्तानि कथंचन ।
न व्रतानि प्ररोहन्ति जीवे मिथ्यात्ववासिते ॥ १ ॥
संयमा नियमाः सर्वे नाश्यन्तेनेन पावनाः ।
क्षयकालानलेनेव पादपाः फलशालिनः ॥ २ ॥

જેમ ખારી ભૂમિમાં વાવેલાં ધાન્ય કદાપિ ઉગતાં નથી, તેમ મિથ્યાત્વ વાસનાવાળા જીવને વિષે વ્રત નિયમના અંકુરા ફુટતા નથી, એટલે વ્રત નિયમથી કર્મક્ષય રૂપ ફળ મળતું નથી. જેમ ફળવાળા વૃક્ષો કલ્પાન્તકાળના અગ્નિથી નાશ પામે છે, તેમ પવિત્ર નિયમ અને સંયમ મિથ્યાત્વથી નાશ પામે છે.

ત્યારે મિથ્યાત્વનો નાશ અને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ શી રીતે થઈ શકે તે જણાવે છે:—

जिनवचनश्रवणादेः कर्मक्षयोपशमादितः सम्यग्दर्शनमिति ॥६॥

અર્થ : જિનવચનશ્રવણથી તેમજ કર્મના ક્ષયોપશમથી સમ્યગ્દર્શન ઉદ્ભવે છે.

ભાવાર્થ : જિનવચન સાંભળી તેના પર શ્રદ્ધા થવાથી અથવા ભવસ્થિતિનો પરિપાક થવાથી સ્વાભાવિક રીતે સમ્યગદર્શન ઉત્પન્ન થાય છે, અથવા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મિથ્યાત્વ મોહનીયનાં ક્ષય અને ઉપશમથી તે ઉત્પન્ન થાય છે.

સમ્યગ્દર્શનનું લક્ષણ આ પ્રમાણે છે. તે તત્ત્વ ઉપર શ્રદ્ધા કરાવનારૂં મિથ્યાત્વ (અસદ્દદ) નો નાશ કરનારું. ખોટા કદાગ્રહ રહિત શુદ્ધ વસ્તુ જ્ઞાનને અનુસરનારૂ; આકરા કલેશનો ક્ષય કરનારૂં,

અને ઉચ્ચભાવ ઉત્પન્ન કરનારૂં, એવું આત્માના શુભ પરિણામરૂપ સમ્યગ્દર્શન છે. 'તત્વાર્થસૂત્ર'માં પણ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનાં બે કારણ આપેલાં છે.—

तत्वार्थश्रद्धानं सम्यग्दर्शनं तन्निसर्गादधिगमाद्वा ॥

તત્ત્વાર્થની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન; તે સ્વાભાવિક રીતે અથવા ઉપદેશજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. કર્મના ક્ષયોપશમથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે તો એમાં ક્ષય કોને કહેવો અને ઉપશમ કોને કહેવો, અને ક્ષયોપશમ કોને કહેવો ? તે કહે છેઃ—

खीणो निव्वायहुआसणोव्व छारपिहियव्व उवसंता ।
दरविज्जयविहाडिय जलणोवम्मा खओवसमा ॥

ક્ષાયિકભાવ બુઝાઈ ગયેલા અગ્નિ જેવો છે; ઉપશાંત ભાવ રાખથી ઢાંકેલા અગ્નિ સમાન છે, અને ક્ષયોપશમ ભાવ થોડા બુઝાયેલા અને થોડા પ્રકાશતા અગ્નિ સમાન છે.

તો સમ્યગ્દર્શન પામ્યો છે એ શી રીતે પ્રગટ જણાય એ હેતુથી તેનું લક્ષણ કહે છે.

प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्याभिव्यक्तलक्षणं तदिति ॥७॥

અર્થ : પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા, અને આસ્તિકતા એથી પ્રગટ થતા લક્ષણવાળું સમ્યગદર્શન છે.

ભાવાર્થ : પ્રશમ, સંવેગ નિર્વેદ, અનુકંપા અને આસ્તિકપણું; આ પાંચ ગુણ જેનામાં હોય, તે સમ્યગદર્શની કહેવાય.

પ્રશમ : ક્રોધ, માન, માયા, લોભરૂપ આકરા કષાય તે રૂપ જેરનું કડવું ફળ જોઈને અથવા પૂર્વ જન્મના સંસ્કારથી સ્વાભાવિક રીતે તેનો નિરોધ કરવો તે.

સંવેગ : મોક્ષનો અભિલાષ રાખવો તે.

નિર્વેદ : સંસારમાં જ્યાં ત્યાં દુઃખ દેખી, અને સંસારના પદાર્થોની અસત્યતા લાગવાથી તે ઉપર આવેલો ઉદ્વેગ-કંટાળો તે.

અનુકંપા : ભાવથી અને દ્રવ્યથી દુઃખી પ્રાણીને દયા કરવી તે. અનુકંપાના બે ભેદ છેઃ દ્રવ્ય અનુકંપા અને ભાવ અનુકંપા. કોઈ પ્રાણીને ગરીબ અવસ્થામાં કે દુઃખી હાલતમાં દેખી તેનું દુઃખ દુર કરવા યથાશક્તિ મદદ આપવી તે દ્રવ્ય અનુકમ્પા. અને કોઈ માણસને દુઃખી દેખી પોતાની શક્તિ તેનું દુઃખ દૂર કરવાની ન હોય તો તેનું ભલું થાઓ એવું ચિંતવવું અથવા અસન્માર્ગે પડતા જીવને સન્માર્ગમાં સ્થિર કરવા ઉપદેશ આપવો તે **ભાવ** અનુકંપા કહેવાય.

આસ્તિક્ય : નવતત્ત્વો ઉપર શ્રદ્ધા રાખવી તે.

એ પાંચ લક્ષણથી સમ્યગદર્શન ઓળખાય છે; અને જેનામાં પાંચ લક્ષણ હોય તે સમ્યગ્દર્શની કહેવાય છે.

આ પ્રમાણે સમ્યગ્દર્શનીને ઓળખ્યા પછી ગુરૂએ શું કરવું તે કહે છે.

उत्तमधर्मप्रतिपत्यसहिष्णोस्तत्कथनपूर्वमुप-
स्थितस्य विधिनाणुव्रतादिदानमिति ॥८॥

અર્થ : ઉત્તમ ધર્મને અંગીકાર કરવા અસમર્થ એવા પોતાની પાસે આવેલા પુરુષને પ્રથમ ઉત્તમ ધર્મ કહેવા પૂર્વક વિધિથી અણુવ્રતાદિથી ગ્રહણ કરાવવું.

ભાવાર્થ : ઉત્તમ ધર્મ એટલે યતિ ધર્મ સમજવો. સંસારના પદાર્થો ઉપર જેને વૈરાગ્ય થયેલો છે, એવો ધર્મ ગ્રહણ કરવા ઉદ્યમવંત થયેલો કોઈ ગૃહસ્થ, ગુરૂ મહારાજ પાસે ધર્મ ગ્રહણ કરવા આવે ત્યારે ગુરૂ મહારાજે પ્રથમ ક્ષમા, માર્દવ ઇત્યાદિ દશ પ્રકારનો યતિ ધર્મનું વિસ્તાર સહિત વર્ણન કરીને, તેને ચારિત્ર લેવા ઉત્સુક બનાવવો. ચારિત્ર ધર્મજ સર્વ કર્મ રોગને રેચ સમાન છે. જેવી

રીતે સઘળા રોગો ઘણું કરીને રેચ લીધાથી નાશ પામે છે; તેમ ચારિત્ર અંગીકાર કર્યાથી સર્વ કર્મ રોગો વિનાશ પામે છે; પણ જો તે પ્રાણી વિષય સુખની હજી બાકી રહેલી તૃષ્ણાથી યતિ ધર્મ અંગીકાર કરવાને સમર્થ ન જણાય તો તેને અણુવ્રતો યથાર્થ સમજાવી તે પાળવાનો બોધ કરવો. પ્રથમ યતિ ધર્મ સમજાવવો. જો એમ ન કરે તો શું પરિણામ આવે તે શાસ્ત્રકાર કહે છે.

सहिष्णोः प्रयोगेऽन्तराय इति ॥९॥

અર્થ : સમર્થને (અણુવ્રતનો) પ્રયોગ કરવાથી અન્તરાય થાય.

ભાવાર્થ : જે માણસ યતિ વ્રત ગ્રહણ કરવા સમર્થ હોય પણ તેનો બોધ નહિ કરતાં તેને શ્રાવકના અણુવ્રતાદિનો ઉપદેશ કરે અને તેથી તે શ્રાવકનાં વ્રત અંગીકાર કરે તો ગુરૂએ ચારિત્ર અંગીકાર કરવામાં અંતરાય કર્યો એમ કહેવાય, એટલે મુનિધર્મ પાળવાને સમર્થ પુરૂષને શ્રાવક બોધ કરવાથી ચારિત્રાવરણીય કર્મ બંધાય છે, અને તેથી ગુરૂને પરભવમાં ચારિત્રપ્રાપ્તિ દુર્લભ થાય છે આ બાબત 'પુરુષાર્થ સિદ્ધ ઉપાય' નામના ગ્રંથમાં વર્ણવેલી છે.

यो यतिधर्ममकथयन्नुपदिशति गृहस्थधर्ममल्पमतिः ।
तस्य भगवत्प्रवचने प्रदर्शितं निग्रहस्थानम् ॥

જે અલ્પમતિવાળો ઉપદેશક મુનિધર્મનો ઉપદેશ કર્યા સિવાય શ્રાવક ધર્મનો ઉપદેશ કરે છે, તે ઉપદેશકને ભગવાનના સિદ્ધાંતમાં દંડ આપવા લાયક ગણ્યો છે. કારણ કે તે અલ્પમતિવાળાએ ક્રમ-ભંગથી ઉપદેશ કરીને બહુજ ઉત્સાહવાળા શિષ્યને હલકા સ્થાનમાં સ્થાપી સંતોષ પમાડી ઠગ્યો એમ કહી શકાય.

જેને જે વ્રત યોગ્ય હોય તેને તે આપવું. તેમાં ફેરફાર કરવાથી અંતરાય કર્મ બંધાય છે. ઉંચી પદવીને યોગ્ય પુરૂષને નીચી પદવી

આપવાથી અંતરાય થાય છે. અને નીચી પદવીને યોગ્ય પુરૂષને ઉંચી પદવી આપવાથી તે ઉભય ભ્રષ્ટ થાય છે.

अनुमतिश्चैतरत्रेति ॥१०॥

અર્થ : શ્રાવક ધર્મને વિષે અનુમતિ દોષ આવે.

ભાવાર્થ : જો મુનિ શ્રાવકના ધર્મનો ઉપદેશ આપે, અને પ્રથમ યતિધર્મનો બોધ ન આપે, તો તેને અનુમોદનાનો દોષ લાગે છે. કારણ કે શ્રાવક ધર્મમાં સાવદ્ય અને નિરવદ્ય બે પ્રકારના વ્યાપારનો અંશ રહેલો છે; માટે સાવદ્ય વ્યાપારમાં અનુમતિ આપવાનો દોષ લાગે, અને સર્વ સાવદ્ય પાપ રહિત વ્યાપારના ત્યાગરૂપ પોતાના યતિધર્મના નિયમને પણ મલિનતા પ્રાપ્ત થવા સંભવ રહે છે, એજ કારણ માટે પ્રથમ મુનિ ધર્મનો ઉપદેશ કરવો, અને તે જીવ જો યતિ ધર્મ પાળવાને અસમર્થ જણાય તો, શ્રાવકનાં બાર વ્રત ગ્રહણ કરવાનો ઉપદેશ આપવો; આમ કરવાથી અનુમતિ દોષ ન લાગે.

अकथन उभयाफल आज्ञाभङ्ग इति ॥११॥

અર્થ—એ પ્રમાણે ન કહે તો બે ધર્મનું ફળ ન થાય, અને આજ્ઞા ભંગ થાય.

ભાવાર્થ : કોઈ જીવ ધર્મ ગ્રહણ કરવા આવ્યો તેને પ્રથમ યતિ ધર્મ સમજાવે, પણ જો તે યતિ ધર્મ પાળવા અસમર્થ જણાય અને તેને શ્રાવક ધર્મનો ઉપદેશ ન કરે તો બન્નેનો નાશ થાય, અને તેથી ભગવાનના શાસનની આજ્ઞાનો ભંગ થાય, માટે ધર્મના અર્થી પ્રાણીઓને મુનિએ પ્રથમ યતિ ધર્મ અને પછી શ્રાવક ધર્મ સમજાવવો, અને સમ્યક પ્રકારે સમજાવ્યા પછી ગૃહસ્થે પોતાની શક્તિનો વિચાર કરી જે યોગ્ય લાગે તે માર્ગ ગ્રહણ કરવો; પણ પાખંડ કરવું નહિ. માટે યતિ ધર્મ પાળવા અસમર્થ પુરૂષને શ્રાવક ધર્મ સમજાવવો.

કહ્યું છે કે—

श्रममविचिन्त्यात्मगतं तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम् ।
आत्मानं च परं च हितोपदेष्टानुगृह्णाति ॥ १ ॥

પોતાને શ્રમ થશે એવો વિચાર ન કરતાં નિરંતર કલ્યાણકારી ઉપદેશ કરવો; કારણ કે હિતકારી ઉપદેશક પોતાને તથા પરને ઉપકાર જ કરે છે.

અહીં કોઈ શંકા કરે કે જે મનુષ્ય સર્વ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવા અસમર્થ છે, તેને દેશથી સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરાવવામાં, બાકી રહેલા સાવદ્ય વ્યાપારથી ગુરૂને અનુમોદના દોષનો પ્રસંગ કેમ ન આવે? તેનો જવાબ શાસ્ત્રકાર આપે છેઃ-

भगवद्वचनप्रामाण्यादुपस्थितदाने दोषाभाव इति ॥ १२ ॥

અર્થઃ—ભગવાનના વચનપ્રમાણથી અણુવ્રત ગ્રહણ કરવાને તત્પર ગૃહસ્થને અણુવ્રત આપવામાં દોષ નથી.

ભાવાર્થઃ--જે માણસ યતિધર્મ પાળવા અસમર્થ હોય તેને અણુવ્રત ગ્રહણ કરાવવામાં દોષ નથી. કારણ કે **ઉપાશક** દશાંગ-સૂત્રમાં ભગવંતે પોતે **આણંદ** વગેરે શ્રાવકને અણુવ્રત ગ્રહણ કરાવરાવ્યા એવો પાઠ છે. આ ઉપરથી કોઈ એમ કહેવા નીકળે કે ભગવાનને પણ અનુમતિનો દોષ લાગ્યો, તો તે કહેવું મિથ્યા છે. કારણ કે ભગવાનનું દરેક આચરણ એકાંતે-સર્વ દોષથી રહિત છે.

એ રીતે અણુવ્રત ગ્રહણ કરવા તત્પર થયેલો સર્વથા સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરતો નથી, પણ દેશથી સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરે છે, તો પણ તે વ્રત આપનાર ગુરૂમહારાજને અનુમોદના દોષ લાગતો નથી. કારણ કે જે અવસરે શ્રાવક વ્રત ગ્રહણ કરે છે ત્યારે મુનિ મહારાજને વ્રત ઉચ્ચરાવનાર તરીકે સાક્ષી માત્ર રાખે છે, માટે સાવદ્ય વ્યાપારના ત્યાગમાં ગુરુનો હાથ છે, બાકી જે વ્રતનો અભાવ

છે તે તો અનાદિકાળથી છે, એમાં ગુરુની સાક્ષી નથી માટે તે વ્રતના અભાવમાં જે સાવદ્ય વ્યાપાર થાય, તેમાં ગુરુને શી રીતે અનુમોદનાનો દોષ લાગે ? જ્યારે ગૃહસ્થની આશ્રવકરણી સાવદ્ય વ્યાપાર દેખી મુનિ **ખુશી થાય** ત્યારે તેમને અનુમોદનાનો દોષ લાગે, અને મુનિઓ તો ધર્મોપદેશના સમય વિના શ્રાવકનો પરિચય પણ કરતા નથી, માટે અનુમોદનાનો દોષ ગુરુને લાગે નહિ.

આ બાબત તમે શી રીતે કહી શકો છો ? તેના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છેઃ—

गृहपतिपुत्रमोक्षज्ञातादिति ॥ १३ ॥

અર્થ : ગૃહપતિનો પુત્ર રાજગૃહથી મુક્ત થયો એ દૃષ્ટાન્તથી.

ભાવાર્થ:—હવે તે ગૃહપતિના પુત્રની કથાથી ઉપરની બાબતને ટીકાકાર સિદ્ધ કરે છે.

એક મગધ દેશ હતો. તે દેશની સ્ત્રીઓનાં કટાક્ષો અપ્સરાઓના વિલાસને પણ તિરસ્કાર પમાડે તેવા હતાં. અને ને સ્ત્રીઓને લીધે તે દેશ રમણીય લાગતો હતો. તે દેશમાં હિમાલયના પર્વતના શિખર જેવા ધોળા મહેલો હતા તે મહેલોની પંક્તિને નિર્મળ શિખરો હતા. અને તે શિખરોની ટોચથી, શરદઋતુ નહિ હોવા છતાં, શરદઋતુના શ્વેત મેઘની શોભા ધારણ કરતું વસંતપુર નામે નગર મગધ દેશમાં આવેલું હતું.

તે વસંતપુરનો રાજા જીતશત્રુ હતો. સેવા બજાવવાના સમયે સઘળા રાજાઓ તેને સંભ્રમથી નમતા હતા, અને તેથી તે રાજાઓના મુકુટમાં રહેલા માણેકથી તે રાજાના ચરણકમળ રંગાયેલા દેખાતાં હતા. તે રાજાએ પોતાના પ્રચંડ હસ્ત દંડ રૂપ તરવારથી અનેક શત્રુઓના મદોન્મત્ત હાથીઓના કુંભસ્થળ કાપી નાખ્યા હતા. અને તેમાંથી નીકળેલા મોતીઓથી તેણે સકળ સંગ્રામ ભૂમિને શોભાવી હતી.

તે જીતશત્રુ રાજા શહેરનું યથાર્થ રક્ષણ કરતો હતો. તે રાજાને ધારિણી નામે રાણી હતી, જે મનુષ્ય માત્રનાં નેત્ર તથા મનને હરણ કરવા સમર્થ હતી, પૂર્વ ભવોમાં ઉપાર્જન કરેલ પુણ્યનું ફળ આ ભવમાં ભોગવતી હતી, અને અપ્સરાઓના વિલાસના મદનો પોતાના વિલાસથી પરાભવ કરતી હતી.

સર્વ રાજાઓને નમાવનાર અને દૂષણોને દૂરથી કરનાર તથા પંચ પ્રકારના મનોહર ભોગ ભોગવતો તે રાજા કેટલોક વખત આ સ્ત્રીની સાથે કાઢતો હતો.

તે શહેરમાં સમુદ્રદત્ત નામનો શેઠ રહેતો હતો. તે ઘણા સેવકોનો સ્વામી, ઘણા જનવરોનો પોષણ કરનાર હતો, તેના ભંડારો ધાન્યરાશિથી ભરપૂર હતા, અને હિરણ્ય પ્રમુખ ધાતુઓ તથા મણિ પ્રમુખ જવાહીર સમૂહ રૂપ સમૃદ્ધિ વડે કુબેર ભંડારીના ગર્વને પણ ઉતારવા તે સમર્થ હતો. તે સર્વદા દીન, અનાથ, પાંગળાં વગેરે અનેક પ્રાણીઓના શોકનો નાશ કરવામાં પોતાના ધનનો સદ્વ્યય કરતો હતો. તે વણિક શિરોમણી અને સજ્જન પુરૂષના સર્વ શુભ ગુણવાળો હતો. દેખાવે પણ દેદીપ્યમાન આકૃતિવાળો હતો.

તે શેઠને સુમંગલા નામે પતિવ્રતા સ્ત્રી હતી. તે સ્ત્રી સર્વ લાવણ્યના ગુણના આધાર રૂપ, સર્વ કલ્યાણકારી વસ્તુઓના ઉદ્ગાહરણ રૂપ, પુણ્ય રૂપ રત્નોના મોટા ભંડાર રૂપ, પોતાની કુળ સંતતિના ભૂષણ રૂપ અને જેવી સુકુમાર વનલતા હતી. તે સ્ત્રી ઉપર શેઠને અત્યંત ગાઢ પ્રેમ હતો. અને તે સ્ત્રી સાથે આ સંસારના સકળ વિષય સુખ સમુદ્રમાં ડુબેલો તે શેઠ ઘણો કાળ નિર્ગમન કરતો હતો. તે દંપતી નિર્મળ આચાર પાળતાં હતાં. સમય પ્રાપ્ત થયે તે સુમંગલા સ્ત્રીએ **પ્રિયંકર, શ્રેયંકર, ધનદેવ, સોમદેવ, પૂર્ણભદ્ર,** અને **માણિભદ્ર** એમ અનુક્રમે ૭ પુત્રને જન્મ આપ્યો. તે ૭ પુત્રો સ્વભાવથીજ ગુરૂજનનો પ્રેમ સાચવવામાં તત્પર હતા. તેઓએ પરમ

રાજાએ તરતજ આખા નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે "આજની રાત્રીએ સર્વ પુરૂષોએ શહેરની બહાર નીકળી જવું. એવો હુકમ સાંભળી સર્વ કોઈ પોતપોતાની અનુકૂળતાએ રાત્રિ પડતાં પહેલાં તે નગર બહાર નીકળી ગયા, અને રાજા પણ સંધ્યાકાળે પોતાના પ્રધાન વગેરે મુખ્ય પુરૂષો સાથે શહેરથી બહાર નીકળી ઈશાન કોણમાં આવેલા મનહર બાગમાં જઈને રહ્યો.

પેલા છ ભાઈઓ નામું લખવામાં, અને હિસાબ ગણવામાં બહુ ગુંથાયેલ હોવાથી હમણાં બહાર જઈશું, હમણાં બહાર જઈશું એમ વિચાર કરતા રહ્યા, પણ સાંજ સુધી નીકળી શકયા નહિ અને દુકાનમાં રહી ગયા, સૂર્ય અસ્ત થયો, તેવામાં તે છોકરાઓ હિસાબથી પરવાર્યા, અને શહેર બહાર જવાની વાત સ્મરણમાં આવવાથી એકદમ ઉતાવળા ઉતાવળા ચાલવા મંડયા, અને દરવાજા આગળ આવતાજ તે દરવાજા, તેમના જીવતરની આશા સાથે બંધ થયા. તેમને જીવવાની આશા રહી નહિ, તોપણ પુરૂષ પ્રયત્ન કરવો એમ વિચારી કોઈ ન દેખે તેવી રીતે એક સુંદર ભોંયરામાં સંતાઇ રહ્યા અને ધારણી રાણી પણ મોટા પરિવાર સહિત સંપૂર્ણ શણગાર ધારણ કરી, રાત્રીને વિષે પોતાના અભિપ્રાય પ્રમાણે તે પુરૂષરહિત શહેરમાં ફરતી હતી. અનુક્રમે રાત્રી પસાર થઈ, અને કમળના સમૂહને ખીલવવામાં કુશળ, જગતના એક નેત્ર સમાન, સૂર્ય ઉદયાચળ પર્વતની ટોચ ઉપર ચઢવા લાગ્યો. તે સમયે સઘળી દિશાઓ ખાખરાના પુષ્પ સરખી રાતી દેખાવા લાગી. એ વખતે રાજાએ હુકમ કર્યો કે "જાઓ આખુ શહેર તપાસી જુઓ કે મારી આજ્ઞાનો ભંગ કરી કોઈ પુરૂષ અંદર તો નથી રહ્યા કે?"

બરાબર તપાસ કરતાં કરતાં, જમના દૂત જેવા કોટવાળોએ તે છ ભાઈઓને શોધી કાઢી રાજા આગળ ખડા કર્યા. તે સમયે રાજાને પગથી માથા સુધી ક્રોધ વ્યાપી ગયો અને આંખની ભ્રકુટિ

રાજાએ તરતજ આખા નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે "આજની રાત્રીએ સર્વ પુરૂષોએ શહેરની બહાર નીકળી જવું. એવો હુકમ સાંભળી સર્વ કોઈ પોતપોતાની અનુકૂળતાએ રાત્રિ પડતાં પહેલાં તે નગર બહાર નીકળી ગયા, અને રાજા પણ સંધ્યાકાળે પોતાના પ્રધાન વગેરે મુખ્ય પુરૂષો સાથે શહેરથી બહાર નીકળી ઈશાન કોણમાં આવેલા મનહર બાગમાં જઈને રહ્યો.

પેલા છ ભાઈઓ નામું લખવામાં, અને હિસાબ ગણવામાં બહુ ગુંથાયેલ હોવાથી હમણાં બહાર જઈશું, હમણાં બહાર જઈશું એમ વિચાર કરતા રહ્યા, પણ સાંજ સુધી નીકળી શકયા નહિ અને દુકાનમાં રહી ગયા, સૂર્ય અસ્ત થયો, તેવાજ તે છોકરાઓ હિસાબથી પરવાર્યા, અને શહેર બહાર જવાની વાત સ્મરણમાં આવવાથી એકદમ ઉતાવળા ઉતાવળા ચાલવા મંડ્યા, અને દરવાજા આગળ આવતાજ તે દરવાજા, તેમના જીવતરની આશા સાથે બંધ થયા. તેમને જીવવાની આશા રહી નહિ, તોપણ પુરૂષ પ્રયત્ન કરવો એમ વિચારી કોઈ ન દેખે તેવી રીતે એક સુંદર ભોંયરામાં સંતાઇ રહ્યા અને ધારણી રાણી પણ મોટા પરિવાર સહિત સંપૂર્ણ શણગાર ધારણ કરી, રાત્રીને વિષે પોતાના અભિપ્રાય પ્રમાણે તે પુરૂષરહિત શહેરમાં ફરતી હતી. અનુક્રમે રાત્રી પસાર થઈ, અને કમળના સમૂહને ખીલવવામાં કુશળ, જગતના એક નેત્ર સમાન, સૂર્ય ઉદયાચળ પર્વતની ટોચ ઉપર ચઢવા લાગ્યો. તે સમયે સઘળી દિશાઓ બાબરાના પુષ્પ સરખી રાતી દેખાવા લાગી. એ વખતે રાજાએ હુકમ કર્યો કે "જાઓ આપણુ શહેર તપાસી જુઓ કે મારી આજ્ઞાનો ભંગ કરી કોઈ પુરૂષ અંદર તો નથી રહ્યા કે?"

બરાબર તપાસ કરતાં કરતાં, જમના દૂત જેવા કોટવાળોએ તે છ ભાઈઓને શોધી કાઢી રાજા આગળ ખડા કર્યા. તે સમયે રાજાને પગથી માથા સુધી ક્રોધ વ્યાપી ગયો અને આંખની ભ્રકુટિ

ચડાવી તે શેઠના પુત્રોનો વધ કરવાની આજ્ઞા આપી, વજ્રનો પ્રહાર પડે તેવી આ વાત શેઠના કર્ણે પડી. શેઠ તો એકદમ ગાંડા જેવા બની ગયા. ભ્રમિત ચિત્ત થઈ ગયું, અને જ્યાં ચારે બાજુએ સમુદ્રના મોજાં પર્વત સમાન ઉછળતા હોય તેવા સમુદ્રના પ્રચંડ આવેગમાં અફળાઈને ભાંગી પડતા વ્હાણમાં બેઠેલા માણસોની જેમ 'હવે મારે શું કરવું. હાય, અફસોસ ! રે કાંઈ ઉપાય નથી સુઝતો. હે ભગવન્ ! હવે શું કરૂ ? ક્યાં જઉ ?" એમ ભયભીત થઈ બોલવા લાગ્યા. આમ થોડીકવાર સ્થિતિ રહી. પણ પછી રડવાથી દુઃખનો નાશ થશે નહિ એમ વિચારી, બીકણ માણસની ચેષ્ટા દૂર કરી, સ્ત્રી લોકોને ઘટિત શોકના આવેશનો ત્યાગ કરી, ધીર પુરૂષોને યોગ્ય ધૈર્યનો આધાર લઈને દીનતાનો અનાદર કરી, નગરના પ્રધાન અને બીજા મુખ્ય માણસોની મદદ લઈને, હાથમાં ઉત્તમ રત્નોથી ભરપૂર પાત્ર લઈને, તે રાજા પાસે વિનંતી કરવા આવ્યો. રાજાને સવિનય તે શેઠે જણાવ્યું કે "હે કૃપાનિધે ! હે દેવ ! આ મારા પુત્રો કોઈ પણ ચિત્તના મલીન અભિપ્રાયથી રાત્રિએ શહેરમાં રહ્યા નથી, પણ હિસાબમાં તેમનું ચિત્ત પરોવાયેલું હોવાથી તેઓ બહાર નીકળી શક્યા નહિ અને સૂર્યાસ્ત સમયે નગરથી બહાર નીકળવા ચાલ્યા, પણ નગરના દરવાજા બંધ થયેલા જોઈ પરવશ બની તેઓ બહાર નીકળી શક્યા નહિ, માટે મારા પુત્રોનો આ એક અપરાધ માફ કરો, તેમને જીવિતદાન આપી આ રંક ઉપર એક મોટી મહેરબાની કરો."એ પ્રમાણે તે શેઠે જુદા જુદા શબ્દોમાં વિનંતી કરી, પણ તે અતિ ક્રોધાયમાન રાજા પોતાના વિચારથી લેશ માત્ર ડગ્યો નહિ.

જ્યારે શેઠને લાગ્યું કે રાજા માને તેમ નથી, ત્યારે રાજાનો કોપ શમાવવા એક પુત્ર મારવાની શેઠે રાજાને રજા આપી, બાકીના પાંચને જીવતા રાખવાનુ કહ્યું, તોપણ રાજાએ ન માન્યું, એમ અનુક્રમે શેઠે પાંચ પુત્રની ઉપેક્ષા કરી, તો પણ રાજાનો ક્રોધ શમ્યો

નહિ. ત્યારે પાસે બેઠેલા પ્રધાન, પુરોહિત વગેરેએ અત્યંત પ્રાર્થના સહિત જણાવ્યું કે કોઈના પણ વંશનો તદ્દન ઉચ્છેદ કરવો એ મોટું પાપ છે. તે પ્રાર્થનાથી થોડો ક્રોધ શાન્ત થવાથી, તે રાજાએ બકીના પાંચ છોકરાને મારી નંખાવરાવ્યા, અને એક મોટા છોકરાને જીવતો રાખ્યો.

આ દૃષ્ટાન્ત ઉપરથી ઉપનય આ પ્રમાણે સમજવો.

જેમ વસંતપુર નામે નગર હતું. તેમ આ સંસાર છે. રાજાને ઠેકાણે શ્રાવક જાણવો. શેઠને ઠેકાણે ગુરૂ જાણવા, છ પુત્રોને સ્થળે છ જીવનિકાય જાણવા. અહીં પિતા જેમ પાંચ પુત્રની ઉપેક્ષા કરી એક પુત્રને બચાવે છે તોપણ તે પાંચ પુત્રના વધમાં તેને અનુમોદના દોષ લાગતો નથી. કારણ કે તેનો અભિપ્રાય તો છએ પુત્રોને જીવાડવાનો છે; તેજ રીતે ગુરૂને પણ શ્રાવકને વ્રત આપવાથી, નિયમથી બહાર રહેલા પાંચ સ્થાવરોના વધની અનુમોદનાનો દોષ લાગતો નથી, કારણ કે તેમનો અભિપ્રાય તો હિંસા માત્રનો ત્યાગ કરાવવાનો છે.

ગુરૂને છ જીવનિકાય પુત્ર સમાન છે; અને તેથી યતિ ધર્મ પાળવાનો ઉપદેશ કરીને છ જીવનિકાયનો બચાવ કરાવવા પ્રયત્ન કરે છે; પણ રાજાની માફક શ્રાવક સમગ્ર જીવોને મૂકવાનો ઉત્સાહ કરતો નથી તેથી મોટા પુત્ર સમાન ત્રસકાયને, નાના પુત્રો સમાન પાંચ સ્થાવર જીવોની ઉપેક્ષા કરીને, મૂકાવનાર ગુરુને, બીજા જીવોની હિંસાનો અનુમોદના દોષ લાગતો નથી.

વિધિ સહિત અણુવ્રત ગ્રહણ કરાવવાં તે દર્શાવે છે.

योगवन्दननिमित्तदिगाकारशुद्धिर्विधिरिति ॥१४॥

અર્થ:—યોગ શુદ્ધિ, વન્દન શુદ્ધિ, નિમિત્ત શુદ્ધિ, દિક્‌શુદ્ધિ, અને આગારશુદ્ધિ, એ અણુવ્રતની પ્રાપ્તિમાં વિધિ જાણવી.

ભાવાર્થ :—યોગ ત્રણ પ્રકારના છે. કાયયોગ, મનયોગ અને વચનયોગ, એટલે કાય મન અને વચનના વ્યાપારની શુદ્ધિ કરવી તે યોગશુદ્ધિ.

ઉપયોગ સહિત જવા આવવાની ક્રિયા કરવી તે કાય શુદ્ધિ.

નિરવદ્ય બોલવું તે વચનશુદ્ધિ.

શુભ ચિન્તવવું તે મનશુદ્ધિ જાણવી.

અસ્ખલિતપણે પ્રાણિપાતાદિનો ઉચ્ચાર કરવો, અને ભાન સહિત કાર્યોત્સર્ગ કરવો; તે વંદનશુદ્ધિ જાણવી.

શંખ, નોબત વગેરે શુભ વાજીંત્રનો નાદ સાંભળવો, પૂર્ણ કુંભ ઝારી, છત્ર, ધ્વજ, ચામર ઈત્યાદિ શુભ વસ્તુ જોવી, અને સુગંધી પદાર્થોની ગંધ લેવી, આ લક્ષણથી નિમિત્ત શુદ્ધિ કહેવાય છે.

પૂર્વ દિશા, ઉત્તર દિશા, અને જે દિશામાં જિનેશ્વર હોય તે દિશાનો આશ્રય કરવો તે દિક્‌શુદ્ધિ કહેવાય.

રાજા વગેરેના અભિયોગથી પ્રત્યાખ્યાન (પચ્ચકખાણ) માં અપવાદ રાખવા તે આગારશુદ્ધિ કહેવાય.

આ સઘળી શુદ્ધિઓને વિધિપૂર્વક ગ્રહણ કરતાં લક્ષમાં રાખવી જોઈએ.

तथा उचितोपचारश्चेति ॥१५॥

અર્થ:—ઉચિતનો ઉપચાર કરવો.

ભાવાર્થ :—દેવ, ગુરૂ, સ્વધર્મી બંધુ, સ્વજન, અનાથ, દીન વગેરેનો જેનો જેમ ઘટે તેમ ઉપચાર (સેવા) કરવો; એ પણ એક વિધિ છે, તે વિનય છે. અને **विनय मूलो धम्मो** ધર્મનુ મૂળ વિનયમાં છે, માટે ધર્મ ગ્રહણ કરવાની ઈચ્છાવાળાએ જેનો જેવો ઘટે તેવો વિનય કરવો.

અણુવ્રત ગ્રહણ કરવાની વિધિ તથા જરૂરીઆત આપણે વિચારી ગયા, હવે તેનો ક્રમ બતાવતાં શાસ્ત્રકાર લખે છે.

स्थूलप्राणातिपातादिभ्यो विरतिरणुव्रतानि पञ्चेति. ॥१६॥

અર્થ:—સ્થૂલ હિંસા આદિ પાંચ અવ્રતથી વિરામ પામવો તે પાંચ અણુવ્રત જાણવાં.

૧ સ્થૂલ પ્રાણાતિપાતવિરતિ. ત્રસ જીવોનો હિંસા ન કરવી. પ્રમાદથી પ્રાણીનો નાશ કરવો તે હિંસા. તેના બે પ્રકાર છે, સ્થૂલ, હિંસા અને સૂક્ષ્મહિંસા. તેમાં સૂક્ષ્મ હિંસા પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને વનસ્પતિ એ પાંચ સ્થાવરને લગતી છે, અને સ્થૂલ હિંસા તો બેઇંદ્રિયથી આરંભીને પંચેન્દ્રિય સુધી સર્વ ત્રસકાયની હિંસા માટે સ્થૂલ હિંસાના પચ્ચક્ખાણ કરનાર શ્રાવક સર્વ ત્રસકાયના જીવોની હિંસા નહીં કરવાની પ્રતિજ્ઞા લે છે.

૨. સ્થૂલ મૃષાવાદ વિરતિ–મોટું જુઠું ન બોલવું.

૩. સ્થૂલ અદત્તાદાન વિરતિ–મોટી ચોરી ન કરવી.

૪. સ્થૂલ મૈથુન વિરતિ–પોતાની સ્ત્રીમાં સંતોષ રાખવો.

૫. સ્થૂલ પરિગ્રહ વિરતિ–પરિગ્રહનો નિયમ રાખવો.

સાધુઓ જેનો **સર્વથા** ત્યાગ કર છે, તેનો શ્રાવક **દેશથી** ત્યાગ કરે છે; તેથી સાધુના પંચ **મહાવ્રત** કહેવાય છે; અને શ્રાવકના પંચ અણું (નાના) વ્રત કહેવાય છે, એ પાંચે વ્રતો દરેક શ્રાવકે ગ્રહણ કરી તેને પાળવામાં પ્રમાદ ન કરવો.

तथा–दिग्व्रतभोगोपभोगमानानर्थदण्डविरतयस्त्रीणि गुणव्रतानि इति ॥१७॥

અર્થ:—દિગ્વ્રત, ભોગપભોગનું પરિણામ, અને અનર્થદંડથી વિરામ પામવું એ ત્રણ **ગુણ** વ્રત કહેવાય.

ભાવાર્થ :–અણુવ્રતને ગુણ કરનારા એટલે ઉપકાર કરનારા તે ગુણવ્રત કહેવાય. ગુણવ્રત સિવાય અણુવ્રતની જેવી જોઈએ તેવી શુદ્ધિ રહેતી નથી, માટે શ્રાવકે અણુવ્રતરૂપ વૃક્ષોના રક્ષણ માટે વાડ રૂપ

ત્રણ ગુણવ્રતો પણ અંગીકાર કરવા જોઇએ. દિગ્પરિમાણ વ્રત ભોગોપભોગનું પરિણામ અને અનર્થ દંડ વિરમણ એ ત્રણ ગુણવ્રત જૈનશાસ્ત્રમાં કહેલાં છે. (જેનું વર્ણન હવે પછી.)

तथा सामायिक-देशावकाशिक-पौषधोपवासातिथिसंविभागाश्चत्वारिशिक्षापदानीति ॥१८॥

અર્થ :-સામાયિક, દેશાવકાશિક, પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ એ ચાર શિક્ષાવ્રત છે.

ભાવાર્થ :-જેને જીવનમાં સાધુધર્મનાં અભ્યાસ તરીકે વર્ણવવામાં આવે છે તે શિક્ષાવ્રત છે.

૧. સામાયિક:-મોક્ષમાર્ગની સાધનામાં સમાન સામર્થ્યવાળા સમ્યક્ દર્શનજ્ઞાન-ચારિત્રનો જે આય (લાભ) તે સમાય અથવા રાગ-દ્વેષની વચ્ચે મધ્યસ્થ પરિણામમાં વર્તવું તે સમ અને તેનો લાભ તે સમાય અને તે જ સામાયિક.

આ સામાયિક સાવદ્યયોગના પરિહાર અને નિરવદ્યયોગના અનુષ્ઠાન રૂપ જીવ પરિણામ છે.

૨. દેશાવકાશિક :-૧૦૦ કીલોમીટર-૨૦૦ કીલો મીટર આદિ દિગ્વ્રત જે પહેલા સ્વીકારેલું છે, તેનો હંમેશા સંક્ષેપ કરવો તે દેશાવકાશિક વ્રત.

૩. પૌષધોપવાસ :- જે આત્માનું પોષણ કરે તે **પૌષધ** અથવા આઠમ અને ચૌદસ આદિ પર્વ દિવસો આત્માને આરાધના દ્વારા પોષણ આપતા હોવાથી તેને પૌષધ કહેવાય. **ઉપવાસ**-દોષિત એવા આત્માનો આહાર પરિહાર દ્વારા આત્મામાં વાસ કરાવવો તે ઉપવાસ. ટીકાકાર કહે છે કે,

उपावृत्तस्य दोषेभ्यः सम्यगवासौ गुणैः सह ।
उपवासः स विज्ञेयो न शरीरविशोषणम् ॥

દોષસહિત આત્માનો ગુણમાં વાસ કરાવવો તે ઉપવાસ છે. પરંતુ શરીરનું શોષણ એ ઉપવાસ નથી.

૪. અતિથિ સંવિભાગ : વીતરાગ પરમાત્માએ કહેલ ધર્મને આચરનારા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા તે અતિથિ કહેવાય છે. તેઓને ન્યાય પૂર્વક મેળવેલા ધન વડે કલ્પનીય ભોજન પાન વિગેરેનું યોગ્ય રીતે દાન કરવું તે અતિથિ સંવિભાગ કહેવાય છે.

શ્રી ઉમાસ્વાતિ વાચક પ્રણીત શ્રાવક પ્રજ્ઞપ્તિ સૂત્રમાં કહ્યું છે કે સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ અતિથિ ઘરે આવે ત્યારે ભક્તિ પૂર્વક ઉભા થવું, આસન આપવું, પગ પુંજવા, નમસ્કાર કરવો વિગેરે યોગ્ય સત્કાર કરીને, પોતાના વૈભવ અને શક્તિ અનુસાર ભોજન, પાન, વસ્ત્ર, ઔષધ અને મકાન વિગેરે આપવું તે અતિથિ સંવિભાગ.

ततश्च-एतदारोपणं दानं यथाऽर्हं साकल्यवैकल्याभ्यामिति॥१९॥

અર્થ: :—ઉપરના બાર અણુવ્રતો યોગ્ય વ્યક્તિને સંપૂર્ણ અથના બે ચાર વ્રતનું દાન કહેવાય.

ભાવાર્થ:—હવે સમ્યક્ત્વમૂલ આ અણુવ્રતોને ગ્રહણ કર્યા બાદ શું કરવું જોઈએ તે કહે છે.

गृहीतेष्वनतिचारपालनमिति ॥२०॥

અર્થ:—વ્રતોનુગ્રહણ કર્યાબાદ અતિચાર રહિતપણે પાલન કરવું.

ભાવાર્થ:—સમ્યક્ દર્શનાદિ ગુણોને ગ્રહણ કર્યા બાદ તેની વિરાધના ન થાય તે રીતે તેને પાળવા જોઈએ. ખરાબ પવનનાં કારણે હણાયેલા બણા ફળ ફૂલનાં વૃક્ષો જેમ ઓછા ફળ આપે છે, તેમ અતિચારથી હણાયેલા વ્રતો પૂર્ણ ફળ આપી શકતા નથી.

હવે દરેક વ્રતના અતિચાર બતાવવા પ્રથમ સમ્યગ્દર્શન ના અતિચાર બતાવે છે.

शङ्का १ काङ्क्षा २ विचिकित्सा ३ ऽन्यदृष्टिप्रशंसा संस्तवाः ४-५ सम्यग्दृष्टेरतिचाराइति ॥२१॥

અર્થ :—

૧ શંકા.
૨ કાંક્ષા.
૩ વિચિકિત્સા.
૪ અન્ય દર્શનકારોની પ્રશંસા.
૫ પરિચય
એ સમ્યગદર્શનના અતિચારો છે.

ભાવાર્થ:—

૧. શંકા : શંકા બે પ્રકારે છે.
I સર્વ શંકા. II દેશ શંકા.
I ભગવાનના સર્વ વચનોમાં શંકા રાખવી તે સર્વ શંકા. દા. ત. ભગવાને કહેલી બધી વાત સુયોગ્યપણે કેવી રીતે ઘટે ? એવી વિચારણા તે સર્વ શંકા.
II ભગવાનના કહેલા અમુક વચનોમાં શંકા કરવી તે દેશ શંકા. દા. ત. પૃથ્વીકાયાદિમાં જીવ હશે કે કેમ ? એવી વિચારણા તે દેશ શંકા.

૨. કાંક્ષા : અન્ય દર્શનોને સારા માનીને અથવા તેમના અમુક કાર્યોને સારા માનીને તેની ઇચ્છા રાખવી તે કાંક્ષા. દા. ત. બૌદ્ધોનો ધ્યાનવાદ બરોબર કરવા જેવો છે. એવી વિચારણા કરવી તે કાંક્ષા.

૩. **વિચિકિત્સા :** આપણા દ્વારા થતી ધર્મક્રિયાના ફળમાં શંકા રાખવી તે વિચિકિત્સા. દા. ત. હું ઉપવાસ-સામાયિક વિગેરે ધર્મક્રિયા કરૂં છું તેનું ફળ મળશે કે નહિ. તેવી વિચારણા તે વિચિકિત્સા.

૪. **અન્યદ્રષ્ટિ પ્રશંસા :** અન્યદર્શનોની અમુક સારી કરણી જોઈને આ પુણ્યશાળી છે, એમનો જન્મ સફળ છે તે દયાળુ છે, એવી જાહેરમાં પ્રશંસા કરવી તે.

શાસ્ત્રકાર ભગવંતોએ બીજાના થોડા અને નાના પણ ગુણની અનુમોદના કરવાની કહી છે. કારણ કે અનુમોદના માનસિક છે. પણ પ્રશંસા જાહેર ભાષણ રૂપ છે. આજે જાહેર પ્રશંસા કરવાથી બાળજીવો તે તરફ ખેંચાઈને પોતાના ધર્મ પ્રત્યે શિથીલ બને તેથી અન્યદૃષ્ટિ પ્રશંસા એ સમ્યક્ત્વનો અતિચાર કહ્યો છે.

૫. **અન્યદ્રષ્ટિ સંસ્તવ :** સંસ્તવ એટલે પરિચય.

અન્યદર્શની સાથે રહેવું, ભોજન કરવું, ધર્મબુદ્ધિથી દાન આપવું, વાતચીત કરવી તે પરિચય કહેવાય, તે કરવાથી અતિચાર લાગે છે.

વ્રતધારી શ્રાવક અન્યદર્શનીઓ સાથે વધુ પરિચય રાખે તો તેમની પાછળ રહેલા ભાવુકો વિવેકદ્રષ્ટિના અભાવે એ તરફ સંપૂર્ણ ખેંચાય અને પોતે પણ વારંવારના પરિચયથી પોતાના વ્રતોમાં શિથીલ બને અને કયારેક વ્રતો પણ છોડી દે અને આવું મોટું આત્માનું નુકસાન થવા સંભવ રહે એટલે અન્યદ્રષ્ટિનો પરિચય વર્જવો.

"तथा व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रममिति" ॥२२॥

અર્થ :-વ્રત અને શીલને વિષે અનુક્રમે પાંચ પાંચ અતિચાર સમજવા.

ભાવાર્થ:—પાંચ અણુવ્રતમાંના દરેકને વિષે તેમજ શીલ એટલે ગુણવ્રત અને શિક્ષાવ્રતને વિશે એમ બારે વ્રતને વિષે પાંચ પાંચ અતિચાર સમજવા. આ અતિચાર ન લાગે તેમ વ્રત પાળવાં.

હવે પ્રથમ "સ્થૂલહિંસા વિરમણ" નામના અણુવ્રતના પાંચ અતિચાર શાસ્ત્રકાર જણાવે છે.

"बन्धवधच्छविच्छेदातिभारारोपणान्नपानिरोधा इति" ॥૨૩॥

અર્થ:—

૧ બન્ધ.
૨ વધ.
૩ ચામડીનું છેદન.
૪ અતિ ભાર મૂકવો.
૫ અન્નપાન ન આપવું.

એ પાંચ પ્રથમ અણુવ્રતના અતિચાર છે.

ભાવાર્થ:—દોરડાં વગેરેથી બાંધવું, તાડન કરવું (મારી નાંખવું તે તો અનાચાર કહેવાય.) ચામડી અને શરીરનું છરા વગેરેથી છેદવું, અતિ ભાર ભરવો, અને ભોજન પાણી ન આપવાં એ પાંચ અતિચાર છે. અને તે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતને લાગે છે.

૧. ચાર પગ તથા બે પગવાળાં પ્રાણીઓનો બંધ બે પ્રકારનો છે. ૧ સાર્થક અને ૨ નિરર્થક. સાર્થક બંધ કરવો ઘટિત છે પણ નિરર્થક બંધ કરવો યોગ્ય નથી.

સાર્થક બંધ બે પ્રકારનો છે. ૧ સાપેક્ષ. ૨ નિરપેક્ષ. અગ્નિ વગેરેના ભય વખતે બંધન છોડી શકાય અથવા છેદી શકાય, એવી રીતે દોરડાથી બાંધવું તે સાપેક્ષ બંધ કહેવાય. અને ઘણું જ દૃઢ

અને છુટી ન શકાય તેવી રીતે બાંધવું તે નિરપેક્ષ બંધ કહેવાય. આ પ્રકારનો બંધ ચાર પગવાળા પ્રાણીને આશ્રયી લખેલો છે.

અને દાસ દાસી, ચોર તથા પાઠ આદિ શીખવામાં પ્રમાદી એવા પુત્રને બાંધવા હોય તો પોતાના પરાક્રમથી જ બાંધવા અને તેમનું રક્ષણ કરવું કે જેથી અગ્નિ વગેરેનો ઉપદ્રવ થાય તો તેઓ નાશ ન પામે. પોતાના પરાક્રમથી બાંધવા એનો અર્થ એવો થાય છે કે તેમના ઉપર એવી સખ્તાઈ રાખવી કે આજ્ઞા સિવાય રાખેલ ઠેકાણેથી બીજે ખસી શકે નહિ.

૨. તાડનની બાબત પણ એવી જ રીતે સમજવી. નિર્દયપણે મારવું તે નિરપેક્ષ વધ, તેનો તો સર્વદા ત્યાગ કરવો. શ્રાવકે પોતાના આશ્રિત ઉપર પ્રથમથી જ એવો દાબ બેસાડવો કે તેઓ તેનાથી બીતા રહે, અને તેમને મારવાનો અવસર તેને ન આવે, છતાં કદાચ એવો અવસર આવે તો મર્મ સ્થળ સિવાય બીજી જગ્યાએ ઘણો જ થોડો પ્રહાર કરવો, એ સાપેક્ષ વધ સમજવો.

૩. છવિચ્છેદ પણ તેજ રીતે જ સમજવો. પગ, હાથ, કાન, નાસિકા વગેરે નિર્દયપણે છેદવા તે નિરપેક્ષ છવિચ્છેદ કહેવાય, અને ગુમડાં, ઘા (વ્રણ) વગેરે છેદવા પડે અથવા કોઈ રોગમાં ડામ દેવો પડે તે સાપેક્ષ છવિચ્છેદ કહેવાય, નિરપેક્ષ સર્વથા ત્યાગ કરવા લાયક છે.

૪. શ્રાવકે બેપગાં અને ચોપગાં વાહનની મદદથી પોતાનું ગુજરાન ચલાવવાનો વ્યાપાર બનતા સુધી ન કરવો, છતાં તે ધંધો કરવો પડે તો બે પગવાળા મજુરો જેટલો ભાર પોતાની જાતે ઉપાડી શકે તથા ઉતારી શકે તેટલો ભાર ઉપાડવો. અને ચાર પગ વાળા પાસે તો નિયમ કરતાં પણ ઓછો ભાર ઉપડાવવો, કારણ કે તેમને બોલવાની વાચા નથી; એટલે પોતાને વધારે ભાર ઉચકવાનો છે એમ તેઓ બીજાને જણાવી શકે નહિ. હલ તથા ગાડાં પ્રમુખમાં જોડેલા બળદને યોગ્ય અવસરે છુટા કરવા.

કોઈપણ પ્રાણીને ભોજન તથા પાનમાં અંતરાય ન કરવો. કારણ કે તેમ કરવાથી, તે પ્રાણીઓને અન્નપાન નહિ મળવાથી કદાચ મરણ થવાનો સંભવ રહે છે. આ અન્નપાનનો નિરોધ બે પ્રકારનો છે. રોગાદિના ઉપચાર નિમિતે પ્રાણીને ભૂખ્યું રાખવું તે સાપેક્ષ નિરોધ કહેવાય. અને તેથી જુદી રીતે એટલે અપરાધ નિમિતે અન્નપાન નહિ આપવા, અને જીવ ભૂખથી પીડાય તેમાં આનંદ માનવો તે નિરપેક્ષ નિરોધ કહેવાય, છેવટનો નિરપેક્ષ સર્વથા ત્યાગ કરવા લાયક છે. ફક્ત અન્નપાન આજે તને નહિ મળે એવી ધમકી બતાવવી પણ ભોજનાદિ તો આપવું, અને પાપની શાંતિ નિમિતે ઉપવાસ કરાવવો.

આ બાબત પર ઘણું લખી શકાય, પણ ગ્રંથગૌરવનો ભય રહે છે તેથી પોતાની બુદ્ધિ અનુસાર વ્રતને અતિચાર ન લાગે તેમ સર્વ જગ્યાએ વર્તવું, એજ સાર છે.

શંકા:—વ્રત અંગીકાર કરનારે પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કર્યું છે તો તેનો બંધ વગેરે કરવાથી દોષ લાગશે નહિ, કારણ કે તેથી પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી, અને બંધાદિ કરવાનું જો તેણે પ્રત્યાખ્યાન કર્યું હોય છતાં બંધાદિ કરે, તો પચ્ચખાણનો ભંગ થાય છે, અને તેથી વ્રતની મર્યાદાનો પણ નાશ થાય છે; અને વ્રતમાં પાંચ પાંચ અતિચારના પણ વ્રતથી અધિકપણું થશે; આ પ્રમાણે બંધાદિને અતિચાર ગણવા યોગ્ય નથી.

સમાધાન : ખરી વાત છે કે પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કર્યું છે પણ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરવાથી બંધાદિકનું પણ પ્રત્યાખ્યાન થઇ જાય છે; કારણ કે બંધ વગેરે પ્રાણાતિપાતનાં કારણો છે. બંધ વગેરેથી વ્રતભંગ થતો નથી, પણ અતિચાર થાય છે. સર્વથા જ્યારે વ્રતનો ભંગ થાય ત્યારે વ્રતભંગ કહેવાય અને દેશથી (કેટલેક અંશે) વ્રતને બાધ આવે ત્યારે અતિચાર કહેવાય.

અને તેથી બંધાદિથી સર્વથા વ્રતનો ભંગ થતો નથી. માટે તે અતિચાર કહેવાય.

વ્રત બે પ્રકારે કહેલું છે. અંતર્વૃત્તિથી અને બહિર્વૃત્તિથી; અંતર્વૃત્તિ અને બહિર્વૃત્તિ બન્ને વૃત્તિથી જ્યારે વ્રતનો ભંગ થાય ત્યારે વ્રતભંગ કહેવાય; પણ કેવળ અંતર્વૃત્તિથી અથવા કેવળ બહિર્વૃત્તિથી વ્રતનો ભંગ કરવામાં આવે ત્યારે અતિચાર લાગે છે.

શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

न मारयामीति 'कृतव्रतस्य' विनैव मृत्युं क इहातिचारः ।
निगद्यते यः कुपितो वधादीन् करोत्यसौ स्यान्नियमानपेक्षः ॥१॥
मृत्योरभावान्नियमोऽस्ति तस्य कोपाद्दयाहीनतया तु भङ्ग ।
देशस्यभङ्गादनुपालनाच्च पूज्या अतिचारमुदाहरन्ति ॥२॥

હું મારું છું એવા વિકલ્પવિના કોપના આવેશમાં પારકાના પ્રાણને હાનિ થશે એમ નહિ ગણકારતો જે કોઈ બંધાદિ કરે, પણ તેથી પ્રાણી ઘાત થાય નહી, તો નિર્દયપણે વિરતિની અપેક્ષા રાખ્યા સિવાય પ્રવર્તન કરવા માટે અંતર્વૃત્તિથી વ્રત ભંગ થયો પણ પ્રાણીના જીવનો ઘાત થયો નથી એથી બહિર્વૃત્તિથી વ્રતનું પાલન થયું, આમ દેશથી વ્રતના ભંગ અને દેશથી વ્રતના પાલનને અતિચાર કહેવાય.

શંકા :—"હું નહિ મારું" એવું વ્રત ગ્રહણ કરનારને મૃત્યુ કર્યા સિવાય અતિચાર કેમ લાગુ પડે? આવેશથી વધાદિ કરવા અને નિયમની દરકાર નહિ કરવી તેનું નામ અતિચાર, તો પછી ઉપરનું વ્રત ગ્રહણ કરનારને અતિચાર શી રીતે લાગુ પડે?

સમાધાન : પ્રાણીનું મૃત્યુ થતું નથી તેથી નિયમનું પાલન થાય છે, પણ કોપથી દયાહીન થયો તેથી નિયમનો ભંગ થાય છે, અને દેશથી (partly) નિયમના પાલનને, અને દેશથી નિયમના

ભંગને પૂજ્ય પુરૂષો અતિચાર કહે છે, માટે તેને પણ અતિચાર લાગુ પડે છે, પણ વ્રતનો ભંગ થતો નથી. આગળ શંકામાં કહેલું છે કે બંધાદિનું પ્રત્યાખ્યાન કરવાથી નિયમની હદ રહેતી નથી તે શંકા પણ અયોગ્ય છે, કારણ કે વિશુદ્ધ રીતે પ્રાણાતિપાતનું વિરમણ કરવામાં આવે, તો તેમાં બંધાદિનો નિષેધ આવી જાય છે. માટે બંધાદિને અતિચાર ગણવા, પણ તેથી વ્રતની હદ ઓળંગાતી નથી.

બીજું મૃષાવાદ-અસત્ય અણુવ્રત વિરમણનાં પણ પાંચ અતિચાર છે. તે નીચે પ્રમાણે છે.

मिथ्योपदेशरहस्याभ्याख्यानकूटलेखक्रियान्यासापहार स्वदारमंत्रभेदा इति ॥२४॥

(૧) મિથ્યા ઉપદેશ.
(૨) રહસ્ય બોલવું તે.
(૩) બોટા દસ્તાવેજ લખવા, જુઠી સાક્ષી પુરવી.
(૪) થાપણ ઓળવવી.
(૫) સ્ત્રી વગેરે સાથે થયેલી ગુપ્તવાત પ્રકટ કરવી.

૧. મિથ્યોપદેશ-સત્ય બાબત શું છે તે જાણવા છતાં બીજાને બોટી વાત કહેવી અને બોટી વાત કહેવરાવવી તે મિથ્યા ઉપદેશ છે.

આ મિથ્યા ઉપદેશ "બીજાની પાસે જુઠું ન બોલાવવું," એવા વ્રતમાં ભંગ કરે છે, પણ "મિથ્યા ન બોલવું" એ વ્રતમાં ભંગ કરતો નથી, તોપણ સહસાત્કાર અને અનાભોગ એ બે વડે, અતિક્રમ, વ્યતિક્રમ અથવા અતિચારથી બીજા માણસને અસત્ય બોલવામાં પ્રવૃત્તિ કરાવવી તે આ વ્રતનો અતિચાર છે.

અથવા વ્રતનું સંરક્ષણ કરવાની બુદ્ધિથી પારકાનું વૃતાન્ત કહેવા દ્વારા જે મિથ્યા ઉપદેશ આપે છે તેને અતિચાર લાગે છે. વ્રતની અપેક્ષા છે તેથી નિયમનું પાલન થાય છે, અને મિથ્યા ભાષણમાં

પ્રવર્તવાપણું છે માટે નિયમ ભંગ થાય છે, એટલે વ્રત ભંગ તથા પાલનને અતિચાર કહેવાય છે.

૨. **રહસ્યાભ્યાખ્યાન**—અમુક માણસો એકાંતમાં વાતો કરતાં, માટે રાજ્ય વિરૂદ્ધ આમ વાતો કરતા હશે, અથવા વ્યભિચારનો વિચાર કરતા હશે વગેરે કહેવું તે.

શંકા:—રહસ્ય વાતનો પ્રકાશ કરવાથી તો નક્કી વ્રત ભંગ થાય છે, કારણ કે તેમાં ખોટા દોષ કહેવાય છે માટે અતિચાર ન લાગતાં વ્રત ભંગનો દોષ લાગે છે.

સમાધાન:—તમારૂં કહેવું વિચારવા લાયક છે, પણ બીજાને નુકશાન કરનારૂં વાક્ય અજાણપણે બોલાય ત્યારે ભાવ કલેશવાળો હોતો નથી, તેથી અંતર્વૃત્તિથી વ્રતનું રક્ષણ થાય છે; પણ પારકાને હાનિ થાય છે તેથી વ્રતનો બહિર્વૃત્તિથી ભંગ થાય છે, આ રીતે નિયમના ભંગાભંગથી અતિચાર લાગે છે કહ્યું છે કે,

सहसाभक्खाणाइ जाणंतो जइ करेज्ज तो भङ्गो ॥
जई पुण्णाभोगाइहिंतो तो होइ अतिचारा ॥१॥

જો જાણી જોઈને સહસાત્કારે અભ્યાખ્યાન વગેરે કરે તો વ્રતનો **ભંગ** થાય છે. અને જો વિચાર્યા સિવાય કહેવાય તો **અતિચાર** લાગે.

આ બાબત હાલના સમયમાં બહુ વિચારવા જેવી છે. ઘણા પુરૂષો બે જણને છાની વાત કરતાં જુએ એટલે તેઓ અમુક જ બાબત વિષે વાત કરતા હશે, એવો નિશ્ચય બાંધી લે છે; અને પછી મેં જાતે તેમને અમુક વાત કરતાં સાંભળ્યા એમ બીજા આગળ તે વાત બહુ જ આનંદ સાથે કરે છે, તેઓ વળી બીજા આગળ વાત ચલાવે છે; આમ જ્યાં સર્વનો લીસોટો સરખો ન હોય ત્યાં બસો સાપ હતા એવી વાત સર્વત્ર પ્રસરી જાય છે; આ રીતે ઘણા નિર્દોષ માણસોને માથે આળ ચઢે છે, જે આળ ખોટું ઠરાવતા બહુ વાર

લાગે છે. કારણ કે સારી વાતને પ્રસરતાં જેટલી વાર લાગે છે તેના કરતાં ઘણાજ જુજ સમયમાં ખરાબ વાતો પ્રસરી જાય છે. કોઈના સંબંધી ખોટી વાત પ્રસરતાં જે અનિષ્ટ પરિણામ આવે તેનો જોખમદાર **પ્રથમ** તે વાત પ્રગટ કરનાર ઠરે છે; માટે કોઈના વિષે ખોટો વિચાર બાંધવો યા ફેલાવવો તે મોટો દોષ છે એમ સમજી કોઇના અછતા દોષને વાક્ચાતુર્યથી પ્રકટ કરવા લલચાવું નહિ.

૩. **કૂટલેખક્રિયા**–ખોટી વાતની સૂચના કરે એવા લેખ લખવા, તે મૃષાવાદ વ્રતનો **ત્રીજો અતિચાર** છે.

જે માણસો કૂટ લેખ લખે છે, તેઓ લોભ વૃત્તિથી આ કામ કરે છે, પણ તેઓ છેતરાય છે; કારણ કે સામો માણસ ધારો કે તમારા ખોટા લેખથી છેતરાયો. અને તમને ધનનો લાભ થયો, પણ તેથી જે ભારે નુકશાન તમને થાય છે તેનો તમને કયાં ખ્યાલ છે ? ન્યાયવૃત્તિ જે આત્માનો ગુણ છે, તે આ કારણે તમારામાંથી નાશ પામે છે; અને તેથી **સ્થૂળ** દ્રવ્ય લેવા જતાં, **આત્મિક** દ્રવ્ય ગુમાવો છો. આ રીતે લાભને બદલે હાનિ થાય છે, કારણ કે આત્મિકદ્રવ્ય સ્થૂળ દ્રવ્ય કરતાં અનંતઘણું કીંમતી છે. માટે સ્થૂળ દ્રવ્યના લાભ માટે કદાપિ, મનના પરિણામને મલીન કરનાર ખોટો દસ્તાવેજ કરવો એ શ્રાવકને ઘટિત નથી; વળી તેવા લેખથી સામા મનુષ્યના દ્રવ્ય પ્રાણ તથા ભાવ પ્રાણનો વિનાશ થાય છે, તેથી હિંસા થાય છે.

ધન એ માણસનો અગીઆરમો પ્રાણ ગણાય છે, માટે ખોટા લેખથી અન્ય પુરૂષના હકના પૈસા તમે કુખવવા મંગો અને કદાચ તેમાં તમો ફાવો તો પણ અન્ય પુરૂષના ભાવ પ્રાણનો પ્રથમ નાશ થાય છે, કારણ કે તેના મનમાં ચિંતા, વેર અને દ્વેષના વિચારો ઉત્પન્ન થાય છે, તેના કારણભૂત તમે છો. ચિંતા, વેર અને દ્વેષના વિચારની અસર તેના શરીરપર પણ જણાય છે, આ રીતે તેના દ્રવ્ય પ્રાણનો પણ નાશ થાય છે. ધનને સર્વસ્વ માનનાર ધનના

અભાવમાં આપત્તિમાં આવતાં આપઘાત વગેરે અનર્થ કરે, તો તેના જોખમદાર પણ ખોટો લેખ લખનાર એવા તમે છો. આવી રીતે અનર્થની પરંપરા જે કાર્યમાં રહેલી છે તેવા અન્યાય માર્ગથી પરનું ધન હરવાને ખોટા દસ્તાવેજ લખવા વગેરેથી વિમુખ રહેવું એ દરેક અહિંસાને પરમ ધર્મ માનનાર જૈનનું પ્રથમ અને જરૂરનું કર્તવ્ય છે.

આ સાથે જણાવવું જોઈએ જૈનનું નામ ધરાવનાર કોઈપણ ગૃહસ્થ કોર્ટમાં ખોટી સાક્ષી પૂરવી નહિ. અસલમાં જૈનો એટલા સત્યવાદી ગણાતા હતા કે તેમનું બોલવું કોર્ટમાં–ન્યાય–સભામાં પ્રમાણભૂત ગણાતું. જૈન કદાપિ અસત્ય બોલેજ નહિ એવી તેની ઉચ્ચ છાપ હતી, પણ હાલમાં તેને બદલે તેથી ઉલટું જ જોવામાં આવે છે, એ ઘણા અફસોસની બાબત છે. કેટલાકને જ્યારે આપણે આવો ઉત્તમબોધ આપવા ઇચ્છા રાખીએ છીએ ત્યારે તેઓ જણાવે છે કે જો આપણે બીજાની બાબતમાં ખોટી સાક્ષી ન પુરીએ તો તેઓ, વખત આવ્યે, આપણી તરફથી જુઠી સાક્ષી કેમ પુરે ? આ દલીલ તદ્દન પાયા વગરની છે. કારણ કે જુઠી સાક્ષી બીજા પાસે પુરાવવાનો વખત આવે એવું કાર્ય જ શા માટે કરવું જોઇએ ? જે સત્યવાદી છે અને શુદ્ધ આચરણવાળો છે, તેને એવી પરની ખોટી આશા શા માટે રાખવી જોઈએ ? આપણે સત્ય બોલનારાજ છીએ એવી છાપ આપણા વિષે આપણા વર્તનથી પાડીએ તો અસત્ય સાક્ષી પુરવાને કહેવાની હીંમત જ બીજો માણસ શી રીતે ધરી શકે ? માટે ખોટાં બહાનાં કાઢી જુઠી સાક્ષી પુરવી, અને પુરાવવી, એ ઘણું જ અઘટિત છે; અને જેઓ તે કામ કરે છે, તે સત્યના ઉપાસક નહિ પણ ખોટા વ્યવહારના ઉપાસક છે એમ કહેવું જ યોગ્ય ગણાય.

૪. વ્યવહાર–પારકો માણસ વ્યવહારે કે અનાદરે જો

ધન અથવા વસ્તુ મૂકી ગયો હોય, તે મુદત થયે લેવા આવનાર માલધણીને આપવાની ના કહેવી તે **થાપણ ઓળવવી** એ નામનો ચોથો અતિચાર છે.

જેમ ખોટો લેખ લખવાથી અનર્થ થાય છે, તેજ રીતે પરની થાપણ ઓળવવાથી પણ તેટલોજ અનર્થ થાય છે. માટે આ વ્રતના ત્રીજા અતિચારના ભેદના વર્ણનથી તે જાણવું. થાપણ ઓળવવાથી હિંસા, મૃષાવાદ, અને અદત્તાદાન એ ત્રણે દોષ લાગે છે; માટે કોઈપણ શ્રાવકે તેવું અઘટિત કાર્ય કરવું નહિ.

૫. સ્વદારમંત્રભેદ–પોતાની સ્ત્રી તથા મિત્ર સાથે ગુપ્ત ભાષણ કર્યું હોય તે લોકમાં પ્રસિદ્ધ કરવું તે **સ્વદારમંત્રભેદ** અથવા ગુપ્ત ભાષણ પ્રકાસ ન કહી શકાય. જે ખરો વાત સ્ત્રી અથવા મિત્ર સાથે થઈ હોય તે પ્રગટ કરવાથી અસત્ય બોલવાનો દોષ તો લાગુ પડી શકે નહિ, પણ સહસાત્કારે કોઇની રહસ્ય વાર્તા પ્રગટ થવાથી માણસને લજ્જા આવે, અથવા તેથી આપઘાત વગેરે કરવા તે દોરાય તો તેનું કારણ તે ગુપ્ત વાર્તા પ્રગટ કરનાર ગણી શકાય; કારણ કે કીર્તિ એ મનુષ્યને જીવ કરતાં વધારે પ્રિય લાગે છે, અને તેથી કીર્તિ વગરના જીવન કરતાં મરવું તેઓ વધારે પસંદ કરે છે. **"જીવ જાયે તેવી વાત કોને ન કહીએરે"** માટે કોઈનું રહસ્ય–ગુપ્ત બાબત કદાપિ પ્રગટ કરવી નહિ. કારણ કે જે સત્ય પરને નુકશાનકારી છે તે પરમાર્થથી અસત્યજ છે. માટે કોઈની ગુપ્ત વાત જાહેર કરવી તે અતિચાર કરે છે.

વ્રતમાં કોઈ પણ રીતે બાધ ન આવે માટે અચિતાર છે, પણ વ્રતના ભંગ માટે નથી. માટે લીધેલા વ્રતમાં ખામી ન આવે તે રીતે તે પાળવાં.

ત્રીજા વ્રતનાં અતિચાર આ પ્રમાણે છે.

स्तेनप्रयोगतदाहृतादानविरूद्धराज्यातिक्रमहीनाधिकमानोन्मानप्रतिरूपकव्यवहारा इति ॥२५॥

અર્થ:—અદત્તાદાન એટલે ચોરી ન કરવી તેના પાંચ અતિચાર આ પ્રમાણે છે.

૧. સ્તેનપ્રયોગ–ચોરને મદદ કરવી.

૨. ચોરે ચોરી લાવેલી વસ્તુઓ એકઠી કરવી.

૩. પોતાના રાજાના શત્રુ એવા અન્ય રાજાના દેશમાં અતિક્રમણ કરવું.

૪. ઓછાં અધિક માપ કરવાં.

૫. વસ્તુમાં ભેળસેળ કરવી.

૧. ચોરાને બીજાનું ધન હરી લાવવાની અનુમતિ આપવી તે સ્તેનપ્રયોગ. "હમણાં વ્યાપાર વિના કેમ બેસી રહ્યા છો? તમારે ખાવાપીવાનું ન હોય તો હું આપું, અને તમારી ચોરીનો માલ કોઈ વેચી આપનાર ન હોય તો હું વેચી આપીશ" એવાં વચનથી ચોરને તેના ધંધામાં પ્રેરણા કરે છે, તેને અતિચાર લાગે છે.

૨. ચોરે ચોરી લાવેલી વસ્તુ લોભ દોષથી જે છાની રીતે ગ્રહણ કરે તે ચોરજ કહેવાય.

નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે:—

चौरश्चौरापको मन्त्री भेदज्ञः क्राणकः क्रयी ।
अन्नदः स्थानदश्चैव चौरः सप्तविधः स्मृतः ॥

ચોર, ચોરી કરાવનાર, ચોરીની ગોઠવણ કરનાર, ચોરની ગુપ્ત વાત જાણનાર, ચોરીની વસ્તુ વેચનાર, લેનાર, ચોરને અન્ન આપનાર, અને ચોરને સ્થાન આપનાર; એ સાત પ્રકારના માણસો ચોર કહેવાય છે.

આથી ચોરીનો માલ સંગ્રહનાર પણ ચોરજ ગણવામાં આવે છે. ખરો શ્રાવક ચોરી કરે નહિ, અને ચોરને ઉત્તેજન આપે પણ

નહિ; કારણ કે ચોરને સહાય આપવાથી તે પરનું ધન હરણ કરે. તેથી જેનું ધન ચોરાયું હોય તેના ભાવ, પ્રાણ તથા દ્રવ્ય પ્રાણનો નાશ થાય; વળી એ વાત જાહેરમાં આવે તો ચોરની સાથે ચોરીનો માલ સંગ્રહી રાખનારને પણ સજા થાય; અને તેથી ધર્મ પણ વગોવાય. કારણ કે, જે ધર્મના માણસો આવાં કૃત્ય કરવા પ્રેરતા હશે, તે ધર્મ પણ એવો હલકોજ હશે એમ અન્ય માણસો ગણે. વળી લોકમાં આબરૂ જાય, અને તે માણસનો કોઈ વિશ્વાસ પણ ન રાખે. જ્યારે તેવો માણસ કોઈને ઘેર જાય, ત્યારે ઘરના સર્વે માણસો તેની હીલચાલને બારીક નજરથી તપાસે; આવો માણસ સર્વત્ર અપ્રિય થાય છે.

૩. પોતાના રાજાની રજા સિવાય દુશ્મનના લશ્કરમાં અથવા બીજા એવા સ્થાનમાં વેપાર માટે છાની રીતે પ્રવેશ કરવો તે વિરૂદ્ધ રાજ્યાતિક્રમ કહેવાય.

જૈનશાસ્ત્રમાં ચાર પ્રકારના અદત્ત કહેલાં છે. સ્વામીઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત, અને ગુરૂઅદત્ત. આમ પરરાજ્યમાં જવું તે સ્વામિ-નૃપ-અદત્ત કહેવાય. તેને ચોરના જેટલોજ દંડ કરવામાં આવે છે. પહેલાના સમયમાં આ નિયમ બહુ ઉપયોગી હતો; કારણ કે જો એક રાજ્યનો માણસ તે રાજાના શત્રુના રાજ્યમાં જાય તો પ્રથમના રાજાની હીલચાલ વગેરે અન્ય રાજાને જણાવી દેવાનો સંભવ રહે, તેથી રાજાઓ તે અપરાધને ચોરીના ગુના જેટલો ગણતા હતા. માટે જે રાજ્યમાં આપણે રહેતા હોઇએ તે રાજ્યના નિયમને માન આપીને વર્તવું જોઈએ. કારણ કે રાજભક્તિ કરવી એ જૈનોનો ધર્મ છે.

૪-૫. આપતી વખતે ઓછું જોખવું; અને લેતી વખતે વધારે જોખવું, અથવા ભરવું; અથવા કોઈ ભારે મૂલવાળી વસ્તુમાં હલકી ભેળવી દેવી, અથવા ઉપરની છાપ એને એ રાખી અંદર હલકો

માલ ભરવો. આ ત્રીજા અણુવ્રતના છેલ્લા બે અતિચારો છે. આવી રીતે ખોટાં તોળ માપથી અથવા ભેળશેળ કરવાથી મળેલું ધન તે પણ ચોરીનું ધન છે.

"ચોરીનો માલ ચંડાળે જાય અને પાપી હાથ ઘસતા થાય" એ કહેવત ખરી છે, તેનો એક ટુંક દાખલો અત્રે ટાંકવામાં આવે છે.

એક ધનસુખ નામનો વનિતાનગરીમાં શેઠ રહેતો હતો; તે રૂનો વ્યાપાર કરતો હતો. એકદા એક વૃદ્ધ માણસ એક રૂપીઆનું રૂ લેવા આવ્યો. તે શેઠે રૂપીઆનું આઠ શેર આપવાનું કહ્યું. તે વૃદ્ધે કહ્યું "આપો" પછી તે શેઠે એક ત્રાજવામાં ચાર શેરી મૂકી અને બીજા ત્રાજવામાં રૂ મૂકયું, અને પેલા વૃદ્ધે પાથરેલા વસ્ત્રમાં તે રૂવાળું ત્રાજવું ખાલી કર્યું. રૂ વજનમાં હલકું હોવાથી દેખાવમાં બહુ લાગે છે, તેથી તે વૃદ્ધ માણસે આઠ શેર રૂ આપેલું છે, એમ જાણી પોતાનું વસ્ત્ર વાળી લીધું, અને ધનસુખ શેઠને સલામ કરી ચાલતો થયો. ધનસુખ શેઠ પણ વ્યાપારની કપટકળામાં અતિ નિપુણ હોવાથી, જ્યાં પેલા વૃદ્ધ માણસે પોતાનું કપડું વાળવા માંડયું કે બાકીનું રૂ જોખવાનો વિચારજ બંધ કર્યો આ પ્રમાણે તે અઢી રૂપીઓ કમાયો.

પછી પોતાના નોકરને તેણે આજ્ઞા કરી કે "જા ઘેર જઈને કહી આવ કે આજે પુરણપોળી કરે". નોકર ઘર તરફ કહેવા ગયો આજે સ્વાદિષ્ટ ભોજન મફતના પૈસામાં મળશે, એવો તે ધનસુખ શેઠ ખોટો હર્ષ ધરવા લાગ્યો. તે શેઠની સ્ત્રીએ પતિની આજ્ઞા પ્રમાણે પુરણપોળી તૈયાર કરી, એવામાં એકાએક તે શેઠનો જમાઈ તેના મિત્રો સાથે આવી પહોંચ્યો, અને તે જમાઈ અને તેના મિત્રો ઘણા દૂરથી આવેલા હતા તેથી ભૂખ્યા હોવાથી તૈયાર કરેલું ભોજન બરાબર ઝાપટી ગયા અને પછી નિરાંતે સુતાં. સાંજે વાળુ સમયે

શેઠ ઘેર આવ્યા અને મનમાં આનંદ માનતા હતા કે હમણા પુરણપોળી ભાણામાં પીરસાશે, તેવામાં શેઠાણીએ સામાન્ય ઉષ્ણ રોટલો ભાણામાં પીરશી. શેઠ તો રાતાચોળ થઈ ગયા, "મેં કહેવરાવ્યું નહોતું કે પુરણપોળી કરજે, આ શું ?" તે શેઠની સ્ત્રી કહે 'જરા ધીરા પડી સાંભળો, જમાઈ ને તેના મિત્રો સુતા છે તે સાંભળશે, તમે તૈયાર કરવાનું કહેવરાવ્યું હતું તે પ્રમાણે મેં પુરણપોળીઓ તૈયાર કરી હતી, પણ (સુતેલા જમાઈ તથા તેના મિત્રો તરફ આંગળી કરી બોલી) આ બધા આવ્યા તે ભૂખ્યા હોવાથી ઝાપટી ગયા તેમાં હું શું કરું."

શેઠ જરા ધીમા પડયા. અને મન સાથે વિચાર કર્યો કે 'પાણીના પાણીમાં અને દુધના દુધમાં." ચોરી કરી પાપ વહોર્યું, અને ખાનાર ખાઈ ગયા, માટે ફરીથી આવું અન્યાયકૃત્ય હું કરીશ નહિ.

આ પાંચ અતિચારો રાજસેવકોને પણ લાગુ પડી શકે છે. પ્રથમના બે અતિચારતો સ્પષ્ટ રીતે તેને લાગી શકે કારણ કે તેઓ પણ ચોરને મદદ કરી શકે, અથવા ચોરે ચોરી લાવેલો માલ પોતાને ત્યાં સંગ્રહી રાખે; અને આ કામ તેઓ બીજા કરતાં વધારે સારી રીતે એટલે જણાય નહિ તેવી રીતે કરી શકે. કારણ કે ચોરને પકડવાનું કામ પોતાનું છે, અને તેથી ચોરને પકડવો કે નહિ તેમના હાથમાં છે; અને ચોરીના માલની તપાસ કરતાં કોઈ સ્થળે માલૂમ પડે તો તે ચોરની સાથે ભાગ વહેંચી લેવાની મસલત કરે, અને તે વાત પ્રગટ ન કરે; ચોરી કરાવવી અથવા ચોરને ઉત્તેજન આપવું તે રાજસેવકોને બહુજ સહેલું કામ છે પણ તે બહુજ ખોટું છે. વળી સ્વામીનું લુણ ખાવા છતાં શત્રુ રાજાને છાનગી રીતે સહાય કરે ત્યારે વિરૂદ્ધ રાજ્યાતિક્રમનો ત્રીજો અતિચાર લાગુ પડે છે. જ્યારે રાજ્યના ભંડારની વસ્તુઓ આપવી લેવી હોય ત્યારે ખોટાં માપ વાપરે અથવા વસ્તુઓ બદલી નાંખે તો રાજ્ય સેવકોને પણ ચોથો તથા પાંચમો અતિચાર લાગુ પડે છે.

આ પ્રમાણે અતિચાર ન લાગે તેમ ત્રીજું વ્રત પાળવું.

હવે ચોથું વ્રત જેનું લક્ષણ પોતાની સ્ત્રીમાં સંતોષ અને પરસ્ત્રીના ત્યાગરૂપ છે તેના પાંચ અતિચાર છે તે શાસ્ત્ર કહે છે:—

परविवाहकरणेत्वरपरिगृहीताऽपरिगृहीतागमनानङ्गक्रीडातीव्र-कामाभिलाषा इति ॥२६॥

(૧) પરાયા છોકરાનો વિવાહ કરી આપવો.

(૨) બીજાએ ભાડું આપીને રાખેલી વેંશ્યા સાથે સમાગમ કરવો.

(૩) પરસ્ત્રી સાથે સમાગમ કરવો.

(૪) અનંગ ક્રીડા કરવી.

(૫) મૈથુન સેવવામાં ઘણીજ અભિલાષા રાખવી.

આ પાંચ ચોથા સ્વદાર સંતોષ અણુવ્રતના અતિચાર છે.

(૧) પોતાના છોકરાં સિવાય અન્યના છોકરાઓને પરણાવવા તેને ચોથા વ્રતમાં અતિચાર ગણવામાં આવ્યો છે; કન્યાદાનના ફળની ઈચ્છાથી અથવા સ્નેહ સંબંધથી બેનો સંબંધ જોડી આપવો તેને જૈનશાસ્ત્રકારો અતિચાર ગણે છે; અને પોતાના છોકરા પરણાવવા તેમાં પણ વ્રત ગ્રહણ કરનારા નિયમ રાખે છે.

શંકા—તમારો ઉપદેશ સત્ય લાગે છે, પણ જો પરનાં છોકરાં પરણાવવામાં દોષ હોય, તો તેવોજ દોષ પોતાનાં છોકરા પરણાવવામાં કેમ ન લાગે?

સમાધાન—જો પોતાનાં છોકરાનો પણ વિવાહ ન કરે, તો કુંવારી રહેલી કન્યાઓ સ્વેચ્છાચારી થાય અને તેથી શાસનની હેલના અને નિંદા થવાનો ભય રહે છે. કારણ કે પરણેલી સ્ત્રીઓ પ્રાયઃ સ્વેચ્છાચારી થવાનો સંભવ ઓછો છે. વળી શાસ્ત્રકાર જણાવે છે કે અમુક છોકરા પરણાવવા એવો નિયમ આ વ્રતધારીએ લેવો.

જોઈએ. એટલે અમુક છોકરાં ઉત્પન્ન થયા પછી વધારે છોકરા ઉત્પન્ન કરવાનો પણ ત્યાગ કરવો જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં અમુક વખત પછી ચોથું વ્રત સર્વથા ગ્રહણ કરવું જોઈએ, જો એમ ન કરે તો વ્રતને બાધ આવે, કારણ કે વધારે થાય તો વધારે પરણાવવા પડે, અને તેથી નિયમમાં ભંગ પડવાનો પ્રસંગ આવે.

હિંદુઓમાં જે ત્રીજો આશ્રમ વાનપ્રસ્થાશ્રમ છે, તેને લગતા આશ્રમનો આ નિયમમાં ઉદ્દેશ સમાયલો છે. અમુક વયની હદે પહોંચ્યા પછી, ગૃહસ્થાશ્રમની જોખમદારી જેમ બને તેમ ઓછી કરવી, અને પોતાને મળેલા જ્ઞાનનો, અનુભવનો લાભ જુવાનવર્ગને આપવાનું ઉત્તમ કાર્ય બજાવવાનું માથે લેવું જોઇએ. ઘણા યુવકો જીવનનૌકા કેવી રીતે ચલાવવી તે બાબતના જ્ઞાનના અભાવે, તે નૌકાને અનેક પ્રકારના તરંગોપર ઉછાળી, અથવા સંસાર સમુદ્રમાં પળે પળે મળી આવતા ખરાબીઓ સાથે અથડાવી, સુખરૂપે તે નૌકા દૃષ્ટિબિન્દુ પ્રાપ્ત કરે તે પહેલાં તેનો અંત લાવે છે. અભણ ખલાસીની માફક સંસારના અનુભવ વગરના તેઓ તે નૌકાને ગમે તેમ હંકારે છે. વિવિધ પ્રકારનાં દુઃખો સહન કરી સીધે માર્ગે તે નૌકા ચલાવતાં તેઓ શીખે છે; પણ તેવામાં મરણ સમય નજદીક આવે છે, અને જીવન સફળ કર્યા સિવાય તેઓ મૃત્યુના પંજામાં ફસાય છે.

તેવા યુવાનોને આવા અનુભવથી જાણેલો માર્ગ આવા સંસારના અનુભવી વાનપ્રસ્થાશ્રમીઓ બતાવે, તો તેથી તેઓના ઉપર મોટામાં મોટો ઉપકાર કરેલો ગણી શકાય. કારણ કે સીધા માર્ગના જ્ઞાનથી, તરંગો અને ખરાબી સાથે અથડાયાના પ્રસંગ અનુભવ્યા સિવાય, તેઓ પોતાની જીવનનૌકા ઘણી સરલતાથી ભવસમુદ્રની પેલી પાર લઈ જવા સમર્થ થશે. માટે જેને સંસારનો પાકટ અનુભવ લીધો હોય, પોતાની તથા છોકરાઓની આજીવિકા સાધારણ સારી

રીતે ચાલે તેટલું ધન પેદા કર્યું હોય, પોતાનો સંતતિ ગૃહકાર્ય ઉપાડી લેવા જેટલી સમર્થ થયેલી હોય, તેવા કેટલાક પુરૂષો, ચોથા વ્રતની બાધા લઈને, પરોપકારના કાર્યમાં યુવાનોને પોતાનાં જ્ઞાન અનુભવનો બોધ આપવા બહાર પડે, તો જૈનોના ઉદયનું એક મોટું બીજ રોપ્યું ગણી શકાય !

આ પરવિવાહના સંબંધમાં કેટલાક આચાર્યો એમ કહે છે કે પરવિવાહ એટલે પોતાનો વિવાહ બીજી વાર કરવો તે સમજવું; પુત્ર અપેક્ષાએ અથવા બીજા કોઈ કારણથી એક સ્ત્રી હયાત છતાં બીજી સ્ત્રી સાથે લગ્ન કરવું તે પરવિવાહ કહેવાય. આ વિવાહથી સ્વદારા સંતોષીને અતિચાર લાગે છે. સ્ત્રીને પોતાના પતિમાં સંતોષ અને પરપુરૂષનો ત્યાગ બન્ને સરખાંજ છે; કારણ કે પોતાના પતિ સિવાયના બીજા સર્વ પુરૂષો પરપુરૂષજ કહેવાય.

૨–૩–બીજાએ ભાડું આપીને રાખેલી વેશ્યા સાથે ગમન કરવાથી અથવા કુમારી કન્યા સાથે ગમન કરવાથી આ વ્રતમાં બીજો તથા ત્રીજો અતિચાર લાગે છે.

૪–૫–તીવ્ર કામના અભિલાષથી અનંગ ક્રીડા કરવી તે આ વ્રતનો ચોથો તથા પાંચમો અતિચાર છે.

આવી રીતે આ પાંચ અતિચાર ન લાગે તેવી રીતે સ્વદાર સંતોષીએ વર્તવું.

ટુંકમાં આ વ્રતનો સાર એ કે, પરસ્ત્રીનો ત્યાગ કરવો, અને સ્વસ્ત્રીમાં પણ વિષય સુખસંબંધી હદ બહાર આસક્તિ ન રાખવી અને ઉંચામાં ઉંચી ભાવના જીતેંદ્રિય બ્રહ્મચારીની છે, એમ મનમાં રાખી વર્તવું. આ અતિચારોના સંબંધમાં ઘણા પ્રકારના ભાંગા છે, તેનું વર્ણન બીજા ગ્રન્થોમાં જોઈ લેવું.

હવે પાંચમ અણુવ્રતના અતિચારનો વિચાર કરીએ.

क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्यप्रमाणातिक्रमा इति ॥२६॥

૧. ક્ષેત્રવાસ્તુ.
૨. સોનું રૂપું.
૩. ધનધાન્ય.
૪. દાસીદાસ.
૫. રાચરચીલાં.

એ **પાંચ**ની કરેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવું એ પાંચમાં પરિગ્રહ અણુવ્રતના અતિચાર છે.

૧. ક્ષેત્રવાસ્તુ કોને કહેવા તે વાત વિસ્તારથી સમજાવવામાં આવે છે, જે સ્થળે ધાન્ય ઉગે તેવા સ્થળને ક્ષેત્ર (ખેતર) કહેવામાં આવે છે. એવા ખેતરના ત્રણ પ્રકાર છે.

(અ) સેતુક્ષેત્ર એટલે જેમાં કૂવાના પાણીથી ખેતરને સીંચી ધાન્ય વગેરે પકવવામાં આવે તે.

(બ) કેતુક્ષેત્ર એટલે વરસાદના પાણીથી ધાન્ય જેમાં પાકે તે.

(ક) સેતુકેતુક્ષેત્ર. વરસાદના અને કૂવાના પાણીથી બન્ને રીતે ધાન્ય પાકે તે.

વાસ્તુ શબ્દથી ઘર, ગામ, નગર વગેરે સમજવાનાં છે. તેમાં ઘરના ત્રણ પ્રકાર છે.

(અ) ભોંયરા વગેરે જમીનથી નીચે આવેલાં ઘરને **ખાતગૃહ** કહેવાય છે.

(બ) જમીનથી ઉંચે બંધાવેલા માળાવાળા ઘરને **ઉચ્છ્રિત-ગૃહ** કહેવાય.

(ક) જમીનની નીચે ભોંયરાં હોય અને ઉપર માળ હોય તેને **ખાતોચ્છ્રિત ગૃહ** કહેવાય.

આવી રીતે ત્રણ પ્રકારનાં ક્ષેત્ર અને ત્રણ પ્રકારનાં ઘર વગેરેની જે મર્યાદા કરી હોય તેના કરતાં વધારે રાખવા તેને અતિચાર કહે છે.

શંકા—પ્રમાણ-મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી તો વ્રત ભંગ થાય, ત્યારે અતિચાર શી રીતે લાગે?

સમાધાન—તમારી શંકા યોગ્ય છે, પણ તે માણસ નીચે પ્રમાણે વિચાર કરી વર્તે છે, તેથી વ્રત ભંગ ન થતાં અતિચાર લાગે છે, જે માણસે એકજ ક્ષેત્ર અને એકજ ઘર રાખવાનું વ્રત લીધું હોય, તે માણસને જ્યારે વધારે રાખવાની ઈચ્છા થાય, ત્યારે પોતાનું વ્રત ભાંગશે એવા ભયથી, પોતાના ક્ષેત્રની અથવા ઘરની લગોલગ જે ક્ષેત્ર અથવા ઘર આવેલું હોય તે ખરીદ કરી, વચ્ચેની વાડ અથવા દિવાલ તોડી નાખી બન્ને ક્ષેત્ર અથવા ઘરને મેળવી એક કરી નાંખે છે.

અહીં આ જો કે તેણે ક્ષેત્ર અથવા ઘર એકજ રાખ્યું, તેથી વ્રત ભંગ ન થયો, પણ જે ક્ષેત્ર અથવા ઘરની પ્રથમ મર્યાદા તેણે કલ્પી હતી તેના કરતાં મોટું ક્ષેત્ર અથવા ઘર બનાવવાના કારણે વ્રત ભંગ થયો. આ રીતે કથંચિત્ ભંગ અને કથંચિત્ અભંગથી અતિચાર લાગે છે.

૨. સોનું રૂપું—કોઈ માણસે પરિગ્રહની મર્યાદા કરી કે આટલા સોના રૂપા કરતાં વધારે અમુક મુદ્દત સુધી મારે રાખવું નહિ. હવે તેના ઉપર તે મુદ્દત દરમ્યાન કોઈ રાજા યા શેઠ બહુ સંતુષ્ટ થાય, અને તેની જેટલી મર્યાદા છે તેના કરતાં અધિક આપે, હવે વ્રત ભંગભયથી તે વધારો પોતાને ત્યાં ન રાખતાં વ્રતની મુદ્દત પુરી થાય ત્યાં સુધી બીજાને ત્યાં રાખે, અને પછી તે ગ્રહણ કરે તો તેને અતિચાર લાગે. કેટલેક અંશે વ્રતની અપેક્ષા છે, અને કેટલેક અંશે વ્રતની મર્યાદાનું ઉલ્લંઘન થાય છે. આ રીતે ભંગાભંગથી અતિચાર લાગે છે.

૩. **ધનધાન્ય**—ધનના ચાર પ્રકાર છે, (૧) **ગણિમ**–ગણવા યોગ્ય જેમકે સોપારી જમરૂખ વગેરે ફળો.

(૨) **ધરિમ**–જોખવા યોગ્ય ગોળ, ખાંડ વગેરે.

(૩) **મેય**–માપવા યોગ્ય દુધ, ઘી વગેરે.

(૪) **પરિચ્છેદ્ય**–પરીક્ષા કરવા યોગ્ય–હીરા મોતી વગેરે.

ધાન્ય એટલે ડાંગર, મગ, ચોળા, અડદ વગેરે.

આ સર્વની મર્યાદા કરી હોય તેના કરતાં વધારે રાખવાથી અતિચાર લાગે છે. આ સર્વની બાબતમાં જેટલા સમયની મુદત કરી હોય તેટલા સમયમાં હદ કરતાં વધારે મળે તો સોના રૂપાની બાબતમાં જણાવ્યું તેમ મુદત પુરી થતાં સુધી બીજા પાસે રખાવે અને મુદત પુરી થયે હું ગ્રહણ કરીશ, અથવા ઘરમાં રહેલો તેવોજ માલ વેચાશે ત્યારે લઈશ, આ પ્રમાણે નક્કી કરી તે માલ બીજાને ત્યાં અનામત રાખે, અને મુદત પુરી થયે ગ્રહણ કરે તો વ્રતના સાપેક્ષપણાને લીધે ભંગાભંગ થાય છે, અને તેથી અતિચાર લાગે છે.

૪. **દાસદાસી**—બે અને ચાર પગવાળા સર્વ જીવતા પ્રાણીનો આમાં સમાવેશ થાય છે. બે પગવાળામાં પુત્ર, પુત્રી, સ્ત્રી, દાસ, દાસી, ચાકર, પોપટ, સારિકા ગણવા, અને ચાર પગવાળામાં ઘોડો ગાય, ઉંટ, ભેંસ વગેરે ગણવા. તેમની એક વર્ષની હદ બાંધી હોય એ વર્ષ દરમ્યાન ગર્ભાધાન કરાવવાથી અતિચાર લાગે છે; જો વર્ષ દરમ્યાન તેમને પ્રસવકાળ આવે તો તેમની રાખેલી સંખ્યાથી અધિક પ્રાણીઓ થાય તેથી વ્રત ભંગનો ભય રહે, તે હેતુથી વર્ષના કેટલોક ભાગ વીતી ગયા બાદ તે ગર્ભાધાન કરાવે છે, કે વર્ષ દરમ્યાન તેનો પ્રસવ થાય નહિ. હવે ગર્ભમાં પ્રાણી રહેલા છે તેથી સંખ્યાનો અતિક્રમ થાય છે, અને તેથી વ્રત ભંગ થાય છે પણ બહાર દેખાતા નથી તેથી વ્રત ભંગ થતો નથી, આ રીતે ભંગાભંગથી અતિચાર લાગે છે.

૫. કુપ્ય—રાચરચીલું, આસન, શય્યા, ખુરસીઓ, વાસણ વગેરે પરચુરણ સામાન તે કુપ્ય કહેવાય છે. તેની સંખ્યા વધારવાથી અતિચાર લાગે છે. ધારો કે ત્રાંબાની દશ કથરોટો રાખવાનું પ્રમાણ કર્યું હોય, પછી તે પાત્ર ભમણાં થાય ત્યારે વ્રત ભંગના ભયથી બે પાત્ર મેળવી એક મોટું પાત્ર કરાવી નાંખે, આ પ્રમાણે પાત્રના આકારમાં ફેરફાર કરે, પણ સંખ્યા તેટલીને તેટલી રાખે, આ રીતે સંખ્યા તેટલીજ રાખવાથી વ્રત ભંગ થતો નથી, પણ આકારમાં ફેરફાર કરવાથી વ્રત ભંગ થાય છે, આવી રીતે ભંગાભંગથી અતિચાર લાગે છે.

ક્ષેત્ર આદિ પરિગ્રહની વસ્તુઓ નવ પ્રકારની છે, પણ સરખા ગુણવાળામાં તેમનો સમાવેશ થઈ જતો હોવાથી પાંચની સંખ્યા રાખી છે. વળી દરેક અણુવ્રતના પાંચ વિભાગ છે તો આ પરિગ્રહ અણુવ્રતના પણ પાંચ ભેદ રાખવાથી શિષ્યને–બાળજીવને ગણત્રી કરવામાં અનુકુળતા રહે.

આ રીતે પાંચમાં પરિગ્રહ અણુવ્રતના અતિચારોનું વર્ણન કરવામાં આવ્યું.

માણસની આ દુનિયાના પદાર્થો ઉપરથી જેમ જેમ તેમ મૂર્છા ઉતરે; તે હેતુથી આ વ્રતની શાસ્ત્રકારોએ પ્રરૂપણા કરી છે; દુનિયાના બધા પદાર્થો ઉપરથી એકદમ મોહ ઉતરી ન શકે તેથી અમુક પ્રમાણમાં ધન, ધાન્ય, રૂપું, સોનું, જનવર, દાસદાસી, રાચરચીલું, ઘરક્ષેત્ર વગેરે હું રાખીશ એવી પ્રતિજ્ઞા શ્રાવક ગ્રહણ કરે છે, અને તેટલું મળ્યેથી સંતોષ ધારણ કરે છે. આખી પૃથ્વીનું રાજ્ય મળે તોપણ માણસના લોભનો અંત આવતો નથી. હજુ વધારે મેળવવાને તે લલચાય છે, પણ પરિગ્રહની મર્યાદા કરનાર, ધારેલા પ્રમાણમાં ધન વગેરે મળવાથી, સંતુષ્ટ થાય છે.

પ્રાચીન સમયમાં જેને આપણે મોજશોખની વસ્તુઓ ગણતા

હતા, તે વસ્તુઓ હવે જરૂરની થઈ પડી છે, અને જરૂરીયાતો દિવસે દિવસે આપણી તૃષ્ણાઓની વધવા સાથે વધ્યેજ જાય છે; આ તૃષ્ણાઓનો, આ બહારના વૈભવોના પદાર્થોની ઈચ્છાઓનો અંત કયારે આવશે તે સમજાતું નથી તે માટે પરિગ્રહની મર્યાદા એ ઉત્તમ સાધન છે; પણ તે સાથે જાણવું જરૂરનું છે કે જેમ બને તેમ મૂર્છાનો ત્યાગ કરવો.

જનક રાજા રાજ્યરિદ્ધિ છતાં અંતરના વૈરાગ્ય ભાવને લીધે જનક વિદેહી કહેવાતા, અને ફક્ત એક લંગોટી અને તુંબડું ધારણ કરનાર સંન્યાસી જો તેના ઉપર મમત્વ રાખે તો તે પરિગ્રહી છે, માટે અંતરથી અને બહારથી પરિગ્રહ ઉપરથી મમત્વ ઉતારવો, અને જે વધે તે સન્માર્ગે વાપરવું એજ આ ઉત્તમ અણુવ્રતનું રહસ્ય છે.

આ પ્રમાણે પાંચ અણુવ્રતનો વિચાર કર્યો, હવે ત્રણ ગુણવ્રતનો વિચાર કરીએ, તેમાં પ્રથમ ગુણવ્રત દિગ્વિરમણનું છે, તેના પાંચ અતિચાર નીચે પ્રમાણે છે.

ઉર્ધ્વાઽધસ્તિર્યગ્વ્યતિક્રમક્ષેત્રવૃદ્ધિસ્મૃત્યન્તરર્ધાનાનિ ॥૨૭॥

૧. ઉચા ક્ષેત્રનો વ્યતિક્રમ,
૨. નીચા ક્ષેત્રનો વ્યતિક્રમ.
૩. તિર્યક્ (તિચ્છા) લોકનો વ્યતિક્રમ.
૪. ક્ષેત્રવૃદ્ધિ.
૫. સ્મૃતિ નાશ–આ પાંચ પ્રથમ ગુણવ્રતના અતિચાર છે.

૧–૩ આટલા પ્રમાણથી પર્વત કે વૃક્ષ ઉપર ઊચું ન જવું, આટલા પ્રમાણનો કુવા ખાડા વગેરેમાં નીચે ન ઉતરવું, અને આટલા પ્રમાણથી સિંધુ આગળ ન જવું એ પ્રમાણે દિશાઓમાં જવા સંબંધી પ્રમાણસ વ્રત લે છે.

હવે તે દિશાઓમાં પોતે જાય તો વ્રત ભંગ થાય, પણ પોતે

ત્યાં જાય નહિ, અને બીજા પાસે તે સ્થાનેથી વસ્તુ મંગાવે પોતે મોકલે, અથવા મોકલાવરાવે તો અતિચાર લાગે. જેણે અમુક દિશાની હદ બહારથી વસ્તુ મંગાવવી નહિ–એવું પ્રત્યાખ્યાન કર્યું હોય તેને આમ મંગાવવાથી અતિચાર લાગે છે, પણ બીજાને લાગતો નથી. પોતે જેટલી હદ રાખી હોય તેની પેલી બાજુ જે કાંઈ પાપ વ્યાપાર થતો હોય, તેનો સહેજ પણ દોષ પોતાને ન લાગે તે હેતુથી આવી પ્રતિજ્ઞા કરવામાં આવે છે; માટે વ્રતની મુદત દરમ્યાન તે દેશોમાં તેણે જવું નહિ, એટલું જ નહિ પણ તે દેશો સાથે કશો સંબંધ પણ આ વ્રતથી તે રાખી શકે નહિ. અને રાખે તો અતિચાર લાગે.

૪. એક દિશામાં ઘટાડો કરી તેનો વધારો બીજી દિશામાં ઉમેરવો, તે ક્ષેત્રવૃદ્ધિ નામે ચોથો અતિચાર છે. જેમકે પૂર્વ દિશામાં સો યોજન અને પશ્ચિમ દિશામાં સો યોજન સુધી જવાની પ્રતિજ્ઞા લીધી હોય, તેમાં પૂર્વમાંથી દશ યોજન ઓછા કરી, પશ્ચિમમાં દશ યોજન વધારે એટલે સોના એકશો દશ કરે તો અતિચાર લાગે છે. વ્રત રાખવાની તેની બુદ્ધિ છે, પણ વ્રતનો ભંગ થાય છે, તેથી ભંગાભંગથી અતિચાર લાગે છે; વળી તેથી ઉલટો ફેરફાર પણ તે કરે તો પણ આ વ્રત પણ ધારણ કરનારને અતિચાર લાગે છે.

૫. ચિત્તભ્રમના કારણે અથવા પ્રમાદથી નીમેલી હદ કરતાં વધારે જવું તે **સ્મૃતિ નાશ** નામનો પાંચમો અતિચાર છે.

આ સંબંધમાં વૃદ્ધપરંપરાથી ચાલતો આવેલો નિયમ નીચે પ્રમાણે છે. "જેટલે ઉંચે જવાનું પ્રમાણ કર્યું હોય, તેના કરતાં ઉંચે પર્વતના શિખર અથવા વૃક્ષ ઉપર વાંદરૂં અથવા પક્ષી કાંઈ વસ્ત્ર આભારણ વગેરે લઈ ગયેલું હોય, તો આ વ્રત લેનાર ત્યાં જઈ શકે નહિ, પણ તે વસ્તુ નીચે પડે, અથવા કોઈ લાવી આપે તો લેવામાં બાધ નથી. એજ રીતે કૂવા

વગેરે નીચા સ્થળોને વિષે પણ વિચારી લેવું; અને તિર્યક્ પ્રમાણમાં પણ વૃદ્ધિ ન કરવી. અને ક્ષેત્રવૃદ્ધિ પણ કરવી નહિ. પૂર્વદિશામાં જેટલી હદ સુધી પોતાને જવાનો નિયમ હતો ત્યાં સુધી તે આવી પહોંચ્યો, અને ત્યાંથી વસ્ત્રપાત્ર કરીયાણાં વગેરે જે ખરીદ કરવાનું હતું તે ખરીદ્યું. હવે તેથી આગળ જવાથી વધારે સારાં વસ્ત્ર પાત્ર તથા કરીયાણાં મળવાનો, અને તેથી વધારે લાભ મળવાનો સંભવ હોય, તો પશ્ચિમ દિશામાં જવાના યોજન પૂર્વમાં નાંખી પૂર્વમાં આગળ વધે, તો **ક્ષેત્રવૃદ્ધિ** નામનો અતિચાર લાગે છે, અને જો સ્મરણ શક્તિમંદ પડવાથી આમ થયું હોય, તો યાદ આવે ત્યારે તરત પાછા ફરવું, પણ આગળ ચાલવું નહિ. બીજાને પણ આગળ મોકલવો નહિ, અને કોઇ આજ્ઞા સિવાય આગળ ગયો હોય, અને તે જે કાંઇ લાવે તે આ વ્રત ધારીએ ગ્રહણ કરવું નહિ, અને પોતે ભૂલથી આગળ ગયો હોય, તો આગળના સ્થળમાંથી કાંઇ પણ વસ્તુ ખરીદ કર્યા સિવાય પાછાં ફરવું. આથી વિપરીત રીતે વર્તવાથી સ્મૃતિવિનાશ નામનો અતિચાર લાગે છે. આ રીતે પ્રથમ ગુણવ્રતને અતિચાર ન લાગે તેવી રીતે વર્તવું.

હવે **ભોગોપભોગ** નામના બીજા ગુણવ્રત સંબંધી અતિચાર નીચે પ્રમાણે છે.

सचित्तसंबद्धसम्मिश्राभिषवदुःपक्वाहारा इति ॥२९॥

૧. સચિત્ત.
૨. સચિત્ત સાથે સંબંધ ધરાવનાર.
૩. સચિત્ત સાથે મિશ્ર થયેલું.
૪. મદિરા, આસવ વગેરેના સંસર્ગવાળું.
૫. અર્ધું કાચું અને અર્ધું પાકું.
૧. સચિત્ત એટલે શાક-ભાજી ફળ વગેરે. તે ન ખાવાની

પ્રતિજ્ઞા લીધી હોય, છતાં તે વાપરવામાં આવે તો વ્રત ભંગ થાય, પણ અજાણતાં તે ખવાયા હોય, તો વ્રતભંગને બદલે અતિચાર લાગે.

૨. સચિત્ત એવા વૃક્ષને ગુંદર વગેરે અથવા પરિપકવ ફળ વગેરે લાગેલાં હોય, તેનું ભક્ષણ કરનારે જો સાવદ્ય આહારનું પ્રત્યાખ્યાન કર્યું હોય, તો આ રીતે સાવદ્ય આહારના ભક્ષણથી વ્રત ભંગ થાય, પણ અજાણતાં તે કામ કરે તો અતિચાર લાગે. અથવા ફલાદિકના અંદરના ભાગમાં રહેલા ઠળીયા વગેરે સચિત્ત બીજનો ત્યાગ કરીશ, અને ઉપરનો બીજો ભાગ જે અચિત્ત છે તે ખાઈશ એવા વિચારથી ફળાદિકનું ભક્ષણ કરે તેને સચિત્તસંબદ્ધ નામનો બીજો અતિચાર લાગે, પણ વ્રત ભંગ થાય નહિ.

૩. વળી અડધું ઉષ્ણ અને અર્ધું શીત એટલે કાંઈક સચિત્ત અને કાંઇક અચિત્ત એવું જળ પીવાથી અથવા તત્કાળ દળેલા લોટમાં રહેલા ઝીણા ધાન્યકણને લીધે સચિત્ત અચિત્ત લોટ વગેરેનું ભક્ષણ કરવાથી સંમિશ્ર સચિત્ત અતિચાર લાગે, આ પણ જો અજાણતાં ખાવા પીવામાં આવે તોજ અતિચાર લાગે, નહિ તો વ્રત ભંગ થાય.

૪. અનેક જીવોના સંહારથી ઉત્પન્ન થયેલા,તથા અનેક પ્રકારના ઉન્માદને ઉત્પન્ન કરનાર. શરીરનાં ફેફસાંને બગાડનાર મદિરા તથા મદ્યના પાનથી, તથા કાળાતીક્રમ થયેલા અથાણા વગેરે પદાર્થો અજાણતાં ખાધાથી ચોથો અતિચાર લાગે છે.

દારૂ, પાન, એક પ્રકારની ઘેલછા ઉત્પન્ન કરે છે. તે એક જાતનું એવું વ્યસન છે કે તેને વશ થયેલા લાજ, મર્યાદા, બાંધવોનો સ્નેહ, તથા ધનમાલ વગેરે કોઈ પણ વસ્તુની દરકાર રાખ્યા સિવાય, તે શરીર તથા મનને નીચ બનાવનાર મદિરાપાન કરે છે. તેના સંબંધથી બીજા અનેક પ્રકારના ખરાબ વ્યસનો તે માણસમાં આવે છે, તે બાબત બાજુએ મૂકીએ તોપણ મદિરાને વશ બનેલા અફીણના બંધાણીની જેમ વખત થયે, તેને પીધા સિવાય ચાલતું

જ નથી. તે તે વખતે માણસને ખોટી શક્તિ આપે છે, પણ નશો ઉતરતાં શરીરનું બળ પણ સાથે ખેંચી જાય છે. તેના પીનારા ઈન્દ્રિયોના ગુલામો બને છે; અને મન તેમને વશ રહેતું નથી, જેનું મન તથા ઈન્દ્રિયો વશ ન હોય, તે કેવાં કુકર્મો કરે છે તે જરા બારીકાઈથી દુનિયાનું સ્વરૂપ વિચારનારાના ધ્યાનની બહાર હશે નહિ.

પદાર્થો કોહવરાવીને તે બનાવવામાં આવે છે, તેથી અનેક જીવોનો તેમાં સંહાર થાય છે. જે માણસ તેને વશ થયો તેનો આ ભવ તથા પરભવ બગડયોજ સમજવો; આ બાબત એટલી મહત્ત્વની છે, કે **બુદ્ધ** ધર્મના સંસ્થાપક શ્રી **ગૌતમબુધ્ધે** તેનો (મદિરા ત્યાગનો) પરિગ્રહને સ્થાને, પાંચમા મહાવ્રતરૂપે ઉપદેશ કર્યો છે. **બુદ્ધધર્મ**ના ચાર મહાવ્રતો શબ્દે શબ્દ આપણા **જૈન**ધર્મના ચાર મહાવ્રત સાથે મળતા છે, અને જ્યારે આપણું પાંચમું મહાવ્રત પરિગ્રહ ત્યાગનુ છે, ત્યારે **બુદ્ધધર્મ**નું પાંચમું મહાવ્રત કહે છે કે મદ્ય મદિરા તથા સઘળા માદક પદાર્થોનો ત્યાગ કરવો.

પશ્ચિમ દેશના સંસર્ગથી જે અનિષ્ટ સંસ્કારો આ દેશમાં આવેલા છે, તેમાં **મદિરાપાન** એ મુખ્ય છે. અફસોસની વાત છે કે છેલ્લા દશ પંદર વર્ષમાં આપણા જૈન બાંધવોમાં, તે અધમ કુરીવાજ કેટલેક અંશે પ્રવેશી ગયો છે, ખરી વાત છે કે હજુ પ્રમાણ બહુ અલ્પ છે, પણ તે સડાને દૂર કરવા ચાંપતા ઉપાય નહિ લેવામાં આવે, તો ચેપીરોગની જેમ તે સડો વૃદ્ધિ પામશે, અને તેનું ભવિષ્યમાં કેવું માઠું પરિણામ આવશે, તે આ કલ્પી શકાતું નથી. પરમાત્મા પાસે નમ્ર પ્રાર્થના એ છે કે કેટલાક જૈન બાંધવોમાં મદીરાપાનનો પેઠેલો સડો તેઓ સુવિચારથી દૂર કરે, અને આ અધમ અનાચારની અસર બીજા જુવાનવર્ગ ઉપર ન પાડે.

૫. અરધા કાચા અને અરધા પાકા ધાન્ય (પોંક) વગેરે પણ

સાવદ્ય આહાર ગણાય છે, તે પણ અજાણના ખાવાથી અતિચાર લાગે છે.

આ ભોગોપભોગ નામના ગુણવ્રતના પાંચ અતિચાર કહ્યા, તે ભોજન આશ્રયી કહેલા છે, બધા વ્રતના પાંચ અતિચાર છે, માટે અહીંયાં પણ પાંચ અતિચાર કહ્યા છે, પરન્તુ કર્મથી પણ અતિચાર લાગે છે, આવશ્યક નિર્યુક્તિમાં કહેલું છે. આજીવિકાને અર્થે જે પાપસહિત આરંભ તે આ ઠેકાણે કર્મ શબ્દથી સમજવું. તેવાં પંદર પ્રકારનાં કર્માદાન છે. વંદિતાસૂત્રમાં આ પ્રમાણે તેની ગાથા છે.

इंगालीवणसाडीभाडीफोडीसुवज्जए कम्मं ।
वाणिज्जं चोव दंतलक्ख-रसकेस-विसविसयं ॥१॥
एवं खु जन्तपीलणकम्मं निल्लंछणं च दवदाणं ।
सरदहतलायसोसं असइपोसं च वज्जिजा ॥२॥

વૃદ્ધ સંપ્રદાયથી આ પંદર કર્માદાનનો અભિપ્રાય નીચે મુજબ છે.

૧. **અંગારકર્મ**—વૃક્ષ આદિ બાળીને તેના કોલસા કરીને વેચવાનું કર્મ ન કરવું જોઈએ, કારણ કે તેમાં છ જીવનિકાયનો વધ થાય છે.

૨. **વનકર્મ**—વન ખરીદ કરી, તે કપાવી, તે વેચી ગુજરાન ચલાવવું. એજ પ્રમાણે ઝાડ, પાંદડા વગેરે કપાવી, વેચી, ગુજરાન ચલાવવું. આ પ્રકારનો વ્યાપાર ન કરવો.

૩. **શકટીકર્મ**—ગાડી વગેરે રાખી આજીવિકા કરવી તે. તે વ્યાપારનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે તેમાં બળદ વગેરે જનાવરોના બંધ વધ વગેરે દોષો થાય છે.

૪. **ભાટીકર્મ**—ભાડું લઈને પોતાનાં ગાડાં વગેરેથી પારકાનો માલ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવો. અથવા બીજાને બળદ આદિ ભાડે આપે તે. આ વ્યાપાર પણ ન કરવો, કારણ કે વધારે ભાર વગેરે ભરવાથી પ્રાણી હેરાન થાય છે તેથી દોષ લાગે છે.

૫. **સ્ફોટીકર્મ**—ટાંકવું. ફોડવું, ખોદવું, હળથી જમીન ઉખેડવી વગેરે સ્ફોટીકર્મ કહેવાય છે, તેનો ત્યાગ કરવો. કારણ કે તેમ કરવામાં અનેક પ્રકારના જીવની વિરાધના થાય છે.

૬. **દંતવાણિજ્ય**—હાથીના દાંતના વ્યાપારનો નિષેધ છે. તેવો વ્યાપાર કરનાર ભીલ્લ આદિ પૈસા આપે છે, અને થોડા વખતમાં મને દાંત લાવી આપો, એમ તેને કહે છે. તેઓ થોડા વખતમાં દાંત લેવા આવશે, એવા ઈરાદાથી, તે હાથી વગેરે જનાવરોની હત્યા કરે છે. એ પ્રમાણે તેવું કામ કરવાવાળાને શંખદાંત વગેરેનું મૂલ્ય આપે, અને પ્રથમ લાવેલા હોય તે વેચાણથી રાખે. આવો વ્યાપાર કરવો શ્રાવકને ન ઘટે. કારણ કે તેથી પંચેન્દ્રિયજીવની હત્યા થાય છે.

૭. **લક્ષવાણિજ્ય**—લાખનો વ્યાપાર પણ શ્રાવકે ન કરવો, કારણ કે તેમાં કૃમિ વગેરે જીવોની હિંસા થાય છે.

૮. **રસવાણિજ્ય**—દારૂ વગેરેનો વ્યાપાર. દારૂના અનેક કફાયદા તો ઉપર જણાવ્યા, વળી દારૂની અસરથી માણસ બીજાને મારે છે, ગાળો ભાંડે છે, હિંસા કરે છે, માટે આવા અનર્થ પરિણામને ઉપજાવનારા દારૂનો વ્યાપાર ત્યાગવા યોગ્ય છે.

૯. **કેશવાણિજ્ય**—વાળનો વ્યાપાર. અહીંયા વાળ શબ્દથી વાળવાળા દાસદાસી, ગુલામ વગેરે સમજવા. દાસદાસી અને ગુલામને લઈ તેમને બીજાને ત્યાં વેચવાનો હલકો ગુલામનો ધંધો શ્રાવકને કરવો ન ઘટે. જેને ત્યાં તે દાસદાસી વગેરે વેચવામાં આવે તે તેમને દુઃખ દે, અને પરવશ રાખે તે સઘળાનું પાપ એવો ધંધો કરનારને લાગે.

૧૦. **વિષવાણિજ્ય**—ઝેરનો વ્યાપાર. ઝેરથી અનેક માણસનાં અકાળ ખૂન થાય છે, માટે તે હિંસાનો વ્યાપાર શ્રાવક ન આદરે.

૧૧. **યંત્રપીડન કર્મ**:—પીલવાનો ધંધો શેરડી તલ વગેરે પીલવા, પીલાવવાનો ધંધો કરવો નહિ.

૧૨. નિર્લાંછન કર્મ:—બળદ, ઘોડા પ્રમુખને લાંછન (પુરૂષચિન્હ) રહિત કરવા; આથી તે પ્રાણીને બહુજ ઈજા થાય છે.

૧૩. દવદાન કર્મ—ક્ષેત્રરક્ષણ માટે વનને બાળવું. ઉત્તર તરફના પ્રદેશમાં એવી રીત છે, કે ક્ષેત્રમાં અગ્નિ સળગાવવી. જમીનમાં રહેલાં કાપી નાંખેલા ઘડાના મૂળીયા બાળી નાખવા કે જેથી જલદી નવા તૃણ ફૂટી નીકળે. આમ કરવાથી ઘાસની સાથે ઘણા ત્રસ જીવોનો નાશ થાય છે.

૧૪. સરહ્રદતડાગશોષણ–સરોવર, ઝરો, તળાવ વગેરેને ધાન્ય વગેરેને ધાન્ય ઉગાડવા નિમિત્તે સુકવી નાંખવું. આ વ્યાપાર શ્રાવકે કરવો નહિ, કારણ કે તેમાં રહેલા અનેક જળચર જીવો જળ વિના મરણ પામે. વળી આ સાથે પોતાની માલીકીના તળાવો મચ્છીમારોને ભાડા માટે સોંપવા નહિ; કારણ કે મચ્છીમારો તે તળાવમાં રહેલાં અનેક જળચર જીવોનો વિનાશ કરે છે.

૧૫. અસતિ પોષણ : વ્યભિચારી સ્ત્રીઓને તથા હિંસક જાનવરોને પોષણ આપી ઉત્તેજન આપવું, એ વ્યાપાર શ્રાવકને કરવો ઉચિત નથી.

આ પ્રમાણે આ પંદર કર્માદાનનું બહુજ સંક્ષેપથી વર્ણન કર્યું છે. આવાં બીજાં ઘણાં કર્મ છે, તે બધાની ગણતરી કરી નથી. આ પ્રમાણે પ્રથમના પાંચ અને આ પંદર મળી વીસ અતિચાર થયા. અને બીજામાં પાંચની સંખ્યા વર્ણવી છે, પણ આ વીસમાંના કોઈથી કોઈને હાનિ લાગતી હોય, તો તે વ્રતને અતિચારરૂપ ગણવો. અને તે ટાળવા યથાશક્તિ પ્રયત્ન આદરવો જોઈએ.

શંકા—આ પંદર કર્માદાનનું ઉપર વર્ણન કરવામાં આવ્યું તે કયા વ્રતને વિશે અતિચાર ગણવા.

સમાધાન—ક્રૂરકર્મના.

શંકા—જો ક્રૂર કર્મના તમે અતિચાર ગણો તો અતિચાર

અને વ્રતમાં ભેદ શો રહ્યો. કારણ કે વ્રત પણ ક્રૂરકર્મનું અને અતિચાર પણ ક્રૂરકર્મ છે. માટે આવું ક્રૂરકર્મ કરનારને વ્રત ભંગ થાય પણ અતિચાર શી રીતે થાય ?

સમાધાન—જેણે ક્રૂરકર્મનું પ્રત્યાખ્યાન કર્યું છે તેને તો સર્વથા તેનો ત્યાગ કરવો, અને જો તેમાં અજાણપણે પ્રવર્તે તો ક્રૂરકર્મ વ્રતના અતિચાર થાય, અને જાણી જોઈને ક્રૂરકર્મ કરે તો વ્રત ભંગ નિશ્ચે થાય.

હવે **અનર્થ** દંડ નામે ત્રીજા ગુણ વ્રતના પાંચ અતિચાર નીચે પ્રમાણે છે.

कंदर्पकौकुच्यमौखर्यासमीक्ष्याधिकरणोपभोगाधिकत्वानिति ॥३०॥

૧. કામને ઉદ્દીપન કરનાર.
૨. આંખ વગેરેની વિડંબન ક્રિયા (વિકાર).
૩. મુખરતા (વાચાળપણું).
૪. વિચાર વગર સાધનોનું રાખવું.
૫. ઉપભોગ અધિક કરવો.

૧. અનર્થ થાય એવું પ્રયોજન વગરનું વચન અથવા કાર્ય તે **અનર્થ** દંડ કહેવાય.

જે વચનથી સામા મનુષ્યના મનમાં કામવિકાર ઉત્પન્ન થાય અથવા જે કર્મ મોહ ઉત્પન્ન કરે તે **કંદર્પ** કહેવાય.

શાસ્ત્રમાં કહ્યું છે કે શ્રાવકે ખડખડ હસવું નહિ, કામ પડે મોં મલકાવવું. શ્રાવકના એકવીસ ગુણોમાં એક ગુણ ગંભીરપણાનો છે, એટલે શ્રાવકે ગંભીર થવું જોઈએ. હલકું વચન અથવા બિભત્સ શબ્દ, જેથી સાંભળનારના મન કામ પ્રદીપ્ત થાય, તેવું કદાપિ બોલવું નહિ; કારણ કે તેવા વચનથી "માન ઘટે ને

નિન્દ્ય લોક" તેવો બિભત્સ શબ્દ બોલનાર પોતાનું હલકાપણું પ્રકટ કરે છે; તેથી લોકો તેનો વિશ્વાસ કરતા નથી.

૨. નિન્દવાયોગ્ય નેત્રના વિકારની ચેષ્ટાને **કૌકુચ્ય** કહે છે.

ભાટ ભવૈયા, ભાંડ લોકો આંખના ચેનચાળા અને હાવભાવથી જોનારના મનમાં કામ પ્રદીપ્ત કરે છે તેવા પ્રકારની આંખની આકૃતિ શ્રાવકે ન કરવી.

શ્રાવકે એવા વચન બોલવા કે જેથી લોકોને હાસ્ય ઉત્પન્ન ન થાય અને શ્રાવકે પોતાને યોગ્ય જવા સ્થાને જવું જોઈએ, અને બેસવા યોગ્ય સ્થાને બેસવું જોઈએ.

માણસના મુખ, અને આંખ ઉપરથી તેના હૃદયમાં રહેલા ભાવોની ખબર પડે છે. કહ્યું છે કે,

'Face is an index to the heart'

માણસનો ચહેરો તેના હૃદયના ભાવનો સૂચક છે.

માટે કામને ઉત્પન્ન કરનારા હાવભાવ આંખ વડે ન કરવા. કામી પુરૂષની આંખ પરખાયા વિના રહેતી નથી, અને એવા માણસોનો કોઈ સ્ત્રીઓના સંબંધમાં વિશ્વાસ કરતું નથી; અને તેની હલકી છાપ પડે છેઃ આપણામાં કહેવત છે કે "એની આંખજ કહી આપે છે કે તે કામી છે, અથવા ક્રોધી છે, અથવા વિશ્વાસ કરવા લાયક નથી" માટે તેવી દૃષ્ટિ ન રાખવી.

આ બે અતિચાર પ્રમાદથી ઉત્પન્ન થાય છે, માટે પ્રમાદનો ત્યાગ કરવો.

મુખરતા—આ અતિચારનું બીજું નામ પાપોપદેશ છે. નિર્લજ્જપણે, અસભ્ય, અસત્ય અને સંબંધ વિનાના વચન બોલવાં તે મુખરતા કહેવાય. આવાં વચનોથી સાંભળનાર પાપકર્મ કરવા પ્રવૃત્ત થાય છે; માટે તેવાં વચન આ વ્રતધારી શ્રાવકે બોલવાં નહિ.

નિર્લજ્જ વચનો નિર્લજ્જ કર્મ કરવા માટે પ્રેરે છે.

અસભ્ય વચનથી બોલનારનાં હલકાઈ પ્રકટ થાય છે.

અસત્ય વચનથી ઘણીવાર પરનિંદા થાય છે.

અસત્ય વચન ઉપર વિશ્વાસ રાખી વર્તનાર કુમાર્ગે પડે છે.

સંબંધ વગરનું વચન જણાવે છે કે બોલનારને વિવેકની ખબર નથી; તેથી તેની માન પ્રતિષ્ઠા ઘટે છે.

આ રીતે સઘળાં અનર્થ ઉત્પન્ન થાય છે. માટે શ્રાવકે **મિત હિત, પ્રિય,** અને **સત્ય** વચન બોલવું.

૪. શું પરિણામ આવશે તેનો વિચાર કર્યા સિવાય કાંઈપણ કાર્ય કરવું નહીં, અથવા કાંઇ પણ વસ્તુ પોતાને ત્યાં રાખવી નહિ. શ્રાવકે ઘંટી, યંત્ર, વાંસલો, ખાયણીઓ, તલવાર ધનુષ્ય વગેરે સાધનો પોતાને ત્યાં ન રાખવા, કારણ કે તેનો દુરઉપયોગ થવાનો સંભવ છે, આ સંબંધમાં ટીકાકાર લખે છે કે "શ્રાવકે જોડયા વિનાનાં ગાડાં વગેરે રાખવાં, કારણ કે જોડીને રાખેલાં હોય તો કોઈ માંગી લઇ જાય, અને તે નિર્દય હોય તો **હિંસ્રપ્રદાન** વ્રતનો અતિચાર લાગે છે; કારણ કે તે બળદ વગેરેને ખાવા ન આપે, અથવા વધારે ભાર ભરે, અથવા તેમની શક્તિ હોય તેના કરતાં વધારે દૂર ગાડું તેમની પાસે ખેંચાવે." માટે હિંસાના સાધનો અવિચારીપણે આ વ્રતધારીએ ન રાખવાં.

૫. ઉપભોગ તથા ભોગ સંબંધી અધિકપણાથી પણ વ્રતમાં અતિચાર લાગે છે; પોતાને જેટલી વસ્તુની જરૂર હોય તેના કરતાં વધારે વસ્તુઓ રાખવાથી આ અતિચાર લાગે છે, કારણ કે વધારે વસ્તુઓ હોવાથી માણસની મૂર્છા વધે છે, અને તે વસ્તુઓનો અસ-દુપયોગ જો બીજો કોઈ કરે, તો તેનો દોષ તે વસ્તુવાળાને પણ લાગે છે.

આ રીતે અનર્થદંડના પાંચ અતિચારનું વર્ણન થયું અને ત્રણ ગુણવ્રતનું વર્ણન પણ સમાપ્ત થયું, હવે શિક્ષાવ્રતનો વિચાર

કરીએ, તેમાં પ્રથમ શિક્ષાવ્રત સામાયિકનું છે. તેના પાંચ અતિચાર નીચે પ્રમાણે છે.

योगदुःप्रणिधानानादरस्मृत्यनुपस्थानानीति ॥३१॥

અર્થ:—મન વચન અને કાયાના યોગ પાપ માર્ગે પ્રવર્તાવવા, અનાદર અને સ્મૃતિનાશ એ પાંચ અતિચાર છે.

૧. મનના યોગનું દુષ્પ્રણિધાન (મનને ખરાબ વિચારમાં વાપરવું તે.)

૨. વચનના યોગનું દુષ્પ્રણિધાન (વચનને ખરાબ વાણી બોલવામાં વાપરવું તે.)

૩. કાયાના યોગનું દુષ્પ્રણિધાન (શરીરને ખરાબ કાર્યમાં વાપરવું તે.)

૪. સામાયિકના કાર્યમાં અનાદર (બહુમાનની ખામી.)

૫. સ્મૃતિનો નાશ (સામાયિકમાં કરવા યોગ્ય ક્રિયાનું વિસ્મરણ.)

આ રીતે સામાયિકના પાંચ અતિચાર છે.

૧. જે સમયે માણસે સામાયિક લીધું હોય તે સમયે મનમાં જેમ બને તેમ સંકલ્પ ઓછા કરવા અને મનને આત્મામાં તલ્લીન બનાવવું, તે છતાં જો સંકલ્પ ઉઠે તો ધર્મ સંબંધી વિચાર કરવો. પણ અશુભવિચારમાં મનને જવા દેવું નહિ. જો જતું હોય, તો ખેંચીને ધ્યેય વસ્તુ તરફ દોરવું; અને મનના દશ દોષ ટાળવા.

૨. મૌનાવલમ્બી રહેવું, અને તે ન બને તો ધર્મના પુસ્તકો મુખેથી વાંચવા, અથવા ભગવાનનું સ્તવન–ભજન કરવું. અથવા શીખેલાનો મુખપાઠ કરવો પણ અશુભ વચન બોલવું નહિ, અને વચનના દશ દોષ ટાળવા.

૩. શરીરથી નિશ્ચળ રહેવું, જરા પણ હાલવું નહિ. છતાં હાલવું પડે તો પ્રમાણાનુકૂળ ક્ષેત્રમાં ધર્મક્રિયા માટે હાલવું, અને

શરીરને શુભ વ્યાપારમાં જોડવું, તેમ કાયાના બાર દોષ ટાળવા.

૪. પ્રબળ પ્રમાદના કારણથી સામાયિક જેમ તેમ કરવું, અથવા આરંભ કરી સામાયિક પૂર્ણ કર્યા વિના જ તે ક્ષણે પારવું તે સામાયિકમાં અનાદર અતિચાર કહેવા.

૫. સામાયિક કયારે ગ્રહણ કર્યું અને કયારે પુરૂં થશે એવી તથા મેં સામાયિક ગ્રહણ કર્યું છે કે નહિ એવી રીતની સ્મૃતિનો નાશ, તે સ્મૃતિ નાશ અથવા સ્મૃતિ અનુપસ્થાન નામે અતિચાર કહેવાય છે.

શંકા— મનમાં દુષ્ટ વિચારોનું ચિંતવન થાય છે, તેથી સામાયિક નિરર્થક ઠરે છે, અને તેથી સામાયિકનો અભાવજ સિદ્ધ થાય છે. અતિચાર એ વ્રતની મલીનતા જેવો છે, પણ જ્યાં સામાયિકનો અભાવ છે, ત્યાં અતિચાર શી રીતે સંભવી શકે? માટે મનના દુષ્ટ વિચારોથી વ્રત ભંગજ થાય છે.

સમાધાન—તમારું કહેવું ઠીક છે, પણ જો તે વ્રતી પુરૂષ જાણી જોઈને દુષ્ટ વિચારો ચિંતવતો હોય, તો તો વ્રત ભંગ થાય, પણ તે વાત કબજાની નથી માટે અતિચાર લાગે.

શંકા–

दुविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि ॥

બે પ્રકારે અને ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી, અને કાયાથી નહિ કરૂં, અને નહિ કરાવરાવું, એવી રીતે વ્રતી સામયિકનું પ્રત્યાખ્યાન કરે છે. હવે મન દ્વારા દુષ્ટચિંતવનથી સામયિકનો અભાવજ થાય છે, અને સામયિકના વ્રતના ભંગથી પ્રાયશ્ચિત કરવું પડે છે અને મનને દુષ્ટ વિચારોથી વિમુખ કરવું તે કામ કાંઈ સહેલું નથી, મન બહુ ચંચળ છે, અને તેથી સામાયિકમાં દુષ્ટ વિચાર તો અવશ્ય આવવાના; તો પછી સામાયિક લઈ દુષ્ટ ચિંતવનથી તેનો

ભંગ કરી પ્રાયશ્ચિત ગ્રહણ કરવું, તેના કરતાં સામાયિક જ ન કરવું એ હિતકારી નથી?

સમાધાન—તમારૂં કહેવું યોગ્ય લાગતું નથી. કારણ કે સામાયિકમાં છ પ્રકારના પ્રત્યાખ્યાન છે. સાવદ્ય વ્યાપાર, ૧. મનથી નહિ કરૂં, ૨. વચનથી નહિ કરૂં ૩. કાયાથી નહિ કરૂં, ૪. મનથી નહિ કરાવું, ૫. વચનથી નહિ કરાવું, ૬. અને કાયાથી નહિ કરાવું. આ રીતે છ પ્રકારના પ્રત્યાખ્યાનમાંથી મનથી સાવદ્ય વ્યાપાર નહિ કરૂં ફક્ત એ પ્રત્યાખ્યાનનો ભંગ થાય છે, પણ બાકીના પાંચ હયાત રહે છે, માટે સર્વથા સામાયિકનો અભાવ થતો નથી. મનના દુષ્ટ ચિંતવનની શુદ્ધિ **મિચ્છામિ દુક્કડં'થી** થાય છે. અને સર્વ વિરતિ સામાયિકમાં પણ તેમજ સમજવું, કારણકે મન, વચન અથવા કાય ગુપ્તિગાંથી કોઈનો ભંગ થાય ત્યારે પ્રાયશ્ચિત્તજ કહેલું છે. સોલમા પંચાશકની સોલમી ગાથામાં લખેલું છે કે "સમિતિ ગુપ્તિના ભંગરૂપ બીજો અતિચાર પશ્ચાત્તાપથી શુદ્ધ થાય છે. માટે સામાયિકમાં લાગેલો દોષ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે. તેથી અતિચાર સહિત સામાયિક કરવા કરતાં ન કરવું એ સારૂં—એ તમારું કહેવું વ્યાજબી નથી. મનને વશ કરવાનો અભ્યાસ પાડવો, અતિચાર સહિત અનુષ્ઠાન કરતાં કરતાં નિરતિચાર અનુષ્ઠાન કરતાં માણસ શીખી શકશે, એમ પંડિત પુરુષો કહે છે. કહ્યું છે કે:—

अभ्यासोऽपि प्रायः प्रभूतजन्मानुगो भवति शुद्धः ॥

ઘણા ભવ સુધી અભ્યાસ કરતાં કરતાં તે શુદ્ધ થાય છે;

પણ થોડાજ સમયમાં શુદ્ધ થઈ શકતો નથી. પ્રયત્ન કર્યા કરવો, અને દરેક વખતે ભૂલ થાય તેને ભૂલ તરીકે કબૂલ કરતાં રહેવું, અને તે સુધારવા પ્રયત્ન કરવો, આથી આખરે નિરતિચાર શુદ્ધ સામાયિક, મન વશ કરવાથી થઈ શકશે.

હવે દેશાવગાશિક વ્રતના પાંચ અતિચાર કહે છે.

आनयनप्रेष्यप्रयोगशब्दरुपानुपातपुद्गलप्रक्षेपा इति ॥३२॥

અર્થ— નિયમિત ક્ષેત્ર બહારથી લાવવું, સેવકને મોકલવો, શબ્દ શ્રવણ કરાવવો, રૂપ દેખાડવું, કાંકરા વગેરે પદાર્થ નાંખવો.

ભાવાર્થ—૧. પોતે જેટલા ક્ષેત્રનો નિયમ કર્યો હોય, તે ક્ષેત્રની બહાર રહેલા ક્ષેત્રમાંથી વસ્તુ મંગાવવી.

૨. તેવા ક્ષેત્રનાં માણસ–નોકરને મોકલવો.

૩. શબ્દ શ્રવણ કરાવવો.

૪. રૂપ દેખાડવું.

૫. કાંકરા વિગેરે વસ્તુ નાખી જાણ કરાવવી.

૧. પોતે જે ક્ષેત્રની હદ કરી રાખી હોય, તેનાથી બહાર આવેલા પ્રદેશમાં પોતાનાથી જવાય નહિ, અને ત્યાંથી કોઈ વસ્તુ મંગાવવાની જરૂર પડે તો બીજા પાસે મંગાવે અથવા કોઈ જતો હોય તેની પાસે મંગાવરાવે તો તેને અતિચાર લાગે. પોતે તે ક્ષેત્રમાં જાય તો વ્રતનો ભંગ થાય માટે આ રીતે કરે છે, તેથી વ્રત રાખવાની બુદ્ધિ હોવાથી વ્રત ભંગને બદલે અતિચાર લાગે છે.

૨. હદની બહારના ક્ષેત્રમાં પોતે જાય તો વ્રત ભંગ થાય, તે ભયથી પોતાના નોકર–ચાકરને તે ક્ષેત્રમાં કોઈ પ્રયોજન અર્થે મોકલે તોપણ અતિચાર લાગે છે, કારણ કે પોતે તે કામ કર્યું નહિ, પણ બીજા પાસે કરાવરાવ્યું. આ અતિચારને **પ્રેષ્યપ્રયોગ** કહેવાય છે.

૩. જે માણસનું પોતાને કામ હોય, તે મર્યાદિત ક્ષેત્રની બહાર હોય તો તેને બોલાવવાને ઉર્ધ્વરસ (ઉધરસ) બોંખારા વગેરેથી ચેતવણી આપવી, તે **શબ્દાનુપાત** અતિચાર કહેવાય છે

૪. બીજો પુરુષ પોતે નિયમ લીધેલા ક્ષેત્રની હદની બહાર હોય, તેને કોઈ કારણસર બોલાવવાને પોતાનું રૂપ આકાર વગેરે જણાવે તે **રૂપાનુપાત** અતિચાર કહેવાય. કારણ કે પોતે ત્યાં જાય

તો તે વ્રત ભંગ થાય, માટે વ્રત ભંગના ભયથી તે આ પ્રમાણે વર્તે છે.

૫. પોતે જેટલા ક્ષેત્રની મર્યાદા કરી હોય, તેની બહાર રહેલા પુરુષને બોલાવવા માટે તેની તરફ કાંકરા વગેરે ફેંકવાથી પુદ્ગલ પ્રક્ષેપ નામનો અતિચાર લાગે છે.

આ ઠેકાણે દેશાવગાશિક અથવા દેશ વ્રતનું સ્વરૂપ બરાબર ધ્યાનમાં રાખવાની જરૂર છે. દિગ્વ્રતનો એક ભાગ દેશવ્રત છે. ચાર દિશાઓ, ચાર ખૂણાઓ, અને ઉંચે નીચે મળી દશ દિશાને લગતું દિગ્વ્રત છે, ત્યારે દેશવ્રતમાં ઘર, ગામ, સીમા વગેરેના સંબંધમાં ગમનાગમનની હદ બાંધવાનો નિયમ કરવાનો છે. અને તે હદની બહાર રહેલા સકળ પ્રાણીઓની પ્રયોજન સહિત અથવા પ્રયોજન રહિત હિંસાનો ત્યાગ તેથી થાય છે; કારણ કે તે હદ બહાર રહેલા પદાર્થો સાથે તેને કોઈ પણ પ્રકારનો સંબંધ તે વ્રતની મુદત સુધી રહેતો નથી.

ગમનાગમનથી (જવા આવવાથી) જે પ્રાણીની હિંસા થાય તેને અટકાવવા માટે આ વ્રત લેવામાં આવે છે અને તેથી પોતે ન જાય અને બીજાને મોકલે, તો તેના ફળમાં વિશેષતાં રહેતી નથી; વળી પોતે જાય તો વધારે સારું, કારણ કે જતાં આવતાં બરાબર યતનાપૂર્વક ચાલે, અને સેવકને ઈર્યાપથિના નિયમનું જ્ઞાન નહિ, તેથી વધારે હિંસા અજાણતાં તેનાથી થઈ જાય. આમાના પ્રથમ બે અતિચાર કાચી બુદ્ધિને લીધે અથવા અવિચારપણાથી થાય છે. અને છેલ્લા ત્રણ કોઇ બહાનાથી બીજાને પોતાનો અભિપ્રાય જણાવવાની બુદ્ધિથી થાય છે. આ બાબતમાં વૃદ્ધપરંપરાથી ચાલતા આવેલા વિચારો આ પ્રમાણે છેઃ—

દિગ્વ્રતનો સંક્ષેપ તે દેશવ્રત અથવા દેશાવગાશિક વ્રત કહેવાય; આવી રીતે જો દરેક અણુવ્રતનો સંક્ષેપ કરવામાં આવે તો થઈ શકે

પણ વ્રતોની સંખ્યા બહુજ વધી જાય, અને તેથી બાર વ્રતની સંખ્યાની મર્યાદા રહે નહિ.

શંકા—દિગ્વ્રતના સંક્ષેપને દેશાવગાશિક નામ આપ્યું, તેમ દરેક અણુવ્રતનું પણ દેશાવગાશિક કહેવું જોઈએ.

સમાધાન—તે કહેવાની જરૂર નથી, કારણ કે જે અતિચારો પ્રાણાતિપાત અણુવ્રતને લાગે છે, તેજ અતિચારો પ્રાણાતિપાતના દેશાવગાશિક વ્રતને લાગુ પડે, પણ દિગ્વ્રતને લાગુ પડતા અતિચારો દેશવ્રતને યથાર્થ લાગુ પડે તેમ નથી, અને તેટલા માટેજ તેના પાંચ અતિચારો જુદા કહ્યા છે; કારણ કે તેમાં ક્ષેત્રનો સંક્ષેપ છે; દરેક ઠેકાણે અતિચાર દર્શાવવાની જરૂર નથી, દાખલા તરીકે રાત્રિભોજન વ્રતમાં અતિચાર જણાવવામાં આવ્યા નથી.

હવે ત્રીજા શિક્ષાવ્રતના અતિચાર કહે છે. તે શિક્ષાવ્રત પૌષધોપવાસનું છે.

अप्रत्युपेक्षिताप्रमार्जितोत्सर्गादाननिक्षेपसंस्तारोपक्रमणानादरस्मृत्यनुपस्थापनानीति ॥३३॥

૧. નહિ તપાસેલા, અને નહિ પ્રમાર્જેલા (પુંજણીથી જીવ રહિત કરેલા) સ્થાનમાં મુત્ર-પુરીષ વગેરે પરઠવાં (નાંખવા.)
૨. તેવાજ સ્થાનમાં ધર્મનાં ઉપકરણો મૂકવા તથા ગ્રહણ કરવાં.
૩. જોયા વિના તથા પ્રમાર્જન કર્યા સિવાય સંથારા (સંસ્તાર-પથારી)નો ઉપભોગ કરવો.
૪. ભક્તિ અથવા બહુમાન વગર પૌષધોપવાસવ્રત ગ્રહણ કરવું.
૫. સ્મૃતિનો નાશ.

નહિ પ્રમાર્જન કરેલી અને નહિ તપાસેલી ભૂમિ, તે ઉપરથી અર્ધી પ્રમાર્જન કરેલી અને અર્ધી તપાસેલી એ અર્થ પણ ગ્રહણ કરવો. પૌષધોપવાસ વખતે દરેક વસ્તુ તપાસીને અને સાફ કરીને લેવી, યતનાપૂર્વક ચાલવું. અને જેમ જીવની વિરાધના ન થાય

તેમ વર્તવું. દરેક જીવની રક્ષા કરવાના પરિણામ રાખવા. શયન કરવાની ભૂમિ તપાસીને પુંજણીથી જીવરહિત બનાવવી, પછી ત્યાં સંથારો કરવો. તેમ ધર્મનાં ઉપકરણ-પાટ, બાજોઠ, ઠવણી વગેરે પણ પૂંજી પ્રમાર્જી ગ્રહણ કરવાં તથા મૂકવાં. આમ કરવાનો હેતુ એ છે કે કોઈ પણ રીતે સૂક્ષ્મ જીવના પણ પ્રાણને હાનિ ન પહોંચે તેમ વર્તવું.

આ વ્રતનો જે ચોથો અને પાંચમો અતિચાર છે તે સામાયિક વ્રતના જેવોજ છે માટે વિસ્તારથી તેનું સ્વરૂપ ત્યાંથી જાણી લેવું, અને સર્વ પ્રાણી માત્રનું કલ્યાણ કરવાની ભાવનાઓ ભાવવી અને તે ભાવનાઓ આચારમાં મૂકાય તેમ વર્તન રાખવું.

હવે અતિથિ સંવિભાગ નામે ચોથા શિક્ષાવ્રતનો વિચાર કરીએ. તેના પાંચ અતિચાર નીચે પ્રમાણે છે.

सचित्तनिक्षेपपिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमा इति ॥३४॥

અર્થ:–૧. સાધુને આપવા યોગ્ય વસ્તુ સચિત્ત વસ્તુ ઉપર મૂકવી.

૨. સાધુને આપવા યોગ્ય વસ્તુ સચિત્ત વસ્તુથી ઢાંકવી.

૩. પોતાની વસ્તુ હોવા છતાં પારકાની છે એમ કહેવુ.

૪. સાધુને આહાર આપવામાં મત્સર કરવો.

૫. સાધુને આહાર ગ્રહણ કરવાના કાળનું ઉલ્લંઘન કરવુ.

ભાવાર્થ:—જેને સર્વ તિથિઓ સરખી છે. એ અતિથિ, તેમની સાથે પોતાના માટે તૈયાર કરેલા અન્નપાનાદિનો વિભાગ કરવો, અર્થાત્ અન્નપાન વગેરે તેમને વિનય ભક્તિસહિત આપવું, તે અતિથિ સંવિભાગ વ્રત કહેવાય. મહા પુણ્યના ઉદય વિના ખરા અતિથિઓ સાથે અન્નપાનનો વિભાગ થઈ શકતો નથી; કારણ કે સત્પાત્રે પડેલા પદાર્થો સદ્‌ગુણના લાભને અર્થેજ થાય છે. હવે તેવા અતિથિને ન આપવાની બુદ્ધિથી નીચે પ્રમાણે વ્યવસ્થા કરે તો વ્રત

ભંગ થાય, પણ અજાણપણે તેમ થાય તો અતિચાર લાગે તે પાંચ અતિચાર આ પ્રમાણે છે.

૧. સાધુને સચિત્ત (જીવવાળો) આહાર ન કલ્પે, હવે કોઈ માણસ સચિત્ત વસ્તુઓ સાથે સાધુને આપવાની વસ્તુઓ મૂકે, તો પહેલો અતિચાર થાય છે.

૨. સાધુને આપવા યોગ્ય વસ્તુઓ, બીજોરાં વગેરે સચિત્ત વસ્તુઓથી ઢાંકવાથી બીજો અતિચાર થાય છે.

૩. અમુક વસ્તુ પોતાની હોય, છતાં સાધુને ન આપવાની બુદ્ધિથી તે પારકી છે એમ કહી સાધુને ના પાડે, તે ત્રીજો અતિચાર થાય છે.

૪. મત્સરથી સાધુને અન્નપાન આપે તો ચોથો અતિચાર થાય છે.

૫. સાધુને ભિક્ષા નહિ આપવાના હેતુથી સાધુનો ગોચરીનો સમય વીતી ગયા પછી આહાર લેવા આવવા વિનંતી કરવાથી, પાંચમો અતિચાર થાય છે.

આ રીતે બાર વ્રત અને દરેકના પાંચ પાંચ અતિચારનું વર્ણન સમાપ્ત થયું. આ બાર વ્રતની સમાપ્તિ સંબંધમાં શાસ્ત્રકાર લખે છે કે:—

एतद्रहिताणुव्रतादिपालनं विशेषतो गृहस्थधर्म इति ॥३५॥

અર્થ:—એ અતિચારો રહિત બાર વ્રત પાળવાં તે ગૃહસ્થનો વિશેષ ધર્મ જાણવો.

ભાવાર્થ:—આ રીતે જે જે અતિચારોનું વર્ણન કરવામાં આવ્યું છે, તે છૂટવાની બારીરૂપ ન ગણતાં તે ન લાગે તેવી રીતે પાળવાં, તે પાળનાર વિશેષ ગૃહસ્થ ધર્મ પાળનાર ગણવામાં આવે છે. અહીંઆં કોઈ શંકા કરે કે વિધિસહિત અંગીકાર કરનારને અતિચાર સંભવી શકેજ નહિ, અને અહીંઆં તમે કહો છો કે અતિ-

ચાર રહિત વ્રત પાળવાં, તો એ સંભવેજ શી રીતે ? આ શંકાનું સમાધાન નીચે પ્રમાણે શાસ્ત્રકાર આપે છે.

क्लिष्टकर्मोदयादतिचारा इति ॥३६॥

અર્થ:—ક્લિષ્ટ કર્મના ઉદયથી અતિચાર લાગે છે.

ભાવાર્થ—જ્યારે માણસે વ્રત અંગીકાર કર્યા ત્યારે તેના શુદ્ધ ભાવ હતા, પણ સત્તામાં રહેલા અશુભ કર્મના ઉદયથી માણસ અતિચાર કરવા પ્રેરાય છે. જો સમકિત પ્રાપ્ત થયું તે વખતે મનની તદ્દન પરિશુદ્ધિ હોય અને સત્તામાં પણ અશુભ બીજ ન હોય તો તે અતિચાર કરતો નથી. પણ સત્તામાં અશુભ કર્મના સંસ્કાર હોય તો તેનો જ્યારે ઉદય થાય ત્યારે માણસ જ્ઞાન હોવા છતાં વ્રતને અતિચાર લગાડે છે. આવા અતિચાર શી રીતે દૂર થઈ શકે તેનો જવાબ શાસ્ત્રકાર આપે છે.

विहितानुष्ठानवीर्यतस्तज्जय इति ॥३७॥

અર્થ:—અંગીકાર કરેલા અનુષ્ઠાન ફોરવવાથી વીર્યમાં તે અતિચાર ઉપર જય થાય છે.

ભાવાર્થ:—**સત્શ્રદ્ધા, સદ્વિચારને** ઉત્પન્ન કરે છે, અને સદ્વિચાર **સત્કાર્યને** જન્મ આપે છે. માટે રેલ્વે ટ્રેનના ઈન્જીનને ચલાવનાર જેમ વરાળ છે, તેમ સત્કાર્યને બળ આપનાર સત્શ્રદ્ધા એજ પરમ આધાર છે. તેના બળથી, વીર્યથી, પરાક્રમથી અતિચારો ધીમે ધીમે નાશ પામે છે. અગ્નિની સાથે ધૂમાડો નીકળે છે, માટે ધૂમાડો બંધ કરવા અગ્નિ ઓલવો નાંખતા નથી, પણ અગ્નિને સતેજિત કરીએ છીએ તેમ શુદ્ધ વ્રતને અતિચાર લાગે તો તે અતિચારના ભયથી શુદ્ધ વ્રતનો ત્યાગ ન કરવો, પણ જેમ શુદ્ધ વ્રતને પુષ્ટિ મળે, અને તે વધારેને વધારે વિશુદ્ધ બને એવી ભાવનાઓ ભાવવી અને એવી ભાવનાને બળ આપનાર right belief સત્શ્રદ્ધા છે.

अत एव तस्मिन् यत्न इति ॥३८॥

અર્થ—એજ કારણથી તે જ અનુષ્ઠાનમાં ઉદ્યમવન્ત થવું.

ભાવાર્થ:—માટે સત્વસ્તુને સત્વસ્તુ રૂપે ઓળખવી, અને અસદ્ વસ્તુને અસદ્ તરીકે ઓળખવી તેવી જે સત્શ્રદ્ધા તેમાં પ્રયત્ન નિરંતર કરવો.

આ બાબત પંચાશકમાં કહ્યું છે કે; "માણસને વિરતિનો પરિણામ ન હોય, તો પણ પ્રયત્ન કરવાથી તે પરિણામ થાય છે, અને પ્રયત્ન વિના, અથવા અશુભ કર્મના ઉદયથી વિરતિનો પરિણામ હોય, તે પણ ધીમે ધીમે નાશ પામે છે, માટે સમકિત અને અણુવ્રત અંગીકાર કર્યા પછી નિત્ય તેનું સ્મરણ કરવું. એટલે મેં આ વ્રત શા માટે ગ્રહણ કર્યા છે? તેનું ફળ શું છે? તેથી મારી ઉન્નતિ શી રીતે થઇ શકશે? તે વ્રતમાં વિઘ્નરૂપ શું આવે છે.? તે વિઘ્ન શી રીતે દૂર થાય? એવા એવા વિચારોથી તે વ્રતમાં ચિત્તની સ્થિરતા થાય તેમ કરવું. તે વ્રતોનું નિરંતર સ્મરણ કરવું. તેમના વિષે ઉચ્ચ ભાવનાઓ ભાવવી, અસદ્વાદ અને પ્રાણિવધ, અસત્ય ચોરી, મૈથુન, પરિગ્રહ વગેરે માઠાં ફળ આપનારાં છે, અને બાર વ્રતનું અન્તર ફળ સ્વર્ગ અને પરંપરા ફળ મોક્ષ છે, એમ વિચાર કરવો.

તીર્થંકરની ભક્તિથી તથા સાધુજનની અને ભાવયતિની સેવા કરવાથી, તથા ઉત્તમ ગુણ પ્રાપ્ત કરવાની અભિલાષાથી, સમકિત હોય ત્યારે અણુવ્રત ગ્રહણ કરવાની ઈચ્છા રાખવાથી, અને અણુવ્રત ગ્રહણ કર્યા પછી મહાવ્રત ગ્રહણ કરવાની ઉત્તમ ધારણા કરવાથી આવી રીતે નિરંતર ઉચ્ચ ભાવનાઓ ભાવવાથી વિરતિ અને સમ્યગ્દર્શનનો પરિણામ (ભાવ) જે ગુપ્ત હોય તે પ્રકટ થાય છે. અને ઉત્પન્ન થયેલા પરિણામમાં વૃદ્ધિ થાય છે. પણ પરિણામ ઘટતો

નથી; આ કારણથી લીધેલાં વ્રતોનું નિત્ય સ્મરણ કરવામાં જરા પણ પ્રમાદ કરવો નહિ એ બુદ્ધિમાનનું લક્ષણ છે.

હવે ન મેળવેલા ગુણની પ્રાપ્તિ માટે, અને મેળવેલાનું સારી રીતે રક્ષણ કરવા માટે વિશેષ ગૃહસ્થધર્મ પાળનારે શું કરવું જોઈએ તે શાસ્ત્રકાર સામાન્યહિતશિક્ષારૂપે કહે છે.

सामान्यचर्यास्येति ॥३९॥

અર્થ:—આવા પુરૂષનો સામાન્ય આચાર આ રીતે છે.

ભાવાર્થ:—ઉપર જણાવેલા બાર વ્રતધારી શ્રાવકે સામાન્ય રીતે શું કરવું કે જેથી નવા ગુણ પ્રાપ્ત થાય અને પ્રાપ્ત થયેલાનું રક્ષણ થાય અને વૃદ્ધિ પામે, તે હવે આગળ કહેવાય છે.

समानधार्मिकमध्ये वास इति ॥४०॥

અર્થ:—સમાન ધર્મવાળા પુરૂષો સાથે વસવું.

ભાવાર્થ:—પોતાના સમાન ગુણવાળા અથવા વિશેષ ગુણવાળા સાધર્મિક ભાઈઓની સાથે વસવું, તેવા પુરૂષો સાથે વસવામાં અનેક ગુણ છે. પ્રથમ તો પોતે અન્યાય આચરણ કરતાં ડરે, અને તેઓના સારા ગુણો જોઈ, પોતાનામાં જે ગુણ ન હોય તે મેળવવા અભિલાષા થાય વળી દર્શન મોહનીય કર્મનાં ઉદયથી જો આપણે ધર્મથી પતિત થતા હોઈએ તો બીજા માણસો સદ્‌ઉપદેશ આપી આપણને ધર્મમાં સ્થિર કરે અને જો બીજો માર્ગ વિમુખ જતો હોય તો આપણે તેને સદ્‌બોધ આપી ધર્મમાં નિશ્ચલ બનાવીએ. કહ્યું છે કે:—

यद्यपि निर्गतभावस्तथाप्यसौ रक्ष्यते सद्भिरन्यैः ।
वेणुर्विलूनमूलोऽपि वंशगहने महीं नैति ॥

ભાવ રહિત થયો હોય તો પણ બીજા સત્પુરૂષોથી તેની રક્ષા થાય છે જેમ વાંસ મૂળ વિનાનો થયો હોય તો પણ વાંસના સમૂહમાં રહેવાથી પૃથ્વી પર પડી જતો નથી. માણસને સારા પુરૂષોના

સહવાસમાં રહેવાથી તેઓના સદ્વિચારોનું બળ મળે છે, અને તેથી પોતે પણ શુદ્ધ વિચારવાળો તેમજ શુદ્ધ આચારવાળો થાય છે.

तथा वात्सल्यमेतेष्विति ॥४१॥

અર્થ:—સમનધર્મવાળા તરફ વાત્સલ્ય દેખાડવું.

ભાવાર્થ:—પોતાના સમાન ધર્મવાળા મળે, ત્યારે હૃદયમાંથી સ્વાભાવિક પ્રેમ તેમના તરફ વહેવો જોઈએ. લોહીના સંબંધ કરતાં ધર્મનો સંબંધ વધારે ઘટ્ટ છે. લોહીનો સ્થૂલ સંબંધ છે, પણ સમાન ધર્મવાળાનો આધ્યાત્મિક સંબંધ છે, માટે સાધર્મી મળે ત્યારે પરસ્પર પ્રેમથી મળવું, અને એક બીજાની આત્મિક ઉન્નતિ કેમ ચાલે છે તેની ખબર પૂછવી. વળી એક બીજાને જમવા માટે કહેવું, કોઈ રંક થઈ ગયો હોય તો તેને મદદ કરવી, કોઈ માંદો પડયો હોય તો રાત્રે ઉજાગરા વેઠીને પણ તેની યથાયોગ્ય સેવા કરવી. કારણ કે સમાન વિચારવાળાનો સંબંધ મરણ પછી પણ ટકે છે. પ્રવચનના સાર રૂપે કહેલું છે કે:—

जिनशासनस्य सारो जीवदया निग्रहः कषायाणाम् ।
साधर्मिकवात्सल्यं भक्तिश्च तथा जिनेन्द्राणाम् ॥ १ ॥

જીવદયા, કષાયનો નિગ્રહ, સમાનધર્મી ભાઈઓનું વાત્સલ્ય અને **જિનેશ્વરોની ભક્તિ** આ ચાર જિનશાસનના સાર રૂપે છે.

तथा धर्मचिन्तया स्वपनमिति ॥४२॥

અર્થ:—ધર્મનું ચિંતન કરતાં કરતાં સુઇ રહેવું.

ભાવાર્થ:—આ બાબત બહુજ ઉપયોગી છે: માણસો સૌથી છેલ્લો જે વિચાર કરતાં કરતાં ઉંઘી ગયા હોય, તે વિચાર ઉપર મન પોતાની શક્તિ વાપરે છે. અને નિદ્રામાં જતે નવો વિચાર કરવાની શક્તિ, જે યોગીઓમાં હોય છે, તે નહિ હોવાથી ઘણે ભાગે રાત્રિના સમયમાં કરેલા છેલ્લા વિચાર ઉપર મન પરોવાયેલું રહે છે

અને તેથી જો તે વિચાર શુભ ભાવનાવાળો હોય તો શુભ ભાવના દૃઢ થાય છે, અને અશુભ વિચાર હોય, તો અશુભ બાબતને પુષ્ટિ મળે છે; માટે રાત્રે સુતા પહેલાં દિવસ સંબંધીના બધા વિચારોને મનમાંથી વિસારી દઈ (Throwing off) શુભ ચિંતન કરતાં કરતાં સૂઈ જવું. *

* છેલ્લા વિચારની કેટલી બધી અસર થાય છે તેના સંબંધમાં એક અંગ્રેજ લેખક લખે કેઃ-

It will be remembered that Divine Wisdom attaches great weight to the last definire thought in a man's mind before he goes to sleep; because at our present state of evolution, we spend almost or quite the entire night in revolving and considering it. Naturally with a person who was fully awakened to the sleep-state this would matter less, as he would have the power to turn from one thought to another, and so could leave at will, subject which he was examining when he fell asleeP, the general trend of his thought would be an imporrant thing in his case, for equally during the day and the night his mind would be likely to move in its accustomed fashion."

માણસ નિદ્રામાં પડે તે અગાઉ તેના મનમાં છેલ્લા ચોક્કસ વિચાર ઉપર દેવી વિદ્યા બહુજ ભાર મૂકે છે, કારણ કે ઉન્નતિક્રમની જે સ્થિતિમાં આપણે છીએ, તે સ્થિતિમાં આપણે તે વિચારનું મનન કરવામાં અથવા તે વિચારની પર્યાલોચન કરવામાં લગભગ અથવા તદ્દન આખી રાત્રિ પસાર કરીએ છીએ.

જે માણસ નિદ્રામાં પણ જાગૃત અવસ્થામાં રહી શકે તેવી યોગ શક્તિ મેળવી હોય, તેને આ બાબત સ્વાભાવિક રીતે બહુજ અગત્યની ગણી શકાય નહિ. કારણ કે એક વિચાર ઉપરથી બીજા વિચાર ઉપર મનને તે ફેરવી શકે; અને તેથી જ્યારે નિદ્રામાં પડયો ત્યારે જે વિષય ઉપર વિચાર કરતો હતો, તે વિષયનો ત્યાગ કરી શકે; તેની બાબતમાં તેના વિચારોનો સામાન્ય પ્રવાહ કઈ બાજુમાં વહે છે તે ઉપયોગી છે, કારણ રાત્રિએ મન તેણે તૈયાર કરેલા માર્ગોમાં સામાન્ય રીતે ફરશે."

નિદ્રાની અંદર આપણું ભાન રહે તેવી સ્થિતિ હજુ આપણે પ્રાપ્ત કરી નથી, તેથી આપણી હાલની સ્થિતિમાં તો રાત્રિમાં ઉંઘતા પહેલાં સૌથી છેલ્લો વિચાર બહુજ અગત્યનો છે. માટે તે વખતે દરરોજ શુભ વિચાર કરવો, ત્રણ નવકાર ગણવા, અથવા ટીકાકાર લખે છે તેવી કોઈ ઉચ્ચ ભાવના ભાવવી. જેમકેઃ–

धन्यास्ते वन्द्यनीयास्ते तैस्त्रैलोक्यं पवित्रितम् ।
यैरेष भुवनक्लेशी काममल्लो विनिर्जित. ॥ १ ॥

જેઓએ ભુવનને જીતનાર કામમલ્લને જીત્યો છે તેમને ધન્ય છે, તેઓ વંદનીય છે, અને તેઓએ ત્રણ જગતને પવિત્ર કર્યું છે; અથવા નીચે પ્રમાણે વિચાર કરવો.

Pray that the whole mankind may be spiritually evolved, may not yield to the seductions of the senses, and may the sins of ommission and commission be forgiven."

સર્વ મનુષ્યો અધ્યાત્મિક ઉન્નતિ પામો, સર્વ મનુષ્યો ઇન્દ્રિયોના વિકારોને આધીન ન થાઓ, અને કરવાનું નહિ કરવારૂપ, અને નહિ કરવાનું કરવારૂપ સર્વ અતિચારો માફ થાઓ, એવી પ્રાર્થના કરો.

આવી ભાવના કરવાથી મનુષ્ય જેટલો સમય નિદ્રાવસ્થામાં રહે છે, ત્યાં સુધી શુભ પરિણામવાળો રહી શકે છે. વળી પ્રાતઃકાળમાં જાગૃત થતાં સર્વ કલ્યાણકારી પંચપરમેષ્ઠિનું ભક્તિસહિત નામ લેવું.

तथा नमस्कारेणावबोध इति ॥४३॥

અર્થ–નમસ્કાર સહિત જાગવું.

ભાવાર્થ:-નમોઅરિહંતાણં એ પદથી શરૂ કરી પ્રથમ પાંચ પદનો જાગૃત થતાં પ્રથમ ઉચ્ચાર કરવો. કારણ કે પંચપરમેષ્ઠિના ગુણનું મહાત્મ્ય અચિન્ત્ય છે; તેનો મહિમા તેનું સ્મરણ કરનારા જ જાણે છે.

एष पञ्चनमस्कारः सर्व पापप्रणाशनः ।
मङ्गलानां च सर्वेषां प्रथमं भवति मङ्गलम् ॥

આ પંચપરમેષ્ઠિને કરેલા પંચનમસ્કાર સર્વ પાપનો નાશ કરનારા છે, કારણ કે સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. આ પાંચ પદ છે તે ઓંકાર દર્શક છે, અને યોગીઓ પણ ઇચ્છિત પદાર્થ અને મોક્ષને આપવાવાળા ઓંકારનું નિરંતર ધ્યાન કરે છે. માટે જૈનોએ પણ ઓંકાર શબ્દસૂચક પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવો. પછી શું કરવું તે શાસ્ત્રકાર જણાવે છે.

तथा प्रयत्नकृतावश्यकस्य विधिना चैत्यादिवन्दनमिति ॥४४॥

અર્થ–પ્રયત્નથી આવશ્યક ક્રિયા કરીને વિધિ સહિત ચૈત્યવંદન કરવું.

ભાવાર્થ:– આ આવશ્યક ક્રિયા નીચે પ્રમાણે છે. પ્રથમ મલમૂત્રનો ત્યાગ કરવો, પછી સ્નાન કરવું, પછી શુદ્ધ વસ્ત્ર ધારણ કરવાં, આ પ્રથમની આવશ્યક ક્રિયાઓ કરી વિધિ સહિત પુષ્પ વગેરેથી ચૈત્યવંદન કરવું, એટલે જિનબિંબની પૂજા કરવી. તે પછી ગુરૂવંદન અને માતાપિતા વિગેરે વડિલોને નમન કરવું. જિનબિંબની ભાવસહિત પૂજા કરવાથી ભાવ શુદ્ધ થાય છે, કહ્યું છે કે:–

चैत्यवन्दनतः सम्यक् शुभो भावो प्रजायते ।
तस्मात्कर्मक्षयः सर्वः ततः कल्याणमश्नुते ॥१॥

ચૈત્યવંદનથી સારી રીતે શુભભાવ પ્રગટ થાય છે, તેથી સર્વ કર્મ ક્ષય થાય છે, અને તેથી સર્વ કલ્યાણ પ્રાપ્ત કરે છે. આ વગેરે વંદનના અનેક ફળ છે. વળી તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કેઃ—

अभ्यर्चनादर्हतां मनः प्रसादस्ततः समाधिश्च ।
तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ॥२॥

અર્હત્ ભગવાનની પૂજા કરવાથી મનની નિર્મલતા થાય છે, મનની નિર્મળતાથી સમાધિ થાય છે, સમાધિથી મોક્ષ મળે છે, માટે જિનપૂજા કરવી એ ન્યાય યુક્ત છે.

तथा सम्यक् प्रत्याख्यानक्रियेति ॥४५॥

અર્થ—પછી સમ્યક્ પ્રકારે પ્રત્યાખ્યાન અંગીકાર કરે.

ભાવાર્થ—માન, ક્રોધ, અવિચારીપણું વગેરે ટાળવા માટે, અને મૂળ ગુણ તથા ઉત્તર ગુણની વૃદ્ધિ માટે પ્રત્યાખ્યાન કરવું.

પ્રત્યાખ્યાનનો હેતુ ઇચ્છાનિરોધ છે. મન અને ઇન્દ્રિયો, પ્રત્યાખ્યાનથી આત્માને વશ થાય છે. પ્રત્યાખ્યાન કરવાથી દુનિયામાં જેટલું સાવદ્ય કર્મ થાય છે તે સાવદ્ય કર્મનો ત્યાગ થઈ પ્રત્યાખ્યાનની મર્યાદામાં આવેલા સાવદ્ય કર્મનોજ માત્ર તે જોખમદાર રહે છે, માટે પ્રત્યાખ્યાનમાં બહુ લાભ છે; કહ્યું છે કે—

परिमितमुपभुञ्जानो ह्यपरिमितमनन्तकं परिहरंश्च ।
प्राप्नोति च परलोके ह्यपरिमितमन्तकं सौख्यम् ॥१॥

પ્રમાણ રાખેલા સાવદ્યને ભોગવતો અને નહિ પ્રમાણ કરેલા અનન્ત સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરતો પુરૂષ પરલોકમાં પ્રમાણ વિનાનું અનંત સુખ ભોગવે છે.

પ્રત્યાખ્યાન કર્યા પછી શું કરવું તે કહે છે.

तथा यथोचितंचैत्यगृहगमनमिति ॥४६॥

અર્થ—જેમ યોગ્ય હોય, તેમ ચૈત્યગૃહ–મંદિરમાં જવું.

ભાવાર્થ—યોગ્યતાનો વિચાર શ્રાવકના ભેદથી કરવામાં આવેલો છે, અહીંયા શ્રાવકના બે પ્રકાર સમજવા. એક ઋદ્ધિવાળો અને બીજો ઋદ્ધિ વગરનો. ઋદ્ધિવાળા રાજા વગેરે પોતાના પરિવારના સમુદાયસહિત ચૈત્યમાં જાય; કારણ કે તેથી પ્રવચનની પ્રભાવના થાય છે. અને સમૃદ્ધિ વિનાનો માણસ તે પોતાના કુટુંબના માણસો સાથે મળીને ચૈત્યમાં જાય. કારણ કે સમુદાયે ભેગાં મળીને કરેલાં કર્મ બીજા ભવમાં સમુદાયથી જ ભોગવાય છે.

तथा विधिनानुप्रवेश इति ॥४७॥

અર્થ:—વિધિસહિત ચૈત્યમાં પ્રવેશ કરે.

ભાવાર્થ:—જ્યારે ચૈત્યમાં પ્રવેશ કરવો હોય, ત્યારે પુષ્પ વગેરે સચિત્ત દ્રવ્યનો શરીર ઉપરથી ત્યાગ કરવો પણ આભૂષણ વગેરે અચિત્ત દ્રવ્યનો ત્યાગ કરવો નહિ.

ખેસ આદિ ઓઢવાના વસ્ત્રનું ઉત્તરાસંગ કરવું, જિનબિંબ દૃષ્ટિએ પડે કે તરત અંજલિ કરવી એટલે હાથ જોડવા; અને મનને પ્રભુ ભક્તિમાં એકાગ્ર–તલ્લીન કરવું.

પાંચ પ્રકારના રાજ્ય ચિન્હોનો રાજાએ ચૈત્યગૃહમાં પ્રવેશ કરતી વખતે ત્યાગ કરવો; કારણ કે જિન ભગવાન રાજાના પણ રાજા સમાન છે, માટે તેના આગળ રાજાએ પોતાની નમ્રતા તથા ભક્તિ બતાવવા વાહન, મુકુટ, તરવાર છત્ર, અને ચામર એ પાંચ રાજચિન્હ બહાર મૂકી મંદિરમાં પ્રવેશ કરવો.

तत्र च उचितोपचारकरणमिति ॥४८॥

અર્થ—ત્યાં ઉચિત ઉપચાર (સેવા ભક્તિ) કરવી.

ભાવાર્થ:—ત્યાં ધૂપ પુષ્પ, વગેરેથી ભગવાનની ભક્તિ કરવી.

ततो भावतः स्तवपाठ इति ॥४९॥

અર્થ:—પછી ભાવથી સ્તોત્રનું પઠન કરવું.

ભાવાર્થ—ભક્તિ કર્યા પછી, દરિદ્રી પુરૂષ, દ્રવ્યનો ભંડાર મળતાં જેટલો સંતોષ ધરે તેમ, પ્રભુ પૂજનથી સંતોષ પામી, ભાવથી ગંભીર અર્થવાળા, પ્રભુના હયાત ગુણોના વર્ણનવાળા ભક્તિભાવ તથા પૂજ્યભાવ દર્શાવનારા સ્તવનો સુસ્વર કંઠથી ગાવાં.

સંગીત એ તેની ઉચ્ચ ભવ્યતામાં એક દૈવી શાસ્ત્ર છે. જ્યારે રાવણ ભક્તિમાં તલ્લીન થયો હતો, અને સિતાર સાથે પ્રભુ ગુણ કીર્તન કરતો હતો તેવામાં એકાએક સિતારનો તાર તુટયો, તે સમયે તેણે ભક્તિના આવેશમાં સાથળમાંથી નસ કાઢી તે નસ તે તારની જગ્યાએ સ્થાપી, આથી તેણે ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું, તેથી ભક્તિને માટે સંગીત એ ઉત્તમ સાધન છે.

ततः चैत्यसाधुवन्दनमिति ॥५०॥

અર્થ:—પછી અરિહંતના બિંબનું તથા સાધુનું વંદન કરવું.

ભાવાર્થ:—તે અરિહંતના બિંબ, તેમજ ભાવ અરિહંત, દ્રવ્ય અરિહંત, અને નામ અરિહંત તથા વ્યાખ્યાન વગેરે કારણોથી આવેલા, વંદનીય સાધુ પુરૂષોને વંદન કરવું. પ્રથમ પ્રભુ વંદન કરવું. પછી ગુરૂ વંદન કરવું. ગુરૂ વંદન કર્યા પછી શું કરવું?

ततः गुरूसमीपे प्रत्याख्यानाभिव्यक्तिरिति ॥૫૧॥

અર્થ—ગુરૂ પાસે પ્રત્યાખ્યાન પ્રગટ કરે.

ભાવાર્થ : ઘરમાં કરેલું હોય તે ગુરૂને જણાવે, અને ગુરૂની સાક્ષી સહિત ગુરૂ પાસે પ્રત્યાખ્યાન લે.

ततो जिनवचनश्रवणे नियोग इति ॥૫૨॥

અર્થ—પછી જિન વચન સાંભળે.

ભાવાર્થ:—શ્રાવકનો અર્થજ એ થાય છે કે જે સાધુ પુરૂષ પાસેથી પોતાનું શું કર્તવ્ય છે તે સંબંધી ઉપદેશ સાંભળનાર તે શ્રાવક (શ્રુ સાંભળવું) માટે પ્રતિદિન ધર્મ શ્રવણ કરવું.

સંસારના પ્રાપંચિક જીવનની દિવાલ એવી જબરી છે કે તેને તોડવા એકાદ વાર ઉપદેશ સાંભળવાથી ચાલે નહિ. વારંવાર ઉપદેશના હથોડા તે દિવાલ ઉપર પડે, ત્યારેજ દિવાલનો કોઈક ભાગ તુટે. જેમ રોગનો નાશ કરવા માટે એક વખત લીધેલું ઔષધ વારંવાર લેવાય છે, અને તેમ કરવામાં દોષ ગણાતો નથી, તેમ ધર્મભાવના સજીવન રાખવા અને પ્રાપંચિક જીવનની અસારતાનો ખ્યાલ આપવા વારંવાર ઉપદેશ શ્રવણ કરવામાં જરા પણ દોષ નથી. માટે ધર્મશ્રવણ કરવું.

ततः सम्यक् तदर्थालोचनमिति ॥૫૩॥

અર્થ—સાંભળ્યા પછી સમ્યક્ પ્રકારે સાંભળેલા પદાર્થો વિશે મનન કરવું.

ભાવાર્થ:—કેવળ સાંભળવાથી બહુ લાભ નથી, સાંભળેલી બાબતો ઉપર મનન કરવું જોઈએ; મનન કરવાથી તે સત્ય પદાર્થમાં રહેલી ખુબીઓ જણાઈ આવે છે; જેટલો વખત સાંભળતાં લાગ્યો

હોય, તેના કરતાં ત્રણ ગણો સમય તે વિષે મનન કરવામાં પસાર કરવો, ત્યારે જ તેની સાથે મન તન્મય થાય છે અને મન ઉપર તેની સમ્યગ્ છાપ પડે છે, અને તે પ્રમાણે આચારમાં મૂકવા પ્રેરાય છે; જે બાબત ઉપર મનન કરેલું નથી તે બાબત થોડા દિવસ પછી ભૂલી જવાય છે, અને આ રીતે સાંભળવાનો ગુણ થતો નથી. માટે શાંત ચિત્તથી સદ્બોધ ઉપર મનન કરવું.

ततः आगमैकपरतेति ॥५४॥

અર્થ—આગમનેજ પ્રધાન માને.

ભાવાર્થ:—સર્વ ક્રિયામાં આગમ-સ્યાદ્વાદસિદ્ધાન્ત અનેકાન્ત મતના ઉપરજ આધાર રાખે. જ્યાં જ્યાં શંકા પડે, ત્યાં આગમમાં કહેલા બોધ પ્રમાણે તે માણસ વર્તે.

ततः श्रुतशक्त्यपालनमिति ॥५५॥

અર્થ—પછી સાંભળેલામાંથી શક્તિ પ્રમાણે પાલન કરે.

ભાવાર્થ—ગુરૂ પાસેથી સદ્બોધ શ્રવણ કરે, પછી પોતે વિચાર કરે, કે આ બોધમાંથી મારાથી શું થઈ શકે એમ છે? જે થઈ શકે એવું હોય, તે પાળવા માટે ઉદ્યમ કરે; શક્તિ હોવા છતાં, યોગ્ય કામ જે કરતો નથી, તેને એની શક્તિ ફરીથી પ્રાપ્ત થતી નથી, અને વીર્યાચારમાં દોષ લાગે છે. માટે યથાશક્તિ પ્રવર્તન કરવું, એટલે કે પૌષધ, સામાયિક વગેરે કરવાં.

तथा अशक्ये भावप्रतिबन्ध इति ॥५६॥

અર્થ—અશકય અનુષ્ઠાનમાં ભાવ રાખે.

ભાવાર્થ—જેટલું પોતાનાથી બની શકે તેમાં તો જરૂર ઉદ્યમ કરવો, પણ પોતાનાથી ન બની શકે એવું હોય, તે કયારે હું કરી શકીશ એવી ભાવના ભાવવી.

માણસ જે વસ્તુની ભાવના ભાવે છે, તે ભાવના સિદ્ધ થાય તેવા સંજોગો તેને મળી આવે છે. કહ્યું છે કે "જેના ઉપર માણસ વિચાર કરે છે તેવો તે થાય છે", માટે ભાવના નિરંતર ઉચ્ચ પ્રકારની રાખવી. જે ભાવને આચારમાં ન મૂકી શકતા હોઈએ તેવા સર્વવિરતિ અનુષ્ઠાનમાં ભાવ રાખવો. તે ભાવનાનો એક ટૂંકસાર બતાવેલો નીચે પ્રમાણે છે.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથજો;
સર્વ સંબંધના તીક્ષ્ણ બંધન છેદીને,
વિચરશું ક્વ મહત્પુરૂષને પંથજો.

આવી ભાવના ભાવનાથી શાસ્ત્રકાર લખે છે કે તે ભાવનાને કારણે થતા અનુષ્ઠાનનું ફળ મળે છે. કહ્યું છે કે—

नार्या यथान्यसक्तायास्तत्रभावे सदा स्थिते ।
तद्योगः पापबन्धाय, तथा धर्मेऽपि दृश्यताम् ॥

જેમ પરપુરૂષમાં આસક્ત થયેલી સ્ત્રી તે પુરૂષને જ ભાવથી ઈચ્છે છે, પણ ઉપરથી પોતાના પતિની સેવા બજાવે છે, તો પણ તેને પાપ બંધજ થાય છે, તેજ રીતે ધર્મમાં પણ સમજવું. તેમ ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં, યથાશક્તિ ગૃહસ્થ ધર્મ પાળવા છતાં યતિધર્મમાં જે ખરો ભાવ રાખે છે, તો યતિધર્મ પાળવાનું ફળ મળે છે. આ ઉપર પૃથ્વીચંદ્ર રાજાનું દૃષ્ટાંત વિચારવા જેવું છે કહ્યું છે કે—

સમકિતવંતા જીવડા, કરે કુટુંબ પ્રતિપાળ;
અંતરથી ન્યારા રહે, જેમ ધાવ ખેલાવત બાળ.

માટે ભાવ ઉપર ઘણો આધાર છે; અને તેથી ભાવ સર્વદા ઉત્તમ રાખવા.

तथा तत्कर्तृषु प्रशंसोपचाराविति ॥५७॥

અર્થ—તે અશક્ય અનુષ્ઠાનને કરનારાઓની પ્રશંસા તથા સહાય કરે.

ભાવાર્થ—પોતાની અપેક્ષાથી જે અનુષ્ઠાન અશક્ય લાગતું હોય તેવું કરનારા મહાપુરૂષોની પ્રશંસા કરવી; અને તેમની સેવા કરવી, તથા અન્નપાન વસ્ત્ર વગેરેની તેમને જરૂર હોય, તો તેમને ભક્તિપૂર્વક આપવા.

ગુણાનુરાગ અને ગુણીજનાનુરાગ એ ઉત્તમ ગુણો છે, માટે નિરંતર આપણાથી જ્ઞાનમાં તથા ગુણમાં આગળ વધેલાની પ્રશંસા કરવી. જે ચાર ભાવનાઓ દરેક જૈનને ભાવવાની છે તેમાં એક **પ્રમોદ** ભાવના પણ છે. આપણાથી જે આગળ વધેલા હોય તેમનાં ઉત્તમ જ્ઞાન, ભક્તિ ક્રિયા વગેરે જોઈ આપણા હૃદયમાં આનંદ થવો તે પ્રમોદ જાણવો. તેથી આગળ વધેલાની ઈર્ષ્યા કરવાને બદલે આપણે તેવા ગુણો મેળવવા ઉત્સાહિત થઈએ છીએ; પ્રમોદ ભાવના તેવા ગુણો પ્રાપ્ત કરવા માટે આપણને ઉત્સાહ આપે છે. માટે જ્ઞાની, ભકત અને ઉત્કૃષ્ટ અનુષ્ઠાન કરનારની પ્રશંસા કરવી, અને તેવા લોકોની સેવા કરવી. તેમની સેવા કરવાથી, તેમના આશીર્વાદથી, તેવા ગુણો સહજ પ્રાપ્ત થાય છે.

तथा निपुणभावचिन्तनमिति ॥५८॥

અર્થ : અતિસૂક્ષ્મ ભાવોનું ચિંતવન કરવું.

ભાવાર્થ—ધર્મની અંદર દ્રવ્ય ગુણ પર્યાયનું સૂક્ષ્મ સ્વરૂપ વિચારવું.

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુકત પદાર્થ સત્ કહેવાય તે લક્ષણ દરેક પદાર્થને લગાડવું.

ચાર નિક્ષેપાથી વસ્તુનું વિવેચન કરવું.

સપ્તભંગીનું સ્વરૂપ વિચારવું.

આવા સૂક્ષ્મ ભાવોનું ચિન્તવન કરવાથી બુદ્ધિ ખીલે છે, હૃદયમાં સત્યનો અસર થાય છે, અને તે તત્ત્વો વર્તન ઉપર પણ અસર કરે છે. દૃષ્ટાંત તરીકેઃ–

अनादिनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणम् ।
उन्मज्जन्ति निमज्जन्ति जलकल्लोलवज्जले ॥१॥

स्नेहाभ्यक्तशरीरस्य रेणुना श्लिष्यते यथागात्रम् ।
रागद्वेषादिक्लिन्नस्य कर्मबन्धो भवत्येवं ॥२॥

જેમ જળમાં કલ્લોલો ઉત્પન્ન થાય છે, અને તરત જ વિનાશ પામે છે. તેમ જેને આદિ તથા અંત નથી એવા દ્રવ્યમાં ક્ષણે ક્ષણે પર્યાયો ઉત્પન્ન થાય છે, અને નાશ પામે છે.

તેલથી ખરડાયેલા શરીરને જેમ રજ લાગે છે, તેમ રાગદ્વેષથી ખરડાયેલા પુરૂષને કર્મબંધ થાય છે. આવી રીતે શાસ્ત્રવાક્યોનું તાત્પર્ય શું છે તે સમજવું અને વિચારવું.

तथा गुरुसमीपे प्रश्न इति ॥ ५९ ॥

અર્થ—ગુરૂ પાસે જઈને પ્રશ્ન કરવા.

ભાવાર્થ–ઘણીજ બારીકાઈથી વિચાર કરવા છતાં કોઈ વિષય ઘણો ગંભીર હોવાથી, પોતાની મેળે તેનો યથાર્થ નિશ્ચય ન થઈ શકે તેમ લાગે, તો જ્ઞાની ગુરૂ પાસે જઇ વિનય પૂર્વક આ પ્રમાણે કહેવું. "હે ભગવન્ ! આ બાબતનો અર્થ મેં વિચાર્યો, ઘણો મહેનત કરવા છતાં હું તે સમજી શકતો નથી; માટે આપના જ્ઞાનનો પ્રકાશ આ વિષય ઉપર નાંખી મને કૃતાર્થ કરશો."

પ્રથમ પોતાની શક્તિ પ્રમાણે વિચાર કરવો. જરા સમજણ ન પડે કે બીજાની સહાય માગવા દોડવાથી પોતાની બુદ્ધિ ખીલતી નથી, અને બાળકને તેની મા ચાવીને ખવરાવે તેવી સ્થિતિ આપણી થાય છે. બહુશ્રમ કરવા છતાં આપણને કોઈ બાબત ન સમજાય, તો નમ્રભાવે તે બાબતના જાણકાર ગુરૂને પૂછવું પણ એમને પૂછવાથી મારી હલકાઈ થશે એવા ખોટા ગર્વથી શંકાને હૃદયમાં દાબી દેવી નહિ; કારણકે તેથી તે બાબતનું એટલું જ્ઞાન ઓછું થશે; અને ગુરૂએ પણ શંકા કરનારને દાબી દેવાને બદલે તેના મનનું યોગ્ય રીતે સમાધાન થાય તેમ જવાબ આપવો, અને પોતાને તે બાબતમાં બરાબર ખબર ન હોય તો મૌન રહેવું, પણ પોતાની પ્રતિષ્ઠા જાળવવાના લોભથી આડું અવળું સમજાવવા વ્યર્થ કાળક્ષેપ કરવો નહિ.

तथा निर्णयावधारणमिति ॥६०॥

અર્થ–ગુરૂએ નિર્ણય કરી કહેલા વચનનું અવધારણ કરવું.

ભાવાર્થ:–ગુરૂ જે વખતે શંકાનું સમાધાન કરે તે વખતે એક ચિત્તથી શ્રવણ કરવું, અને તે ગ્રહણ કરવું.

सम्मं वियारियव्वं अट्ठपयं भावणापहाणेणं ।
विसएय ठावियव्वं बहुसुयगुरूणो सयासाओ ॥

બહુશ્રુત ગુરૂ પાસેથી સાંભળેલા અર્થ પદનો ભાવના પ્રધાન શ્રાવકે સમ્યક્ પ્રકારે વિચાર કરવો, અને તેના સ્વરૂપનો વિચાર કરવો એટલે શબ્દમાં તથા શબ્દમાં રહેલા ભાવનો વિચાર કરવો.

तथा ग्लानादिकार्याभियोग इति ॥६१॥

અર્થ:—ગ્લાન દુઃખી આદિનાં કાર્યમાં સાવધાન રહેવું.

ભાવાર્થ:–ગ્લાન એટલે માંદા તથા આદિ શબ્દથી બાલક, વૃદ્ધ, આગમ ગ્રહણ કરવા માટે ઉદ્યમી તથા પરોણો વગેરે સાધુ તથા સાધ-

ર્મિક પુરૂષોના કાર્યમાં એટલે ઔષધ, અન્ન, પાન, વસ્ત્ર, પુસ્તક આશ્રય, વગેરે આપવામાં સાવધાન રહેવું. કહેવાનો સાર એ છે કે સાધુઓને તથા સાધર્મિક બંધુઓને પોતાથી બનતી, જેમ જેને ઘટે તેવી મદદ આપવી; તેથી ધર્મમાં ભક્તિ રહે છે, અને તેવા પુરૂષો ધર્મમાં દૃઢ રહી શકે છે.

तथा कृताकृतप्रत्युपेक्षेति ॥६२॥

અર્થ:—કરેલા અને નહિ કરેલા કાર્યની તપાસ રાખવી.

ભાવાર્થ:—દેરાસર સંબંધી અથવા સાધુ સંબંધી, અથવા સાધર્મિક બંધુઓ સંબંધી પોતાની શી શી ફરજો કરવાની છે તેનો વિચાર કરવો. તેમાંથી કેટલી ફરજો અદા કરી છે, અને કેટલી અદા કરવાની બાકી છે તે તપાસવું. અને જે અદા કરવાની બાકી હોય તે અદા કરવા તત્પર રહેવું; જો એમ ન કરે તો પોતાની શક્તિ ક્ષય થવાનો પ્રસંગ આવે; માટે જ્યાં જેટલી જોઈએ તેટલી શક્તિ વાપરવી. પણ જે કામ થઈ ગયું હોય તે સંબંધી ચિંતા કરવામાં નિરર્થક સમય ગુમાવવો નહિ.

ततश्च उचितवेलयागमनमिति ॥६३॥

અર્થ:—પછી યોગ્ય વેળાએ ઘેર આવે.

ભાવાર્થ:—ઉપર જણાવ્યા પ્રમાણે ચૈત્યમાં તથા ઉપાશ્રયમાં સમય પસાર કર્યા પછી વ્યાપાર, રાજસેવા અથવા બીજા વ્યવહારિક કાર્ય માટે ચૈત્યથી અથવા ગુરૂ પાસેથી, વખત થયે, ઘેર આવવા નીકળે.

જ્યાં સુધી માણસ ગૃહસ્થાશ્રમી છે ત્યાં સુધી ગૃહસ્થાશ્રમને ઉચિત ફરજો બજાવવી એ તેનો ધર્મ છે, અને ન બજાવે ને ઉપાશ્રયેજ બેસી રહે તો ઉભય ધર્મથી ભ્રષ્ટ થાય છે, માટે યોગ્ય અવસરે યોગ્ય કાર્ય કરવું. એટલે વખત થયે ઘેર આવવું.

ततो धर्मप्रधानो व्यवहार इति ६४॥

અર્થ—પછી ધર્મની પ્રધાનતાપૂર્વક વ્યવહાર કરે.

ભાવાર્થ:—ઘેર આવ્યા પછી પ્રથમ અધ્યાયમાં બતાવ્યા પ્રમાણે ગૃહસ્થ ઉચિત સંસાર વ્યવહારનાં કાર્ય કરે, પરંતુ તેમાં પણ ધર્મભાવનાનો કદાપિ ત્યાગ કરે નહિ. એટલે વ્યવહારમાં પણ ઉચ્ચભાવનાનો કદાપિ ત્યાગ કરે નહિ, અને ધર્મને બાધ ન આવે તેમ વર્તે.

तथा द्रव्ये संतोषपरतेति ॥६५॥

અર્થ:—દ્રવ્યમાં સંતોષપણું રાખવું.

ભાવાર્થ:—ધન ધાન્ય વિષે સંતોષ રાખવો, અને જેટલા ધનથી નિર્વાહ ચલાવી શકાય, તેટલા ધનથી ધર્મીજીવે સંતોષ માનવો. પહેલાના લોકો આજીવિકા અલ્પ સાધનોથી ચલાવતા હતા; પૂર્વે જે મોજશોખના—એશઆરામના પદાર્થો ગણવામાં આવતા હતા તે હવે જરૂરી ચીજો તરીકે માનવામાં આવે છે, અને તે સાધનો પુરા પાડવા માટે વધારે દ્રવ્યની જરૂર પડે છે, અને તે દ્રવ્ય મેળવવામાં માણસોનો સઘળો સમય પસાર થઈ જાય છે. આ રીતે પદાર્થોની વધતી જતી તૃષ્ણા માણસોને સંતોષ પામવા દેતી નથી, અને પરિણામ એ આવે છે કે માણસ, તે તૃષ્ણાઓ સંતુષ્ટ થાય તે માટે જોઈતું દ્રવ્ય મેળવવામાં પોતાનો બધો સમય ગાળી દે છે. અસલમાં માણસ કેટલા સાધનોમાં પોતાનું ગુજરાન ચલાવી શકતો અને સંતોષી રહેતો તેના માટે પ્રાચીન શ્લોક અત્રે ટાંકવામાં આવે છે.

अत्युष्णात्सघृतादन्नादच्छिद्रात्सितवाससः ।
अपरप्रेष्याभावाच्च शेषमिच्छन्पतत्यधः ॥ १ ॥

ઘી સહિત અતિ ઉષ્ણ અન્ન, છિદ્ર રહિત સફેદ વસ્ત્ર અને

પારકાની સેવાનો અભાવ એ ત્રણ સિવાય બીજાની ઈચ્છા કરનાર નીચે પડે છે.

કહેવાનો સાર એ છે, કે માણસ સ્વતંત્ર રીતે ખાવાને અન્ન-પાન અને પહેરવાને વસ્ત્ર મેળવે તો તેણે ઘણા સંતોષથી રહેવું. અસંતોષ એ ઉપર જણાવ્યા પ્રમાણે ધર્મનો વિરોધી છે; થોડું મળતાં માણસ વધારેની ઈચ્છા કરે છે અને વધારે મળતાં તેથી વધારેની ઈચ્છા જાગૃત થાય છે. આ રીતે લોભનો અંત આવતો નથી. અને લોભને લાધે વધારેને વધારે દ્રવ્ય પેદા કરવાની લાલચમાં મરણ ને શરણ થાય ત્યાં સુધી તેને અવકાશ મળતો નથી. વળી કહ્યું છે કે:—

सन्तोषामृततृप्तानां यत्सुखं शान्तचेतसाम् ।
कुतस्तद्धनलुब्धानामितश्चेतश्च धावताम् ॥

સંતોષ રૂપી અમૃત વડે તૃપ્તિ પામેલા અને શાન્તચિત્તવાળાને જે સુખ મળે છે, તે ધનને વિષે લુબ્ધ થયેલા અને ધનને માટે ચારે તરફ દોડતા પુરૂષોને ક્યાંથી મળી શકે? જેનું ચિત્ત સદા ઉદ્વેગમાં રહેલું હોય તેને સંતોષ ક્યાંથી સંભવે?

तथा धर्मे धनबुद्धिरिति ॥६६॥

અર્થ:—ધર્મમાં ધનબુદ્ધિ રાખવી.

ભાવાર્થ:—સકળ ઇચ્છિત પદાર્થને આપનાર ધર્મમાં ધન-બુદ્ધિ કરવી, એટલે ધર્મ તેજ ધન છે, તેમ માનવુ.

धर्मधनाः हि साधवः

કહ્યું છે કે સાધુ પુરૂષોને ધર્મ એજ ધન છે.

માટે ધર્મ અથવા પોતાના વર્તનને ચારિત્રને સજ્જનો ધનરૂપ લેખે છે. તે ધન શાશ્વતું છે, કારણ કે મરણ સમયે ધન, લોભ,

કીર્તિ, પદવી વગેરે સાથે આવતા નથી, પણ માણસનું ચારિત્ર ગુણ અને ધર્મ સાથે આવે છે, તેજ ખરી રિદ્ધિ છે, અને તે શાશ્વત રિદ્ધિને પ્રાપ્ત કરનારા સ્થૂલ ધન અલ્પ હોવા છતાં સંતોષથી રહે છે, અને પરમ આનંદ ભોગવે છે.

तथा शासनोन्नतिकरणमिति ॥६७॥

અર્થ:—જૈન શાસનની ઉન્નતિ કરવી.

ભાવાર્થ:—આ સંસારમાં ત્યાગ કરવા યોગ્ય શું છે, અને ગ્રહણ કરવા યોગ્ય શું છે, એવી રીતે હેય, ઉપાદેય અને જ્ઞેય સર્વ પદાર્થોને સૂર્યની માફક પોતાના જ્ઞાન બળવડે શ્રી જિનેશ્વરભગવંતે પ્રકાશિત કર્યા છે, તેમણે ઉપદેશ કરેલો બોધ અને તે બોધને અનુસરનારા શાસન કહેવાય છે, તે શાસનની ઉન્નતિ કરવી.

શાસનની ખરી ઉન્નતિ તે શાસનને અનુસરનારા ઉચ્ચવર્તનથી થઈ શકે, માટેજ ટીકાકાર લખે છે કે,

ન્યાય પ્રમાણે વ્યવહાર કરવાથી,
જેમ ઘટે તેમ લોકનો વિનય કરવાથી,
દીન, અનાથ, ગરીબ લોકોનો ઉદ્ધાર કરવાથી,
સુવિહિત યતિ-સાધુ પુરૂષોની પૂજા સત્કાર કરવાથી,
પરિશુદ્ધ શીલ પાળવાથી,
જિનભવન કરાવવાથી,

યાત્રા-સ્નાત્ર વગેરે જુદા જુદા પ્રકારના ઉત્સવ કરવાથી, શાસનની ઉન્નતિ થઈ શકે છે.

શાસનની ઉન્નતિ કરવી એટલે શાસ્ત્રમાં કહેલો બોધ ઉત્તમ છે, એવી બીજાઓની પ્રતીતિ કરાવવી. તેને માટે ઉત્તમ એકજ ઉપાય છે, અરે તે ઉપદેશ નહિ પણ તમારો આચાર છે. જે જ્ઞાનથી

તેના પાળનારાનું જીવન ઉચ્ચ થયું, તે જ્ઞાન ઉત્તમ પ્રકારનું હોવું જોઈએ એવી તમારા વર્તનથી, તમારા જીવનથી, તમારા ચારિત્રથી, તમારે અન્યને ખાતરી આપવી જોઈએ; બાકી બીજા બધા પુરાવાની બહુજ થોડી અસર થાય છે. આવી રીતે શાસનની ઉન્નતિ કરવા માટે પ્રયાસ કરવાથી શું ફળ આવે છે તે કહે છે—

कर्तव्या चोन्नतिः सत्यां शक्ताविह नियोगतः ।
अवन्ध्यं कारणं ह्येषा तीर्थकृन्नमकर्मणः ॥१॥

ભાવાર્થ:—જ્યારે શક્તિ હોય ત્યારે શાસનની ઉન્નતિ અવશ્ય કરવી, કારણ કે તીર્થંકર નામ કર્મ પ્રાપ્ત કરવાનું તે ખરૂં કારણ છે; જે આત્મા સર્વ જીવ હિતમાં તત્પર રહે અને સર્વને સંસાર સમુદ્રથી તારવા માટે પ્રયત્ન કરે તે તીર્થંકર; તેવા સંજોગો અને તેવી સ્થિતિ જેણે પોતાની શક્તિ પ્રમાણે પરનું કલ્યાણ કરવા અને પરને સદ્‌બોધ આપવા પ્રયત્ન કર્યો હોય તેનેજ મળી શકે. માટે આવુ ભવ્ય જગદુદ્ધારક થવાનું ઉચ્ચકર્તવ્ય તમે બજાવી શકો તે માટે તમારી હાલની સ્થિતિમાં તમારી શક્તિ પ્રમાણે પરનું કલ્યાણ કરવાના અને તમારા જ્ઞાન પ્રમાણે બીજાને બોધ આપવાના સત્પ્રયત્નનો આરંભ કરવો.

तथा विभवोचितं विधिना क्षेत्रे दानमिति ॥६८॥

અર્થ:—પોતાના વૈભવને ઉચિત દાન વિધિ સહિત ક્ષેત્રમાં દાન કરે.

ભાવાર્થ:—પોતાની શક્તિનો વિચાર કરી ભાવપૂર્વક દાન કરવું. ક્ષેત્ર એટલે દાન લેવાને અધિકારી પાત્ર સમજવો, કારણ કે યોગ્યપાત્રને આપેલું દાન બહુજ ફળ આપનારું થાય છે.

હવે કેવી વિધિથી દાન આપવું તે શાસ્ત્રકાર પોતેજ જણાવે છે.

सत्कारादिर्विधिर्निसङ्गता चेति ॥६९॥

અર્થ:—સત્કાર પૂર્વક તથા નિષ્કામ ભાવે દાન આપવું તે વિધિ કહેવાય.

ભાવાર્થ:—ઉભા થવું, બેસવા માટે આસન આપવું, વંદન કરવું વગેરે વિનય કરવો તે સત્કાર કહેવાય. સત્કાર સહિત દેશ-કાળને અનુસરીને, શ્રદ્ધા પ્રગટ થાય તેવી રીતે દાન આપવું તે વિધિપૂર્વક દાન કહેવાય.

તે દાન નિષ્કામવૃત્તિથી આપવું એટલે દાન આપવામાં આલોક તથા પરલોક સંબંધી સુખની ઈચ્છા ન રાખવી. તેથી આત્માનો આનંદ સ્વભાવ ખીલશે. કારણ કે ખરો આનંદ આપણી પાસે જે વસ્તુ હોય તેનો બીજા સાથે ભાગ કરી વાપરવામાંજ સમાયેલો છે માટે દાન આપતી વેળા પારકો આપણો ઉપકાર માને અથવા જગતમાં કીર્તિ મળે, અથવા પરભવમાં સુખ મળે તેવી લાલસા રાખવી નહિ. કારણ કે જ્યાં સુધી માણસમાં અમુક તૃષ્ણા છે, અને તે તૃષ્ણા નાશ ન પામે ત્યાં સુધી તેને બીજો જન્મ લેવો પડે. આ રીતે તૃષ્ણા માણસને બાંધે છે, અને જે લોકો તૃષ્ણારહિતપણે કામ કરે છે તેમને સદ્ધાનથી ઉત્પન્ન થયેલું કર્મ બંધાતું નથી, પણ જો બીજા કોઈ કર્મના વશથી બીજો જન્મ લેવા પડે તો તે સદ્ધાનના પુણ્યનું ફળ તો મળ્યા વિના રહેતું નથી. જેમ ધાન્યની જોડે સાંઠા ઘાસ વગેરે ઉગે તેમ પુણ્યનું ફળ તો મળે, પણ આપણી વૃતિ ઉચ્ચ પ્રકારની રાખવી કે જેથી અંતે આત્મજ્ઞાન થાય અને તેથી સર્વ કર્મ ક્ષય થાય.

હવે ક્ષેત્રનો વિચાર કરીએ.

वीतरागधर्मसाधवः क्षेत्रमिति ॥७०॥

અર્થ :—વીતરાગ ધર્મને પાળનાર સાધુ એ ક્ષેત્ર ગણવું.

ભાવાર્થ:—વીતરાગ જિનેશ્વરભગવંતે ઉપદેશ કરેલો ધર્મ જે પ્રધાન ગણે છે તે સાધુઓ ક્ષેત્ર સમજવા અને તેઓ દાનને પાત્ર છે મહાપુણ્યોદય વિના નીચે જણાવેલા ગુણવાળા પાત્ર મળી શકે નહિ.

क्षान्तो दान्तो मुक्तो जितेन्द्रियः सत्यवागभयदाता ।
प्रोक्तस्त्रिदण्डविरततो विधिग्रहीता भवति पात्रम् ॥१॥

ભાવાર્થ:-ક્ષમાવાળો, ઇન્દ્રિયોને કાબુમાં રાખનાર સર્વ સંગ-રહિત, જીતેંદ્રિય (ઇન્દ્રિયો જીતી છે જેણે તેવો); સત્ય બોલનાર. અભયદાન આપનાર, મનદંડ વચનદંડ અને કાયદંડ એ ત્રણ દંડ-રહિત અને વિધિનું ગ્રહણ કરનાર એટલા ગુણવાળો યોગ્યપાત્ર સમજવો.

આવા આવા ગુણવાળા સાધુ પુરૂષો દાન આપવાના યોગ્ય પાત્ર છે; માટે તેમને દાન આપવું. અહીંયા કોઈને શંકા થાય કે શું સાધુ પુરૂષોનેજ દાન આપવું અને બીજાને દાન ન આપવું તો તેનો જવાબ શાસ્ત્રકારજ આપે છે.

तथा दुःखितेष्वनुकम्पा यथाशक्ति द्रव्यतो भावतश्चेति ॥७१॥

અર્થ:—દુઃખી પુરુષને વિષે દ્રવ્યથી તથા ભાવથી યથાશક્તિ દયા કરવી.

ભાવાર્થ:—પૂર્વ ભવમાં તથા આ ભવમાં કરેલા અશુભ કર્મના ઉદયથી જેની શારીરિક સ્થિતિ રોગગ્રસ્ત થઈ હોય અથવા જે નિર્ધન હોય, અથવા જેની ધર્મ માર્ગમાં રૂચિ ન હોય તે સઘળા દુઃખી સમજવા, તેમના પર અનુકંપા કરવી.

જેટલા જગતમાં દુઃખના પ્રકાર છે તેટલા દયા કરવાના પ્રકાર છે, તો પણ તેના બે મુખ્ય ભાગ પાડી શકાય. એક દ્રવ્યદયા અને બીજી ભાવદયા. શરીર સંબંધી. અથવા આજીવિકા સંબંધી જે દુઃખ

દૂર કરવું તે દ્રવ્યદયા. અને સંસાર ચક્રમાં જે સન્માર્ગના અજ્ઞાનથી ભમતો હોય, તેને સદ્‌બોધ આપી, સન્માર્ગે વાળવો તે ભાવદયા સમજવી. પરોપકાર જેવો સદ્‌ગુણ આ જગતમાં બીજો એક પણ નથી. કહ્યું છે કે,

श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थकोटिभिः ।
परोपकारः पुण्याय पापाय परपीडनं ॥१॥
अन्योपकारकरणं धर्माय महीयसे च भवतीति ।
अधिगतपरमार्थानामविवादो वादिनामत्र ॥२॥

જે કરોડો ગ્રંથમાં કહેવાયું છે તે હું અર્ધા શ્લોકથી કહીશ. **પરોપકાર પુણ્યને** માટે અને **પરપીડન** [પારકાને પીડા કરવી] તે પાપને માટે છે.

પારકાને ઉપકાર કરવો એ મોટો ધર્મ છે, કારણ કે તત્ત્વને જાણનાર વાદી પુરૂષોના એમાં બે મત નથી. **અર્થાત્ પરોપકાર એ મોટો ધર્મ** છે તેને ભિન્ન ભિન્ન વિચારવાળા પુરૂષો પણ કબૂલ કરે છે.

મોક્ષ મેળવવાનું ઉત્તમોત્તમ સાધન દાન અને પરોપકાર છે. પરોપકારનાં નિઃસ્વાર્થ પ્રેમમાં સઘળા ગુણનો સમાવેશ થાય છે. પ્રથમ માનપ્રતિષ્ઠા માટે દાન આપે છે, પછી પરભવના સુખની ઈચ્છાથી આપે છે. પણ અંતે પરનું દુઃખ દૂર કરવાના ઉચ્ચ અને નિઃસ્વાર્થ અભિલાષથી દાન આપે છે. આ રીતે ક્રમે ક્રમે ચઢતાં ચઢતા પરોપકાર દાન આપવાની બુદ્ધિ તે તેનો સ્વભાવજ બની જાય છે.

તીર્થંકરો ને કરૂણાસાગર, કૃપાનિધિ વગેરે વિશેષણો આવા તેમના ઉચ્ચ ગુણને લીધેજ આપવામાં આવ્યા છે, માટે આપણે પણ તેમના પગલે ચાલીને તે ગુણને ખીલવવા બનતો પ્રયત્ન કરવો આ

સંબંધમાં Voice of silence નામના અધ્યાત્મિક ઉન્નતિના માર્ગદર્શક પુસ્તકમાં લખેલું છે કે,

Let thy soul lend irs ear to every cry of pain, like as the lotus bares its heart to drink the morning sun, Let not the fierce sun dry one tear of pain, before thyself hast wiped it off from the sufferer's eye. But let each burning human tear drop on thy heart, and there remain, nor ever brush it off, until the pain that caused it is removed. These tears, Oh thou of heart most merciful, these are the streams that irrigate the fields of charity immortal. It is on such soil that grows the midnight blossom of Buddha, Arhat and other Great Ones. It is the seed of freedom from rebirth. It isolates the Arhat both from strite and lust and it leeds him unto pleace and bliss known only by the spirit.

"જેવી રીતે પ્રાતઃકાળના સૂર્યનાં કિરણ ગ્રહણ કરવા કમળ પોતાનું હૃદય ઉઘાડે છે, તેવી જ રીતે દુઃખનો દરેક પોકાર સાંભળવા તારા કાન ખુલ્લા રાખ. તે દુઃખી મનુષ્યની આંખમાંથી તું આંસુ ન લુછી નાંખે ત્યાં સુધી સૂર્યના પ્રચંડ કિરણથી તે આંસુને સુકાવા દેતો નહિ. પણ મનુષ્યનું બળતું દરેક આંસુનું ટીપું તારા હૃદય ઉપર પડવા દેજે અને ત્યાં રહેવા દેજે, અને જે કારણથી તે આંસુ પડયું તે કારણ તું દૂર ન કરી શકે, ત્યાં સુધી તારા હૃદય-પટપર પડેલા તે આંસુને ખંખેરી નાંખતો નહિ.

હે અત્યંત દયાળુ હૃદયના માનવી! આ આંસુના ઝરાથી શાશ્વત દયાનું ખેતર પોષાય છે, અને આવી જગ્યા ઉપર જ બુદ્ધ અર્હત્ અને બીજા મહાત્માઓ પુષ્પની માફક ખીલી નીકળે છે. તે અર્હત્ને પુનર્જન્મના ચક્રમાંથી મુક્ત કરનાર બીજ છે. તેથી અર્હત્ ભગવાન્ કલહ અને કામથી છુટા થાય છે. અને તેજ બીજ તેમને કેવળ આત્માથી જ અનુભવી શકાય તેવી શાંતિ અને આનંદના ધામ તરફ લઈ જાય છે"

દયાને પરોપકારની આ ઉચ્ચ ભાવના એકદમ આપણાથી પ્રાપ્ત ન કરી શકાય એ સ્વાભાવિક છે, પણ તે માટે હાલ જે સ્થિતિમાં આપણે હોઈએ તે સ્થિતિમાંથી પ્રારંભ કરવો જોઈએ.

तथा लोकापवादभीरुतेति ॥७२॥

અર્થ:—લોકના અપવાદથી ડરતા રહેવું.

ભાવાર્થ :—સર્વ જનને આપણા ઉપર દ્વેષ થાય તેવું વર્તન ન કરવું. નિપુણ બુદ્ધિથી વિચાર કરી નિરંતર વર્તવું. લોકોમાં અપયશ મળે તેવું અધમ કાર્ય ન કરવું, કારણકે તેથી પ્રતિષ્ઠા ઘટે છે, તેટલું જ નહિ પણ તે માણસમાં કાંઈ સારૂં હોય તેનો લાભ તે બીજાને આપી શકતો નથી.

જેમ સર્પ મણિવાળો હોય પણ તે કરડશે તેવા ભયથી કોઈ તેનું મણિ લેવા લલચાતું નથી, તેમ જેને વિષે લોકોમાં ખોટું બોલાતું હોય, જેને વિષે લોકોનો હલકો અભિપ્રાય હોય, તેવા માણસમાં બીજા ગુણ હોય તો પણ તે ગુણનો લાભ બીજા લઈ શકતા નથી, અને તે આપી શકતો પણ નથી. માટે કાર્યાકાર્યનો વિચાર કરી યોગ્ય માર્ગે પ્રવર્તવું. લોકાપવાદ–અપયશ મરણ કરતાં પણ અધિક છે. કહ્યું છે કે:—

वचनीयमेव मरणं भवति कुलीनस्य लोकमध्येऽस्मिन् ।
मरणं तु कालपरिणतिरियं जगतोऽपि सामान्या ॥ १ ॥

અર્થ:—આ લોકમાં કુળવાન પુરૂષોને કલંક અપયશ. તેજ મરણ છે. અને કાળ આવે મરણ થાય તે તો સર્વ-જનને સામાન્ય છે. માટે હલકા કામમાં પ્રવૃત્તિ ન કરવી.

तथा गुरुलाघवापेक्षणमिति ॥७३॥

અર્થ:—ગુરૂ લાઘવનો વિચાર કરવો.

ભાવાર્થ:—થોડા લાભને આપનાર પક્ષ લાઘવપક્ષ કહેવાય. અને વધારે લાભને આપનાર પક્ષ ગુરૂપક્ષ કહેવાય. ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થમાં ગુણ શેમાં વધારે રહેલો છે, અને અવગુણ શેમાં વધારે રહેલો છે તેનો બરાબર વિચાર કરવો. દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષા ધ્યાનમાં રાખી આ વિચારવું જોઈએ, એ બુદ્ધિમાનોનું આવશ્યક કર્તવ્ય છે. એ પ્રમાણે થોડા લાભવાળા અને વધારે લાભવાળા પક્ષનો વિચાર કરી, શું કરવું તે શાસ્ત્રકાર પોતે જણાવે છે.

बहुगुणे प्रवृत्तिरिति ॥७४॥

અર્થ:—બહુ ગુણવાળામાં પ્રવૃત્તિ કરવી.

ભાવાર્થ:—ઉત્સર્ગ માર્ગમાં તો આ પ્રશ્નને માટે અવકાશ જ નથી; કારણ કે ઉત્સર્ગ માર્ગ તો સર્વદા લાભકારી છે, પણ જ્યાં અપવાદ માર્ગ હોય ત્યાં ગુણ અને દોષનું વિવેચન મનથી કરવું, અને જે કાર્યમાં લાભ બહુ હોય, અને દોષ થોડો હોય, તે કાર્ય કરવું. વણિકની માફક આયવ્યય (આવક અને ખરચ અથવા લાભ અને ગેરલાભ)નો વિચાર કરી વધારે ગુણ પ્રાપ્ત થતો હોય, અને જેમ બને તેમ ઓછો ગેરલાભ થતો હોય, તેવા કાર્યમાં પ્રવર્તન કરવું.

મહામુનિઓ નીચે પ્રમાણે આ સંબંધમાં કહે છે.

अप्पेण बहुमेसेज्झा एयं पंडियलरक्खणं ।
सव्वासु पडिसेवासु एयं अट्ठपदं विऊ ॥१॥

અર્થ:—અલ્પદોષથી ઘણા ગુણની ઇચ્છા કરવી તે પંડિતનું લક્ષણ છે, અને સઘળા અપવાદ માર્ગમાં આજ સૂત્ર ધ્યાનમાં રાખવું. આ અપૂર્ણ જગતમાં એવું એક પણ કાર્ય નથી કે જે સર્વ રીતે સંપૂર્ણ અને શુદ્ધ કહી શકાય, માટે ગુણદોષનો વિચાર કરી વધારે લાભકારી કાર્ય કરવા તત્પર થવું.

तथा चैत्यादिपूजापुरस्सरं भोजनमिति ॥७५॥

અર્થ:—તથા ચૈત્ય વગેરેની પૂજા કર્યા પછી ભોજન કરવું.

ભાવાર્થ:—ભોજન કરતાં પહેલાં શ્રાવકે ચૈત્ય એટલે અરહંત ભગવાનની પ્રતિમાની તથા આદિ શબ્દથી સાધુ સાધર્મિક વગેરેની સેવા કરવી. એટલે ભગવાનની સુખડ, ધૂપ, પુષ્પ વગેરેથી તેમજ સ્તોત્રથી એટલે દ્રવ્યથી અને ભાવથી પૂજા કરવી. તેમજ અન્નપાન, વગેરેનું સાધુને દાન આપવું, તથા પોતાની શક્તિ પ્રમાણે સાધર્મિક બાંધવોને જમાડવા. અને જરૂર પડે તેમનો ઉદ્ધાર કરવો. પોતાની શક્તિ અલ્પ હોય, તો એક અનાથને પણ ભોજન આપવું. આટલું કામ કર્યા પછી પોતે ભોજન લેવું. શાસ્ત્રમાં અન્ય સ્થળે લખેલું છે કે :—

जिणपूओचियदाणं परियणसंभालणा उचियकिच्चं ।
ठाणुववेसो य तहा पच्चक्खाणस्स संभरणम् ॥ १ ॥

અર્થ :—જિન પૂજા કરવી, ઉચિત દાન આપવું, પરિજનની સંભાળ રાખવી, પોતાને ઉચિત કાર્ય કરવું, પોતાને યોગ્ય સ્થાને બેસવું, તથા કરેલું પચ્ચક્ખાણ સંભારી જવું.

तथा तदन्वेव प्रत्याख्यानक्रियेति ॥७६॥

અર્થ :–તે પછી પ્રત્યાખ્યાન કરવું.

ભાવાર્થ :—ભોજન કર્યા પછી પણ શ્રાવક નીચે પ્રમાણે પ્રત્યાખ્યાન કરે. અશન, પાન, ખાદિમ, અને સ્વાદિમ એ ચાર પ્રકારના આહાર છે, તેમાંથી કોઈ બે પ્રકારના આહારનો ત્યાગ કરે, કોઇ ત્રણ પ્રકારના આહારનો ત્યાગ કરે, અને કોઇ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરે. એ રીતે પોતાની શક્તિ મુજબ દરેકે પ્રત્યાખ્યાન કરવું.

तथा शरीरस्थितौ प्रयत्नेति ॥७७॥

અર્થ :—શરીરની સ્થિતિના સંબંધમાં પ્રયત્ન કરવો.

ભાવાર્થ :—પછી શરીરની સ્થિતિના સંબંધમાં વિચાર કરે, એટલે શરીર જેથી મજબૂત અને નિરોગી રહે, પોતાનું કામ કરવા માટે સમર્થ સાધન થાય, અને ધર્મ કાર્યમાં તથા જ્ઞાન પ્રાપ્તિના કાર્યમાં વિઘ્નરૂપ ન થાય તેવું શરીર રાખવા માટે જે યોગ્ય ઉપાયો હોય તેનો આશ્રય લે. શરીરને તેલ ચોળાવવું, શરીરની ચંપી કરાવવી, અને પછી સ્નાન કરવું, વગેરે ઉપચારો શરીર રક્ષણ અર્થે કરે. પ્રાચીન સમયમાં લોકો ધર્મને મુખ્ય ગણતા, અને જ્ઞાન મેળવવા બુદ્ધિ વાપરતા પણ શરીરનો તદ્દન અનાદર કરતા ન હતા; અને તેથી ધાર્મિક અને માનસિક ઉન્નતિની સાથે તેઓનાં શરીર પણ સુદૃઢ હતાં. તેઓ સારી રીતે સમજતા હતા કે:—

धर्मार्थिकाममोक्षाणां शरीरं कारणं यतः ।
ततो यत्नेन तद्रक्ष्यं यथोक्तैरनुवर्तनैः ॥१॥

અર્થ:--ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સાધન શરીર છે, માટે ઉપર જણાવેલી શરીરને સુખકારી વર્તનથી શરીરનું રક્ષણ કરવું જોઇએ.

જૈનોની શારીરિક સ્થિતિ હાલમાં બહુજ અધમ દશામાં આવી પડી છે. ભવ્ય મુખાકૃતિ અને શરીર ઉપર તંદુરસ્તીનું નૂર ભાગ્યેજ જોવામાં આવે છે. જ્યાં જોઇએ ત્યાં માંદગી અને શારીરિક નિર્બળતા નજરે પડે છે. સ્થિતિ ઘણી શોચનીય છે.

હાલનો હિંદુસ્તાનના લોકોની શારીરિક સ્થિતિના સંબંધમાં જે વિચારો એક મીરતનો હિંદુ. એમ. એ. લખે છે તે કોઇપણ શબ્દ ફેરવ્યા વિના જૈનોને લાગુ પડી શકે. તે લખે છે કે:—

In the past they reached very higrh on he ladder of intellectual and spiritul progress. The desire for intellectul and spiritual progress be came very keen. National physique was neglected They were dragged down from their heights, and now we see the sorry spectacle of a nation with large capacities for intellectual and spiritual life, but with no nerve to take up either with any hope of success. What a sorry spectacle this a nation of weaklings with high aspirations, but with no power to take up work earnestly and persistently. The weakness of the Hindus is due to his fall from the heights of the past, due to the neglect of the laws of the lower planes of life.

"ભૂતકાળમાં હિંદવાસીઓ માનસિક અને અધ્યાત્મિક નીસરણીના ઉચ્ચ પગથીઆપર ચઢયા હતા. માનસિક અને અધ્યાત્મિક ઉન્નતિની ઈચ્છા બહુજ તીવ્ર થઈ, અને તેથી પ્રજાના શરીર તરફ તેઓએ દુર્લક્ષ કર્યું, તેઓ પોતાની ઉચ્ચાઈથી નીચે પડયા, અને તેથી ધાર્મિક અને માનસિક જીવનને માટે મોટી શક્તિવાળી, પ્રજા આપણી નજરે પડે છે, પણ તે બેમાંથી એક પણ માર્ગમાં ફતેહ મળે, તે માટે જોઈતું શરીરબળ તે પ્રજામાં દૃષ્ટિગોચર થતું નથી. ઉંચી અભિલાષાઓ હોવા છતાં, તે તૃપ્ત કરવા ખંતથી અને એક ચિત્તથી કાર્ય કરવાની શક્તિ ન હોય, તેવા નિર્બળ મનુષ્યોની બનેલી પ્રજા જોઈ કોણ દિલગીર ન થાય! આ સ્થૂળ ભુવનના કાયદાઓની બેદરકારીથી હિંદવાસીઓ પોતાની ઉચ્ચ સ્થિતિમાંથી નીચે આવ્યા છે, અને નિર્બળ બન્યા છે.

આવી જૈનોની શારીરિક સ્થિતિ ઘણે ભાગે થયેલી છે, તેનાં મુખ્ય ત્રણ કારણો નીચે પ્રમાણે છે. બાળલગ્ન, શારીરિક કેળવણી (કસરત) વગેરેનો અભાવ અને આરોગ્યવિદ્યા અને શરીરના બંધારણ સંબંધીના નિયમોનું અજ્ઞાન. આ ત્રણ વિષયો ઉપર સવિસ્તર વર્ણન કરવાથી ગ્રન્થ ગૌરવ થાય. માટે તે સૂચવીને જ આગળ ચલાવીશું. જો જૈનોએ ખરેખરૂં પુરૂષાર્થ પ્રાપ્ત કરવું હોય, તો બાળલગ્ન અટકાવવાની પ્રથમ જરૂર છે, તે સાથે દરેક જૈને કસરત કરવી જોઈએ, અને બીજા વ્યવહારિક વિષયોની સાથે આરોગ્યવિદ્યાના અને શરીર બંધારણના નિયમો સંબંધી જ્ઞાન નિશાળમાં તેમને મળે તેવી ગોઠવણ થવી જોઈએ. આમ થશે ત્યારેજ જૈનો ખરેખરા શૂરવીર નીકળશે, અને કર્મ શત્રુને જીતનાર જિનેશ્વરનું ખરૂં નામ સંપાદન કરશે. માટે શરીર તરફ બહુજ લક્ષ આપવાની હાલમાં જરૂર છે.

तथा तदुत्तरकार्यचिन्तेति ॥७८॥

અર્થ :-(શરીર સ્થિતિને માટે) ભવિષ્યકાળમાં કરવાના કાર્યો સંબંધી વિચાર કરવો.

ભાવાર્થ:—શરીરના નિભાવ માટે અન્નપાનની જરૂર છે, તે સઘળું દ્રવ્યથી મળી શકે, તો દ્રવ્ય કેવી રીતે મળે તે સંબંધી વિચાર કરવો, એટલે પોતાને ઉચિત એવો વ્યાપાર કરવો. શરીર ટકે તેમજ પોતાના ઉપર આધાર રાખતા કુટુમ્બ વર્ગના ગુજરાન અર્થે દ્રવ્ય પ્રાપ્તિ માટે વ્યાપાર કરવો, પણ આળસુ નિરૂદ્યમી બેસી રહેવું નહિ. તેમ છતી શક્તિએ બીજાનો ઉપર ગુજરાન માટે આધાર રાખવો નહિ.

तथा कुशलभावनायां प्रबन्ध इति ॥७९॥

અર્થ:--સારી ભાવનાઓમાં ચિત્તને પરોવવું.

ભાવાર્થ:--દુનિયાના તમામ જીવો સુખી થાઓ.
સર્વે જીવો મોક્ષ પામો,
સંસારમાંથી ક્લેશ કંકાસ નિર્મૂળ થાઓ,
સર્વત્ર શાંતિ પ્રસરો,
લોકોમાં સદ્જ્ઞાન અને સદ્વિચારોનો ફેલાવો થાઓ. આવી રીતે અનેક પ્રકારે શુભ ભાવનાઓ ભાવવી.

શુભ ભાવનાઓ નિરર્થક જતી નથી. શુભ ભાવનાઓ એ શુભ વિચારો છે, અને શુભ વિચારોની આકૃતિઓ સૂક્ષ્મ ભૂમિકામાં બંધાય છે. તે શુભ વિચારની આકૃતિઓ ચારે તરફ ફેલાય છે, તે અન્ય મનુષ્યોના મનના સંબંધમાં આવે છે, અને તેનામાં પણ એવા વિચારો જાગૃત કરે છે. આવી તે શુભ ભાવનાઓને લીધે જગતમાંથી ઘણે અંશે ક્લેશ, કંકાસ મટી જાય, અને લોકો સુખી થાય, પણ એવી ભાવનાઓ કરનારનું પ્રમાણ તેથી વિરૂદ્ધ વિચાર કરનારાની સંખ્યા તપાસતાં બહુ અલ્પ છે અને તેથી જ જગતમાં જ્યાં ત્યાં કલહ કંકાસ નજરે પડે છે.

જે શુભ ભાવનાઓ કરે છે તે પોતે શુભ વિચારોનું કેન્દ્રસ્થાન (મધ્યબિંદુ) બને છે, અને તેથી જગતમાં જે જે સારા વિચારોનાં રૂપો હોય, તે તેના તરફ આકર્ષાય છે, અને તેથી તેના શુભ વિચારોને પુષ્ટ આલંબન મળે છે.

આવી ભાવનાઓથી સકળ પ્રાણી માત્ર સાથે તેને મૈત્રી થાય છે, અને ઘણા પુરૂષો સાથે પૂર્વભવના અશુભ કર્મબંધ વિખરાઇ જાય છે. વળી શુભ ભાવનાઓ માણસને શુભ કર્મ–કાર્ય કરવાને પ્રેરે છે. માટે નિરંતર ઉચ્ચ અને શુભ ભાવનાઓ ભાવવી.

सर्वेऽपि सुखिन सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित्पापमाचरेत् ॥

સર્વે સુખી થાઓ, સર્વે રોગરહિત થાઓ, સર્વે કલ્યાણને પામો અને કોઈ પણ પ્રાણી પાપ કર્મ કરો નહિ. અથવા બૃહત્શાંતિમાં લખ્યા પ્રમાણે :—

शिवमस्तु सर्व जगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखी भवतु लोकः ॥१॥

સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણીનો સમૂહ પારકાના હિતમાં તલ્લીન થાઓ, સર્વે દોષો નાશ પામો અને સર્વત્ર લોકો સુખી થાઓ.

આ રીતે નિરંતર ઉચ્ચ ભાવનાઓ ભાવવી, અને તેને વ્યવહારમાં અનુભવવા યથાશક્તિ પ્રયત્ન કરવો.

तथा शिष्टचरितश्रवणमिति ॥८०॥

અર્થ:– શિષ્ટ પુરૂષોના ચરિત્રનું શ્રવણ કરે.

ભાવાર્થ:—પ્રથમ અધ્યાયમાં **शिष्टाचार प्रशंसनम्** એ સૂત્રમાં શિષ્ટ પુરૂષોનો કેવો આચાર હોવો જોઈએ તેનું સવિસ્તાર વર્ણન કરેલું છે, તેવા ગુણવાળા પુરૂષોના ચરિત્રો નિત્ય સાંભળવા.

મહાન્ પુરૂષોના જીવનચરિત્રપરથી જે બોધ મળે છે, તે કરોડો નોવેલો અથવા રસિક પુસ્તકો વાંચવાથી મળી શકતો નથી. તેમાં જીવનચરિત્રો વાંચવાથી જો તે મહાન્ પુરૂષપર ભક્તિ જાગૃત થાય, અને તેમનાં અલૌકિક ગુણોમાંથી એકાદ ગુણ પુરેપુરી રીતે પ્રાપ્ત કરવા આપણામાં દૃઢ અભિલાષા ઉત્પન્ન થાય, તો આપણી જીંદગી ખરેખરી સાર્થક નીવડે.

ચરિત્રો અને ખરા વૃત્તાંતો વાંચવાથી, તેઓનાં કૃત્યનો, જ્ઞાનનો અને ઉમદા ગુણનો કાંઈક ખ્યાલ આપણને આવે છે. અને આપણે આત્મનિરીક્ષણ કરતાં શીખીએ છીએ. પોતાનામાં કયા દુર્ગુણો તથા સદ્‌ગુણો છે, તે આ રીતે આપણે **સહજ** જોઈ શકીએ છીએ. માટે મહાન્ પુરૂષોનાં ચરિત્રો, અનુકરણ કરવા લાયક દૃષ્ટાંત તેમજ આપણી સ્થિતિનું ભાન કરાવનાર માનસિક દર્પણ છે.

तथा सांध्यविधिपालनेति ॥८१॥

અર્થ:—પછી સંધ્યાકાળની વિધિનું પાલન કરે.

ભાવાર્થ:—સંધ્યાકાળે કરવા યોગ્ય જે અનુષ્ઠાન તે કરવા તત્પર રહે. દિવસનો આઠમો ભાગ એટલે આશરે ચાર ઘડી બાકી રહે એટલે ભોજન વગેરે કરી લઈ સાંજને યોગ્ય જે ક્રિયા કરવાની હોય તેને માટે શ્રાવકે તત્પર થવું જોઈએ.

यथोचितं तत्प्रतिपत्तिरिति ॥८२॥

અર્થ:—યથાયોગ્ય તે વિધિ અંગીકાર કરવો.

ભાવાર્થ:—પોતાનું જેટલું સામર્થ્ય હોય, અને પોતાનો જેવો ભાવ વર્તતો હોય તે શક્તિ તથા તે ભાવ ધ્યાનમાં લઈ સંધ્યાકાળની વિધિ અંગીકાર કરે.

હવે સંધ્યા વિધિ કેવા પ્રકારની છે તે શાસ્ત્રકારજ જણાવે છે.

पूजापुरस्सरं चैत्यादिवन्दनमिति ॥८३॥

અર્થ:—પૂજા સહિત ચૈત્ય વગેરેનું વંદન કરવું.

ભાવાર્થ:—સંધ્યાકાળને યોગ્ય જે પૂજા તે કર્યા પછી ચૈત્યવંદન કરવું, અને આદિ શબ્દથી યતિનું વંદન કરવું અને માતપિતાને વંદન કરવું.

तथा साधुविश्रामणा क्रियेति ॥८४॥

અર્થ:—સાધુને વિશ્રામ મળે તેવી ક્રિયા કરે.

ભાવાર્થ:—મોક્ષ પ્રાપ્ત કરવાનું યોગ્ય સાધન જે યોગ તે યોગક્રિયાને આચરનારા, તેમજ સ્વાધ્યાય, ધ્યાન વગેરેમાં મન તલ્લીન કરવાથી થાકી ગયેલા સાધુઓની, તેમની સેવા કરનાર સાધુઓના અભાવમાં, સેવા કરી વિશ્રામ પમાડવો.

સાધુ પુરૂષો યોગ માર્ગમાં પ્રવૃત્ત થવાથી, અથવા સ્વાધ્યાયમાં તલ્લીન થવાથી અથવા ધ્યાનમાં મગ્ન થવાથી થાકી ગયા હોય, તો શ્રાવકે તેમની વૈયાવચ્ચ કરી તેમને વિશ્રામ આપવો, એટલે તેમનો થાક ઉતરે તેવી રીતે તેમના શરીરની સેવા કરવી.

तथा योगाभ्यास इति ॥८५॥

અર્થ:—યોગનો અભ્યાસ કરવો.

ભાવાર્થ:—યોગનો અભ્યાસ કરવો. મહિષ પતંજલિ લખે છે કે,

योगश्चित्तवृत्तिनिरोधः

ચિત્તની વૃત્તિનો નિરોધ તે યોગ. જે વસ્તુના સંબંધમાં ઇન્દ્રિયો આવે છે, તે તે વસ્તુઓની છાપ તેઓ ચિત્ત ઉપર પાડે

છે, તેથી ચિત્તની વૃત્તિઓ તે તે વસ્તુ પ્રતિ દોરાય છે, વળી ઈન્દ્રિયોને વશ કરીને માણસ બેસે, તો પણ પૂર્વે કરેલા વિચારોના તરંગો ચિત્તને ડોલાયમાન કરે છે, અને તેથી ક્ષણે ક્ષણે ચિત્તમાં નવા નવા સંકલ્પવિકલ્પો જાગૃત થયાજ કરે છે. એક ક્ષણભર પણ ચિત્ત સ્થિર રહેતું નથી, તેવા ચિત્તને અભ્યાસ અને વૈરાગ્યથી સ્થિર કરવા પ્રયત્ન કરવો, અને આમ તેમ ભટકતા મનને એક વસ્તુ અથવા એક તત્ત્વ ઉપર સ્થિર કરવું તે એકાગ્રતા કહેવાય છે; અને તે એકાગ્રતાથી ચિત્ત તથા તે વસ્તુ અથવા તત્ત્વનો યોગ –સંયોગ થાય છે. આવા યોગના ટીકાકાર બે ભાગ પાડે છે. એક **સાલંબન** યોગ અને બીજો **નિરાલંબન** યોગ.

કોઈ પણ પદાર્થની સ્થૂળ અથવા માનસિક મૂર્તિ ઉપર ચિત્તને એકાગ્ર કરવું તે સાલંબન યોગ કહેવાય.

કોઈ પણ તત્ત્વ અથવા નિરાકાર પદાર્થનું ધ્યાન કરવું તે નિરાલંબન યોગ કહેવાય.

કહ્યું છે કેઃ—

सालंबनो निरालंबनश्च योगः परो द्विधा ज्ञेयः ।
जिनरुपध्यानं खल्वाद्यस्तत्त्वमस्तवपरः ॥१॥

ઉત્કૃષ્ટ યોગના સાલંબન અને નિરાલંબન એવા બે ભાગ જાણવા. જિનેશ્વર ભગવંતની પ્રતિમા અથવા સમોવસરણ સમયે બેઠેલા અર્હદ્ ભગવાનના સ્વરૂપનું ધ્યાન તે સાલંબન યોગ, અને તત્ત્વને લગતું ધ્યાન તે નિરાલંબન યોગ સમજવો.

નિરાલંબન યોગ સહજ પ્રાપ્ત થાય નહિ, માટે તેના પ્રથમ પગથીયા રૂપે સાલંબન ધ્યાન કરવું એજ હિતકારી છે, એટલે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું.

तथा नमस्कारादिचिन्तनमिति ॥८६॥

અર્થ :—નમસ્કાર વગેરેનું ચિન્તવન કરવું.

ભાવાર્થ :—નમસ્કાર એટલે નવકારમાં કહેલા પ્રંચ પરમેષ્ઠિનું ચિંતન કરવું તેમજ આદિ શબ્દથી સ્વાધ્યાય એટલે પોતાને અભ્યાસ કરવાના જ્ઞાનના ગ્રન્થોનું ચિંતન કરવું.

तथा प्रशस्तभावक्रियेति ॥८७॥

અર્થ:—વખાણવા લાયક અંતઃકરણ કરવું.

ભાવાર્થ :—જે ક્રિયા કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય તેવી ક્રિયા કરવી, અને જેથી મન મલીન થાય તેવી ક્રિયાનો ત્યાગ કરવો. મનને શુદ્ધ કરવું એ કામ અતિ કઠિન છે.

The evil passions, rising within the mind.
Hard to be overcome, should manfully be foght,
He who conquers these,
Is the conqueror of the world.

મનની અંદર ઉત્પન્ન થતા દુર્જય દુષ્ટ મનોવિકારોની સામે બહાદુરતાથી લડવું જોઈએ. જે તેમના ઉપર જય મેળવે છે, તે ત્રણ ભુવનનો જીતનાર છે.

મનને મલિન કરનાર ચાર કષાયો છે. ક્રોધ, માન, માયા અને લોભ.

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રતા અને સરળતાનો નાશ કરે છે, અને લોભ સર્વનો વિનાશ કરે છે, એ પ્રમાણે તે ચારને અનર્થ રૂપ વિચારી તેનો ત્યાગ કરી અંતઃકરણને શુદ્ધ બનાવવા મથવું. કહ્યું છે કે—

चित्तरत्नमसंक्लिष्टमान्तरं धनमुच्यते ।
यस्य तन्मुषितं दोषैस्तस्य शिष्टा विपत्तयः ॥१॥

કલેશ રહિત ચિત્તરત્ન તે માણસનું અંતર્ધન છે. જેનું આ ધન ક્રોધાદિ દોષોથી ચોરાઈ ગયેલું છે તેને સમગ્ર વિપત્તિઓ આવી મળે છે. માટે અંતઃકરણ જેમ શુદ્ધ રહે, તેમ પ્રયત્ન કરવો; જે આરીસો મેલ રહિત હોય છે તે ઉપર સૂર્યનું પ્રતિબિંબ યથાર્થ રીતે પડે છે, તેમ જેનું અંતઃકરણ શુદ્ધ હોય છે, તેના ઉપર આત્મ-સૂર્યના કિરણો બરાબર રીતે પડે છે, અને તેથી તે માણસ જ્ઞાની થાય છે.

तथा भवस्थितिप्रेक्षणमिति ॥८८॥

અર્થ:—સંસારની સ્થિતિનો વિચાર કરે.

ભાવાર્થ:—સંસારનું સુખ કેવું દુઃખગર્ભિત અને ક્ષણિક છે તે ઉપર વિચાર કરવો જોઈએ જેમકેઃ—

यौवनं नगनदास्पदोपमं शारदाम्बुदविलासि जीवितम् ।
स्वप्नलब्धधनविभ्रमं धनं स्थावरं किमपि नास्ति तत्त्वतः॥१॥
विग्रहा गदभुलङ्गमालयाः संगमा विगमदोषदूषिताः ।
संपदोऽपि विपदा कटाक्षिता नास्ति किंचिदनुपद्रवं स्फुटम् ॥२॥

યૌવન પર્વત ઉપરથી વહેતી મોટી નદીઓના પ્રવાહ જેવું અતિ ચંચળ છે; એટલે પ્રવાહમાં પાણી એક જગ્યાએ સ્થિર રહેતું નથી, પણ એક ક્ષણમાં ઘણું જ દૂર અને નીચે જાય છે તેમ યૌવન પણ અસ્થિર અને ચંચળ છે.

શરદ ઋતુમાં દેખાતા વાદળાંના વિલાસ જેવું જીવતર છે. વાદળાં ક્ષણમાં દેખાય છે, અને બીજી ક્ષણે અદૃશ્ય થઈ જાય છે, તેમ મનુષ્યનું જીવતર એક ક્ષણમાં હતું ન હતું થઈ જાય છે એટલે ચંચળ છે.

સ્વપ્નમાં મળેલાં ધન બરોબર આ ધન છે. સ્વપ્નમાં જોયેલું ધન જાગ્યા પછી દેખાતું નથી, તેમ ધન પણ અચાનક ચાલ્યા જવામાં વિલંબ કરતું નથી. માટે તત્ત્વથી એટલે પરમાર્થ દૃષ્ટિથી વિચારીએ તો આ સંસારમાં કોઈ વસ્તુ સ્થાયી નથી, કિંતુ સર્વ પદાર્થો અસ્થિર, ચંચળ અને ક્ષણભંગુર છે.

શરીરો, રોગ રૂપ સર્પોને રહેવાના સ્થાન છે, સંયોગો, વિયોગરૂપ દોષથી દૂષિત છે, સંપત્તિ તરફ વિપત્તિ કટાક્ષ દૃષ્ટિથી જુએ છે, તેથી આ સંસારમાં ઉદ્રવ રહિત કાંઈ પણ નથી.

ભર્તૃહરિ લખે છે કે :—

ભોગમાં રોગનો ભય છે, કુલમાં તે નાશ પામવાનો ભય છે, ધનમાં રાજ્યનો ભય છે, મૌન રહેવામાં દીનતાનો ભય છે, બળમાં શત્રુનો ભય છે, રૂપમાં વૃદ્ધાવસ્થાનો ભય છે, શાસ્ત્રમાં વાદનો ભય છે, ગુણમાં દુષ્ટ પુરૂષનો ભય છે, શરીરમાં યમદેવનો ભય છે. સર્વ વસ્તુઓમાં ભય રહેલો છે; આ જગતમાં વૈરાગ્ય એજ અભયનું કારણ છે, આ રીતે સંસાર સ્વરૂપનો વિચાર કરવો.

तदनु तन्नैर्गुण्यभावनेति ॥८९॥

ભાવાર્થ :—સંસાર સાર રહિત છે; એટલે સર્વ પદાર્થો આખરે અસાર છે. કારણ કે તે મરણ સમયે સાથે આવતા નથી, એવી રીતે સંસારની નિઃસારતા ચિંતવવી. જેમકે:—

इतः क्रोधो गृध्रः प्रकटयति पक्षं निजमितः ।
शृगाली तृष्णेयं विवृतवदना धावति पुरः ॥

इतः क्रूरः कामो विचरति पिशाचश्चिरमहो ।
श्मशानं संसारः क इह पतितः स्थास्यति सुखम् ॥१॥

एतास्तावदसंशयं कुशदलप्रान्तोदबिन्दूपमा ।
लक्ष्म्येा बन्धुसमागमोऽपि न चिरस्थायी खलप्रीतिवत् ॥
यच्चान्यत्किल किंचिदस्ति निखिलं तच्छारदाम्बोधर-
च्छायावच्चलतां बिभर्ति यदतः स्वस्मै हितं चिन्त्यताम् ॥२॥

આ સંસાર ખરેખર સ્મશાન તુલ્ય છે; એક તરફ ક્રોધરૂપ ગીધપક્ષી પોતાની પાંખો ફફડાવે છે, બીજી બાજુ તૃષ્ણારૂપ શિયાલણ મોઢું પહોળું કરીને આગળ દોડે છે. ત્રીજી બાજુ ભયંકર કામરૂપ વિશાચ વિચરે છે, આવા સ્મશાનરૂપ સંસારમાં પડેલો કયો માણસ સુખી થઈ શકે ? અર્થાત્ ક્રોધ, તૃષ્ણા અને કામ જ્યાં વ્યાપી રહેલા છે ત્યાં તેમની છાયા નીચે રહેનાર કદાપિ સુખની આશા રાખી શકે નહિ.

આ જુદા જુદા પ્રકારની લક્ષ્મીઓ કુશઘાસના એક ભાગની અણી ઉપર રહેલા જળના ટીપા સમાન છે, એમાં કોઈ સંશય નથી. જેમ પાણીનું બિન્દુ ક્ષણવારમાં ખરી પડી અદૃશ્ય થાય છે તેમ વૈભવ અને લક્ષ્મી હતાં નહતાં થઈ જાય છે. ખલ (દુષ્ટ) પુરૂષોની પ્રીતિ જેવો સ્વજનનો સંબંધ છે. હલકા માણસો સાથે બાંધેલી પ્રીતિ લાંબા વખત ટકતી નથી, તેમ બંધુઓનો સમાગમ પણ સમજવો. સંસારમાં જે કાંઇ બીજું અસ્તિત્વ ધરાવે છે તે સર્વ શરદઋતુના વાદળાની છાયાની માફક ચંચળ છે. શરદઋતુના વાદળા આકાશમાં પળવાર દેખાઈ ને અદૃશ્ય થાય છે તેની માફક દુનિયાના સઘળા પદાર્થો બદલાયા કરે છે. માટે પોતાનું હિત જેથી થાય તેવા ઉપાય વિચારવા; અને તે ઉપાયોને અમલમાં મૂકવા ઉદ્યમ કરવો.

तथा अपवर्गालोचनमिति ॥९०॥

અર્થ : પછી મોક્ષનો વિચાર કરે.

ભાવાર્થ:-સંસારની અનિત્યતા અને અસારતા આપણે પ્રથમ વિચારી ગયા, પણ ઉચ્ચવસ્તુ તરફ લક્ષ ગયા વિના હલકી વસ્તુનો

ત્યાગ થઈ શકે નહિ, માટે મોક્ષરૂપ ઉચ્ચપદનો વિચાર કરવો કે જેથી સંસાર તરફ ખરો વૈરાગ્યભાવ ઉત્પન્ન થાય. મોક્ષમાં સર્વ ગુણો છે, અનંત સુખ છે, અને અનંત આનંદ છે, અનંત જ્ઞાન છે, માટે તે મોક્ષ મેળવવા યોગ્ય છે, તેવી ભાવના કરવી. કહ્યું છે કે:—

प्राप्ताः श्रियः सकलकामदुधास्ततः किम् ।
दत्तं पदं शिरसि विद्विषतां ततः किम् ॥
संपूरिता प्रणयिनो विभवैस्ततः किम् ।
कल्पं भृतं तनुभृतां तनुभिस्ततः किम् ॥१॥

तस्मादनन्तमजरं परमं प्रकाशम् ।
तच्चित्त चिन्तय किमेभिरसद्विकल्पैः ॥
यस्यानुषङ्गिण इमे भुवनाधिपत्य ।
योगादयः कृपणजन्तुमतो भवन्ति ॥२॥

સકળ ઈચ્છિત પદાર્થને આપનાર લક્ષ્મી મળી તોપણ શું થયું? શત્રુઓના માથાપર પગ મૂક્યો તોપણ શું થયું? વૈભવ વડે સ્નેહી પુરૂષોને સંતોષ આપ્યો તોપણ શું થયું? વળી કલ્પાન્તકાળ સુધી માણસોનું શરીર ટકી રહ્યું તો પણ શું થયું? આ સર્વ મળ્યું હોય પણ જો શાશ્વત સુખને આપનારી મુક્તદશા પ્રાપ્ત ન થઈ તો આ સર્વ મળ્યું તે ન મળ્યા બરાબર સમજવું. કારણ કે આ વસ્તુઓથી ઉત્પન્ન થતું સુખ નાશવંત અને દુઃખમિશ્રિત છે. જેને પામરજનો બહુજ મહત્વની માને છે, એવી ચક્રવર્તિપણાની, અથવા દેવેન્દ્રપણાની પ્રાપ્તિ જેના પછવાડે ચાલી આવે છે તે અંત-રહિત, જરારહિત પરમ પ્રકાશરૂપ મોક્ષ સુખનો હે ચિત્ત! વિચાર કર. કારણ કે ઉપર જણાવેલા અસદ વિકલ્પ કરવાથી શું લાભ? જેમ હાથીના પગલામાં સઘળાં પગલા સમાઈ જાય છે, તેમ મોક્ષના સુખમાં

સઘળાં સુખ સમાઈ જાય છે, માટે તે જ પ્રાપ્ત કરવા યોગ્ય સાધનાનો આશ્રય કરવો.

तथा श्रामण्यानुराग इति. ॥९१॥

અર્થ :—સાધુપણા ઉપર પ્રીતિ રાખવી.

ભાવાર્થ:—ગૃહસ્થ ધર્મ પાળવા છતાં, એવો સમય ક્યારે આવે કે જ્યારે જગતના કલ્યાણ અર્થે હું સાધુપણું અંગીકાર કરું એવો વિચાર કરવો. ઉચ્ચ ભાવનાઓ ઉચ્ચ કાર્ય કરવા પ્રેરે છે, અને કદાચ તે પ્રમાણે વર્તન ન થાય તોપણ તેનો લાભ અકથ્ય છે હવે કેવા પ્રકારની ભાવના ભાવવી તે સંબંધમાં ટીકાકાર લખે છે કે:—

जैनं मुनिव्रतमशेषभवात्तकर्म—
संतानतानवकरं स्वयमभ्युपेतः ।
कुर्यां तदुत्तमतरं च तपः कदाऽहं
भोगेषु विस्पृहतया परिमुक्तसंग ॥१॥

પૂર્વભવમાં ગ્રહણ કરેલાં સમસ્ત કર્મ સમૂહને પાતળાં કરનાર એવા જૈનમુનિવ્રત પોતે પામીને, ભોગ માત્રમાં સ્પૃહા રહિત થઈને, સર્વ સંગનો ત્યાગ કરીને, ક્યારે હું ઉત્તમ પ્રકારનો તપ આદરીશ. એવા સાધુપણાની પ્રાપ્તિ માટે આવી શુદ્ધ ભાવના કરવી.

तना यथोचितं गुणवृद्धिरिति ॥९२॥

અર્થ—જેમ ઘટે તેમ ગુણની વૃદ્ધિ કરવી.

ભાવાર્થ : દયા, જીતેંદ્રિય, ક્ષમા, પરોપકાર, નમ્રતા, સત્યવાદીપણું, આત્મસંયમ વગેરે અનેક સદ્ગુણો છે, તેમાંથી જે પોતાનામાં હોય, તેમાં વૃદ્ધિ કરવી, અને જે ગુણ ન હોય, તે ખીલવવા પ્રયત્ન કરવો. તે ગુણોમાંથી એકાદ ગુણ ઉપર પ્રાતઃકાળમાં મનન કરવું, અને પછી આખા દિવસના જીવનવ્યવહારમાં જુદે જુદે પ્રસંગે તે ગુણ આચારમાં મૂકવા પ્રયત્ન કરવો.

રાત્રિએ વિચાર કરવો કે કેટલે અંશે તે ગુણ મારાથી આજના દિવસમાં અમલમાં મૂકાયો છે, અને કેટલે અંશે તે ગુણ પ્રમાણે વર્તવામાં ખામી આવી છે. ફરીથી ખામી ન આવે તે માટે દૃઢ નિશ્ચય કરો. વળી બીજે દિવસે પ્રાતઃકાળે તેજ ગુણ ઉપર મનન કરો, અને રાત્રિના સમયમાં આખા દિવસનો કાર્યક્રમ તપાસી જાઓ, આવી રીતે એક બે માસમાં તે ગુણ ખીલશે, પછી બીજો ગુણ ખીલવવા પ્રયત્ન કરવો. વળી ગુણો એક બીજા સાથે સંબંધ ધરાવતા હોવાથી એક ગુણ બરાબર ખીલવાથી બીજા અનેક ગુણોના કેટલાક અંશો ખીલશે, અને તેથી માર્ગ ધીમે ધીમે સરળ થતો જશે, આ રીતે પ્રયત્ન કરતાં કરતાં તમારું જીવન ઉચ્ચ બનતું જશે અને આત્મિક આનંદ અને શાંતિ તમે અનુભવશો.

तथा सत्त्वादिषु मैत्र्यादियोग इतीति ॥९३॥

અર્થઃ—સર્વ જીવ પ્રેત્યે મૈત્રી આદિ ભાવનાઓ રાખવી.

ભાવાર્થઃ—જૈનધર્મમાં આ ચાર ભાવનાઓ કહેલી છે, તે ચાર ભાવના જેનામાં નથી તે ધર્મ પાળવાને લાયક જ નથી. એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

તે ચાર ભાવનાઓ નીચે પ્રમાણે છેઃ-**મૈત્રી, કરૂણા, પ્રમોદ** અને **માધ્યસ્થ**, અથવા **ઉપેક્ષા**. તે ચારનું ટુંક સ્વરૂપ એક શ્લોકથી જણાવવામાં આવે છે.

परहितचिन्ता मैत्री परदुःखविनाशिनी तथा करुणा ।
परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥१॥

પરનાહિતનો વિચાર કરવો તે મૈત્રી, પરના દુઃખનો વિનાશ કરનારી તે કરૂણા, પરના સુખથી સંતોષ પામે તે મુદિતા, અને પારકા દોષ તરફ લક્ષ ન આપવું તે ઉપેક્ષા.

ચાર ભાવનાનું સ્વરૂપ

જૈનધર્મના સંબંધમાં વ્યાખ્યાન આપતાં વિદુષી એનીબીસેન્ટ લખે છે કે "કોઈ મનુષ્ય ધારે તો જૈનધર્મનો સાર સૂત્રકૃતાંગ શાસ્ત્રમાં કહ્યું છે તેમ એક વાક્યમાં સમાવી શકે, અને તે વાક્ય એ છે કે મનુષ્ય કોઈ પણ જીવતાં પ્રાણીને હેરાન નહિ કરવાથી અત્યંત શાંતિરૂપ નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે; શાંતિ–પ્રેમ; મનુષ્ય અને મનુષ્ય વચ્ચે પ્રેમ, મનુષ્ય અને પ્રાણી વચ્ચે પ્રેમ, સઘળે ઠેકાણે અને સર્વ વસ્તુઓમાં પ્રેમ, જેમાં પ્રાણ છે તે સર્વની ભ્રાતૃતા–આવી જૈનોની ઉચ્ચ ભાવના (Ideal) છે; અને તે અનુભવવાને પ્રયત્ન કરે છે."

હાલના પાશ્ચાત્ય માનસિકશાસ્ત્ર જ્ઞાનીઓ જેવી રીતે દરેક મનની વૃત્તિના વિભાગ પાડે છે; તેજ પ્રમાણે આપણા પ્રાચીન આચાર્યો પ્રેમની વૃત્તિના યથાર્થ વિભાગ પાડે છે. પ્રેમ એજ મોક્ષ મેળવવાનો ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે, આ પ્રેમના ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે. ઉચ્ચ પુરૂષો પ્રતિ પ્રેમ, સમાન પુરૂષો પ્રતિ પ્રેમ, અને આપણાથી ઉતરતા પુરૂષો પ્રતિ પ્રેમ.

આપણાથી ઉચ્ચ પુરૂષો પ્રતિના પ્રેમને **પ્રમોદ** ભાવના કહે છે.

આપણા સમાન પુરૂષો તરફના પ્રેમને **મૈત્રી** ભાવના કહે છે.

આપણાથી હલકા દરજ્જાના પુરૂષો તરફના પ્રેમને **કારૂણ્ય** ભાવના કહે છે.

ચોથી ભાવના **માધ્યસ્થ** અથવા **ઉપેક્ષા** છે.

જેવી ભાવના તેવા વિચારો, અને જેવા વિચારો તેવાં કાર્યો; માટે ભાવનાઓ ઉત્તમ રાખવી. આ ઉપર જણાવેલી ચારે ભાવનાનું યથાર્થ સ્વરૂપ સમજી તેમને હૃદયની સાથે તન્મય બનાવવો જોઈએ. અને આપણા સંબંધમાં આવતા મનુષ્યો તથા પ્રાણીવર્ગ સાથેના આપણા વર્તનમાં તે ચાર ભાવમાંથી એક ભાવમાં આપણે વર્તવું જોઈએ. આ ભાવનાઓ જેના હૃદયમાં નિરંતર વાસ કરી રહેલી છે,

તે મનુષ્યમાંથી દ્વેષ સર્વથા નાશ પામે છે; અને દ્વેષની સાથે દ્વેષને લગતા સર્વ દુર્ગુણો પણ સ્વયમેવ વિલય થાય છે.

પ્રથમ પ્રમોદ ભાવના:-પ્રમોદ એટલે આનંદ, ગુણમાં, જ્ઞાનમાં,વિદ્યામાં, કલામાં અથવા અન્ય કોઈ વિષયમાં કોઇપણ મનુષ્યને આપણા કરતાં આગળ વધેલો જોઈ, અથવા વધારે નિપુણ દેખી આપણા હૃદયમાં આનંદ થવો જોઈએ; પણ ઈર્ષ્યાને સ્થાન આપવું નહિ.

તે વધારે જ્ઞાની છે, ધર્મિષ્ઠ છે, અથવા કળા કૌશલ્યવાન છે તે જોઈ આપણામાં ઉત્સાહ આવવો જોઈએ કે, તે પણ માણસ છતાં આવું કામ કરી શકયો તો આપણે પણ તે કાર્ય કરી શકીશું; આપણને આ રીતે તે ઉત્સાહનું કારણ થયો માટે તેનો હૃદયથી આભાર માનવો જોઈએ. જે પદ તેણે પ્રાપ્ત કર્યું તે પદ પ્રાપ્ત કરવાની હૃદયમાં અભિલાષા જાગૃત કરવી અને તે મનુષ્યને પગલે પગલે ચાલવું; તે આપણો માર્ગદર્શક છે-એમ માનવું.

જે મનુષ્યો ઉંચે ચઢી શકતા નથી, તેઓ ઉંચે ચઢેલાને નીચે લાવી પોતાના સરખા કરવા માગે છે, તે ખરેખર માણસની અદેખાઈ અને દ્વેષ વૃત્તિનું જ પરિણામ છે; પણ ઈર્ષ્યાથી અથવા દ્વેષથી કદાપિ ઉચ્ચ પદ પામતું નથી. ઉલટું સામાના જ્ઞાનનો ગુણનો, ધનનો વૈભવ જોઈ આપણું હૃદય બળે છે, અને તેથી આર્ત તથા રૌદ્ર ધ્યાન થાય છે, અને કર્મ બંધ થાય છે, માટે સુજ્ઞ પુરૂષોએ બીજાનું ઉચ્ચ વર્તન જોઈ આનંદ પામવો જોઇએ, અને ગુણાનુરાગી થવું જોઈએ. કારણ કે ગુણાનુરાગથી તેવા ગુણ મેળવવા આપણું હૃદય દોરવાશે. અને સજ્જન સમાગમથી, અને સન્માર્ગે ચાલવાના પ્રયાસથી ઉત્કૃષ્ટ પદ પામવા અંશપણે ભાગ્યશાળી થઈશું.

બીજી મૈત્રીભાવના : આ ભાવના આપણા જેવા ગુણકર્મ-વાળા પુરૂષો સાથે મૈત્રી બાંધવાનું જણાવે છે, પ્રાણી માત્ર તરફ

સુહૃદ્‌ભાવે રાખવાનું તે જણાવે છે. પણ હાલમાં ખરો સુહૃદ્‌ભાવ ભાગ્યેજ જોવામાં આવે છે. જગતમાં ચારે બાજુએ દ્રષ્ટિ ફેરવતાં આપણને જણાય છે કે કહેવાતા સુધારા વધારા છતાં દુનિયામાં દિન-ઉગતે એક અનર્થનું મૂળ વધતું જતું જણાય છે અને તે અહંતા અને સ્વાર્થતા છે.

પોતાના ક્ષણિક લાભને માટે બીજાને ગમે તેવું નુકશાન કરતાં મનુષ્યો આંચકો ખાતાં નથી; સ્વાર્થ આંધળો છે તે નિઃશંસય સત્ય છે; સ્વાર્થથી જેટલું નુકશાન થાય છે, તેટલું બીજા કશાથી થતું નથી. દરેક જણ બીજાના નુકશાને પોતાનું ભલું કરવા ઈચ્છે છે; અને તેમ કરતાં પોતાના સહેજ સ્વાર્થને માટે આસપાસનાઓને તે કેવું અને કેટલું નુકશાન કરે છે, તેમજ તે કાર્યથી પોતાને આગળ ઉપર કેવાં દુઃખદાયક પરિણામો ભોગવવાં પડશે તેનો તે રતિમાત્ર વિચાર કરતો નથી. માટે જેમ બને તેમ સ્વાર્થનો ત્યાગ કરી ખરી મૈત્રી થાય તેમ પ્રયત્ન કરવો, બીજા જીવો તે આપણા મિત્રો છે, અને તેમના સુખે સુખી, અને દુઃખે દુઃખી આવી ભાવના હૃદયમાં રાખવી જોઈએ. કારણકે સર્વ આત્માઓ સ્વરૂપે એક સરખા છે; આથી તેમના ઉપર સમાનભાવ અથવા સમભાવ ઉત્પન્ન થશે.

અને આવી રીતે આપણા સંબંધમાં આવતા મનુષ્યો સાથે સમભાવ રાખવાથી અને ક્રમે ક્રમે સમભાવની વૃદ્ધિ કરવાથી એવો સમય આવશે કે જે સમયે સર્વ મનુષ્યો તથા પ્રાણી વર્ગ સાથે આપણે સમભાવથી વર્તી શકીશું.

તે સ્થિતિ વિષે સંબોધસિત્તરી નામના ગ્રન્થમાં એક ઉત્તમ શ્લોક લખેલો છે:—

सेयंबरो वा आसंबरो वा, बुद्धो अहवा अन्नो कोवा ।
समभावभाविअ अप्पा लहई मुकखं न संदेहो ॥१॥

અર્થ : શ્વેતાંબર હોય કે દિગંબર હોય, બૌદ્ધ હોય કે અન્ય કોઇ ધર્માનુયાયી હોય, પણ જેના આત્મામાં **સમભાવ** વસે છે, તેજ મોક્ષ મેળવે છે, તેમાં જરા માત્ર સંદેહ નથી. આવો ઉત્તમ બોધ હૃદયમાં રાખી સમભાવ તથા મૈત્રી ભાવના વધે તેમ વર્તવું. વંદિતા સૂત્રમાં પણ વર્ણવેલું છે કેઃ—

खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतु मे ॥
मित्ति मे सव्वभूएसु वेरं मज्झ न केणइ ॥१॥

અર્થઃ—મારે સર્વ પ્રાણી સાથે મિત્રતા છે, મારે કોઇ સાથે વેર નથી. હું સર્વ જીવના મારી તરફ થયેલા અપરાધની ક્ષમા આપું છું; અને સર્વે જીવો મારા અપરાધની ક્ષમા આપો.

આ વાક્યો આપણે પ્રતિદિન ઉચ્ચારીએ છીએ પણ તેનો અર્થ સમજવા અથવા અર્થમાં કહેલા બોધ પ્રમાણે ચાલવા જરાપણ શ્રમ લેતા નથી. જીવન વ્યવહારમાં કોઈ મનુષ્યે આપણું ખોટું કર્યું હોય તો તે મનુષ્યના અપરાધની ક્ષમા આપતા નથી, પણ તે મનુષ્યનું વેર લેવાના વિચારો હૃદયમાં કર્યાજ કરીએ છીએ અને લાગ આવે સામા મનુષ્યને નુકશાન કરવા પણ આપણે ચૂકતા નથીઃ માટે ઉપર જણાવેલાં વંદિતા સૂત્રની ગાથા જેમનો આપણે દિવસમાં બેવાર પ્રતિક્રમણકાળે ઉચ્ચાર કરીએ છીએ તેનું રહસ્ય સમજી જેમ વેર વિરોધ ટળે, અને મૈત્રીભાવ વધે તેમ વર્તન રાખવું.

ત્રીજી કારૂણ્ય ભાવનાઃ—તે ભાવના આપણને આપણાથી ઉતરતા સર્વ મનુષ્યો પ્રતિ કરૂણા—દયા રાખવાનું શીખવે છે. જે લોકો આપણાથી બુદ્ધિમાં, જ્ઞાનમાં, સદ્‌ગુણમાં ઉતરતા હોય તેમના તરફ તિરસ્કાર વૃત્તિથી જોવાનું નથી; પણ અજ્ઞાનને કારણે તેઓ

શુદ્ધમાર્ગે ચાલી શકતા નથી, માટે તેઓ દયાને પાત્ર છે, આવો વિચાર કરી તેમની તરફ દયા બતાવવાની જરૂર છે.

આપણે રસ્તામાં પડેલું એક લંગડું કૂતરું જોઈ દયા લાવીએ છીએ તો જેઓ દુરાચારી છે, વ્યસની છે, તેઓ શું નીતિની અપેક્ષાએ લંગડા નથી! શું તેઓ કૂતરા કરતાં પણ હલકા છે? શું તેઓ કુતરા જેટલી પણ દયાને પાત્ર નથી! કોઈમાં થોડો દોષ હોય તો કોઈમાં વધારે હોય, પણ જ્યાં સુધી માણસ મુક્ત થયો નથી ત્યાં સુધી તે દોષને પાત્રતો છે જ. માટે બીજાના દોષ જોઈ તેના તરફ તિરસ્કાર બતાવવાને બદલે, દયા લાવવી જોઈએ, અને બને તેટલા પ્રયાસે શુદ્ધ જ્ઞાન આપી તેને તેના દોષનો ત્યાગ કરતાં શીખવવું જોઈએ, પણ તે મનુષ્યની નિંદા કરવી નહિ. કારણ કે નિંદાથી તેને તેમજ આપણને જરાપણ લાભ થતો નથી. તેથી તે આપણા ઉપર વિરૂદ્ધ દૃષ્ટિથી જોતા શીખે છે, અને આપણા ઉપદેશની અસર તેના પર લાગુ પડતી નથી. પણ જો ખરી દયાની લાગણીથી, તે મનુષ્યના હિતને ખાતર પ્રેમભાવથી, આપણે તેને સદ્જ્ઞાન આપીશું તો તે પ્રમાણે તે ખુશીથી ચાલશે.

વળી કારૂણ્યભાવના જે મનુષ્યના હૃદયમાં વસે છે તે બીજાનું દુઃખ અજ્ઞાન વગેરે જુએ છે, ત્યારે તેનું હૃદય દયાથી પીગળે છે અને તે દુઃખ અને અજ્ઞાન દૂર કરવા પોતાનાથી બનતું કરે છે, કદાચ આપણી શક્તિ ન હોય, અને તેનું દુઃખ દૂર કરવાને કાંઇ આપી શકવાની સ્થિતિમાં ન હોઈએ, તોપણ મધુર અને શાંત વચનથી તેનું દુઃખ દૂર કરવાના ઉચ્ચ કર્તવ્યથી ચૂકવું નહિ. દુનિયા જેટલી ગરીબાઈથી દુઃખી છે તેના કરતાં વિશેષ દુઃખી પ્રેમ ભર્યા વચનોના અભાવથી છે. આ પ્રેમના શબ્દોના સંબંધમાં એક અંગ્રેજ લેખક લખે છે કેઃ—

જો તમારે આનંદદાયક સંદેશો પહોંચાડવાનો હોય, અથવા પ્રીતિ ભર્યા શબ્દો કહેવાનો હોય તો તમે ભૂલી જાઓ ત્યાં સુધી બેસી રહેતા નહિ. આજને આજ, આની આ ક્ષણે તે સંદેશો પહોંચાડો, અને તે શબ્દોનો ઉચ્ચાર કરો.

આપણે વર્તમાન કાળના મુસાફર છીએ, ભવિષ્ય અગમ્ય છે. આવતી કાલ શું બનશે તે રહસ્ય આપણાથી અજાણ્યું છે, આપણે આ ક્ષણનાજ સ્વામી છીએ. નહિ બોલેલા આનંદકારક શબ્દો માટે નહિ મોકલેલા સ્વજનના પત્ર માટે નહિ ખરચેલા પ્રેમધન માટે કેટલાક હૃદયો તલપે છે, અને ઝૂરી ઝૂરી મરે છે. સ્થૂલ ધનના અભાવથી નહિ પણ હૃદયના પ્રેમના અભાવથીજ જગત્ ગરીબ તેમજ દુઃખી છે; માટે તમારા હૃદયના ઉંડામાં ઉંડા કોતરમાંથી પ્રેમનો પ્રવાહ વહેતો કરો.

આ રીતે મનુષ્ય પ્રાણી તરફ દયા બતાવવી એટલુજ નહિ પણ અનાથ, નિરપરાધી ગરીબ પ્રાણી વર્ગ તરફ પણ દયાની લાગણી રાખવી.

ઉત્તરાધ્યયન સૂત્રમાં લખ્યું છે કે–'ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળના અર્હંતો અને ભગવંતો ઉપદેશ કરે છે કે સઘળા પ્રકારના જીવતાં પ્રાણીનો, વધ કરવો નહિ, તેમની તરફ ક્રુરતા વાપરવી નહિ તેમનો દુરૂપયોગ કરવો નહિ અને તેમને હાંકી મૂકવાં નહિ.

સઘળી વસ્તુઓના રહસ્યને જાણનાર સુજ્ઞ પુરૂષોએ આવો નિત્ય શાશ્વત, સનાતન, સત્ય નિયમ શીખવ્યો છે. જોકે પ્રાણીવર્ગમાં મનુષ્યના જેટલી બુદ્ધિ ખીલેલી નથી, પણ સુખ દુઃખ અનુભવવાની લાગણીતો મનુષ્યની સરખીજ છે. માટે કારૂણ્યભાવ રાખી સર્વ પ્રાણી તરફ દયાની લાગણીથી વર્તવું.

ચોથી ઉપેક્ષા અથવા મધ્યસ્થ ભાવના :–આ ભાવનાનું સ્વરૂપ બહુજ થોડા મનુષ્યોના સમજવામાં આવેલું છે, અને જેઓ

સમજે છે. તેમાંથી પણ વ્યવહારમાં મૂકનારા બહુજ થોડા જણાય છે. જે મનુષ્યો આપણાથી જુદા મતના હોય, અથવા જુદી રીતે વર્તતા હોય, તેમના તરફ મધ્યસ્થ ભાવના રાખવી. અર્થાત્ તેમની તરફ રાગ તેમજ દ્વેષ કરવો નહિ. જેવું આપણને આપણાં ધર્મ માટે માન છે, તેવું બીજાને તેના પોતાના ધર્મ તરફ માન હોય, તે સ્વાભાવિક છે. તો પછી બીજા ધર્મની, અથવા ધર્મ પાળનારાની નિંદા કરવી ઘટતી નથી.

સહનશીલતા એ ઉત્તમ ગુણ છે, પણ ધર્માંધતાને લીધે તે ગુણની ખામી ઘણે ભાગે જોવામાં આવે છે. આ જમાનો બુદ્ધિનો છે, અને તેથી બુદ્ધિદ્વારા મનુષ્યો વિવિધ પ્રકારના વિચારો કરે છે, અને એક હજાર પુરૂષ એકઠા કરીએ છતાં દરેક બાબતમાં વિચારમાં મળતા થાય તેવા બે પુરૂષ પણ મળવા કઠણ પડશે. માટે વિચારમાં મતભેદ તો રહેવાનો,

જો આપણને એમ જણાય કે સામા પુરૂષોના વિચાર તદ્દન ખોટા છે, તો તેના ઉપર દ્વેષ કરવાને બદલે આપણી દલીલો તેને મૈત્રીભાવથી સમજાવી અને જો તે સમજવા તરફ પણ દુર્લક્ષ કરે તો તેની ઉપેક્ષા કરવી, એટલે તેના તરફ ઉદાસીન ભાવ રાખવો એજ ઉત્તમ પુરૂષનું લક્ષણ છે.

જે મનુષ્ય ઉપર જણાવેલી ચાર ભાવનાઓ હૃદયમાં રાખી વર્તશે તેનું જીવન પ્રેમમય થઈ જશે. આખા જગતને તે પોતાના બંધુ સમાન ગણશે, અને વિરોધ ટાળી શાંતિ અને સંપનો ફેલાવો કરવા પ્રયત્ન કરશે, આવો મનુષ્ય છેવટે સર્વ જગત તરફ સમભાવથી વર્તતાં શીખશે, અને સંબોધસિતરીમાં લખ્યા પ્રમાણે સમભાવથી અવશ્ય મોક્ષ પામશે, માટે આપણા સંબંધમાં આવતા મનુષ્યો તથા પ્રાણીઓ સાથે ઉપર જણાવેલી ચાર ભાવનાઓ પ્રમાણે વર્તવું.

ઉપસંહાર

विशेषतो गृहस्थस्य धर्म उक्तो जिनोत्तमैः ।
एवं सद्भावनासारः परं; चारित्रकारणम् ॥१॥

અર્થ:—શ્રેષ્ઠ ભાવના જેમાં મુખ્ય છે અને જે ચારિત્રનું ઉત્કૃષ્ટ કારણ છે તે ગૃહસ્થનો વિશેષ ધર્મ ઉત્તમ જિનેશ્વરભગવંતોએ આ પ્રમાણે કહેલો છે. ગૃહસ્થધર્મ ચારિત્રનું કારણ શી રીતે છે, તેનો પ્રત્યુત્તર શાસ્ત્રકાર આપે છે.

पदं पदेन मेधावी यथोरोहति पर्वतम् ।
सम्यक् तथैव नियामाद्धीश्चारित्रपर्वतम् ॥२॥

અર્થ:—જેમ કોઇ બુદ્ધિમાન પુરૂષ ધીમે ધીમે પગલે પર્વત ઉપર ચઢી શકે છે. તેમ ધીર પુરૂષ નિયમથી ધીમે ધીમે સારી રીતે ચારિત્ર પર્વત ઉપર ચઢે છે.

ભાવાર્થ:—મોટા પર્વત ઉપર એકદમ ચઢી શકાય નહિ, પણ ધીમે ધીમે એક પગ પછી બીજો પગ મૂકે. અને દૃઢતાથી તે કાર્યને વળગી રહે તો પર્વતની ટોચે જઇ પહોંચે તેજ રીતે માણસ એકદમ ચારિત્ર ગ્રહણ કરી શકે નહિ, પ્રથમ માર્ગાનુસારીપણું પ્રાપ્ત કરે, પછી ગૃહસ્થનો વિશેષ ધર્મ પાળે, અને પછી ચારિત્ર ગ્રહણ કરવા યોગ્ય અધિકારી થઈ શકે. એજ બાબત મૂળસૂત્રમાં જણાવે છે.

स्तोकान्गुणान् समाराध्य बहूनामपि जायते ।
यस्मादाराधनायोग्यस्तस्मादादावयं मतः ॥३॥

અર્થ:—થોડા ગુણની આરાધના કરવાથી બહુ ગુણ આરાધન કરવા માટે માણસ યોગ્ય થાય છે; માટે પ્રથમ ગૃહસ્થ ધર્મ પાળવો.

ભાવાર્થ:—જે માણસ યથાર્થ રીતે ગૃહસ્થ ધર્મ પાળી શકે નહિ, તે સાધુના ઉચ્ચ કર્તવ્ય બજાવવા અને સંયમનો ભાર વહન કરવા સમર્થ થઇ શકે નહિ, માટે પ્રારંભ ગૃહસ્થાશ્રમથી થવો જોઈએ એ સામાન્ય નિયમ છે.

ત્રીજું પ્રકરણ સમાપ્ત થયું.

ચોથું પ્રકરણ

હવે ચોથા અધ્યાયનો આરંભ કરતા શાસ્ત્રકાર ફરમાવે છે કેઃ-

एवं विधिसमायुक्तं सेवमानो गृहाश्रमम् ।
चारित्रमोहनीयेन मुच्यते पापकर्मणा ॥१॥

અર્થઃ—આ પ્રમાણે ગુણ સંપન્ન થયેલો અને ગૃહસ્થાશ્રમને સેવતો માણુસ ચારિત્ર મોહનીયરૂપ પાપકર્મથી છુટો થાય છે.

ભાવાર્થઃ—જે માણુસ ગૃહસ્થાશ્રમમાં રહીને યથાર્થ રીતે સામાન્ય ગૃહસ્થ ધર્મ, અને વિશેષ ગૃહસ્થ ધર્મ પાળે છે, તે માણુસ ચારિત્રને અંતરાય કરનાર ચારિત્ર મોહનીય કર્મથી છુટે છે, એટલે ધીમે ધીમે તેવો મનુષ્ય ચારિત્ર લેવાને યોગ્ય થાય છે.

સામાન્ય ગૃહસ્થધર્મ વિશેષગૃહસ્થધર્મને માટે તૈયારી રૂપ છે, અને વિશેષ ગૃહસ્થધર્મ ચારિત્રને માટે તૈયારી રૂપ છે.

યતિ જે મહાવ્રતો પાળે છે. તે વ્રતો પાળવા પોતે સમર્થ થાય માટે ગૃહસ્થાશ્રમમાં શ્રાવક અણુવ્રતો પાળે છે, અને મહાવ્રતનો અધિકારી થતો જાય છે.

હવે તે ચારિત્રને અંતરાય કરનાર કર્મથી આત્મા શી રીતે મુક્ત થાય તે બાબત શાસ્ત્રકારજ જણાવે છેઃ—

सदाज्ञाराधनयोगाद्भावशुद्धेर्नियोगतः ।
उपायसंप्रवृत्तेश्च सम्यक्चारित्रागतः ॥२॥

અર્થઃ—ભગવાનની શુભ આજ્ઞાનું આરાધન કરવાથી થયેલી ભાવશુદ્ધિથી અને સમ્યક્ ચારિત્ર ઉપર અનુરાગથી

અને તેના સાધનોમાં પ્રવૃતિ કરવાથી માણસ ચારિત્ર મોહનીયકર્મથી મુકત થાય છે.

ભાવાર્થ :— બીજા તથા ત્રીજા પ્રકરણમાં આપણે વિચારી ગયા કે જે માણસ યતિધર્મ પાળવાને અસમર્થ હોય તેણે સામાન્ય અને વિશેષગૃહસ્થધર્મ પાળવો એવી ભગવાનની આજ્ઞા છે.

આ પ્રમાણે વર્તવાથી ભાવશુદ્ધિ થાય છે, એટલે મન નિર્મળ બને છે. તેમજ બીજે સ્થળે વિચારી ગયા છીએ કે શ્રાવક યતિધર્મ પાળવાને અશકત હોય, તો પણ યતિપણાનો ભાવ રાખવો. જે પોતાથી બનીશકે તેવું હોય તેમાં પ્રવૃત્તિ કરવી, અને જે પોતાનાથી ન બને તેવું હોય, તે કરવાનો સમય સમીપ આવે એવી ભાવના ભાવવી. આ રીતે સમ્યક્ ચારિત્રમાં ભાવ રાખવાથી તેના કારણભૂત જે વિશેષ ગૃહસ્થ ધર્મ અથવા પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ રીતે બારવ્રત પાળવાને તે પ્રેરાય છે. આ પ્રમાણે મનની શુદ્ધતાથી, અને અણુવ્રત પાળવાથી ચારિત્રમોહનીયકર્મનો ક્ષય થાય છે. જ્યારે તે ચારિત્રને અંતરાય કરનાર કર્મથી છુટો થાય છે, ત્યારે અણુવ્રતને બદલે મહાવ્રત ગ્રહણ કરવાને લાયક થાય છે. તેજ બાબત આ ગ્રન્થ જણાવે છે.

विशुद्धं सदनुष्ठानं स्तोकमप्यर्हतां मतम् ।
तत्त्वेन तेन च प्रत्याख्यानं ज्ञात्वा सुबृंहयि ॥३॥

અર્થ :—શુદ્ધ સારી ક્રિયા અલ્પ છતાં, પણ અર્હદ્ ભગવાન્ તેની પ્રસંશા કરે છે; કારણ કે તેથી તત્ત્વથી પ્રત્યાખ્યાનનું સ્વરૂપ સમજીને બહુ કરવાનો પણ વિચાર થાય છે.

ભાવાર્થ:—શુદ્ધ ધર્માદિકનું અનુષ્ઠાન જે અતિચાર વિના પાળવામાં આવે છે, તે થોડું હોય, તો પણ અરિહંત ભગવાનને માન્ય

છે, એટલે અતિચાર સહિત વિશેષ અનુષ્ઠાન કરતાં અતિચાર રહિત થોડું અનુષ્ઠાન ઉત્તમ છે.

જે માણસ થોડું પણ પ્રત્યાખ્યાન ભાવસહિત કરે છે, તે તેનું સ્વરૂપ, હેતુ, ફળ વગેરે સમજી શકે છે, અને વિશેષ પ્રત્યાખ્યાન કરવાને લાયક થાય છે. આ રીતે જે શ્રાવક પાંચ અણુવ્રત વગેરે ભાવ સહિત આદરે છે. અને અતિચાર ન લાગે તેવી રીતે પાળે છે તે, શ્રાવક મહાવ્રત પાળવાને લાયક બને છે; કારણ કે પ્રત્યાખ્યાનથી નવા કર્મ અટકે છે, આશ્રવનો નિરોધ થાય છે, તે તે સારી રીતે સમજે છે અને તેથી મોટાં પ્રત્યાખ્યાન લેવા તત્પર થાય છે.

इति विशेषतो गृहस्थधर्म उक्तः

सांप्रत यतिधर्मावसर इति यतिधर्ममनुवर्णयिष्याम इति ॥१॥

અર્થ :—આ પ્રમાણે **વિશેષથી ગૃહસ્થધર્મ**નું વર્ણન કરવામાં આવ્યું, હવે **યતિધર્મ** કહેવાનો અવસર જાણી યતિધર્મનું વર્ણન કરીશું, એમ શાસ્ત્રકાર કહે છે.

अहों अर्हसमीपे विधिप्रव्रजितो यतिरिति ॥२॥

અર્થ :—યોગ્ય અધિકારીએ યોગ્ય પુરૂષ પાસે દીક્ષા લીધી હોય તે યતિ કહેવાય.

ભાવાર્થ:-દીક્ષા લેવાને યોગ્ય પુરૂષ, દીક્ષા આપવાને યોગ્ય પુરૂષ પાસે, દીક્ષાની યોગ્યવિધિ વડે. દીક્ષા ગ્રહણ કરે ત્યારે તે દીક્ષિત પુરૂષ યતિ કહેવાય છે. આમાં જે યોગ્યતા બાબત કહ્યું છે તે યોગ્યતા કેવા પ્રકારની હોવી જોઈએ તે ગ્રન્થકારજ જણાવે છે.

अथ प्रव्रज्यार्हः, आर्यदेशोत्पन्नः, विशिष्टजातिकुलान्वितः, क्षीणप्रायःकर्ममलः, ततएव विमलबुद्धिः, दुर्लभं मानुष्यं, जन्म मरणनिमित्तं, संपदश्चपलाः, विषया दुःखहेतवः, संयोगे

वियोगः, प्रतिक्षणं मरणं, दारुणो विपाकः, इत्यवगतसंसार-नैर्गुण्यः तत एव तद्विरक्तः, प्रतनुकषायः, अल्पहास्यादिः, कृतज्ञः, विनीतः, प्रागपि राजामात्यपौरजनबहुमतः, अद्रोहकारी, कल्याणाङ्गः, श्राद्धः, स्थिरः, समुपसंपन्नश्चेति ॥ ३ ॥

અર્થ:—દીક્ષા લેવાને કોણ ખરો અધિકારી છે, તે પ્રથમ જાણવું જરૂરનું છે. માટે દીક્ષા લેવા આવનારના ગુણનું વર્ણન કરવામાં આવે છે.

૧. આર્ય દેશમાં ઉત્પન્ન થયેલો.

૨. ઉચ્ચ જાતિ અને કુળવાળો.

૩. ઘણે ભાગે જેના કર્મરૂપ મળ ક્ષય પામ્યા છે તેવો.

૪. તેથી નિર્મળ બુદ્ધિવાળો.

૫. મનુષ્યપણું દુર્લભ છે, જન્મ એ મરણનું નિમિત્ત છે, સંપત્તિ ચંચળ છે, ઇન્દ્રિયોના વિષયો દુઃખના કારણભૂત છે, સંયોગમાં વિયોગ રહેલો છે, મરણ ક્ષણે ક્ષણે થયાંજ કરે છે. કર્મનાં ફળ ભયંકર છે; આ પ્રકારે સંસારની અસારતા જાણનારો.

૬. તેથી સંસાર ઉપર વૈરાગ્ય ભાવ ધારણ કરનાર.

૭. અલ્પકષાયવાળો.

૮. હાસ્ય વગેરે ૭ નોકષાય જેના અલ્પ છે તેવો.

૯. કૃતજ્ઞ (કરેલા ગુણને જાણનાર).

૧૦. વિનયવંત.

૧૧. દીક્ષા લીધા પહેલાં પણ રાજા, પ્રધાન અને શહેરના લોકોમાં પ્રતિષ્ઠા પામેલો.

૧૨. કોઈનો દ્રોહ નહિ કરનાર.

૧૩. કલ્યાણકારી અંગવાળો (પાંચે ઈન્દ્રિયો સહિત, તેમજ ભવ્ય મુખાકૃતિવાળો).

૧૪. શ્રદ્ધાવંત.

૧૫. સ્થિર–(વિઘ્ન આવતાં આરંભેલું કાર્ય મૂકી ન દે તેવો.)

૧૬. અને દીક્ષા લેવા માટે ગુરૂ પાસે આવેલો. આવા સોળ ગુણવાળો હોય તે દીક્ષા લેવાને યોગ્ય અધિકારી જાણવો.

ભાવાર્થ:—જૈનધર્મમાં પાત્ર ભેદે બે વિભાગ પાડેલા છે. એક શ્રાવક અને બીજો યતિ. દીક્ષા ગ્રહણ કરે તે યતિ.

યતિવ્રત પાળવું એ અસ્ત્રાની ધાર જેવા દુર્ગમ માર્ગ પર ચાલવા બરાબર છે. સંયમનો ભાર વહન કરવો, બ્રહ્મચર્ય પાળવું, પરને ઉપદેશ આપવા દેશોદેશ વિચરવું, ટાઢ, તડકા સહન કરવા, પરિષહ સહવા જ્ઞાનનો અભ્યાસ કરવો. અને તપ આદરવું, આ વગેરે અનેક વિષમ કાર્યો યતિને કરવાનાં છે; માટે જે તેવા પદને માટે લાયક હોય, તેણે તે પદ ગ્રહણ કરવું તેવો માણસ સાધુપણાને શોભાવે છે. અને પોતાના આત્માનું કલ્યાણ કરે છે.

સંસારની જોખમદારી સ્વતંત્ર થવાને નહિ, પણ સંયમની ભારે જોખમદારી સહન કરવા માટે તેણે ત્યાગ કરવો જોઈએ. તેટલા માટે જ ગ્રન્થકાર સોળ વિશેષણો આપી દીક્ષા લેવાને કયો પુરૂષ યોગ્ય છે, તે જણાવે છે.

આ સોળમાંનાં કેટલાક ગુણો સરળતાથી સમજાય તેવા છે, માટે તેમનું નામ માત્ર જણાવીશું અને બીજા ઉપર જે કાંઈ લખવું ઘટશે તે અત્રે વર્ણવીશું.

૧. આર્યદેશમાં તે જન્મેલો હોવો જોઈએ. ટીકાકાર જણાવે છે કે મગધ વગેરે સાડા પચીસ દેશને આર્ય દેશમાં ગણવા જોઈએ. એ વાત કાળને અનુસરી ઉચિત હતી, પણ તે ક્ષેત્રની મર્યાદા હાલ રહી નથી; માટે આર્ય કોને કહેવો, અને અનાર્ય કોને કહેવો તેની

વચ્ચે હદ બાંધવી અશકય લાગે છે; છતાં જે લોકો માંસમદિરાનું ભક્ષણ ન કરતા હોય, વેશ્યાગમન ન કરતાં હોય, ચોરી ન કરતા હોય, જુગટું ન રમતા હોય, પુનર્જન્મ અને કર્મના નિયમને, અને આત્માના અસ્તિત્વને માનતા હોય, તે લોકો જ્યાં જ્યાં વસતા હોય તે દેશને **આર્ય** કહેવો, અને તેની વિરૂદ્ધ ગુણવાળા જ્યાં વાસ કરતા હોય, તેવા દેશને **અનાર્ય** કહેવો એમ આ લેખકને લાગે છે; તત્ત્વ તો જ્ઞાની જાણે.

૨. દીક્ષા ગ્રહણ કરનાર વિશિષ્ટ જાતિ કુળવાળો હોવો જોઈએ જેનો માતાનો તેમજ પિતાનો પક્ષ ઉચ્ચકુળ તથા જાતિવાળા હોય તેવો માણસ વિશિષ્ટ કુળજાતિવાળો કહેવાય છે, ઉચ્ચ કુળ અને ઉચ્ચ-જાતિમાં પ્રાયઃ ઉદારતા દાક્ષિણ્યતા વગેરે ઉચ્ચ ગુણો સ્વભાવિક હોય છે તે ગુણો પણ તેનામાં હોય એમ માનીને આ વિશેષણ આપવામાં આવ્યું છે.

૩. જ્ઞાનાવરણીય, મોહનીય વગેરે કર્મ જેના ઘણે ભાગે ક્ષય પામ્યા છે, અને તેથી જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય, અને તેના રાગદ્વેષ ઘટી ગયા હોય તેવો માણસ આ કામને માટે વધારે લાયક ઠરી શકે.

૪. જેનામાં જ્ઞાન હોય, અને જેનામાંથી રાગ દ્વેષ ઓછા થયા હોય, તેની બુદ્ધિ પણ નિર્મળ થાય છે. જ્ઞાનથી બુદ્ધિ નિર્મળ થાય છે, તેટલું જ નહિ પણ મનને ઉદ્વેગ કરનાર રાગ દ્વેષ નાશ પામવાથી મન શાંત થાય છે, અને આત્મ જ્યોતિના પ્રકાશથી તે વિશુદ્ધ થાય છે. આવી રીતે જેનાં મન તથા બુદ્ધિ નિર્મળ થાય છે, તે દીક્ષાને માટે લાયક છે.

૫. તેણે સંસારની અસારતા અનુભવેલી હોવી જોઈએ. આ સંસારની અસારતા માણસો બે પ્રકારે શીખે છે, **અનુભવથી** અને **ઉપદેશથી.**

ઉપદેશથી શીખનારા તો પૂર્વભવના સંસ્કારી વિરલા હોય છે. પણ ઘણે ભાગે કડવો અનુભવ મેળવીને માણસ શીખે છે; જેણે ગૃહસ્થાશ્રમ સેવ્યો હોય, અને ઈન્દ્રિયોના સુખોની અસારતા અને અનિત્યતા અનુભવી હોય તે વિશેષ વૈરાગ્યવાન્ થઇ શકે.

જગતના ઉદ્ધાર માટે જ્યારે મહાન્ પુરૂષો જન્મે છે, ત્યારે તેઓ બાળપણમાંથી સાધુપણું ગ્રહણ કરી શકે, પણ સામાન્ય રીતતો એજ છે કે જેણે સંસારનો અનુભવ લીધો હોય, અને સંસારના પદાર્થો અસાર અને ક્ષણભંગુર છે, અને શાશ્વત સુખ આપી શકે તેમ નથી, તેમ ઉપદેશથી તેમજ અનુભવથી જાણ્યું હોય તેજ માણસ વૈરાગ્ય ધારણ કરી શકે અને દીક્ષા લઈ શકે. તેટલા માટેજ લખ્યું છે કે મનુષ્યપણું દુર્લભ છે, જન્મનારને માટે મરણ નિશ્ચિત છે, સઘળા પ્રકારની સંપત્તિઓ વિજળીના ચમકારાની જેમ ક્ષણિક છે, ઈન્દ્રિયોના વિષયો, સુખ રૂપ જણાવા છતાં અંતે દુઃખથી ભરપૂર છે, સંયોગમાં વિયોગનો ભય છે, ક્ષણે ક્ષણે આવીચિ મરણ થાય છે, અને દુષ્ટ કર્મના ફળ ભયંકર છે. આ સર્વનો દીક્ષા લેનાર પુરૂષને અનુભવ થયેલો હોવો જોઈએ. કેવળ શાસ્ત્રથી તે જાણેલું હોવું જોઈએ નહિ, પણ અનુભવની જરૂર છે. આ અનુભવ જ્ઞાનને વિવેક કહેવામાં આવે છે, નિત્ય અને અનિત્ય વસ્તુ વચ્ચેના ભેદનું જ્ઞાન તે વિવેક છે. એક વાર ખરો વિવેક જાગૃત થતાં સંસારનું સ્વરૂપ જ તેને બદલાયેલું ભાસે છે; ભલેને તે સંસાર વ્યવહારમાં જોડાય, પણ સંસારના પદાર્થો પર એક પ્રકારની ઉદાસીનતા છવાયેલી તેને જણાય છે અને પદાર્થોનું મોહકપણું તેને લાગતું નથી; વસ્તુઓ ઉપરથી મૂર્ચ્છા ઉતરી જાય છે; અને પછી.

૬. તેમના ઉપર વૈરાગ્ય આવે છે; આ વૈરાગ્ય તે ખરો વૈરાગ્ય છે; આ વૈરાગ્યવાન મનુષ્ય કદાપિ બાહ્ય પદાર્થોથી લેપાતો નથી; આત્મા સિવાયના અન્ય સર્વ પદાર્થો અનિત્ય છે એવા અનુભવ જ્ઞાનથી

ઉત્પન્ન થયેલો **જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય** કદાપિ ક્ષય પામતો નથી; અને તેવો માણસ સાધુપણાને આભૂષણરૂપ થાય છે.

૭. ક્રોધ, માન, માયા અને લોભ દીક્ષા લેનારમાં ઓછા પ્રમાણમાં હોવા જોઈએ. અનંતાનુબંધી કષાયને માટે તો તેના હૃદયમાં સ્થાન હોવું જોઇએ નહિ. કારણકે તે જેનામાં હોય, તે દીક્ષાની પવિત્ર પદવીને કલંકિત કરે.

૮. હાસ્યાદિ છ દુર્ગુણો પણ અલ્પ પ્રમાણમાં હોવા જોઈએ. તેમનાં નામ નીચે પ્રમાણે છે. હાસ્ય, રતિ, અરતિ, ભીતિ, જુગુપ્સા અને શોક, તે છ દુર્ગુણો પણ ઓછાં કરવા જોઈએ.

૯. તે કૃતજ્ઞ હોવો જોઈએ : કોઈએ કરેલો ઉપકાર તેણે ભૂલવો જોઇએ નહિ. બીજાના કરેલા ઉપકારને ભૂલવું તેનું નામ કૃતઘ્નતા છે. બીજા બધાં દુર્ગુણો કરતાં આ દુર્ગુણ બહુ મોટો છે. કહ્યું છે કે " ચોરી, વ્યભિચાર, ખૂન જેવા પાપો માટે ઋષિમુનિઓએ પ્રાયશ્ચિત બતાવ્યાં છે, પણ કૃતઘ્નપણાના દોષ માટે કોઈ પણ પ્રકારનું પ્રાયશ્ચિત્ત છે જ નહિ.

જે કરેલો ઉપકાર ભૂલી જાય છે તે મોટામાં મોટો પાપી છે." માટે જે ગુરૂ પાસે જ્ઞાન મળ્યું હોય અથવા જેનાથી ગુણની પ્રાપ્તિ થઈ થઈ હોય તેમને કદી વિસરવા જોઈએ નહિ, આવા ગુણવાળો દીક્ષાનો અધિકારી જાણવો.

૧૦. વિનયવંત તેણે થવું જોઈએ. જૈનધર્મ વિનયને, ગુરૂપાદ શુશ્રૂષાને મુખ્ય પદ આપે છે અને તે વાસ્તવિકજ છે.

વિનયમૂલો ધમ્મો ધર્મનું મૂળ **વિનય** છે.

જે માણસમાં વિનય નથી. પોતાના કરતાં અધિક જ્ઞાન તથા ગુણવાળાને જે માન આપી શકતો નથી, અને જે પોતાના અલ્પ જ્ઞાનને સર્વજ્ઞપણારૂપ માને છે, તે માણસ કદાપિ વિશેષ જ્ઞાન તથા ગુણ મેળવી શકતો નથી.

ચાંડાળનો વિનય કરવાથીજ શ્રેણીકરાજા જે વિદ્યા તેની પાસેથી શીખ્યા હતા, એ શાસ્ત્રનું દૃષ્ટાંત પણ વિનયની મહત્વતા સૂચવે છે. માટે જ્ઞાન મેળવવાનો ઉત્તમ માર્ગ જે વિનય, તે દીક્ષા લેનારમાં હોવો જોઈએ.

૧૧. દીક્ષા ગ્રહણ કરતાં પહેલાં પણ તે ઉત્તમ ચારિત્ર–વર્તનવાળો હોવો જોઈએ, બીજા શબ્દોમાં કહીએ તો પોતાના ગુણથી તે લોક પ્રિય હોવો જોઈએ; તેવા ગુણવાળો પોતાના ઉપદેશની છાપ બીજાપર સારી પાડી શકે છે; પણ જે વિષયી હોય, દુરાચારી હોય, તાલબાજ હોય, તેવો મનુષ્ય એકદમ દીક્ષા ગ્રહણ કરે, તો લોકોને તેને માટે જોઈએ તેવો પૂજ્યભાવ હૃદયમાં ઉત્પન્ન થતો નથી અને સામાન્ય રીતે લોકો તેના ઉપદેશથી વિમુખ રહે છે. તે પરનું તેમજ પોતાનું હિત યથાર્થ સાધી શકતો નથી.

૧૨. કોઈને દ્રોહ ન કરે તેવો તે હોવો જોઈએ, **વિશ્વાસ-ઘાતી મહાપાપી** " એ કહેવત સર્વત્ર જાહેર છે; માટે જે માણસમાં તે અવગુણ હોય, તે દીક્ષાને લાયક નથી; વિશ્વાસનો ઘાત કરનાર ઉપર કોઇ વિશ્વાસ રાખતું નથી; અને તે નિન્દાપાત્ર થાય છે.

૧૩. પાંચે ઈન્દ્રિઓ સહિત અને ભવ્ય મુખાકૃતિવાળો હોવો જોઈએ; આ જો કે તેના હાથમાં નથી, તોપણ તેવી ખોડવાળો શાસનમાં પ્રભાવિક થઈ શકતો નથી- અને તેવા પુરૂષને આચાર્યપદ ન આપવું એવી શાસ્ત્રની આજ્ઞા છે.

૧૪. ધર્મમાં તે શ્રદ્ધાવાળો હોવો જોઇએ, કારણ કે ધર્મ તરફ શ્રદ્ધા ન હોય, અને ઉદર પોષણ અર્થે યતિવ્રત ધારણ કરે તો તે સ્વ તથા પરહિત સાધી શકતો નથી, અને ધર્મનો ફેલાવો કરી શકતો નથી.

૧૫. પોતે જે કામનો આરંભ કર્યો હોય તેમાં ગમે તેટલાં વિઘ્નો આવે છતાં, પોતાના નિશ્ચયથી ડગે નહિ. તેવી સ્થિરતા તેનામાં હોવી જોઈએ. આ ગુણ બહુજ અમૂલ્ય છે. ઘણીવાર એમ બને છે

કે માણસોને સંસાર મળી આવતા કેટલાક અનિષ્ટ સંજોગોથી વૈરાગ્ય આવે છે, પણ તે વૈરાગ્ય ક્ષણિક છે, અને કાળ જતાં, તે અનિષ્ટ સંજોગો નાશ પામતાં તે વૈરાગ્ય અદૃશ્ય થતો જાય છે. અને પછી સંયમ તે બેડીરૂપ લાગે છે. તો તેવું પરિણામ નવા દીક્ષા લેવા આવનારના સંબંધમાં ન બને તે માટે તેનો વૈરાગ્ય ક્ષણિક છે કે સ્થિર છે, તે બાબતની દીક્ષા આપનારે તપાસ કરવી જોઈએ કહ્યું છે કેઃ—

धर्माख्याने श्मशाने च रोगिणां या मतिर्भवेत् ।
यदि सा निश्चला बुद्धिः को न मुच्येत बन्धनात् ॥१॥

ધર્મ શ્રવણ કરતી વખતે, અને સ્મશાનમાં રોગી માણસને જે વિચાર થાય તે વિચાર, તે બુદ્ધિ જો નિશ્ચળ રહે તો બન્ધનથી કોણ મુક્ત ન થાય ?

અર્થાત્ સર્વ કોઈ બંધનથી છુટી શકે. પણ તે સ્મશાન વૈરાગ્ય છે; ખરા જ્ઞાનથી, ઉદ્‌ભવેલો નથી, માટે ગ્રહણ કરેલું વ્રત પાળવાની સ્થિરતા તેનામાં છે કે નહિ તેવો દીક્ષા આપનારે ખાસ વિચાર કરવો.

૧૬. ગુરૂ પાસે દીક્ષા લેવાને આવેલો હોવો જોઈએ. ગુરૂએ શિષ્યની શોધમાં ફરવું નહિ, પણ શિષ્યોએ ગુરૂને શોધી કાઢવા જોઈએ ને ખરો વૈરાગ્ય થયો હશે તે નિરંતર યોગ્ય ગુરૂની શોધ કરી પોતાનું સર્વસ્વ તેને સ્વાર્પણ કરશે; અને ગુરૂ આજ્ઞા પ્રમાણે વર્તશે.

તે દીક્ષા ગ્રહણ કરનાર પુરૂષ ગુરૂ તરફ અત્યંત ભક્તિવાળો હોવો જોઈએ. એટલા ગુણ જેનામાં હોય, તે દીક્ષા લેવાને સંપૂર્ણ રીતે અધિકારી છે.

હવે દીક્ષા આપનારમાં ખાસ કયા ગુણોની યોગ્યતા હોવી જોઈએ તે શાસ્ત્રકાર લખે છેઃ—

गुरुपर्दाहस्तित्वर्थंभूत एव; विधिवत्प्रतिपन्नप्रव्रज्यः, समुपासितगुरुकुळः, अस्खलितशीलः, सम्यगधीतागमः, तत एव

विमलतरबोधात्तत्त्ववेदी, उपशान्तः, प्रवचनवत्सल; सत्त्वहितरतः, आदेयः, अनुवर्तकः, गम्भीरः, अविषादी उपशमलब्ध्यादिसंपन्नः, प्रवचनार्थवक्ता, स्वगुर्वनुज्ञातगुरुपदश्चेति इति ॥ ४ ॥

અર્થ:—ગુરૂપદને લાયક આવા ગુણવાળો હોયઃ—

૧. વિધિ પ્રમાણે દીક્ષા અંગીકાર કરનાર. ૨. ગુરૂ કુળની સમ્યગ્ રીતે ઉપાસના કરનાર, ૩. અખંડ શીલ પાળનાર. ૪. આગમોનો સમ્યક્ પ્રકારે અભ્યાસ કરનાર. ૫. તેથી નિર્મળ બોધને લીધે તત્ત્વનો જાણકાર. ૬. ઉપશાંત. ૭. સંઘનું હિત કરવા તત્પર. ૮. પ્રાણી માત્રનું કલ્યાણ કરવામાં મશગુલ, ૯. જેનું વચન સર્વ માન્ય રાખે તેવો. ૧૦. ગુણી પુરૂષોને અનુસરી વર્તનારો, ૧૧. ગંભીર. ૧૨. વિષાદ (શોક) રહિત. ૧૩. ઉપશમ લબ્ધિવાળો ૧૪. સિદ્ધાંતના અર્થનો ઉપદેશ આપનાર. ૧૫. અને ગુરૂ પાસેથી ગુરૂપદ મેળવનાર. આ પંદર ગુણ દીક્ષા આપનારમાં હોવા જોઈએ.

ભાવાર્થ:—દીક્ષા આપનાર ગુરૂમાં ઉપર જણાવેલા પંદર ગુણ હોવા જોઈએ, કારણ કે જો ગુરૂમાં તથા પ્રકારના ગુણનો અભાવ હોય, તો શિષ્યમાં તે ગુણનાં બીજ ગુરુ રોપી શકે નહિ. બાપ તેવા બેટા, અને ગુરૂ તેવા ચેલા એ કહેવત ભૂલવી જોઈએ નહિ. 'જેના નાયક આંધળો તેનું લશ્કર કૂવામાં' એ ઉક્તિમાં રહેલું સત્ય પણ ગુરૂમાં ઉચ્ચ ગુણની આવશ્યકતા સિદ્ધ કરે છે.

૧. ગુરૂ વિધિસહિત દીક્ષા લેનાર હોવા જોઈએ. આગળ વિધિ કહેવામાં આવશે તે યોગ્યવિધિ પ્રમાણે તેણે દીક્ષા લીધી હોય તોજ તે વિધિ સહિત અન્યને દીક્ષા આપવા યોગ્ય થઈ શકે. અર્થાત શુદ્ધ ગુરૂ પરંપરાએ દીક્ષા પામેલા પાસે દીક્ષા લેવી. પણ ગુરૂ પાસે

દીક્ષા લીધા સિવાય પોતાની મેળે યતિ વસ્ત્ર ધારણ કરી બેઠો હોય તેવાની પાસે દીક્ષા ગ્રહણ ન કરવી.

૨. ગુરૂકુળમાં તે રહેલો હોવો જોઈએ. જે ગુરૂની સાથે રહ્યો હોય, તે સાધુ પોતાના સંપ્રદાયના આચાર વિચાર બરાબર સમજતો હોય માટે તેની પાસે દીક્ષા લેવી જોઈએ.

૩. જ્યારથી તેણે દીક્ષા લીધી હોય ત્યારથી પાંચમાંથી એક વ્રતનો જેણે ભંગ ન કર્યો હોય તેવા ગુરૂ પાસે દીક્ષા લેવી કારણકે જેણે વ્રતનો ભંગ કર્યો હોય, તેવા સાધુ, ચેલા ઉપર પોતાના વર્તનની સારી છાપ પાડી શકે નહિ.

૪. સૂત્ર તેના અર્થ તથા ક્રિયાને જાણનાર. ગુરૂની સેવા કરીને તીર્થંકરે બોધ કરેલા સિદ્ધાંતો સંપૂર્ણ રીતે જે સમજ્યો છે તેવા સાધુ પાસે દીક્ષા લેવી. કારણકે જે જ્ઞાની છે, તેજ પુરૂષ પોતાના સંબંધમાં આવતા પુરૂષોને જ્ઞાની બનાવી શકે.

૫. શાસ્ત્રનો સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવાથી જેને બહુ સારૂં જ્ઞાન થયેલું છે, તે તત્ત્વોને સારી રીતે સમજી શકે છે અને પ્રરૂપી પણ શકે છે, માટે તેવા જ્ઞાની ગુરૂ પાસે દીક્ષા ગ્રહણ કરવી.

૬. તે ઉપશાન્ત હોવો જોઈએ; એટલે જેણે મન, વચન અને કાયાના વિકારો શમાવ્યા છે, અને તે ત્રણેને પોતાના નિગ્રહમાં લાવી દીધા છે, તેવો ગુરૂ દીક્ષા આપવાને યોગ્ય અધિકારી છે.

૭. સંઘ ઉપર ભક્તિ રાખનાર ગુરૂ હોવો જોઈએ. સાધુ, સાધ્વી શ્રાવક અને શ્રાવિકા એ રૂપ ચતુર્વિધ સંઘ સમજવો. તેઓનું કલ્યાણ કેમ થાય તેવા વિચાર જેના મનમાં નિરંતર સ્ફુરતા હોય અને તેમનું કલ્યાણ જે રીતે થાય, તે રીતનો સદ્બોધ આપતો હોય તે ગુરૂ દીક્ષા આપવાનો અધિકારી છે.

કારણકે દીક્ષા સ્વ તેમજ પરહિતને માટે ગ્રહણ કરવામાં આવે છે; પણ જો દીક્ષા આપનાર સંઘ તરફ પ્રેમભાવ ન રાખતો હોય,

તો તે અવગુણ શિષ્યમાં પણ ઉતરી આવવાનો ભય રહે છે; માટે યોગ્ય રસ્તે શાસનની ઉન્નતિ કરનાર ગુરૂ પાસે દીક્ષા ગ્રહણ કરવી.

૮. સર્વ પ્રાણી માત્રના હિતમાં તે મશગુલ હોવો જોઈએ. જે જે માર્ગે જેનું કલ્યાણ થઈ શકે તે તે માર્ગ બતાવીને પ્રાણી માત્રનું જેથી હિત થતું હોય તેવા કાર્યમાં પ્રવૃતિ કરનાર તે હોવો જોઈએ. સર્વ પ્રાણી ઉપર મૈત્રીભાવ હોવો જોઈએ; અને કોઈપણ પ્રાણીનું અહિત થાય તેવા માર્ગનો ઉપદેશક હોવો ન જોઈએ.

૯. તેના વર્તનની તેમજ વિચારની એવી ઉત્તમતા હોવી જોઈએ કે દરેક માણસ તેનું વચન માન્ય રાખે; તે જે કહે છે તે આપણા હિતનું અને સત્યજ હોવું જોઈએ એવો જેના વિષે લોકોનો ઉચ્ચભાવ હોય, તે દીક્ષા આપવાને લાયક છે.

૧૦. આ જગતમાં મનુષ્યો વિચિત્ર વિચિત્ર સ્વભાવના છે. બધાના વિચાર એકસરખા હોઈ શકે નહી. માટે પોતાના વિચારથી કોઈ વિરૂદ્ધ વિચારવાળો આવે તો તેને એકદમ તોડી પાડવાને બદલે પ્રથમ શાંતચિત્તથી તેની વાત સાંભળવી, તેના વિચારમાં જે સત્યતા હોય, તે પ્રથમ જણાવવી, અને પછી અસત્ય ભાગ કેટલો છે તે દર્શાવવો. અને આ પ્રમાણે તેની પ્રીતિ મેળવીને તેને બીજાગુણો શીખવવા. આવો ગુરૂ **અનુવર્તક** કહેવાય છે. એટલે સર્વ સાથે મૈત્રીભાવ રાખે અને સદ્‌બોધ આપે.

૧૧. તે ગંભીર હોવો જોઈએ, જો ગંભીર હૃદયનો સાધુ ન હોય, અને કોઈએ પ્રાયશ્ચિત્ત નિમિત્તો કહેલી પોતાની છાનીવાત બીજા આગળ પ્રકટ કરે, તો તેમાં આપઘાત વગેરે મહા અનર્થ થવાનો સંભવ રહે છે, સુખ દુઃખ વખતે તેણે કુલાઈ જવું તેમજ અતિ ખિન્ન થવું જોઈએ નહિ, પણ તે સર્વ ક્ષણિક છે એમ વિચારી મનનું સમતોલપણું જાળવી રાખવું જોઈએ.

૧૨. વિષાદ રહિત હોવો જોઈએ. પરિસહ સહન કરતાં તેના

મનમાં વિષાદ ઉત્પન્ન ન થવો જોઈએ, તેમજ વ્રત પાળવામાં જોઈતું ધૈર્ય તેનામાં હોવું જોઈએ; તેનો ચહેરો તથા તેનું મન સદા પ્રફુલ્લિત હોવાં જોઈએ. આત્મમાર્ગમાં જે પુરૂષો આગળ ચઢેલા છે તેઓનાં મુખ ઉપર નિરંતર આનંદની ઉર્મિઓ ઉછળવી જોઈએ. આ તેની એક ખાસ નિશાની છે. જેના મનમાં નિરંતર ચિંતા અને ઉદ્વેગ છે, તે ગમે તેવો વિદ્વાન હોય, તો પણ તેની વિદ્વતા તેને પરિણમી નથી એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

આત્માનો સ્વભાવજ **આનંદ** છે, અને તે આત્મા તે હું છું તો પછી બહારની ઉપાધિઓ અને સંજોગો ગમે તેવા વિપરીત અને પ્રતિકૂળ હોય, છતાં આત્મિક આનંદમાં ભંગ થવો જોઈએ નહિ. સહનશીલતાથી સુખ દુઃખ ભોગવવા જોઇએ, માટે ગુરૂ વિષાદ રહિત હોવા જોઈએ.

૧૩. બીજાને શાંત પમાડવાનો ગુણ ગુરૂમાં હોવો જોઈએ. જે શાંત હોય તે બીજાને શાંત કરી શકે, માટે ગુરૂ શાંત. અને અલ્પ કષાયવાળા હોવા જોઈએ.

૧૪. ગુરૂ, કેવળ શાસ્ત્રનો અભ્યાસ કરનાર નહિ પણ તેનો બીજાને બોધ કરનાર હોવા જોઈએ. આ જગતમાં એવા ઘણા જણાય છે કે જેઓ ઘણી બાબતો જાણતા હોય, પણ તે જ્ઞાનના ગર્વિષ્ઠ હોય છે, અને બીજાને પોતાના જ્ઞાનનો લાભ આપતા નથી, અને તે જ્ઞાનનો ઉપયોગ જો કરે તો તે વાદવિવાદમાંજ કરે છે માટે તેવા મનુષ્યો ગુરૂપણાને લાયક નથી. જે માણસ જ્ઞાન મેળવે છે, તેનો જેમ જેમ બીજાઓના હિતને માટે બોધ આપવામાં સદુપયોગ કરે છે, તેમ તેમ તે વધારે જ્ઞાનનો અધિકારી થાય છે. માટે જ્ઞાનને સંતાડી નહિ રાખતા તેનો બોધ બીજાને આપવો એ ગુરૂનું લક્ષણ છે.

૧૫. પોતાના ગચ્છનાયકે તેને ગુરૂપદ આચાર્યપદ આપેલું હોવું

જોઈએ. એટલે પોતાની મેળે કોઈ આચાર્ય પદ લઇ બેસે તો તે માન્ય થઈ શકે નહિ, એમ ટીકાકારનો કહેવાનો આશય છે.

આ રીતે દીક્ષા આપનારના પંદર ગુણનું વર્ણન કરવામાં આવ્યું છે. દીક્ષા લેનારના સોળ ગુણ તથા દીક્ષા આપનારના પંદર ગુણ જે કહેવામાં આવ્યા તે ઉત્સર્ગ માર્ગ છે, પણ એવા ગુરૂ અને એવા શિષ્યનો સંગમ થવો દુર્લભ છે, માટે શાસ્ત્રકાર આ સંબંધમાં અપવાદ માર્ગ બતાવે છે.

पादार्धगुणहीनौ मध्यमावराविति ॥ ५ ॥

અર્થ:–ચોથા ભાગના અને અર્ધા ભાગના ગુણરહિત હોય તે મધ્યમ અને અવર (જઘન્ય) જાણવા.

ભાવાર્થ:—પૂર્વે જે ગુણો કહ્યા તે સર્વગુણ હોય તો તો દીક્ષા આપનાર તથા લેનાર ઉત્તમ જાણવા, પણ જો તેમાંથી ચોથાં ભાગના ગુણ ઓછા હોય તો મધ્યમ જાણવા અને અર્ધા ભાગના-ગુણ ઓછા હોય તો જઘન્ય જાણવા.

હવે આ સંબંધમાં ધર્મશાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન મત છે; કેટલાક કહે છે કે જો ઉપર જણાવેલા સર્વ ગુણ દીક્ષા આપનાર તથા લેનારમાં હોય, તોજ તેઓ દીક્ષા આપવા તથા લેવાને અધિકારી છે વળી બીજાઓના વિચાર પ્રમાણે ઓછા ગુણ પણ મળી શકે; આમ જુદા જુદા દશ વિદ્વાનોના અભિપ્રાય નીચે ટાંકવામાં આવ્યા છે તે પછી ગ્રંથકાર પોતાનો અભિપ્રાય જણાવે છે.

नियम एवायमिति वायुरिति ॥ ६ ॥

અર્થ–દીક્ષા લેનાર તથા દીક્ષા આપનારમાં ઉપર જણાવેલા સોળ તથા પંદર ગુણ અવશ્ય હોવાજ જોઇએ એવો **વાયુ** નામના આચાર્યનો મત છે.

ભાવાર્થ:–ઉપર જણાવેલા સઘળા ગુણો દીક્ષા આપનાર તથા લેનારમાં હોવા જોઈએ. ચોથો ભાગ ઓછો હોય અથવા કેવળ અર્ધા હોય તો ચાલે નહિ એવો વાયુનામના આચાર્યનો દઢ મત છે. તેનું કારણ તે નીચે જણાવે છે.

समग्रगुणसाध्यस्य तदर्द्धभावेऽपि तत्सिद्धयसंभवादिति ॥७॥

અર્થ:–જે સકળ ગુણથી સાધ્ય હોય તે કાર્યની સિદ્ધિનો અર્ધાગુણ હોય ત્યારે અસંભવ છે.

ભાવાર્થ:–જે કાર્ય સમગ્ર ગુણ હોય ત્યારેજ સિદ્ધ થઈ શકે. તેવું હોય તે કાર્ય અર્ધા ગુણથી અથવા ચોથા ભાગના ઓછા ગુણ વડે થઈ શકે નહિ, જો એમ માનીએ કે તે થઇ શકે તો કારણ કાર્ય વચ્ચેના સંબંધની અવ્યવસ્થા થઈ જાય; સઘળા કારણોની સામગ્રી મળે જે કાર્ય ઉત્પન્ન થાય તે કાર્ય અર્ધા કારણોથી પણ ઉત્પન્ન થઇ શકે સઘળા કારણોની સામગ્રીનો કોણ ખપ કરે? માટે અર્ધા ગુણવાળા દીક્ષા લેવા અને આપવા યોગ્ય નથી.

नैतदेवमिति वाल्मीकिरिति ॥ ८ ॥

અર્થ:–તે પ્રમાણે નથી એવા વાલ્મીકીનો મત છે.

ભાવાર્થ:–વાયુ નામના આચાર્યે જે મત દર્શાવ્યો તે વાસ્તવિક નથી એવો વાલ્મીકીનો અભિપ્રાય છે, તેનું કારણ શુ? તે કહે છે.

निर्गुणस्य कथंचित्तद्गुणभावोपपत्तेरिति ॥ ९ ॥

અર્થ–નિર્ગુણને પણ કોઇક પ્રકારે ગુણની પ્રાપ્તનો સંભવ છે.

ભાવાર્થ:–માણસ નિર્ગુણી હોય છતાં તેનામાં જો યોગ્યતા હોય તો તે ગુણ પ્રાપ્ત કરી શકે. તેજ રીતે યોગ્યતાવાળા દીક્ષા લેનાર અને આપનારમાં ગુણની ખામી હોય, છતાં જો યોગ્યતા હોય, તો

યોગ્યતાના બળથી તેઓ ગુણની ન્યૂનતા દૂર કરશે. ટીકાકાર લખે છે કે 'કોઇ માણસ નિર્ગુણ હોય તો પણ વિશિષ્ટ કાર્યના કારણભૂત ગુણો પ્રથમ મેળવે છે, તેવીજ રીતે ગુણના અભાવમાં પણ વિશેષ કાર્ય થઈ શકે; તેમાં વિરોધ જેવું નથી, દરિદ્રી પણ અકસ્માત્ રાજ્યાદિ વિભૂતિનો લાભ મેળવે છે.

अकारणमेतदिति व्यास इति ॥ १० ॥

અર્થ:—ઉપર જણાવેલું નિષ્કારણ છે એમ વ્યાસ કહે છે.

ભાવાર્થ:—કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ કહે છે કે વાલ્મીકિએ કહેલો માર્ગ ન્યાયયુક્ત નથી. કારણ કે તેમને બતાવેલું કારણ અયોગ્ય છે. અયોગ્ય કેવી રીતે છે તે જણાવે છે.

गुणमात्रासिद्धौ गुणान्तरभाव नियमाभावादिति ॥११॥

અર્થ:—ગુણમાત્રની અસિદ્ધિ હોય, તો બીજા વિશેષ ગુણની ઉત્પત્તિ નિશ્ચે થઈ શકે નહિ.

ભાવાર્થ:—જે મનુષ્યમાં સામાન્ય ગુણ પણ નથી તેમાં અસામાન્ય (વિશેષ) ગુણ ઉત્પન્ન થઈ શકે એ માની શકાય નહિ. કારણ કે કાર્ય કારણપૂર્વક થઈ શકે છે. કહ્યું છે કે:—

नाकारणं भवेत्कार्यं नान्यकारणकारणम् ।
अन्यथा न व्यवस्था स्यात्कार्यकारणयोः क्वचित् ॥१॥

અર્થ:—કારણ વિના કાર્ય થઇ શકે નહિ, અને એક કાર્યનું કારણ બીજા કાર્યના કારણ રૂપે થઇ શકે નહિ. જો એમ માનીએ તો કાર્ય કારણ વચ્ચેની વ્યવસ્થા કદાપિ ઘટી શકે નહિ. દાખલા તરીકે વસ્ત્રનું ઉપાદાન કારણ સૂત્રના તંતુઓ છે, તે ઘડારૂપ અન્ય કાર્યના કારણરૂપે

આવી શકે નહિ. અર્થાત્ ઘડાનું ઉપાદાન કારણ સૂત્રના તંતુઓ થઇ શકે નહિ.

नैतदेवमिति सम्राडिति ॥ १२ ॥

અર્થ:—વ્યાસનું કહેવું યથાર્થ નથી એમ સમ્રાડ્ નામનો કોઇ રાજર્ષિ કહે છે.

ભાવાર્થ:—સુગમ છે. શા કારણથી વ્યાસનું કહેવું યથાર્થ નથી તેનો ઉત્તર આપે છે.

संभवादेव श्रेयस्त्वसिद्धेरिति ॥ १३ ॥

અર્થ:—યોગ્યતાથીજ શ્રેયપણાની સિદ્ધિ થાય છે.

ભાવાર્થ:—ખરેખર યોગ્યતાથીજ કલ્યાણની પ્રાપ્તિ થાય છે, પણ યોગ્યતા વિના કેવળ ગુણથી કલ્યાણ મળતું નથી; માણસમાં ગુણ ભલે હોય, પણ દીક્ષા લેવાની યોગ્યતા ન હોય, તો તે આરંભેલા કાર્યમાં સિદ્ધિ પામતો નથી; કારણ કે જે યોગ્ય છે તેજ અધિકારી છે, અને જે લોકો યોગ્ય નથી, તેમનો સર્વ કાર્યોમાં નિષેધ કરેલો છે; માટે યોગ્યતા-અધિકારીપણું તેજ સર્વ કાર્યોમાં કલ્યાણને અર્પનાર છે.

Deserve befor you derire.

કોઇ પણ વસ્તુની તમે ઇચ્છા કરો તે પૂર્વે તે મેળવવાને તમે લાયક બનો એ કહેવત પણ આ વિષયને પુરતું અનુમોદન આપે છે.

यत्किंचिदेतादिति नारद इति. ॥ १४ ॥

અર્થ:—સમ્રાટનું કહેવું વાસ્તવિક નથી એમ નારદ કહે છે.

ભાવાર્થ:—અર્થ સુગમ છે. સમ્રાટનું કહેવું કેમ વાસ્તવિક નથી તેનો ઉત્તર આપે છે.

गुणमात्राग्दुणान्तर भावेऽप्युत्कर्षायोगादिति ॥ १५ ॥

અર્થ:–યોગ્યતા ગુણ માત્રથી બીજા ગુણોની ઉત્પત્તિ થાય તે છતાં ઉત્કર્ષની પ્રાપ્તિ થાય નહિ.

ભાવાર્થ:—યોગ્યતા હોય તો કેટલાક ગુણો મળી શકે, પણ કેવળ યોગ્યતાથી ઉત્કૃષ્ટ ગુણ મળી શકે નહિ. કેવળ યોગ્યતાથી સર્વ કાર્યની સિદ્ધિ થતી નથી; જો એમ ન માનીએ, અને યોગ્તાને જ પ્રધાન પદ આપીએ તો યોગ્યતા સર્વ મનુષ્યોમાં ઘણે ભાગે પોતાની સ્થિતિ અનુસાર જણાય છે. તો સર્વ ઉત્કૃષ્ટ ગુણવાળા બને, અને કોઈ પણ સામાન્ય ગુણવાળો આ જગતમાં રહે નહિ; માટે કેવળ યોગ્યતા નહિ પણ વિશિષ્ટ (ઉચ્ચ પ્રકારની) યોગ્યતા ઉત્કૃષ્ટ ગુણોને આપનારી છે એમ માનવું છે.

सोऽप्येवमेव भवतीति वसुरिति ॥ १६ ॥

અર્થ–ગુણોત્કર્ષ પણ એમને એમ થાય છે, એવો વસુ રાજાનો મત છે.

ભાવાર્થ—ગુણથી ગુણની વૃદ્ધિ થાય છે. સામાન્ય ગુણમાંથી વિશેષ ગુણ થાય છે, પણ કેવળ યોગ્યતાથી ઉચ્ચ ગુણ પ્રાપ્ત થતા નથી, કારણ કે બીજ વિના વૃક્ષ ઉગે એ માનવું અઘટિત છે. માટે ગુણ હોય તો તે વૃદ્ધિ પામે એવો જરા વ્યાસના મતને અનુસરનારા વસુરાજાનો અભિપ્રાય છે.

अयुक्तं कार्षापणधनस्य तदन्यविढपनेऽपि ।
कोटिव्यवहारारोपणामिति क्षीरकदम्ब इति ॥

અર્થ–હલકા રૂપાના ધનમાં બીજા હલકા રૂપાના ધનનો ઉમેરો કરીએ તો પણ તેનો માલિક કોટીધ્વજ (કરોડાધિપતિ)ની ઉપમાને લાયક નહિ. એવો ક્ષીરકદમ્બનો મત છે.

ભાવાર્થ :-કોઈ પાસે હલકું નાણું હોય, તેમાં બીજા હલકા નાણાનો ઉમેરો કરવામાં આવે, તો હલકું નાણું વધે, પણ તેથી ઉચ્ચ પ્રકારના નાણાવાળો તે કહી શકાય નહિ. જેમ કોઈ પાસે સો મણ લોઢું હોય, તેમાં તે બીજું હજાર મણ લોઢું ઉપાર્જન કરી ભેગું કરે છતાં તે સોનાવાળો કહેવાય નહિ; તેમ સામાન્ય ગુણ મેળવ્યા કરે પણ તેથી ઉચ્ચ ગુણવાળો કહેવાય નહિ. કારણ કે આ રીતે તો બહુ સમય પસાર થઈ જાય અને જીવિતવ્યનો અંત આવી જાય. ઉચ્ચ ગુણોતો યોગ્યતાથી જ આવી શકે એવો ક્ષીરકદમ્બક ઋષિનો અભિપ્રાય છે. નારદના અને આ ઋષિના કહેવાના શબ્દોમાં ભેદ છે, પણ અર્થમાં ભેદ જણાતો નથી.

न दोषो योग्यतायामिति विश्व इति ॥ १८ ॥

અર્થ-યોગ્યતાને વિશે દોષ **નથી** એમ વિશ્વનામનો આચાર્ય કહે છે.

ભાવાર્થ:-હલકું રૂપાનાણું માણસ ભાગ્યથી બહુજ ભેગું કરે, તો તે બહુ હલકા નાણાનો વિક્રય કરી ઉચ્ચ પ્રકારનું નાણું મેળવી શકે. કારણ કે ઘણા નાના વ્યાપારીઓ પણ ભાગ્યવશથી કોટિધ્વજની ઉપમા પામવાને લાયક બન્યા છે. ઘણા નાના ગુણોથી મોટા ગુણ ઉત્પન્ન થવાનો સંભવ છે એવો વિશ્વ નામના આચાર્યનો અભિપ્રાય છે, અને તે કેટલેક અંશે સમ્રાટના મતને મળતો આવે છે.

अन्यतरवैकल्येऽपि गुण बाहुल्यमेव ।
सा तत्त्वतः इति सुरगुरुरिति ॥ १९ ॥

અર્થ:—કોઈ ગુણની ખામી હોય છતાં બહુ ગુણ વિદ્યમાન હોય તો તેજ ખરી રીતે યોગ્યતા છે, એવો સુર ગુરૂનો મત છે.

ભાવાર્થ:—દરેક માણસ સર્વ ગુણ સંપૂર્ણ નથી. દીક્ષા લેનાર તથા આપનારમાં ભલેને કોઈ ગુણની ખામી હોય, પણ જો ગુણ બહુ હોય તો તે યોગ્યજ ગણવો, કારણકે બહુ ગુણથી તે અવ. ગુણ સ્વયમેવ નાશ પામશે, માટે ચોથો ભાગ ઓછો હોય, અથવા અર્ધાગુણ હોય તો તેની ચિન્તા કરવી નહિ. એવો સુરગુરૂ બૃહસ્પતિનો અભિપ્રાય છે.

सर्वमुपपन्नमिति सिद्धसेन इति ॥२०॥

અર્થ:—જે જેને ઘટે તેણે તે આદરવું એ સિદ્ધસેન સૂરિનો મત છે.

ભાવાર્થ:—બુદ્ધિમાન્ પુરૂષો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિચારી જે યોગ્ય ધારે તે કરવું; અર્થાત્ જો બુદ્ધિમાન્ પુરૂષોને અમુક બાબત ઠીક લાગતી હોય તો તે પ્રમાણે ચાલવામાં કાંઈ બાધ નથી. એવો સિદ્ધસેન નામના આચાર્યનો અભિપ્રાય છે. આવી રીતે સ્વપર દશ અન્ય આચાર્યોના અભિપ્રાય જણાવી હવે શાસ્ત્રકાર પોતાનો મત દર્શાવે છેઃ—

भवन्ति त्वल्पा अपि असाधारणगुणाः
कल्याणोत्कर्षसाधका इति ॥ २१ ॥

અર્થ:—અસાધારણ ગુણ અલ્પ હોય તો, કલ્યાણ અને ઉત્કર્ષને સાધવાવાળા છે.

ભાવાર્થ:—જે સામાન્ય મનુષ્યમાં દેખાતા નથી તે અસા-માન્ય અથવા અસાધારણ ગુણ કહી શકાય. તેવા ગુણ બહુ થોડા હોય તો પણ તેઓ ઘણું કલ્યાણ સાધી શકે. કારણકે તેમનામાં બીજા ગુણોને આકર્ષવાનું સામર્થ્ય રહેલું છે; માટે પ્રથમ જે જણાવ્યું કે ચોથા ભાગના ગુણ એવા હોય અથવા અર્ધાગુણ હોય તેવા પુરૂષો યોગ્ય થઈ શકે.

આ સ્થળે વાયુ, વાલ્મીકી, વ્યાસ, સમ્રાટ, નારદ, વસુ અને ક્ષીરકદમ્બક, આ સાત મતવાળાએ એક બીજાના મતનું ખંડન કર્યું છે; પણ આ ગ્રન્થકાર લખે છે કે અમે તો તટસ્થ રહ્યા છીએ; એટલે અમારે તેનું ખંડન કરવાનો વિચાર નથી. વળી વિશ્વ, સુરગુરૂ અને સિદ્ધસેને અસાધારણ ગુણનો અનાદર કરી યોગ્યતાને અંગીકાર કરી છે તો તે યોગ્ય નથી, કારણકે કેવળ યોગ્યતાથી સર્વ કાર્યની સિદ્ધિ થવાનો અસંભવ છે. જો કોઈ તેમના શબ્દોપરથી એમ ધારે કે કેવળ યોગ્યતાનું જ પ્રતિપાદન તેઓએ કર્યું નથી, પણ અસાધારણ ગુણને પણ મુખ્યતા આપી છે, તો અમારો મત પણ તેવા જ પ્રકારનો છે. આ સર્વનો સાર એ છે કે માણસમાં ભલે સર્વ ગુણ ન હોય, છતાં જો તેનામાં કેટલાક અસાધારણ ગુણ હોય અને વધારે ગુણ મેળવવાની યોગ્યતા હોય તો ખરેખર તે દીક્ષા લેવાને યોગ્ય થાય છે. હવે આવો કોઈ માણસ દીક્ષા લેવા આવે, તો ગુરૂએ એકદમ દીક્ષા આપી દેવી કે તેની થોડો સમય કસોટી કરવી, તેનો નિર્ણય કરતા શાસ્ત્રકાર લખે છેઃ—

उपस्थितस्य प्रश्नाचारकथनपरीक्षादिर्विधिरिति ॥ २२ ॥

અર્થઃ—દીક્ષા લેવા આવનારને પ્રશ્ન આચારકથન તથા પરીક્ષા કરવી વગેરે વિધિ જાણવો.

ભાવાર્થઃ—પોતાની મેળે જે મનુષ્ય દીક્ષા લેવા ગુરૂ સમીપે આવે તેની તરફ ગુરૂએ કેમ વર્તવું તે બતાવે છે. સદ્ધર્મની કથાથી જેનું મન સંસાર ઉપરથી વૈરાગ્ય પામ્યું છે, એવા દીક્ષા લેવાને આતુર શિષ્યને પ્રથમ ગુરૂએ પૂછવું કે, હે વત્સ! તું કોણ છે? તું શા કારણથી દીક્ષા લેવા ઉત્સુક થયો છે? તેના જવાબમાં જો તે દીક્ષા લેનાર એવો ઉત્તર આપે કે હે ભગવન્! હું અમુક કુળમાં ઉત્પન્ન થયેલો છું, આર્ય દેશના અમુક ભાગમાં રહું છું, અને આ સંસાર તદ્દન અસાર મને અનુભવથી જણાયાથી હું સંસાર બંધનથી મુક્ત

થવાને દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છા રાખું છું, તો તે શુદ્ધ પ્રશ્ન થયો સમજવો.

પછી ગુરૂએ નીચે પ્રમાણે શિષ્યને બોધ આપવો. આ દીક્ષાના માર્ગ કાયરને માટે નથી પણ શૂરવીરને માટે છે, માટે તારે વીરત્વ દેખાડવું; પણ હીંમત હારવી નહિ. જે લોકોએ વ્રત લીધાં છે તે લોકોને આ ભવમાં તથા પરભવમાં અનેક પ્રકારનો લાભ થાય છે; પણ આ સંબંધમાં એક બાબત અવશ્ય બહુ મનન કરવા જેવી છે કે જિનેશ્વરની આજ્ઞા અનુસાર વર્તન કરવામાં આવે, તો જેમ અનંત લાભ થાય એટલે મોક્ષ પ્રાપ્તિ થાય, તેમ જો સંયમ ગ્રહણ કરી તે પ્રમાણે ન ચાલવામાં આવે તો તે આજ્ઞા અનંત દુઃખને ઉત્પન્ન કરવાવાળી થાય છે.

એક માણસને કોઢનો રોગ થયેલો છે, તેથી તે બહુ હેરાન થાય છે, હવે તે રોગને દૂર કરવા ઔષધનું ભક્ષણ કરે છે; પણ ઔષધ ભક્ષણ કર્યા પછી ચરી ન પાળે તો સામાન્ય રીતે ધીમે ધીમે તેનો નાશ થાત; તેના કરતાં ઔષધ ખાધેલું હોવાથી તેનો ઝટ નાશ થાય છે; તેવી રીતે કર્મરૂપ વ્યાધિનો નાશ કરવા માણસ સંયમરૂપ ઔષધનું પાન કરે, પણ પછી જો અસંયમરૂપ અપથ્ય વસ્તુ ગ્રહણ કરે તો તે અધિક કર્મને ઉપાર્જન કરે છે. એટલે દીક્ષા લીધા અગાઉ જે કર્મ તે ઉપાર્જન કરતો હતો તેના કરતાં દીક્ષા લઈ અસંયમ માર્ગ સેવન કરવાથી વધારે કર્મ ઉપાર્જન કરે છે * આ પ્રકારે સાધુના આચારનું તેની આગળ વર્ણન કરવું, આ સાંભ-

* When once the threshold of nature is reached, the confusion and vaccilation about the initiate begins to lessen, and calm decision to take their place. It this decision be for good and for higher ideal, the forces of will and mentality increase enormously. An occult student, if true, can never be fain tnor half-hearted, nor can her eturn, when once he has passed ths thres-hold,

જ્યા છતાં તેનું મન જો ડગે એમ લાગતું હોય તો પણ તેની નિપુણ રીતે પરીક્ષા કરવી. કહ્યું છે કેઃ—

असत्याः सत्यसंकाशाः सत्याश्चासत्यसन्निभाः ।
दृश्यन्ते विविधा भावास्तस्माद्युक्त परीक्षणं ॥

કેટલાક અસત્ય પદાર્થો સત્ય જેવા જણાય છે, અને કેટલાક સત્ય પદાર્થો અસત્ય તુલ્ય જણાય છે.

આ પ્રમાણે વિવિધ પ્રકારના તત્ત્વ જણાય છે, માટે (સત્ય શું અને અસત્ય શું તેની) પરીક્ષા કરવી.

अतथ्यान्यपि तथ्यानि दर्शयन्त्यतिकौशलाः ।
चित्रे निम्नोन्नतानीव चित्रकर्मविदो जनाः ॥

જેમ ચિત્ર કર્મને જાણનારાઓ (ચિતારાઓ) ચિત્ર વિષે નીચા તથા ઉંચા ભાવ દેખાડી શકે છે; તેવી રીતે કુશળ પુરૂષો અસત્ય બાબતોને પણ સાચી કરી દેખાડે છે. ચિત્રમાં કાંઈ ઉચ્ચ ભાગ તથા નીચાણવાળો ભાગ નથી. છતાં ચિતારા એવી ખુબીથી ચિતરે છે કે પ્રેક્ષકને અમુક ભાગ ઉંચો અને અમુક ભાગ નીચાણવાળો જણાય છે. તેવીજ રીતે કપટકળામાં પ્રવીણ મનુષ્યો એવો ડોળ રાખે કે જે ગુણ પોતાનામાં ન હોય, તે ગુણ પોતે ધરાવે છે એવું બીજા સમજે. માટે એકદમ દીક્ષા ન આપતાં પરીક્ષા કરવી.

તેનામાં જ્ઞાન, દર્શન, અને ચારિત્રના અંતર્ગત કેવા ભાવ વર્તે છે, તેની જુદા જુદા ઉપાયોથી પરીક્ષા કરવી. પરીક્ષાનો કાળ શાસ્ત્રકારે છ માસનો રાખ્યો છે. પાત્ર અપેક્ષાએ તે સમયમાં ઘટાડો તથા વધારો કરી શકાય. એટલે કોઈનો બાર માસ સુધી પણ પરીક્ષા કરવી પડે, અને કોઇને બે માસમાં પણ દીક્ષા આપી શકાય, પણ સામાન્ય નિયમ આ કામ માટે છ માસનો છે.

વળી ઉપધાન ન વહન કર્યું હોય, તો પણ મોઢેથી સામાયિક સૂત્ર ભણાવવું. અને પાત્ર અપેક્ષાએ બીજું સૂત્ર પણ ભણાવી શકાય.

तथा गुरुजनाद्यनुज्ञेति ॥ २३ ॥

અર્થ:—ગુરૂજનની આજ્ઞા ગ્રહણ કરવી.

ભાવાર્થ:—દીક્ષા ગ્રહણ કરનારે માતપિતા, બ્હેન, ભાઇ, સ્ત્રી, પુત્ર વગેરેની સંમતિથી દીક્ષા લેવી એવો વિધિ છે. આપણા પરમ પૂજ્ય ચોવીસમા તીર્થંકર શ્રીમાન્ મહાવીર સ્વામી ભગવાને માતપિતાને દીક્ષા લેવાથી દુઃખ થશે એવા ભયથી જ્યાં સુધી તેઓ જીવતા રહ્યા ત્યાં સુધી દીક્ષા લેવાનો શબ્દ સરખો ઉચ્ચાર્યો ન હતો, અને માતપિતાના મરણ પછી પોતાના ભાઇની આજ્ઞા માગી, અને જ્યારે ભાઈએ કહ્યું કે "માતપિતાનો વિયોગ તાજોજ છે, અને તેથી હું દુઃખી છું. તે દુઃખમાં આપના વિયોગથી ઉમેરો થશે. માટે હાલમાં દીક્ષા લેવાનો વિચાર માંડી વાળો" ત્યારે વડિલ બંધુની આજ્ઞા પાળવા બીજા બે વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા; મોટા પુરૂષ જે માર્ગે ચાલે તે પ્રમાણે બીજાઓ ચાલવા પ્રેરાય, તે હેતુથીજ મહાવીર ભગવાને પોતાના આચારથી લોકોને દૃષ્ટાન્ત આપ્યું કે માતપિતા તથા સ્વજનની અનુમતિથી દીક્ષા લેવી. આ ગ્રંથકારેજ રચેલા અષ્ટકમાં માતૃપિતૃભક્તિના અષ્ટકમાં શ્રી હરિભદ્રસૂરિ લખે છે કે:—

"દીક્ષા સર્વ પ્રાણીને હિત કરનારી ગણવામાં આવેલી છે માટે જે દીક્ષા માતપિતાને ઉદ્વેગ કરાવનારી હોય તે ન્યાયયુક્ત ગણાયં નહિ" માટે માતૃપિતૃ તથા સ્વજનની અનુમતિ મેળવીનેજ દીક્ષા લેવી. *

---

* अत्र श्रीहरिभद्रसूरिः दीक्षाप्रतिबन्धकेषु मातृपितृस्वजनादिषु दीक्षामिच्छुना पुत्रेण किं कर्तव्यम् तद् वर्णयति । दुरुपयोग संभवात्तु तन्न विशदीक्रियते । किंतु ग्रन्थकर्तुर्वचनानि टीकाकारेण भाषांतरकारेण वा त्यक्तुं न युज्यन्ते । तस्मात्तान्यत्र टिप्पण्यां लिख्यन्ते तथातथोपधायोगः । दुःस्वप्नादिकथनम् । विपर्ययलिङ्गसेवा । दैवज्ञैस्तथातथा निवेदनम् । न धर्मे माया । उभयहितमेतद् । यथाशक्तिसौविहित्यापादनम् । म्लानौषधादिज्ञातात्याग इति ।

तथा गुरुनिवेदनमिति ॥ २४ ॥

અર્થ:—દીક્ષા લેનારે સર્વ બાબતગુરૂને નિવેદન કરવી.

ભાવાર્થ:—ગુરૂથી કાંઈ પણ વાત છાની રાખવી નહિ. પોતાનો આત્મા ગુરૂને સ્વાધીન કરવો. ગુરુ કહે તે માર્ગે વર્તવું. અને ગુરૂ આજ્ઞા એજ સર્વસ્વ શિષ્યને મન હોવું જોઈએ. ગુરૂ એજ માતા, ગુરૂ એજ પિતા, ગુરૂ એજ બંધુ, ગુરૂ એજ સખા, ગુરૂ એજ વિદ્યા, ગુરૂ એજ ધન, ટુંકમાં ગુરૂ એજ સર્વસ્વ—આવો ભાવ—શિષ્યે ગુરૂપ્રત્યે રાખવો જોઈએ.

अनुग्रहधियाऽभ्युपगम इति. ॥ २५ ॥

અર્થ:—અનુગ્રહ બુદ્ધિથી ગુરૂએ શિષ્યનો સ્વીકાર કરવો જોઈ એ.

ભાવાર્થ:-આ આત્મા મારા હાથ તળે આવ્યો છે, માટે હું તેનું કલ્યાણ કરું, અને તેનામાં યોગ્ય ગુણ ખીલવું એવી ઉપકાર કરવાની બુદ્ધિથી ગુરૂએ શિષ્યને અંગીકાર કરવો જોઈએ.

ટીકાકારના શબ્દોમાં કહીયે તો 'પોતાની પર્ષદા વધશે એ હેતુથી' સ્વીકાર કરવાનો નથી.

तथा निमित्तपरीक्षेति ॥ २६ ॥

અર્થ:—નિમિત્ત શાસ્ત્રથી તેની પરીક્ષા કરવી.

ભાવાર્થ:—ભાવી કાર્યની સૂચના કરનાર શકુનાદિ નિમિત્તથી શિષ્યની પરીક્ષા કરવી. નિમિત્ત શુદ્ધિની પણ જરૂર છે.

तथा उचितकालापेक्षणमिति ॥ २७ ॥

અર્થ:—દીક્ષા આપવા માટે ઉચિત કાળની અપેક્ષા રાખવી.

ભાવાર્થ:—દીક્ષા આપવાનું શુભ મુહૂર્ત્ત જોવું. તેમાં તીથિ, નક્ષત્ર વગેરેનો અનુકૂળ યોગ હોય તેવો સમય પસંદ કરવો. ગણિત વિદ્યા નામના જ્યોતિષ વિદ્યાને લગતા ગ્રંથમાં આ સંબંધમાં કહેલું છે કે:—

ત્રણ ઉત્તરા નક્ષત્ર (એટલે ઉત્તરાષાઢા; ઉત્તરા ભાદ્રપદ, અને ઉત્તરા ફાલ્ગુની) અને રોહીણી એ ચાર નક્ષત્રને વિષે શિષ્યને દીક્ષા આપવી તથા ગણીપદ, અથવા વાચકપદની અનુજ્ઞા તથા મહાવ્રતની આરોપણા પણ એ તીથિમાં જાણવી. વળી દીક્ષા ગ્રહણ કરવામાં ચતુર્દશી, પૂર્ણિમા અષ્ટમી, નવમી, ષષ્ઠી, ચતુર્થી, દ્વાદશી (બારસ) એટલી શુકલ તથા કૃષ્ણ બે પક્ષની તિથિઓનો ત્યાગ કરી અન્ય તિથિઓ અનુકૂળ છે.

तथा उपायतः कायपालनमिति ॥ २८ ॥

અર્થ:—પૃથ્વીકાય વગેરેનું રક્ષણ કરે તેવો ઉપાય જણાવવો.

ભાવાર્થ:—જે માણસ દીક્ષા લેવા તત્પર થયેલો છે, તે માણસ છકાયના જીવોની રક્ષા કરવા આતુર હોવો જોઈએ. માટે પૃથ્વી પાણી તેજ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાયના જીવોની રક્ષા તે કરે, તેવો અભ્યાસ પડાવવો જોઇએ કે દીક્ષા લીધા પછી તેને તે બાબત સુગમ થાય; અને દીક્ષા લીધા પછી તે પાળી શકશે કે નહિ તેની પણ ખાતરી આ રીતે થઈ શકે.

तथा भाववृद्धिकरणमिति ॥ २९ ॥

અર્થ:—દીક્ષા લેવાના ભાવની વૃદ્ધિ કરવી.

ભાવાર્થ:—દીક્ષાથી આવા પ્રકારનો ઉત્તમ લાભ છે; એવાં વચનો કહી તેના દીક્ષા લેવાના ભાવની વૃદ્ધિ કરવી. સાધ્ય અથવા ફળ સમજ્યા વિના આ જગતમાં કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ થતી

નથી. માટે દીક્ષાનું ફળ બતાવી તે ફળ મેળવવાના કારણરૂપ દીક્ષા લેવામાં તેનો ઉત્સાહ વધારવો.

तथा अनन्तरानुष्ठानोपदेश इति ॥ ३० ॥

અર્થ—પછી કરવા યોગ્ય અનુષ્ઠાનનો ઉપદેશ આપે.

ભાવાર્થ:—દીક્ષા લીધા પછી શિષ્યે ગુરૂ પ્રત્યે કેમ વર્તવું, ધર્મક્રિયા કેમ કરવી ગુરૂ સમીપે રહી ગુરૂની આજ્ઞા અનુસાર કેવી રીતે વર્તવું, વગેરે બાબતો જે આગળ સવિસ્તર કહેવામાં આવશે તેનો બોધ પ્રથમથીજ આપવો.

આમ કરવાનું કારણ એ લાગે છે કે જો આ સર્વ સાંભળી તે દીક્ષા લેવા આવનારનું મન ડગી જાય તો સમજવું કે તેનામાં હજુ ખરો વૈરાગ્ય જાગૃત થયેલો નથી. અને વખત જતાં તે વૈરાગ્યને ઉપજાવનારાં કારણો અદૃશ્ય થતાં વૈરાગ્ય પણ અદૃશ્ય થઈ જવાનો ઘણે ભાગે સંભવ છે; માટે આ રીતે શિષ્યની પરીક્ષા પણ કરવી.

तथा शक्तितस्त्यागतपसीति ॥ ३१ ॥

અર્થ:-શિષ્યની શક્તિ પ્રમાણે ત્યાગ તથા તપ કરાવવાં.

ભાવાર્થ:—ત્યાગ એટલે દાન. દીક્ષા લેનાર શિષ્યની શક્તિ અનુસાર સન્માર્ગમાં ધન વ્યય કરાવવો. દેવ, ગુરૂ, સંઘની ભક્તિના કાર્યમાં તેમજ જ્ઞાનના કાર્યમાં, તેમજ સ્વામી ભાઈઓનું દુઃખ દૂર કરવામાં વગેરે જે જે સન્માર્ગો લાગે, તેમાં દીક્ષા લેનારે પોતાની સ્થિતિ અને શક્તિ પ્રમાણે ધનનો સદ્વ્યય કરવો. જે થોડા પણ ધનનો ત્યાગ કરી શકે નહિ, તે માણસથી અપરિગ્રહ વ્રત જે સર્વ વસ્તુના ત્યાગરૂપ છે તે કેમ પાળી શકાશે એ સંશય રહે છે. માટે ત્યાગ કરવાની બુદ્ધિ તેનામાં સતેજિત કરવી જોઇએ. તેમજ તેના શરીરની સ્થિતિ અનુસાર ઉપવાસ આયંબિલ આદિ તપ કરાવવો કે

જેની તેનો તેના શરીર તથા ઈન્દ્રિયો ઉપર કેટલે અંશે સંયમ છે તેથી યથાર્થ ખબર પડે.

तथा क्षेत्रादिशुद्धौ वन्दनादिशुद्धया शीलारोपणमिति ॥३२॥

અર્થ:-ક્ષેત્ર વગેરેની શુદ્ધિ કરી, વન્દન આદિની શુદ્ધિથી શીયલનું આરોપણ કરવું.

ભાવાર્થ:—પ્રથમ જે સ્થળે દીક્ષા આપવાની હોય, તે ભૂમિની તથા દિશાઓની શુદ્ધિ કરવી; પછી ચૈત્યવંદન તથા કાયોત્સર્ગ કરાવવાં અને પછી સાધુનો વેષ આપવો. આવા પ્રકારના સુંદર આચારથી શીલનું આરોપણ કરવું. શીલ એટલે આ સ્થળે સામાયિક સમજવું.

ગુરૂએ દીક્ષા લેનારને **'करेमिभन्ते सामायिय'** વગેરે દંડકના પાઠ કહી દીક્ષા આપવી. ક્ષેત્રશુદ્ધિથી શેરડીનું વન વગેરે જ્યાં આવેલું હોય, તેવી જગ્યા સમજી લેવી. શાસ્ત્રમાં કહ્યું. છે કેઃ-શેલડીનું વન ડાંગરનું ક્ષેત્ર, પદ્મસરોવર, ફુલવાળો વનનો ભાગ, ગંભીર શબ્દ કરતું અને પ્રદક્ષિણાકારે વહેતું-જળાશય, આટલા સ્થળોની સમીપમાં દીક્ષા આપવી. પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ શિષ્યને બેસાડી દીક્ષા આપવી. અથવા જે દિશામાં કેવળજ્ઞાની વિચરતા હોય, અથવા જિનેશ્વર ભગવાનનાં ચૈત્ય આવેલાં હોય તે દિશા સન્મુખ દીક્ષા લેનારનું મુખ રાખી દીક્ષા આપવી.

असङ्गतया समशत्रुमित्रता शीलमिति ॥ ३३ ॥

અર્થ—અસંગપણે (પ્રતિબન્ધ રહિતપણે) શત્રુ તથા મિત્ર પ્રતિ સમભાવ રાખવો તેનું નામ શીલ સમજવું.

ભાવાર્થ:—સંગ એટલે આસક્તિ-મમત્વ, રાગ એટલે મારાપણાની બુદ્ધિ તેથી ઉપજતા રાગદ્વેષનો ત્યાગ કરી સાધુએ મિત્ર તથા શત્રુને સરખા ગણવા. એટલે આ મારા સંબંધના છે, માટે તેમને મિત્ર ગણવા, અને આ મારા સંબંધના નથી માટે તેમને શત્રુ ગણવા.

આવા વિચારો સાધુએ રાખવા નહિ. તેને મન તો સર્વ સરખા હોવા જોઈએ. કારણકે સર્વેમાં આત્મા છે. આવો જે સમાનભાવ તે શીલ સમજવું. આ શીલતો પોતાના મનના ભાવ ઉપર આધાર રાખે છે, અને પ્રથમ કહ્યું કે ક્ષેત્રની શુદ્ધિવડે શીલનું આરોપણ કરવું માટે તે શી રીતે ઘટી શકે? તેનો પ્રત્યુત્તર શાસ્ત્રકાર આપે છેઃ-

अतोऽनुष्ठानात्तद्भावसंभव इति ॥ ३४ ॥

અર્થ:—એ અનુષ્ઠાનથી શીલના ભાવનો સંભવ છે.

ભાવાર્થ:—દ્રવ્યક્રિયા તે ભાવક્રિયાના કારણભૂત છે, અને તેથી શીલ આરોપણની ક્રિયાથી શીલના ભાવની ઉત્પત્તિ થાય છે. અને પ્રથમ જો મનમાં તેવા ભાવ હોય, તો તેમાં વૃદ્ધિ થાય છે.

માણસ સારી ક્રિયા કરવા બેસે તો સારા ભાવ ઉત્પન્ન થાય, એવું ઘણે ભાગે બને છે. જે માણસ બીજાને દાન આપે તે વખતે ઘણે ભાગે પરનું ભલું કરવાની ઉદારવૃત્તિ તેનામાં ખીલે છે અને જો તે વૃત્તિ પ્રથમથીજ હોય તો તેને પુષ્ટિ મળે છે. બાહ્યશુદ્ધ કારણો પણ કેટલેક અંશે અંતરશુદ્ધિ રૂપ કાર્યને સહાયકારક થાય છે, એ બાબત વિસરવી ન જોઈએ.

तथा तपोयोगकारणं चेतीति ॥ ३५ ॥

અર્થ—તે શિષ્ય પાસે તપોયોગ કરાવવો.

ભાવાર્થ:—વિધિ પ્રમાણે દીક્ષા લીધેલા શિષ્ય પાસે આયંબિલ ઉપવાસ એવો તપ કરાવવો; કારણ કે તે તપ જો મર્યાદામાં રહીને કરાવવામાં આવે છે, તો તે ઈન્દ્રિયોને, મનને સ્વાધીન કરે છે અને ઈચ્છાનો રોધ થાય છે.

આ રીતે યતિવ્રત ધારણ કરવાની વિધિની સમાપ્તિ કરતા ગ્રન્થકાર લખે છે કેઃ—

एवं यः शुद्धयोगेन परित्यज्य गृहाश्रमम् ।
संयमे रमते नित्यं स यतिः परिकीर्तितः इति ॥ १ ॥

અર્થ—આ રીતે જે પુરૂષ શુદ્ધ આચારથી ગૃહસ્થા-શ્રમનો ત્યાગ કરી સંયમમાં નિત્ય રમે છે, તે યતિ કહેવાય છે.

ભાવાર્થ:—

यतते ऽसौ यतिः

જે પ્રયત્ન કરે તે યતિ.

ધર્મ શ્રવણ કરી જે બેસી રહેતો નથી, પણ

ज्ञानस्य फलं विरति,

જ્ઞાનનું ફળ વિરતિ છે.

એ સૂત્રને માન આપી જે વિરતિ ગ્રહણ કરે છે, અથવા સંયમ-ચારિત્ર ધારણ કરે છે. અને તેમાં જે આનંદ માને છે તેજ ખરો યતિ સમજવો. આજ વાતને સમર્થન કરતા શાસ્ત્રકાર બીજો શ્લોક કહે છેઃ-

एतत्तु संभवत्यस्य सदुपायप्रवृत्तितः ।
अनुपायात्तु साध्यस्य सिद्धिं नेच्छन्ति पण्डिताः ॥ २ ॥

અર્થ:—સાચા ઉપાય વડે પ્રવૃત્તિ કરવાથી આયતિપણું સંભવે છે. પામવા યોગ્ય પદાર્થની પ્રાપ્તિ ઉપાય સિવાય થઈ શકતી નથી.

ભાવાર્થ:—સદુપાયથી દીક્ષા લેનાર યતિપણાને લાયક થાય છે. ઉપર આપણે વિચારી ગયા છીએ, કે યોગ્ય પુરૂષે યોગ્ય ગુરૂ પાસે યોગ્યવિધિ સહિત દીક્ષા ગ્રહણ કરવી. આ સર્વ સદુપાય છે; અને તેવા સદુપાયથી જેણે દીક્ષા લીધી હોય, તેજ ખરેખરો યતિ કહેવાય

અને તેજ યતિવ્રતને દીપાવે. અને શાસનને શોભા આપે. જ્યાં ઉપાય સાધનો સારાં ન હોય, ત્યાં સત્ફળની આશા રાખી શકાય નહિ. જેવાં કારણો તેવાં કાર્યો. માટે જે માણસમાં ઉપર જણાવેલા ગુણો હોય તે પુરૂષ વિધિ પ્રમાણે યોગ્ય ગુરૂ પાસે દીક્ષા લે તો તે ખરેખરો યતિ છે, અને તેજ સાધ્ય વસ્તુ મેળવી શકશે એ નિઃસંશય છે. આથી વિરૂદ્ધ જે ચાલે તેનો દોષ બતાવતા શાસ્ત્રકાર આ ચોથા પ્રકરણની સમાપ્તિ કરે છેઃ–

यस्तु नैवंविधो मोहाच्चेष्टते शास्त्रबाधया ।
स तादृग्लिङ्गयुक्तोऽपि न गृही न यतिर्मतः इति ॥ ३ ॥

અર્થ—જે ઉપર જણાવ્યા પ્રમાણે નથી વર્તતો, અને મોહથી શાસ્ત્રનું ઉલ્લંઘન કરી વર્તે છે, તે યતિલિંગ ધારી હોય તો પણ તે યતિ પણ ન કહેવાય તેમ ગૃહસ્થ પણ ન કહેવાય.

ભાવાર્થ:—જે પુરૂષમાં ઉપર જણાવેલા ગુણો નથી, તેવો કોઈ પુરૂષ ઉપર કહેલી વિધિથી વિરૂદ્ધ પ્રમાણે ચાલતો હોય, અને મોહના આવેશથી શાસ્ત્રોના અર્થોનું ઉલ્લંઘન કરતો હોય, તે પુરૂષે શુદ્ધ યતિ વસ્ત્ર ધારણ કર્યો હોય અને ખરા સંયતિમાં ને તેનામાં બાહ્ય વેષથી જરા પણ ભેદ ન હોય, છતાં તે યતિ નથી; પણ કેવળ નામધારી યતિ છે. ભાવચારિત્ર રહિત છે, માટે તે યતિ નથી, અને તે ગૃહસ્થી પણ નથી. કારણકે ગૃહસ્થને યોગ્ય આચાર રહિત છે.

આ રીતે યતિના ગુણ જેનામાં નથી. તે યતિવ્રત મોહગર્ભિત વૈરાગ્યથી ધારણ કરે તો તે ઉભય ભ્રષ્ટ થાય છે. તેનો ગૃહસ્થાવાસ બગડે છે, અને યતિવ્રતને લાયકજ હોતો નથી. આવાં ખેદકારક પરિણામ કેટલીક વાર આવે છે. તેથી જૈનધર્મની અને તેના અનુયાયીઓની હેલના થાય છે; અને લોકોમાં તેનું બહુમાન ઘટી જાય છે. માટે દીક્ષા આપતાં તેની યોગ્યતા સંબંધમાં ગુરૂએ બહુ વિચાર

કરવો. અયોગ્ય શિષ્યના ઉપર સંયમનો ભાર મૂકવામાં, તેમાંથી જે અનિષ્ટ પરિણામ આવે અથવા જૈનશાસનની અપકીર્તિ થાય તેની જોખમદારી તે દીક્ષા આપનારને શિર છે. આ બાબત યથાર્થ રીતે સ્મરણમાં રાખી દીક્ષાની મોટી જોખમદારી શિષ્યને માથે મૂકવી. સુજ્ઞેષુ કિંબહુના !

આ રીતે યતિવિધિને નિરૂપણ કરનારૂં ધર્મબિન્દુનું ચોથું પ્રકરણ સમાપ્ત થયું.

પ્રકરણ ૫ મું.

દીક્ષા લેનારમાં કયા ગુણો જોઈએ ? દીક્ષા આપનારમાં કયા ગુણો જોઈએ ? અને કેવી વિધિથી દીક્ષા લેવી ? તે આપણે ચોથ પ્રકરણમાં વિચારી ગયા. હવે દીક્ષા લીધા પછી યતિએ શું શું કરવું તે યતિધર્મનું વર્ણન આ પાંચમાં પ્રકરણમાં કરવામાં આવશે. તેનું પ્રથમ સૂત્ર આ પ્રમાણે છે.

बाहुभ्यां दुस्तरो यद्वत्क्रुरनक्रो महोदधिः ।
यतित्वं दुष्करं तद्वदित्याहुस्तत्त्ववेदिनः ॥ १ ॥

અર્થ—ક્રૂર મગરમચ્છો જે સમુદ્રમાં છે, તેવા મહા સમુદ્રને બે ભુજાવડે તરવું જેટલું મુશ્કેલ છે, તેવું યતિપણું દુષ્કર છે, એવી રીતે તત્ત્વના જાણનાર પંડિતો કહે છે.

કોઇ મોટું ફળ મોટા પુરૂષાર્થ વિના પ્રાપ્ત થઇ શકે નહિ તેજ વાતને જણાવતાં શાસ્ત્રકાર બીજો શ્લોક કહે છેઃ-

अपवर्गफलं यस्य जन्ममृत्यवादिवर्जितः ।
परमानन्दरूपश्च दुष्करं तन्न चाभ्दुतम् ॥ २ ॥

અર્થઃ—જન્મ અને મરણ રહિત, પરમ આનન્દરૂપ મોક્ષ જેનું ફળ છે, તે માર્ગ દુષ્કર હોય, તો તેમાં આશ્ચર્ય જેવું નથી.

ભાવાર્થઃ—સામાન્ય રીતે એવો નિયમ છે કે પોતાની પ્રવૃત્તિનું શું ફળ આવશે; તે જ્યાં સુધી ધ્યાનમાં ન આવે ત્યા સુધી માણસ પ્રવૃત્તિ કરવા પ્રેરાતો નથી. માટે શાસ્ત્રકાર યતિપણાનું ફળ

કહે છે, તે ફળ મોક્ષ છે. મોક્ષ પ્રાપ્ત કર્યા પછી જન્મમરણના ચક્રમાંથી તે આત્મા મુક્ત થાય છે. અને પરમ આનંદ મેળવે છે. જે પ્રાપ્ત થયા પછી બીજા સુખની આકાંક્ષા રહેતી નથી. આવું ઉચ્ચ ફળ છે તો તે મેળવતાં જરા માર્ગ વિકટ લાગે. તો પણ સાધ્યબિન્દુ લક્ષમાં રાખી માર્ગથી ભ્રષ્ટ થવું નહિ.

વિદ્યામંત્ર વગેરે સાધવામાં પણ મહા પ્રયાસની જરૂર પડે છે, તો પછી આત્મિક ઉન્નતિ સાધવામાં વધારે પ્રયાસ, પુરૂષાર્થ, અને આત્મબળની જરૂરે પડે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. જો કે મોક્ષમાર્ગ બહારથી બહુ દુષ્કર લાગે છે, પણ ખરી રીતે તો એટલું દુષ્કર નથી, કારણ કે, આત્મશક્તિનું સામર્થ્ય અત્યન્ત છે.

આ દુષ્કર માર્ગ શી રીતે સાધી શકાય એવી આશંકા દૂર કરવા શાસ્ત્રકાર લખે છે કે:—

भवस्वरूपविज्ञानात्तद्विरागाच्च तत्त्वतः।
अपवर्गानुरागाच्च स्यादेतन्नान्यथा क्वचित् ॥ ३ ॥इति॥

અર્થ:—સંસારનું સ્વરૂપ સમજવાથી, પરમાર્થથી (ખરી રીતે) સંસાર ઉપર વૈરાગ્ય આવવાથી અને મોક્ષ તરફના અનુરાગથી યતિમાર્ગ પાળી શકાય. આ સિવાય બીજા કોઈ પણ કારણથી પાળી શકાય નહિ.

ભાવાર્થ:—સંસારના પદાર્થ માત્ર અનિત્ય છે, ક્ષણભંગુર છે અને સુખરૂપ જણાવા છતાં દુઃખગર્ભિત છે, એવો જેને પરોપદેશથી નહિ પણ જ્ઞાનનો અનુભવ થયો છે, તે માણસને ખરી રીતે સંસાર પદાર્થો ઉપરથી રાગ- મોહ છુટી જાય છે. પૂર્વભવના ગાઢ સંસ્કાર હોય તેવો પુરૂષ કદાચ અનુભવ સિવાય ઉપદેશથી પણ સમજી શકે પણ સામાન્ય રીતતો એજ કહી શકાય, કે જે સંસારમાં રહેલો હોય જે ગૃહસ્થવાસમાં રહી ધીમે ધીમે પોતાની વૃત્તિઓ અને ઇન્દ્રિયોને

સંયમમાં લાવતાં શીખ્યો હોય, અને જેણે જગતના પદાર્થોની અસારતા અને અનિત્યતા અનુભવી હોય, તેવો પુરૂષજ આ સંયમ માર્ગને લાયક થાય છે.

અનિત્ય વસ્તુ તરફ વૈરાગ્ય થવાથી પણ બસ નથી. નિત્યવસ્તુ ઉપર અનુરાગની પણ જરૂર કારણ કે જે મનુષ્યો ઉચ્ચ આલંબન ગ્રહણ કર્યા વિના નીચેના આલંબનનો ત્યાગ કરે છે, તેઓ ઉભય ભ્રષ્ટ થાય છે. અને નિત્યવસ્તુ તરફનો રાગજ મનુષ્યને અનિત્ય વસ્તુનો રાગ છોડાવવા ખરી રીતે સમર્થ છે. માટે શાસ્ત્રકાર લખે છે કેઃ—

સંસારનું સ્વરૂપ વિચારી તેના ઉપર વૈરાગ્ય વધારવો, પણ તેની સાથે સાથે **મોક્ષતરફ અનુરાગ રાખવો.**

આ પ્રમાણે જેનું મન વૈરાગ્ય સહિત છે. અને પરમાત્માસ્વરૂપ અનુભવવા માટે અનુરાગ વાળું છે, તેજ મનુષ્ય ખરી રીતે યતિવ્રત પાળી શકે. બીજા બધા કારણો નિરર્થક તો ન કહીએ પણ બહુજ ઓછા લાભકારી છે.

इत्युक्तो यतिरघुनाऽस्य धर्ममनुवर्णयिष्यामः ।
यतिधर्मो द्विविधः सापेक्षयतिधर्मो निरपेक्षयतिधर्मश्चेति ॥१॥

અર્થ—આ પ્રકારે યતિનું વર્ણન કર્યું. હવે યતિધર્મનું વર્ણન કરીએ છીએ. તે યતિધર્મ બે પ્રકારનો છે; ૧. સાપેક્ષ યતિધર્મ. ૨. નિરપેક્ષ યતિધર્મ:

ભાવાર્થ:—અર્થ સુગમ છે. ગુરૂ તથા ગચ્છ વગેરેની સહાયતાની અપેક્ષા રાખી જે દીક્ષા પાળે છે, તે સાપેક્ષ યતિ કહેવાય અને તેનાથી જુદા ગુણવાળો નિરપેક્ષયતિ કહેવાય. તેનાં બીજા નામ ગચ્છવાસ અને જિનકલ્પ છે.

तत्र सापेक्ष यतिधर्म इति ॥ २ ॥

અર્થ—તેમાં સાપેક્ષ યતિધર્મનું પ્રથમ વર્ણન કરે છે.

यथा गुर्वन्तेवासितेति ॥ ३ ॥

અર્થ:–ગુરૂના શિષ્યપણે રહેવું.

ભાવાર્થ:–પોતે જેની પાસે દીક્ષા ગ્રહણ કરી હોય, તેવા આચાર્યનો જીવનપર્યન્ત શિષ્યભાવ રાખવો. ગુરૂકુલમાં રહી સંયમ પાળવાથી શાસ્ત્રમાં બહુ લાભ વર્ણવેલા છે. કહ્યું છે કે:–

नाणस्स होइ भागी थिरयरओ दंसणे चरिते य ।
धण्णा आवकहाए गुरुकुलवासं न मुञ्चन्ति ॥ १ ॥

જેઓ યાવજ્જીવ (જીવતાં સુધી) ગુરૂકુળ વાસનો ત્યાગ કરતા નથી તે પુરૂષો જ્ઞાન મેળવે છે, અને દર્શન તથા ચારિત્રમાં બહુજ સ્થિર થાય છે; માટે તેવા પુરૂષોને ધન્ય છે.

એક બીજાના સહવાસથી, તેમજ ગુરૂપરંપરાથી જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે; ગુરૂકુલમાં વસવાથી અન્યાય માર્ગે પગ મૂકતાં ડર રહે છે તેથી ચારિત્રશુદ્ધિ રહે છે. અને મોટા ગુરૂ વગેરેની શ્રદ્ધા શિષ્યમાં શ્રદ્ધા (દર્શન) ની વૃદ્ધિ કરે છે. આ રીતે ગુરૂકુલ વાસથી જ્ઞાન, દર્શન અને ચારિત્રની અધિકતા થાય છે.

तथा तद्भक्तिबहुमानाविति ॥ ४ ॥

અર્થ:–ગુરૂની ભક્તિ તથા બહુમાન કરવાં.

ભાવાર્થ:–ભક્તિ આ સ્થળે બાહ્યક્રિયા આશ્રયિને કહેલી છે, અને બહુમાન હૃદયનો પ્રેમ બતાવવાને મૂકેલો છે. કહેવાનો ભાવાર્થ એ છે, કે ગુરૂનોબહારથી વિનય કરવો, અને હૃદયથી પણ તેમનાપર અત્યંત પ્રેમ દર્શાવવો, ગુરૂને યોગ્ય અન્નપાન વગેરે લાવી આપવાં તથા તેમના પગ દાબવા, અને ગુરૂ આવે ઉભા થવું તેમનું આસન પાથરવું વગેરે ભક્તિના ભેદ છે, અને આ સર્વ બહાર બતાવવા નહિ પણ ખરા હૃદયથી કરવું તે બહુમાન સમજવું.

तथा–सदाज्ञाकरणमिति ॥ ५ ॥

અર્થ:–સર્વદા તેમની આજ્ઞા પાળવી.

ભાવાર્થ:—ગુરૂ જે જે આજ્ઞા કરે, તે નિરંતર પાળવી. પોતાને કોઇક સમયે ગુરૂ આજ્ઞાનો હેતુ ન સમજાય તો પણ તે સમયે તે આજ્ઞા પાળવી અને પછી એકાન્તમાં ગુરૂ પાસે તેનું કારણ જાણવું.

आज्ञा गुरूणामविचारणीय

ગુરૂની આજ્ઞાનો વિચાર કરવાનો નથી.
અર્થાત્ આજ્ઞા થતાં તે અમલમાં મૂકવી.

तथा विधिना प्रवृत्तिरिति ॥ ६ ॥

અર્થ:—વિધિસહિત પ્રવર્તન કરવું.

ભાવાર્થ:—શાસ્ત્રમાં જે વિધિ વર્ણવેલી છે, તદનુસાર પડિલેહણ પૂજવું (પ્રમાર્જન) ગોચરી વગેરે સાધુના આચારમાં પ્રવૃત્ત થવું. પોતાની ઇચ્છા પ્રમાણે નહિ વર્તતા જે શુદ્ધ માર્ગ ચાલ્યો આવતો હોય, તે પ્રમાણે વર્તન કરવુ.

तथा आत्मानुग्रहचिन्तनामिति ॥ ७ ॥

અર્થ:–પોતાના ઉપર કરેલા ઉપકારનું ચિંતવન કરવું.

ભાવાર્થ—ગુરૂએ પોતાના ઉપર જે જે ઉપકાર કર્યા હોય, તેનું ચિંતન કરવું કે જેથી ગુરૂ ઉપર પૂજ્ય બુદ્ધિ વધે.

ટીકાકાર આ શબ્દનો એમ અર્થ કરે છે કે ગુરૂ જ્યારે આજ્ઞા કરે ત્યારે પોતાના ઉપર ઉપકાર થયો એમ સમજવુ. કહ્યું છે કે:—

धन्यस्योपरि निपतत्यहितसमाचरणधर्मनिर्वापी ।
गुरुवदनमलयनिसृतो वचनरसश्चन्दनस्पर्शः ॥

અહિત આચરણરૂપ ગરમીને શાંત પાડનાર, ગુરૂના મુખરૂપ

મલયાચલથી નીકળેલો વચનરસ તે ચંદનના સ્પર્શ સમાન છે; અને તે વચનરસ જેના ઉપર પડે તેણે પોતાને ભાગ્યશાળી માનવો.

જેમ બાવના ચંદન ગરમીને શાંત કરે છે, તેમ દુષ્કામ કરવા રૂપ ગરમીને શાંત પાડનાર ગુરૂનો વચન રસ છે, અને ભાગ્યશાળી મનુષ્યો ઉપરજ એવા વચન રસનો વરસાદ વરસે છે.

तथा व्रतपरिणामरक्षेति ॥ ८ ॥

અર્થ:-વ્રતના પરિણામની રક્ષા કરવી.

ભાવાર્થ:—ચારિત્રના માર્ગમાં ચાલતાં ઉપસર્ગ, પરિષહ રૂપ કંટકો આવે તો તેથી ડરી ન જતાં તેમના ચુરેચુરા કરી સન્માર્ગે આગળ ચાલ્યા જવું. પોતાના વ્રત પાળવાના પરિણામ ન બગડે તેની નિરંતર ક્ષણે ક્ષણે સંભાળ રાખવી. તે બાબતમાં જરાપણ પ્રમાદ કરવો નહિ. વ્રત તે ચિંતામણિ રત્નરૂપ છે અને ચિન્તામણિ રત્નનું ગમે તેવા સંકટો વેઠી રક્ષણ કરીએ છીએ, તેમ વ્રતનું રક્ષણ કરવું.

तथा आरम्भत्याग इति ॥ ९ ॥

અર્થ:—આરંભનો ત્યાગ કરવો.

ભાવાર્થ—જેથી છકાયજીવની વિરાધના થાય તેવો આરંભ કરવો નહિ.

पृथिव्याद्यसंघट्टनमिति ॥ १० ॥

અર્થ-પૃથ્વીકાયાદિ જીવનો સંઘટો કરવો નહિ.

ભાવાર્થ:—પૃથ્વીકાયાદિ જીવનો સ્પર્શ કરવો નહિ. કહેવાનો ભાવાર્થ એ છે કે તેવા જીવોને પરિતાપ ઉપજે નહિ, તેઓની વિરાધના ન થાય, તેમજ તેઓને નાસવું ન પડે, તેવી રીતે વર્તન રાખવું. ટૂંકમાં છકાયના જીવોની રક્ષા કરવી.

तथा त्रिधेर्याशुद्धिरिति ॥ ११ ॥

અર્થ–ત્રણ પ્રકારની ઇર્યા શુદ્ધિ કરવી.

ભાવાર્થ:—રસ્તામાં જતાં આવતાં કોઈ જીવ પગ તળે ચંપાય નહિ માટે ઇર્યાશુદ્ધિ રાખવી. ઊંચી નીચી અને તીચ્છી એ ત્રણ દિશાની અપેક્ષાએ તે ત્રણ પ્રકારની છે. ગાડાની ધુંસરી પ્રમાણ દૃષ્ટિ રાખી ચાલવું તે ઈર્યાશુદ્ધિ સમજવી.

तथा भिक्षाभोजनमिति ॥ १२ ॥

અર્થ–વળી ભિક્ષા માગી ભોજન કરવું.

ભાવાર્થ—ભિક્ષાના ત્રણ પ્રકાર છે. સર્વસંપત્કરી, પૌરૂષઘ્ની અને ત્રીજી વૃત્તિ ભિક્ષા તેની વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

यतिर्ध्यानादियुक्तो यो गुर्वाज्ञायां व्यवस्थितः ।
सदानारंभिणस्तस्य सर्वसंपत्करी मता ॥ १ ॥
वृद्धाद्यर्थमसङ्गस्य भ्रमरोपमयाटतः ।
गृहिदेहोपकाराय विहितेति शुभाशयात् ॥ २ ॥
प्रव्रज्यां प्रतिपन्नो यस्तद्विरोधेन वर्तते ।
असदारम्भिणस्तस्य पौरूषघ्नो प्रकीर्त्तिता ॥ ३ ॥
निःस्वान्धपङ्गवो येतु न शक्ता वै कियान्तरे ।
भिक्षामटन्ति वृत्त्यर्थं वृत्तिभिक्षेयमुच्यते ॥ ४ ॥

ધ્યાનાદિ કરવાવાળો, ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તનાર, અને નિરંતર આરંભનો ત્યાગી, વૃદ્ધ ગુરૂ વગેરે માટે આસક્તિ રહિતપણે ભ્રમરની માફક ફરનાર યતિ જે ભિક્ષા ગૃહસ્થ તથા દેહના ઉપકાર માટે કરે, તે સર્વસંપત્કરી ભિક્ષા સમજવી, કારણ કે તેમાં આશય શુભ છે.

જે માણસે દીક્ષા લીધી છે, પણ દીક્ષાના નિયમ પ્રમાણે વર્તતો નથી, અને અસદ્ આરંભ કરનાર છે,ની તે ભિક્ષા પૌરૂષઘ્ની પુરૂષાર્થનો (નાશ કરનારી) છે.

જે પુરૂષો નિર્ધન, અંધ તથા પાંગળાં છે, અને બીજી ક્રિયા કરવા અસમર્થ છે, તે લોકો આજીવિકાને માટે ભિક્ષા કરે તે વૃત્તિ ભિક્ષા સમજવી. આ ત્રણ પ્રકારની ભિક્ષામાંથી યતિએ સર્વસંપત્કરી નામની ભિક્ષા કરવી.

तथा आघाताद्यदृष्टिरिति ॥ १३ ॥

અર્થ–જે સ્થાનમાં જીવહિંસા થતી હોય તેવા સ્થાન વગેરેમાં સાધુએ દૃષ્ટિ ન કરવી.

ભાવાર્થ:—જે સ્થળે જીવને આઘાત થતો હોય તે સ્થળને આઘાત સ્થાન કહે છે. તેવા સ્થાનમાં તેમજ આદિ શબ્દથી જુગારી લોકનું સ્થાન, નાટકશાળા તથા લુચ્ચાલફંગા પુરૂષોના સ્થાન તરફ સાધુ પુરૂષે જરાપણ દ્રષ્ટિ ન કરવી. કારણ કે તે જોવાથી ઘણા ભવના તે સંબંધી સંસ્કાર જાગૃત થાય, અને પ્રમાદથી તે તરફ મન આકર્ષાઈ જવાનો ભય રહે છે; અને તેમાંથી અનર્થકારી પરિણામ આવવાનો ભય રહે છે; માટે સાધુ પુરૂષોએ તે તરફ દ્રષ્ટિ સરખી પણ કરવી ઉચિત નથી.

तथा तत्कथाऽश्रवणमिति ॥ १४ ॥

અર્થ :—તેવા સ્થાનની વાત પણ ન સાંભળવી.

ભાવાર્થ:—પોતે જાતે તે સ્થળ જોવું નહિ, તેટલું જ નહિ પણ તે સ્થળ સંબંધી કોઈ વાત કરતું હોય, તો તે પણ સાંભળવી નહિ, કારણ કે સાંભળવાથી પણ પૂર્વ સંસ્કારો જાગૃત થાય છે, અને સન્માર્ગથી પતિત થવાનો ભય રહે છે.

तथा अरक्तद्विषतेति ॥ १५ ॥

અર્થ—રાગદ્વેષનો ત્યાગ કરે.

ભાવાર્થ:—કોઈ ઉપર રાગદ્વેષ કરવો નહિ, પણ સર્વને સરખા ગણવા; પણ આ ઉપરથી એમ સમજવાનું નથી કે પ્રાણી માત્ર ઉપરનો પ્રેમ દૂર કરવો; દરેક પ્રાણીમાં આત્મા રહેલો છે, માટે તે પ્રાણી ઉપર પ્રેમ તો રાખવો.

રાગ અને પ્રેમ એ બે ભિન્ન વસ્તુઓ છે. મારાપણાના વિચારને લીધે જે આસક્તિ થાય તે રાગ છે, પણ આ દેહમાં આત્મા રહેલો છે, અને તે આત્માનું કલ્યાણ કરવું એ મારો ધર્મ છે, એ વિચારથી તેના ઉપર મૈત્રીભાવના, યા કરુણા ઉપજે તે પ્રેમનાં લક્ષણ છે.

દ્વેષ તો સર્વથા ત્યાજ્ય છે. જગતમાં સઘળા અવગુણોનું મૂળ તે દ્વેષ છે. દ્વેષ અજ્ઞાનથી ઉદ્ભવે છે.

आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् । પોતાને જે પ્રતિકૂળ હોય, તે બીજા પ્રત્યે ન આચરવું.

આ સૂત્ર પ્રમાણે લોકો પોતાને જીવન વ્યવહાર ચલાવતા હોય તો ઘણે ભાગે દ્વેષનો નાશ થઈ જાય અને લોકો પ્રેમમય જીવન ગાળે.

આપણને કોઈ ગાળ દે તો આપણને દુઃખ થાય છે. અને કોઈ ગાળ દે તો આપણને પ્રતિકૂળ લાગે છે, તો તેજ કાર્ય આપણે સામા મનુષ્ય તરફ ન કરવું; એટલે સામા મનુષ્યને ગાળ ન દેવી. આપણા ઉપર કોઈ ક્રોધે ભરાય તો આપણને દુઃખ થાય છે. માટે આપણને જે પ્રતિકૂળ ક્રોધનું કાર્ય છે, તે આપણે બીજા તરફ ન કરવું. બીજા શબ્દોમાં કહીએ તો આપણે સામા મનુષ્ય ઉપર ક્રોધ ન કરવો. આવી રીતે દરેક કાર્ય કરતી વખતે પોતાના ઉપર તે કાર્ય બીજો કરે તો શી અસર થાય, તેનો પ્રથમ વિચાર કરવો; અને પોતાને જે તે પ્રતિકૂળ લાગતું હોય, તો બીજા પ્રતિ તેવું વર્તન

ન રાખવું. આ એક જ સૂત્ર ઉપર બરાબર મનન કરવામાં આવે, અને તદનુસાર વર્તન રાખવામાં આવે, તો ઘણા દુર્ગુણો સ્વયમેવ નાશ પામે, અને તેની સાથે દ્વેષ પણ નાશ પામે.

तथा ग्लानादिप्रतिपत्तिरिति ।' १६ ॥

અર્થ–માંદા વગેરેની સેવા કરવી.

ભાવાર્થ:–ગ્લાન એટલે તાવ વગેરે રોગથી પીડાયેલો સમજવો, અને વગેરે શબ્દથી બાળ, વૃદ્ધ પુરૂષ બહુશ્રુત, પ્રાહુણો વગેરે સમજવાં. એ સર્વની સેવા કરવી એટલે આ સર્વને માટે યોગ્ય અન્નપાન વગેરે વસ્તુઓ લાવી આપવી. તે સેવા–વૈયાવૃત્યનો ગુણ અમૂલ્ય છે. રોગથી પીડાતો હોય તેને ઉચિત અન્નપાન લાવી આપવાથી તેનું શરીર નિરોગી થાય, અને તેના જીવને શાંતિ વળે, તથા તે ધર્મ કાર્ય કરવા લાયક બને, તેથી જે શુભ કર્મ કરે, તેના કારણભૂત તે સાધુ થયો, માટે તેને મહા પુણ્ય થાય. જે સાધુ વયથી બાળ અથવા વૃદ્ધ હોય તેમને માટે પણ યોગ્ય આહાર વગેરે લાવી આપવો. તેમજ જે બહુ વિદ્વાન સાધુ છે, અને ભણવાના કાર્યમાં મશગુલ રહે છે, તેને માટે પણ ઉચિત આહાર લાવી આપવાથી તે વિદ્વાન સાધુની કૃપાને પાત્ર થાય છે, અને જ્ઞાન મેળવી શકે છે. આવી રીતે સેવા કરવી તે મહાફળને આપનારી છે. શાસ્ત્રમાં કહ્યું છે કે,

"ચારિત્રના પરિણામથી ભ્રષ્ટ થયેલો મરણ પામે તો તેનું ચારિત્ર નાશ પામે છે. અને ગણ્યા વિના શાસ્ત્ર નાશ પામે છે, એટલે વિસરી જવાય છે. પણ શુભ ઉદયવાળું વૈયાવૃત્ય કર્મ (સેવા) નાશ પામતું નથી. કેમકે તે ગુણ અપ્રતિપાતી છે, એટલે આ સ્થૂળ શરીરના મરણ સાથે તેનો નાશ થતો નથી, પણ આત્માની સાથે તે ગુણ રહે છે.

પુષ્પથી પ્રફુલ્લિત થયેલા વનના ભાગમાં જેમ ભ્રમર અને ભ્રમરીઓનાં ટોળાં આવી વસે છે, તેમ ગ્લાન વગેરેની સેવા નિમિતે

કપટ રહિત ભાવથી, હર્ષ સાથે સાધુઓએ જવું જોઇએ. માંદા વગેરેની સારવાર આદર સહિત કરવી કે જેથી તેના ચારિત્રના પરિણામ બગડે નહિ.

तथा परोद्वेगाहेतुतेति ॥ १७ ॥

અર્થ–પરને ઉદ્વેગ થવાનું કારણ પોતે ન બને.

ભાવાર્થ–પોતાના પક્ષમાં રહેલા તથા પર પક્ષમાં રહેલા ગૃહસ્થ અથવા પાખંડી લોકોને જે કાર્યથી ઉદ્વેગ થાય, તેવું કાર્ય કરે. અથવા ઉદ્વેગ કરનારું વચન પણ ન બોલે. સાધુ પુરૂષો જ્યાં જાય ત્યાં તેમના પ્રભાવથી શાંતિ વ્યાપવી જોઈએ; અને ઉદ્વેગનાં કારણો હોય, તે પણ નાશ પામવા જોઈએ. તેને બદલે જે સાધુ પુરૂષો ઉદ્વેગના કારણભૂત થાય તે ખરા સાધુ પદને લાયક નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે–

"ધર્મ કાર્યમાં ઉદ્યમવન્ત થયેલા પુરૂષે પરને અપ્રીતિ થાય તેવું કાર્ય કરવું નહિ. પરને અપ્રીતિ થવાનું કારણ દૂર કરવાથી સંયમ અધિક શોભે છે; આ સ્થળે મહાવીરસ્વામી ભગવાનનું ચરિત્ર વિચારવા લાયક છે.

કોઇક સમયે મહાવીર ભગવાન કોઈ તપાસના આશ્રમમાં ઉતર્યા; પણ ત્યાં પોતાના વસત્રોથી તે તાપસ લોકોને અપ્રીતિ થશે, અને તેથી બીચારા બોધિબીજ મેળવી શકશે નહિ, એવું જણાવાથી સાધુને જે કાળમાં વિહાર કરવો ઘટતો નથી તેવા અકાળમાં પણ મહાવીર ભગવાને ત્યાંથી વિહાર કર્યો. તેજ રીતે સંયમના અર્થે સાધુ પુરૂષોએ ભાવ શુદ્ધિ રાખવા માટે લોકોને અપ્રીતિ થાય તેવા સ્થાનનો ત્યાગ કરવો, અને જો તે સ્થાનેથી બીજા સ્થળે વિહાર કરવાનું કોઈ કારણ વિશેષથી અશકય લાગે, તો પોતાનો દોષ ચિન્તવવો." નીચે પ્રમાણે તે સાધુએ વિચાર કરવો.

"લોકો મારા ઉપર અપ્રીતિ રાખે છે તેનું ખરૂં કારણ હું પોતેજ છું, કારણ કે શાસ્ત્રમાં લખ્યું છે કે સુખ દુઃખનો કર્તા તથા ભોક્તા પોતે જ છે, બીજાતો નિમિત્ત માત્ર છે. માટે મારામાં કોઈ અપરાધ હોવો જોઈએ કે જેથી લોકો મારા પર દ્વેષ રાખે છે. મેં ગયા ભવમાં પુન્ય ઉપાર્જન કર્યું નહિ હોય, તેથી જ લોકો મારા ઉપર દ્વેષની નજરથી જુએ છે, પણ જો મેં શુભકર્મ કર્યું હોત, તો નક્કી લોકોની અપ્રીતિનો પાત્ર હું થાત નહિ; કારણ કે બીજાઓ શા માટે મારા ઉપર મત્સર કરત ? માટે મારો પોતાનોજ અપરાધ છે" આવો વિચાર કરવો. પણ અન્ય ઉપર ક્રોધ કરવો નહિ.

भावतः प्रयत्न इति ॥ १८ ॥

અર્થ : ભાવથી પ્રયત્ન કરવો.

ભાવાર્થ:—પરનો ઉદ્વેગ ટાળવા પ્રથમ કાયથી વ્યાપાર કરવો. એટલે જે સ્થાને પોતે હોય, તે સ્થાનનો ત્યાગ કરી બીજી જગ્યાએ જઈ વસવું. અથવા મધુર વચનથી સામા મનુષ્યને શાંત પાડવો. કારણ કે સાધુ પુરૂષના મધુર વચનથી સામા પુરૂષનો ક્રોધ શમી જાય છે. પણ કાયાથી તેમજ વચનથી આ કામ બની શકે તેવા સંજોગો ન હોય, તો ભાવથી પણ બીજાને ઉદ્વેગ થવાનાં કારણો ટાળવા પ્રયત્ન કરવો. કહ્યું છે કે—

Hatred ceases by Love and not by hatred.

દ્વેષ દ્વેષથી નાશ પામતો નથી પણ પ્રેમથી નાશ પામે છે. આપણે જો સામા મનુષ્ય પર ખરા હૃદયથી પ્રેમજ રાખીએ અને તેનું કલ્યાણ થાય તેવા શુભ વિચારો જ તેના સંબંધી કર્યા કરીએ તો ઘણા થોડા સમયમાં સામા મનુષ્યનો દ્વેષ આપણા તરફથી ટળી જશે. બે જણની વચ્ચે ઉભી થયેલી દ્વેષની દીવાલ પ્રેમના ધાથી તુટી જશે. કેટલા સમયમાં તે દીવાલ તુટશે

તેનો આધાર દીવાલના બળ, અને આપણા પ્રેમના સામર્થ્ય ઉપર આધાર રાખે છે, જેમ દ્વેષની દીવાલનું બળ ઓછું, અને આપણા પ્રેમનું સામર્થ્ય વધારે તેમ દ્વેષનો વહેલો અંત આવવાનો. માટે અપ્રીતિનું કારણ જો કાયિક તથા વાચિક વ્યાપારથી ન ટળે તો હૃદયના શુદ્ધ પ્રેમથી તે ટાળવું જોઈએ. ઉત્તમ ભાવ એ અપ્રીતિનો નાશ કરવામાં સબળ કારણ છે. કહ્યું છે કે—

अभिसन्धेः फलं भिन्नमनुष्ठाने समेपि हि ।
परमोऽतः स एवेह वारीव कृषिकर्मणि ॥ १ ॥

અનુષ્ઠાન સરખાં છતાં અંતઃકરણના પરિણામ પ્રમાણે ફળ જુદું જુદું આવે છે. જેમ ખેતી સંબંધી કાર્યમાં પાણી એજ પરમકારણ છે.

तथा अशक्ये बहिश्चार इति ॥ १९ ॥

અર્થ—અશકય અનુષ્ઠાનનો ત્યાગ કરવો.

ભાવાર્થ:— દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના પ્રતિકૂળપણાથી તપોવિશેષનું અનુષ્ઠાન પોતાનાથી ન બની શકે તેવું લાગે, તો તેનો આરંભ કરવો નહિ; કેમકે તેનું પરિણામ સારૂં આવતું નથી. હૃદયમાં કલેશ થાય છે, અને તેથી સાધ્ય સિદ્ધ થતું નથી. અને મનુષ્યને પોતાની આત્મશક્તિમાં ખામી લાગતાં શકય અનુષ્ઠાનનો પણ આરંભ કરી શકતો નથી. માટે પોતાનું સામર્થ્ય વિચારી દરેક ધર્મ કાર્યનો પ્રારંભ કરવો એજ સાર છે.

तथा अस्थानाभाषणमिति ॥ २० ॥

અર્થ—ન બોલવાની જગ્યાએ ન બોલવું.

ભાવાર્થ:—પોતાને જે ઉચિત હોય તે બોલવું. અને યોગ્ય જગ્યાએ તે બોલવું. કારણ કે અયોગ્ય જગ્યાએ બોલવાથી; અથવા

અયોગ્ય બોલવાથી ભાષા સમિતિ રહી શકતી નથી; પોતે જે બોલે તે વચન સત્ય પ્રિય અને હિતકારી હોવું જોઈએ. તેથી વિરૂદ્ધ ગુણવાળું વચન બોલવાથી અપકીર્તિ થાય છે, અને ભાષા સમિતિને દોષ લાગે છે.

तथा स्खलितप्रतिपत्तिरिति ॥ २१ ॥

અર્થ–દોષનું પ્રાયશ્ચિત કરવું.

ભાવાર્થ–કોઈપણ મૂળ ગુણમાં અથવા આચાર વિશેષમાં પ્રમાદને લીધે દોષ લાગ્યો હોય તો પ્રથમ પોતાનો દોષ કબૂલ કરવો, અને શાસ્ત્રમાં તે દોષનું જે પ્રાયશ્ચિત વર્ણવ્યું હોય તે પ્રાયશ્ચિત લેવું.

માણસ ભૂલ તો કરે, પણ જો તે ભૂલને ભૂલ તરીકે કબૂલ ન કરે, અને તેનું પ્રાયશ્ચિત ન લે તો તે ભૂલ ન કબૂલ કરવાથી અનન્ત ગણો દોષ લાગે છે. માણસ માત્ર ભૂલને પાત્ર છે, પણ ભૂલ થાય તે ભૂલ તરીકે કબૂલ કરે તેને સુધરવાનો સમય સમીપ છે. પણ ભૂલ કરીને, પોતાની લઘુતા થવાના ભયથી તે ભૂલનો બચાવ કરવા જે પ્રયત્ન કરે છે, તેવો માણસ કદાપિ સુધરી શકશે નહિ.

દોષ હજાર વાર થાય તો પણ દરેક વખતે તે દોષને દોષરૂપ જ માનવો અને તેનું પ્રાયશ્ચિત લેવું, અને ફરીથી તેવો દોષ નહિ કરવા દૃઢ સંકલ્પ કરવો. શાસ્ત્રમાં કહ્યું છે કે:–

"પોતાના પ્રમાદ દોષથી મૂળ ગુણની જે વિરાધના થઈ હોય, તેની આલોયણા, નિન્દના અને ગર્હણાથી તથા તે ફરીથી નહિ કરવાથી તે વિરાધનાનો નાશ કરવો, એટલે જે દોષ લાગ્યો હોય તેનું પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થવું. શુદ્ધ બુદ્ધિવાળો, વિષયાદ્વિષ્ટો નહિ બંધાયેલો અને જીતેંદ્રિય પુરૂષ કદાચ પાપ કર્મ સેવે, તો પણ ગુરૂ પાસે તત્કાળ તેનું પ્રાયશ્ચિત લે, પરંતુ તે બાબત છાની રાખે નહિ.

तथा पारुष्यपरित्याग इति ॥ २२ ॥

અર્થ:–કઠોરપણાનો ત્યાગ કરે.

ભાવાર્થ:–જે મનુષ્યના હૃદયમાં આર્દ્રતા નથી, પ્રેમ નથી. તે મનુષ્યો સ્વભાવે બહુ કઠોર હોય છે. તેમની કઠોરતા તેમના ચહેરા પર તેમજ ચક્ષુમાં સ્પષ્ટ જણાઈ આવે છે. તેઓનાં વચન પણ સાંભળનારના હૃદયમાં ઝેરી બાણની માફક વાગે છે. અને આવો પુરૂષ ગમે તેટલા દિવસનો સંબંધ ક્ષણવારમાં તોડી નાખે છે. આવા પુરૂષ ઉપર લોકો વિશ્વાસની નજરથી જોતા નથી. કારણ કે તેનાં કાર્યો દરેક સ્થળે અશાંતિ-ઉદ્વેગ ઉત્પન્ન કરનારાં હોય છે. મનુષ્યોનો તેના ઉપરથી ભાવ તથા વિશ્વાસ ઉઠી જાય છે; અને વિશ્વાસ એ તો સર્વ સિદ્ધિનું મૂળ છે. કહ્યું છે કે:–

सिद्धेर्विश्वासितामूलं यद्यूथपतयो गजाः ।
सिंहो मृगाधिपत्येऽपि न मृगैरनुगम्यते ॥ १ ॥

વિશ્વાસ બેસાડવો એજ સિદ્ધિનું મૂળ છે, વિશ્વાસથી જ હાથીઓ યુથપતિ થઈ ફરે છે, અને સિંહ સર્વ જાનવરોનું અધિપતિપણું ભોગવે છે, છતાં જાનવરો તેની પછવાડે જતાં નથી. વનનાં જાનવરોને હાથી ઉપર વિશ્વાસ છે કે એ નહિ મારે; તેથી તેઓ તેને અનુસરે છે; પણ સિંહ જો કે મૃગેન્દ્ર છે, એટલે સર્વ જાનવરોનો રાજા છે છતાં તેના ક્રૂર સ્વભાવથી પ્રાણી માત્ર બીએ છે, અને તેથી તેની પછવાડે કોઈ ભમતું નથી.

માટે મીલનસાર સ્વભાવ રાખી મનુષ્યોને પોતાના ઉપર વિશ્વાસ બેસાડવો કે જેથી મનુષ્યો આપણા ઉપદેશ તરફ રૂચિવાળા થાય.

तथा सर्वत्रापिशुनतेति ॥ २३ ॥

અર્થ:–સર્વ સ્થળે ચાડીયાપણાનો ત્યાગ કરવો.

ભાવાર્થ:–પોતાના પક્ષના મનુષ્યના તેમજ પરપક્ષના મનુષ્યના દોષ તરફ સાધુએ દૃષ્ટિ કરવી નહિ. તેમજ કોઇની ગુપ્ત વાત

પોતાના જાણવામાં આવી હોય, તે બીજા સન્મુખ પ્રગટ કરવી નહિ. સાધુએ હંમેશાં ગંભીર પેટ રાખવું જોઈએ. જેનામાં ગંભીરતા નથી તેવા સાધુ પાસે કોઈ શ્રાવક પોતાના પાપની આલોયણા (પ્રાયશ્ચિત) લઈ શકે નહિ.

ગુણગ્રાહીપણાના લાભ ઉપર પ્રથમ બહુજ વિવેચન કરવામાં આવ્યું છે, છતાં ટૂંકમાં એ જાણવું આવશ્યક છે કે જે લોકો બીજાના દોષ જોવા દૃષ્ટિ રાખે છે, અને તે પ્રગટ કરવા તત્પર થાય છે, તેઓ પોતાના આત્માને જ મલિન કરે છે. કહ્યું છે કે,

लोओ परस्सदोसे हत्थाहत्थिं गुणेय गिण्हंतो ।
अप्पाणमप्पणच्चिय कुणइ सदोसं च सगुणं च ॥ १॥

જે માણસ પારકાના દોષને પોતાની મેળે ગ્રહણ કરે છે, તે પોતાને જ દોષવાળો બનાવે છે, અને જે પોતાની મેળે બીજાના ગુણ ગ્રહણ કરે છે, તે પોતાના આત્માને ગુણવાળો બનાવે છે. એકના દોષ બીજાને કહેવારૂપ ચાડીયાપણું તે બહુજ અધમ ગુણ છે માટે તેનો સાધુ પુરૂષે ત્યાગ કરવો ઉચિત છે.

तथा विकथावर्जनमिति ॥ २४ ॥

અર્થ–વિકથાનો ત્યાગ કરે.

ભાવાર્થ:–વિકથા ચાર પ્રકારની છે. સ્ત્રીકથા, ભક્ત (ભોજનની) કથા, દેશકથા, અને રાજકથા; આ કથાઓનો સાધુ પુરૂષે ત્યાગ કરવો. કારણ કે સ્વભાવથી જ તે કથાઓમાં અશુભ આશય મળેલો હોય છે.

સ્ફટિકમણિ નિર્મળ છે, છતાં જે જે રંગના સંબંધમાં આવે તેવા તેવા રંગવાળો તે દેખાય છે, તેમ આત્મા સ્વભાવે નિર્મળ–પવિત્ર છે, છતાં સ્ત્રી વગેરેની કથાઓ સાંભળી તેમાં તલ્લીન થાય છે, અને તેના ભાવ પણ તેવા પ્રકારના થાય છે. માટે જે કથાઓ

કરવાથી આત્માને કંઈ પણ લાભ ન થાય અને કષાયનો ઉદય થાય તેવી કથાઓ સાધુએ કરવી નહિ, તેમ સાંભળવી પણ નહિ, એજ સાર છે.

तथा उपयोगप्रधानतेति ॥ २५ ॥

અર્થ–ઉપયોગની પ્રધાનતા રાખવી.

ભાવાર્થ:—જે જે ધર્મક્રિયા અથવા અનુષ્ઠાન કરવામાં આવે તેમાં ઉપયોગ રાખવો. એટલે બરાબર ભાવસહિત તે ક્રિયા કરવી.

દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ધર્મના પ્રકારમાં ભાવ મુખ્ય છે, બાકીના ત્રણ ગુણને પોષનાર ભાવ છે. માટે ખરા ભાવ સહિત ધર્મક્રિયામાં પ્રવૃત્ત થવું. અનુયોગદ્વાર સૂત્રમાં લખ્યું છે કે ઉપયોગ વગરની જે ક્રિયા છે, તે માત્ર દ્રવ્યક્રિયા છે; તેથી વિશેષ લાભ મળતો નથી માટે ઉપયોગ રાખવો.

तथा निश्चितहितोक्तिरिति ॥ २६ ॥

અર્થ:–નિશ્ચિતહિત વચન બોલવું.

ભાવાર્થ–જ્યારે સાધુના મનમાં બરાબર ખાતરી થાય, કે અમુક વચન એકાંતહિતકારી છે, ત્યારે તેનો તેણે એ ઉચ્ચાર કરવો. જે વચનમાં * સંશય વિપર્યય અને અનધ્યવસાય એ નામના ત્રણ દોષ ન હોય તેજ વાક્ય નિશ્ચિત સમજવું.

કહેવાનો ભાવાર્થ એ છે કે જે બાબતનું પોતાને યથાર્થ જ્ઞાન ન હોય, તે બાબતનો બીજાને ઉપદેશ આપવાની મોટી મગરૂબી કરવી નહિ. બરાબર નિશ્ચિત કરેલું વચન હોય, છતાં તે શ્રોતા વર્ગને હિતકારી હોય તોજ બોલવું. જે સાંભળવાથી શ્રોતા વર્ગમાં કલેશ ઉત્પન્ન થાય, વૈરવિરોધ વધે, તેવું વાક્ય સત્ય હોય, તો પણ ખરા સાધુ પુરુષે બોલવું નહિ. કહ્યું છે કે.

---

* સંશય, વિપર્યય અને અનધ્યવસાય એ ત્રણ શબ્દની વ્યાખ્યા માટે જૂઓ પ્રથમ પ્રકરણ સૂત્ર નંબર ૨૨.

कुदृष्टं कुश्रुतं चैव कुज्ञातं कुपरीक्षितम् ।
कुभावजनकं सन्तो भाषन्ते न कदाचन ॥ १ ॥

જે ખરા સન્ત પુરૂષો છે, તે જોયેલી, સાંભળેલી, જાણેલી, પરીક્ષા કરેલી અને નિન્દિત ભાવોને ઉત્પન્ન કરનારી ખરાબ વાતને કદાપિ પ્રગટ કરતા નથી.

तथा प्रतिपन्नानुपेक्षेति ॥ २७ ॥

અર્થ–અંગીકાર કરેલા સદાચારની ઉપેક્ષા કરવી નહિ.

ભાવાર્થ:—ગુરૂનો વિનય, સ્વાધ્યાય વગેરે સાધુનો સમ્યગાચાર જે એકવાર અંગીકાર કર્યો હોય, તેની ઉપેક્ષા ન કરવી પણ તે યથાર્થ રીતે પાળવા. જે ઉત્તમ પુરૂષો છે તે પ્રારંભેલા કાર્યમાં વિઘ્ન આવતાં તેનો ત્યાગ કરતા નથી, પણ તે કામમાં રક્ત રહે છે, કારણ કે:—

निर्व्यूढं प्रतिपन्नवस्तुषु सतां एतद्धि गोत्रव्रतम् ॥

અંગીકાર કરેલી બાબતમાં મંડ્યા રહેવું તે સત્પુરૂષોનો કુલીન ધર્મ છે.

અને ટીકાકાર લખે છે કે જે પુરૂષો સાધુના આચારનો તિરસ્કાર કરે છે તેમને પરભવમાં તે મલવો દુર્લભ થાય છે.

असत्प्रलापश्रुतिरिति ॥२८॥

અર્થ–અસત્ (દુષ્ટ) પુરૂષોના પ્રલાપ (બકવાદ) સાંભળવા નહિ.

ભાવાર્થ:—સાંભળવા નહિ એ શબ્દ ઉપરથી આ સ્થળે એમ સમજવાનું છે કે તે ઉપર લક્ષ આપવું નહિ; દુષ્ટ પુરૂષોના અનર્થકારી વચનો સાંભળવામાં આવે તો પણ તે બોલનાર ઉપર દ્વેષ કરવો નહિ પણ અનુગ્રહ કરવો, કારણ કે તે આપણા ઉપર

એક પ્રકારનો ઉપકાર કરે છે. અનર્થકારી અથવા અપમાન કરાવનારા વચનોનો બોલનાર આપણા ઉપર કેવી રીતે ઉપકાર કરે છે તે નીચેના શ્લોકથી સ્પષ્ટ સમજાશે.

निराकरिष्णुर्यदि नोपलभ्यते भविष्यति क्षान्तिरनाश्रया कथम् ।
यदाश्रयात्क्षान्तिफलं मयाप्यते स सत्कृति कर्म च नाम नार्हति ॥१॥

વિશેષાર્થ:–જો કોઈ અપમાન કરનાર પુરૂષ ન હોય તો આશ્રય વગરની શાન્તિ (ક્ષમા) નું શું થશે ! જો મારૂં સર્વ કોઈ સન્માન કરે, અને અપમાન ન કરે તો મારે ક્ષમાને કયે સ્થળે આશ્રય આપવો ! તેણે અપમાન કર્યું તે ઠીક થયું, કારણ કે તેથી ક્ષમાને રહેવાનું આશ્રય સ્થાન મળ્યું. માટે તેણે મારા ઉપર ખરે· ખરો ઉપકાર કર્યો. ક્ષમાને આશ્રય મળવાથી ક્ષમાનું ફળ મને મળે છે. તે ફળ બે પ્રકારનું છે, એક તો મારામાં ક્ષમા ગુણ છે તે સર્વ કોઈ જાણતું થયું, તે આ લૌકિક લાભ થયો, અને લોકોત્તર ફળ મોક્ષ છે. વળી અપમાન કરનાર પુરૂષનો આ લોકમાં પણ સત્કાર નહિ થાય, અને પરલોકમાં પણ તે કામ સત્કર્મનાં ગણવામાં નહિ આવે માટે એ બિચારાની શી ગતિ થશે એવો વિચાર કરી તેના ઉપર દયા લાવવી.

तथा अभिनिवेशत्याग इति ॥२९॥

અર્થ:–મિથ્યા આગ્રહનો ત્યાગ કરવો.

ભાવાર્થ:–ખોટો આગ્રહ ન રાખવો. પોતાની ભૂલ કોઈ વધારે જ્ઞાની સમજાવે તો તરત કબૂલ કરી, તે ભૂલને સુધારવા પ્રયત્ન કરવો; જે લોકો ખોટો આગ્રહ લઇ બેસે છે, અને બીજાના કથન ઉપર લક્ષ આપતા નથી, તેઓ કોઈ દિવસ સન્માર્ગ પ્રાપ્ત કરી શકતા નથી. સત્ય ગ્રહણ કરવા માટે હૃદયદ્વાર ખુલ્લાં રાખવાં જોઈએ, અને પોતાનું તે સારૂં નહિ ગણતાં સારું તે પોતાનું માનતા શીખવું જોઈએ.

तथा अनुचिताग्रहणमिति ॥३०॥

અર્થ:-અયોગ્યનું ગ્રહણ ન કરે.

ભાવાર્થ:-સાધુ જનના આચારને જે બાધ કરે તે અયોગ્ય કહેવાય. અયોગ્ય એવા અશુદ્ધપિંડ, શય્યા, વસ્ત્ર વગેરે ધર્મના ઉપકરણોનો ત્યાગ કરવો. વળી દીક્ષા લેવાને અયોગ્ય એવા બાળ, વૃદ્ધ અને નપુંસકને દીક્ષા ન આપવી. શાસ્ત્રમાં કહ્યું છે કે,

"પિંડ શટ્યા, વસ્ત્ર અને પાત્ર, એ સર્વ અકલ્પિત હોય, તેને ગ્રહણ ન કરે, અને પોતાને કલ્પે એવું હોય, તેમાંથી પણ પોતાને જેટલું ખપનું હોય તેટલું ગ્રહણ કરે."

પુરૂષોને વિશે અઢાર પ્રકારના પુરૂષો દીક્ષાને યોગ્ય નથી અને સ્ત્રીઓને વિષે વીસ પ્રકારની સ્ત્રીઓ દીક્ષાની અધિકારી નથી અને નપુંસકને વિષે દશ પ્રકારના નપુંસક દીક્ષાને લાયક નથી એમ વીતરાગે કહ્યું છે."

૧ બાલક, ૨ વૃદ્ધ, ૩ નપુંસક, ૪ ક્લિબ, ૫ જડ, ૬ રોગી, ૭ ચોર, ૮ રાજાનો અપકાર કરનાર, ૯ ઉન્મત્ત, ૧૦ આંધળો, ૧૧ દાસ, ૧૨ કુષ્ઠી, ૧૩ મૂઢ. ૧૪ કરજદાર, ૧૫ જાતિકર્મ અને શરીરથી દૂષિત, ૧૬ કાંઈપણ સ્વાર્થથી બંધાયેલો, ૧૭ અમુક દ્રવ્યના ઠરાવથી રાખેલો ચાકર અને ૧૮ માતાપિતાદિની રજા વગર આવનાર એ અઢાર પ્રકારના પુરૂષો દીક્ષા લેવાને લાયક નથી.

આવા જ દોષવાળી અઢાર પ્રકારના દોષવાળી સ્ત્રીઓ તથા સગર્ભા અને નાના છોકરાવાળી એ રીતે વીસ પ્રકારની સ્ત્રીઓ દીક્ષાને લાયક નથી.

૧૦ પ્રકારના નપુંસકો પણ દીક્ષાને લાયક નથી. તેથી વિશેષ હકીકત શાસ્ત્રમાંથી જોઈ લેવી.

तथा उचिते अनुज्ञापनेति ॥३१॥

અર્થ:-યોગ્ય વસ્તુ ગ્રહણ કરવામાં પણ ગુરૂની અનુજ્ઞા માગવી.

ભાવાર્થ:-ઉચિત પિંડાદિ ગ્રહણ કરવામાં પણ ગુરૂની તથા દ્રવ્યના સ્વામીની રજા માગવી. "મને આ વસ્તુ ગ્રહણ કરવાની રજા આપો" એમ કહી તે તે વસ્તુ ગ્રહણ કરવી, નહિ તો અદત્તાદાનનો પ્રસંગ આવે. શાસ્ત્રમાં કહેલા ગુરૂ અદત્તનો દોષ લાગે.

तथा निमित्तोपयोग इति ॥३२॥

અર્થ:-શકુન વગેરે નિમિત્તનો વિચાર કરવો.

ભાવાર્થ:-ઉચિત એવો આહાર ગ્રહણ કરવા ઈચ્છતા સાધુ પુરૂષે શુદ્ધિ અને અશુદ્ધિને સૂચવનારા, સાધુજનને વિષે પ્રસિદ્ધ, એવા શકુનનો વિચાર કરવો. જો નિમિત્ત અશુદ્ધ લાગે તો ચૈત્ય-વન્દન આદિ શુભક્રિયા કરવી. તે પછી ફરીથી નિમિત્ત શોધવું, એમ કરવા છતાં જો ત્રણવાર નિમિત્ત અશુદ્ધ લાગે તો સાધુએ તે દિવસે કાંઇપણ ગ્રહણ કરવું નહિ. જો બીજે કાંઈ લાવ્યો હોય તો ભોજન કરવામાં બાધ નથી. નિમિત્ત શુદ્ધ ભલે હોય પણ-

अयोग्येऽग्रहणम् इति ॥३३॥

અર્થ:-અયોગ્યનું ગ્રહણ ન કરવું.

ભાવાર્થ:-અયોગ્ય આહાર ગ્રહણ ન કરે, કારણ કે તેથી પોતાના ઉપર ઉપકાર થતો નથી. શાસ્ત્રમાં જે પ્રકારનો આહાર ગ્રહણ કરવાનો વિધિ બતાવ્યો છે, તે વિધિ પ્રમાણે બેતાલીસ દોષ રહિત આહાર ગ્રહણ કરવો.

तथा अन्ययोग्यस्य ग्रहः इति ॥३४॥

અર્થ:-બીજાને યોગ્ય હોય તેવી વસ્તુ ગ્રહણ કરે.

ભાવાર્થ:-પોતાને ખપ ન હોય છતાં બાલ વૃદ્ધ માંદા

સાધુને જે વસ્તુ ઉપયોગી હોય, તે તેમના પર ઉપકાર કરવા માટે ગ્રહણ કરે.

આ પ્રમાણે ગ્રહણ કરી લાવ્યા પછી શું કરે ? તે કહે છે.

गुरोर्निवेदनमिति ॥३५॥

અર્થ:–ગ્રહણ કરેલી વસ્તુનું ગુરૂને નિવેદન કરવું.

ભાવાર્થ:–ઉપાશ્રયથી સો હાથ ઉપર દૂર લઈ જવાયેલી વસ્તુનું નિવેદન જવા આવવાની શુદ્ધિ માટે આલોયણા લીધા પછી કરવું. અને જો સો હાથની અંદરથી તે વસ્તુ લાવવામાં આવી હોય તો તરત જ ગુરૂને નિવેદન કરવું. જેના હાથથી જે રીતે વસ્તુ મળી હોય, તે સર્વ નિવેદન કરી તે વસ્તુ ગુરૂને સોંપવી.

स्वयमदानम् इति ॥३६॥

અર્થ:–પોતે કોઈને આપે નહિ.

ભાવાર્થ:–પોતે લાવેલો છતાં તે વસ્તુ જાતે કોઈને આપે નહિ. કારણ કે તે વસ્તુ ગુરૂને સ્વાધીન કરેલી છે, માટે ગુરૂ આજ્ઞા સિવાય કોઈને તે આપી શકે નહિ. જો તેમાંથી બાળ, વૃદ્ધ માંદા સાધુ વગેરેને પોતાની મેળે ગુરૂ આપે તો બહુ સારૂં કાર્ય; જો ગુરૂ કોઈ પણ કારણથી વ્યગ્ર ચિત્તને લીધે પોતે આપે નહિ અને લાવનાર શિષ્ય પાસે અપાવે તો–

तदाज्ञया प्रवृत्तिरिति ॥३७॥

અર્થ:– તેમની આજ્ઞાથી પ્રવૃત્તિ કરે.

ભાવાર્થ:–ગુરૂની આજ્ઞા લઈને શિષ્યે સર્વ વસ્તુઓ વહેંચી આપવી.

उचितछन्दनामिति ॥३८॥

અર્થ:– યોગ્ય પુરૂષની નિમંત્રણા કરવી.

ભાવાર્થ:–પોતાની સાથે ભોજન કરવાવાળા બાલ સાધુ વગેરેને અન્ન ગ્રહણ કરવામાં અભિલાષા ઉત્પન્ન કરાવી, તે તે વસ્તુ આપવી; પણ બીજાને ન આપવી, કારણ કે તેમને આપવાનો તેનો અધિકાર નથી, આ પ્રમાણે સાધુઓને વહેંચી આપતાં જે બાકી રહે તેનું શું કરે તે કહે છે.

धर्मायोपभोग इति ॥३९॥

અર્થ:–ધર્મ માટે ઉપભોગ કરે.

ભાવાર્થ:–શરીર એ ધર્મનું પ્રથમ સાધન છે, તેથી ધર્મ–કાર્યમાં શરીર યોગ્ય સાધનરૂપ થાય તે માટે બાકી રહેલો આહાર પોતે વાપરે પણ શરીર, આકૃતિ અથવા બળવીર્ય વધારવા પોતે અન્ન વાપરે નહિ. શાસ્ત્રમાં કહ્યું છે કે.

ભૂખની વેદના શમાવવા માટે વૈયાવચ્ચ (સેવા) કરવા માટે, ઈર્યા સમિતિ શોધવા માટે, સંયમ ધારણ કરવા માટે, પ્રાણ ધારણ કરવા માટે અને ધર્મ ચિંતવન કરવા માટે અન્નાદિકનો ઉપભોગ કરવો.

तथा विविक्तवसतिसेवेति ॥४०॥

અર્થ–એકાંત સ્થળમાં નિવાસ કરવો.

ભાવાર્થ:–જ્યાં સ્ત્રી, પશુ અને નપુંસક વાસ ન કરતા હોય, તેવા એકાંત સ્થળમાં સાધુએ બ્રહ્મચર્યના રક્ષણ માટે રહેવું. બ્રહ્મચર્ય એ સાધુઓનું ઉત્તમોત્તમ વ્રત છે. તે વ્રતનો જે ભંગ કરે છે, તે પાંચે મહાવ્રતનો ભંગ કરે છે, એમાં જરામાત્ર સંશય નથી.

આ પછીના જે આઠ સૂત્ર કહેવામાં આવશે તે સર્વે બ્રહ્મચર્યના રક્ષણ માટે છે. બાહ્ય કારણો પણ શરૂઆતના પગથીયામાં અંતરમાં તેવા પ્રકારના ભાવ ઉત્પન્ન કરવા સમર્થ થાય છે, માટે નિમિત્ત કારણો પણ શુદ્ધ અને પવિત્ર રાખવા.

तत्र स्त्रीकथापरिहार इति ॥४१॥

અર્થ:—સ્ત્રી કથાનો ત્યાગ કરવો.

ભાવાર્થ:—બ્રહ્મચારી પુરૂષે તો સ્ત્રીકથાનો તદ્દન પરિહાર કરવો. હાલમાં લખાતાં નોવેલો તેમજ કથાઓ ઘણી ખરી સ્ત્રીઓના વર્ણનથી ભરપૂર હોય છે; કામને ઉદ્દીપન કરનારા તે ગ્રંથો નીવડે છે. માટે સ્ત્રીકથા સાંભળવી નહિ તેમ વાંચવી નહિ.

તે કથા ચાર પ્રકારની ટીકાકાર લખે છે. જાતિકથા, કુળકથા, રૂપકથા, અને વસ્ત્ર કથા.

આ કથાઓ મનને વિહ્વલ કરી નાંખે છે, અને મન, ઈન્દ્રિયોને વિષય તરફ પ્રેરે છે, અને બ્રહ્મચર્યનો ભંગ થવાનો અથવા સ્વપ્નમાં વીર્યસ્રાવ થવાનો ઘણોજ ભય રહે છે. માટે જે લોકોએ અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળવાનું મહાવ્રત અંગીકાર કર્યું છે, તેવા પુરૂષોએ કામને વિષયવાસનાને ઉદ્દીપન કરનારી સ્ત્રી કથાનો ત્યાગ કરવો.

निषद्यानुपवेशनम् इति ॥४२॥

અર્થ:—સ્ત્રીના આસન ઉપર બ્રહ્મચારીએ બેસવું નહિ.

ભાવાર્થ:—પાટ, પાટલો પ્રમુખ વગેરે સ્ત્રીને બેસવાની જગ્યા ઉપર સ્ત્રી ઉઠી ગયા પછી પણ બે ઘડી સુધી સાધુએ બેસવું નહિ. કારણ કે જો તત્કાળ સાધુ તે સ્થાને બેસે, તો સ્ત્રીના શરીરના સંયોગથી પાટલામાં આવેલા ઉષ્ણ સ્પર્શથી મનને વિહ્વલ થવાનો ભય રહે છે. શરીરમાંથી પરમાણુઓ સમયે સમયે ખરે છે, અને નવા નવા આવે છે, માટે જે સ્ત્રી વિષયી હોય, તેના વિચારના પરમાણુઓ તેજ સ્થળે ખરેલા હોય. પરમાણુઓ અદૃશ્ય છે, પણ શરીરના સબંધમાં આવતા તેવા પ્રકારનો વિચાર ઉત્પન્ન કરવા સમર્થ થાય છે. માટે બ્રહ્મચારીએ તેજ સ્થળે તરતજ ન બેસવું.

इन्द्रियाऽप्रयोग इति ॥४३॥

અર્થ:—સ્ત્રીના શરીરના અવયવો તરફ પોતાની ઇન્દ્રિયનો પ્રયોગ ન કરે.

ભાવાર્થ:—સ્ત્રીના અંગના અવયવો બ્રહ્મચારીએ ધારી ધારીને ન જોવાં. ત્યારે શું બ્રહ્મચારીએ દૃષ્ટિ બંધ રાખી વર્તવું ? ના. કહેવાનો ભાવાર્થ એવો છે કે સ્ત્રી આદિને બ્રહ્મચારી દેખે તો ખરો પણ આ સારી છે, આ નરસી છે, આ અવયવ મનોહર છે, આ અવયવ સુંદર છે એવો વિચાર તેણે કરવો નહિ. તેમજ કોઈ પ્રકારે સ્ત્રીઓનાં કોઈ અંગ ઉપર સહજ દૃષ્ટિ પડી તો ફરીથી તે અંગ જોવા નેત્રનો ઉપયોગ કરે નહિ. કોઈપણ ઇન્દ્રિયનો સ્ત્રીના અંગ સાથે વ્યાપાર ન કરવો, એ નિયમ બ્રહ્મચારીએ પાળવાનો છે. શાસ્ત્રમાં લેખ છે કે જે સ્થળે સાધુઓ વસતા હોય, તે સ્થળે ચિત્રામણની પૂતળી પણ હોવી જોઈએ નહિ. કારણ કે તેના અંગ ઉપર દૃષ્ટિ પડવાથી મન પણ ચક્ષુની પાછળ ખેંચાય, અને તેથી વિષયની જાગૃતિ થતાં અનર્થ થવાનો સંભવ રહે.

कुडयान्तरदाम्पत्यवर्जनम् इति ॥४४॥

અર્થ:—એક ભીંતને અંતરે સ્ત્રી પુરુષ વસતા હોય તેવા સ્થાનનો સાધુએ ત્યાગ કરવો.

ભાવાર્થ:—જે સ્થાનમાં સ્ત્રી પુરૂષ સુતાં હોય તે સ્થાનથી ફક્ત એક ભીંતનું અંતર હોય, તેવી જગ્યાએ સાધુ પુરૂષે વસવું યોગ્ય નહિ. કારણ કે સ્ત્રી પુરૂષ કામ ક્રીડાની વાર્તા કરતા હોય તે જો તે સાધુના સાંભળવામાં આવે તો તેનું મન વિહ્વળ થાય, અને ધ્યાન, સ્વાધ્યાય વગેરે થઈ શકે નહિ. માટે તેવા સ્થાનમાં બ્રહ્મચારીએ વસવું ઉચિત નથી.

पूर्वक्रीडितास्मृतिरिति ॥४५॥

અર્થ:—સ્ત્રી સાથે પ્રથમ ક્રીડા કરી હોય તે સંભારે નહિ.

ભાવાર્થ:-સાધુ થતાં પહેલાં સ્ત્રી સાથે જે જે અનેક પ્રકારના વિલાસ વગેરે કર્યા હોય તે સાધુ પુરૂષે સંભારવા નહિ; કારણ કે તે સંભારવાથી વશ થયેલું મન તેનું ચિંતન કરવા પ્રેરાય છે. અને,

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते.

વિષયનું ધ્યાન કરનાર પુરૂષને તે તે વિષયો પ્રત્યે આસક્તિ થાય છે.

આસક્તિથી તે મેળવવાની ઈચ્છા થાય છે, અને પછી એક ઉપર બીજો અનર્થ થાય છે. માટે જેમ સર્પ કાંચળીનો ત્યાગ કર્યા પછી તે કાંચળી સામું જોતો પણ નથી, તે રીતે પૂર્વના વિલાસો કદાપિ સંભારવા નહિ. જેણે ભોગ ભોગવી સંસારની અસારતા સમજી સાધુ વેષ ગ્રહણ કર્યો હોય તેને ઉદ્દેશીને આ બોધ છે.

प्रणीताभोजनमिति ॥४६॥

અર્થ:—અતિ સ્નિગ્ધ ભોજનનો ત્યાગ કરવો.

ભાવાર્થ:—જેમાંથી ઘીના બિંદુઓ ટપકે છે, તેવા સ્નિગ્ધ પદાર્થોનો બ્રહ્મચારીએ ત્યાગ કરવો. ઉપલક્ષણથી કામ વિકારની વૃદ્ધિ કરે તેવા સર્વ પદાર્થોનો ત્યાગ કરવો એજ સાર છે. શરીર અને મનને નિકટનો સંબંધ છે, અને શરીરનો સંબંધ આહાર ઉપર આધાર રાખે છે; માટે જેથી કામોદ્દીપક વીર્યની વૃદ્ધિ થાય તેવો આહાર બ્રહ્મચારીએ લેવો નહિ.

अतिमात्राभोग इति ॥४७॥

અર્થ:—અતિશય આહારનો ભોગ ન કરવો.

ભાવાર્થ:-જો કે અતિ સ્નિગ્ધ ન હોય, તોપણ બત્રીસ કોળીઆનું જે શાસ્ત્રમાં પ્રમાણ બતાવવામાં આવ્યું છે, તેના કરતાં

વધારે આહાર કરવો નહિ. ઇન્દ્રિયોરૂપી ઘોડા બહેકી ન જાય, અને તેમના સ્વામીને વશ રહે તે માટે આહાર યોગ્ય પ્રમાણમાં લેવાનો ઉપદેશ છે.

विभूषापरिवर्जनमिति ॥४८॥

અર્થ:–સાધુએ શણગારનો ત્યાગ કરવો.

ભાવાર્થ:–જે સાધુ પુરૂષો છે, તેમણે શરીર શોભાવવા નિમિતે કોઈ પણ પ્રકારનો શૃંગારી વેશ ધારણ કરવો નહિ. આ જે નવ બાબતો છે, તે બ્રહ્મચર્યનું રક્ષણ કરવાની નવ વાડો છે, માટે તમાં અતિચાર ન લાગે તે રીતે પાળવી. કારણ કે મોહને ઉત્પન્ન કરવાના આ નવ પ્રબળ સાધનો છે.

तथा तत्त्वाभिनिवेश इति ॥४९॥

અર્થ:–તત્વને વિષે અત્યંત આદર રાખે.

ભાવાર્થ:—જ્ઞાન, દર્શન અને ચારિત્રની જેથી પુષ્ટિ થાય, તેવાં ધર્મ કાર્યોમાં બહુજ ભાવ રાખે. પોતાનાથી જે બની શકે તેવાં હોય, તે કરવા તે તત્પર થાય, અને જે પોતાને હાલ અશકય લાગતાં હોય તેમાં ભાવ રાખે, એટલે તે આદરવાને હું કયારેય શક્તિમાન થઉં એવી ઉચ્ચ ભાવના ભાવે. શકય અનુષ્ઠાનમાં પ્રમાદ ન કરવો અને અશકય અનુષ્ઠાનનો પ્રારંભ ન કરવો, પણ તે સંબંધી ભાવ રાખવો એજ સાર છે.

तथा युक्तोपधिधारणमिति ॥५०॥

અર્થ:—પોતાને ઉચિત ઉપધિ (ઉપકરણ) ધારણ કરે.

ભાવાર્થ:–શાસ્ત્રમાં જેટલું પ્રમાણ વર્ણવેલું છે, તેટલા પ્રમાણવાળા ઉપકરણ હોવા જોઈએ. લોકો જેની નિંદા ન કરે, અને પોતાને તથા પરને રાગ–મમતા ઉત્પન્ન ન થાય તેવા વસ્ત્ર, પાત્ર વગેરે ઉપકરણો સાધુ રાખે; જેટલા ઉચિત હોય તેટલા રાખે, વધારે

હોય તો તેનો ત્યાગ કરે. જેથી સંયમને બાધ ન આવે તેટલાં સાધનો રાખવાં.

तथा मूर्च्छात्याग इति ॥५१॥

અર્થ—મૂર્છાનો ત્યાગ કરવો.

ભાવાર્થ:—પોતાને માટે સંયમ પાળવા માટે સાધનભૂત એવાં ઉપકરણો સાધુ ભલે રાખે, પણ તેમાં મૂર્છા ન રાખે તે મારાં છે એવી મમત્વ ભાવનાનો ત્યાગ કરે, કારણ કે પાંચમું અપરિગ્રહનું વ્રત તેણે લીધેલું છે, તેથી મૂર્છાનો મમત્વ ભાવનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે થોડાં સાધનો હોય, પણ જો તેમાં મૂર્છા ભાવ હોય, અત્યંત આસક્તિ હોય તો ત્યાં પણ પરિગ્રહ છે. આ સમજવા જેવી બાબત છે.

तथा अप्रतिबद्धविहरणमिति ॥५२॥

અર્થ:—પ્રતિબંધ રહિતપણે વિહાર કરે.

ભાવાર્થ:—સાધુઓનો વિહાર પ્રતિબંધ રહિત છે. દેશ, ગામ, કુલ ઇત્યાદિકને વિષે મમત્વ ભાવ રાખ્યા સિવાય જુદે જુદે સ્થળે વિહાર કરવો. અમુક શહેરમાં મારા બહુ ભક્તો છે, અથવા અમુક શહેરમાં મને માનપૂજા બહુ મળશે એવો ભાવ રાખ્યા સિવાય લોકના કલ્યાણ અર્થે વિવિધ ગામમાં સાધુએ વિહાર કરવો.

तथा परकृतबिलवास इति ॥५३॥

અર્થ:—અન્ય પુરુષે કરેલા સ્થાનમાં વાસ કરવો.

ભાવાર્થ:—ગૃહસ્થે સાધુ નિમિત્તે કરેલું ન હોય, પણ ગૃહસ્થને પોતાના નિમિત્તેજ જે ઉપાશ્રય આદિ સ્થાન બંધાવ્યું હોય, ત્યાં સાધુએ વાસ કરવો, તે સ્થાન સર્પને રહેવાના બિલ જેવું એટલે સાધુ માટે કોઈ પણ સંસ્કાર કર્યા વિનાનું શોભા કરાવ્યા વિનાનું હોવું જોઈએ. તેવા સ્થાનમાં સાધુ વાસ કરે.

तथा अवग्रहशुद्धिरिति ॥૫૪॥

અર્થ:–ગ્રહણ કરેલી ભૂમિની શુદ્ધિ કરી ત્યાં વાસ કરવો.

ભાવાર્થ:—સાધુની પોતાની તો કોઈ જમીન નથી, માટે જમીનમાં વાસ કરતા પહેલા સાધુએ દેવેન્દ્ર, રાજા, ગૃહપતિ શય્યાતર (ઘરનો સ્વામી) અને સાધર્મિક આ પાંચેની અનુજ્ઞા માગવી.

દક્ષિણ દિશાનો ધણી સૌધર્મેન્દ્ર છે, માટે ભરતખંડના યતિએ તેની આજ્ઞા પ્રથમ માગવી, તેમજ ભરતક્ષેત્રનો રાજા ચક્રવર્તી વગેરે હોય તેની આજ્ઞા માગવી, પછી ગૃહપતિની એટલે તે દેશના નાયકની રજા માગવી. પછી તે નિવાસ આપનાર ઘરના સ્વામીની રજા માગવો, અને છેવટે જે નગરમાં વાસ કરે તેની આસપાસ પંચક્રોશ પર્યન્તમાં રહેલા આચાર્ય, ઉપાધ્યાદિની રજા માગે. પોતાને જેટલા જમીનના ભાગની જરૂર હોય, તેટલા ભાગને માટે આ રીતે આજ્ઞા માગવો એ અવગ્રહ શુદ્ધિ કહેવાય. આ રીતે અવગ્રહ શુદ્ધિ કરી સાધુ ત્યાં વાસ કરે.

मासादिकल्प इति ॥૫૫॥

અર્થ:—માસાદિક કલ્પ પ્રમાણે વિહાર કરે.

ભાવાર્થ:—માસકલ્પ અને આદિ શબ્દથી ચતુર્માસકલ્પ સમજવો. એક માસ સુધી એકજ સ્થળે રહે, પછી બીજે સ્થળે વિહાર કરે, ત્યાં એક માસ રહી ત્રીજે સ્થળે વિહાર કરે, શાસ્ત્રમાં જે રીતે માસકલ્પ તથા ચતુર્માસકલ્પ કરવાનો કહ્યો છે, તે રીતે કરે. પણ જો દુષ્કાળ પડે, રાજાઓનું પરસ્પર યુદ્ધ ચાલે, પોતાને પગે ચાલી વિહાર કરવાનું બળ ઓછું થયું હોય, તેવા સમયમાં જુદા જુદા દેશમાં ફરી માસકલ્પ વગેરે કરવાનું ન બને તો શું કરવું ? તેનો શાસ્ત્રકાર જવાબ આપે છે.

एकत्रैव तत्क्रियति ॥५६॥

અર્થ:—એકજ ક્ષેત્રને વિષે તે માસકલ્પ વગેરે કરે.

ભાવાર્થ:—એક માસ થાય ત્યારે તેમણે એક નગર છોડી બીજા નગરમાં જવું એવો ઉત્સર્ગ નિયમ માસકલ્પ કરનાર સાધુને માટે છે. ઉપર જણાવેલા કારણોથી તેમ ન બની શકે તેમ હોય તો જે સ્થાનમાં પોતે રહેતા હોય, તે બદલી બીજા સ્થાનમાં રહેવા જવું. તે ન બનતું હોય, તો એક શેરી બદલી બીજી શેરીમાં વાસ કરવો, તે પણ કરવાને અસમર્થ હોય, તો એકને એક સ્થળ વિષે રહી સંથારાભૂમિને બદલે, જે ભૂમિમાં પોતે સંથારો કર્યો હોય, તે ભૂમિને છોડીને બીજી ભૂમિમાં સંથારો કરે; પણ પોતાના કલ્પને દૂષણ ન લાગે તેમ વર્તવું.

શાસ્ત્રમાં કહ્યું છે કે "જિનશાસન વિશે રહેલા મુનિઓ વિહાર અને પડિમા વહેવાના સંબંધમાં છેવટે સંથારાનું પરિવર્તન પણ કરે."

तत्र च सर्वत्राममत्वमिति ॥५७॥

અર્થ:—ત્યાં પણ સર્વ સ્થળે મમતાનો ત્યાગ કરે.

ભાવાર્થ:—વૃદ્ધાવસ્થા વગેરે ઉપર જણાવેલાં કારણોથી એક સ્થળે વાસ કરવો પડે છતાં તે સ્થળમાં રહેલી વસ્તુઓ, અથવા ઉપાશ્રય, અથવા પુસ્તકો ઉપર મમત્વભાવ ધારણ કરવો સાધુને કલ્પે નહિ.

મમત્વનો ત્યાગ કરવાના અને લોકોને બોધ આપવાના કારણથી જુદે જુદે સ્થળે વિહાર કરવાની શાસ્ત્રાજ્ઞા છે. પણ શરીરની અશક્તિને લીધે વિહાર થઈ ન શકે તો પણ તે સ્થળ આશ્રયી મમત્વભાવ ન રાખવાનો ઉપદેશ છે.

तथा निदानपरिहार इति ॥५८॥

અર્થ:—નિયાણાનો ત્યાગ કરવો.

ભાવાર્થ:-ધર્મરૂપી કલ્પવૃક્ષ છે. તેનું મૂળ સમ્યગ્દર્શન છે. જ્ઞાન અને વિનય વગેરે તેનો સ્કન્ધ ભાગ છે; દાન, શીલ, તપ અને ભાવ રૂપ શાખા ઉપશાખા છે. અને મનુષ્ય સંબંધી સુખો રૂપ પુષ્પ છે, અને પરમ કલ્યાણનું સ્થાન મોક્ષ તે રૂપ ફળ છે.

આવા ધર્મરૂપ કલ્પવૃક્ષને છેદનાર નિયાણું છે; માટે ધર્મકરણી કરી કદાપિ દેવતાની અથવા રાજાદિકની ઋદ્ધિની વાંચ્છના કરવી નહિ. હંમેશા લક્ષ્યબિન્દુ મોક્ષ હોવું જોઈએ. જેમ અનાજ ઉગાડવા જતાં ઘાસ વગેરે ઉગે છે. તેમ મોક્ષરૂપ ઋદ્ધિ મેળવવા જતાં દેવના તથા મનુષ્ય સંબંધીનાં સુખ તો ઘાસ રૂપે સ્વયમેવ મળી જશે. માટે નિરંતર નિષ્કામ વૃત્તિથી કામ કરવું.

જ્યાં સુધી મનુષ્યને કોઈ પણ પ્રકારે કોઈ પણ વસ્તુની ઇચ્છા છે, ત્યાં સુધી તે વસ્તુ મેળવવા તેણે જન્મ લેવોજ પડે. પણ ઇચ્છા વગર શુભ કામ કરે છે, તેને શુભ કામો બંધનરૂપ થતાં નથી. અને કદાચ કોઈ પણ બીજા બાકી રહેલા કાર્યના ઉદયથી જન્મ લેવો પડે, તે શુભ કર્મથી બંધાયેલું પુણ્ય સમૃદ્ધિરૂપે તેને મળે છે. માટે કોઈ પણ પ્રકારનું નિયાણું બાંધવું નહિ. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ-

यः पालयित्वा चरणं विशुद्धं करोति भोगादिनिदानमज्ञः ।
हि वर्द्धयित्वा फलदानदक्षं स नन्दनं भस्मयते वराकः ॥१॥

જે મૂર્ખ માણસ વિશુદ્ધ ચારિત્ર પાળીને, ભોગાદિક મેળવવાનું નિયાણું કરે છે, તે મંદ પુરૂષ ફળ આપવાને ચતુર એવા નન્દવનને વૃદ્ધિ પમાડીને બાળી દે છે. ત્યારે હવે કરવું શું તેનો જવાબ આપે છે.

विहितमिति प्रवृत्तिरिति ॥५९॥

અર્થ:--શાસ્ત્રમાં કહ્યું છે એમ ધારીને પ્રવૃત્તિ કરવી.

ભાવાર્થ—ભગવંતે કરુણા કરી આપણને જણાવ્યું છે, કે આ આપણું કર્તવ્ય છે, માટે તે કર્તવ્ય બજાવવું. ભગવદ્ગીતા પણ તે જ સિદ્ધાન્તને પુષ્ટિ આપતાં કહે છે કેઃ-

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ॥

તારો અધિકાર કર્મમાં છે, પણ કર્મના ફળમાં નથી. માટે આપણે તો નિષ્કામ વૃત્તિથી કર્તવ્ય કરવું, ફળ શું આવે છે તે આપણે વિચારવું નથી.

કારણ કે નિષ્કામ વૃત્તિથી કરેલું કામ બન્ધનકારક નથી. પુણ્ય અને પાપ બન્ને બન્ધનકારક છે. એક સોનાની બેડી છે, બીજી લોઢાની બેડી છે, પણ બેડી તો છે. પણ આસક્તિ રહિત કરેલું પુણ્ય પાપને બદલે સંવર અને નિર્જરા કરે છે.

तथा विधिना स्वाध्याययोग इति ॥६०॥

અર્થ:–વિધિ પ્રમાણે સ્વાધ્યાય કરવો.

ભાવાર્થ:–શાસ્ત્રમાં જ્ઞાન ભણવાનો જે વિધિ બતાવવામાં આવ્યો છે, તદનુસાર અતિચાર ન લાગે તેવી રીતે સ્વાધ્યાય કરવો. એટલે શાસ્ત્રના પુસ્તકોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું, યોગ્ય કાળે ભણવું, ગુરુનો વિનય કરવો, બહુમાન કરવું, આ વગેરે નિયમો ધ્યાનમાં રાખી સ્વાધ્યાય કરવો.

तथा आवश्यकापरिहाणिरिति ॥६१॥

અર્થ:—અવશ્ય કરવા યોગ્યની હાનિ ન કરવી.

ભાવાર્થ:–જે જે કાળે જે જે અનુષ્ઠાન સાધુને કરવા યોગ્ય છે, તે તે સાધુએ તે તે કાળે કરવાં તે આવશ્યક કર્મ કહેવાય છે, તે કર્યા સિવાય છુટકો જ નહિ. તે સાધુપણાનાં ચિન્હો છે.

દશવૈકાલિક સૂત્રમાં લખ્યું છે કે:–

"સંવેગ એટલે મોક્ષાભિલાષ રાખવો; નિર્વેદ એટલે ભવથી વૈરાગ્ય રાખવો. વિષયવિવેક એટલે પ્રશસ્ત અને અપ્રશસ્ત વિષયનો ભેદ સમજવો. વળી સારા શીલવંત સાધુજનની સંગતિ કરવી. જ્ઞાનાદિ ગુણની આરાધના કરવી, બાહ્ય અને અભ્યંતર તપ કરવો.

જ્ઞાન દર્શન અને ચારિત્રનો વિનય કરવો. ક્ષમા રાખવી, મૃદુતા રાખવી એટલે માનનો નાશ કરવો. આર્જવભાવ રાખવો એટલે માયાનો ત્યાગ કરવો. વિમુક્તતા એટલે લોભનો ત્યાગ કરવો. અદીનતા એટલે દીનપણાનો ત્યાગ કરવો.

તિતિક્ષા એટલે પરિસહ ઉપસર્ગ વગેરે સહન કરવાં, અને આવશ્યક કર્મની શુદ્ધિ કરવી; એટલે જે રીતે કરવાં જોઈએ તે રીતે ધર્માનુષ્ઠાનો કરવાં એ સર્વ સાધુના લિંગ એટલે ચિન્હો છે.

तथा यथाशक्ति तपःसेवनमिति ॥६२॥

અર્થ:—પોતાની શક્તિ અનુસાર તપનું સેવન કરવું.

ભાવાર્થ:-શાસ્ત્રમાં દરેક સ્થળે કહેલું છે કે પોતાની શક્તિ પ્રમાણે તપ કરવું. હાલમાં જે તપ કરવામાં આવે છે, તેમાં ઘણીવાર પોતાની શક્તિનો જરાપણ વિચાર કરવામાં આવતો નથી, અને શરીર એટલું બધું ગળીને સુકાઈ જાય છે કે ધર્મકાર્ય કરવા યોગ્ય સાધન રહેતું નથી. તેમ બીજી બાજુએ શરીરનું એટલું બધુ લાલન પાલન ન કરવું કે તે આપણે વશ ન રહે; આજ બાબત ખુલ્લા શબ્દોમાં શ્રી મુનિચંદ્રસૂરિ (ટીકાકાર) લખે છે, તે દરેક જૈને હૃદયમાં કોતરી રાખવા લાયક છે.

कायो न केवलमयं परितापनीयो ।
मिष्टैरसैर्बहुविधैर्न च लालनीयः ॥
चित्तेन्द्रियानि न चरन्ति यथोत्पथेन ।
वश्यानि येन च तदाचरितं जिनानाम् ॥१॥

આ શરીરને કેવળ પરિતાપજ ઉપજે તેવો તપ ન કરવો, તેમજ બીજી બાજુએ મધુર વિવિધ પ્રકારના રસ વડે તેનું લાલનપાલન પણ ન કરવું (ત્યારે શું કરવું તે કહે છે.) **ચિત્ત તથા ઇન્દ્રિઓ જેનાથી ઉન્માર્ગે ન ચાલે,**

અને વશ થાય, એવું જિનેશ્વર પરમાત્માનું આચરેલું તપ છે.

શરીર એ સાધન છે. અને તે સાધનનો નાશ કરવાથી આત્મ-કલ્યાણ કદાપિ થવાનું નથી. તે સાધન સ્વેચ્છાએ ચાલી મનને તથા આત્માને પોતાના સ્વાધીન ન કરી લે તે માટે તેને વશ કરવાનું છે. આ બાબત ઘણીવાર પ્રસંગે પ્રસંગે આ પુસ્તકમાં વર્ણવામાં આવી છે, છતાં તેની એટલી બધી જરૂર છે કે ફરીથી તે કહેવામાં પુનરુક્તિદોષ લાગતો નથી.

तथा परानुग्रहक्रियेति ॥६३॥

અર્થ:—પરનો અનુગ્રહ થાય તેવી ક્રિયા સાધુએ કરવી.

ભાવાર્થ:-જેમ બને તેમ જ્ઞાનદાન આપી અન્યને ઉપકાર કરવો. કારણ કે વિદ્યાદાન અન્યદાન કરતાં અધિક છે, અને ધર્મના જ્ઞાનનું દાન તો તેથી પણ અધિક લાભકારી છે, કારણ કે ધર્મના ઉચ્ચ સિદ્ધાંતનું જ્ઞાન અને કેવળ તેજ જ્ઞાન-મનુષ્યને જન્મ મરણના ચક્રમાંથી મુક્ત કરવા સમર્થ છે, માટે અનુગ્રહ બુદ્ધિથી લોકોને ઉપદેશ આપવો.

સાંભળનારને લાભ થાય યા ન થાય પણ અનુગ્રહ બુદ્ધિથી ઉપદેશ આપનારને તો એકાન્ત લાભ છે; માટે જેમ જેમ જ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ વધારે વધારે નમ્રતા ધારણ કરવી, અને તે જ્ઞાનનો ફેલાવો થાય તેમ પ્રયત્ન કરવો એજ સાધુ પુરૂષોનો પરમધર્મ છે.

तथा गुणदोषनिरूपणमिति ॥६४॥

અર્થ:—સર્વ ક્રિયાને વિષે ગુણ દોષનું નિરૂપણ કરવું.

ભાવાર્થ:—કોઈપણ કાર્ય કરતા પહેલા તેના ગુણ દોષનું પોતાના મન સાથે વિવેચન કરે. આ કાર્યથી લાભ કેટલો થશે, અને હાનિ કેટલી થશે તેનો પ્રથમ નિર્ણય કરે. પછી શું કરે તે જણાવે છે.

ततो बहुगुणे प्रवृतिरिति ॥६५॥

અર્થ:—બહુ ગુણવાળી ક્રિયામાં પ્રવૃતિ કરવી.

ભાવાર્થ:—બહુ ગુણવાળું એટલે કેવળ ગુણમય જે કાર્ય લાગતું હોય, તે કાર્યમાં સાધુ પુરૂષે પ્રવૃત્તિ કરવી, પણ જે કાર્યમાં ગુણ કરતાં દોષ બહુજ હોય અથવા કેવળ દોષમય હોય, તેવા કાર્યમાં પ્રવૃત્તિ કરવી સાધુને ઘટિત નથી.

આ અપૂર્ણ જગતનું એવું એક પણ કાર્ય નથી કે જે કાંઈ પણ દોષ મિશ્રિત ન હોય. માટે લાભાલાભનો વિચાર કરી જેમાં અધિક લાભ જણાતો હોય, તેવા કાર્યમાં સાધુ પુરૂષે પ્રવૃત્તિ કરવી એ કહેવાનું તાત્પર્ય છે.

तथा क्षान्तिर्मार्दवमार्जवमलोभतेति ॥६६॥

અર્થ:– ક્ષમા, મૃદુતા, સરલતા, અને સંતોષ રાખવાં.

ભાવાર્થ:—ક્રોધ, માન, માયા, અને લોભ રૂપ ચાર મહા શત્રુઓ છે, અને સંસાર સમુદ્રમાં રખડાવનારા મોહરાજાના તે સુભટો છે. તેમને હરાવવા તેમનો નાશ કરવા તેમના પ્રતિસ્પર્ધી વધારે સામર્થ્યવાળા ચાર સુભટો સાધુએ રાખવાં.

ક્રોધનો નાશ કરવા ક્ષમા,
માનનો નાશ કરવા મૃદુતા,
માયાનો નાશ કરવા સરલતા,
લોભનો નાશ કરવા સંતોષ.

આ ચાર ગુણો સાધુ ધર્મની મૂળ ભૂમિકા રૂપ છે, આધાર રૂપ છે, માટે નિરંતર તે હૃદયમાં રાખવા.

क्रोधाद्यनुदय इति ॥६७॥

અર્થ:—ક્રોધાદિ ચાર શત્રુઓના ઉદયજ ન થાય તેવો પ્રયત્ન કરવો.

ભાવાર્થ:—કાદવમાં પગ પડે અને પછી તે ધોવાને પ્રયત્ન કરવો પડે તેના કરતાં કાદવમાં પગ ન પડે તે વધારે સારૂ—એ સર્વ કોઈ કબૂલ કરે છે; માટે ક્રોધ વગેરે મનોવિકારો જાગૃત થાય, અને પછી તેમને વિફળ કરવા, તેના કરતાં ક્રોધ વગેરેનો ઉદયજ ન થાય તેવો વ્યવહાર સાધુ પુરૂષે રાખવો.

જે જે કારણોથી ક્રોધ, માન, માયા અને લોભ ઉદયમાં આવે તે તે કારણોનોજ સાધુ પુરૂષે વિચાર પૂર્વક ત્યાગ કરવો ઘટે છે. પણ કદાચ ક્રોધ વગેરેનો ઉદય થયો તો શું કરવું તે વાત શાસ્ત્રકાર જણાવે છે.

तथा वैफल्यकरणमिति ॥६८॥

અર્થ:—ઉદય પામેલા ક્રોધ વગેરેનું નિષ્ફળપણું કરવું.

ભાવાર્થ:—પૂર્વ જન્મ ઉપાર્જિત કર્મના બળથી, તેવાં તેવાં નિમિત્ત કારણો મળવાથી ક્રોધનો ઉદય કદાપિ થાય, છતાં ક્રોધના આવેશમાં જે જે કામ આપણે કરવા ધારતા હોઈએ, તે તે ન કરવું, આથી ક્રોધ વગેરે નિષ્ફળ થશે. આમ થાય ત્યારે જ પૂર્વે જણાવેલા ક્ષમા, મૃદુતા, સરલતા, અને સંતોષ ગુણો ખરી રીતે પરિણમેલા કહી શકાય.

विपाकचिन्तेति ॥६९॥

અર્થ:—ક્રોધ વગેરેના ફળનો વિચાર કરવો.

ભાવાર્થ:—ક્રોધ માન, માયા અને લોભથી આ ભવમાં કેવા માઠાં પરિણામ આવે છે, અને પરભવમાં પણ તેથી કેવાં દુઃખ સહન કરવાં પડે છે, તેનો વિચાર કરી તેનો ત્યાગ કરવો. કહ્યું છે કે,

क्रोधात्प्रीतिविनाशं, मानाद्विनयोपघातमाप्नोति ।
शाठ्यात्प्रत्ययहानिं सर्वगुणविनाशनं लोभात् ॥१॥

ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે, માનથી વિનયનો નાશ થાય છે, (માયા) કપટથી વિશ્વાસનો નાશ થાય છે, અને લોભથી સર્વ ગુણનો નાશ થાય છે. આ રીતે ક્રોધાદિના ઐહિક ગેરલાભનું ચિંતન કરે. આત્માના શુભ અધ્યવસાયનો નાશ કરનાર આ દુર્ગુણો છે. અને તેથી અનેક ભવ સુધી માણસોને સંસારમાં જન્મ મરણના ચક્રમાં રખડવું પડે છે, વગેરે વિચાર કરી તેનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો.

तथा धर्मोत्तरो योग इति ॥ ७०॥

અર્થ:—જેનું ફળ ધર્મ છે તેવો મન, વચન અને કાયાનો વ્યાપાર કરવો.

ભાવાર્થ:—જેથી કલ્યાણ થાય, અને મન પવિત્ર રહે તેવા શુભ વિચારો કરવા. જેથી કોઈને શાંતિ થાય, અથવા જ્ઞાન મળે તેવા વચનો બોલવાં, અને જેથી કોઈનું દુઃખ દૂર થાય, અથવા કોઈને ઉપદ્રવ ન થાય તેવો કોઈ વ્યાપાર કરવો. પણ જેનું ફળ પાપ છે તેવાં વિચારો, વચનો તથા કાર્યો કરવાં નહિ.

तथा आत्मानुप्रक्षेति ॥७१॥

અર્થ:—આત્માનો વિચાર કરે.

ભાવાર્થ:—પ્રાતઃકાળમાં ઉઠી સાધુએ આ પ્રમાણે વિચાર કરવો. હું કોણ છું ? હું અહીંયા કયાંથી આવ્યો ? મારો ધર્મ

શો છે ? મારું કર્તવ્ય શું છે ? મારો સર્વ પ્રાણીઓ સાથે શો સંબંધ છે ? મેં શું કર્યું અને મારે શું કરવાનું બાકી છે ? આ રીતે સાધુએ નિરંતર આત્મનિરીક્ષણ (self-analysis) કરવાનું છે, એક ક્ષણ પણ આ કાર્યમાં પ્રમાદ કરવાનો નથી.

જે લોકો આ પ્રમાણે આત્મનિરીક્ષણ કરી શકે છે તેઓ પોતાના ગુણદોષ યથાર્થ જોઈ શકે છે. ગુણની વૃદ્ધિ કરવા અને દોષને ટાળવા તેઓ મથે છે, અને બહુજ થોડા સમયમાં તેઓ પોતાની ઉન્નતિ સાધી શકે છે. માટે સાધુએ તેમજ શ્રાવકે આ પ્રમાણે આત્મ સંબંધી વિચાર કરવો; આ પ્રમાણે વિચારકર્યા પછી શું કરવું તે કહે છે.

उचितप्रतिपत्तिरिति ॥७२॥

અર્થ:—યોગ્ય અનુષ્ઠાન અંગીકાર કરવું.

ભાવાર્થ:—જેથી ગુણની વૃદ્ધિ થાય, અને પ્રમાદનો નિગ્રહ થાય તેવું ઉચિત અનુષ્ઠાન અંગીકાર કરવું જોઈએ.

तथा प्रतिपक्षसेवनमिति ॥ ७३ ॥

અર્થ:—દોષના શત્રુ-ગુણોનું આસેવન કરવું.

ભાવાર્થ:—દોષનો નાશ કરવાનો સૌથી ઉત્તમ ઉપાય એજ છે કે જે દોષ આપણને પીડાકારી લાગતો હોય, તેનાથી વિરૂદ્ધ ગુણનું આસેવન કરવું. અંધકારને વજ્ર મારવાથી નાશ ન પામે, પણ કેવળ દીપકથીજ નાશ પામે છે. જેમ ઠંડીને નાશ કરવાનો ઉપાય અગ્નિ છે, તેમ દોષને નાશ કરવાનો ઉપાય તેથી વિરૂદ્ધ ગુણનું સેવન છે.

Hatred ceases by Love and by hatred,

દ્વેષ દ્વેષથી નાશ પામતો નથી, પણ પ્રેમથી નાશ પામે છે, તેમજ ક્રોધ ક્રોધથી નાશ પામતો નથી પણ ક્ષમાથી નાશ પામે છે.

તે જ રીતે સર્વે દુર્ગુણોનું સમજવું. જેમ જેમ પ્રેમ વધતો જશે તેમ તેમ દ્વેષ સ્વયમેવ નાશ પામશે. જેમ જેમ ક્ષમા ગુણ વૃદ્ધિ પામશે તેમ તેમ ક્રોધ વિનાશ પામતો જશે. માટે જે દુર્ગુણનો ત્યાગ કરવા આપણે માગતા હોઈએ તેના વિરોધી સદ્‌ગુણનો આશ્રય લેવો.

तथा आज्ञानुस्मृतिरिति ॥७४॥

અર્થ:—ભગવંતની આજ્ઞાનું સ્મરણ કરવું.

ભાવાર્થ:—ક્ષણે ક્ષણે દરેક કાર્ય કરતી વખતે ભગવંતની આજ્ઞા શી છે તેનું સ્મરણ કરવું. ભગવંતના વચનનું સ્મરણ કરવું એ ભગવંતને સ્મરણ કર્યા તુલ્ય હોવાથી બહુ લાભકારી છે. જે પુરૂષો ભગવંતને પૂજે છે, પણ તેમની આજ્ઞા પ્રમાણે ચાલતા નથી તે ખરી રીતે ભગવંતના ભક્ત કહી શકાય નહિ. શાસ્ત્રમાં કહ્યું છે કે,

अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।
हृदयस्थिते च तस्मिन्नियमात्सर्वार्थसंसिद्धिः ॥१॥

જ્યારે ભગવંતનું વચન હૃદયમાં રહ્યું ત્યારે પરમાર્થથી ભગવંતજ હૃદયમાં રહ્યા છે એમ સમજવું. અને જ્યારે ભગવંત હૃદયમાં રહ્યા ત્યારે નિશ્ચે સર્વ અર્થની સિદ્ધિ થઈ એમ સમજવું; માટે ભગવંતની આજ્ઞા હૃદયમાં રાખી દરેક કાર્ય કરવું.

तथा समशत्रुमित्रतेति ॥७५॥

અર્થ:—શત્રુ તથા મિત્ર તરફ સમાન ભાવ રાખવો.

ભાવાર્થ:—શત્રુ તિરસ્કાર કરે, અને મિત્ર સ્તુતિ કરે છતાં સાધુ પુરૂષોને તો બન્ને ઉપર સમભાવ રહે છે; કારણ કે શત્રુ તથા

મિત્રને તે રીતે ભલે સંતોષ મળો, એવો ભાવ સાધુ પુરૂષના હૃદયમાં વર્તે છે. એક ઉપર રાગ નથી. અને બીજા ઉપર દ્વેષ નથી, પણ બન્નેને સમ ગણી બન્નેનું જેથી કલ્યાણ થાય, તેવી પ્રવૃત્તિ સાધુ પુરૂષો રાખે છે.

तथा परीषहजय इति ॥ ७६ ॥

અર્થ:—પરીષહનો જય કરવો.

ભાવાર્થ:-ભૂખ, તરસ વગેરે બાવીસ પરીષહો છે, તેનો ઉદય આવે સમભાવે સહન કરવા અને કર્મની નિર્જરા કરવી. આ બાવીસ પરીષહમાં જે દર્શન પરીષહ છે, તેનો હેતુ સમ્યગ્માર્ગથી પતિત થતાં બચાવવાનો છે, અને બાકીના એકવીસ પરીષહનો હેતુ કર્મની નિર્જરા કરવાનો છે. તેટલા માટે જ લખ્યું છે કે,

मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्या परीषहा इति ॥

માર્ગથી પડી ન જવાય અને કર્મની નિર્જરા થાય તે માટે પરીષહોને સહન કરવા.

तथा उपसर्गातिसहनमिति ॥७७॥

અર્થ:-ઉપસર્ગને અતિશય સહન કરવા.

ભાવાર્થ:—ધર્મ માર્ગે પ્રયાણ કરતાં માર્ગમાં જે જે સંકટો આવે તે ઉપસર્ગો કહેવાય. જે મનુષ્ય સમ્યગ્માર્ગે ચાલી થોડા સમયમાં પોતાની સંસારની પેઢી ઉપાડી નાંખવા માંગતો હોય, તેના લેણુદ્વારા એકદમ તેના ઉપર હલ્લો કરે, તેજ રીતે જે ધર્માત્માઓ થોડા જન્મમાં કર્મઋણથી મુક્ત થવા માગતા હોય, તેમના પર કર્મના લેણુદ્વારા એકદમ તરાપો કરે છે; અને તેથી તેમના માર્ગમાં અનેક ઉપસર્ગો વિઘ્નો આવે છે. કેટલાંક ઉપસર્ગો આ કારણથી આવે છે, વળી સન્માર્ગે ચાલનારને કેટલાક ઉપસર્ગો તેમના સદ્‌ગુણોની કસોટી

કરવા આવી પડે છે; કારણ કે વિઘ્ન આવે માણસના ધૈર્યની પરીક્ષા થાય છે.

ઉપસર્ગો ચાર પ્રકારના હોય છે, દેવો સંબંધી, મનુષ્ય સંબંધી, તિર્યંગ્પ્રાણી સંબંધી અને ચોથા પોતાના અંતર્ગત. આ ચારે પ્રકારના ઉપસર્ગો આવે ત્યારે મનનું સમાધાનપણું ખોવું નહિ, પણ સહનશીલતાથી અને સમભાવથી, પૂર્વોપાર્જિત કર્મના ઉદયાનુસાર તે આવેલો છે એમ સમજી તેમને સહન કરી તેમના પર જય મેળવવો, પણ જે સન્માર્ગે આપણે ચાલવાનો દૃઢ નિશ્ચય કર્યો હોય છે તેથી જરા માત્ર પણ ડગવું નહિ. કારણ કે સકળ સંસાર જ દુઃખમય છે. કહ્યું છે કે:—

संसारवर्त्यपि समुद्वीजते विपद्भ्यो
यो नाम मूढमनसां प्रथमः स नूनम् ।
अंभोनिधौ निपतितेन शरीरभाजा
संसृज्यतां किमपरं सलिलं विहाय ॥१॥

જે પુરૂષ સંસારમાં રહ્યો છતાં દુઃખથી ઉદ્વેગ પામે છે, તે માણસ ખરેખર મૂઢ મનવાળામાં પ્રથમ છે, એટલે મહા મૂઢ છે. જે પુરૂષ સમુદ્રમાં પડેલો છે, તેને જળ વિના બીજું શું અડકવાનું છે? સમુદ્રમાં પડેલા મનુષ્યે જેમ જળનો ભય રાખવો જોઈએ તે જ રીતે આ સંસાર સમુદ્રમાં પડેલા મનુષ્યે વિપત્તિનો ભય રાખવો જોઈએ નહિ, કારણ કે સંસારમાં વિપત્તિ તો સર્વ સ્થળે છે જ, કારણ કે સંસારના પદાર્થોથી ઉપજતા સુખ કિંપાક ફળ જેવા છે, એટલે દુઃખ ગર્ભિત છે; માટે તે દુઃખથી જરા પણ ઉદ્વેગ પામ્યા વિના તે સહન કરવું, અને તેના પર જય મેળવવો.

तथा सर्वथाभयत्याग इति ॥७८॥

અર્થ:—સર્વ પ્રકારે ભયનો ત્યાગ કરવો.

ભાવાર્થ:—જે લોકોને કર્મના અચળ અને સનાતન નિયમમાં વિશ્વાસ છે, તેઓએ કોઈ પણ રીતે ભયને પોતાના હૃદયમાં સ્થાન આપવું જોઈએ નહિ. કારણ કે જે કર્મ પોતે કરેલાં છે તેનું ફળ ભોગવ્યા સિવાય છુટકો નથી, અને જે કર્મ પોતે કરેલાં નથી, તેનું ફળ કદાપિ પોતાને ભોગવવાનું નથી; માટે આપણી હાલની સ્થિતિ આપણા પૂર્વ જન્મના કર્માનુસાર થયેલી છે, અને સુખ દુઃખ પણ તદનુસાર મળે છે; તેથી કોઈ પણ પ્રકારના નિષ્કારણ ભયને માટે સ્થાન નથી.

ભવિષ્ય આપણા હાથમાં છે. જે જે કાર્યો આપણે હાલ કરીએ છીએ, જે જે ઈચ્છાઓ રાખીએ છીએ, અને જે જે વિચારો ધારીએ છીએ તે તે કાર્યો, ઈચ્છાઓ અને વિચારોને અનુસારે આપણો બીજો ભવ નિર્મિત થવાનો છે; તો તેમાં ભયને માટે સ્થાન કયાં છે? વળી જે સાધુઓએ નિરતિચાર યતિધર્મ પાળેલો છે, અને તેથી અનંત સુખ મળે તેવું કર્મ જેમણે ઉપાર્જન કર્યું છે, તેમને મૃત્યુનો પણ ભય હોતો નથી, તો પછી બીજા સામાન્ય ભયની તો ગણત્રીજ શી? મૃત્યુનો ભય આ જગતમાં મોટામાં મોટો છે, તે ભય પણ જેણે જીત્યો છે તે બીજા ભયથી શું કરવા ઉદ્વેગ ધરે? શાસ્ત્રમાં કહ્યું છે કે:

प्रायेणाकृतकृत्यत्वान्मृत्योरुद्विजते जनः ।
कृतकृत्याः प्रतीक्षन्ते मृत्युं प्रियमिवातिथिम् ॥१॥

જે લોકોએ કરવા યોગ્ય કામ કર્યું નથી, તેઓ મૃત્યુથી ઉદ્વેગ પામે છે, પણ જે પુરૂષોએ કરવા યોગ્ય કાર્ય કર્યું છે, તેવા પુરૂષો તો પ્રિય મહેમાનની વાટ જુએ તેમ મૃત્યુની વાટ જુએ છે; કારણ કે મૃત્યુ ઉચ્ચ જીવનનો દરવાજો છે. *

* Death is a gateway to higher life.

तथा तुल्याश्मकाञ्चनतेति ॥७९॥

અર્થ:—પત્થર અને સુવર્ણ સાધુને સરખાં હોવાં જોઇએ.

ભાવાર્થ :—'સમગણે સુવર્ણ પાષાણુરે' એ સાધુનું ચિન્હ છે; જેને મમત્વ ભાવ નથી તેના મનને સુવર્ણ સરખું છે, અને પાષાણ પણ સરખો છે. સાધુ પુરુષોએ સુવર્ણને પણ પાષાણ તુલ્ય ગણી તેના ઉપરથી મમત્વ ભાવ છોડવો; ધનની મૂર્છા ન રાખવી એ હિતબોધ આ વાક્યમાં સમાયેલો છે.

तथा अभिग्रहणमिति ॥८०॥

અર્થ:—સાધુએ અભિગ્રહ ગ્રહણ કરવો.

ભાવાર્થ:—અનેક પ્રકારના અભિગ્રહ લેવાનું શાસ્ત્રમાં કહેલું છે. આજે મારે અમુક દ્રવ્ય મળે તો લેવું, નહિ તો નહિ લેવું; અમુક દ્રવ્ય અમુક વસ્તુ વડે કોઇ આપે તો મારે આજે ગ્રહણ કરવું, અથવા છ પ્રકારની વિગઈમાંથી અમુક પ્રકારની વિગઇનો મારે આજે ત્યાગ છે, અથવા અમુક વખત સુધી આજે હું મૌનવ્રત ધારણ કરીશ. એવાં જુદા જુદા પ્રકારનાં અભિગ્રહો શાસ્ત્રમાં વર્ણવેલાં છે, તેમાંથી પોતે અમુક ગ્રહણ કરે.

આ અભિગ્રહ લેવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે તે લેનારે સાવધ રહેવું. જરા પણ પ્રમાદ કરે તો અભિગ્રહ ભંગ થવાનો ભય રહે છે; આથી શરીર તથા વાણી મનને અનુસરતાં શીખે છે. તે મનુષ્ય વિચાર કર્યા સિવાય બોલતો નથી, તેમજ વિચાર કર્યા સિવાય કોઇ પણ કાર્ય કરતો નથી. નિરંતર સાવધ રહે છે, તેવો ઉચ્ચ ઉદ્દેશ આ અભિગ્રહોમાં રહેલો છે.

तथा विधिवत्पालनमिति ॥८१॥

અર્થ:–વિધિ પ્રમાણે તે પાળવાં.

ભાવાર્થ:—કેવળ અભિગ્રહો લઈ બેસી રહેવાનું નથી પણ તે બરાબર પાળવા અને તે યથાર્થ પળાય છે કે નહિ, તે સાંજે સંભારી જવું અને જે પાળવામાં અતિચાર લાગ્યો હોય, તેની આલોયણા લેવી, અને ફરીથી અતિચાર ન લાગે તેવો નિશ્ચય કરવો.

तथा यथाऽर्हं ध्यानयोग इति ॥८२॥

અર્થ:—યોગ્યતા પ્રમાણે ધ્યાન યોગમાં પ્રવર્તવું.

ભાવાર્થ:—જેવા પ્રકારનો ધ્યાન યોગ ધ્યાતાને યોગ્ય હોય તેવું ધર્મધ્યાન કે શુકલ ધ્યાન યોગ્યતા પ્રમાણે કરવું અથવા **યથાऽર્હં** નો અર્થ જે દેશકાલ ધ્યાનને અનુકૂળ હોય તેને અતિક્રમી ને બીજા કાર્યમાં પ્રવૃત્તિ કરવી નહિં.

પરમાત્માના શાસનમાં કહેલા અને ગુરૂગમથી મેળવેલા ધ્યાન-માર્ગે પ્રવૃત્તિ કરવી. આ અંગેનું વિશેષ પૂજ્યપાદ હેમચંદ્રાચાર્યનાં યોગશાસ્ત્રના ૫ થી ૧૨ પ્રકાશોમાં તથા તેવા અન્ય ગ્રંથોથી જાણી લેવું.

तथा अन्तसंलेखनेति ॥८३॥

અર્થ:–અંતકાળે સંલેખના કરે.

ભાવાર્થ:—જ્યારે સાધુને એમ લાગે કે અંતકાળ નજીક છે, શરીર એવી સ્થિતિ વાળુ થાય કે આત્માના સાધનરૂપ ન રહે, ત્યારે અંત સમયે સાધુ સંલેખના કરે. એટલે તપથી શરીરને કૃશ કરે, અને ભાવનાથી કષાયને પાતળા કરે.

શું આ કામ દરેક સાધુ એક સરખી રીતે કરી શકે? તેના જવાબમાં કહે છે કે—

संहननाद्यपेक्षणमिति ॥८४॥

અર્થ:—પોતાના સંઘયણ વગેરેની અપેક્ષા રાખવી.

ભાવાર્થ:—શરીરના સામર્થ્યની પોતાની ચિત્તવૃતિની તથા આસપાસના સાધુઓની સહાયનો વિચાર કરી સંલેખના કરવી એ ભાવ છે.

દ્રવ્ય સંલેખના અને ભાવ સંલેખના એ બેમાંથી કઈ ઉત્તમ છે? તેનો ઉત્તર શાસ્ત્રકાર આપે છે.

भाव संलेखनायां यत्न इति ॥८५॥

અર્થ:—ભાવ સંલેખના કરવાનો પ્રયત્ન સાધુએ કરવો.

ભાવાર્થ:—કષાય તથા ઈન્દ્રિયોના વિકારને મન્દ કરવા માટે ભાવ સંલેખના કરવાની છે. અને દ્રવ્ય સંલેખના પણ ભાવ સંલેખનાને મદદ કરવા માટેજ શાસ્ત્રકારોએ ઉપદેશી છે. આ સૂત્ર ઉપર ટીકા નીચે પ્રમાણે છે.

સંસારમાંથી મુક્ત થવા ઈચ્છા રાખનારા મુમુક્ષુઓએ મરણનો સમય જાણવા માટે તત્પર રહેવું, મરણકાળને જાણવાના માર્ગ આગમથી, તથા દેવતાના વચનથી, તથા પોતાની સુંદર બુદ્ધિથી, માઠાં સ્વપ્ન જોવા વગેરે અનેક રીતે શાસ્ત્રમાં વર્ણવેલા છે. એવી રીતે મરણનો સમય જાણીને ઉત્સર્ગ માર્ગે પ્રથમથી જ બાર વર્ષ સુધી સંલેખના કરવી. પ્રથમના ચાર વર્ષ સુધી તપ કરવા; ચતુર્થ અષ્ટમ, દશમ દ્વાદશ વગેરે તપ કરવાં. પછી ચાર વર્ષ સુધી વિચિત્ર તપ કરે, પણ પારણે વિગઈ રહિત નીવી તપ કરે એટલે ઉત્કૃટ રસનો ત્યાગ કરે, પછી બે વર્ષ સુધી ચતુર્થ કરે એટલે ઉપવાસ કરે. પારણે આયંબિલ કરે. આ રીતે દશ વર્ષ પુરાં થયા પછી છેલ્લાં બે વર્ષમાં શું કરવું તે હવે બતાવે છે.

અગીયારમાં વર્ષના પ્રથમ છ માસ સુધી ચતુર્થ, ષષ્ઠ, તપ કરે, અને પારણે આયંબિલ કરે, પરંતુ કાંઈક ઉણો આહાર ગ્રહણ

કરે. અગીયારમા વર્ષના બીજા છ માસમાં અષ્ટમ, દશમ અને દ્વાદશાદિક તપ કરે અને પારણે આયંબિલ કરી અગીયારમું વર્ષ પુરૂં કરે, બારમા વર્ષના અંત સુધી કોટિ સહિત નિરંતર આયંબિલ કરે (ઉણોદરી વ્રત સાથે આયંબિલ કરે તેને કોટિ સહિત આયંબિલ કહેવાય છે.) કેટલાક આચાર્યનો એવો મત છે કે બારમા વર્ષમાં ચતુર્થ કરે, અને પારણે આયંબિલ કરે. આ બાબતમાં મતભેદ છે; માટે પોતાના સંપ્રદાયની પરંપરા પ્રમાણે કરે.

બારમા વર્ષમાં આયંબિલ કરે તે ભોજનનો કોળીઓ ઓછો કરતાં કરતાં એક કોળીયા સુધી આવે. પછી એક કોળીયામાંથી કણીઆ ઓછા કરતે કરતે એક કણીઆ સુધી આવે. દીવામાં તેલ અને દીવેટનો સમકાળે નાશ થાય તેવી રીતે શરીર અને આયુષ્યનો સમકાળે નાશ થાય. વળી બારમા વર્ષમાં જ્યારે છેલ્લા ચાર માસ રહે ત્યારે એકાંતરે તેલનો કોગળો ભરી ઘણી વખત સુધી મુખમાં રાખી રાખમાં નાંખી દે; પછી ઉષ્ણ જળથી કોગળા કરે. જો એમ ના કરે તો મુખ ઘણું લુખું પડે અને તેથી નવકાર મંત્રનો ઉચ્ચાર થઇ શકે નહિ. એ રીતે બાર વર્ષની સંલેખના કરી પર્વતની ગુફામાં અથવા જ્યાં ષટ્ જીવનિકાયની રક્ષા થાય તેવા સ્થાનમાં જઈને પાદપોપગમન નામે અનશન અંગીકાર કરે, જ્યારે કોઈ પ્રકારે શરીરના અસામર્થ્યથી એટલા બધા કાળ સુધી સંલેખના થઈ શકે તેમ ન હોય, તો જઘન્યપણાથી છ માસની સંલેખના કરવી; કેમ કે જેણે શરીરનું તથા કષાયનું ઓછાપણું નથી કર્યું એવો સાધુ જો અનશન કરે, તો એકદમ ધાતુનો ક્ષય થાય અને તેથી સમાધિ મરણ અને તેના પરિણામ રૂપે સુગતિ પ્રાપ્ત કરી શકે નહિ.''

ततो विशुद्धं ब्रह्मचर्यमिति ॥८६॥

અર્થ:—સંલેખના કર્યા પછી વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવું.

ભાવાર્થ:—સાધુએ શુદ્ધબ્રહ્મચર્ય પાળવાનું છે, એ તો વાત સુવિદિત છે, કારણ કે એથું મહાવ્રત પાળવાની આજ્ઞા છે જ, છતાં સંલેખના કર્યા પછી પણ વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવાનો ઉપદેશ આપવાનો હેતુ, શરીર શુષ્ક થઈ ગયું હોય, છતાં પુરૂષ વેદનીય (મૈથુનાભિલાષા) વશ કરવું તે કામ સરલ નથી, તે બતાવવાનો છે.

હવે સંલેખના કર્યા પછી શરીરનો શીઘ્ર નાશ કરનાર વિષ-વિશુચિકા (કોલેરા) ઈત્યાદિ કોઈ દોષ ઉત્પન્ન થાય ત્યારે શું કરવું તે જણાવે છે.

विधिना देहत्याग इतीति ॥८७॥

અર્થ:—વિધિ પ્રમાણે દેહનો ત્યાગ કરવો.

ભાવાર્થ:—આલોયણા કરવી, વ્રતનો ઉચ્ચાર કરવો. સર્વ જીવને ખમાવવા, અનશન કરવું, શુભભાવના ભાવવી, પંચપરમેષ્ઠિનું સ્મરણ કરવું. વગેરે વિધ સહિત દેહનો ત્યાગ કરવો, પંડિત મરણની આરાધના કરવી. આ રીતે સાપેક્ષ યતિધર્મનું વર્ણન કરવામાં આવ્યું.

હવે નિરપેક્ષ યતિ ધર્મનું વર્ણન કરે છે.

निरपेक्षयतिधर्मस्त्विति ॥८८॥

અર્થ:—નિરપેક્ષ યતિ ધર્મ આ પ્રમાણે છે.

ભાવાર્થ:—જેને ગુરૂકુળવાસની જરૂર નથી એવા જિનકલ્પી સાધુનો નિરપેક્ષ યતિધર્મ હવે વર્ણવામાં આવે છે.

वचनगुरुतेति ॥८९॥

અર્થ:—આગમને ગુરૂ માને.

ભાવાર્થ:—જેમ સાપેક્ષ યતિધર્મને પાળનાર સાધુ સર્વ બાબતોમાં ગુરૂને પૂછી, ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તે; તેમ નિરપેક્ષ

યતિધર્મ પાળનારાં સાધુ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પ્રવૃત્તિ તથા નિવૃત્તિ કરે. શાસ્ત્ર એજ તેનો ગુરૂ સમજવો.

તથા અલ્પોપધિત્વમિતિ ॥૯૦॥

અર્થ:—ઉપકરણ અલ્પ રાખે.

ભાવાર્થ:—સાપેક્ષ યતિ ધર્મ પાળનારની અપેક્ષાએ નિરપેક્ષ યતિધર્મ પાળનાર બહુ જ થોડાં ઉપકરણો (વસ્ત્ર પાત્ર વગેરે) રાખે,

તથા નિઃપ્રતિકર્મશરીરતેતિ ॥૯૧॥

અર્થ:—પ્રતિકાર રહિતપણે શરીરને ધારણ કરે.

ભાવાર્થ:—નિરપેક્ષ યતિધર્મ પાળનાર માંદો થાય તો પણ રોગનો પ્રતિકાર કર્યા સિવાય જેવી સ્થિતિમાં શરીર હોય, તેવી સ્થિતિમાં રાખે.

અપવાદત્યાગ ઇતિ ॥૯૨॥

અર્થ:—અપવાદ માર્ગનો ત્યાગ કરે.

ભાવાર્થ:—જે સાપેક્ષ યતિધર્મ પાળનાર સાધુ છે, તે સામાન્ય રીતે ઉત્સર્ગ માર્ગ પાળે છે, અને ઉત્સર્ગ માર્ગે ન ચલાય તો બહુ લાભ અને અલ્પદોષવાળો અપવાદ માર્ગ ગ્રહણ કરે છે, પણ જે નિરપેક્ષ યતિધર્મ પાળનાર છે, તે જીવ જાય તો ભલે પણ અપવાદ માર્ગ ગ્રહણ કરે નહિ. કેવળ ગુણમય ઉત્સર્ગ માર્ગ જ ગ્રહણ કરે.

તથા ગ્રામૈકરાત્રાદિવિહરણમિતિ ॥૯૩॥

અર્થ:—તથા ગામમાં એક રાત્રિ વિહાર કરે, ઇત્યાદિ પ્રકારે વિહાર કરે.

ભાવાર્થ:— ગામને વિષે તથા ઉપલક્ષણથી નગર વિષે એક રાત્રિ રહે; કોઈ સમયે બે રાત્રિ રહે, અને વધારામાં વધારે માસ કલ્પ કરે. આનો સ્પષ્ટપણે અર્થ આ પ્રમાણે છે.

પ્રતિમા કલ્પરૂપ નિરપેક્ષ યતિધર્મ પાળનારો ચોમાસા વિનાના કાળમાં ગામમાં જ્ઞાતપણે એક રાત્રિ રહે, અને જો અજ્ઞાત હોય તો એક રાત્રિ પણ રહે અથવા બે રાત્રિ પણ રહે. પડિમાધર મુનિ આવ્યા એવું ગામના લોકો જાણે ત્યાં એક રાત્રિ રહે, અને લોકો ન જાણે તો એક રાત અથવા બે રાત રહે. જિનકલ્પિક જેવા બીજા નિરપેક્ષ સાધુઓ જ્ઞાતપણે કે અજ્ઞાતપણે એક માસ પર્યન્ત રહે.

तथा नियतकालचारितेति ॥९४॥

અર્થ:—નિયમ કરેલા કાળને વિષે ભિક્ષાચરણ કરે.

ભાવાર્થ:—શાસ્ત્રમાં લખ્યું છે કે ત્રીજી પોરસીને સમયે સાધુએ ગોચરી માટે નીકળવું તો તેજ પ્રમાણે આ નિરપેક્ષ યતિધર્મ પાળનાર તે સમયેજ ભિક્ષા ગ્રહણ કરવા નીકળે.

तथा प्राय ऊर्ध्वस्थानमिति ॥९५॥

અર્થ:—પ્રાયઃ કાયોત્સર્ગ મુદ્રાએ રહે.

ભાવાર્થ:—જે નિરપેક્ષ યતિધર્મ પાળનાર છે, તે ઘણેભાગે કાર્યોત્સર્ગ મુદ્રામાં રહે.

तथा देशनायामप्रबन्ध इति ॥९६॥

અર્થ:—દેશના દેવામાં બહુ ભાવ ન રાખે.

ભાવાર્થ:—નિરપેક્ષ યતિ ધર્મકથા કરવા બહુ ભાવ રાખતો નથી. છતાં સાંભળવા માટે જ્યારે શ્રોતાવર્ગ બહુ આગ્રહ કરે તો એક બે વચનમાં શાસ્ત્રનો સાર સમજાવે. કારણ કે ઘણે ભાગે તો આ મુનિ કાર્યોત્સર્ગ ધ્યાનમાંજ મગ્ન રહે છે.

तथा सदाऽप्रमत्ततेति ॥९७॥

અર્થ:—નિરંતર પ્રમાદરહિતપણે વર્તે.

ભાવાર્થ:—દિવસે તેમજ રાત્રે પાંચ પ્રકારના પ્રમાદનો ત્યાગ કરી સાવધાન રહે. તે એક ક્ષણવાર પણ અસાવધ ન રહે. નિરંતર મન તથા ઈન્દ્રિયોને પોતાને સ્વાધીન રાખે. તેમના પરનો પોતાનો સંયમ એક ક્ષણવાર પણ જવા દે નહિ.

तथा ध्यानैकतानत्वमितीति ॥९८॥

અર્થ:—ધ્યાનને વિષે એકાગ્રપણું રાખે.

ભાવાર્થ:—ધર્મધ્યાનમાં મનને તલ્લીન રાખે. મનને બાહ્ય વિષયોમાં ભટકવા દે નહિ, પણ ધર્મધ્યાનમાં અથવા સ્વાધ્યાયમાં સ્થિર એકાગ્ર રાખે.

હવે યતિ ધર્મની સમાપ્તિ કરતાં શાસ્ત્રકાર લખે છે કેઃ—

सम्यग्यतित्वमाराध्य महात्मानो यथोदितम् ।
संप्राप्नुवन्ति कल्याणमिह लोके परत्र च ॥१॥

અર્થ:—મહાત્મા પુરૂષો સમ્યગ્ પ્રકારે પૂર્વે કહ્યા પ્રમાણે યતિધર્મ પાળે છે; તે આ લોકમાં તથા પરલોકમાં કલ્યાણ પામે છે; એટલે પરંપરાએ મોક્ષ સુખ મેળવવા ભાગ્યશાળી થાય છે.

આ લોકમાં શું કલ્યાણ મેળવે છે તે શાસ્ત્રકારજ જણાવે છેઃ—

क्षीराश्रवादिलब्ध्योघमासाद्य परमाक्षयम् ।
कुर्वन्ति भव्यसत्त्वानामुपकारमनुत्तमम् ॥२॥ इति ॥

અર્થ:-તે મહાપુરૂષો ક્ષીરાશ્રવ વગેરે ઉત્તમ અને અક્ષય લબ્ધિના સમૂહને મેળવીને ભવ્ય પ્રાણીઓ ઉપર અતિશય ઉત્તમ ઉપકાર કરે છે.

ભાવાર્થ:—જેનું વચન સાંભળનારના કાનરૂપ પડીયામાં દુધની માફક સ્રવે, એટલે દુધની જેમ શ્રોતા વર્ગને મધુર લાગે તે લબ્ધિને ક્ષીરાશ્રવ લબ્ધિ કહે છે. વગેરે શબ્દથી મધુ, ઘી, અમૃત ઈત્યાદિ સ્રવનારી લબ્ધિઓ સમજવી.

આવી ઉત્તમ લબ્ધિઓ પ્રાપ્ત કરી ભવ્ય પ્રાણીઓ ઉપર તેઓ ઉપકાર કરે છે, જે ઉપકારનું ફળ મોક્ષ છે. પોતાને જે જે સિદ્ધિઓ અથવા લબ્ધિઓ શુદ્ધ માર્ગે પ્રયાણ કરતાં મળે છે, તેનો સત્પુરૂષો ગર્વને માટે અથવા માનમહત્તા મેળવવા ઉપયોગ કરતા નથી, પણ અન્ય જીવોના ઉપકાર માટે પોતાની શક્તિઓનો ઉપયોગ કરે છે.

मुच्यन्ते चाशु संसारादत्यन्तमसमञ्जसात् ।
जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतात् ॥१॥ इति॥

અર્થ:— તે મહાપુરૂષો જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ અને શોક વગેરે ઉપદ્રવ યુક્ત અને અત્યન્ત અયોગ્ય સંસારથી તરત મુક્ત થાય છે.

ભાવાર્થ:— આ સંસાર જે અનેક પ્રકારના દુઃખથી પૂર્ણ છે તેના બંધનથી મહાપુરૂષો ઉચ્ચ યતિધર્મ પાળી મુક્ત થાય છે. કારણ કે તેઓ નિષ્કામ વૃત્તિથી સર્વકાર્ય કરે છે; પાછલાં કર્મ ઉદયમાં આવે તે સમભાવે ભોગવી નિર્જરા કરે છે, અને નવાં કર્મ ઉપાર્જન કરતા નથી. આ રીતે પૂર્વકૃત કર્મનો ક્ષય થતાં, અને આત્માનું સંપૂર્ણ સ્વરૂપ યથાર્થ ખીલતાં તેઓ સચ્ચિદાનંદ સ્વરૂપી પરમાત્મા બને છે.

આ રીતે શ્રી હરિભદ્રસૂરિએ રચેલા ધર્મબિન્દુ ગ્રંથમાં પાંચમું પ્રકરણ સમાપ્ત થયું.

પ્રકરણ ૬ ઠ્ઠું.

નિરપેક્ષ અને સાપેક્ષ યતિધર્મનું કેટલુંક વર્ણન પાંચમા પ્રકરણમાં કરવામાં આવ્યું. હવે તે સંબંધી વિશેષ વર્ણન કરવા ઈચ્છતા શાસ્ત્રકાર નીચે પ્રમાણે આ પ્રકરણનો આરંભ કરે છે:—

आशयाद्युचितं ज्यायोऽनुष्ठानं सूरयो विदुः ।
साध्यसिद्धिचङ्गमित्यस्माद्यतिधर्मो द्विधा मतः ॥१॥

અર્થ:—આશય વગેરેને ઉચિત અનુષ્ઠાનને આચાર્યો અતિ શ્રેષ્ઠ કહે છે. કેમ કે સાધવા યોગ્ય સિદ્ધિનું તે અંગ છે; માટે યતિધર્મ બે પ્રકારનો છે.

ભાવાર્થ:—હૃદયનો આશય, જ્ઞાન, શરીરબળ, પરને ઉપકાર કરવાની શક્તિ અથવા અશક્તિ; આ સર્વ ધ્યાનમાં લઈ જે અનુષ્ઠાન જિનધર્મની સેવા માટે કરવામાં આવે છે તે પ્રશસ્ય છે, એમ આચાર્યો કહે છે.

તે સકલ કલેશને નાશ કરનાર જે મોક્ષ, તેની પ્રાપ્તિનું કારણ છે. આ કારણથી સાધુ પુરૂષની યોગ્યતા આશ્રયી બે વિભાગ પાડવામાં આવેલા છે. સાપેક્ષ યતિધર્મ, અને નિરપેક્ષ યતિધર્મ.

જે પ્રશસ્ય અનુષ્ઠાન છે, તે સાધ્ય વસ્તુ સિદ્ધ કરવાનું ઉમદા કારણ છે. તેજ બાબત ગ્રંથકાર બીજા શ્લોકથી જણાવે છેઃ—

समग्रा यत्र सामग्री तदक्षेपेण सिध्यति ॥
दवीयसाऽपि कालेन वैकल्ये तु न जातुचित् ॥२॥

અર્થ:— જે કાર્યમાં સર્વ સામગ્રી હોય છે, તે તરત જ સિદ્ધ થાય છે, પણ સામગ્રીના અભાવમાં તો ઘણા કાળ પછી પણ કાર્યની સિદ્ધિ કદાચ ન પણ થાય.

ભાવાર્થ:—જો ઘટ બનાવવો હોય, તો માટી, ચાક, દંડ, કુંભાર વગેરે સામગ્રીની જરૂર છે. જેમ સામગ્રીની ન્યૂનતા, તેમ વખત વધારે લાગે, અને સામગ્રીનો તદ્દન અભાવ જ હોય, તો ઘણો કાળ વ્યતીત થાય છતાં, પણ ઘટરૂપ કાર્ય સિદ્ધ ન થાય. તેવી રીતે અહીંયાં પણ મોક્ષ રૂપ કાર્યને માટે સામગ્રીની જરૂર છે. હવે તે સામગ્રી કઈ તે જણાવે છે.

तस्माद्यो यस्य योग्यः स्यात्तत्तेनालोच्य सर्वथा ।
आरब्धव्यमुपायेम सम्यगेष सतां नयः ॥३॥

અર્થ—: તેટલા માટે જે જેને યોગ્ય હોય, તેનો તેણે વિચાર કરીને ઉપાયથી આરંભ કરવો, એ સત્પુરૂષોનો સમ્યગ્નીતિ માર્ગ છે.

ભાવાર્થ:— ઉપર આપણે સાપેક્ષ અને નિરપેક્ષ યતિધર્મનું વર્ણન કર્યું તેમાંથી જેને જે ઉચિત લાગે તેનો પ્રથમ બહુજ વિચાર કરવો, અને પછી યોગ્ય સાધનો દ્વારા તેનો આરંભ કરવો; કારણ કે આપણને જે યોગ્ય હોય, તેનો આરંભ કરવો, એવો નીતિનો માર્ગ સત્પુરૂષોએ પ્રરૂપેલો છે.

इत्युक्तो यतिधर्म इदानीमस्य विषयविभागमनुवर्णयिष्यामः इति ॥ १ ॥

અર્થ :—એ પ્રમાણેયતિ ધર્મ કહ્યો, હવે તેના વિષય વિભાગનું વર્ણન કરીશું.

तत्र कल्याणाशयस्य, श्रुतरत्नमहोदधेः,उपशमादिलब्धिमतः, परहितोद्यतस्य, अत्यन्तगंभीरचेतसः, प्रधानपरिणतेर्विधूतमोहस्य, परमसत्त्वार्थकर्तुः, सामायिकवतः, विशुद्धयमानाशयस्य, यथोचितप्रवृत्तेः, सात्मीभूतशुभयोगस्य श्रेयान् सापेक्षयतिधर्म एवेति ॥ २ ॥

અર્થ:—સાપેક્ષ અને નિરપેક્ષ યતિધર્મમાં શુભ આશયવાળો, સિદ્ધાંતરૂપ રત્નોને રાખવા રત્નાકર (સમુદ્ર) જેવો, ઉપશમ વગેરે બુદ્ધિવાળો, પરનું હિત કરવામાં તત્પર, અત્યંત ગંભીર ચિત્તવાળો, ઉત્તમ મનના પરિણામવાળો, મૂઢ સ્વભાવનો ત્યાગ કરનાર, ઉત્તમ મોક્ષરૂપ પ્રયોજનનો સાધનાર, સામયિકવાળો, પવિત્ર આશયવાળો, ઉચિત પ્રવૃત્તિ કરવાવાળો, આત્મા સાથે શુભ યોગને જોડનારો—આવા ગુણવાળો જે સાધુ હોય, તેને માટે સાપેક્ષ યતિધર્મ જ ઉત્તમ છે.

ભાવાર્થ:—યતિધર્મ બે પ્રકારના છે. તેમાં સાક્ષેપ યતિધર્મ પાળવા જે મનુષ્ય લાયક છે, તેના ગુણનું પ્રથમ વર્ણન કરવામાં આવે છે. સર્વ જીવોનું કલ્યાણ કરવાના આશયવાળો તે હોવો જોઈએ. જેમ રત્નાકર—સમુદ્રમાં રત્નો રહે છે તેમ સિદ્ધાંતના રત્નો તેના હૃદયમાં હોવા જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો તે જ્ઞાની હોવો જોઈએ; ઉપશમ વગેરે લબ્ધિઓ તેનામાં હોવી જોઈએ; તે સર્વદા પરને બોધ આપી પરનું કલ્યાણ કરવા તત્પર હોવો જોઈએ. તેના મનનો ભાવ શું છે તે એકદમ બીજા કળી શકે નહિ તેવા ગંભીર હૃદયનો હોવો જોઈએ. બીજાએ કહેલી ગુપ્ત વાતો પ્રકાશ ન કરે તેવું મોટું તેનું દિલ હોવું જોઈએ. તેના મનના ભાવ ઉચ્ચ પ્રકારના હોવા જોઈએ. મોહ એટલે મૂઢભાવ અને આળસથી રહિત તે હોવો જોઈએ. ઉચ્ચમાં ઉચ્ચ દૃષ્ટિ બિન્દુ રૂપ મોક્ષ મેળવવાનાં કારણો જે સમ્યગજ્ઞાન, દર્શન અને ચારિત્ર તે બીજાને પમાડવામાં તેનું મન સદા મશગુલ રહેવું જોઈએ. સર્વ પ્રાણી ઉપર સમભાવ અને મધ્યસ્થદૃષ્ટિપણું તેનામાં હોવું જોઈએ. તેની પ્રવૃત્તિ કાળને ઉચિત હોવી જોઈએ. જેમ લોહપિંડ અગ્નિથી તપતાં

અગ્નિ સદૃશ થઈ જાય છે. તેમ તેના આત્મામાં શુભભાવ વસેલા હોવા જોઈએ બીજા શબ્દોમાં કહીએ તો શુભભાવનામય હોવો જોઈએ. આવા ગુણવાળો ખરેખર સાક્ષેપ યતિધર્મને માટે લાયક છે. આવો માણસ નિરપેક્ષ યતિધર્મ કેમ ન પાળે તેવી શંકાના સમાધાનાર્થે શાસ્ત્રકાર લખે છે કેઃ—

वचनप्रामाण्यादिति ॥३॥

અર્થઃ—જિનવચનના પ્રમાણપણાથી.

ભાવાર્થઃ—ભગવંતની એવી આજ્ઞા છે કે ઉપર જણાવેલા ગુણવાળાને નિરપેક્ષ યતિધર્મ પાળવું ઉચિત નથી. આમ તમે શાથી કહો છો તેનો જવાબ આપે છે,

संपूर्णदशपूर्वविदो निरपेक्षधर्मप्रतिपत्तिप्रतिषेधादिति ॥४॥

અર્થઃ—સંપૂર્ણ દશપૂર્વ જાણનાર યતિને નિરપેક્ષયતિધર્મ અંગીકાર કરવાનો નિષેધ કહેલો છે માટે.

ભાવાર્થઃ—સંપૂર્ણ દશ પૂર્વ જાણનાર 'અમોઘવચની' છે. એટલે એમનું વચન તીર્થંકરના વચન સદૃશ છે. માટે એવા પુરૂષો તો ધર્મ દેશનાથી મનુષ્ય માત્રને ઉપકાર કરી તીર્થની વૃદ્ધિ કરે છે; માટે પ્રતિમા વહેવી વગેરે આચાર પાળતા નથી. આવા પુરૂષો માટે નિરપેક્ષ યતિધર્મનો પ્રતિષેધ કર્યો છે, તેનું કારણ શાસ્ત્રકારજ નીચેના સૂત્રથી જણાવે છેઃ—

परार्थसंपादनोपपत्तेरिति ॥५॥

અર્થઃ—પરોપકાર કરવાના કારણથી.

ભાવાર્થઃ—જે દશ પૂર્વધારી છે, તે તીર્થના આધારભૂત છે માટે તેમણે સાપેક્ષ યતિધર્મ પાળી જગતના કલ્યાણનો માર્ગ સ્વીકારવો જોઈએ. પણ પારકાનું કલ્યાણ કરવાનો માર્ગ ગ્રહણ કરવાથી ફળ શું ? એવી આ શંકાનો જવાબ શાસ્ત્રકાર આપે છેઃ—

तस्यैव च गुरुत्वादिति ॥६॥

અર્થ:—પરનું કલ્યાણ કરવું તેજ ઉત્તમ છે.

ભાવાર્થ:—'ચ' શબ્દ ભાર રૂપે મૂકવામાં આવ્યો છે. સર્વધર્માનુષ્ઠાન કરતાં પારકાને ઉપકાર કરવો એજ ઉત્તમ અનુષ્ઠાન છે. જે મહાન્ પુરૂષો છે, તે સ્વાર્થનો ત્યાગ કરીને પણ પરમાર્થ કરવા પ્રેરાય છે. [1]પરોપકારમાંજ ખરો સ્વાર્થ સધાય છે.

પરોપકાર આટલો બધો ઉત્તમ કેમ ગણવામાં આવે છે? તેનો જવાબ આપે છે.

सर्वथा दुःखमोक्षणादिति ॥७॥

અર્થ:—સર્વ પ્રકારના દુઃખથી છુટા થવાય છે તેથી.

ભાવાર્થ:—પરોપકારથી સર્વ રીતે પોતાનાં તથા પરના શારીરિક તેનજ માનસિક દુઃખનો નાશ થઈ શકે છે, માટે પરોપકાર એજ ઉત્તમ માર્ગ છે.

तथा संतानप्रवृत्तेरिति ॥८॥

અર્થ:—તેથી સંતાનની પ્રવૃત્તિ થાય છે.

ભાવાર્થ:—પરોપકાર કરવાથી, એટલે જ્ઞાનનો બોધ બીજાને આપવાથી શિષ્યો થાય, વળી તેના શિષ્યો થાય, એ રીતે તીર્થની પરંપરા ચાલે જ માટે પરોપકાર એ ઉત્તમ માર્ગ છે. જો સર્વ સાધુઓ નિરપેક્ષ યતિધર્મ પાળે, અને પોતાનું હિતજ સાધે તો તીર્થનો વિચ્છેદ થાય.

तथा योगत्रयस्याप्युदग्रफलभावादिति ॥९॥

અર્થ:—ત્રણ યોગનું પણ મોટું ફળ મળે તે હેતુથી.

---

१ स्वार्थान् सतां गुरुतरा प्रणियक्रियैव ॥ कालिदास.

ભાવાર્થ:—બીજાઓને ધર્મના ઉચ્ચ જ્ઞાનનો બોધ આપવો તેના જેવો ઉત્તમ માર્ગ આ જગતમાં બીજો એક પણ નથી. કારણ કે તેમાં મન, વચન અને કાયા, જેવા શુદ્ધ વ્યાપારમાં પ્રવર્તે છે, તેવા બીજા કોઈ અનુષ્ઠાનમાં વર્તતા નથી. આ પરોપકારથી અનેક કર્મની નિર્જરા થાય છે; માટે જેનામાં જ્ઞાનની શક્તિ છે તેમણે બીજાને સદ્‌બોધ આપવો. જ્ઞાન મેળવવું એ પણ ઉત્તમ છે, પણ મેળવેલા જ્ઞાનનો બીજાને લાભ આપવો તે વિશેષ ઉત્તમ છે.

तथा निरपेक्षधर्मोचितस्यापि तत्प्रतिपत्तिकाले परपरार्थसिद्धौ तदन्यसंपादकाभावे प्रतिपत्तिप्रतिषेधाच्चेति।१०।

અર્થ:—નિરપેક્ષ યતિધર્મ પાળવાને યોગ્ય એવા પુરૂષને પણ તે ધર્મ અંગીકાર કરવાના સમયે બીજા જીવોના ઉત્કૃષ્ટ અર્થને સિદ્ધ કરવા અન્ય પુરૂષનો અભાવ હોય તો નિરપેક્ષ યતિધર્મ અંગીકાર કરવાનો પ્રતિષેધ છે, માટે પારકાનું હિત કરવું એજ અતિ ઉત્તમ માર્ગ છે.

ભાવાર્થ:—કોઈ સાધુ નિરપેક્ષ યતિધર્મ પાળવાને યોગ્ય હોય પણ બીજા જીવો સમ્યગ્દર્શન વગેરે મેળવવાને આતુર હોય, અને સદ્‌બોધાર્થી તેમને સમ્યગ્દર્શન પમાડે તેવા પુરૂષોનો અભાવ હોય, તો નિરપેક્ષ યતિધર્મ તે સાધુ અંગીકાર કરી શકે નહિ એવી શાસ્ત્રની આજ્ઞા છે. તે ઉપરથી પણ સિદ્ધ થાય છે કે પરોપકાર એ જ ઉત્તમ માર્ગ છે. મહાવીર ભગવંતે તીર્થ પ્રવર્તાવ્યુ તેનો હેતુ એ જ કે તેમાં જે વિશેષ જ્ઞાનીઓ હોય તે અલ્પજ્ઞાનીઓને પોતાના જ્ઞાનનો લાભ આપી તેમને બીજાઓને બોધ આપવા લાયક અધિકારી બનાવે; પણ જે વિશેષ જ્ઞાનીઓ છે, તે પોતાનું જ હિત સાધવા નિરપેક્ષ યતિધર્મ પાળવા મંડી જાય તો જ્ઞાનપરંપરા ચાલે

નહિ, અને ખરા જ્ઞાનીઓના અભાવે તીર્થની લઘુતા થાય, અને છેવટે વિચ્છેદ જવાનો પણ ભય રહે.

આ રીતે સાપેક્ષ યતિધર્મને યોગ્ય પુરૂષોનું વર્ણન કર્યું. હવે નિરપેક્ષ યતિધર્મને યોગ્ય પુરૂષોનું વર્ણન કરે છેઃ--

नवादिपूर्वधरस्य तु यथोदितगुणस्यापि, साधुशिष्यनिष्पत्तौ साध्यान्तराभावतः सति कायादि सामर्थ्ये सद्वीर्याचारसेवनेन, तथा प्रमादजयाय सम्यगुचितसमये आज्ञाप्रामाण्यतस्तथैव योगवृद्धेःप्रायोपवेशनवच्छ्रेयान्निरपेक्षयतिधर्म इति।११।

અર્થઃ-પૂર્વ કહેલાં ગુણવાળો અને નવથી પણ વધારે પૂર્વનો જાણકાર સાધુ સારા શિષ્યો મેળવ્યા પછી અને કાંઈ પણ સાધવા યોગ્ય વસ્તુ નહિ રહેવાથી, શરીર સામર્થ્ય હોવાથી સદ્વીર્યાચાર સેવીને યોગ્ય સમયે પ્રમાદ ઉપર જય મેળવવા અને યોગની વૃદ્ધિ અર્થે આજ્ઞાના પ્રમાણપણાથી અનશનની જેમ નિરપેક્ષ યતિધર્મ અંગીકાર કરે તે ઉતમ છે.

ભાવાર્થઃ—સાપેક્ષ યતિધર્મને માટે જણાવેલા ગુણો નિરપેક્ષ યતિધર્મ પાળનારમાં હોવા જોઇએ, તે ઉપરાંત નવમા પૂર્વની ત્રીજી વસ્તુથી આરંભીને કાંઈક ન્યૂન દશપૂર્વ સુધી જ્ઞાનવાળો તે હોવો જોઈએ. વળી પોતે નિરપેક્ષ યતિધર્મ ગ્રહણ કરે, તે પૂર્વે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને ગણાધિપતિના પદ ઉપર સારા શિષ્યોને તેણે સ્થાપેલા હોવા જોઇએ.

નિરપેક્ષ યતિધર્મ સિવાય બીજું કાંઈ સાધવા યોગ્ય રહેલું ન હોવું જોઈએ. નિરપેક્ષ યતિધર્મ પાળવા જેવું શરીરબળ, અને મનોબળ જોઈએ, તેવું તેનામાં હોવું જોઈએ, અને પોતાનામાં તે સામર્થ્ય છે, તેનો વિશ્વાસ તે સામર્થ્યનો ઉપયોગ કરવાથી તેનામાં

સ્થિર થયેલ હોવો જોઇએ. તેવો સાધુ નિદ્રા વગેરે પ્રમાદ ઉપર જય મેળવવા સમ્યગજ્ઞાન, દર્શન અને ચારિત્રના વ્યાપાર રૂપ યોગની વૃદ્ધિને માટે નિરપેક્ષ યતિધર્મ અંગીકાર કરી શકે. આ ધર્મ અંગીકાર કરવાનો સમય યોગ્ય નક્ષત્ર, તીથિ વગેરેનો રાખવો જોઈએ, યોગ્ય સમયે જેમ અનશન ગ્રહણ કરે તેમ જિનકલ્પ વગેરે નિરપેક્ષ યતિધર્મ સાધુ ગ્રહણ કરે એ અર્થ છે.

तथा तत्कल्पस्य च परं परार्थलब्धिविकलस्येति ॥१२॥

અર્થ:–પૂર્વના જેવો ગુણવાળો હોય અને પારકાને ઉપકાર કરવાની શક્તિ ન હોય તે પણ નિરપેક્ષ યતિધર્મને માટે લાયક છે.

ભાવાર્થ:—જે સાધુ નિરપેક્ષ યતિધર્મ પાળે તેના જેવા ગુણવાળો બીજો કોઈ હોય, અને કોઈપણ પ્રકારના અન્તરાય કર્મના ઉદયથી પારકાનું હિત કરવા અને તે દ્વારા શિષ્યો–પ્રશિષ્યો મેળવવા અસમર્થ હોય તે નિરપેક્ષ યતિધર્મ ગ્રહણ કરે. બીજાનું જેનાથી ભલું ન થઈ શકતું હોય, તે છેવટે પોતાનું હિત સાધે એવો ભાવાર્થ સમજાય છે.

આ પ્રમાણે બે વિભાગ પાડવાનું શું કારણ ? તેનો જવાબ શાસ્ત્રકારજ આપે છે:—

उचितानुष्ठानं हि प्रधानं क्षयकारणमिति ॥१३॥

અર્થ:–ઉચિત અનુષ્ઠાન એ કર્મ ક્ષય કરવાનું મુખ્ય કારણ છે.

ભાવાર્થ:—જેને માટે જે લાયક હોય, તેને માટે તે ઉચિત અનુષ્ઠાન કહેવામાં આવે છે. પોતાના ગુરુ તથા સ્વભાવને ઉચિત પ્રવૃત્તિમાંજ પ્રયાસ કરનાર હંમેશા વિજયી નીવડે છે. માટે ઉચિત અનુષ્ઠાનજ કર્મક્ષય કરવાનું મુખ્ય કારણ છે.

ઉચિત અનુષ્ઠાનથી કર્મક્ષય શી રીતે થાય તેનો જવાબ આપે છે.--

उदग्रविवेकभावाद्रत्नत्रयाराधनादिति ॥१४॥

અર્થ:-મોટા વિવેકના સદ્‌ભાવથી રત્નત્રયનું આરાધન થાય છે, અને તેથી કર્મનો ક્ષય થાય છે.

ભાવાર્થ:-- જે મનુષ્યો ઉચિત અને અનુચિત વચ્ચેનો ભેદ યથાર્થ સમજે છે, તેનામાં વિવેક જાગૃત થાય છે અને જેનામાં વિવેક ગુણ બરાબર ખીલેલો છે, તે જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નોને આરાધી શકે છે; અને તે રત્નત્રયથી કર્મનો ક્ષય થઇ શકે છે. માટે કર્મ ક્ષય કરવાનું પરંપરા કારણ ઉચિત અનુષ્ઠાન છે. માટે પોતાને ઉચિત કયો માર્ગ છે, તેનો પ્રથમ સંપૂર્ણ વિચાર કરવો અને અનુચિતનો ત્યાગ કરી ઉચિત માર્ગે પ્રવર્તવું.

પોતાની બુદ્ધિપૂર્વક કબૂલ કરેલા ઉચિત માર્ગમાં મન પણ તલ્લીન થાય છે, અને પ્રવૃત્તિ પણ શુદ્ધ અને યથાર્થ થાય છે. તેથી જ્ઞાન, દર્શન અને ચારિત્ર ખીલે છે, અને તેથી કર્મનો ક્ષય થાય છે. માટે ઉચિત માર્ગે પ્રવર્તવું. જો કોઈ ઉચિત માર્ગે ન પ્રવર્તે, અર્થાત્ જે સાપેક્ષ યતિધર્મને યોગ્ય છે તે નિરપેક્ષ યતિ ધર્મ ગ્રહણ કરે અને નિરપેક્ષ યતિધર્મને લાયક સાપેક્ષ યતિધર્મ પાળવામાંજ મગ્ન રહે તો શું પરિણામ આવે તે શાસ્ત્રકાર દર્શાવે છે:-

अननुष्ठानमन्यदकामनिर्जराङ्गमुक्तविपर्ययादिति ॥१५॥

અર્થ:-પૂર્વે કહેલાં તેથી વિપરીત અનુષ્ઠાન તે અનુષ્ઠાન જ નથી કારણ કે તે અકામ નિર્જરાના અંગ છે.

ભાવાર્થ:--જે જેને ઉચિત ધર્મ પાળે, તે યોગ્ય અનુષ્ઠાન કહેવાય પણ પોતાને જે ઉચિત નથી તેવો ધર્મ પાળે તો તે અનુષ્ઠાનના નામને પાત્ર નથી, પણ અકામ નિર્જરાનું અંગ છે. જેવી

રીતે બળદ વગેરે પ્રાણીઓ તથા વનસ્પતિ અનેક પ્રકારના કલેશ વેઠી અકામ નિર્જરા કરે છે, તેમ પોતાને જે ઉચિત નથી તેવો ધર્મ પાળનાર અકામ નિર્જરાજ કરે છે. પણ કર્મનો ક્ષય કરનારી ખરી નિર્જરા થતી નથી, કારણ કે તેનામાં વિવેકની ખામી છે અને વિવેક વિના રત્નત્રયની આરાધના થતી નથી. અને રત્નત્રયની આરાધના વિના કર્મ ક્ષય થતો નથી. માટે અનુચિત અનુષ્ઠાન તે અનનુષ્ઠાન જ સમજવું. તેજ બાબતને સ્પષ્ટ કરતાં શાસ્ત્રકાર લખે છે કેઃ--

निर्वाणफलमत्र तत्त्वतोऽनुष्ठानमिति ॥१६॥

અર્થઃ-જેનું ફળ મોક્ષ છે, તે જ અનુષ્ઠાન પરમાર્થથી (ખરી રીતે) અનુષ્ઠાન કહી શકાય.

ભાવાર્થઃ-મોક્ષ સિવાય બીજા કોઈ પણ ફળની આશા વગરનું અનુષ્ઠાન તેજ ખરી રીતે અનુષ્ઠાનના નામને પાત્ર છે. જો કે સ્વર્ગ વગેરે પદાર્થો મળે છતાં પણ સાધ્ય દૃષ્ટિ તો મોક્ષનીજ હોવી જોઈએ. જે અનુષ્ઠાનનું ફળ મોક્ષ હોય તેવું જ અનુષ્ઠાન યોગ્ય છે. એમ કહેવાથી લાભ શો ? તેનો શાસ્ત્રકાર જવાબ આપે છે.

न चासदभिनिवेशवत्तदिति ॥१७॥

અર્થઃ-તે અનુષ્ઠાન મિથ્યા અભિનિવેશવાળું હોતું નથી.

ભાવાર્થઃ-જેનું ફળ નિર્વાણ છે, તેવુ અનુષ્ઠાન ખોટા આગ્રહવાળું હોતું નથી. આકરું અનુષ્ઠાન કરવામાં આવ્યું હોય છતાં જો ખોટો આગ્રહ હોય તો તે મોક્ષફળ મેળવવામાં વિઘ્નરૂપ થાય છે માટે ખોટા આગ્રહનો નિર્વાણ ફળની ઈચ્છા રાખનારા મુનિએ ત્યાગ કરવો.

ખોટો આગ્રહજ માણસની વિવેક દૃષ્ટિ અંધ કરી નાંખે છે, અને તેથી ઉચિત અને અનુચિત અનુષ્ઠાન વચ્ચેનો ભેદ બરાબર સમજતો નથી.

અનુચિત અનુષ્ઠાન પણ મિથ્યા આગ્રહ વિના સંભવી શકે એવી શંકાના જવાબ રૂપે શાસ્ત્રકાર લખે છે.

अनुचितप्रतिपत्तौ नियमादसदभिनिवेशोऽन्यत्रानाभोगमात्रादिति ॥ १८॥

અર્થ:–અજાણુપણા સિવાય જો અનુચિતમાં પ્રવૃતિ થાય તો જરૂર તે દુરાગ્રહ છે એમ વિચારવું.

ભાવાર્થ:—માણસ ભૂલથી અનુચિત અનુષ્ઠાનનો આદર કરે તો તે કાર્ય ક્ષમાપાત્ર ગણી શકાય, પણ જાણીજોઇને તે અનુચિત માર્ગમાં પ્રવૃત્તિ કરે તો તે મિથ્યા આગ્રહથીજ કરે છે. એમ જરૂર વિચારવું.

અજાણુપણાથી જો અનુચિત અનુષ્ઠાનનું સેવન કરવામાં આવે તો તેમાં ચારિત્ર રહે કે તેનો નાશ થાય, તે જણાવે છે.

संभवति तद्वतोऽपि चारित्रमिति ॥१९॥

અર્થ:–અજાણુપણાથી અનુચિત માર્ગમાં પ્રવૃતિ કરનારને પણ ચારિત્રનો સંભવ છે.

ભાવાર્થ:–જે સાધુ સાપેક્ષધર્મ પાળવાને યોગ્ય છે, તે પોતાની સ્થિતિ બરાબર ન સમજી શકવાથી એટલે અજાણુપણે નિરપેક્ષ ધર્મરૂપ તેને માટે-અનુચિત માર્ગમાં ચાલે તોપણ ચારિત્ર પાળનારો ગણવામાં આવે છે. આ સંબંધમાં કાંઈક વિશેષાર્થ શાસ્ત્રકાર જણાવે છે:

अनभिनिवेशवांस्तु तद्युक्तः खल्वतत्त्वे इति ॥२०॥

અર્થ:—જે ચારિત્રવાન પુરૂષ છે, તે અતત્વમાં આગ્રહ વગરનો જરૂર હોય છે.

ભાવાર્થ:—અજ્ઞાનપણે માણસ અનુચિત અનુષ્ઠાન કરવા પ્રેરાય, પણ અજ્ઞાનપણે પણ જે ચારિત્રવાળો પુરૂષ છે, તે કદાપિ અતત્ત્વ માનવાનો દુરાગ્રહ કરતો નથી. અજ્ઞાનપણે ખોટાં તત્ત્વોને સ્વીકારવા તે પ્રેરાતો નથી. આમ શાથી કહો છો! તેનો જવાબ આપે છેઃ-

स्वस्वभावोत्कर्षादिति ॥२१॥

અર્થ:-પોતાના સ્વભાવના ઉત્કર્ષપણાથી.

ભાવાર્થ:-જેમણે ચારિત્ર ગ્રહણ કરેલું છે, તેઓ પણ છદ્મસ્થ છે, તેથી તેમની કોઇ અનુચિત બાબતમાં અજ્ઞાનપણે પ્રવૃત્તિ થઈ જાય, પણ અતત્ત્વને તત્ત્વ માનવારૂપ અજ્ઞાનતા તો તેમનામાં સંભવી શકતી નથી.

કારણ કે સમ્યગદર્શનમય તેમનો સ્વભાવ બનેલો છે; તેમાં ન્યૂનતા આવતી નથી. કહેવાનો ભાવાર્થ એ છે કે ચારિત્રમાં ન્યૂનતા આવે પણ સમ્યગદર્શનમાં ન્યૂનતા આવતી નથી, કારણ કે તત્ત્વોની સાથે તેનો સ્વભાવ તન્મય થઈ ગયેલો છે; અને તેથી તેની ઉચ્ચતા છે.

સ્વભાવની ઉચ્ચતા શી રીતે થઈ શકે? તે જણાવે છેઃ-

मार्गानुसारित्वादिति ॥२२॥

અર્થ:—માર્ગાનુસારીપણાથી સ્વભાવમાં ઉચ્ચતા થાય છે.

ભાવાર્થ:—જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ જે મોક્ષનો ત્રિવિધ માર્ગ છે; તેનું જે આસેવન કરે છે, તેનો આત્મા ઉચ્ચ સ્વભાવવાળો થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો માર્ગાનુસારીપણાથી આત્મા ઉચ્ચ સ્વભાવવાળો થાય છે.

પણ આ રત્નત્રયના માર્ગે માણસો શાથી અનુસરે? તેનો જવાબ શાસ્ત્રકાર આપે છે.

तथा रुचिस्वभावत्वादिति ॥२३॥

અર્થ:—માર્ગને અનુસરવાની રૂચિવાળો સ્વભાવ થવાથી.

ભાવાર્થ:—જ્યારે કોઈ માણસને કોઈ માર્ગ પસંદ પડે છે, ત્યારે તે માર્ગે ચાલવાની રૂચિ થાય છે; અને પછી તે માર્ગે તે ચાલે છે, માટે માર્ગ ઉપર ચાલવામાં આવે, તે પહેલાં તે માર્ગે ચાલવાની રૂચિ થવાની જરૂર છે; કારણ કે રૂચિ વિના યથાર્થ પ્રવૃત્તિ થતી નથી.

હવે સન્માર્ગે ચાલવાની રૂચી શાથી થાય ? તે જણાવે છેઃ-

श्रवणादौ प्रतिपत्तेरिति ॥२४॥

અર્થ:-શાસ્ત્ર શ્રવણ વગેરેથી (પોતાની ભૂલ) અંગીકાર કરવાથી (માર્ગ પર ચાલવાની રૂચિ થાય છે.)

ભાવાર્થ:—શાસ્ત્ર શ્રવણથી અથવા બીજાના ઉપદેશથી મનુષ્ય પોતાની ભૂલ કબૂલ કરે છે; હું અત્યાર સુધી જે કામ કરતો હતો તે ખોટું છે, એવું તેના હૃદયમાં ભાન થાય છે; ભાન થતાંની સાથે સન્માર્ગ શો છે, તે શોધવા મન તલપે છે; અને તે શોધી કાઢી તે માર્ગે ચાલવાને પ્રેરાય છે; આ રીતે સન્માર્ગે ચાલવાની રૂચિ થાય છે.

શાસ્ત્ર શ્રવણથી મનુષ્ય પોતાની ભૂલ કબૂલ કરે છે, એમ પણ તમે શાથી કહો છો ? તેનો જવાબ શાસ્ત્રકાર આપે છેઃ-

असदाचारगर्हणादिति ॥२५॥

અર્થ:-અસદાચારની નિન્દા કરવાથી.

ભાવાર્થ:-જ્યારે માણસ પોતે પૂર્વે કરેલા અનુચિત અનુષ્ઠાનની નિન્દા કરે, અને તેનું પ્રાયશ્ચિત લે, ત્યારેજ તેણે પોતાની ભૂલ કબૂલ કરી છે, એમ ખરી રીતે કહી શકાય. જે ખરેખર પોતાની ભૂલ સમજેલો છે, તે તે ભૂલની નિન્દા કરી સન્માર્ગ તરફ રૂચિવાળો થાય છે; અને પછી સન્માર્ગે ચાલે છે; અને તેથી તેનો આત્મા ઉચ્ચ સ્વભાવવાળો થાય છે. તેથી તે ઉચ્ચ સ્વભાવવાળો અતત્ત્વમાં દુરાગ્રહ રાખતો નથી. અને જેનામાં દુરાગ્રહ નથી તે સદ્અનુષ્ઠાનજ અંગીકાર કરે છે. શાસ્ત્રકાર પણ ચાલુ વિષયની સમાપ્તિ કરતાં લખે છેઃ-

इत्युचितानुष्ठानमेव सर्वत्र श्रेय इति ॥२६॥

અર્થ:-માટે ઉચિત અનુષ્ઠાનજ સર્વત્ર શ્રેયકારી છે.

ભાવાર્થ:-આપણે ગૃહસ્થ ધર્મ પાળતા હોઈએ કે યતિધર્મ પાળતા હોઈએ, પણ ઉચિત અનુષ્ઠાન જ સર્વત્ર શ્રેયકારી છે; કારણ કે તેમાં દુરાગ્રહ નથી. ઉચિત અનુષ્ઠાનમાં હિતકારીપણું શા કારણથી રહેલું છે, તે શાસ્ત્રાકાર દર્શાવે છે.

भावनासारत्वात्तस्येति ॥२७॥

અર્થ:-ભાવનાના પ્રધાનપણાથી ઉચિત અનુષ્ઠાન શ્રેયકારી છે.

ભાવાર્થ:-જ્યારે આપણે ઉચિત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરીએ છીએ, ત્યારે ભાવના પણ ઉચ્ચ પ્રકારના હોય છે; અને જ્યાં ઉચ્ચ ભાવના ત્યાં પરિણામ શ્રેયકારી આવવાનું એ નિઃસંદેહ છે. કોઈ પણ કાર્ય કરતાં પહેલાં માણસ તે સંબંધી વિચાર કરે છે. ચિતારો ચિત્ર દોરતાં પહેલાં મનમાં છબી દોરે છે; પત્ર ઉપર જે છબી તે દોરે છે તે તેના ઉચ્ચ માનસિક ચિત્રને અનુરૂપ ક્વાપિ હોઈ શકતી નથી. છતાં ઉચ્ચ ભાવના ઉચ્ચ કાર્ય કરવા પ્રેરે છે, એ નિયમ વિસરવો ન જોઈએ.

માણસ જેવો વિચાર કરે છે, તેવો તે થાય છે. જેમ વિચાર વધારે પ્રબળ, તેમ ટુંક સમયમાં તે અનુભવવામાં આવે છે. માટે નિરંતર ઉચ્ચ અને પ્રબળ ભાવનાઓ રાખવી. કારણ કે ઉચ્ચ ભાવનાથી જ ઉચિત અનુષ્ઠાન શ્રેયકારી થાય છે.

इयमेव प्रधानं निःश्रेयसाङ्गमिति ॥२८॥

અર્થ:-ભાવના એજ મોક્ષનું મુખ્ય કારણ છે.

ભાવાર્થ:-ભાવના એટલે ઉચ્ચ વિચારો. તેજ ખરેખર મોક્ષનું મુખ્ય કારણ છે.

मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः

મન એજ માણસોના બંધ અને મોક્ષનું કારણ છે.

જો હલકા વિચારોનાં મન રમે છે, તો તે બંધનું કારણ થાય છે, અને જો ઉચ્ચ વિચારોમાં મન તલ્લીન થાય છે, તો તે મોક્ષનું કારણ થાય છે, માટે ભાવનારૂપ ઉચ્ચ વિચારો નિરંતર હૃદયમાં રાખવા કારણ કે ઉચ્ચ ભાવના પ્રમાણે ઉચ્ચ વચનો બોલાય છે, અને ઉચ્ચ કાર્યો થાય છે; આ રીતે ઉચ્ચ વિચારો, વચનો અને કાર્યો એ મોક્ષનાં મુખ્ય કારણો છે.

એજ બાબત શાસ્ત્રકાર બીજા સૂત્રથી વર્ણવે છેઃ—

एतत्स्थैर्याद्धि कुशलस्थैर्योपपत्तेरिति ॥२९॥

અર્થ:-ભાવનાના સ્થૈર્યપણાથી સર્વ કુશળ આચરણનું સ્થૈર્યપણું થાય છે, તે કારણથી (ભાવના એ મોક્ષનું કારણ છે.)

ભાવાર્થ:—જો ભાવના ઉચ્ચ હોય, તો વિચારો પણ ઉચ્ચ થાય, અને કાર્ય પણ ઉચ્ચ થાય; માટે ભાવનાપર સર્વ કાર્યોનો આધાર છે. જો ભાવના ઉચ્ચ વિચારમાં સ્થિર હોય, તો શુભ કાર્યો પણ નિશ્ચયે થઇ શકે, ભાવના અને કાર્ય વચ્ચે આવો સંબંધ છે, તે શી રીતે તમે કહી શકો છો ? તેનો જવાબ શાસ્ત્રકાર આપે છેઃ—

भावनानुगतस्य ज्ञानस्य तत्त्वतो ज्ञानत्वादिति ॥३०॥

અર્થ:-ભાવનાને અનુસરતું જ્ઞાન, તેજ ખરી રીતે જ્ઞાન છે (માટે ભાવના પ્રમાણે કાર્ય થાય છે.)

ભાવાર્થ:—જ્ઞાનના ત્રણ પ્રકાર શાસ્ત્રકારોએ બતાવેલા છે. શ્રુતજ્ઞાન ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન. તે ત્રણની વ્યાખ્યા ટીકાકાર નીચે પ્રમાણે આપે છે.-

वाक्यार्थमात्रविषयं कोष्ठकगतवीजसंनिभम् ज्ञानम् ।
श्रुतमयमिह विज्ञेयं मिथ्याभिनिवेशरहिमलम् ॥१॥
यत्तु महावाक्यार्थजमतिसूक्ष्मसुयुक्तिचिन्तयोपेतम् ।
उदक इव तैलबिन्दुर्विसर्पि चिन्तामयं तत्स्यात् ॥२॥
एदंपर्यगतं यद्विध्यादौ यत्नवत्तथैवोच्चैः ।
एतत्तु भावनामयमशुद्धसद्रत्नदीप्तिसमम् ॥३॥

વાક્યના અર્થ માત્રને બતાનનારૂં, મિથ્યા અભિનિવેશ (આગ્રહ) રહિત, અને કોઠારમાં રહેલા ધાન્યના બીજ જેવું શ્રુત જ્ઞાન સમજવું.

જે જ્ઞાન સર્વ ધર્માત્મક વસ્તુને પ્રતિપાદન કરનારૂં સૂક્ષ્મ બુદ્ધિવાળાથી જાણી શકાય તેવું, સુયુક્તિથી ચિંતવેલું અને જેમ તેલ-બિંદુ જળમાં પ્રસરી જાય તેવું જ્ઞાન તે ચિંતાજ્ઞાન છે.

વિધિ, દ્રવ્ય, દાન, પાત્ર વગેરેને બતાવનારૂં યત્નથી સાધ્ય થાય એવું, અને ઉચ્ચ જે તાત્પર્યજ્ઞાન તે ભાવનાજ્ઞાન કહેવાય છે; અને તે અશુદ્ધ સદ્રત્નના પ્રકાશ સરખું છે. અને જેમ સદ્રત્ન (જાતિવંત રત્ન) બીજા રત્નો કરતાં અધિક પ્રકાશ આપનારૂં છે, તેમ આ ભાવનાજ્ઞાન તે બીજા બે પ્રકારના જ્ઞાન કરતાં અધિક છે.

બીજા શબ્દોમાં આ સ્વરૂપને વેદાંત પણ કહે છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન, પ્રથમ સાંભળવામાં આવે છે, તે ઉપર જણાવેલા કોઠારમાં રહેલા ધાન્યના બીજ સમાન છે, જેમ તે બીજ વૃદ્ધિ પામતું નથી, તેમ શ્રુતજ્ઞાન વૃદ્ધિ પામતું નથી. તેથી તો જેટલું સાંભળ્યું તેટલું ગ્રહણ કરવામાં આવે છે; પછી તે ઉપર મનન કરવામાં આવે છે; સંકલ્પ વિકલ્પાત્મક મન પોતાનું લક્ષ તે તરફ દોરવે છે; અને તેનો વિશેષાર્થ શોધી કાઢે છે. જેમ તેલનું બિંદુ જળમાં પ્રસરે છે, તેમ મનના વ્યાપારથી તે સાંભળેલા જ્ઞાન સંબંધી વિશેષ જાણ થાય છે. પણ તેનું ખરૂં રહસ્ય તો ભાવનાથી જ નિદિધ્યાસનથીજ પ્રાપ્ત થાય છે. જ્યારે આત્માનું સર્વ સામર્થ્ય તે તરફ દોરવામાં આવે છે, ત્યારે જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય ત્રણેનું ઐકય થાય છે, અને વસ્તુનું યથાર્થ જ્ઞાન મળે છે. આ ભાવનાજ્ઞાન છે.

વળી બીજી રીતે કહીએ, તો પ્રથમ શ્રવણ ગ્રહણ કરે છે, પછી મગજ–બુદ્ધિ કબૂલ કરે છે, અને પછી હૃદય તેનો સ્વીકાર કરે છે. જ્યારે હૃદય સ્વીકાર કરે ત્યારે જ યથાર્થ જ્ઞાન છે એમ વિશ્વાસથી કહી શકાય. માટે હૃદયથી ખરા અનુભવથી સ્વીકારાયેલું જ્ઞાન તેજ ભાવના જ્ઞાન; અને તેજ ખરૂં જ્ઞાન, અને તેજ ખરી શ્રદ્ધા. કહ્યું છેકેઃ

Right belief leads to right thoughts and right thoughts lead to right actions.

શુદ્ધ શ્રદ્ધા શુદ્ધ વિચારોને પ્રેરે છે, અને શુદ્ધ વિચારો શુદ્ધ કાર્યોને પ્રેરે છે. માટે ભાવનાજ્ઞાન (શ્રદ્ધા) તેજ ખરૂં જ્ઞાન છે. તેજ બાબત ઉલટાવીને શાસ્ત્રકાર લખે છે.

नहि श्रुतमय्या प्रज्ञया भावनादृष्टज्ञातं ज्ञातंनामेति ॥३१॥

અર્થઃ–શ્રુતમય બુદ્ધિથી જાણેલું તે જ્ઞાન નહિ પણ ભાવનાથી જોયેલું અને જાણેલું તેજ જ્ઞાન.

ભાવાર્થ:–શ્રુતમય બુદ્ધિથી જે જોયું અથવા જાણ્યું અથવા શ્રુતમય બુદ્ધિથી જે જાણવામાં તથા જોવામાં આવ્યું તે જ્ઞાન કહી શકાય નહિ. પણ ભાવના વડે જે જાણવામાં તથા જોવામાં આવે છે, તેજ ખરૂં જ્ઞાન છે.

કહેવાનો ભાવાર્થ એ છે કે જેવી રીતે ભાવનાથી વસ્તુનું જ્ઞાન થાય છે, તેવી રીતે કેવળ શ્રુતજ્ઞાનથી થતું નથી. જે વસ્તુને સાંભળી મનન કરી, અને નિદિધ્યાસન કરી હોય તેનું જ જ્ઞાન યથાર્થ કહી શકાય. શ્રુતજ્ઞાનથી જાણેલું તે ન જાણ્યા બરાબર કેમ ગણવું તેનો જવાબ શાસ્ત્રકાર આપે છે.

उपरागमात्रत्वादिति ॥३२॥

અર્થ:—શ્રુતજ્ઞાનથી ફક્ત બાહ્યથી રંગવાપણું છે તે કારણથી (શ્રુતજ્ઞાને કરી જાણેલું ન જાણ્યા સમાન છે.)

ભાવાર્થ:—જેમ સ્ફટિક મણિની નીચે કોઈ પણ રંગનું પુષ્પ મૂકવામાં આવે તો તે સ્ફટિક મણિ તેવા રંગનો દેખાય છે; પણ ખરેખર તે તેવો થતો નથી, કારણ કે બંનેનો સંબંધ બાહ્યનો છે. તેજ રીતે શ્રુતજ્ઞાનથી આત્માને જે બોધ થાય છે, તે કેવળ ઉપરનો છે, તેથી હૃદયની પરિણતિને એકદમ અસર થતી નથી. માટે શ્રુતજ્ઞાનથી જાણેલું તે નહિ જાણ્યા સમાન અને ભાવના જ્ઞાનથી જાણેલું તેજ ખરૂં જ્ઞાન છે.

શ્રુતજ્ઞાન કેવળ ઉપર ઉપરનું છે એમ શી રીતે કહો છો, તો તેનો જવાબ શાસ્ત્રકાર આપે છે.

दृष्टवदपायेभ्योऽनिवृत्तेरिति ।।३३।।

અર્થ:—જોયેલા અપાય (અનર્થ) થી માણસ નિવૃત્તિ પામતો નથી માટેજ (શ્રુતજ્ઞાન ઉપર ઉપરનું છે.)

ભાવાર્થ :—જે માણસ યથાર્થ રીતે અનર્થને જુએ તથા જાણે તો તેનાથી તે પાછો હઠે; પણ જેવી રીતે ભાવનાજ્ઞાનથી જાણેલાં તથા જોયેલા અનર્થ ઉપજાવનારાં કાર્યોથી પાછો હઠે છે, તેવો તે શ્રુતજ્ઞાનથી જાણેલાં તથા જોયેલો અનર્થકારી કાર્યોથી પાછો હઠતો નથી; માટે શ્રુતજ્ઞાન ઉપર ઉપરનું છે.

જો ખરું જ્ઞાન થયું હોય તો તદનુસાર વર્તન થવું જોઈએ. જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર રહી શકતો નથી, તેમ સમ્યગ્જ્ઞાન થતાં દ્વેષનો ઉદ્ભવ સંભવી શકતો નથી. અને જો દ્વેષ થાય, તો દ્વેષ કરનારને સમ્યગ્જ્ઞાન થયું છે, એમ કદાપિ કહી શકાય નહિ. ભાવના જ્ઞાનજ માણસને સદ્માર્ગે પ્રેરે છે, અને અસદ્માર્ગથી પાછા ખેંચે છે. તેજ બાબત આગળ સૂત્રથી શાસ્ત્રકાર દર્શાવે છે :—

एतन्मूले च हिताहितयोः प्रवृत्तिनिवृत्ती इति ॥३४॥

અર્થ :—હિતમાર્ગમાં પ્રવૃત્તિ કરવી અને અહિતથી નિવૃત્તિ પામવી તેનું મૂળજ ભાવનાજ્ઞાન છે.

ભાવાર્થ :—જેને ભાવનાજ્ઞાન થયું છે, તેજ બુદ્ધિમાન પુરૂષ હિત અને અહિત વચ્ચેનો ભેદ સમજી શકે છે, અને હિત માર્ગમાં પ્રવૃત્તિ કરે છે, અને અહિતકારી માર્ગથી વિમુખ થાય છે, એજ બાબતની પુષ્ટિ આપતાં શાસ્ત્રકાર લખે છે કે :—

अत एव भावनादृष्टज्ञाताद्विपर्ययायोग इति ॥३५॥

અર્થ :—તે કારણથીજ ભાવનાવડે જોયેલા તથા જાણેલાથી વિપરિત પ્રવૃત્તિ થતી નથી.

ભાવાર્થ :—હિત અને અહિત માર્ગનો ભેદ સમજાવનારજ ભાવનાજ્ઞાન છે, માટે ભાવનાજ્ઞાન વડે જોયેલા તથા જાણેલા પદાર્થોના સંબંધમાં વિપરિત પ્રવૃત્તિ કદાપિ સંભવતી નથી; એટલે જેનામાં

ભાવનાજ્ઞાન છે; તેવો પુરૂષ કદાપિ અહિત માર્ગમાં પ્રવૃત્તિ કરતો નથી, તેમ હિત માર્ગથી પાછો હઠતો નથી. ભાવના જ્ઞાનવાળાના કાર્યો વિપરીત હોતાં નથી.

तद्वन्तो हि दृष्टापायप्रयोगेऽप्यदृष्टापायेभ्यो निवर्त्तमाना दृश्यन्त एवाऽन्यरक्षादावितीति ॥३६॥

અર્થ:--જે ભાવના જ્ઞાનવાળા છે, તે જોવામાં આવતાં કષ્ટોની પ્રાપ્તિ થવાથી, જે કષ્ટો નથી જોવામાં આવતાં તેનાથી પણ નિવૃત્તિ પામે છે, અને અન્ય જીવોની રક્ષા કરવાના કામમાં પ્રવૃત્ત થાય છે.

ભાવાર્થ:--જે ભાવનાજ્ઞાનવાળા પુરૂષો છે, તે મરણ વગેરે કષ્ટો જે જોવામાં આવે છે, તે મરણાદિની પ્રાપ્તિ થતાં નરકાદિક કુગતિને પમાડનારા એવા હિંસાદિક કર્મથી નિવૃત્તિ પામે છે. તેઓ આ પ્રમાણે અનર્થકારી કાર્યો કરતાં અટકે છે, એટલું જ નહિ પણ અન્ય જીવોની રક્ષા કરવા સર્વદા તત્પર રહે છે.

આ સ્થળે ટીકાકાર મેતાર્ય મુનિનું દૃષ્ટાન્ત આપે છે. મેતાર્ય મુનિ કોઈ સોનીને ત્યાં ભિક્ષા અર્થે ગયા હતા. સોની સોનાના જવ ઘડતો હતો; તે કામ પડતું મૂકી તેણે તે સાધુને ભિક્ષા આપી, તેવામાં તેનો પાળેલો ક્રૌંચ નામનો પક્ષી કેટલાક સોનાના જવ ગળી ગયો. મુનિએ આ સર્વ નજરે જોયું. પણ મૌનવ્રત ધારણ કરી ચાલ્યા ગયા. પાછળથી તે જવ ગણતા ઓછા જણાયા તેથી સોનીને તે મેતાર્ય મુનિ પર શંકા પડી. મુનિને પૂછતાં મુનિએ તે ક્રૌંચ પક્ષીનું નામ ન દેતાં મૌન રહ્યા, તે ઉપરથી તે સોનીએ મેતાર્ય મુનિને તાડન કર્યું. પોતે કષ્ટ વેઠયું છતાં બીજા પ્રાણીને હેરાન થવા ન દીધો. એવા મહાસત્ત્વવંત મુનિરાજો ભાવજ્ઞાનવાળા હોય છે. કોઈ ધર્મ માર્ગથી પતિત થયો હોય, તો તેને ધર્મમાં સ્થિર કરે છે એવી રીતે અનેક પ્રકારનો

ઉપકાર કરે છે. પોતાને મરણ કષ્ટ સહન કરવું પડે તો તે સહન કરીને પણ બીજા ઉપર ઉપકાર કરવા નિરંતર પ્રયત્નશીલ હોય છે.

આ વિષયની સમાપ્તિ કરતા શાસ્ત્રકાર લખે છે કે :-

इति मुमुक्षोः सर्वत्र भावनायामेव यत्नः श्रेयानिति ।३७॥

અર્થ :—એ રીતે મુમુક્ષુએ સર્વત્ર ભાવનામાંજ પ્રયત્ન કરવો તેજ શ્રેય છે.

ભાવાર્થ:—યતિ ગમે તે કાર્ય કરતો હોય, ગમે તે અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થયેલો હોય છતાં હૃદયમાં તો ઉચ્ચ પ્રકારની ભાવનાજ રાખવી એજ શ્રેય માર્ગ છે, આપણે ઉપર વિચારી ગયા છીએ કે ભાવના જ્ઞાનજ સદ્વિચારોને પ્રેરનાર છે. અને સદ્વિચારોજ સત્કાર્યના નિયામક છે, માટે સત્કાર્યને ખરી રીતે બળ આપનાર ભાવના છે.

માણસને જ્યારે સન્માર્ગે ચાલતા વિઘ્ન આવે ત્યારે તેનું મન તે માર્ગથી વિમુખ થવા પ્રેરાય છે, અને તે વખતે જો ભાવના જ્ઞાનનો અખંડ વહેતો બળનો પ્રવાહ ન હોય, તો વિચારો પણ અસન્માર્ગ તરફ આકર્ષાય છે, માટે સત્કાર્યો કરતાં પણ ભાવનાજ્ઞાનને હૃદયમાંથી વિસારવું નહિ.

तद्भावे निसर्गत एव सर्वथा दोषोपरतिसिद्धेरिति ॥३८॥

અર્થ:—ભાવનાના સદ્ભાવેજ સ્વભાવથીજ સર્વ પ્રકારે દોષથી પાછા ફરાય છે.

ભાવાર્થ:—જ્યારે ભાવના હૃદયમાં વર્તતી હોય છે, ત્યારેજ સ્વભાવથી રાગાદિક દોષો ટળી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો ભાવનાજ્ઞાનથીજ સર્વ પ્રકારના મનોવિકાર અને વૃત્તિઓ ટળી જાય છે. ભાવનાનો આટલો બધો પ્રતાપ વર્ણવામાં આવ્યો; પણ તે ભાવના શી રીતે ઉત્પન્ન થઈ શકે ? તે ભાવનાનું કારણ શું ? તેનો જવાબ શાસ્ત્રકાર આપે છે :—

वचनोपयोगपूर्वा विहितप्रवृत्तिर्योनिरस्ता इति ॥३९॥

અર્થ:—વચનના ઉપયોગપૂર્વક શાસ્ત્રમાં કહેલા અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવી તે ભાવનાનું કારણ છે.

ભાવાર્થ:—આ બાબત શાસ્ત્રમાં આ પ્રમાણે વર્ણવેલી છે, માટે તે પ્રકારે આદરવા લાયક છે એવી આલોચના કરવી અને આલોચના ઉપયોગપૂર્વક શાસ્ત્રોક્ત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ થાય, તે ભાવનાનું કારણ છે.

महागुणत्वाद्वचनोपयोगस्येति ॥४०॥

અર્થ:—વચનનો ઉપયોગ કરવો. તે મહાગુણકારી છે, માટે (વચનોપયોગપૂર્વક શાસ્ત્રોક્ત પ્રવૃત્તિ; તે ભાવના જ્ઞાનનું કારણ છે).

ભાવાર્થ:—શાસ્ત્રમાં કહેલા વચનોનો વિચાર કરવો, તે મહાગુણકારી છે. કારણ કે શાસ્ત્રમાં જ્ઞાનીઓના અનુભવનું, તેમજ કયે માર્ગે ચાલવાથી ઇષ્ટસિદ્ધિ થઈ શકે તે માર્ગનું વર્ણન કરેલું હોય છે. માટે તદનુસાર વિચારપૂર્વક પ્રવૃત્તિ કરવાથી ભાવનાજ્ઞાન થાય છે.

એજ બાબતને વધારે સ્પષ્ટ રીતે સૂચવતા શાસ્ત્રકાર લખે છેઃ–

तत्र ह्यचिन्त्यचिन्तामणिकल्पस्य भगवतो बहुमानगर्भं स्मरणमिति ॥४१॥

અર્થ:—(શાસ્ત્રમાં કહેલા વચનની આલોચનાપૂર્વક પ્રવૃત્તિ કરવાથી) અચિંત્ય ચિંતામણિ તુલ્ય ભગવાનનું બહુમાનપૂર્વક સ્મરણ થાય છે.

ભાવાર્થ:--શાસ્ત્રમાં જે વચનો કહ્યાં છે, તેનો પ્રથમ વિચાર કરી તદનુસાર પ્રવૃત્તિ કરવામાં આવે તો તે શાસ્ત્રના પ્રણેતાનું પણ સ્મરણ થાય છે. જેનો પ્રભાવ ચિંતવવો અશકય છે, એવા ચિંતામણિ રત્નસદશ ભગવાન છે. જેમ ચિંતામણિ રત્ન ઇચ્છિત પદાર્થ આપે છે, તેમ ભગવાનનું સ્મરણ પણ ઇચ્છિત પદાર્થને આપનારૂં છે.

શાસ્ત્રનો વિચાર આવતાંજ તે શાસ્ત્રના પ્રરૂપક ભગવંતનું પણ સ્મરણ થાય છે. અને ભગવંતનું સ્મરણ થવું, તે કાંઈ જેવો તેવો લાભ નથી. માટે શાસ્ત્રોક્ત વચન વિચારીનેજ નિરંતર પ્રવૃત્તિ કરવી.

भगवतैवमुक्तमित्याराधनायोगादिति ॥४२॥

અર્થ:—ભગવંતે આ પ્રકારે કહ્યું છે; એ પ્રકારના આરાધના યોગથી (ભગવંતનું સ્મરણ થાય છે).

ભાવાર્થ:--જ્યારે શાસ્ત્રમાં કહેલા વચનોનો આપણે વિચાર કરીએ છીએ, મનન કરીએ છીએ ત્યારે ભગવંતે આ સંબંધમાં આ પ્રકારે કહ્યું છે, એવો સ્વાભાવિક વિચાર સ્ફુરે છે. અને તેથી શાસ્ત્ર તરફ તથા શાસ્ત્રના પ્રણેતા તરફ અનુકૂળ ભાવ જાગૃત થાય છે, અને આ અનુકૂળ ભાવથી ભગવંતનું સ્મરણ થાય છે.

एवं च प्रायो भगवत एव चेतसि समवस्थानमिति ॥४३॥

અર્થ:—આ રીતે ઘણે ભાગે ભગવંતનીજ સ્થાપના સારી રીતે હૃદયમાં થાય છે.

ભાવાર્થ:--આ રીતે બહુમાન પૂર્વક ભગવંતનું સ્મરણ કરવાથી હૃદયમાં ભગવંતની સ્થાપના ઘણે ભાગે થાય છે. ઘણે ભાગે આ શબ્દો કહેવાનો અર્થ એ છે કે – ક્રિયાકાળે ક્રિયામાં જ ચિત્તની સ્થાપના કરવી. જો ક્રિયા કરતી વખતે ક્રિયામાંજ ચિત્ત ન રાખે તો કેવળ દ્રવ્યક્રિયા થવાનો દોષ આવે. ઘણી ધાર્મિક

ક્રિયાઓ હાલમાં દ્રવ્યક્રિયાઓ થઈ ગઈ છે, કારણ કે ભાવ વિના તે કરવામાં આવે છે, તે કરતી વખતે ચિત્ત બીજે રખડતું હોય છે; તેથી તે ક્રિયાઓ જીવ વગરનાં ખોખાં રૂપે ભાસે છે. માટે આ સ્થળે કહેવામાં આવ્યું છે કે જે જે ક્રિયા કરતા હોઇએ તે તે ક્રિયા ભાવ સહિત અને તેમાં ચિત્ત પરોવીને કરવી.

આ સ્થળે કોઈ શંકા કરે છે કે ભગવંતનું કહેલું કરવાથી શું સિદ્ધ થાય ? તેનો જવાબ શાસ્ત્રકાર આપે છે.

तदाज्ञाराधनाच्च तद्भक्तिरेवेति ॥४४॥

અર્થ:—ભગવંતની આજ્ઞાનું આરાધન કરવાથી ભગવાનની ભક્તિ જ થાય છે.

ભાવાર્થ:—જો ભગવંત તરફ બીજી રીતે ભક્તિ દર્શાવવી હોય તો ભગવંતની આજ્ઞા પ્રમાણે ચાલવું જરૂરનું છે; કારણ કે તેમની આજ્ઞા પ્રમાણે વર્તન એજ તેમની ભક્તિ, તે બાબતજ વિશેષ ખુલ્લી રીતે શાસ્ત્રકાર લખે છે:—

उपदेशपालनैव भगवद्भक्तिर्नान्या कृतकृत्यत्वादिति ॥४५॥

અર્થ:—ઉપદેશ પાળવો તેજ ભગવંતની ભક્તિ છે, પણ બીજી નથી, કારણ કે તે કૃતકૃત્ય છે.

ભાવાર્થ:—ભગવંત પોતાને જે કરવા યોગ્ય હતું તે કરી ગયા છે, પોતાની સાધ્ય વસ્તુ તેમણે સિદ્ધ કરેલી છે; માટે તેમની તરફ ભક્તિ દર્શાવવાનો ઉત્તમ માર્ગ એકજ છે. અને તે એ છે કે તેમનો ઉપદેશ પાળવો.

જે ભગવંતની આજ્ઞા પ્રમાણે વર્તે છે, તે ખરેખરો ભગવંતનો ભક્ત છે એમ નક્કી સમજવું.

જો ભગવંત કૃતકૃત્ય છે તો પછી તેમની પુષ્પાદિ વડે પૂજા કરવાથી શું પ્રયોજન છે ? એવી શંકાના સમાધાનાર્થે શાસ્ત્રકાર લખે છે કે;-

उचितद्रव्यस्तवस्यापि तद्रूपत्वादिति ॥४६॥

અર્થ:-ઉચિત દ્રવ્યસ્તવ પણ ઉપદેશ પાળાવારૂપ છે. માટે તે પણ ભક્તિ કહેવાય.

ભાવાર્થ:-યોગ્ય દ્રવ્ય સ્તુતિથી પણ ભગવંત આજ્ઞાનું પાલન થાય છે. કારણ કે શાસ્ત્રમાં ઉપદેશ છે કે " યોગ્ય અવસરે પવિત્ર થઈને સારા પુષ્પોવડે તેમજ ઉત્તમોત્તમ સ્તુતિ સ્તોત્રવડે જિન પૂજા કરવી. " આવી ભગવંતની આજ્ઞા છે; અને તે આજ્ઞા પ્રમાણે વર્તવાથી ભક્તિ થાય છે; માટે નિરંતર જિન પ્રતિમાનું પૂજન કરવું, દ્રવ્યસ્તવને ઉપદેશ પાળવારૂપ ગણવામાં આવ્યું છે તો ભાવ-સ્તવને ગણવામાં આવે તેમાં આશ્ચર્ય જેવું શું છે ?

દ્રવ્યસ્તવથી પરમાત્માની ભક્તિ થાય છે એમ તમે શી રીતે કહી શકો છો ? તેનો ઉત્તર શાસ્ત્રકારજ આપે છે.

भावस्तवाङ्गतया विधानादिति ॥४७॥

અર્થ:--દ્રવ્યસ્તવ ભાવસ્તવનું અંગ છે, એમ કહેલું હોવાથી (દ્રવ્યસ્તવથી પણ ભગવંતની ભક્તિ થાય છે.)

ભાવાર્થ:—શુદ્ધ યતિધર્મના કારણરૂપે દ્રવ્યસ્તવ શાસ્ત્રમાં કહેલું છે. વિષયતૃષ્ણાદિ કારણોથી સાધુધર્મરૂપ મંદિરના શિખરપર ચઢવા અસમર્થ અને ધર્મ કાર્યને કરવા ઈચ્છતા પ્રાણી માટે મોટા સાવદ્ય વ્યાપારથી નિવૃત્ત થવાનો બીજો માર્ગ ન જણાવાથી ભગવંતે સદ્ આરંભરૂપ દ્રવ્યસ્તવનો ઉપદેશ કર્યો.

जिनभवनं जिनबिम्बं जिनपूजां जिनमतं च यः कुर्यात् ।
तस्य नरामरशिवसुखफलानि करपल्लवस्थानि ॥ १ ॥

જિન ભવન, જિન બિંબ જિનપૂજા અને જિનમત જે કરે છે તે પુરૂષના હાથમાં મનુષ્યનાં, દેવનાં અને મોક્ષના સુખ આવે છે, અર્થાત્ સર્વ પ્રકારનાં ઉત્તમ સુખો તેને સહજ મળે છે. માટે દ્રવ્ય સ્તવ એ ભગવંતની આ પ્રમાણેની આજ્ઞાનું પાલન છે. અને આજ્ઞા પાલન એ ભક્તિ છે, માટે દ્રવ્યસ્તવથી પણ ભક્તિ થાય છે, એ નિઃસંદેહ છે.

हृदि स्थिते च भगवति क्लिष्टकर्माविगम इति ॥४८॥

અર્થઃ—ભગવંત હૃદયમાં સ્થિર થયે કલેશકારક કર્મોનો ક્ષય થાય છે.

ભાવાર્થ :—સંસારમાં વાસ કરાવનાર જે જે કર્મો છે, તે ક્લિષ્ટ કર્મો છે. જ્યારે ભગવંત આપણા હૃદયમાં વાસ કરે છે, ત્યારે તે કલેશકારક કર્મનો ક્ષય થાય છે. કલ્યાણ મંદિરમાં પણ આજ ઉદ્દેશથી લખેલું છે કેઃ-

हृद्वर्तिनि त्वयि विभो शिथिलीभवन्ति ।
जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ॥

सद्यो भुजङ्गममया इव मध्यभाग—
मभ्यागते वनशिखंडिनि चन्दनस्य ॥ १ ॥

જ્યારે હે પ્રભો ! તું અમારા હૃદયમાં વાસ કરે છે, ત્યારે ક્ષણવારમાં પ્રાણીના ગાઢ કર્મ બન્ધન પણ ઢીલાં પડી જાય છે. દાખલા તરીકે વનનો મોર વનના મધ્યભાગમાં આવવાથી ચંદન વૃક્ષને વિંટળાઈ વળેલા સર્પોના બન્ધન શિથિલ થઈ જાય છે. એટલે કે સર્પ એકદમ પલાયન થઈ જાય છે.

મનુષ્ય એકજ વખતે એક વસ્તુનું ધ્યાન કરી શકે, એકજ વસ્તુમાં ચિત્ત રાખી શકે, એ નિયમ સહેજ પણ વિચાર કરનારને તરત સમજાશે. તો પછી જેનું ચિત્ત પ્રભુમાં લાગ્યું હોય, તેનું ચિત્ત બીજા દુષ્ટ અધ્યવસાયોમાં પરોવાય નહિ; અને તેથીજ આ સ્થળે કહેવામાં આવ્યું છે કે ભગવંતનો વાસ હૃદયમાં જ્યાં સુધી હોય છે, ત્યાં સુધી ક્લિષ્ટ કર્મનો ક્ષય થાય છે, અને નવાં ક્લિષ્ટ કર્મ ઉપાર્જન થતાં નથી. આ બાબત શાસ્ત્રકાર પણ દૃષ્ટાન્તથી સમજાવે છે કેઃ-

जलानलवदनयोर्विरोधादिति ॥४९॥

અર્થઃ—જળ અને અગ્નિની માફક એ બેને (ક્લિષ્ટ કર્મને, અને ભવગંતનું ચિત્તામાં વસવું) વિરોધ છે.

ભાવાર્થઃ—જળ અને અગ્નિને પરસ્પર વિરોધ છે. જ્યાં જળ હોય ત્યાં અગ્નિ રહી શકે નહિ, અને જ્યાં અગ્નિ હોય ત્યાં જળ રહી શકે નહિ. કેમકે તે બન્ને એક બીજાના નાશ કરનારાં છે. તેજ રીતે ભગવંતનો હૃદયમાં વાસ અને ક્લિષ્ટ કર્મ એક બીજાને પરસ્પર વિરોધી હોવાથી એકજ સમયે સાથે રહી શકે નહિ, જો ભગવંતોનો હૃદયમાં વાસ હોય તો ક્લિષ્ટ કર્મ ત્યાં રહી શકે નહિ, અને જો ક્લિષ્ટ કર્મ રહી શકે તો ભગવંતનો હૃદયમાં વાસ નથી. એમજ સમજવું.

આરંભ કરેલા વિષયની સમાપ્તિ કરતાં શાસ્ત્રકાર લખે છેકેઃ-

इत्युचितानुष्ठानमेव सर्वत्र प्रधानमिति ॥५०॥

અર્થઃ—આ પ્રકારે ઉચિત અનુષ્ઠાન એજ સર્વ સ્થળે મુખ્ય છે.

ભાવાર્થ:—આ સૂત્રનો ભાવાર્થ આગળ સૂત્ર નં. ૪૬માં કહેલ છે ત્યાંથી જોઈ લેવો.

ઉચિત અનુષ્ઠાન મુખ્ય છે, એ શી રીતે કહી શકાય! તેનો જવાબ શાસ્ત્રકાર આપે છેઃ—

प्रायोऽतिचारासंभवादिति ॥५१॥

અર્થ:-ઘણું કરીને (ઉચિત અનુષ્ઠાનમાં) અતિચારનો સંભવ નથી માટે (ઉચિત અનુષ્ઠાન એજ મુખ્ય છે.)

ભાવાર્થ:—જે માણસ પોતાને ઉચિત અનુષ્ઠાન કરવા તત્પર થાય છે, તે પુરૂષને ઘણે ભાગે અતિચાર લાગતો નથી. પોતાની બુદ્ધિથી જે માર્ગ યોગ્ય લાગ્યો હોય છે, તે માર્ગે માણસ પોતાના સઘળા સામર્થ્યથી વળે છે, અને કદાપિ પોતાના જ્ઞાનપૂર્વક તેમાં અતિચાર થવા દેતો નથી.

જેમ માર્ગે જતાં કોઈને કાંટો વાગે, અથવા જ્વર આવે. અથવા બે માર્ગથી કયે માર્ગે જવું એવો દિગ્મોહ થાય, તેમ સન્માર્ગે ચાલતાં, અથવા સદ્અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરતાં પૂર્વના નિકાચિત કર્મના ઉદયથી અથવા અજ્ઞાનપણાથી માણસને અતિચાર દોષ કદાચ લાગી જાય, એ હેતુથીજ કહેવામાં આવ્યું છે કે ઘણે ભાગે અતિચાર લાગતો નથી.

ઉચિત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરનાર ઘણે ભાગે અતિચાર લાગતો નથી; એમ શી રીતે કહી શકો છો? તેનો જવાબ આપે છેઃ—

यथाशक्तिप्रवृत्तेरिति ॥५२॥

અર્થ:—પોતાની શક્તિ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે, તે કારણથીઃ—

ભાવાર્થ:–જે માણસ પોતાની શક્તિનો વિચાર કરી સત્કાર્યમાં પ્રવૃત્તિ કરે છે, તેને અતિચાર લાગતો નથી. જે માણસને બુદ્ધિપૂર્વક વિચાર કરતાં એમ લાગે છે કે આટલું કામતો મારાથી થઈ શકાશે. તે કાર્યને અવશ્ય યથાર્થ રીતે કરી શકે છે, અને તેથી તેના માર્ગમાં દૂષણ લાગતું નથી.

सद्भावप्रतिबन्धादिति ॥५३॥

અર્થ:—સદ્‌ભાવમાં ચિત્તને રોકવાથી (યથાશક્તિ પ્રવૃત્તિ થઈ શકે છે.)

ભાવાર્થ:—જે પોતાનાથી કરી શકાય તેવું સત્કાર્ય છે, તેને વિષે ચિત્તને રોકવાથી માણસ પોતાની શક્તિ પ્રમાણે પ્રવર્તી શકે છે, કહેવાનો સાર એ છે કે જે માણસ પોતાનાથી થઈ શકે તેવા કાર્યમાં ચિત્ત રાખે છે, તો તેમાં તે પ્રવૃત્તિ પણ બરાબર રીતે કરી શકે છે.

इतरथार्त्तध्यानोपपत्तिरिति ॥५४॥

અર્થ:—(અનુચિત કાર્યનો આરંભ કરવાથી) આર્ત્ત-ધ્યાનનો પ્રસંગ આવે છે.

ભાવાર્થ:—જે માણસો અનુચિત કાર્યનો આરંભ કરે છે, અથવા જે કામ કરવાની પોતાની શક્તિ છે, તે ઉપરાંતનું કાર્ય કરવાને પ્રવૃત્તિ કરે છે, તે મનુષ્યને આર્ત્તધ્યાન કરવાનો પ્રસંગ આવે છે. પોતાની શક્તિ પંચ મહાવ્રત પાળવાની નથી, છતાં પંચ મહાવ્રત પાળવાનો આરંભ કરે છે, તો પરિણામ એ આવે છે કે મહારથી અનિચ્છાએ તે મહાવ્રત પાળવા છતાં અંતરમાં વિચારો તેનાથી વિરૂદ્ધ વર્તે છે, અને તેથી આર્ત્તધ્યાન થાય છે. તેજ બાબતને જણાવતાં શાસ્ત્રકાર લખે છે કે:—

अकालौत्सुक्यस्य तत्त्वतस्तत्त्वादिति ॥५५॥

અર્થ:–અનુચિતકાળે જે ઉત્સુકપણું છે, તે પરમાર્થથી (ખરી રીતે) આર્તધ્યાનપણું જ છે.

ભાવાર્થ:—જે કાર્ય કરવા આપણે ધારીએ, અથવા ઇચ્છા રાખીએ તે કાર્ય કરવાનો સમય થયો ન હોય છતાં, તે કાળને-ઉચિત કાર્યનો ત્યાગ કરીને, અનુચિત કાર્યનો પ્રારંભ કરીએ તો તે કાર્ય વ્યવહારથી ધર્મધ્યાન ગણવા છતાં પરમાર્થથી (ખરી રીતે) આર્તધ્યાન સ્વરૂપીજ છે; અર્થાત્ અનુચિત કાર્યના આરંભથી જ આર્ત્તધ્યાનજ થાય છે. જેની ઇંદ્રિયો પોતાને સ્વાધીન નથી, અને જેનું મન પોતાને વશ નથી, તે ચતુર્થવ્રત અંગીકાર કરે તો પરિ-ણામ આર્ત્તધ્યાન સિવાય બીજું કશું આવી શકે જ નહિ.

ભગવદ્ગીતામાં લખ્યું છે કેઃ—

कर्मेन्द्रियाणि संयम्य यस्त्वास्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥१॥

જે પુરૂષ કર્મેન્દ્રિયોને દબાવી રાખે છે, પણ મનથી ઇન્દ્રિયના વિષયોનું સ્મરણ કરતો રહે છે, તે વિમૂઢ આત્મા મિથ્યા આચાર-વાળો કહેવાય છે. તે કેવળ અજ્ઞાન શરીર કષ્ટ છે; મન વશ થયેલું નથી, ત્યાં સુધી મિથ્યાચાર છે, અને આર્ત્તધ્યાનના હેતુરૂપ છે.

આ સ્થળે કોઈ શંકા કરે કે જે માણસ ઉત્સુક છે, તે પ્રવૃત્તિ કાળ પામી શકશે, પણ અનુત્સુક છે તેવો પુરૂષ પ્રવૃત્તિકાળ શી રીતે પામી શકશે ? તેનો ઉત્તર શાસ્ત્રકાર આપે છે.

नेदं प्रवृत्तिकालसाधनमिति ॥५६॥

અર્થ:–ઉત્સુકપણું પ્રવૃત્તિકાળનું સાધન નથી.

ભાવાર્થ:—માણસ કોઈ કામ કરવા ઉત્સુક થાય, તે ઉપરથી તેને તે કામ કરવાને અવસર પ્રાપ્ત થાય છે, એમ માનવાનું નથી. કોઈ માણસ અતિ ભૂખ્યો થાય, તે ઉપરથી તેને ભોજનના અવસર સિવાય ભોજન મળતું નથી. ભોજન તો ભોજનના અવસરે જ મળે છે; તેમ જે ધર્મ સાધન કરવાનો અવસર છે, તે અવસર પામ્યા સિવાય તે ધર્મ સાધન કરવા કોઈ પ્રવૃત્તિ કરે તો તેમાં તે નિષ્ફળ જાય છે, એટલું જ નહિ પણ જે કાર્ય કરવાને પોતે લાયક હતો, તે પણ ચૂકી જાય છે. આ રીતે અનુચિત કાર્યનો આરંભ કરનાર ઉભય ભ્રષ્ટ થાય છે.

કોઈ કહેશે આ બધું કહ્યું તેનો સાર શો ? તો તે જણાવે છે:

इति सदोचितमिति ॥५७॥

અર્થ:—નિરંતર ઉચિત કર્તવ્ય કરવું.

ભાવાર્થ:—ઉત્સુકપણાનો ત્યાગ કરીને પોતાને જે ઉચિત હોય તેનો આરંભ સદા કરવો. પોતાને કયું કામ કરવાની હૃદયમાં ઉત્સુકતા છે, તેનો વિચાર ન કરતાં પોતાને કરવાનું કયું કામ ઉચિત છે, તે ધ્યાનમાં રાખી તેનો આરંભ કરવો.

तदा तदसत्त्वादिति ॥५८॥

અર્થ:—તે સમયે તે (ઉત્સુકપણું) અસત્ છે (માટે નિરંતર ઉચિત કાર્ય કરવું.)

ભાવાર્થ:—પ્રવૃત્તિકાળમાં ઉત્સુકપણાનો અભાવ છે; માટે જે બુદ્ધિમાન પુરુષો છે, તે કાર્યમાં પ્રવૃત્તિ કરતી વખતે ઉત્સુકતાનો આશ્રય લેતા નથી, એટલે ઉત્સુકતા પર આધાર રાખતા નથી.

જે સદુપાય છે, તે કાર્યને સિદ્ધ કર્યા વિના અટકતો નથી; અને કાર્યમાં પણ તે કારણનો ભાવ જણાઈ આવે છે; જેમ ઘડાનું ઉપાદાન કારણ માટી છે, તે ઘડો બનાવવાની પ્રવૃત્તિકાળમાં જણાય

છે. પણ સદ્ધર્મ કાર્યને માટે ઉત્સુકપણું દેખાતું નથી. માટે ઉત્સુકપણું તે ખરું કારણ નથી; માટે સારા ઉપાયપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરવી એજ કાર્ય સિદ્ધનું લક્ષણ છે. એજ મારા શાસ્ત્રમાં લખેલું છે કેઃ

अत्वरापूर्वकं सर्वं गमनं कृत्यमेव वा ।
प्रणिधानसमायुक्तमपायपरिहारतः ॥

સર્વ પ્રકારનું ગમન અથવા કાર્ય ઉતાવળ વિના કરવું, કેમકે કષ્ટનો પરિહાર કરવાથી ચિત્તના એકાગ્રપણાથી કાર્યસિદ્ધ થાય છે. માટે ઉત્સુકપણાનો ત્યાગ કરી, પોતાને ઉચિત કાર્યમાં પ્રવૃત્તિ કરવી. જો ઉત્સુકપણું પ્રવૃત્તિના કાળને સૂચવનાર ન હોય તો તે કોણ સૂચવે છે ? તેનો જવાબ શાસ્ત્રકાર આપે છેઃ—

प्रभूतान्येव प्रवृत्तिकालसाधनानीति ॥५९॥

અર્થઃ– પ્રવૃત્તિકાળને સૂચવનારા સાધનો (કારણો) ઘણાં છે.

ભાવાર્થઃ—અમુક કાર્યનો આરંભ કરવાનો યોગ્ય સમય થયો છે, તે સૂચવનારા એક બે નહિ પણ અનેક કારણો છે, હવે તે જણાવે છેઃ—

निदानश्रवणादेरपि केषांचित्प्रवृत्तिमात्रदर्शनादिति॥६०॥

અર્થઃ–નિદાન શ્રવણ વગેરેથી કેટલાકની પ્રવૃતિ માત્ર દેખાય છે; (માટે અનેક કારણો છે.)

ભાવાર્થઃ–નિદાન એટલે કારણ, જેમ રોગનું નિદાન એટલે રોગ ઉપજવાનું કારણ જાણીને માણસ તેનાથી અટકે છે, તેમ સાંસારિક તથા સ્વર્ગીય ઉપભોગનું કારણ દાન છે એમ શાસ્ત્રમાં સાંભળીને તેમાં પ્રવૃત્તિ કરે છે.

भोगो दानेन भवन्ति देहिनां सुरगतिश्च शालेन ।
भावनया च विमुक्तिस्तपसा सर्वाणि सिध्यन्ति ॥१॥

પ્રાણીમાત્રને ભોગ દાન વડે મળે છે; દેવતાની ગતિ શીલથી મળે છે; ભાવનાથી મુક્તિ મળે છે; અને તપથી સર્વ કાર્યની સિદ્ધિ થાય છે.

આવું જ્યારે સાંભળવામાં આવે છે ત્યારે તેવું મેળવવાની ઈચ્છાથી, અથવા સ્વજનના આગ્રહથી, તથા બળાત્કારથી કેટલાક પુરૂષોએ દીક્ષા લીધેલી છે. તેમનાં નામ ગોવિંદવાચક, સુંદરાનંદ, આર્યસુહસ્તિગિરિએ દીક્ષા આપેલો કોઈ રંક પુરૂષ, તથા ભવદેવ તથા કરોટકગણિ વગેરે.

આ સર્વ પુરૂષોએ જ્યારે દીક્ષા લીધી ત્યારે તાત્ત્વિક ઉપયોગ રહિત તેઓ હતા; કેવળ તેઓએ દીક્ષા ગ્રહણ કરી એજ તેમની યોગ્યતા આ સંબંધમાં હતી, એમ શાસ્ત્ર રચનારાઓએ જણી શાસ્ત્રમાં લખેલું છે. આવી દીક્ષા લેવાની પ્રવૃત્તિજ સદ્‌ભાવવાળી દીક્ષા અંગીકાર કરવાના યોગ્ય કાળનું કારણ શી રીતે થઈ શકે એવી શંકા સ્વાભાવિક રીતે દરેકના હૃદયમાં પેદા થાય. તે શંકાનો જવાબ શાસ્ત્રકાર આપે છે:—

तस्यापि तथा पारंपर्यसाधनत्वमिति ॥६१॥

અર્થ:—તે પ્રવૃતિ માત્ર પણ પરંપરાએ સારી રીતે (ભાવયતિપણાનું) કારણ છે.

ભાવાર્થ:—કેટલાક પુરૂષો ઉપર જણાવેલા ભોગાભિલાષથી, એટલે દીક્ષાથી દૈવી તથા મનુષ્ય સંબંધી સુખો મળશે, એવું સાંભળવાથી, દ્રવ્ય દીક્ષા અંગીકાર કરે છે; પણ તે દીક્ષા પાળવાના સતત અભ્યાસથી ભોગભિલાષનો ત્યાગ કરે છે, અને ચારિત્ર મોહનીય

કર્મનો અતિ તીવ્ર ઉદય ન હોય, તો ખરી દીક્ષા અંગીકાર કરવાને લાયક તેઓ બને છે; જેમકે ગોવિંદવાચક વગેરે માટે દ્રવ્યદીક્ષા પણ દીક્ષાનું પરંપરાએ કારણ છે.

કોઈ આ સ્થળે સ્વાભાવિક રીતે શંકા કરે છે કે તમારા મત પ્રમાણે માણસ દીક્ષા લેવાની પ્રવૃત્તિ કરે, એટલે તે યોગ્ય થયો સમજવો. તેનો જવાબ શાસ્ત્રકાર ખુલ્લી રીતે આપે છે કેઃ—

यतिधर्माधिकारश्चायमिति प्रतिषेध इति ॥६२॥

અર્થઃ—(શુદ્ધ) યતિધર્મ કહેવાનો આ અધિકાર છે, માટે (દીક્ષા લેવાની પ્રવૃતિ માત્રનો) નિષેધ છે.

ભાવાર્થઃ—આપણે ઉત્સર્ગ અને ખરો માર્ગ પ્રરૂપવાનો આરંભ કરેલો છે તેથી શુદ્ધ યતિધર્મનું જ વર્ણન અમે કરીશું, **માટે કેવળ દીક્ષાની પ્રવૃત્તિને જ દીક્ષાની યોગ્યતા માનવી,** તેનો અમે નિષેધ કરીએ છીએ. કેમકે ગમે તેવા પુરૂષ કેવળ દીક્ષા લેવાથી ભાવયતિપણાને લાયક થતો નથી. જેમ. કીડો લાકડું કોતરે, અને કોતરતાં કોતરતાં કદાચ કોઈ અક્ષરના જેવો આકાર કોતરી કાઢે, પણ કીડો અક્ષરજ કોતરશે એમ નિશ્ચયતાથી ન કહી શકાય. તેવી રીતે ગોવિંદવાચક જેવા કોઈ દ્રવ્ય દીક્ષા પછી તે પાળવાથી ભાવ દીક્ષા પાળવાને લાયક થાય છે, પણ તે ઉપરથી ગમે તેવાને દીક્ષા આપવાથી તે ભાવયતિપણાને લાયક થશે, એમ નિશ્ચયતાથી કહી શકાય નહિ; માટે સર્વ જગ્યાએ ઉચિતપણાનો વિચાર કરી પ્રવર્તવું. કેવળ પ્રવૃત્તિ માત્રનો તો નિષેધજ છે, એ બાબતને વધારે સમર્થન કરતાં શાસ્ત્રકાર લખે છે કેઃ—

न चैतत्परिणते चारित्रपरिणाम इति ॥६३॥

અર્થઃ—ચારિત્રના પરિણામ પરિણમ્યા પછી ઉત્સુકપણું સંભવે નહિ.

ભાવાર્થ:-જેને ખરેખરા ચારિત્રના ભાવ થયેલા છે, અર્થાત્ ચારિત્રનું સ્વરૂપ યથાર્થ સમજી તે લેવાને હૃદય તલ્લીન થયેલું છે, તેવો માણસ કદાપિ ઉત્સુકપણું ધારણ કરેજ નહિ. યોગ્ય કાળે જ ઉચિત અનુષ્ઠાન તેવો પુરૂષ કરે, પણ અકાળે ઉત્સુક થઈ જે અનુષ્ઠાન કરવાનો હજુ સમય પ્રાપ્ત થયો નથી, તે કરવાને પ્રેરાય નહિ. આનું કારણ નીચેના સૂત્રથી જણાવે છેઃ-

तस्य प्रसन्नगम्भीरत्वादिति ॥६४॥

અર્થ:-તેનું (ચારિત્ર પરિણામનું) પ્રસન્નપણું તથા ગંભીરપણું છે માટે.

ભાવાર્થ:—જેમ શરદ ઋતુની અંદર સરોવરનું જળ નિર્મળ હોય છે, તેમ જેના ખરેખરા ચારિત્રના ભાવ છે તેનું મન નિર્મળ હોય છે. તેવા મનુષ્યનું મન સમુદ્રના મધ્ય ભાગના જેવું ગંભીર હોય છે. આવો ગંભીર અને નિર્મળ હૃદયનો પુરૂષ અનુચિત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરેજ નહિ.

બીજું કારણ આપે છેઃ-

हितावहत्वादिति ॥६५॥

અર્થ:—તેનું (ચારિત્ર પરિણામનું) હિતકારીપણું છે માટે.

ભાવાર્થ:-જેનામાં ખરા ચારિત્રના ભાવ વર્તે છે, તેનું વર્તન એકાન્ત હિતકારી હોય છે. માટે તે કદાપિ ઉત્સુકપણાથી અયોગ્યકાળે દીક્ષા ગ્રહણ કરવા તત્પર થાય નહિ.

અહીંયા કોઇ શંકા કરે છે કે "તમારા કહેવા પ્રમાણે ચારિત્રનો પરિણામ પ્રસન્ન, ગંભીર અને હિતકારી છે, તો પછી ચારિત્રના ભાવની પ્રાપ્તિ થયા પછી પણ વારંવાર જુદા જુદા વચનોથી સાધુને ઉપદેશ આપવામાં આવે છે. જેમકે 'મુનિ ગુરૂકુળને વિષે

વાસ કરે, ગુરૂને આધીન વર્તે, તથા ઉચિત એવો વિનય કરે, તથા કાળની અપેક્ષાએ વસતિ (રહેવાની જગ્યા)નું પ્રમાર્જન કરવા પ્રયત્ન કરે, તથા બળનું ગોપન ન કરે, (ધર્મ કાર્યમાં પુરૂષાર્થ ફોરવે) સર્વ જગ્યાએ શાંત રીતે વર્તે, પોતાને હિતકારી વસ્તુનું ચિંતન કરે, ગુરૂની આજ્ઞા થયે, મારા પર મોટો અનુગ્રહ થયો એમ વિચારે, તથા સંવરને વિશે અતિચારાદિ દોષનું નિવારણ કરે, તથા છ જીવ નિકાયની રક્ષાને વિષે શુદ્ધભાવ રાખે, તથા વિનયાદિ વિધિએ કરી સ્વાધ્યાય કરે, શાસ્ત્રોક્ત મરણાદિના વિચાર કરે, તથા સુયતિજનો પાસે ઉપદેશ સાંભળે. જો ચારિત્રના ભાવ સાધુમાં હોય, તો પછી આ ઉપદેશ આપવાની જરૂર શી છે?" એની શંકાનું સમાધાન કરતાં શાસ્ત્રકાર લખે છે કેઃ—

चारित्रिणां तत्साधनानुष्ठानविषयस्तूपदेशः
प्रतिपात्यसौ कर्मवैचित्र्यादिति ॥६६॥

અર્થઃ—તેને (ચારિત્ર પરિણામને) સાધનાર અનુષ્ઠાનના વિષયવાળો ઉપદેશ છે; કારણ કે તે (ચારિત્ર પરિણામ) કર્મના વિચિત્રપણાને લીધે પ્રતિપાતી છે.

ભાવાર્થઃ—જેના ચારિત્રના પરિણામ છે, એવા ચારિત્ર ગ્રહણ કરનારાને પણ ચારિત્ર પરિણામને સાધનારા અનુષ્ઠાનનો ઉપદેશ આપવો એ ઉત્તમ છે, કારણ કે કર્મ વિચિત્ર પ્રકારનાં છે; અને તેથી ચારિત્ર પરિણામથી પડવાનો સંભવ રહે છે. કહ્યું છે કેઃ—

"ગાઢ કઠણ ચીકણા, વજ્રસાર એવા કર્મ જ્ઞાનમાર્ગને વિષે સ્થિર થયેલાને પણ ઉન્માર્ગે લઈ જવા સમર્થ થાય છે." માટે કર્મ વશથી કદાચ કોઈ ચારિત્રિ ભવથી પતિત થાય, તો પણ ગુરૂકુળવાસ વગેરે સાધનો તેને ચારિત્રભાવમાં સ્થિર રાખવામાં સહાયભૂત થાય છે, માટે તેનો ઉપદેશ હિતકારી છે પણ નિરર્થક નથી.

વળી તે ઉપદેશનો બીજો પણ હેતુ છે તે શાસ્ત્રકાર દર્શાવે છેઃ—

तत्संरक्षणानुष्ठानविषयश्च चक्रादिप्रवृत्त्यवसानभ्रमाधानज्ञातादिति ॥६७॥

અર્થઃ—ચારિત્રના પરિણામના રક્ષણાર્થે અનુષ્ઠાન વિષયવાળો ઉપદેશ છે તે ઉપદેશ ચક્ર ભમતું બંધ રહેવા આવે ત્યારે તેને ગતિમાં મૂકવા સમાન છે.

ભાવાર્થઃ—જે ચારિત્રના ભાવ થયા હોય, તેનું રક્ષણ કરવા માટે અનુષ્ઠાન કરવા ફરમાવેલાં છે; તેવા અનુષ્ઠાન જેમાં વર્ણવેલાં છે તેવો ઉપદેશ બહુજ લાભકારી છે, જેમ કેઃ—

"અપ્રમત્ત પુરૂષે પાપના મિત્ર એવા અસંપતિ પુરૂષોના સંસર્ગનો ત્યાગ કરવો, અને શુદ્ધ ચારિત્રવંત ધીર પુરૂષોનો સંસર્ગ કરવો."

જેમ કુંભારનો ચાક ફરતો હોય, પણ જેમ તેની ગતિ મંદ પડી જાય તો, દંડથી તેની ગતિને કુંભાર તીવ્ર બનાવે છે; તેમ ચારિત્ર પરિણામની મંદતા ભાવવીર્યના નાશથી થાય તો તે મંદતા ટાળી તીવ્રતા ઉત્પન્ન કરવાને માટે આ બોધ છે.

હવે તે ઉપદેશનું નિષ્ફળપણું ક્યારે છે તે બતાવે છેઃ—

माध्यस्थे तद्वैफल्यमेवेति ॥६८॥

અર્થઃ—મધ્યસ્થપણામાં તે ઉપદેશનું નિષ્ફળપણું છે.

ભાવાર્થઃ—અપ્રવૃત્તિ અને પ્રવૃત્તિની મંદતા એ બે અવસ્થાના મધ્ય ભાગરૂપ મધ્યસ્થપણું જ્યારે હોય, એટલે ચારિત્રના ભાવની તીવ્રતા વર્તતી હોય, ત્યારે ઉપદેશનું નિષ્ફળપણું છે. બીજા શબ્દોમાં કહીએ તો તેવા ચારિત્રના તીવ્રભાવવાળા પુરૂષને ઉપદેશની જરૂર નથી; તેનું કારણ આગળના સૂત્રથી જણાવે છેઃ—

स्वयं भ्रमणसिद्धेरिति ॥६९॥

અર્થ:—પોતાની મેળેજ ભ્રમણની સિદ્ધિ છે (માટે ઉપદેશની જરૂર નથી.)

ભાવાર્થ:—જેમ ચક્ર પોતાની મેળે ચાલતું હોય તેને ગતિમાં મૂકવાની જરૂર નથી, તેમ જેના આત્માના ચારિત્રભાવ તીવ્ર વર્તે છે, તેમને ઉપદેશ આપવાની આવશ્યકતા નથી.

ઉપદેશની અપેક્ષા વગર ચારિત્ર પરિણામવાળાના સંબંધમાં શાસ્ત્રકાર લખે છેઃ-

भावयतिर्हि तथा कुशलाशयत्वादशक्तोऽसमंजसप्रवृत्तावितरस्यामिवेतर इति ॥७०॥

અર્થ:—ભાવ યતિ કુશળ આશયવાળો હોવાથી અઘટિત પ્રવૃત્તિ કરવા અશક્ત છે, તેમ જે ભાવયતિ નથી તે ઘટિત પ્રવૃત્તિ કરવા અશક્ત છે.

ભાવાર્થ:—જે પરમાર્થથી સાધુ છે; તેનો ચારિત્રની વૃદ્ધિ થાય એવો કુશળ ભાવ સદા વર્તે છે; માટે તેવો યતિ કદાપિ અનાચાર સેવી શકતોજ નથી. જેમ અભાવયતિ એટલે વિડંબના પામતો દ્રવ્યયતિ ભાવથી સંજમની પ્રવૃત્તિ કરવા અશક્ત છે, તેમ આ ભાવયતિ અઘટિત પ્રવૃત્તિ કરવાને અશક્ત છે. આજ બાબતમાં કાંઈક વિશેષ અર્થ સૂત્રકાર કહે છેઃ—

इति निदर्शनमात्रमिति ॥७१॥

અર્થ:—પૂર્વે જે સમાનપણું કહ્યું તે કેવળ દૃષ્ટાન્ત રૂપ સમજવું.

ભાવાર્થ:—જે દ્રવ્યયતિ છે, તે સંજમ પાળવા માટે અશક્ત છે, એમ જે પ્રથમના સૂત્રથી જણાવ્યું તે દૃષ્ટાન્ત માત્ર છે. માટે તે ઉપરથી એમ ન સમજી લેવું કે દ્રવ્યયતિ સંજમ પાળી શકેજ નહિ.

न सर्वसाधर्म्ययोगेनेति ॥७२॥

અર્થ:—સર્વ સાધર્મ્યયોગથી ઉપરનું દૃષ્ટાંત કહેલું નથી.

ભાવાર્થ:—જે બેની વચ્ચે સરખામણી કરવામાં આવે છે, તે સર્વ અંશની સરખામણી નથી, પણ કેટલાક અંશથી છે, એ ધ્યાનમાં રાખવું. એ દૃષ્ટાન્તમાં સરખાપણું નથી એમ શા કારણથી કહી શકો છો એવી શંકાના નિરાકરણ અર્થે શાસ્ત્રકાર લખે છે કે :-

यतेस्तदप्रवृत्तिनिमित्तस्य गरीयस्त्वादिति ॥७३॥

અર્થ:-(અનુચિત કાર્યમાં) અપ્રવૃત્તિનું નિમિત્ત ભાવયતિ, તે મુખ્ય છે, (માટે સર્વ અંશમાં સરખાપણું નથી.)

ભાવાર્થ:-ભાવસાધુ અનાચાર સેવન વગેરે અઘટિત કાર્યમાં પ્રવર્તતો નથી, તેનું કારણ સમ્યગ્દર્શનનો પરિણામ છે; અને તે સમ્યગ્દર્શન અનુચિત કાર્યમાં પ્રવૃત્તિ કરાવનાર મિથ્યાત્વ કષાય વગેરેથી વધારે મહત્ત્વનું છે, કારણ કે સમ્યગ્દર્શન એ આત્માનો સ્વાભાવિક ગુણ છે, અને મિથ્યાત્વ કષાય વગેરે કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલા આત્માના અસ્વાભાવિક ગુણો છે; માટે સ્વાભાવિક ગુણ તે અસ્વાભાવિક કરતાં વધારે મહત્ત્વનો હોય તેમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. તેજ બાબત શાસ્ત્રકાર પણ જણાવે છે :-

वस्तुतः स्वाभाविकत्वादिति ॥७४॥

અર્થ:—ખરેખર (સમ્યગ્દર્શન વગેરે) આત્માના સ્વાભાવિક ગુણો છે (માટે તેનું મહત્ત્વપણું છે.)

ભાવાર્થ:-ઉચિત પ્રવૃત્તિના કારણભૂત જે સમ્યગ્દર્શન તે આત્માનો સ્વાભાવિક ગુણ છે, માટે મિથ્યાત્વાદિ વિભાવિક ગુણો કરતાં તેનું મહત્ત્વ વધારે છે.

तथा सद्भाववृद्धेः फलोत्कर्षसाधनादिति ॥७५॥

અર્થ:-સદ્ભાવની વૃદ્ધિ ઉત્કૃષ્ટ ફળને સાધવા વાળી છે, (માટે સમ્યગ્દર્શન મહત્ત્વનું છે.)

ભાવાર્થ:-વસ્તુને વસ્તુરૂપે ઓળખવી તે સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનથી શુદ્ધ ભાવની વૃદ્ધિ થાય છે, અને શુદ્ધ ભાવની વૃદ્ધિ થવાથી મોક્ષરૂપ ઉચ્ચમાં ઉચ્ચ ફળ મળી શકે છે; માટે સમ્યગ્દર્શન અતિ મહત્ત્વનું છે. વળી મિથ્યાત્વથી કદાપિ પણ મોક્ષ ફળ સાધી શકાતું નથી; માટે મિથ્યાત્વ કરતાં સમ્યગ્દર્શન અતિ શ્રેષ્ઠ છે.

સમ્યગ્દર્શનથી એવું બીજું શું થાય છે કે તમે તેનું મહત્ત્વ આટલું બધું વધારો છો, એવી શંકાનો જવાબ શાસ્ત્રકાર આપે છે.

उपप्लवविगमेन तथाऽवभासनादितीति ॥७६॥

અર્થ:-ઉપદ્રવનો નાશ થવાથી તથા પ્રકારનો બોધ થાય છે માટે (સમ્યગ્દર્શન અતિ મહત્ત્વનું છે.)

ભાવાર્થ:-સમ્યગ્દર્શનથી શુદ્ધ ભાવ થાય છે; શુદ્ધ ભાવથી રાગદ્વેષ વગેરે ઉપદ્રવનો નાશ થાય છે; અને તેથી ભવ્યજીવને સારો નિર્મળ પ્રકાશ હૃદયમાં આવે છે. તે પ્રકાશથી અનુચિત કાર્યમાં પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી એવો વિશ્વાસ થાય છે, માટે સમ્યગ્દર્શન અતિ મહત્ત્વનું છે. પૂર્વે જે કહ્યું હતું કે અભાવુ ભાવ સંયમ પાળવાને અસમર્થ છે, તે દૃષ્ટાન્ત માત્ર સમજવું.

હવે આ પ્રકરણની સમાપ્તિ કરતાં શાસ્ત્રકાર લખે છે કે:-

एवंविधयतेः प्रायो भावशुद्धेर्महात्मनः ।
विनिवृत्ताग्रहस्योच्चैर्मोक्षतुल्यो भवोऽपि हीति ॥१॥

અર્થ:–જેનો દુરાગ્રહ નાશ પામ્યો છે, અને જે ભાવથી શુદ્ધ છે, તેવા ઉચિત અનુષ્ઠાનને સેવનાર મહાત્મા યતિને ઘણે ભાગે સંસાર અને મોક્ષ સમાન છે.

ભાવાર્થ:–જે પોતાની અવસ્થાને ઉચિત અનુષ્ઠાન કરવામાં તત્પર છે, ભાવ શુદ્ધિવાળો છે, શરીર વગેરે ઉપર જેણે મૂર્છાનો ત્યાગ કર્યો છે, તેવા ભાવયતિને સંસાર પણ મોક્ષ સમાન છે.

જો કે તે સંસારમાં રહે છે છતાં મોક્ષનું સુખ મેળવવા ભાગ્યશાળી થાય છે. કહ્યું છે કે:–

निर्जितमदमदनानां वाक्कायमनोविकाररहितानाम् ।
विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् ॥ १ ॥

અહંકાર અને કામદેવને જીતનાર, વાણી, શરીર અને મનના વિકાર રહિત, પારકી આશા (પુદ્‌ગલ ભાવની ઈચ્છા)નો નાશ કરનાર સુવિહિત સાધુને આ સંસારમાં પણ મોક્ષ છે.

સંસાર પણ મોક્ષ શી રીતે છે તે જણાવે છે:–

सद्दर्शनादि संप्राप्तेः सन्तोषामृतयोगतः ।
भावैश्वर्यप्रधानत्वात्तदासन्नत्वतस्तथा ॥२॥

અર્થ:–સમ્યગ્દર્શન વગેરે મેળવવાથી, સંતોષરૂપ અમૃતની પ્રાપ્તિથી, ભાવરૂપી ઐશ્વર્યના મુખ્યપણાથી, અને મોક્ષના સમીપપણાથી આ સંસારમાંજ મોક્ષતુલ્યતા કહેલી છે.

ભાવાર્થ:–ચિંતામણિ, કલ્પવૃક્ષ અને કામધેનુ જેવી ઉપમા-

એને પણ ન્યૂન બનાવનાર સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રનો લાભ થવાથી, સંતોષરૂપ અમૃત પ્રાપ્ત થવાથી, સંસાર પણ મોક્ષ તુલ્ય છે.

વળી ક્ષમા માર્દવ વગેરે ઉત્તમ ગુણોને લીધે ભાવનું ઐશ્વર્ય પણ હોવાથી, તથા મોક્ષ સમીપ હોવાથી ભાવયતિને સંસાર મોક્ષ સમાન છે.

હવે તેજ બાબતને વિશેષ સ્પષ્ટ કરતા ગ્રન્થકાર છેલ્લા શ્લોકથી આ પ્રકરણની સમાપ્તિ કરે છે:-

उक्तं मासादिपर्यायवृद्धया द्वादशभिः परम् ।
तेजः प्राप्नोति चारित्री सर्वदेवेभ्य उत्तमम् ॥३॥

અર્થ:-માસાદિ પર્યાયની વૃદ્ધિ કરીને બાર માસે ચારિત્રને ધારણ કરનાર સર્વ દેવો કરતાં ઉત્તમ તેજ પ્રાપ્ત કરે છે એમ (શાસ્ત્રમાં) કહેલું છે.

ભાવાર્થ:-કોઈ એક માસ ઉત્કૃષ્ટ ચારિત્ર પાળે, કોઈ બે માસ પાળે, એમ અનુક્રમે જે બાર માસ સુધી ચારિત્ર પાળે, તેવો ઉત્તમ ભાવયતિ ભવનપતિથી આરંભ કરીને તે અનુત્તરવિમાનવાસી દેવ સુધી સમસ્ત દેવોનાં સુખ કરતાં અધિક સુખ મેળવી શકે છે.

ભગવતી સૂત્રમાં આ બાબતમાં લખ્યું છે કે:—

આ વર્તમાનકાળમાં વર્તતા શ્રમણનિર્ગ્રંથ કોના કરતાં વધારે ચિત્તને સુખ આપનાર તેજ ધારણ કરી શકે ? એ પ્રશ્નનો જવાબ આપેલો છે કે:—એક માસનો ચારિત્ર પર્યાય પાળનાર સાધુ વાણુવ્યંતર દેવતાઓ કરતાં અધિક સુખ પ્રાપ્ત કરે છે.

બે માસ સુધી ચારિત્ર પર્યાય પાળનાર સાધુ અસુરેંદ્ર વિનાના ભવનપતિ દેવતાઓ કરતાં અધિક સુખ મેળવે છે.

ત્રણ માસ સુધી ચારિત્ર પર્યાય પાળનાર સાધુ ભવનપતિ દેવતા કરતાં અધિક સુખ મેળવે છે.

ચાર માસ દીક્ષા પર્યાય પાળનાર સાધુ ચંદ્ર અને સૂર્ય વિના ગ્રહનક્ષત્ર અને તારારૂપ જ્યોતિષ્ક દેવતાઓ કરતાં અધિક સુખ પ્રાપ્ત કરે છે.

પાંચમાસ દીક્ષા પર્યાય પાળનાર સાધુ ચંદ્ર અને સૂર્ય જ્યોતિષ્ક દેવતા કરતાં અધિક સુખ મેળવે છે.

છ માસ દીક્ષા પર્યાય પાળનાર સાધુ સૌધર્મ અને ઈશાન એ બે લોકના દેવતા કરતાં અધિક સુખ મેળવે છે.

સાત માસ દીક્ષા પર્યાય પાળનાર સાધુ સનત્કુમાર અને માહેંદ્ર એ બે લોકના દેવતા કરતાં અધિક સુખ મેળવે છે.

આઠ માસ દીક્ષા પર્યાય પાળનાર સાધુ બ્રહ્મલોક અને લાંતક એ બે લોકના દેવતા કરતાં અધિક સુખ મેળવે છે.

નવ માસ દીક્ષા પર્યાય પાળનાર સાધુ તે મહાશુક્ર અને સહસ્રાર એ બે લોકના દેવતાનાં સુખ કરતાં અધિક સુખ મેળવે છે.

દશ માસ સુધી દીક્ષા પર્યાય પાળનાર સાધુ આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એ ચાર લોકના દેવતાના સુખ કરતાં અધિક સુખ પ્રાપ્ત કરે છે.

અગીયાર માસ સુધી ચારિત્ર પર્યાય પાળનાર સાધુ ગ્રૈવેયકના દેવતા કરતાં અધિક સુખ મેળવે છે.

બાર માસ સુધી ચારિત્ર પર્યાય પાળનારા સાધુ અનુત્તરવિમાનના દેવતા કરતાં અધિક સુખ પ્રાપ્ત કરે છે. તે પછી શુકલ અને શુકલાભિજાત્ય થઈને સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરનિર્વાણ પ્રાપ્ત કરે છે, અને સર્વદુઃખનો અંત કરે છે.

એ રીતે શ્રી હરિભદ્રસૂરિ રચિત ધર્મબિન્દુમાં છઠ્ઠું પ્રકરણ સમાપ્ત થયું.

પ્રકરણ ૭ મું.

સામાન્ય જન પોતાની પ્રવૃત્તિનું શું ફળ આવશે, તે સમજ્યા સિવાય તે પ્રવૃત્તિ કરવા પ્રેરાતો નથી, માટે શાસ્ત્રકાર ધર્મ કાર્યનું ફળ દર્શાવી લોકોને ધર્મ કાર્ય કરવા પ્રેરવાની ઈચ્છા રાખતા લખે છે કેઃ-

फलप्रधान आरम्भ इति सल्लोक नीतितः ।
संक्षेपादुक्तमस्येदं व्यासतः पुनरुच्यते ॥१॥

અર્થઃ—જેનું ફળ છે એવો આરંભ કરવો એવો પ્રકારની સત્પુરૂષોની નીતિ છે, માટે ધર્મનું ફળ આ છે, એમ સંક્ષેપથી પૂર્વે કહ્યું છે, હવે વિસ્તારથી તે કહેવામાં આવે છે.

ભાવાર્થ:—શિષ્ટ જનનો એવો આચાર છે કે જે કાર્યનું ફળ પોતાને ઈષ્ટ લાગે, તેવું આવવાનો નિશ્ચય હોય તે કાર્ય આદરે. માટે પ્રથમ પ્રારંભમાં જ ધર્મનું ફળ કહેવામાં આવ્યું હતું કે, "ધર્મ ધનના અર્થીને ધન આપનારો છે, કામીજનને તેમના સર્વ કામનાના પદાર્થ આપનારો છે; અને પરંપરાએ મોક્ષને સાધનારો છે." એ સામાન્ય ફળને બદલે હવે ધર્મનું વિશેષ ફળ વિસ્તારથી અત્રે કહેવામાં આવશે.

અહીંયાં કોઈ શંકા કરે કે પ્રથમથી જ વિસ્તારથી ધર્મનું ફળ કેમ કહેવામાં ન આવ્યું, તેનો પ્રત્યુત્તર શાસ્ત્રકાર આપે છે કેઃ—

प्रवृत्त्यङ्गमदः श्रेष्ठं सत्त्वानां प्रायशश्च यत् ।
आदौ सर्वत्र तद्युक्तमभिधातुमिदं पुनः ।।२॥

અર્થ:—પ્રાણીઓને પ્રવૃત્તિ કરવાનું કારણ ફળ છે, તે કહેવું એ ઘણેભાગે શ્રેષ્ઠ છે, માટે પ્રારંભમાં સંક્ષેપથી ફળ કહ્યું. હવે વિસ્તારથી તે કહેવું, તે ચોગ્ય છે.

ભાવાર્થ:—પ્રથમથી માણસની ધર્મમાં રૂચિ થાય માટે ધર્મનું ફળ કહેવામાં આવ્યું. જો વિસ્તારથી ધર્મનું ફળ પ્રથમ કહેવામાં આવ્યું હોત તો શાસ્ત્રના સિદ્ધાંત ઘણા લાંબા કાળ પછી કહેવા પડત, અને તેથી વ્યાખ્યાન નીરસ થવાનો—શાસ્ત્ર સાંભળવામાં અનાદર થવાનો —પ્રસંગ આવત. એ હેતુથી પ્રથમ સંક્ષેપથી વર્ણન કર્યું, હવે વિસ્તારથી તેનું વર્ણન કરવામાં આવે છે.

હવે ધર્મનું ફળ શાસ્ત્રકાર કહે છેઃ—

विशिष्टं देवसौख्यं यच्छिवसौख्यं च यत्परम् ।

धर्मकल्पद्रुमस्येदं फलमाहुर्मनीषिणः ॥३॥ इति ॥

અર્થ:—ધર્મરૂપ કલ્પવૃક્ષનું ફળ એ છે કે દેવતા સંબંધી ઉચ્ચ પ્રકારનું, તેમજ મોક્ષ સંબંધી ઉત્કૃષ્ટ સુખ મળે; એમ મનીષિઓ (ડાહ્યા પુરૂષો) કહે છે.

ભાવાર્થ:—જેમ કલ્પવૃક્ષ ફળ આપે છે, તેમ ભાવધર્મ રૂપ કલ્પવૃક્ષ પણ ફળ આપે છે. એક ફળ ઉત્કૃષ્ટ સ્વર્ગ સુખ, અને બીજું ફળ ઉત્તમોત્તમ મોક્ષ સુખ છે. એમ સુધર્માસ્વામી પ્રમુખ મોટા આચાર્યો કહે છે.

इत्युक्तो धर्मः सांप्रतमस्य फलमनुवर्णयिष्याम इति ॥१॥

અર્થ :—એ પ્રકારે ગૃહસ્થધર્મ અને યતિધર્મ કહ્યા, હવે તેના ફળનું વર્ણન કરીશું.

द्विविधं फलमनन्तरपरंपराभेदादिति ॥२॥

અર્થ:-- અનંતર ફળ અને પરંપર ફળ, એમ ફળના બે પ્રકાર છે.

ભાવાર્થ:—કાર્યની સાથે જ તેનું ફળ આવે તે અનંતર—અંતર વિનાનું ફળ કહેવાય છે; પણ અમુક કાર્યનું કાંઈક ફળ આવે, તે ફળનું બીજું ફળ આવે, એમ છેવટનું જે ફળ તે પરંપર ફળ જાણવું.

બીજા શબ્દોમાં કહીએ તો સમીપનું ફળ, તે અનંતર ફળ, અને દૂરનું ફળ તે પરંપર ફળ છે.

तत्रानन्तरफलमुपप्लवह्रास इति ॥३॥

અર્થ:—તેમાં અનન્તર ફળ તો (રાગાદિ) ઉપદ્રવનો નાશ છે.

ભાવાર્થ:—ધર્મનું તરતનું ફળ તો એ મળે છે કે રાગદ્વેષ વગેરે આત્માને ઉપદ્રવ કરનારા ભાવોનો નાશ થાય છે.

तथा भावैश्वर्यवृद्धिरिति ॥४॥

અર્થ:—ભાવૈશ્વર્યની વૃદ્ધિ થવી એ ધર્મનું અનંતર ફળ છે.

ભાવાર્થ:— ભાવૈશ્વર્ય એટલે ભાવરૂપ સમૃદ્ધિ, ધર્મથી ભાવ સમૃદ્ધિમાં ઉદારતા, પરોપકાર વૃત્તિ, પાપકર્મ તરફ તિરસ્કાર વગેરે સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે.

तथा जनप्रियत्वमिति ॥५॥

અર્થ:—લોકવલ્લભતા એ ધર્મનું અનંતર ફળ છે.

ભાવાર્થ:—જે માણસ ખરો ધર્મિષ્ઠ છે, તે સદાચારી છે; અને કોઈ પણ પ્રાણીને પીડા થાય, તેવા કાર્યમાં પ્રવર્તતો નથી;

અને તેથી પરિણામ એ આવે છે કે સર્વ લોકોની તેના ઉપર પ્રેમ દૃષ્ટિ રહે છે, અને આ રીતે તે લોકવલ્લભ થાય છે.

આ રીતે ધર્મના અનંતર (સમીપનાં) ફળ જણાવવામાં આવ્યાં, હવે તેનું પરંપર ફળ શાસ્ત્રકાર નિવેદન કરે છેઃ—

परंपरफलं तु सुगतिजन्मोत्तमस्थानपरंपरानिर्वाणावाप्तिरिति ॥६॥

અર્થ—: પરંપર ફળ તો સારી ગતિમાં જન્મ, ઉત્તમ સ્થાનની પ્રાપ્તિની અને પરંપરાએ નિર્વાણની પ્રાપ્તિ છે.

ભાવાર્થ:— ધર્મનું પરંપર ફળ (દૂરનું ફળ) તો દેવગતિ, મનુષ્યગતિ વગેરે ઉત્તમ ગતિમાં જન્મ છે; અને આવા ઉત્તમ સ્થાનની પરંપરાએ નિર્વાણ પ્રાપ્ત થાય છે. આ બાબતનું વિવેચન શાસ્ત્રકારજ આગળના સૂત્રોમાં લખે છે, માટે અત્રે તે કરવામાં આવતું નથી.

सुगतिर्विशिष्टदेवस्थानमिति ॥७॥

અર્થ:—ઉચ્ચ દેવલોકમાં જન્મ થવો તેનું નામ સુગતિ.

ભાવાર્થ:— સૌધર્માદિ દેવલોકમાં જન્મ થવો તેનું નામ સુગતિ સમજવું.

तत्रोत्तमा रूपसंपत्, सत्स्थितिप्रभावसुखद्युतिलेश्यायोगः, विशुद्धेन्द्रियावधित्वं, प्रकृष्टानि भोगसाधनानि, दिव्यो विमाननिवहः, मनोहराण्युद्यानानि, रम्या जलाशयाः, कान्ता अप्सरसः, अतिनिपुणाः किंकराः, प्रगल्भो नाट्यविधिः, चतुरोदाराः भोगाः, सदा चित्ताल्हादः, अनेकसुखहेतुत्वं,

कुशलानुबन्धः, महाकल्याण पूजाकरणं, तीर्थंकरसेवा, सद्धर्म-श्रुतौ रतिः, सदा सुखित्वमिति ॥८॥

અર્થ:—તે દેવલોકમાં ઉત્તમ રૂપ સંપત્તિ, તથા સુંદર સ્થિતિ, પ્રભાવ, સુખ, કાંતિ, લેશ્યાની પ્રાપ્તિ, નિર્મળ ઇન્દ્રિય અને અવધિજ્ઞાન, ઉચ્ચ ભોગનાં સાધનો, દિવ્ય વિમાનોનો સમૂહ, મનોહર ઉદ્યાનો, રમ્ય જલાશયો, સુંદર અપ્સરાઓ, અતિ ચતુર સેવકો, અતિ સુંદર નાટકો, ચતુર નાટકો, ચતુર અને ઉદાર ભોગો, સર્વદા ચિત્તનો આનંદ, અને સુખનાં કારણો, સુંદર પરિણામવાળા કાર્યોની પરંપરા, અને મહા કલ્યાણકોને વિષે પૂજા, તીર્થંકરોની સેવા, સદ્ધર્મ સાંભળવામાં હર્ષ, અને સદા સુખીપણું—આ સર્વ ધર્મનાં પરંપર ફળ છે.

ભાવાર્થ:—ત્યાં દેવલોકમાં ધર્મના પ્રભાવથી નીચે જણાવેલી વિવિધ વસ્તુઓ તથા સંજોગો મેળવવા ધર્માજીવ ભાગ્યશાળી થાય છે. ઉત્તમ પ્રકારના સંસ્થાનવાળું સુંદર શરીર તેને મળે છે. પલ્યોપમ અથવા સાગરોપમ પ્રમાણ આયુષ્યની સ્થિતિ તે ભોગવે છે; વળી નિગ્રહ કે અનુગ્રહ કરવાનો પ્રભાવ તે દેવોને હોય છે. ચિત્તની શાંતિ-રૂપ સુખ તે ભોગવે છે, શરીરનું તેજ તેમને મળે છે, અને તેજોલેશ્યા તેઓ પ્રાપ્ત કરે છે, પોત પોતાના વિષયોનું યથાર્થ જ્ઞાન આપનારી ઇન્દ્રિયો તથા અવધિજ્ઞાન તેઓને હોય છે. દેવલોકમાં સુખ ભોગ-વવાનાં અનેક સાધનો હોય છે, તે હવે જણાવે છે.

મનને પ્રમોદ આપનારા, અશોક, ચંપક, પુન્નાગ, નાગ વગેરે વૃક્ષવાળા વનો, વાપી, તળાવ, સરોવર એવા જળને રહેવાના રમ્ય સ્થાનો, અતિશય કાંતિ—રૂપવાળી અપ્સરાઓ; વિનય વિધિને જાણનાર ચતુર સેવકો, મોટા મોટા પુરૂષોનાં ચરિત્રો જેમાં ભજવાય તેવી અનુપમ

નાટક કળા; ઇન્દ્રિયો તથા ચિત્તને આકર્ષવામાં કુશળ એવા પંચ-ઇન્દ્રિયોના વિષયો; આ સર્વ સુખનાં સાધનો દેવો મેળવે છે.

તેઓનાં ચિત્ત સર્વદા આનંદી રહે છે; એક બીજા તરફ ઉચિત આચાર પાળવાથી તેઓને અનેક પ્રકારનું સુખ પણ હોય છે, જેનું પરિણામ નિરંતર સારૂં આવે એવા કાર્ય કરવામાં તેઓ સર્વદા તત્પર રહે છે. મહાકલ્યાણકના સમયે એટલે તીર્થંકરના જન્મોત્સવના સમયે તેમજ મહાવ્રત અંગીકાર કરે તે સમયે પુષ્પ, ધૂપ વગેરેથી તેઓ પૂજા કરે છે. અને પોતાના પ્રભાવથી ત્રણ ભુવનના લોકોના મનને વશ કરનાર, અમૃત મેઘ સમાન સરસ દેશના આપી લોક માત્રના મનના સંતાપને હરનાર, પુરૂષો વિષે રત્ન સમાન તીર્થંકર દેવની તેઓ સેવા કરે છે; એટલે તેમની સન્મુખ હાથ જોડે છે. નમસ્કાર કરે છે, ઉપાસના કરે છે અને પૂજન કરે છે.

દેવલોકમાં જે ગન્ધર્વો ગીતગાન કરે છે. તે સાંભળવામાં તેમની જેટલી પ્રીતિ હોય છે, તે કરતાં પણ અધિક પ્રીતિ શ્રુતધર્મ સાંભળવામાં તેઓ રાખે છે. વળી શરીરને સુખકારી બાહ્ય સંજોગોથી, તથા મનને આનંદકારી સંજોગોથી તેઓ સ્વર્ગીય સુખ અનુભવે છે.

तथा तच्च्युतावपि विशिष्टे देशे, विशिष्ट एव काले, स्फीते महाकुले, निष्कलङ्केऽन्वयेन, उदग्रे सदाचारेण, आख्यायिकापुरुषयुक्ते अनेकमनोरथापूरकमत्यन्तनिरवद्यं जन्मेति ।९।

અર્થ :—દેવપણાથી ચ્યવન થયા પછી પણ સારા દેશમાં, સારા કાળમાં, પ્રસિદ્ધ મહાકુલમાં–વંશમાં કલંક રહિત, સદાચારથી મોટું, અને જેમના સંબંધમાં મોટી વાર્તાઓ લખાય તેવા પુરૂષોવાળા–મહાકુળમાં અનેક મનોરથને પૂરનાર એવો અત્યંત દોષ રહિત જન્મ થાય છે.

ભાવાર્થ:—દેવલોકમાં તેઓને ઉપર પ્રમાણે સુખ મળે છે એટલું જ નહિ પણ દેવલોકમાંથી ચવ્યા પછી પણ તેઓને સુખ મળે છે. કારણકે તેઓ મગધ આદિ દેશમાં, સુષમ દુષમ આદિ આરામાં તથા ઈક્ષ્વાકુ પ્રમુખ મહાકુળમાં જન્મ લે છે. જે કુળમાં પિતામાતાનો વંશ ઉત્તમ અને નિષ્કલંક હોય, અને દેવગુરૂ સ્વજન વગેરેની ઉચિત સેવારૂપ સદાચારે કરીને જે મહત્ત્વવાળું હોય, અને જેના પુરૂષોએ અસાધારણ ગુણોથી એવા પરાક્રમો કર્યા છે કે જેમના નામ ચરિત્રોમાં વર્ણવ્યા હોય, તે કુળ મહાકુળ કહેવાય છે. તેવા મહાકુળમાં તે દેવતાથી ચવીને આવેલા જીવોનો જન્મ થાય છે.

તેમનો જન્મ સ્વજન, પરજન, પરિવાર વગેરેના મનોવાંચ્છિતને પૂરણ કરાવવાળો હોય છે; વળી તેમના જન્મ સમયે શુભલગ્ન શુભગ્રહ અથવા શુભગ્રહોની દૃષ્ટિ હોય છે, આવા દોષ રહિત સમયમાં તે જન્મે છે.

सुन्दरं रूपं, आलयो लक्षणानां, रहितमामयेन, युक्तं प्रज्ञया, संगतं कलाकलापेनेति ॥१०॥

અર્થ:—સુન્દરરૂપ, લક્ષણનું સ્થાન, રોગરહિત, બુદ્ધિયુક્ત, અને કલાકલાપ સહિત (તે જન્મ થાય છે.)

ભાવાર્થ:—શુભ શરીરનું બંધારણ અને રૂપ તે મનુષ્ય જન્મમાં તે પામે છે. અને ચક્ર, વજ્ર, સ્વસ્તિક, મત્સ્ય, કલશ વગેરે શુભ લક્ષણો તેના હસ્ત, ચરણ ઉપર દેખાય છે. તાવ, અતિસાર, ભગંદર વગેરે રોગ તેને થતા નથી. વસ્તુઓનું યથાર્થ જ્ઞાન મેળવવાને તીક્ષ્ણ બુદ્ધિ તેને હોય છે, અને અનેક કળાઓનો જાણકાર તે થાય છે.

तथा गुणपक्षपातः, असदाचारभीरुता, कल्याणमित्रयोगः,

सत्कथाश्रवणं, मार्गानुगो बोधः, सर्वोचितप्राप्तिः, हिताय सत्त्वसंघातस्य, परितोषकरी गुरूणां, संवर्द्धनी गुणान्तरस्य, निदर्शनं जनानां, अत्युदार आशय, असाधारणा विषयाः, रहिता संक्लेशेन अपरोपतापिनः, अमङ्गुलावसाना इति ।११॥

અર્થ:—મનુષ્ય જન્મ વિષે ગુણ પક્ષપાત, અસદ્ આચારથી ભય, પવિત્ર બુદ્ધિ આપવાવાળા મિત્રની પ્રાપ્તિ; સારી કથાનું શ્રવણ, મુક્તિ માર્ગને અનુસરનારો બોધ, સર્વત્ર (ધર્મ અર્થ અને કામમાં) ઉચિત વસ્તુની પ્રાપ્તિ થાય છે. તે ઉચિત વસ્તુની પ્રાપ્તિ પ્રાણી માત્રને હિતકારી, ગુરૂજનને સંતોષ આપનારી, બીજા ગુણોને વધારનારી, અને બીજા લોકોને દૃષ્ટાંત લેવા લાયક થાય છે.

મનુષ્ય જન્મમાં તે સુન્દર આશયવાળો થાય છે, અને અસાધારણ, કલેશથી રહિત, બીજાને પીડા નહિ ઉપજાવનારા, અને પરિણામે સુંદર વિષયો તેને મળે છે.

ભાવાર્થ:—જ્યારે ધર્મી જીવ દેવ ગતિમાંથી ચ્યવીને મનુષ્ય જન્મમાં આવે છે, ત્યારે પ્રથમ તો ઉત્તમ કુળમાં જન્મ પામે છે; અને સુંદર લક્ષણવાળું અને નિરોગી શરીર તેને પ્રાપ્ત થાય છે, તે આપણે પ્રથમ જણાવી ગયા, તે ઉપરાંત તેનામાં ગુણ વિષે પક્ષપાત માલૂમ પડે છે. તે ગુણાનુરાગી થાય છે. જ્યાં સારા ગુણ અથવા ગુણવાળા પુરૂષો તેની દૃષ્ટિએ પડયા. ત્યાં તેનું ચિત્ત અવશ્ય દોરાવવાનું જ. ગુણાનુરાગ સંબંધમાં પ્રથમના પ્રકરણોમાં વિશેષ કહેવામાં આવ્યું છે, છતાં કેવા ગુણો ઉપર તેવા મનુષ્યનો પક્ષપાત થાય છે, તે બતાવવા એક શ્લોક અત્રે આપવામાં આવે છે.

असन्तो नाभ्यर्थ्याः सुहृदपि न याच्यस्तनुधनः ।
प्रियावृत्तिर्न्याय्या मलिनमसुभंगेऽप्यसुकरम् ॥ १ ॥
विपद्युच्चैः स्थेयं पदमनुविधेयं च महताम् ।
सतां केनोद्दिष्टं विषममसिधाराव्रतमिदम् ॥ २ ॥

અસત્પુરૂષની પ્રાર્થના ન કરવી; અલ્પ ધન હોય તો પણ મિત્ર પાસે માગવું નહિ; ન્યાયથી આજીવિકા કરવાનું પ્રિય હોવું જોઈએ, પ્રાણનો નાશ થાય છતાં મલિન કામ કરવું નહિ, દુઃખ વખતે પણ પોતાનો ઉન્નત ભાવ સ્થિર રાખવો, અને મહાન્ પુરૂષોના માર્ગને અનુસરવો, આ તરવારની ધાર જેવું આકરું વ્રત સત્પુરૂષો માટે કોણે બતાવ્યું છે ?

આ પ્રમાણે સારા ગુણો ઉપર પક્ષપાત કરે, અને તે કારણથી જ ચોરી, પરદારગમન, માંસમદિરા ભક્ષણ વગેરે જે અસદાચાર છે, તેનાથી અગ્નિ, વિષ અને વ્યાધિની જેમ તે ડરતો રહે. કહેવાનો ભાવાર્થ એ છે કે અસદાચારને દૂરથીજ પ્રણામ કરે. તેવા માર્ગ સામે દ્રષ્ટિ પણ કરે નહિ. વળી ધર્મમાર્ગમાં તેમજ સદાચારમાં દૃઢતા રહે તે માટે ધર્મિષ્ઠ અને સદાચારી શુભ વિચારવાળા મિત્રની સોબત કરે, સદ્ આચાર અને વિચારવાળા ગૃહસ્થો તથા યતિઓનાં ચરિત્રો વાંચે, અથવા બીજા વધારે જ્ઞાનવાળા વાંચતા હોય તો તે એક ચિત્તથી સાંભળે; જે માર્ગે ચાલવાથી મોક્ષ મળે, તે માર્ગ જેથી પમાય તેવો તત્ત્વજ્ઞાનનો બોધ પ્રાપ્ત કરે; ધર્મ અર્થ, અને કામ પરસ્પર બાધા ન કરે તેવી રીતે આરાધન થઈ શકે, તેવી ઉચિત વસ્તુઓનો સંજોગ મેળવે; આ સર્વ ઉચિત વસ્તુની પ્રાપ્તિ જગતના પ્રાણી માત્રનું હિત-કરનારી છે; માતા પિતા ગુરૂજનને પ્રમોદ આપનારી છે; તથા પોતાને તથા પરને બીજા ગુણોની વૃદ્ધિ કરાવનારી છે; અને સુંદર આચારને વિષે લોકો પ્રેરાય તેટલા માટે દૃષ્ટાન્ત આપવા લાયક છે.

આ સઘળું મનુષ્ય જન્મમાં તે પ્રાપ્ત કરે, તે સિવાય તેના મનના પરિણામ બહુજ ઉદાર અને ઉચ્ચ હોય છે, અને શાલિભદ્રની માફક ઉત્તમ પ્રકારના પંચેન્દ્રિયોને સુખકારી વિષયના પદાર્થો તે મેળવે છે. તે વિષયો કલેશ રહિત હોય છે, બીજાને પરિતાપ ઉપજાવતા નથી, અને પરિણામે સુંદર હોય છે, અને સામાન્ય જનને પ્રાપ્ત ન થાય તેવા અસાધારણ હોય છે.

तथा काले धर्मप्रतिपत्तिरिति ॥१२॥

અર્થ:—અવસરે ધર્મ અંગીકાર કરે.

ભાવાર્થ:—જે ધર્મિષ્ટ મનુષ્યનું આપણે આ પ્રકરણમાં વર્ણન કરીએ છીએ, તે ઉપર પ્રમાણે સામગ્રી પામી, યથેચ્છ વિષય સુખ ભોગવે છે; પણ જ્યારે ઈન્દ્રિયોના વિષયની અસારતા અને અનિત્યતા તે અનુભવે છે, ત્યારે તેનું મન તે તરફથી વિરક્ત થાય છે; અને તે સમયે સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગ રૂપ ધર્મ અંગીકાર કરે છે.

तत्र-च गुरुसहायसंपदिति ॥१३॥

અર્થ:—ત્યાં ગુરૂની સહાયરૂપ સંપત્ મળે છે.

ભાવાર્થ:—જે સમયે તે દીક્ષા અંગીકાર કરવા તત્પર થાય છે, તે સમયે યોગ્ય ગુરૂ પણ તેને મળી આવે છે, અને તેથી તેના દીક્ષાના પરિણામમાં વૃદ્ધિ થતાં જલ્દીથી તે અંગીકાર કરે છે, અને ગુરૂની સહાયતાથી દીક્ષા માર્ગમાં આગળ વધે છે. આ રીતે પુણ્યવાન્ જીવ સર્વત્ર સુખી થાય છે.

ततश्च साधुसंयमानुष्ठानमिति ॥१४॥

અર્થ:—તે પછી સારી રીતે સંયમનું અનુષ્ઠાન કરે છે.

ભાવાર્થ:--અતિચાર ન લાગે તેવી રીતે શુદ્ધ સંયમ તે પાળે છે, અને પ્રાણાતિપાત, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ રૂપ પાપ-સ્થાનકોથી તે વિરમે છે. જે પાંચ મહાવ્રત દીક્ષા સમયે તેણે ગ્રહણ કર્યા છે, તેને દૂષણ ન લાગે તેવા પ્રકારનો તે આચાર વિચાર રાખે છે.

ततोऽपि परिशुद्धाराधनेति ॥१५॥

અર્થ:--તે પછી પરિશુદ્ધ આરાધના કરે છે.

ભાવાર્થ:--આ પ્રમાણે શુદ્ધ અને અતિચાર રહિત સંયમ પાળ્યા પછી મરણ સમય સમીપ જાણીને યતિ સંલેખના કરે છે, તેને આ સ્થળે આરાધના કહેવામાં આવી છે.

तत्र च विधिवच्छरीरत्याग इति ॥१६॥

અર્થ:--ત્યાં વિધિ પ્રમાણે શરીરનો ત્યાગ કરે છે.

ભાવાર્થ:-જેવી રીતે અનશન વગેરે ક્રિયાથી સંલેખના કરવાનુ શાસ્ત્રમાં કહ્યું છે, તદનુસાર તે યતિ પોતાના શરીરનો ત્યાગ કરે છે.

ततो विशिष्टतरं देवस्थानमिति ॥१७॥

અર્થ:--પછી વધારે ઉત્તમ દેવસ્થાન તેને મળે છે.

ભાવાર્થ:--પ્રથમ જે તેને દેવતાનું સ્થાન મળ્યું હતું, તેના કરતાં વધારે ઉત્તમ પ્રકારનું દેવસ્થાન મેળવવા ભાગ્યશાળી બને છે, અને ત્યાં તે વિમાનમાં વાસ કરે છે.

ततः सर्वमेव शुभतरं तत्रेति ॥१८॥

અર્થ:--ત્યાં સર્વ વધારે શુભ વસ્તુ મળે છે.

ભાવાર્થ:--આપણે પ્રથમ દેવસ્થિતિનું વર્ણન કરી ગયા છીએ, ત્યાં જે પ્રકારે રૂપસંપત્તિ વગેરે તેને મળ્યા હતા તેના કરતાં આ સમયે વધારે ઉત્તમ પ્રકારનાં તે પ્રાપ્ત કરે છે.

परं गतिशरीरादिहीनमिति ॥११॥

અર્થ--પરંતુ ગતિ તથા શરીર વગેરે પૂર્વની અપેક્ષાએ હીન થાય છે.

ભાવાર્થ:--દેશાંતર જવા રૂપ ગતિ તથા શરીર ઉચ્ચ લોકમાં નીચેના દેવલોકની અપેક્ષાએ હીન હોય છે એવો શાસ્ત્રમાં લેખ છે.

तथा रहितमौत्सुक्यदुःखेनेति ॥२०॥

અર્થ:--ઉત્સુકપણાના દુઃખથી રહિત તે હોય છે.

ભાવાર્થ:--જે લોકો દેવલોકમાં જન્મે છે, તેઓમાં ઉત્સુકપણાનું દુઃખ હોતું નથી, મન, વચન અને કાયાની ઉતાવળથી સામાન્ય રીતે મનુષ્યને જે દુઃખ થાય છે, તે દુઃખ દેવતાઓને થતું નથી, અથવા પોતાના કાર્યનું શું પરિણામ આવશે, તે રૂપ ઉત્સુકતાનું દુઃખ પણ દેવતાઓને થતું નથી.

अति विशिष्टाल्हादादिमदिति ॥२१॥

અર્થ:--અતિ વિશિષ્ટ આલ્હાદ વગેરેવાળો તે જન્મ હોય છે.

ભાવાર્થ:--દેવલોકમાં જે જન્મે છે, તેઓને ઉચ્ચ પ્રકારનો આલ્હાદ અને આનંદ થાય છે. તેઓ કુશળ કાર્યમાં પ્રવૃત્ત થાય છે, અને તીર્થંકર વગેરેની પૂજા કરવામાં નિરંતર તત્પર રહે છે.

ततः तच्च्युतावपि विशिष्टदेश इत्यादि समानं पूर्वेणेति ।२२।

અર્થ:--ત્યાંથી ચ્યવન થયા પછી પણ સારા દેશમાં જન્મ વગેરે પ્રથમની માફક સમજવું.

ભાવાર્થ:–સારા દેશ કાળ અને કુળને બદલે વિશિષ્ટ દેશ, વિશિષ્ટ કાળ, અને વિશિષ્ટ મહાકુળ સમજવું, તેવા મહાન કુળમાં તેનો જન્મ થાય છે.

विशिष्टतरं तु सर्वमिति ॥२३॥

અર્થ:–સર્વ વિશિષ્ટ પ્રકારનું તે જન્મમાં થાય છે.

ભાવાર્થ:–પૂર્વે જે સુંદર રૂપ અને નિર્દોષ જન્મ કહ્યો હતો તેને બદલે વિશિષ્ટ (વધારે ઉત્તમ પ્રકારનાં) સુંદર રૂપ અને નિર્દોષ જન્મ સમજવો; આ સર્વ ઉચ્ચદેવ સ્થાનથી ચવી આવનાર જીવને આ મનુષ્ય જન્મમાં મળે છે. વિશેષ ઉત્તમ પ્રકારના આ સર્વ શાથી મળે છે એવી શંકાનો જવાબ શાસ્ત્રકાર આપે છે કે:–

क्लिष्टकर्मविगमादिति ॥२४॥

અર્થ:–ક્લિષ્ટ કર્મના નાશ થવાથી (નિર્દોષ જન્મ વગેરે થાય છે.)

ભાવાર્થ:–દુર્ગતિ, દુર્ભાગ્યપણું, અને દુષ્કુળ જેથી મળે તેવા અશુભ કર્મનો નાશ થવાથી તે સદ્ગતિ, સૌભાગ્યપણું, ઉત્તમ કુળ વગેરે મેળવે છે. આ ક્લિષ્ટ કર્મનો નાશ થવાનું કારણ જણાવે છે.

शुभतरोदयादिति ॥२५॥

અર્થ:–વધારે શુભ કર્મના ઉદયથી (અશુભ ક્લિષ્ટ કર્મનો નાશ થાય છે.)

ભાવાર્થ–વધારે શુભ કર્મનો જ્યાં ઉદય થયો, ત્યાં અશુભ કર્મ સ્વયમેવ નાશ પામે છે. અંધકારને ગમે તેવા મોટા હથોડાવતી ઠોકીએ, છતાં તેનો નાશ થતો નથી, પણ એક દીવાસળીના પ્રકાશથી તે સ્વયમેવ નાશ પામે છે; તેમ જેનો નાશ કરવા માગતા હોઈએ,

તેના વિરોધી ગુણવાળાનો આશ્રય લેવો જોઈએ. દોષદ્રષ્ટિ ટાળવાનો સૌથી સારો ઉપાય એ છે કે તેવા મનુષ્યને પરના ગુણ તરફ દૃષ્ટિ કરતાં શીખવવું. તેજ રીતે જ્યાં શુભ કર્મનો ઉદય થયો એટલે અશુભ કર્મ સ્વયમેવ નાસવા માંડશે.

શુભ કર્મનો ઉદય શી રીતે થાય, તેનું કારણ શાસ્ત્રકાર લખે છે કે:-

जीववीर्योल्लासादिति ॥२६॥

અર્થ—જીવના વીર્યના ઉલ્લાસથી (શુભ કર્મનો ઉદય થાય છે.)

ભાવાર્થ:-જીવની શુદ્ધ શક્તિ અતિશય ફોરવવાથી શુભ કર્મનો ઉદય થાય છે. આત્મા અનંત વીર્યવાળો છે; છતાં તે વીર્ય દબાઈ ગયેલું છે, માટે તે આત્મશક્તિ શુભ માર્ગમાં વાપરવાથી શુભ કર્મનો ઉદય થાય છે.

આત્મવીર્ય ફોરવવાનું મન શાથી થાય તેનો જવાબ શાસ્ત્રકાર આપે છે કે :—

परिणतिवृद्धेरिति ॥२७॥

અર્થ:—પરિણતિની વૃદ્ધિ થવાથી (જીવના વીર્યનો ઉલ્લાસ થાય છે.)

ભાવાર્થ:-જીવના શુભ અધ્યવસાય એ તેની પરિણતિ અને તે જીવના શુભ અધ્યવસાયની વૃદ્ધિ થવાથી જીવના વીર્યનો ઉલ્લાસ થાય છે, બીજા સરલ શબ્દોમાં કહીએ તો જ્યાં આત્મામાં શુભ વિચારોની વૃદ્ધિ થઈ ત્યાં તે વિચારોને અમલમાં મૂકવાની વૃત્તિ તત્ક્ષણ જાગૃત થાય છે.

હવે આવા શુભ અધ્યવસાયોની વૃદ્ધિ શી રીતે થાય તે જણાવે છે:—

तत्तथा स्वभावत्वादिति ॥२८॥

અર્થ:—જીવનો તે પ્રકારનો સ્વભાવ હોવાથી (શુભ અધ્યવસાયોની વૃદ્ધિ થાય છે.)

ભાવાર્થ:—જીવના શુભ અધ્યવસાય થવા એ જીવનો સ્વભાવ છે. આત્મા અનંતજ્ઞાન સ્વરૂપી છે, અને તેથી ઉચ્ચજ્ઞાન સ્વરૂપને લીધે શુભ અધ્યવસાયો આત્માના થાય, એ સ્વાભાવિક છે, ટીકાકાર લખે છે કે "ભવ્યપણું પરિપાક પામે છે, ત્યારે જીવની શુભ પરિણતિઓ અતિશય વૃદ્ધિ પામે છે."

किंच प्रभूतोदाराण्यपि तस्य भोगसाधनानि; अयत्नोपनतत्वात्, प्रासङ्गिकत्वादभिषङ्गाभावात्कुत्सितप्रवृत्तेः शुभानुबन्धित्वादुदारसुखसाधनान्येव बन्धहेतुत्वाभावेनेति ॥२९॥

અર્થ:—અતિશય ઉદાર એવા ભોગનાં સાધન પણ બન્ધના કારણના અભાવથી ઉદાર સુખના સાધન થાય છે; કારણ કે તે શુભ કર્મના અનુબંધથી ઉત્પન્ન થયેલા છે. અને તેથી કુત્સિતકર્મમાં પ્રવૃત્તિ થતી નથી, અને તેથી તેમાં આસક્તિનો અભાવ હોય છે; અને તેથી પ્રસંગોપાત તે મળે છે, અને તેને માટે પ્રયત્ન કરવો પડતો નથી.

ભાવાર્થ:—નગર, પરિવાર, અંતઃપુર વગેરે ભોગના સાધનો આવા ધાર્મિક મનુષ્યને સુખના સાધન છે, પણ દુઃખના કારણભૂત થતાં નથી. હવે તે સુખના સાધન શી રીતે થાય છે, તેનું કારણ એ છે કે અતિશય શુભ કર્મના ઉદયથી ખેંચાતા ખેંચાતા પુરૂષપ્રયત્ન વિના તે મળે છે. જેમ માણસ ખેતી કરે અને તેમાં પરાળ ઉગે તે પ્રાસંગિક ગણાય તેમ માણસ મોક્ષનો ઉદ્યમ કરે, અને ભોગ સાધન તે મોક્ષમાર્ગમાં પરાળની માફક તેને પ્રયત્ન વિના મળે છે.

પ્રાસંગિક કહેવાનું કારણ એ છે કે તેમાં ભરત રાજાની માફક તેને આસક્તિ નથી.

તે માણસ સુમાર્ગે જાય છે. અનીતિના માર્ગમાં પ્રયાણ કરતો નથી તે ઉપરથી જણાય છે કે ભોગ સાધનમાં તેને અત્યંત આસક્તિ નથી. પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી તેની અશુભ માર્ગમાં પ્રવૃત્તિ થતી નથી, આ કારણોથી જણાય છે કે ભોગનાં સાધનો તેને દુઃખરૂપ નહિ પણ અતિશય સુખના કારણભૂત છે. કુગતિમાં પડવાના કારણરૂપ જે અશુભકર્મપ્રકૃતિ, તે રૂપ બંધના કારણનો અભાવ હોવાથી આ ભોગસાધનો સુખસાધનો અત્રે કહેલા છે; કારણ કે પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય તેને છે.

બંધ હેતુના અભાવનું કારણ શાસ્ત્રકાર વિશેષ સમજાવે છે કેઃ—

अशुभपरिणाम एव हि प्रधानं बन्धकारणं तदङ्गतया तु बाह्यमिति ॥३०॥

અર્થ:—અશુભ પરિણામ એજ બન્ધનું મુખ્યકારણ છે; અને તેના કારણરૂપે બાહ્ય (અંતઃપુરાદિ) બંધના કારણ છે.

ભાવાર્થ:-અશુભ પરિણામ એજ બન્ધનું મુખ્ય કારણ છે; પાપકર્મનો બંધ અશુભ મનના વિચારથી—પરિણતિથી થાય છે, અને નગર, અંતઃપુર વગેરે અશુભ પરિણામ થવાના નિમિત્ત કારણ છે, માટે તેમને બંધના કારણભૂત ગણવામાં આવેલાં છે, પણ વસ્તુતઃ અશુભ પરિણામજ બંધનું કારણ છે આજ સિદ્ધાન્ત હૃદયમાં રાખી લખવામાં આવેલું છે કે —

मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः

મન એજ મનુષ્યના બંધ અને મોક્ષનું કારણ છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ સાતમી નરકે જવાને પાત્ર થયા, તેનું કારણ પણ તેમના

મનના દુષ્ટ પરિણામ સિવાય બીજું અન્ય નં હતું, માટે અશુભ પરિણામ એજ મુખ્યતાએ બંધનું કારણ છે.

ઉપર જણાવેલા સિદ્ધાંતનું કારણ શાસ્ત્રકાર આપે છે કેઃ—

तदभावे बाह्यादल्पबन्धभावादिति ॥३१॥

અર્થઃ—અશુભ પરિણામનો અભાવ હોય, તો બાહ્ય (અશુભ કાર્ય)થી અલ્પબંધ થાય છે.

ભાવાર્થઃ—માણસમાં અશુભ પરિણામ ન હોય, છતાં એવું બાહ્ય આચરણ થયું કે જેથી બીજા જીવને દુઃખ થાય તે તે બાહ્ય આચરણ નિમિત્તો અલ્પકર્મ બંધ થાય છે.

ભાવ એ મુખ્ય છે, અને કાર્ય એ ગૌણ છે, કોઈ જાણી જોઇને હિંસા કરે, અને કોઈના હાથે અજાણતાં હિંસા થાય, તો કર્મબંધમાં આકાશ અને પાતાળ જેટલો ભેદ થશે. જાણી જોઈને હિંસા કરનારને બહુજ તીવ્ર કર્મબંધ થશે, અને અજાણતાં હિંસા કરનારને અલ્પ કર્મબંધ થશે, કારણ કે પરિણતિ ઉપર બંધનો આધાર છે.

આમ કહેવાનું કારણ શાસ્ત્રકાર જણાવે છે કેઃ—

वचनप्रामाण्यादिति ॥३२॥

અર્થઃ—વચનના પ્રમાણુપણાથી (ઉપર કહેલું સત્ય છે.)

ભાવાર્થઃ—તીર્થંકર ભગવંતે પ્રરૂપેલાં આગમનાં વચનાનુસારે અમે કહીએ છીએ કે અશુભ પરિણામ એજ બંધનું મુખ્ય કારણ છે અને અશુભ પરિણામ વિનાના બાહ્ય અશુભ આચરણથી અલ્પ કર્મબંધ થાય છે.

હવે તેજ બાબતનું દૃષ્ટાન્ત શાસ્ત્રકાર આપે છેઃ—

बाह्योपमर्देप्यसंज्ञिषु तथा श्रुतेरिति ॥३३॥

અર્થ:—બાહ્ય નાશ થવા છતાં પણ અસંજ્ઞીના સંબંધમાં ઉપર પ્રમાણે શાસ્ત્રમાં સંભળાય છે.

ભાવાર્થ:—જે અસંજ્ઞી છે, જેને મન નથી તેવા અસંજ્ઞી મહા મત્સ્ય વગેરે પ્રાણી અનેક જીવોનો સંહાર કરે છતાં અલ્પ બંધ થાય છે. તે મોટા મગરમચ્છોના બીજા જીવોનો સંહાર કરવાનો અભિપ્રાય નથી. અસંજ્ઞી ગમે તેવું મહા ઘોર કર્મ કરે છતાં પ્રથમ નરક સુધી જાય એવું શાસ્ત્રમાં વચન છે.

શાસ્ત્રમાં લખેલું છે કે "મનસંજ્ઞા વગરના મહા મત્સ્યો હજાર યોજનના પ્રમાણના શરીરવાળા હોય છે; સ્વયંભૂરમણ સમુદ્રને ડોળી નાખનારા હોય છે, અને પૂર્વ કોટી વર્ષ સુધી જીવે છે. અને અનેક પ્રાણીનો સંહાર કરવા છતાં પેલી રત્નપ્રભા નામની નરકમાં ઉત્પન્ન થાય છે; પણ તેથી આગળ જઈ શકતા નથી, પણ જે તંદુલ મત્સ્ય છે, તે બહારથી જીવહિંસા કરતો નથી છતાં પ્રાણીઓનો સંહાર કરવાના રૌદ્ર ભાવથી અંતરમુહૂર્તનું આયુષ્ય પામી સાતમી નરકમાં ઉત્પન્ન થાય છે; આ ઉપરથી જણાય છે કે પરિણામ એજ મુખ્ય છે.

આજ બાબતને વિશેષપણે શાસ્ત્રકાર જણાવે છે કે:—

एवं परिणाम एव शुभो मोक्षकारणमिति ॥३४॥

અર્થ:—એજ રીતે શુભ પરિણામ એજ મોક્ષનું કારણ છે.

ભાવાર્થ:—જેવી રીતે અશુભ પરિણામથી કર્મ બંધ થાય છે. તેજ રીતે શુભ પરિણામથી, હૃદયના શુભ અધ્યવસાયથી મોક્ષ પણ મળે છે. જ્યાં શુભ પરિણામ થયા ત્યાં નવા કર્મ ઉપાર્જન થતાં બંધ થયા, અને પૂર્વકૃત કર્મના ફળ સમભાવે ભોગવી લેવાય એટલે

મોક્ષ સહજ મળે; પણ જો શુભ પરિણામ ન હોય, તો ગમે તેટલી ક્રિયા કરવા છતાં પણ મોક્ષ મળી શકે નહિ. તેજ બાબત શાસ્ત્રકાર નિવેદન કરે છેઃ--

तदभावे समग्रक्रियायोगेऽपि मोक्षासिद्धेरिति ॥३५॥

અર્થઃ—શુભ પરિણામના અભાવમાં સંપૂર્ણ ક્રિયાનો યોગ હોય છતાં પણ મોક્ષ મળતો નથી, (માટે શુભ પરિણામ એજ મોક્ષનો હેતુ છે.)

ભાવાર્થઃ-મુનિપણાને ઉચિત સર્વ બાહ્ય અનુષ્ઠાન સાધુ કરે, અને ચારિત્રના સર્વ બાહ્ય આચાર પાળે, છતાં જો તે અનુષ્ઠાન અને આચારમાં શુભભાવ ન હોય, તો મોક્ષ મળી શકતું નથી; માટે સિદ્ધ થાય છે કે શુભ પરિણામ એજ મોક્ષનું પ્રધાન કારણ છે. બાહ્ય શુભ ક્રિયા કરવાથી માણસ ઉંચી સ્થિતિ મેળવે પણ શુભ પરિણામ સિવાય મોક્ષ મળે નહિ; તેજ બાબત શાસ્ત્રકાર લખે છેઃ-

सर्वजीवानामेवानन्तशो ग्रैवेयकोपपातश्रवणादिति ।३६।

અર્થઃ-સર્વ જીવોની અનંતીવાર ગ્રૈવેયકમાં ઉત્પત્તિ થયેલી છે, એમ શાસ્ત્રમાં સંભળાય છે.

ભાવાર્થઃ-શુભ ક્રિયા પાળવા વગેરે બાહ્ય આચારથી સર્વે જીવો અનંતીવાર ગ્રૈવેયક સુધીની દેવસ્થિતિ પ્રાપ્ત કરવા સમર્થ થયા છે, પણ શુભ પરિણામના અભાવે મોક્ષ મેળવી શક્યા નથી; માટે શુભ પરિણામજ મોક્ષનું પ્રધાન કારણ છે.

समग्रक्रियाऽभावे तदप्राप्तेरिति ॥३७॥

અર્થઃ-સમસ્ત ક્રિયાનો અભાવ થતાં ગ્રૈવેયકની પ્રાપ્તિ થતી નથી.

ભાવાર્થ:-પરિપૂર્ણ સાધુનો આચાર પાળ્યા સિવાય નવમાં ગ્રૈવેયેકની પ્રાપ્તિ થતી નથી, અને શાસ્ત્રમાં લેખ છે કે સામાન્યપણે સર્વ જીવો અનંતીવાર ગ્રૈવેયેકમાં ઉત્પન્ન થઈ ચ્યવ્યા છે. માટે તેમણે ચારિત્ર ધર્મ તો પાળેલો હોવો જોઈએ, પણ જ્યાં સુધી શુભભાવ નથી, ત્યાં સુધી ગમે તેવી ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરે, પણ મોક્ષ મળે નહિ, માટે શુભભાવ પરિણામ એજ મોક્ષનું કારણ છે એમ નિઃસંશય સિદ્ધ થયું.

હવે ચાલતા વિષયની સમાપ્તિ કરતાં શાસ્ત્રકાર લખે છે કેઃ-

इत्यप्रमादसुखवृद्ध्या तत्काष्ठासिद्धौ निर्वाणावाप्तिरिति इति ॥३८॥

અર્થ:-આ પ્રમાણે અપ્રમાદરૂપી સુખની વૃદ્ધિથી ઉત્કૃષ્ટ ચારિત્ર ધર્મ સિદ્ધ થયે નિર્વાણ મળે છે.

ભાવાર્થ:-ઉપર જણાવ્યું કે શુભ પરિણામ એજ મોક્ષનું મુખ્ય કારણ છે. હવે મોક્ષ મેળવવા ઇચ્છા રાખનાર સાધુએ અપ્રમાદી થવું જોઈએ. પોતાના શુભ પરિણામમાં પ્રમાદને લીધે અશુભ વિચાર પ્રવેશી ન જાય, તેની સંભાળ રાખવી જોઈએ. કારણ કે જે સાધુ શુભ પરિણામને સાચવવામાં પ્રમાદ સેવતો નથી, અને ચારિત્ર ધર્મ પાળવામાં ઉંચી ઉંચી હદે ચઢે છે તે નિર્વાણ મેળવી શકે છે; તે આત્મ સ્વરૂપના અનુભવરૂપ મોક્ષ પ્રાપ્ત કરે છેઃ

હવે ત્રણ શ્લોકથી આ પ્રકરણની સમાપ્તિ શાસ્ત્રકાર કરે છે.

यत्किंचन शुभं लोके स्थानं तत्सर्वमेव हि ।
अनुबन्धगुणोपेतं धर्मादाप्नोति मानवः ॥१॥

અર્થ:-જે કાંઇ આ લોકને વિષે શુભ સ્થાન કહેવાય છે, તે સર્વ ઉત્તરોત્તર શુભ ગુણ સહિત મનુષ્યધર્મથી મેળવે છે.

ભાવાર્થ:-આ લોકમાં ઉત્તમોત્તમ શુભ સ્થાન ઈન્દ્રનું ગણાય છે, તે સ્થાન પણ મનુષ્યને ધર્મથી મળે છે, અને તે સ્થાનમાં પણ ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થતીજાય છે. કહેવાનો ભાવાર્થ એ છે કે સારી રીતે સેવેલા ધર્મથી મનુષ્ય પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે, અને તેથી શુભ માર્ગમાં તે વિશેષ વિશેષ આગળ વધતો જાય છે.

तथा-धर्मश्चिन्तामणिः श्रेष्ठो धर्मः कल्याणमुत्तमम् ।
हित एकान्ततो धर्मो धर्म एवामृतं परम् ॥२॥

અર્થ:-ધર્મ શ્રેષ્ઠ ચિંતામણિ રત્નતુલ્ય છે; ધર્મ ઉત્તમ કલ્યાણકારી છે, ધર્મ એકાંતહિતકારી છે, અને ધર્મ એજ પરમ અમૃત છે.

ભાવાર્થ:-ધર્મ આદરણીય છે એ સિદ્ધ કરવા માટે જ ઉપરના શ્લોકમાં વારંવાર ધર્મ શબ્દ ગ્રહણ કરવામાં આવેલો છે.

तथा-चतुर्दशमहारत्नसद्भोगान्नृष्वनुत्तमम् ।
चक्रवर्तिपदं प्रोक्तं धर्मक्रीलाविजृम्भितम् ॥३॥

અર્થ:-ચૌદ રત્નોના ઉપભોગને કારણે મનુષ્યોમાં ઉત્તમોત્તમ ગણાતું ચક્રવર્તિ પદ તે ધર્મની લીલાના વિલાસ સમાન છે.

ભાવાર્થ:-ચૌદ મહારત્નોનાં નામ નીચે પ્રમાણે છે. ૧ સેનાપતિ; ૨ ગૃહપતિ, ૩ પુરોહિત. ૪ હાથી, ૫ ઘોડો, ૭ વર્ધકી, ૮ સ્ત્રી, ૯ છત્ર, ૧૦ ચર્મ, ૧૧ મણિ. ૧૨ કાકિણી, ૧૩ ખડ્ગ, ૧૪ દંડ, એ ચૌદ રત્નોનું સુખ ચક્રવર્તી ભોગવે છે. અને તેનું સુખ આ જગતમાં અનુપમ મનાય છે. તેવું સુખ ધર્મના પ્રભાવથી લીલા માત્રમાં સહજમાં પ્રાપ્ત થાય છે, માટે ધર્મની આરાધના કરવી એજ સાર છે.

શ્રી હરિભદ્રસૂરિકૃત ધર્મબિંદુનું સાતમું પ્રકરણ સમાપ્ત થયું.

પ્રકરણ આઠમું

ધર્મનું ફળ ગયા પ્રકરણમાં વર્ણવવામાં આવ્યું, વળી આ પ્રકરણમાં ધર્મના ઉત્તમોત્તમ ફળ–તીર્થંકર પદ પ્રાપ્તિનું વર્ણન કરવા ઈચ્છા રાખનારા શાસ્ત્રકાર લખે છે કેઃ–

किं चेह बहुनोक्तेन तीर्थकृत्वं जगद्धितम् ।
परिशुध्धादवाप्नोति धर्माभ्यासान्नरोत्तमः ॥ १ ॥

અર્થઃ–વધારે કહેવાથી શું લાભ ? ઉત્તમ મનુષ્ય અતિ શુદ્ધ ધર્મના અભ્યાસથી જગતને હિતકારી તીર્થંકર પદ મેળવે છે.

ભાવાર્થઃ–ધર્મના ફળનું વર્ણન બહુ કરવામાં આવ્યું. શાસ્ત્રકાર લખે છે કે મનુષ્ય જગતને હિતકારી તીર્થંકર પદ ધર્મથી મેળવવા ભાગ્યશાળી થાય છે. તો પછી ઈંદ્રાદિની વિભૂતિ ધર્મથી મળે તેમાં તો કહેવું જ શું ? આ ફળ ઉત્તમોત્તમ પુરૂષજ પ્રાપ્ત કરી શકે.

તીર્થંકર પદ મેળવી શકે, તેવા પુરૂષોના ગુણોનું સામાન્ય વર્ણન આ સ્થળે અનુચિત ગણાશે નહિ. તેઓ પારકાનું હિત કરવું એજ ઉત્કૃષ્ટ ધર્મ માને છે, અને પોતાના સ્વાર્થને ગૌણપદ આપે છે. ઉચિત ક્રિયામાં પ્રવૃત્તિ કરે છે, સર્વદા અદીનભાવ બતાવે છે, પોતાના આરંભમાં સફળ થાય છે, પશ્ચાતાપ કરતા નથી, કૃતજ્ઞપણાના સ્વામી છે, વિક્ષોભ વગરના ચિત્તવાળા છે, દેવગુરૂનું બહુમાન કરે છે, અને ગંભીર આશયવાળા હોય છે. આ ગુણો સામાન્યપણે દરેક તીર્થંકરમાં હોય છે, તેમના હૃદયના વિશુદ્ધ ભાવનું તો તીર્થંકર સિવાય બીજો કોણ વર્ણન કરી શકે?

તીર્થંકર પદ એજ જગતમાં ઉત્તમોત્તમ પદ છે, તે બતાવવા શાસ્ત્રકાર લખે છે કેઃ—

नातः परं जगत्यस्मिन्विद्यते स्थानमुत्तमम् ।
तीर्थकृत्वं यथा सम्यक् स्वपरार्थप्रसाधकम् ॥ २ ॥

અર્થઃ—સ્વ અને પરનું કલ્યાણ સાધનારૂં જેવું રૂડું તીર્થંકર પદ છે, તેવું ઉત્તમ સ્થાન આ જગતમાં બીજું એક પણ નથી.

ભાવાર્થઃ—જે સ્થિતિમાં રહી મનુષ્યો સ્વ અને પરનું હિત એકસરખી રીતે સાધી શકે, તેવી ઉત્તમ સ્થિતિ આ ચરાચર જગતમાં અનુપમ છે. તેના કરતાં વધારે ઉત્તમ સ્થિતિ આ જગતમાં બીજી એકે નથી.

તીર્થંકરનું નામજ પરોપકારને સૂચવનારૂં છે. જેના વડે આ સંસારસમુદ્ર તરીએ તે તીર્થ, અને એવું તીર્થ જે કરે-પ્રવર્તાવે તે તીર્થંકર અથવા તીર્થંકર કહેવાય છે. તીર્થંકર કહો કે જગદુદ્ધારક કહો તે બંને નામ સરખા ગુણ સૂચવે છે. સકલાર્હત્ સ્તોત્રમાં લખ્યું છે કેઃ-

विश्वोपकारकीभूततीर्थकृन्नामनिर्मितिः ।
सुरासुरनरैः पूज्यो वासुपूज्यः पुनातु वः ॥१॥

વિશ્વને ઉપકાર કરનાર તીર્થંકર નામ કર્મ જેણે બાંધ્યું છે, અને દેવ, દાનવ અને મનુષ્યોને જે પૂજ્ય છે, તેવા વાસુપૂજ્ય પ્રભુ તમને પવિત્ર કરો.

આ સ્થળે પણ જણાય છે કે તીર્થંકરનું મુખ્ય કર્તવ્ય-સ્વભાવજ વિશ્વને ઉપકાર કરવાનો છે. વળી તેજ બાબતને સમર્થન કરતા શાસ્ત્રકાર લખે છે કેઃ

पञ्चस्वपि महाकल्याणेषु त्रैलोक्यशंकरम् ।
तथैव स्वार्थसंसिद्धिया परं निर्वाणकारणम् ॥

અર્થ:—પાંચે મહાકલ્યાણકને વિષે ત્રણ લોકનું કલ્યાણ કરનાર તીર્થંકરપણું છે, વળી સ્વાર્થની સિદ્ધિથી નિર્વાણ-મોક્ષ મેળવવાનું તે ઉત્કૃષ્ટ કારણ છે.

ભાવાર્થ:— દરેક તીર્થંકરના કલ્યાણકના પાંચ દિવસ છે. એક ગર્ભાધાનનો દિવસ, બીજો જન્મદિવસ, ત્રીજો દીક્ષાનો દિવસ, ચોથો કેવળજ્ઞાન પ્રાપ્તિનો દિવસ, અને પાંચમો નિર્વાણ-કાળનો દિવસ; આ પાંચે સમયે-કલ્યાણકના દિવસે ત્રણે જગતના જીવમાત્રને આનંદ થાય છે. તેથી તે તીર્થંકર પદ પરોપકાર કરનારૂં છે. અને ક્ષાયિક સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની ઉત્પત્તિથી અંતે મોક્ષ મળે છે, તેથી સ્વ-આત્માનો ઉત્કૃષ્ટ અર્થ સધાય છે. આ રીતે તીર્થંકર પદ સ્વાર્થ અને પરાર્થસાધક છે.

इत्युक्तप्रायं धर्मफलमिदानीं तच्छेषमेव उदग्रमनुवर्णयिष्यामः इति ॥ १ ॥

અર્થ:—એ પ્રકારે ધર્મનું ફળ ઘણે ભાગે કહ્યું, હવે તેનું બાકી રહેલું ઉત્કૃષ્ટ ફળ અમે વર્ણવીશું.

ભાવાર્થ:—ધર્મનું સામાન્ય ફળ તો ગયા પ્રકરણમાં બહુ ભાગે વર્ણવવામાં આવ્યું છે, હવે જે ધર્મનું ફળ કહેવાનું બાકી રહેલું છે, તે ઉત્કૃષ્ટ ફળ વર્ણવવાનું ગ્રન્થકાર હાથ ધરે છે.

तच्चसुखपरंपरया प्रकृष्टभावशुद्धेः
सामान्यं चरमजन्म तथा तीर्थकृत्वं चेति ॥ २ ॥

અર્થ:—સુખની પરંપરાથી ઉત્કૃષ્ટ ભાવની શુદ્ધિ થવાથી સામાન્યપણે છેલ્લો જન્મ તથા તીર્થંકર પદ-એ ધર્મનું ઉત્કૃષ્ટ ફળ છે.

ભાવાર્થ:—ધર્મનું સામાન્ય ફળ તો દેવતાની સ્થિતિ અને મનુષ્યપણામાં સારા વૈભવો વગેરે છે. પણ વિશેષ-ઉત્કૃષ્ટ ફળ તો

ઉત્તરોત્તર સુખની વૃદ્ધિ છે. કેવળ સુખની વૃદ્ધિ થાય છે એટલું જ નહિ પણ ભાવ પણ ઉત્તરોત્તર ઉત્તમ પ્રકારના થતા જાય છે; અને તેથી ધર્મનું ઉત્કૃષ્ટ ફળ એ આવે છે કે ધર્મ પાળનાર ચરમદેહી બને છે. જે દેહ છોડ્યા પછી તેને ફરીથી જન્મ લેવો ન પડે તેને ચરમદેહ-છેલ્લું શરીર કહે છે. અને જેને ચરમદેહ છે, તે તેજ ભવમાં મુક્તિ મેળવે છે. આ ચરમદેહ તો તીર્થંકરને તેમજ સામાન્ય કેવળીને પણ હોઈ શકે, માટે ચરમદેહ કરતાં પણ ધર્મનું ઉત્કૃષ્ટ ફળ તીર્થંકર પદવી છે.

तत्राकिंलिकष्टमनुत्तरं विषयसौख्यं, हीनभावविगमः उदग्रतरा संपत्, प्रभूतोपकारकरणं, आशयाविशुद्धिः, धर्मप्रधानता अवन्ध्य क्रियात्वमिति ॥ ३ ॥

અર્થ:—તે છેલ્લા ભવમાં કલેશ રહિત, અનુપમ વિષયસુખ મળે છે; ન્યૂનતાનો નાશ થાય છે; અતિશય મોટી સંપત્તિ પ્રાપ્ત થાય છે; બહુજ ઉપકાર કરાય છે; વિશુદ્ધ—પવિત્ર આશય હોય છે; ધર્મ એજ વિષય હોય છે; અને ક્રિયા સફળ થાય છે.

ભાવાર્થ:— જે ભવમાં મનુષ્યને કેવળજ્ઞાન પ્રાપ્ત થવાનું હોય, અને જે ભવમાં તે મુક્તિ મેળવવાનો હોય, તે છેલ્લા ભવમાં મનુષ્યની બાહ્ય તથા અંતરની સ્થિતિ કેવા પ્રકારની હોય છે, તેનું વર્ણન આ સ્થળે કરવામાં આવેલું છે.

પરિણામે સુંદર ઉત્તમ પ્રકારના પાંચે ઈન્દ્રિયોના વિષયો તેને મળે છે. જાતિ, કુળ, વૈભવ, વય, રૂપ સંબંધી સર્વ પ્રકારની ન્યૂનતાનો તે ભવમાં નાશ થાય છે, એટલે તે પુરૂષ ઉત્તમ જાતિ અને કુળમાં જન્મે છે, અતિ રૂપવાન્ હોય છે; સર્વ પ્રકારના વૈભવો તેના સ્વાધીન વર્તે છે. સર્વ પ્રકારની સંપત્તિ તેના હાથમાં આવે

છે; અને તે ભવમાં તે જીવ પોતાની સંપત્તિથી, પોતાના શરીરવડે, તેમજ ઉપદેશદ્વારા–તનમન અને ધનથી–સર્વ પ્રકારે બીજાના ઉપર અતિ ઉપકાર કરે છે. તેનો સ્વભાવજ પરોપકારમય થઈ ગયો હોય છે. પરોપકાર સિવાય બીજું કાંઈ તેને સુઝતું નથી. તે ઉદારચરિત વાળાને આખું વિશ્વ કુટુંબ સમાન છે. અમારૂં અને આ પારકું એવો જે મમત્વભાવ સામાન્ય મનુષ્યમાં જોવામાં આવે છે, અને જેથી રાગદ્વેષની ઉત્પત્તિ થઈ કર્મબંધન થાય છે, તે મમત્વભાવ આ મહા પુરૂષમાં નાશ પામેલો છે, અને તેથી પ્રાણી માત્રનું કલ્યાણ કરવા તેનો પ્રેમમય સ્વભાવ વિલસે છે.

તેઓનો આશય શુદ્ધ હોય છે; જેને સ્વાર્થનો ત્યાગ કર્યો છે, તેનું હૃદય નિરંતર શુદ્ધ જ રહે છે. કારણ કે ચિત્તની શુદ્ધતાને મલિન કરનાર સ્વાર્થવૃત્તિજ છે. તે ભવમાં ધર્મ એજ તેનો મુખ્ય વિષય છે. તે બાહ્ય ગમે તે કાર્યકરે પણ તેમાં પણ ધર્મભાવનાજ મુખ્ય હોય છે. તેનો જીવન વ્યવહાર ધર્મભાવનાથી જ ચાલે છે, અને તે જે ક્રિયાઓ કરે છે, તે સર્વ સફળ થાય છે. આ સર્વ ચરમદેહીના સંબંધમાં કહેવામાં આવ્યું છે.

तथा विशुद्धयमानाप्रतिपातिचरणावाप्तिः, तत्सात्म्यभावः भव्यप्रमोदहेतुता, ध्यानसुखयोगः अतिशयर्द्धिप्राप्तिरिति ॥४॥

અર્થ:—પવિત્ર અને નાશ ન પામે તેવા ચારિત્રની પ્રાપ્તિ થાય છે; તેની સાથે તેની ઐકયતા થાય છે; ભવ્યજનને પ્રમોદનું કારણ થાય છે; ધ્યાનના સુખની પ્રાપ્તિ થાય છે; અને અતિશય ઋદ્ધિ મળે છે.

ભાવાર્થ:—તે ભવમાં અતિચાર રહિત અને ભાવની ન્યૂનતા વગરનું યથાખ્યાત ચારિત્ર તે પાળે છે; ચારિત્ર અને તેની ઐકયતા થઈ જાય છે; તેના ઉચ્ચ વિચારોને તે વર્તનમાં મૂકવા સમર્થ થાય છે.

તેના આચાર વિચાર મુમુક્ષુને બહુ લાભકારી થાય છે. મુમુક્ષુ લોકો તેનું વર્તન જોઈ આનંદ પામે છે. અને તેના જેવું વર્તન રાખવાના નિશ્ચય પર આવે છે અને તેના જેવું વર્તન કેટલેક અંશે રાખવા સમર્થ પણ થાય છે.

તે ભવમાં ધ્યાનથી ઉપજતું અચિંત્ય સુખ તેને મળે છે. ચિત્તની વૃત્તિઓ જુદા જુદા વિષયોમાં ભટકતી હતી, તેને તે સ્થિર કરે છે. અને મનને શાંત અને કલ્લોલરહિત સરોવર તુલ્ય તે બનાવે છે; અને તેથી આત્મજ્યોતિનાં કિરણો મન ઉપર પડે છે, અને તેથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે, અને આત્મિક આનંદની કાંઈક ઝાંખી થતી જાય છે. આ ઝાંખી ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. તે મન અને આત્માના યોગરૂપ ધ્યાનનું સુખ તો તેના અનુભવનારાના જ લક્ષમાં આવી શકે; શબ્દો દ્વારા તે દર્શાવી શકાય તેમ નથી.

તે ભવમાં તે કેટલીક લબ્ધિઓ પ્રાપ્ત કરે છે. યોગ બળથી, અને આત્મવીર્ય ફોરવવાથી આત્મામાં રહેલી અનંત ગુપ્ત શક્તિઓમાંથી કેટલીક શક્તિઓનો પ્રાદુર્ભાવ થાય છે, અને તે લબ્ધિઓ કહેવાય છે. દરેક મનુષ્યમાં તે શક્તિઓ-લબ્ધિઓ ગુપ્ત રહેલી છે; પણ આ ચરમદેહી મનુષ્ય તે શક્તિઓને પ્રગટ કરે છે.

તે પછી શું થાય છે તે કહે છેઃ

अपूर्वकरणं, क्षपकश्रेणिः मोहसागरोत्तार :,
केवलाभिव्यक्तिः परमसुखलाभ इति ॥ ५ ॥

અર્થ:--અપૂર્વકરણ (આઠમું ગુણસ્થાનક) પ્રાપ્ત કરે છે, ક્ષપકશ્રેણીનો આરંભ કરે છે, મોહરૂપ સમુદ્રને તરે છે, કેવળજ્ઞાની થાય છે, અને ઉત્કૃષ્ટ સુખનો લાભ થાય છે.

ભાવાર્થ:--જેમ જેમ મનુષ્યના ગુણની તેમજ ભાવની વૃદ્ધિ થાય, તેમ તેમ તે આગળ વધતો જાય છે. તેવા ગુણ તથા ભાવના

ચૌદ વિભાગ પાડવામાં આવ્યા છે, અને તદનુસાર મનુષ્યો જુદા જુદા ગુણ સ્થાનકમાં વર્તતા કહી શકાય. આ બાબત દૃષ્ટાંતથી વધારે સારી રીતે સમજાશે

એક મોટો પર્વત તમારી સન્મુખ કલ્પો, તે પર્વતની તળેટી મિથ્યાત્વ–અજ્ઞાનથી દટાઈ ગઈ છે, અને તેનું શિખર નિર્વાણના પ્રકાશિત તેજથી અંજાઈ ગયું છે, હવે તે પર્વત ઉપર ચઢતા ચૌદ વિશ્રામ સ્થાન આવે છે. તે ચૌદ ગુણના સ્થાનકો છે. હવે તેવા ગુણસ્થાનકમાં આઠમું ગુણસ્થાનક અપૂર્વકરણ છે. પ્રથમના ગુણ સ્થાનમાં નહિ પ્રાપ્ત થયેલી એવી–સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ, અને અપૂર્વ સ્થિતિબંધ–પાંચ બાબતો આ ગુણસ્થાનમાં રહેલા જીવના સંબંધમાં બને છે, માટે તેને અપૂર્વકરણ કહેવામાં આવે છે.

તે ગુણસ્થાનમાં વર્તતા સાધુ ઘાતી કર્મનો ક્ષય કરવા ઉદ્યમવન્ત થાય છે, અને મોહનીય વગેરે કર્મ પ્રકૃતિનો ક્ષય ક્રમવાર કરે છે, તેથી શ્રેણી (line) ઉત્પન્ન થાય છે. તેનું નામ ક્ષપકશ્રેણી છે, તેનો ક્રમ આ પ્રમાણે છે. અવિરત, દેશવિરત, પ્રમત્તસંયત, અને અપ્રમત્તસંયત એ ચાર ગુણસ્થાનમાંથી કોઈપણ ગુણસ્થાનમાં વર્તતો જીવ, પોતાના મનને અતિશય વૃદ્ધિ પામતા તીવ્ર શુભ ધ્યાનને આધીન કરે છે, અને ક્ષપકશ્રેણિ ઉપર ચઢવા ઈચ્છા રાખે છે. તે જીવ અપૂર્વકરણ ગુણસ્થાન પામી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનો એક સાથેજ ક્ષય કરવા પ્રવૃત્ત થાય છે.

અનંતાનુબંધી કષાયનું બળ સહેજ બાકી રહે એટલે મિથ્યાત્વનો ક્ષય કરવાનો આરંભ કરે છે, પછી અવશેષ રહેલ અનંતાનુબંધી કષાયનો અને મિથ્યાત્વનો ક્ષય કરે છે. આ ક્ષય કર્યા પછી ચનુક્રમે સમ્યગ્મિથ્યાત્વ (મિશ્રપુંજ) અને સમ્યક્ત્વ (શુદ્ધપુંજ)નો ક્ષય કરે છે.

તે પછી જેણે આયુષ્ય બાંધ્યું નથી એવો જીવ સકળ મોહનો

નાશ કરવાને સમર્થ અનિવૃત્તિકરણ નામે ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે; તેજ ગુણસ્થાન જેવું, મોહનો નાશ કરનાર બીજુ કોઇ ગુણસ્થાન નથી. ત્યાં નવમા ગુણસ્થાનકમાં રહેલો જીવ પોતાના હૃદયના ભાવને પ્રતિક્ષણ વધારે વધારે વિશુદ્ધ કરે છે, અને કેટલોક સમય વ્યતીત થયા બાદ અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાનાવરણીય કષાયના આઠ ભેદનો ક્ષય કરવા તત્પર થાય છે.

જ્યારે આ રીતે તેમનો ક્ષય થાય છે ત્યારે તે નીચેની સોળ પ્રકૃતિઓને શુભ અધ્યવસાયદ્વારા નાશ કરવા પ્રવૃત્ત થાય છે:—૧. નિદ્રાનિદ્રા, ૨. પ્રચલાપ્રચલા, ૩. સ્ત્યાનર્ધિ એટલે થીણદ્ધિ નિદ્રા (Somnambulism), ૪ નરકગતિ, ૫ નરકાનુપૂર્વી, ૬ તિર્યંચગતિ, ૭ તિર્યંગાનુપૂર્વી, ૮ એકેંદ્રિયજાતિ, ૯ દ્વીન્દ્રિયજાતિ, ૧૦ ત્રીંદ્રિયજાતિ ૧૧ ચતુરિન્દ્રિયજાતિ, ૧૨ આતપનામકર્મ, ૧૩ ઉદ્યોતનામ કર્મ, ૧૪ સાધારણ નામકર્મ. ૧૫ સ્થાવર નામકર્મ, ૧૬ સૂક્ષ્મ નામકર્મ. તે આ સોળ પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

તે પછી અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, માન, માયા, અને લોભના બાકી રહેલા ભાગનો નાશ કરે છે. તે પછી જો ક્ષપક શ્રેણી કરનાર પુરૂષવેદી હોય, તો નપુંસક વેદનો ક્ષય કરે, પછી સ્ત્રી વેદનો ક્ષય કરે, પછી હાસ્ય, રતિ, અરતિ, ભીતિ, જુગુપ્સા અને શોક એ છનો ક્ષય કરે અને તે પછી પુરૂષ-વેદનો ક્ષય કરે. જો સ્ત્રીએ ક્ષપકશ્રેણીનો આરંભ કર્યો હોય, તો પ્રથમ નપુંસક વેદનો, પછી પુરૂષ વેદનો, અને છેવટે સ્ત્રી વેદનો ક્ષય કરે. જો નપુંસકે આ ક્ષપકશ્રેણીનો આરંભ કર્યો હોય, તો પ્રથમ સ્ત્રી વેદનો, પછી પુરૂષવેદનો અને આખરે નપુંસક વેદનો ક્ષય કરે.

તે પછી સંજ્વલનના ક્રોધ, માન અને માયાનો ક્ષય કરે, પછી બાદર-સ્થૂળ લોભનો તેજ ગુણસ્થાનકમાં ક્ષય કરી સૂક્ષ્મસંપરાય

ગુણસ્થાનમાં સૂક્ષ્મ લોભનો ક્ષય કરે. આ પ્રમાણે કષાયનો સર્વથા નાશ કરનાર તેજ સકળ મોહવિકારથી છુટો થયેલો તે જીવ, ક્ષીણમોહ ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. ત્યાં સમુદ્ર તરીને બહાર નીકળેલા, અથવા રણક્ષેત્રમાં વિજય મેળવી પાછા ફરનાર યોદ્ધાની માફક મોહનો નિગ્રહ કરવામાં નિશ્ચય બાંધેલા અધ્યવસાયથી જરા થાક લાગેલો હોવાથી બારમા ગુણસ્થાનકમાં અંતર્મુહૂર્ત્ત વિશ્રામ લઈ, તે ગુણસ્થાનકમાં છેલ્લા સમયથી આગળના સમયમાં નિદ્રા અને પ્રચલા નામની બે પ્રકૃતિનો તે ક્ષય કરે છે. અને છેવટના એક સમયમાં જ્ઞાનવરણીયની પાંચ પ્રકૃતિ, અંતરાયની પાંચ પ્રકૃતિ, અને દર્શનાવરણીયની બાકી રહેલી ચાર પ્રકૃતિ એ રીતે ચૌદ પ્રકૃતિનો તે ક્ષય કરે છે.

જેણે કોઈ પણ ગતિનું આયુષ્ય બાંધ્યું નથી તેના સંબંધમાં ઉપરની હકીકત લખેલી છે. પણ જેણે કોઈ પણ પ્રકારનું આયુષ્ય બાંધ્યું છે, તે તો ચાર અનંતાનુબંધિની અને ત્રણ દર્શન મોહનીયની એ રીતે સાત પ્રકૃતિનો ક્ષય કર્યા પછી જરા વિશ્રામ લે; અને જે રીતે આયુષ્યનો બંધ બાંધ્યો હોય, તે રીતે ભોગવી બીજા ભવમાં તે ક્ષપકશ્રેણીનો આરંભ કરે. અપૂર્વકરણ ગુણસ્થાનકમાં રહેલો જીવ દર્શનમોહનીયના સપ્તકનો ક્ષય કરે છે, તે અભિપ્રાય સિદ્ધાન્તને આધારે લખેલો છે. કર્મગ્રન્થનો અભિપ્રાય તો એવો છે કે, અવિરત સમ્યગ્દૃષ્ટિ, વિરત સમ્યગ્દૃષ્ટિ, પ્રમત્ત સંયત, અને અપ્રમત્ત સંયત એ ચાર ગુણસ્થાનકમાંથી ગમે તે ગુણસ્થાનકમાં રહેલો જીવ ક્ષપકશ્રેણિનો આરંભ કરે.

પછી સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ વધારે પ્રબળ વેગવાળો જે મોહ સમુદ્ર છે. તેને તે તરી જાય છે; એટલે મોહરૂપ સમુદ્રને ઓળંગીને તે મનુષ્ય સામા તીરે પહોંચે છે, પછી કેવળ-સંપૂર્ણ જ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મનો ક્ષય કરવાથી

આત્માનો સ્વાભાવિક ગુણ જે કેવળજ્ઞાન તે પ્રગટ થાય છે અને તે દ્વારા જગતના ચેતન અને જડ સર્વના ભાવો તે જાણી શકે છે અને પછી ઉત્કૃષ્ટ સુખ તે પ્રાપ્ત કરે છે. જે આનંદ પ્રાપ્ત કર્યા પછી બીજા કોઈ પ્રકારના આનંદની ઈચ્છા રહેતી નથી, તેવો પરમાનંદ તે સ્થિતિમાં પ્રાપ્ત કરે છે. કહ્યું છે કેઃ—

यच्च कामसुखं लोके यच्च दिव्यं महासुखम् ।
वीतराग सुखस्येदमनन्तांशे न वर्तते ॥ १ ॥

આ લોકને વિષે જે કામસુખ છે, અને દેવસંબંધી મહા સુખ છે, તે સર્વ વીતરાગના સુખના અનન્તમાં ભાગે પણ આવી શકે તેમ નથી. તે સ્થિતિમાં શાશ્વત આનંદ તે પ્રાપ્ત કરે છે; તેનું કારણ શાસ્ત્રકાર જણાવે છે.

सदारोग्याप्तेरिति ॥ ६ ॥

અર્થઃ—નિરંતર આરોગ્ય રહે છે, માટે પરમ આનંદ તે મેળવે છે.

ભાવાર્થઃ—આપણામાં કહેવત પ્રચલિત છે કે "પહેલું સુખ તે જાતે નર્યા" એટલે જે શરીરે નિરોગી છે તે સુખી છે; તેજ રીતે જેનામાં ભાવ આરોગ્ય છે, તે આનંદ મેળવે છે. કહેવાનો સાર એ છે કે શુદ્ધ ભાવવાળો પુરૂષ નિરંતર આનંદ મેળવે છે. આવુ ભાવ આરોગ્ય શાથી મળે તેનું કારણ શાસ્ત્રકાર જણાવે છે કેઃ—

भावसन्निपातक्षयादिति ॥ ७ ॥

અર્થઃ—ભાવ સંનિપાતનો ક્ષય થવાથી (ભાવ આરોગ્ય મળે છે)

ભાવાર્થઃ—હૃદયના રોગ અને મનના વિકારો રૂપ સંનિપાતનો નાશ થવાથી ભાવ આરોગ્ય પ્રાપ્ત થાય છે. મનની અંદર ઉત્પન્ન થતા દુર્જય મનોવિકારો અને દુષ્ટ વાસનાઓ તે ભાવરોગ છે;

અને તેથી આત્માના આરોગ્યમાં વિઘ્ન આવે છે; પણ ભાવરોગનો નાશ થવાથી આત્મા પોતાની સ્વાભાવિક સ્થિતિ પ્રાપ્ત કરે છે, એટલે કેવળજ્ઞાની થાય છે.

હવે ભાગરોગ કયા તે જણાવે છે.

रागद्वेषमोहादिदोषास्तथातथात्मदूषणादिति ॥ ८ ॥

અર્થ:–આત્માને દૂષિત કરવાથી રાગદ્વેષ અને મોહ તે દોષો (ભાવરોગો) છે.

ભાવાર્થ:–જેમ કોઈને ત્રિદોષ થાય, અને તેથી શરીરમાં અનેક પ્રકારના વિકારો પેદા થાય છે, તેવી રીતે રાગદ્વેષ અને મોહરૂપ ત્રિદોષ છે; તે આત્માને દૂષિત કરે છે, એટલે આત્માના શુદ્ધ અધ્યવસાયને મલિન કરે છે, માટેજ તેમને દોષરૂપ અત્રે ગણવામાં આવ્યા છે. જેમ શારીરિક રોગ શરીરને નિર્બળ કરી નાખે છે અને અસ્વસ્થ બનાવે છે, તેમ આ ભાવરોગ આત્મશક્તિને નિર્બળ બનાવે છે, અને આત્મ શક્તિ અને આનંદમાં વિક્ષેપ નાખે છે.

હવે રાગ દ્વેષ અને મોહનું સ્વરૂપ અનુક્રમે શાસ્ત્રકાર બતાવે છે. તેમાં પ્રથમ રાગની વ્યાખ્યા આપે છે.

अविषयेऽभिष्वङ्गकरणाद्राग इति ॥९॥

અર્થ:– અયોગ્યને વિશે આસક્તિ રાખવી તે રાગ કહેવાય.

ભાવાર્થ:—જે સ્વભાવથી નાશવંત છે, તેવી જડ વસ્તુઓ, તેમજ ચૈતન્યની ઉપાધિરૂપ શરીરો ઉપર મમત્વભાવ રાખવો તે રાગ. આત્મા સિવાયના અન્ય સર્વ પદાર્થો ક્ષણભંગુર છે; તે ઉપાધિઓ અને પદાર્થો ગમે તેટલો સમય ટકે પણ કાળની અનન્તતાની અપેક્ષાએ તેઓને ક્ષણિક કહેવામાં જરા પણ અસત્ય નથી; માટે નાશવંત ઉપર આધાર રાખવો તે અંતે દુઃખજનક છે, માટે રાગનો મમત્વ ભાવનો–આસક્તિનો ત્યાગ કરવો.

વિનાશી પુદ્ગલ દશા, અવિનાશી તું આપ;
આપોઆપ વિચારતાં, મટે પુણ્ય અરૂ પાપ.

જેટલા પ્રકૃતિજન્ય પદાર્થો છે, અથવા પુદ્ગલના પર્યાયો છે, તે સર્વે નાશવંત છે; આત્મા એકલો જ અવિનાશી છે; તે કદાપિ મરતો નથી, તે અમર છે; તેવા આત્મતત્ત્વનું ધ્યાન કરતાં મનુષ્ય પુણ્ય પાપથી છુટો થાય છે.

સંસારના પદાર્થોની અનિત્યતા અને અસારતા જેમ મનુષ્ય અનુભવે છે, તેમ તેમ તે પદાર્થો ઉપરથી રાગ ઉતરતો જાય છે, અને અંતે ત્રણે લોકમાં એવો એક પણ પદાર્થ રહેતો નથી કે જે તેના આત્માને રાગથી આકર્ષી શકે. જે સ્વરૂપે પોતાનું નથી તેને પોતાનું માની લેવાથી, અને તેને મેળવવાની ઇચ્છાથી મનુષ્ય આ સંસાર ચક્રમાં ભમ્યા કરે છે. જ્યાં સુધી સંસારનો કોઈ પણ પદાર્થ મેળવવાની મનુષ્યને તૃષ્ણા રહેલી છે, ત્યાં સુધી તે પદાર્થ તેને સંસારમાં ખેંચે છે, અને તે મુકત થઈ શકતો નથી; માટે નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક કરી નિત્ય વસ્તુ પ્રતિ રાગ ધરવો, અને અનિત્ય વસ્તુ પ્રતિ વૈરાગ્ય ધારણ કરવો.

विवेकवैराग्यवतो बोध एव महोदयः

વિવેક અને વૈરાગ્યથી મહોદય લાવનાર જ્ઞાન પ્રાપ્ત થાય છે.

માટે મુમુક્ષુ જીવ ત્રણ ભુવનના પદાર્થોની અનિત્યતા અને અસારતા અનુભવી તે ઉપર રાગ ધરતો નથી.

तत्रैवाग्निज्वालाकल्पमात्सर्यापादनाद् द्वेष इति ॥१०॥

અર્થ:-તેજ નાશવંત પદાર્થ પ્રતિની આસક્તિને લીધે અગ્નિની જ્વાળા જેવો મત્સર કરવાથી દ્વેષરૂપ દોષ ઉત્પન્ન થાય છે.

ભાવાર્થ:—જ્યારે મનુષ્યને કોઈ બાબત ઉપર આસક્તિ હોય

છે; ત્યારે તે મેળવતાં તેને કોઈ પણ વિઘ્ન કરે તો તે વિઘ્ન કરનાર ઉપર તે દ્વેષ ધારણ કરે છે.

આવો જ વિચાર ભગવદ્ગીતામાં દર્શાવેલો છે. ત્યાં લખેલું છે કેઃ—

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥१॥

મનુષ્ય જ્યારે વિષયનું ધ્યાન કરે છે, ત્યારે તે વિષય ઉપર આસક્ત થાય છે, અને આસક્તિ થતાં તે મેળવવાની ઇચ્છા થાય છે, અને (જો તે મેળવવામાં કોઈ હરકત નાખે તો તે હરકત કરનાર ઉપર) ક્રોધ થાય છે.

ક્રોધ તે દ્વેષ દર્શાવવાનો એક માર્ગ છે, માટે દ્વેષ થાય છે એમ પણ કહેવામાં બાધ નથી. આ દ્વેષ પ્રમોદભાવનાનો તેમજ સમ્યગદર્શન વગેરે મહાગુણોનો સર્વથા નાશ કરે છે. અને તે અગ્નિ સમાન છે. જેમ અગ્નિ જે ઘરમાંથી ઉઠે છે, તે ઘરને બાળે છે, અને જો રોકવામાં ન આવે તો સમીપના ઘરને પણ પ્રજ્વાળે છે, તેજ રીતે દ્વેષ મનની અને આત્માની નિર્મળ વૃત્તિઓનો સંહાર કરે છે, અને જો તે રોકવામાં નથી આવતો તો જેના ઉપર આપણે દ્વેષ કરીએ છીએ તેના હૃદયમાં પણ દુષ્ટ પરિણામો ઉત્પન્ન કરવાનું કારણ બને છે. સઘળા અવગુણોનો રાજા દ્વેષ છે. જેનામાં દ્વેષ આવ્યો તેનામાંથી સમભાવદૃષ્ટિ પ્રથમ નાશ પામે છે, એટલે તે મનુષ્ય મોક્ષ મેળવવાને નાલાયક ઠરે છે, અને પછી ગુણદૃષ્ટિ નાશ પામે છે, તેથી સ્વર્ગ મેળવવાને પણ તે અનધિકારી થાય છે; કારણ કે ગુણદૃષ્ટિ અને સમદૃષ્ટિ અનુક્રમે સ્વર્ગ તથા મોક્ષ મેળવવાનાં સાધનો છે.

સર્વ આત્માઓ સ્વભાવે, સત્તામાં, સ્વરૂપમાં એક સરખા છે, તે ઉચ્ચ વિચાર જેના ઉપર નીતિનો પાયો રચાયેલો છે, તેનો પણ દ્વેષથી નાશ થાય છે. દ્વેષી મનુષ્ય નિરંતર બીજાના અવગુણ તરફ

દૃષ્ટિ કરે છે; અને પરનું બુરું કરવા મથે છે. ક્રોધ અને માન એ દ્વેષનાજ પરિણામ છે. માટે તે દ્વેષને મુમુક્ષુએ સદાને માટે પોતાના હૃદયમાંથી દેશવટો આપવો.

हेयेतरभावाधिगमप्रतिबन्धविधानान्मोह इति ॥११॥

અર્થ:—ત્યાગ કરવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્યનું જે જ્ઞાન, તેમાં અટકાવ કરનાર મોહરૂપી ત્રીજો દોષ છે.

ભાવાર્થ:—મોહ એ એક પ્રકારનો ઉન્માદ છે; તે અજ્ઞાન અવસ્થાસૂચક એક રોગ છે. તેનાથી ત્યાગ કરવા યોગ્ય, અને ગ્રહણ કરવા યોગ્ય પદાર્થો અને ભાવો વચ્ચેનો ભેદ મનુષ્યો સમજી શકતા નથી. તે અજ્ઞાનથીજ મનુષ્યો સદ્ વસ્તુનો ભેદ સમજ્યા વિના અસદ્ વસ્તુઓ અંગીકાર કરવા લલચાય છે; અને સદ્વસ્તુનો ત્યાગ કરે છે. પોતાના ખરા સ્વરૂપના અજ્ઞાનથી જ મનુષ્યો અનેક પ્રકારનું દુઃખ સંસારમાં પામે છે, છતાં ખરા અને ખોટા વચ્ચેનો યથાર્થ ભેદ તેમના જાણવામાં આવતો નથી.

મોહના પ્રબળ આવેગમાં માણસ પોતાના ખરા નિશ્ચયો ચૂકી જાય છે, અને અસત્માર્ગે પ્રવર્તે છે. મોહના સામર્થ્ય આગળ બુદ્ધિ નિસ્તેજ નિવડે છે. કેવળ જેણે હૃદયથી—અનુભવથી યથાર્થ તત્ત્વો સમજવા અને અનુભવવા પ્રયાસ કર્યો છે, તેવા પુરૂષોજ મોહના પ્રબળ આવેગ અને સામર્થ્ય સામે ટકી શકે છે. માટે જે મુમુક્ષુજનોએ સત્યજ્ઞાન અનુભવથી મેળવી આ બલિષ્ઠરિપુનો સંહાર કરવો જોઈએ.

આ રીતે દ્વેષ અને મોહનો ત્રિદોષ, તે ભાવસન્નિપાત છે. તેજ બાબતને સમર્થન કરતાં શાસ્ત્રકાર લખે છે કે:—

सत्स्वेतेषु न यथावस्थितं सुखं स्वधातुवैषम्यादिति ॥१२॥

અર્થ :— આ ત્રિદોષ હોય ત્યારે મૂળ પ્રકૃતિના વિષમપણાથી સત્ય સુખ મળી શકે નહિ.

ભાવાર્થ:—જ્યારે કફ, પિત્ત અને વાયુનો ઉગ્ર પ્રકોપ થાય છે, ત્યારે ત્રિદોષ સન્નિપાત થાય છે; તે સમયે શરીરની સાત પ્રકારની ધાતુઓ પોતપોતાનું કર્તવ્ય કરવું મૂકી દે છે, અને જુદા જ પ્રકારનું કાર્ય કરે છે, અને તેથી ઇન્દ્રિયોના વિષયજન્ય, તેમજ મનની શાંતિનું સુખ મળી શકતું નથી; તેજ રીતે જ્યારે રાગ દ્વેષ અને મોહનો પ્રકોપ પ્રબળ હોય છે, ત્યારે ભાવ સન્નિપાત થાય છે, અને આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્ર અથવા સદ્, ચિદ્ અને આનંદરૂપ સ્વાભાવિક ધર્મોનું વિષમપણું થાય છે, અને તેથી આત્માનું ખરૂં સ્વરૂપ આચ્છાદિત થાય છે, અને આત્મા સ્વાભાવિક સુખ પ્રાપ્ત કરી શકતો નથી.

હવે તેજ બાબત ઉલટાવીને કહે છે :—

क्षीणेषु न दुखं निमित्ताभावादिति ॥१३॥

અર્થ:—તે ત્રિદોષ ક્ષય પામવાથી દુઃખ થતું નથી, કારણ કે કારણનો અભાવ છે.

ભાવાર્થ :— જે સઘળું દુઃખ આ જગતમાં આપણી દૃષ્ટિએ પડે છે, તેનાં મુખ્ય કારણો રાગ દ્વેષ કે મોહ છે; માટે જો તે રાગ દ્વેષ અને મોહરૂપ ત્રિદોષ ક્ષીણ થાય, તો આત્મા પોતાની સ્વાભાવિક સ્થિતિ પુનઃ પ્રાપ્ત કરે, આત્માની સ્વાભાવિક સ્થિતિ જ્ઞાન અને આનંદમય હોવાથી તે સર્વજ્ઞ અને આનંદ સ્વરૂપી બને છે. આ ત્રણ પ્રબળ શત્રુનો નાશ થવાથી શું પરિણામ આવે છે, તે શાસ્ત્રકાર જણાવે છે.

आत्यन्तिकभावरोगविगमात् परमेश्वरताप्तेस्तथा स्वभावत्वात्परमसुखभाव इतीति ॥१४॥

અર્થ :—ભાવરોગનો સર્વથા નાશ થવાથી પરમેશ્વર

પદની પ્રાપ્તિ થાય છે, અને તેથી પરમસુખનો લાભ થાય છે, કારણ કે તેવો તે પદનો સ્વભાવ છે.

ભાવાર્થ :—ભાવરોગનો-રાગદ્વેષ અને મોહનો-સર્વ પ્રકારે વિનાશ થવાથી શક્ર, ચક્રવર્તી વગેરેનાં ઐશ્વર્ય કરતાં અધિક ઐશ્વર્ય—વાળું પરમેશ્વરપદ તે પ્રાપ્ત કરે છે; અને તે સ્થિતિમાં ઉત્કૃષ્ટ સુખ અને આનંદ તે ભોગવે છે. કારણ કે પરમ આનંદ એ ઈશ્વરત્વનો સ્વભાવ છે. પરમાનંદ પચીસીમાં લખ્યું છે કે—

परमानन्दसंपन्नं निर्विकारं निरामयम् ।
ध्यानहीना न पश्यति निजदेहे व्यवस्थितम् ॥१॥

વિકાર અને દુઃખરહિત તથા પરમ આનંદ સહિત પોતાના શરીરમાં રહેલા આત્માને ધ્યાનહીન મનુષ્યો જોતા નથી, એ ઉપરથી સિદ્ધ થાય છે કે આત્મા સ્વભાવે આનંદમય છે, અને ભાવ રોગથી તે આનંદ આચ્છાદિત થયેલો છે. માટે ભાવરોગનો નાશ થતાં સ્વયમેવ તે આનંદ સ્વરૂપ પ્રકટ થશે.

આ રીતે તીર્થંકર અને સામાન્ય કેવળીના સંબંધમાં ધર્મનું ફળ કહેવામાં આવ્યું. હવે તીર્થંકરના સંબંધમાં ધર્મનું અસાધારણ ફળ છે તે શાસ્ત્રકાર કહે છે.

देवेन्द्रहर्षजननमिति ॥१५॥

અર્થ:—તીર્થંકરપણું દેવેન્દ્રને હર્ષ ઉત્પન્ન કરે છે.

ભાવાર્થ :—તીર્થંકર જન્મવાના છે, એવો વૃતાન્ત દેવતાઓના સ્વામી ઈન્દ્ર તથા બીજા દેવતાઓને હર્ષ ઉત્પન્ન કરે છે.

तथा पूजानुग्रहाङ्गतेति ॥१६॥

અર્થ:—પૂજાથી જગતને ઉપકારનું કારણ તીર્થંકર પદ છે.

ભાવાર્થ :–જ્યારથી પ્રભુ જન્મે છે, ત્યારથી તેમના નિર્વાણ કાળ સુધી જુદા જુદા સમયે દેવેન્દ્રો, દેવો, નરેન્દ્રો અને સામાન્ય મનુષ્યો આ ભગવાન છે એમ જાણી ભક્તિ કરે છે, પૂજા કરે છે અને તે ભક્તિ વડે તેઓને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે; આવી રીતે તીર્થંકર પદ ત્રણ જગતના જીવનો ઉપકાર કરનારું નીવડે છે.

तथा प्रातिहार्योपयोग इति ॥१७॥

અર્થ:–ભગવાનને આઠ પ્રતિહાર્ય પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ :–ધર્મના ઉત્કૃષ્ટ ફળ તરીકે તીર્થંકરને આઠ મહા પ્રતિહાર્યો મળે છે. રાજસભાના અથવા શ્રીમંતના બારણા આગળ જે મનુષ્ય ઉભો રહે છે; તેને દ્વારપાળ અથવા પ્રતિહારી કહેવામાં આવે છે; તેમ ભગવાન જ્યાં જ્યાં વિચરે છે, ત્યાં ત્યાં તેમની સાથે આઠ પ્રતિહારીઓ પણ છે. તેઓનાં નામ નીચેના શ્લોકથી જણાશે.

अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यो ध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥

અશોક વૃક્ષ, દિવ્ય પુષ્પ વૃષ્ટિ, દિવ્ય ધ્વનિ, ચામર, આસન ભામંડલ, દુન્દુભિ અને છત્ર–એ તીર્થંકરના મહા પ્રતિહારી છે.

ततः परं परार्थकरणमिति ॥१८॥

અર્થ:–બીજાનું ઉત્કૃષ્ટ કલ્યાણ કરનાર તીર્થંકર પદ છે.

ભાવાર્થ:—બીજાનું કલ્યાણ કરવાનો ઉત્કૃષ્ટ માર્ગ ઉપદેશ છે; અને તે ઉપદેશ તીર્થંકર પોતાની સુધાતુલ્ય વાણીવડે આપે છે; સર્વ કોઈ તે વાણી પોતપોતાની ભાષામાં બરાબર સમજી જાય છે. અને ચારે બાજુ એક યોજન સુધી સંભળાય છે. તેવી વાણી વડે કેવળજ્ઞાન દ્વારા જાણેલા ભાવોનો બોધ શ્રોતાવર્ગની ગ્રહણ કરવાની

સ્થિતીનો સમ્યગ્ ખ્યાલ લાવી તે આપે છે. બીજાનું કલ્યાણ કરવા કેવા કેવા સાધનોનો તીર્થંકર ઉપયોગ કરે છે તે શાસ્ત્રકાર દર્શાવે છે.

अविच्छेदेन भूयसां मोहांधकारापनयनं हृद्यैर्वचनभानुभिरिति ॥१९॥

અર્થ:-હૃદયને અસર કરે તેવા વચનરૂપી કિરણોથી ઘણા પ્રાણીઓનો મોહરૂપ અંધકારનો જીવન પર્યંત નાશ કરનાર તીર્થંકર પદ છે.

ભાવાર્થ:-જેમ સૂર્યથી અંધકારનો નાશ થાય છે, તેજ રીતે ભગવાનની વાણીથી લોકોનો મોહ નાશ પામે છે; હૃદયથી બોલાયેલી વાણી હૃદયને અસર કરે છે, એ સિદ્ધાંત પ્રમાણે ભગવાને જગતનું કલ્યાણ કરવાની શુદ્ધ બુદ્ધિથી આપેલો ઉપદેશ શ્રોતાવર્ગના હૃદયમાં સચોટ અસર કરે છે. આ પ્રમાણે મોહાંધકાર નાશ થાય છે ત્યારે—

सूक्ष्मभावप्रतिपत्तिरिति ॥ २० ॥

અર્થ:—સૂક્ષ્મભાવનું જ્ઞાન થાય છે.

ભાવાર્થ—જ્યારે ભગવાનની સૂર્ય સદશ હૃદયંગમવાણીથી લોકોનો મોહાંધકાર નાશ પામે છે, ત્યારે સૂક્ષ્મ બુદ્ધિવાળા પુરૂષો સમજી શકે તેવા જે જે પદાર્થો અને ભાવોનું ભગવાન વર્ણન કરે છે, તે તે શ્રોતાવર્ગ સમજે છે અને ગ્રહણ કરે છે.

ततः श्रद्धामृतास्वादनमिति ॥ २१ ॥

અર્થ:—પછી શ્રદ્ધારૂપ અમૃતનું આસ્વાદન થાય છે.

ભાવાર્થ:—જ્યારે સૂક્ષ્મ ભાવો લોકોના સમજવામાં આવે છે, ત્યારે જેમ અમૃતનું પાન કરી આનંદ માને તેમ મન વડે તે તે પદાર્થોને લોકો ગ્રહણ કરે છે, અને તેમને સત્ય તરીકે માને છે. તે સત્ય બાબતોની શ્રદ્ધા થાય છે.

ततः सदनुष्ठानयोग इति ॥ २२ ॥

અર્થ:—પછી સારા અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે.

ભાવાર્થ:—જ્યારે તત્ત્વ યથાર્થ સમજાય ત્યારે તદનુસાર વર્તન થાય એવો સ્વાભાવિક નિયમ છે; માટે આ સ્થળે પણ તત્ત્વોને યથાર્થ સમજ્યા પછી તે આદરવાનું મન થાય છે, અને ગૃહસ્થ ધર્મ અથવા યતિધર્મ પાળવાને તે આકર્ષાય છે.

ततः परमापायहानिरिति ॥ २३ ॥

અર્થ:-પછી ઉત્કૃષ્ટ અનર્થનો નાશ થાય છે.

ભાવાર્થ:—નરકગતિ તિર્યંગ્ગતિ વગેરે અનર્થ ઉપજાવનારાં કારણોની તેની બાબતમાં નાશ થાય છે; અર્થાત્ મનુષ્ય નરક કે તિર્યંગ્ગતિમાં જતો નથી. આટલેથી પણ તે શ્રોતાવર્ગને થયેલા ઉપકારનો અંત આવતો નથી, કારણ કે જે વિશેષ લાભ થાય છે, તે શાસ્ત્રકાર દર્શાવે છે.

सानुबन्धसुखभाव उत्तरोत्तरः प्रकामप्रभूतसत्त्वोपकाराय अवन्ध्यकारणं निवृत्तेरिति ॥ २४ ॥

અર્થ:—ઉત્તરોતર વિશેષ એવો અવિચ્છિન્ન (અટકયા વગરનો) સુખભાવ તે પ્રાણીઓના મોટા ઉપકાર અર્થે થાય છે, અને તેથી તે મોક્ષનું અવંધ્ય (સફળ) કારણ છે.

ભાવાર્થ:—સદ્ અનુષ્ઠાનથી મનુષ્યને સુખ મળે છે, તે સુખનો તે બીજા માટે ઉપયોગ કરે છે, તેથી તેને વિશેષ સુખ મળે છે; વળી તેથી તે બીજાનું વધારે કલ્યાણ કરવા સમર્થ થાય છે, અને તેથી ઉત્તરોતર વિશેષ સુખ પ્રાપ્ત થયા કરે છે, અને અંતે તે મોક્ષ સુખ મેળવવા ભાગ્યશાળી બને છે.

આ સૂત્ર ઉપરથી ફલિત થાય છે કે સુખ મેળવવા માટે પરો-

પકાર જેવો બીજો કોઈ માર્ગ નથી; કારણ કે પરોપકારથી વિશેષ સુખ મળે છે, અને વિશેષ સુખવાળો વિશેષ પરોપકાર કરવા સમર્થ થાય છે. હવે આ વિષયની સમાપ્તિ કરવા ઇચ્છતા શાસ્ત્રકાર લખે છે કે—

इति परंपरार्थकरणमिति ॥ २५ ॥

અર્થ:—માટેજ તીર્થંકર પદ બીજાનું ઉત્કૃષ્ટ કલ્યાણ કરનારૂં છે.

ભાવાર્થ:—તીર્થંકરના વચનથી મોહાંધકાર ટળે છે, તેથી સૂક્ષ્મ પદાર્થો અને ભાવો તુરત સમજાય છે અને તેની શ્રદ્ધા થાય છે, પછી તે આદરવામાં આવે છે, તેથી અનર્થનો નાશ થાય છે, અને સુખનો ઉદ્‌ભવ થાય છે, સુખથી પરોપકાર થાય છે. પરોપકારથી વિશેષ સુખ મળે છે. એ પ્રમાણે ઉત્તરોત્તર વિશેષ સુખ પ્રાપ્ત કરતાં કરતાં અંતે મોક્ષ મળે છે, માટેજ તીર્થંકરપદને બીજાનું ઉત્કૃષ્ટ કલ્યાણ કરનારૂં ગણવામાં આવ્યું છે.

હવે તીર્થંકર અને ચરમદેહી સામાન્ય કેવળીને સામાન્ય એવું ધર્મનું ફળ શાસ્ત્રકાર કહે છેઃ—

भवोपग्राहिकर्मविराम इति ॥ २६ ॥

અર્થ:—ભવોપગ્રાહી કર્મનો નાશ થાય છે.

ભાવાર્થ:—ભવને મદદ કરનારા એટલે જન્મના સહાયકારી એવા આયુ, નામ, ગોત્ર અને વેદનીય કર્મનો ચૌદમા ગુણસ્થાનકને અંતે તીર્થંકર કે સામાન્ય કેવળીના સંબંધમાં નાશ થાય છે.

ततः निर्वाणगमनमिति ॥ २७ ॥

અર્થ:—પછી નિર્વાણ પામે છે.

ભાવાર્થ:—સર્વ ઉપાધિઓનો–દેહોનો નાશ થતાં પોતાના સ્વરૂપનું ભાન થાય છે, તે સ્થિતિને નિર્વાણઅવસ્થા અથવા મોક્ષ

કહે છે. તે સ્થિતિ તીર્થંકર તેમજ સામાન્ય ચાર અઘાતી કર્મનો ક્ષય થતાં પ્રાપ્ત કરે છે.

तत्र च पुनर्जन्माद्यभाव इति ॥ २८ ॥

અર્થ:–ત્યાં પુનર્જન્મ વગેરેનો અભાવ થાય છે.

ભાવાર્થ:–મોક્ષ પામ્યા પછી ફરીથી જન્મ થતો નથી અને મરણ પણ થતું નથી.

बीजाभावतोऽयमिति ॥ २९ ॥

અર્થ:–તે બીજના અભાવથી થાય છે.

ભાવાર્થ:—બીજ વિના જેમ અંકુરો ફૂટે નહિ તેમ પુનર્જન્મના કારણભૂત બીજના અભાવથી ફરીથી તે જન્મ લેતા નથી. બીજ શું તે જણાવે છે.

कर्मविपाकस्तदिति ॥ ३० ॥

અર્થ:–કર્મનો વિપાક એ પુનર્જન્મનું બીજ છે.

ભાવાર્થ:–જ્ઞાનવરણીય આદિ કર્મનો ઉદય તે પુનર્જન્મનું બીજ છે; એટલે કર્મને કારણે જીવને ફરીથી જન્મ લેવો પડે છે; અને જે જીવો નિર્વાણ પ્રાપ્ત કરે છે, તે કર્મનો નાશ કરવાથી પામે છે; માટે તે ફરી જન્મ લે નહિ.

अकर्मा चासाविति ॥ ३१ ॥

અર્થ:–તે જીવ કર્મરહિત છે.

ભાવાર્થ:–જે જીવ મોક્ષ પામ્યો તેને કર્મ હોતાં નથી; માટે તે ફરીથી જન્મ લેતો નથી.

तद्वत एव तद्ग्रह इति ॥ ३२ ॥

અર્થ:—કર્મવાળા જ ફરીથી જન્મ લઇ શકે.

ભાવાર્થ:–જે જીવ કર્મસહિત છે, તે ફરીથી જન્મ મરણ ધારણ કરે, પણ જે કર્મરહિત છે, તેને જન્મ મરણ થતાં નથી. માટે નિર્વાણ પામેલો આત્મા કર્મરહિત હોવાથી જન્મ મરણ ધારણ કરતો નથી.

શંકા–કર્મવાળાનેજ જન્મ મરણ તમે માનો છો, તો પ્રથમ જીવે ક્યારે કર્મ કર્યા તે સકર્મ થયો, અને જન્મ ધારણ કર્યો ?

તે શંકાનું સમાધાન શાસ્ત્ર કરે છે કે:–

तदनादित्वेन तथाभावसिद्धेरिति ॥ ३३ ॥

અર્થ:–કર્મના અનાદિપણાથી ઉપર જણાવેલો ભાવ સિદ્ધ થાય છે.

ભાવાર્થ:–કર્મ પણ આત્માની સાથે અનાદિ છે, અને તેથી આત્મા અનાદિકાળથી કર્મસહિત છે, અને તેથી જન્મ મરણ કરે છે, પણ સિદ્ધ કર્મરહિત હોવાથી ફરીથી જન્મ લેતા નથી.

કર્મરહિત પણ કારણ વિશેષે ફરીથી જન્મ લઈ શકે છે એવું કહેવામાં આવે છે, તે શંકાનું સમાધાન કરતાં શાસ્ત્રકાર લખે છે કે :–

सर्वविप्रमुक्तस्य तु तथा स्वाभावत्वान्निष्ठितार्थत्वान्न तद्ग्रहणे निमित्तमिति ॥ ३४ ॥

અર્થ:—જે સર્વથા મુક્ત થયો છે, તેનો સ્વભાવ હોવાથી તેમજ કૃતકૃત્ય હોવાથી ફરીથી જન્મ લેતો નથી, કારણ કે ફરીથી જન્મ લેવામાં કોઇ પણ કારણ નથી.

ભાવાર્થ–: જે સર્વ કર્મથી સર્વ પ્રકારે છુટો થયેલો છે, તેવો નિર્વાણી જીવ ફરીથી જન્મ લેતો નથી, કારણ કે જે પોતાને સાધવાનું હતું તે તેણે સાધ્યું છે, અને ફરીથી જન્મ લેવાનો તેનો સ્વભાવ નથી; માટે ફરીથી જન્મ લેવામાં કાંઈ પણ કારણ નથી. કર્મથી અથવા કારણ વિશેષથી જન્મ લેવો પડે, પણ સઘળાં કર્મ

નાશ પામ્યાં છે, અને કારણ વિશેષ કાંઈ છે નહિ માટે તે ફરીથી જન્મ લેતા નથી.

नाजन्मनो जरेति ॥ ३५ ॥

અર્થ:—જેને જન્મ નથી તેને જરા નથી.

ભાવાર્થ:-જે જન્મે છે તેને માટે વૃદ્ધાવસ્થા નિશ્ચિત છે, પણ જે જન્મતો જ નથી, તેને વૃદ્ધાવસ્થા નથી, માટે જન્મ જરાના ભયથી નિર્બાણ પામેલો જીવ મુક્ત હોય છે. વિશેષ કહે છેઃ-

एवं च न मरणभयशक्तिरिति ॥ ३६ ॥

અર્થ:-એ રીતે મરણનો ભય પણ રહેતો નથી.

ભાવાર્થ:-જે જન્મે છે, તે વૃદ્ધ થાય છે, અને તેને મરણનો ભય રહે છે પણ જેને જન્મ નથી, તેને વૃદ્ધાવસ્થા નથી, અને તેને મરણ પણ નથી; તેમજ તે સંબંધી ભય પણ નથી, જ્યાં સુધી જન્મ છે, ત્યાં સુધી તો મરણ નિશ્ચિત છે; માટે એવા ઉપાય કરવા કે ફરીથી જન્મ લેવો ન પડે. કહ્યું છે કે :—

मृत्योर्बिभेषि किं बाल स च भीतं न मुञ्चति ।
अजातं नैव गृह्णाति कुरु प्रयत्नमजन्मनि ॥

હે બાલ! તું મૃત્યુથી કેમ ડરે છે? ડરેલાને મરણ છોડી દેતું નથી. જે જન્મેલો નથી, તેને મરણ પકડતું નથી, માટે ફરીથી જન્મ ન લેવો પડે તેવો પ્રયત્ન કર.

तथा न चान्य उपद्रव इति ॥ ३७ ॥

અર્થ:-બીજો કોઇ ઉપદ્રવ હોતો નથી.

ભાવાર્થ:-ભૂખ, તરસ, રોગ વગેરેનો ઉપદ્રવ સિદ્ધને હોતો નથી, કારણ કે તે સર્વ શરીરના ધર્મો છે; માટે જે નિરૂપાધિ છે, અથવા શરીર રહિત કેવળ આત્માવસ્થામાં છે, તેને ઉપર જણાવેલા ઉપદ્રવો પીડા કરી શકતા નથી.

ત્યારે મોક્ષમાં શું હોય તેનો જવાબ આપે છે.

विशुद्धस्वरूपलाभ इति ॥ ३८ ॥

અર્થ:–અતિશય શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

ભાવાર્થ:–પોતાનું આત્માનું જે શુદ્ધ સ્વરૂપ છે, જે સચ્ચિદાનંદમય છે, તે પોતે અનુભવે છે, તે સર્વ પદાર્થોનો તે જ્ઞાતા બને છે, અને આત્મિક આનંદ તે ભોગવે છે.

तथा आत्यन्तिकी व्याबाधानिवृत्तिरिति ॥ ३९ ॥

અર્થ:—દુઃખની અત્યંત નિવૃત્તિ થાય છે.

ભાવાર્થ:–આધિ, વ્યાધિ, અને ઉપાધિજન્ય ત્રિવિધ તાપો ટળી જાય છે અને શરીર અને મનસંબંધી સર્વ દુઃખોનો અત્યંત વિલય, તે સ્થિતિમાં થાય છે; કારણ કે શરીર અને મન ત્યાં હોતાં નથી.

सा निरुपमं सुखमिति ॥ ४० ॥

અર્થ:–તે (દુઃખની અત્યંત નિવૃત્તિ) જ નિરુપમ સુખ છે.

ભાવાર્થ:–સિદ્ધના જીવોને કોઈ પણ પ્રકારનું દુઃખ નથી, એજ તેમનું પરમસુખ છે; કારણ કે દુઃખગર્ભિત સુખ તે સુખ નહિ પણ દુઃખજ છે. જે સુખ પામ્યા પછી વિશેષ સુખની આશા–તૃષ્ણા ન રહે, તેવું અનુપમ સુખ તે ભોગવે છે.

તેવા સુખનું કારણ જણાવે છેઃ–

सर्वत्राप्रवृत्तेरिति ॥ ४१ ॥

અર્થ:—સર્વ સ્થળે પ્રવૃતિ નથી માટે (નિરૂપમ સુખ છે.)

ભાવાર્થ:–આ વસ્તુ ગ્રહણ કરવી છે, આ વસ્તુ ત્યાગવી છે,

તે રૂપ પ્રવૃત્તિ કોઈ પણ સ્થળે તે જીવોને નથી; તેઓ ક્રિયા રહિત છે માટે નિરૂપમ સુખ તેઓ ભોગવે છે.

તેઓ પ્રવૃત્તિ કેમ કરતા નથી તેનું કારણ આપે છે.

समाप्तकार्यत्वादिति ॥ ४२ ॥

અર્થ:--પોતાનું કાર્ય સમાપ્ત થયેલું છે માટે [પ્રવૃત્તિ નથી]

ભાવાર્થ:-પોતાને જે સાધવા યોગ્ય હતું, તે તેઓએ સાધ્યું છે, અને મેળવવા યોગ્ય તેઓએ મેળવ્યું છે, માટે હવે પ્રવૃત્તિ કરવાનું કાંઈ કારણ નથી.

તેજ બાબતને સમર્થન કરતાં શાસ્ત્રકાર લખે છે કે:-

न चैतस्य क्वचिदौत्सुक्यमिति ॥ ४३ ॥

અર્થ:—તેમને કોઇપણ કાર્ય કરવામાં ઉત્સુકપણું રહેલું નથી.

ભાવાર્થ: —સર્વ તૃષ્ણાનો નાશ કરવાથી જીવ મોક્ષ મેળવે છે; પછી તે જીવને તૃષ્ણારૂપ ઉત્સુકપણું હોતું નથી, કારણ કે સર્વ ઈચ્છિત પદાર્થો તેણે પ્રાપ્ત કર્યા છે, અને તેથી પ્રવૃત્તિ કરવી પડતી નથી, અને તેથી નિરૂપમ સુખ તે ભોગવે છે.

दुःखं चैतत्स्वास्थ्यविनाशनेनेति ॥ ४४ ॥

અર્થ:—સ્વસ્થપણાનો નાશ કરવાથી ઉત્સુકપણું તે દુઃખ છે.

ભાવાર્થ:-- સર્વ સુખનું મૂળ સ્વસ્થપણું-ઉદ્વેગ રહિતપણું-શાંતિ છે. પણ જેઓને કોઈ પણ બાબતની ઉત્સુકતા છે, તેઓ સ્વસ્થપણું જાળવી શકતા નથી, અને તેથી દુઃખી થાય છે.

दुःखशक्त्युद्रेकतोऽस्वास्थ्यसिद्धेरिति ॥ ४५ ॥

અર્થ:—દુખના બીજની ઉત્સુકપણાની) ઉત્પત્તિથી અસ્વસ્થપણું સિદ્ધ થાય છે.

ભાવાર્થ:—દુઃખનું બીજ ઉત્સુકપણું છે; જેઓ કોઈ પણ બાબતની તૃષ્ણાવાળા છે, કોઈ પણ બાબત માટે ઉત્સુક છે, તેઓને શાંતિ સ્વસ્થતા હોતી નથી, માટે ઉત્સુકપણાથી અસ્વસ્થતા આત્મામાં ઉત્પન્ન થાય છે, માટે ઉત્સુકપણું એજ દુઃખ છે.

અસ્વસ્થતા પણ શી રીતે સિદ્ધ થાય છે તે દર્શાવે છેઃ—

अहितप्रवृत्त्येति ॥ ४६ ॥

અર્થ:—અહિતકારી પ્રવૃત્તિ કરવાથી (આત્માની અસ્વસ્થતા સિદ્ધ થાય છે.)

ભાવાર્થ:—જ્યારે મનુષ્યો પોતાને જે માર્ગ હિતકારી નથી, તે માર્ગે પ્રવૃત્તિ કરવાને દોરાય ત્યારે સમજવું કે તે મનની અસ્વસ્થતાનું પરિમાણ છે; અને મનની અસ્વસ્થતા ઉત્સુકપણાથી ઉદ્ભવે છે. માટે ઉત્સુકપણું-તૃષ્ણા મનુષ્યને અહિતકારી માર્ગમાં પ્રવૃત્તિ કરવા પ્રેરે છે.

હવે સ્વસ્થપણાનું લક્ષણ કહે છેઃ—

स्वास्थ्यं तु निरूत्सुकतया प्रवृत्तेरिति ॥ ४७ ॥

અર્થ:—ઉત્સુકતારહિતપણે પ્રવૃત્તિ કરવી તેનું નામ જ સ્વસ્થતા-શાંતિ.

ભાવાર્થ:—જે લોકો ઉત્સુકતા વિના-તૃષ્ણા વિના સર્વ કાર્યમાં પ્રવૃત્તિ કરે છે તેઓએજ ખરેખરી સ્વસ્થતા મેળવી છે, એમ કહી શકાય. જેને કોઈ પણ પ્રકારની તૃષ્ણા છે, તે ઉત્સુક થયા વિના રહેજ નહિ, અને જ્યાં તે ઉત્સુક થયો ત્યાં ચિત્ત સ્વસ્થતાનો વિનાશ થયો. માટે ઉત્સુકતારહિતપણે પ્રવૃત્તિ કરવી તેજ ખરી સ્વસ્થતા છે; જેઓને કર્મના ફળની આશા નથી, તેવા નિષ્કામ બુદ્ધિવાળા પુરૂષો જ સ્વસ્થતા પામી શકે.

परमस्वास्थ्यहेतुत्वात्परमार्थतः स्वास्थ्यमेवेति ॥ ४८ ॥

અર્થ:-ઉત્કૃષ્ટ સ્વસ્થપણાના કારણભૂત હોવાથી, ઉત્સુકતારહિતપણે પ્રવૃત્તિ કરવી, એજ સ્વસ્થપણું જાણવું.

ભાવાર્થ:—જે લોકો ઉત્સુકતારહિતપણે પ્રવૃત્તિ કરે છે, તે પરમ સ્વસ્થતા પામે છે. માટે નિરૂત્સુક પ્રવૃત્તિજ પરમ સ્વસ્થતા છે. એમ કહી શકાય. કોઈ પણ પ્રકારની તૃષ્ણા વિના-ફળની આશા વિના, નિરૂત્સુકપણે કેવળજ્ઞાની ભગવાન જ પ્રવૃત્તિ કરે છે. જો કેવળજ્ઞાનીને નિરૂત્સુક ભાવ હોય, જો તેઓને કોઈપણ પ્રકારની તૃષ્ણાજ ન હોય, જો સંસાર અને મોક્ષ બન્નેને વિષે સ્પૃહાજ ન હોય, તો પછી યોગ્ય કાર્યમાં પ્રવૃત્તિ અને અયોગ્ય કાર્યથી નિવૃત્તિ શી રીતે થઈ શકે? એવી શંકાનો ટીકાકાર ઉત્તર આપે છે કે પૂર્વ સંસ્કારવશથી તે થઈ શકે છે. જેમ કુંભારના ચક્રને ગતિ આપ્યા પછી આપણે ફરીથી ગતિ ન આપીએ તોપણ થોડો સમય તે ચાલ્યા કરે છે, તેજ રીતે પૂર્વ સંસ્કારના વશથી અયોગ્ય કાર્યથી નિવૃત્તિ અને યોગ્ય કાર્યમાં પ્રવૃત્તિ દ્રવ્યથી થાય છે; તેઓ ભાવથી પ્રવૃત્તિ નિવૃત્તિ કરતા નથી.

તેજ બાબતને સિદ્ધ કરવા શાસ્ત્રકાર લખે છે કે:—

भावसारे हि प्रवृत्त्यप्रवृत्ती सर्वत्र प्रधानो व्यवहारइति ॥४९॥

અર્થ:—ભાવસહિત પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ તેજ ખરી પ્રવૃત્તિ નિવૃત્તિ છે, એવો મુખ્ય વ્યવહાર છે.

ભાવાર્થ:—મનના ભાવ સહિત જે પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ થાય છે, તેનેજ તત્ત્વના જાણનારા ખરી પ્રવૃત્તિ કે નિવૃત્તિ ગણે છે; દ્રવ્યથી પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ થાય, તે ખરી પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ નથી. જે દ્રવ્યથી ચારિત્રક્રિયા પરિપૂર્ણ કરે, પણ તેમાં ભાવ ન હોય, તો શાસ્ત્રમાં તેમને મુનિ ભાવની સત્ય ક્રિયા કરનાર ગણવામાં આવ્યા નથી.

કેટલાક પ્રકારના મોટા મત્સ્યો એવા ઘોર હિંસાનાં કાર્યો કરે છે કે સાતમી નરકનું આયુષ્ય બાંધે છતાં તે બાંધતા નથી. કારણ કે તેઓ અસંજ્ઞી છે, મનની સંજ્ઞા રહિત છે. તેજ રીતે સંસાર અને મોક્ષ જેને સમાન છે અને જેને એને વિષે રતિમાત્ર સ્પૃહા નથી, એવા સયોગી કેવળી પૂર્વના સંસ્કાર વશથી શાસ્ત્ર વિહિત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે છે, અને શાસ્ત્ર અવિહિત અનુષ્ઠાનથી નિવૃત્તિ કરે છે, તો પણ ભાવથી પ્રવૃત્તિ અથવા નિવૃત્તિના કરનાર કહ્યા નથી. કહ્યું છે કેઃ–

यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः ।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥

જેના સર્વ સમારંભો એટલે (કાર્યો) તૃષ્ણાના સંકલ્પ રહિત છે અને જેણે જ્ઞાનરૂપી અગ્નિથી કર્મને બાળી નાખ્યાં છે, તેનેજ ડાહ્યા પુરુષો ખરો વિદ્વાન્ કહે છે, ખરો જ્ઞાની ગણે છે. કહેવાનો સાર એ છે કે આવા કેવળજ્ઞાની ભગવાન કાર્યો કરે છે, છતાં કર્મ બંધનથી લેપાતા નથી, કારણકે તે નિષ્કામબુદ્ધિથી તેઓ કરે છે; ઉચિત માર્ગમાં પ્રવૃત્તિ અને અનુચિત માર્ગથી નિવૃત્તિ એ તેમનો સ્વભાવ થઈ જાય છે.

प्रतीतिसिद्धश्चायं सद्योगसचेतसामिति ॥५०॥

અર્થઃ–સદ્ ધ્યાનવાળા (મહામુનિઓ)ને ઉપરનો ભાવાર્થ અનુભવ સિદ્ધ છે.

ભાવાર્થઃ––શુદ્ધ ધ્યાનથી જેમનું હૃદય પવિત્ર થયેલું છે, તેવા મહા મુનિઓ ઉપર જણાવેલી બાબતને યથાર્થ સમજે છે. આપણે આગલા સૂત્રમાં વિચારી ગયા કે કેવળજ્ઞાની અથવા તેમની સ્થિતિએ પહોંચેલા મહાપુરુષો નિષ્કામ વૃત્તિથી–સ્વભાવથીજ–કુંભારના ચતિમાં મૂકેલા ચક્રની માફક–શુભકાર્યમાં પ્રવર્તે છે, અથવા અશુભ

કાર્યથી નિવર્તે છે. ફળની આશા સિવાય કાર્યનો આરંભ નહિ કરનાર આપણા જેવા પામર અને અજ્ઞ જનને આ બાબત વિચિત્ર અને ગહન લાગે. પણ જેઓ ધ્યાની છે, અને જેઓએ ધ્યાનવડે પોતાના હૃદયને પવિત્ર બનાવ્યું છે, તેવા મહા મુનિઓને આ બાબતનું અનુભવ સિદ્ધજ્ઞાન છે; કારણકે ફળની આશા રાખ્યા સિવાય સ્વભાવથી જ પ્રવૃત્તિ કરતાં કેટલેક અંશે તેઓ શિખેલા છે.

જેણે રસાયણ શાસ્ત્રનું કાંઈ પણ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય, તે રસાયણના મોટા પ્રયોગો સંબંધી થતું વર્ણન કાંઈક અંશે સમજી શકે, પણ જેને તે બાબતનું બિલકુલ જ્ઞાન નથી, તેને તે નીરસ અને વિચિત્ર ભાસે, તેજ રીતે નિઃસ્વાર્થ બુદ્ધિથી જેઓ કોઈ પણ અંશે કામ કરતા શીખ્યા છે, તેઓનાજ ખ્યાલમાં આવી શકે કે સંપૂર્ણ નિઃસ્વાર્થ બુદ્ધિથી કાર્ય કરનારા આ જગતમાં વસતા હશે.

सुस्वास्थ्यं च परमानन्द इति ॥ ५१ ॥

અર્થ:—:અતિશય સ્વસ્થતા તેજ પરમ આનંદ છે.

ભાવાર્થ:— આપણે પ્રથમ વિચારી ગયા કે નિરૂત્સુક–નિષ્કામ પ્રવૃત્તિ એજ સ્વસ્થતા; એજ શાંતિ, એજ આનંદ. એવી વધારે સ્વસ્થતા તેજ શાશ્વત શાંતિ; તેજ પરમાનંદ સમજવો. તેજ મોક્ષનું સ્વરૂપ છે. જગતના બાહ્ય પદાર્થોમાં–વિષયોમાં–પણ સુખ અને આનંદ મળે છે; પણ તે સુખ ક્ષણિક છે, અને તે મેળવ્યા પછી **બીજું** સુખ અથવા આનંદ મેળવવાની અભિલાષા રહે છે. માટે તે પરમ સુખ અથવા આનંદ કહી શકાય નહિ; પણ મોક્ષનું સુખ તેજ પરમ આનંદ છે, કારણકે તે પ્રાપ્ત કર્યા પછી પ્રાપ્તવ્ય કાંઈ રહેતું નથી.

तदन्यनिरपेक्षत्वादिति ॥ ५२ ॥

અર્થ:—આત્માથી અન્ય વસ્તુની અપેક્ષા નથી, માટે સ્વસ્થતા તેજ પરમાનન્દ છે.

ભાવાર્થ:— દરેક સુખ બાહ્ય વસ્તુ ઉપર આધાર રાખે છે. પાંચે ઈન્દ્રિયોનું સુખ તેના વિષયોની પ્રાપ્તિ ઉપર રહેલું છે; જો વિષય ન મળ્યો તો દુઃખ થાય છે. વળી માનસિક સુખ જોકે ઈન્દ્રિયજન્ય સુખ કરતાં અધિક છે, અને જરા લાંબા કાળ સુધી ટકે છે, તોપણ તે આખરે ક્ષણિક છે, તેનો આધાર પુસ્તકો ઉપર અને મગજ ઉપર રહેલો છે.

વૃદ્ધાવસ્થામાં મગજ સુસ્ત, અને નિર્બળ થાય ત્યારે માનસિક સુખનો અંત આવે છે. વળી કોઈ લેખક હોય, અથવા ભાષણ કર્તા હોય તેના સુખનો આધાર બીજા તેના લેખની અથવા ભાષણની પ્રશંસા કરે છે. જો કોઈ તેના લેખ અથવા ભાષણ સંબંધી જરા વિરુદ્ધ અભિપ્રાય દર્શાવે કે તરત તેનું માનસિક સુખ વિલય પામે છે. જ્યાં સુધી બીજાના ઉપર સુખનો આધાર રાખીએ છીએ, ત્યાં સુધી આપણે ખરા સુખથી દૂર જતા જઈએ છીએ; પણ આત્માનું સુખ, આત્મિક આનંદ તો પોતાનામાંજ રહેલો છે, પર ઉપર તેને આધાર રાખવો પડતો નથી; માટેજ આત્માનો આનંદ તે પરમાનંદ છે.

अपेक्षाया दुःखरुपत्वादिति ॥ ५३ ॥

અર્થ:—પારકાની અપેક્ષા રાખવી એજ દુઃખરૂપ છે માટે (નિરપેક્ષતા એજ પરમાનંદ છે.)

ભાવાર્થ:—આપણે ઉપર વિચારી ગયા છીએ કે જ્યાં સુધી મનુષ્ય સુખ માટે બીજાપર આધાર રાખે છે, ત્યાં સુધી ખરું સુખ તેને મળતું નથી. આત્મા સિવાયના સર્વ પદાર્થો-વિષયો-ઉપાધિઓ આત્માથી જુદાં છે, અને તેથી તેમના પર આધાર રાખનાર દુઃખ પામે છે. શ્રી ચિંદાનંદજીએ લખ્યું છે કેઃ—

નિજરૂપા નિજ વસ્તુ હે, પરરૂપા પરવસ્ત;
જેણે જાણ્યા પેચ[1] એહ, તેણે જાણ્યું સમસ્ત.

---

૧. દાવ,

આત્મા એજ પોતાનો છે, અને આત્મા સિવાયના સર્વ પદાર્થો પરભાવ છે, પુદ્ગલના ખેલો છે; એવો આત્મા અને અનાત્મા, ચેતન અને જડ વચ્ચેનો ભેદ જે યથાર્થ સમજ્યો તેણે જાણવા યોગ્ય સર્વ વસ્તુનું જ્ઞાન મેળવ્યું છે, એમ યથાર્થ રીતે કહી શકાય. તેવો આત્મ જ્ઞાની પુરૂષ આત્મામાં આનંદ શોધે છે, અને ત્યાં તેને તે મળે છે.

એજ વિચારને પુષ્ટિ આપતા શાસ્ત્રકાર લખે છેઃ—

अर्थान्तरप्राप्त्या हि तन्निवृत्तिर्दुःखत्वेनानिवृत्तिरेवेति ॥५४॥

અર્થઃ—બીજા વિષયો મેળવવાથી દુઃખની નિવૃત્તિ થાય છે, પણ તે દુઃખરૂપ હોવાથી દુઃખની અનિવૃત્તિજ છે.

ભાવાર્થઃ—જગતના જે બાહ્ય પદાર્થની આપણને ઈચ્છા હોય, અને જેની પ્રાપ્તિથી આપણને સુખ મળશે, એમ આપણે માનતા હોઈએ, તે પ્રાપ્ત થવાથી આપણને સુખ તો મળે. તે પ્રાપ્ત કરવામાં આપણને જે દુઃખ થાય છે, તેનો આપણે વિચાર ન કરીએ તો પણ તે સુખ દુઃખરૂપજ છે, કારણ કે બાહ્ય પદાર્થોથી ઉપજતું સુખ ઐન્દ્રજાલિક છે, અને અતૃપ્તિપદ સ્વભાવવાળું છે, એટલે તે સુખથી આપણને તૃપ્તિ નથી, પણ બીજું સુખ મેળવવા આપણું હૃદય તલસે છે.

તે ગમે તેટલા સમય સુધી ચાલે તોપણ અનંતકાળની અપેક્ષાએ તે ક્ષણિક છે, તેમજ દુઃખ ગર્ભિત છે. જે પરિણામે દુઃખ દાયી હોય, તે સુખકર છતાં દુઃખકરજ છે. ફરીથી લખવું પડે છે કેઃ—

જે સુખમાં ફિર દુઃખ વસે, સો સુખ નહિ દુઃખરૂપ;
જે ઉત્તંગ ફિર ગીર પડે, સો ઉત્તંગ નહિ ભવકૂપ.

માટે આત્મા સિવાયના અન્ય પદાર્થની પ્રાપ્તિ શાશ્વત સુખ નહિ આપતી હોવાથી દુઃખ કરે છે.

न चास्यार्थान्तरावाप्तिरिति ॥ ५५ ॥

અર્થઃ—મોક્ષના જીવને બીજા પદાર્થની પ્રાપ્તિ રહી નથી.

ભાવાર્થ:–કોઈપણ પૌદ્ગલિક પદાર્થ મેળવવાનો મોક્ષના જીવને રહેતો નથી; કારણ કે આત્મા અને પુદ્ગલ–જડપદાર્થો ભિન્ન છે. માટે તેને દુઃખ નથી અને પરમ આનંદ છે.

स्वस्वभावनियतो ह्यसौ विनिवृत्तेच्छाप्रपञ्च इति ॥ ५६ ॥

અર્થ:—ઇચ્છા સમૂહનો જેણે નાશ કર્યો છે, તેવો તે પોતાના સ્વભાવમાંજ રમે છે.

ભાવાર્થ:–ત્રણ ભુવનના સર્વ પદાર્થો તરફથી અભિલાષાને તેણે નાશ કર્યો છે; કારણ કે તે તેને શાશ્વત સુખ આપવા સમર્થ નથા, એવો તેને અનુભવ થયો છે; માટે તે પોતાના આત્મામાં જ શાશ્વત શાંતિ શોધે છે; અને ત્યાં તેને તે મળે છે, તેથી બાહ્ય પદાર્થોની અભિલાષા તેને હોતી નથી.

अतोऽकामत्वात्तत्स्वभावत्वान्न लोकान्तक्षेत्राप्तिराप्तिः ॥५७॥

અર્થ:–નિષ્કામ હોવાથી અને નિષ્કામ તેનો સ્વભાવ હોવાથી લોકાંતે આવેલા સિદ્ધક્ષેત્રમાં જવાછતાં તેની સાથે તેને સંબંધ નથી.

ભાવાર્થ:—સિદ્ધના જીવન સઘળી આશા તૃષ્ણાઓ નષ્ટ થયેલી છે, માટે તે નિષ્કામ છે. નિષ્કામ એ તેમનો સ્વભાવ છે. કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની આશા તેમનામાં વર્તતી નથી, તેથી જો કે તેઓ સિદ્ધક્ષેત્રમાં જાય છે, છતાં સિદ્ધક્ષેત્રને અને તેમને સંબંધ નથી તેનું કારણ જણાવે છેઃ–

औत्सुक्यवृद्धिर्हि लक्षणमस्या हानिश्च समयान्तरे इति ॥ ५८ ॥

અર્થ:– એક સમયમાં ઉત્સુકપણાની વૃદ્ધિ, અને બીજે સમયે ઉત્સુકપણાનો નાશ એ (અન્ય વસ્તુ પ્રાપ્તિનું) લક્ષણ છે.

ભાવાર્થ:—સિદ્ધનો જીવ સિદ્ધક્ષેત્રમાં જાય છે, છતાં સિદ્ધક્ષેત્ર

સાથે સંબંધ ધરાવતો નથી. આપણે કોઈ પણ વસ્તુ મેળવવી હોય, તો મેળવતાં પહેલાં તે સંબંધી ઉત્સુકતા આપણા હૃદયમાં વ્યાપે છે, અને મળ્યા પછી બીજે સમયે તે ઉત્સુકતાનો નાશ થાય છે; હવે આ ઉત્સુકતા દુઃખજનક છે, એ પ્રથમ આપણે સમજવાનો પ્રયત્ન કર્યો છે; તો પછી જો સિદ્ધના જીવને સિદ્ધક્ષેત્ર મેળવવાની ઉત્સુકતા હોય, તો નક્કી તેને દુઃખ થાય. પણ સિદ્ધના જીવને ઉત્સુકતાજ નથી, તેજ બાબત શાસ્ત્રકાર લખે છે કેઃ-

न चैतत्तस्य भगवत आकालं तथावस्थितेरिति ॥ ५९ ॥

અર્થઃ- તે ભગવંતને ઉત્સુકપણું નથી, કારણ કે યાવત્કાલ તેજ સ્થિતિમાં તે રહે છે.

ભાવાર્થઃ—સિદ્ધના જીવને બીજા કોઈ પદાર્થ પ્રાપ્ત કરવાનું ઉત્સુકપણું નથી. પોતાના સ્વરૂપમાં તે સદાકાળ સુધી રહેશે. જે સમયે સિદ્ધક્ષેત્ર પ્રાપ્ત કર્યું, તે સમયથી આરંભીને જ્યાં સુધી કાળ ટકશે ત્યાં સુધી આત્મસુખ અનુભવશે.

कर्मक्षयाविशेषादिति ॥ ६० ॥

અર્થઃ—કર્મક્ષયમાં વિશેષતા નથી માટે (તે સદાકાળ તેજ સ્થિતિમાં રહે છે.)

ભાવાર્થઃ—સિદ્ધપણું જે ક્ષણે પ્રાપ્ત કર્યું તે ક્ષણે સકળ કર્મનો ક્ષય કર્યો છે; કર્મ ક્ષયથી પોતાનું સ્વરૂપ તે પામ્યા છે, અને તેથી તેજ સ્વરૂપમાં તે નિરંતર રહે છે. કારણ કે વિશેષ કર્મ ક્ષય કરવાનાં બાકી નથી. કે જેના ક્ષયથી તેમનું વિશેષ સ્વરૂપ પ્રગટ થાય.

इति निरुपमसुखसिद्धिरिति ॥ ६१ ॥

અર્થઃ—એ પ્રકારે નિરૂપમ સુખ સિદ્ધને છે એમ સિદ્ધ થયું.

ભાવાર્થઃ- ઉત્સુકપણાના નાશથી સિદ્ધને નિરૂપમ સુખ મળે છે, એ બાબત આ સૂત્રની પરંપરાથી સિદ્ધ થઈ છે. હવે આ પ્રસ્તુત ગ્રંથની સમાપ્તિ કરવાને ઈચ્છતા શ્રી હરિભદ્રસૂરિ-ગ્રંથકાર લખે છે કેઃ-

सद्ध्यानवह्निना जोवी दग्ध्वा कर्मेन्धनं भुवि ।
सद्ब्रह्मादिपदैर्गीतं स याति परमं पदम् ॥ १ ॥

અર્થ:—શુકલધ્યાનરૂપ અગ્નિવડે કર્મરૂપ ઈન્ધનને બાળી નાખી સત્ બ્રહ્મ વગેરે પદથી શાસ્ત્રમાં કહેલું પરમપદ જીવ આ મનુષ્યક્ષેત્રમાં પામે છે.

ભાવાર્થ :—શુદ્ધ ધર્મને આરાધન કરનાર જીવ શુકલધ્યાનની અગ્નિ વડે સર્વ કર્મરૂપ ઇંધનને બાળી નાખે છે. અને જે સત્ અથવા બ્રહ્મ કહેવાય છે, તેવું પરમાત્મપદ જીવ આ મનુષ્યક્ષેત્રમાં મેળવે છે. મનુષ્ય જ આ પદ મેળવી શકે. તે પદને લોકાન્ત અથવા સિદ્ધક્ષેત્ર પણ કહે છે. તે સ્થાન આ ચૌદરાજ લોકની ઉપર આવેલું છે.

કર્મ રહિત જીવ ત્યાં કેમ જઈ શકે, તે શંકાનો ખુલાસો શાસ્ત્રકાર આપે છેઃ—

पूर्वावेधवशादेव तत्स्वभावत्वतस्तथा ।
अनन्तवीर्ययुक्तत्वात्समयेनानुगुण्यतः ॥ २ ॥

અર્થ:—પૂર્વના સંસ્કારવશથી, તથા પ્રકારના સ્વભાવથી, તેમજ અનન્તવીર્યયુક્ત હોવાથી, એક સમયમાં સમ શ્રેણીનો આશ્રય લઈને પરમપદને પામે છે.

ભાવાર્થ :— પૂર્વે એટલે સંસારી અવસ્થામાં ગમન કરવાનો સમય હતો તેના સંસ્કારથી તે કર્મરહિત જીવ પણ ગમન કરે છે. મળ વળગેલું તુંબડું જળમાં નીચે પડયું હોય છે, પણ જળથી મેલ જેમ ધોવાય છે તેમ ઉંચે ચઢે છે, તેજ રીતે કર્મરૂપી મેલ ધોવાઈ જવાથી જીવ ઉર્ધ્વગતિ કરે છે; એવો તેનો સ્વભાવ છે. તેને અનંત વીર્ય છે, તેથી સમશ્રેણિપણે એક સમયમાં ઉર્ધ્વગતિ કરી પરમપદ (આધ્યાત્મિક તેમજ સ્થાનિક) તે પામે છે.

स तत्र दुःखविरहादत्यन्तसुखसङ्गतः ।
तिष्ठत्ययोगो योगीन्द्रवन्द्यस्त्रिजगतीश्वरः ॥ ३ ॥

અર્થ:—દુઃખના વિરહથી, અને અત્યંત સુખના સંગથી યોગીન્દ્રોને પણ વન્દન કરવા યોગ્ય ત્રણ જગતના પરમેશ્વર તરીકે અયોગી સિદ્ધ ભગવાન વસે છે.

ભાવાર્થ : ત્યાં દુઃખનો નાશ થાય છે, અને અત્યંત સુખ પ્રાપ્ત થાય છે. મન, વચન, અને કાયાના વ્યાપાર બંધ પડે છે, તેથી તે અયોગી કહેવાય છે. યોગીઓનો ઇન્દ્ર પણ તેનું વંદન કરે છે, અને ધ્યાન કરે છે. અને તે ત્રણ જગતના પરમેશ્વર બને છે, તે સિધ્ધ ભગવાન શાશ્વત આનંદમાં સદાકાળ વસે છે.

અહીંયાં 'વિરહ' શબ્દ મૂકવામાં આવ્યો છે તે સિદ્ધ કરે છે કે આ ગ્રંથના કર્તા શ્રી હરિભદ્રસૂરિ છે. તે તેમના દરેક ગ્રંથને અંતે વિરહ શબ્દ મૂકે છે. શ્રી યશોવિજય પોતાના દરેક ગ્રંથમાં ઐન્દ્ર એ પદ મૂકે છે આ રીતે શ્રી મુનિચંદ્રસૂરિએ રચેલી ટીકાના અનુસારે આ ધર્મબિન્દુ ગ્રન્થના આઠ પ્રકરણનું વિવેચન સંપૂર્ણ કરવામાં આવ્યું છે. ટીકાકર શ્રી મુનિચન્દ્રસૂરિ ગ્રન્થની સમાપ્તિમાં લખે છે કેઃ-

नाविःकर्तुमुदारतां निजधियो वाचां न वा चातुरी-
मन्येनापि च कारणेन न कृता वृत्तिर्मयासौ परम् ॥
तत्त्वाभ्यासरसादुपात्तसुकृतोऽन्यत्रापि जन्मन्यहम्-
सर्वादीनवहानितोऽमलमना भूयासमुच्चैःरिति ॥ ४ ॥

મેં આ ટીકા પોતાની બુદ્ધિની ઉદારતા અને વાણી ચાતુરી પ્રગટ કરવા, તેમજ બીજા પણ કોઈ કારણથી કરી નથી, પરંતુ તત્ત્વના અભ્યાસના રસથી પુણ્ય ઉપાર્જન કરી બીજા જન્મમાં પણ સર્વ દુઃખનો નાશ થવાથી નિર્મળ મનવાળો હું થાવું એવી શુભ ઇચ્છાથી આ ટીકા કરેલી છે. આ ટીકાના અક્ષરનું પ્રમાણ ત્રણ હજાર શ્લોકનું છે.

સમાપ્ત

शान्तिः शान्तिः शान्तिः



બાઈન્ડીંગ : અચલ ટ્રેડર્સ, ૪૨, નહન સોસાયટી, બહાઈ સેન્ટર શાહપુર, અમદાવાદ-૧